ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શુક્રવાર તા. ૯-૧-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેટિયા, વાઇસ-ચાન્સેલર હાજર.
૨. શ્રી. એન. આર. ત્રિવેદી હાજર,
૩. ડૉ. મોતીભાઇ ડી. પટેલ હાજર,
૪. શ્રી. બી. કે. મુન્શીમદાર હાજર,
૫. શ્રી. બટુભાઇ એચ. દેસાઇ હાજર,
૬. શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ હાજર,
૭. શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ હાજર,
૮. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ હાજર,
૯. શ્રીમતી ઇન્દુમતીબેન ચીમનલાલ હાજર,
૧૦. ડૉ. ભાસ્કર આર. પટેલ ગેરહાજર,
૧૧. શ્રી. પોપટલાલ જી. શાહ હાજર,
૧૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ હાજર,
૧૩. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર ગેરહાજર,
૧૪. પ્રિન્સિપાલ આર. પી. પટેલ હાજર,
૧૫. પ્રિન્સિપાલ એન. એમ. શાહ ગેરહાજર,
૧૬. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર ગેરહાજર.

૧. તા. ૧૩-૧૨-૧૯૫૨ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. અમદાવાદ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ લેબોરેટરીઝ, અમદાવાદને પી.એચ.ડી. માં સંશોધન માટે અનુસ્નાતક સંસ્થા તરીકે માન્યતા આપવા બાબતની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Ahmedabad Textile Industries Research Laboratories, Ahmedabad, be granted recognition as a recognized Institution for a period of three years with effect from the 15th June 1952, subject to the following:

(1) The work must lie in the fields of Physics and Physical Chemistry, Chemistry, Industrial Statistics and Industrial Psychology;

(2) In the case of Chemistry, Statistics and Psychology, this recognition may be granted as an experimental measure for a period of three years in the first instance. Teachers in these Branches have not so far prepared any students for the M.Sc. Degree and have published only three papers each. Judged by normal standards applying to other educational Institutions, they would have been ineligible for recognition as University Teachers for guiding research students for the Ph.D. Degree. However, we feel that these three cases may be treated as a special case, in view of the nature, excellent facilities and general atmosphere of the Institution, and their exceptional qualifications and excellent research training and work already carried out by them at the ATIRA. However, the above reservation appears to be necessary and we hope that in the beginning these Teachers would guide not more than one or two students each for Ph.D. work;

(3) That students working at ATIRA for the Ph.D. Degree should take regular post-graduate courses in their respective subjects in the Gujarat University as far as possible, in order to avoid too narrow specialization.

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી."

(નોંધ:- મજકૂર આઇટેમને સેનેટે સિન્ડિકેટને રિફર બેક કરી હતી.)

"Resolved that it be recommended to the Senate that the Ahmedabad Textile Industries Research Laboratories, Ahmedabad, be recognized as a Recognized Institu-

tion in Physics and Physical Chemistry for 3 years from the 15th June 1953, i. e. upto the 14th June 1956, on condition that the Institute appoints a Teacher recognized by the University as a Post-Grudnate Teacher as the Head of the Institution for this work."

૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં શરૂ થનારી ઈન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજને ઈન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના વર્ગોનું ઍફિલિએશન આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Sir L. A. Shah Law College, Ahmedabad, be granted affiliation for teaching courses of study leading upto the Intermediate Arts Examination, for one year beginning from 15-6-1953, i. e. upto 14-6-1954 on the College Authorities fulfilling the following conditions on or before 31st May 1953 to the satisfaction of the Syndicate:

(1) The construction work of the upper floor is completed;

(2) books worth Rs. 5,000/- for the Arts College are purchased;

(3) the divisions of the classes are so framed that only one division consists of 150 students and the others (which should not be more than four) do not exceed 130."

Resolved that the recommendation of the Academic Council be accepted and passed on to the Senate.

૪. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ નડીયાદને બી. એસ. સી. સુધીના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર સ્થાનિક તપાસણી સમિતિના ચેરમેનનો રિપોર્ટ અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the J. & J. College of Science and C. B. Patel Arts Institute, Nadiad, be granted continuation of affiliation for teaching courses of study leading upto the Intermediate Science Examination for a period of five years from the 15th June 1953, i. e. upto the 14th June 1958, and continuation of affiliation for teaching courses of study leading upto the B.Sc. (Subsidiary) Physics and Botany Examination for a period of two years from the 15th June 1953, i. e. upto the 14th June 1955 on condition that the College Authorities undertake to start the teaching of the Senior B.Sc. Course in Principal Chemistry from June 1953 after fulfilling all the conditions regarding B.Sc. Chemistry (Principal) laid

down in the report of the Vice-Chancellor accepted by the Syndicate and the Senate. The assurance given by the Chairman of the Nadiad Education Society is not sufficient. The Chairman of the Nadiad Education Society be informed that the Syndicate must be satisfie before 31st May 1953 that the College Authorities have made all the preparations for starting the Senior B.Sc. Class from June 1953, in respect of staff equipment, Library, Laboratory, etc., and the College Authorities must set apart the funds as may be required by the Local Inquiry Committee for making the Deficit Fund."

Resolved that the recommendation of the Academic Council be accepted and passed on to the Senate.

૫. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદનું બી. એડ. (B.Ed.) સુધીના અભ્યાસક્રમનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ, ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર સ્થાનિક તપાસણી સમિતિના ચેરમેનનો રિપોર્ટ અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the A.G. Teachers' College, Ahmedabad, be granted continuation of affiliation for teaching courses of study leading upto the B.Ed. Degree Examination for a period of two years from the 15th June 1953, i. e. upto the 14th June 1955 on the College Authorities fulfilling the following conditions to the satisfaction of the Syndicate on or before 31st May 1953:

(1) that accommodation be provided for the College by building on the first floor of the South Wing of the Seience College the following rooms:

1.	Lecture Hall:	45' X 30'
2.	Three Special Method Rooms:	
	History and Geography:	20' X 30'
	Languages:	20' X 30'
	Maths. and Sciences:	20' X 30'
3.	Psychology Laboratory:	25' X 30'
4.	Reading Room:	25' X 30'
5.	Library:	40' X 30'
6.	Men Students' Preparation of Lessons Room:	20' X 30'
7.	Women Students' Preparation of Lessons Room:	20' X 30'

8.	Prineipal's Room:	20' X 30'
9.	College Office:	20' X 30'
10.	Two Staff Rooms to be partitioned into 8 cubicles:	20' X 30'

and suitable rooms must be provided for water as well as other sanitary arrangements on the premises;

(2) by the 31st May 1954 the, Society make plans for the building of a suitable independent College with its model practising School, and Principal's quarters;

(3) Hostel accommodation be provided for 30 students and the Superintendent of the Hostel, in the Pharmacy Hostel until a suitable hostel is provided for the College;

(4) the full grant of Rs. 10,000/- for books and journals be spent or ordered by the end of the year and recurring annual grant of Rs. 2,500/- be provided for books and journals;

(5) recurring annual grant of Rs. 500/- be provided for Psychological material;

(6) the grant for educational material be fully utilizaed, and an annual recurring grant of Rs. 1.500/- be provided;

(7) adequate furniture for the proposed independent accommodation promised for next year be provided for all the class rooms. In addition. an annual recurring grant of Rs. 1,500/- be provided:

(8) the arrangements with local High Schools for practice purposes to continue and arrangements be made to provide a modern practising school along with the College proposed to be built;

(9) the College Authorities build up a Reserve Fund of Rs. 1,00,000/- by five annual instalments of Rs. 20,000/- each;

(10) the College Authorities build up a separate Deficit Fund:

(11) admission to be restricted to a maximum of 75 students."

Resolved that the recommendation of the Academic Coancil be accepted subject to the deletion of conditions 9 and 10, and passed on to the Senate.

૬. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવા બાબત ચિફ મેડિકલ ઑફિસરે રજૂ કરેલી યોજના મંજૂર કરવા બાબત.

૯-૧-૧૯૫૩

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે નીચેના ગૃહસ્થોની એક સમિતિ નીમવી:

૧. મેડિકલ ફૅકલ્ટીના ડીન ડૉ. મોતીભાઇ ડી. પટેલ,

૨. શ્રી. ગોપાલલાલ જી. શાહ, અને

૩. ચિફ મેડિકલ ઑફિસર.

૧. આ સમિતિએ, જે ભલામણો તથા ફોર્મ્સ ચિફ મેડિકલ ઑફિસરે રિપોર્ટમાં મૂકયાં છે તેમાં કાંઈ પણ ફેરફાર કરવાની જરૂર હોય તો તે ફેરફાર કરીને તેને છેવટનું સ્વરૂપ આપવું;

૨. ચિફ મેડિકલ ઑફિસરને જરૂર જણાય તો ઑફિલિએટેડ કૉલેજો જે જુદે જુદે સ્થળે આવેલી છે ત્યાં જાતે જઈને તજવીજ કરવા કે જે ડૉકટરોએ વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરવાની છે તેમનામાં તે કરવાની યોગ્યતા છે કે નહિ, અથવા જો ન હોય તો મેડિકલ ફૅકલ્ટીના ડીનની ભલામણ ઉપરથી બીજા ડૉકટરની નિમણૂક કરવા રિપોર્ટ કરવો, અથવા જ્યાં ઓછા હોય ત્યાં તે સંખ્યા વધારવાની જરૂર જણાય તો તેનો પણ રિપોર્ટ કરવો;

૩. ઑફિલિએટેડ કૉલેજોની અંદર જે ડૉકટરો નિમાય તેમને શું મહેનતાણું આપવું તેનો પણ સમિતિએ રિપોર્ટ કરવો;

૪. દરેક વિદ્યાર્થીની શારીરિક તપાસ કરજિયાત રાખવી અને એક શૈક્ષણિક વર્ષની અંદર જો એક વખત તેની શારીરિક તપાસ થઇ હોય તોજ તેને પરીક્ષામાં બેસવાનું ફોર્મ આપવું, અને તે પ્રમાણેનો સ્ટેટ્યુટ અથવા ઑર્ડિનાન્સ ઘડવાનું રજિસ્ટ્રારને સૂચવવું. આનો રિપોર્ટ આ સમિતિએ સિન્ડિકેટની આવતી મિટીંગ આગળ રજૂ કરવો.

૭. એકસ્ટર્નલ પરીક્ષાઓ અંગેના ઑર્ડિનાન્સીઝ તથા રેગ્યુલેશન્સ ઘડી કાઢવા માટે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિના રિપોર્ટ અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સમિતિએ ઘડી કાઢેલા ઑર્ડિનાન્સીઝ અને રેગ્યુલેશન્સ મંજૂર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેના સ્ટેટ્યુટ, ઑર્ડિનાન્સીઝ અને રેગ્યુલેશન્સ નીચેના સુધારાવધારા સાથે મંજૂર કરવા.

સુધારેલા ઑર્ડિનાનાન્સીઝ ઍકેડેમિક કાઉન્સિલ તરફ પાછા મોકલવા.

૧. સ્ટેટ્યુટમાંથી "and Master of arts (External) (by paper only) respectively" એ શબ્દો કમી કરવા.

૨. પહેલા ઑર્ડિનાન્સમાં "Gujarat Uuiversity Area" અને "living continuously" એ શબ્દોની વચ્ચે "Saurashtra or Cutch" એ શબ્દો ઉમેરવા, અને તેજ ઑર્ડિનાન્સના કલોઝ ૩ માં "Application with the necessary fee" ની પછી "provided the application is in order" એ શબ્દો ઉમેરવા.

૩. "First Year Arts Examination" ના હેડિંગ નીચેના પહેલા ઑર્ડિનાન્સમાં "being examined at" અને "College" એ શબ્દોની વચ્ચે આવતા "the" શબ્દને બદલે "that or any other" એ શબ્દો મૂકવા.

(મંજૂર થયેલા સ્ટેટ્યુટ, ઑર્ડિનાન્સીઝ અને રેગ્યુલેશન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવેલી છે.)

૮. ઍકેડેમિક કાઉન્સિલે સુચવેલા ઑર્ડિનાન્સ નં. ૬૨ ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે ઉભા થયેલા મુદ્દાઓ ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે નીચે પ્રમાણે બે રૂલીંગ આપ્યાં.

(1) Under S. 20 (1) (xxii) of the Gujarat Untversity Act, it is the power as well as the duty of the Syndicate, among other things, to appoint Examiners, to fix their remuneration and to arrange for the conduct of and for publishing the results of the University Examinations, while under S. 22 (2) (ix) it is the power and duty of the Academic Council to make Regulations regarding the Examinations of the University and the conditions on which students shall be admitted to such Examination

In the exercise of the powers given to the Syndicate under S. 20, it is the function of the Syndicate under S. 30 to make ordinances to provide, among other things, for the conditions governing the appointment and the duties of the Examiners. Under S. 31. it is provided that no Ordinance concerning this matter as well as the maintenance of standard of Examinations will be made unless a draft of the same has been proposed by the Academic Council.

If follows that any Ordinance which the Syndicate wishes to enact only with regard to the method of appointment of Examiners is not required to originate from the Academic Council. But if the Ordinance imposes any conditions governing their appointment and their duties it must originate from the Academic Council. Similarly, any Ordinance which purports to maintain certain standards of Examinations must also originate from the Academic Council. The Ordinance No. 62 in force at present relates only to the procedure of making the appointments of Examiners and it does not touch any conditions. But the Ordinance suggested by the Academic Council to replace the present Ordinance includes several conditions of payment or remuneration to Examiners in addition to proce-

dure. Under S. 31 (2) the Syndicate cannot modify any part of the proposed Ordinance which relates to such conditions but it must either reject it or refer it to the Academic Council for reconsideration either whole or part together with any amendments with the Syndicate might suggest. The Syndicate may split up the Ordinance into separate Ordinances one relating to procedure only and the other relating to condition. The former one can be passed by the Syndicate without referring it to the Academic Council but the letter will have to come from the Academic Council in the from of a peparate Ordinance. The Syndicate may suggest such Ordinance and send it to Academic Council.

(2) If the preparation of panels for Examiners is to be imposed as a duty of the Board of Studies, there must be a Statute for the same as required by S. 25 (5) of the Act.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે ભલામણ કર્યા મુજબ ઑર્ડિનાન્સ ૬૨ ને નીચે પ્રમાણે ત્રણ ભાગમાં વહેંચી નાખવો.

૧. ઑર્ડિનાન્સ ૬૨ના કલોઝ ૧ને સ્ટેટ્યુટ બનાવવું.

૨. ઑર્ડિનાન્સ ૬૨ના કલોઝ ૨, ૩, ૪ અને ૫ ને ઑર્ડિનાન્સ ૬૨ તરીકે રાખવાં અને તેમને કલોઝ ૧, ૨, ૩ અને ૪ એ પ્રમાણે નંબર આપવા અને તેમાં કલોઝ (2) (ii) માં "the Rector" પછી પૂર્ણવિરામને બદલે અલ્પવિરામ કરી "if any" એ શબ્દો ઉમેરવા અને કલોઝ ૩માંથી 'through the Academic Council" એ શબ્દો કાઢી નાખવા.

૩. ઑર્ડિનાન્સ ૬૨ના કલોઝ ૬ અને ૭ને ઑર્ડિનાન્સ ૬૨–એ. તરીકે રાખવા અને તેમને

ઑર્ડિનાન્સ ૬૨–એ. ના કલોઝ ૧ અને ૨ એ પ્રમાણે નંબર આપવા.

ઉપર પ્રમાણે ઘડેલું સ્ટેટ્યુટ સેનેટ તરફ મોકલી આપવું.

ઑર્ડિનાન્સ ૬૨ પ્રોસિજરને લગતો હોઇ તેમાં કરવાના સુધારા માટે તેને ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલવાની જરૂર નથી, અને ઑર્ડિનાન્સ ૬૨–એ. ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણેનો હોઈ અને તેમાં કાંઇ સુધારા કરવાના ન હોઇ તેને એકેડેમિક કાઉન્સિલ તરફ પાછો મોકલવાની જરૂર નથી.

(મંજૂર કર્યા મુજબનું સ્ટેટ્યુટ, ઓર્ડિનાન્સ ૬૨ અને ૬૨–એ. પરિશિષ્ટ "ખ" તરીકે આ સાથે સામેલ છે.)

૯. જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ–ચાન્સેલર્સની તા. ૨૪મી ઑગસ્ટ ૧૯૫૨ના રોજ મળેલી બેઠકના ઠરાવ નં. ૩, ૫, ૮, ૧૧, અને ૧૨ આ યુનિવર્સિટીની જાણ માટે તેમજ

ઘટતાં પગલાં લેવા માટે મોકલ્યા બાબતના તેમજ ઠરાવ નં. ૪, ૬, ૭, ૯ અને ૧૦ ઉપર આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબતના મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૨ના પત્રાંક MEV/184 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૨૪મી ઓગસ્ટ ૧૯૫૨ના રોજ મળેલી બેઠકના ઠરાવ નં. ૩, ૫, ૮, ૧૧ અને ૧૨ સ્વીકારવા અને ઠરાવ નં. ૪માં કરેલી બીજી ભલામણ જોડે અને ઠરાવ નં. ૬, ૭, ૯ અને ૧૦ની જોડે આ યુનિવર્સિટી સંમત થાય છે એવો જવાબ આપવો. (ઠરાવો પરિશિષ્ટ "ગ" તરીકે હવે પછી મોકલવામાં આવશે.)

૧૦ જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૧૦મી ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ મળેલી બેઠકમાં થયેલા ઠરાવ નં. ૪ અને ૫ ઉપર આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબતના મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૫૨ના પત્રાંક MEV/88 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જોઇન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૧૦મી ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ મળેલી બેઠકના ઠરાવ નં. ૪ અને ૫ સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે. એવો જવાબ આપવો. (ઠરાવો આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવ્યા છે)

૧૧. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડની તા. ૨૭-૨૮ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ મદ્રાસ ખાતે મળેલી ૨૪મી વાર્ષિક બેઠકમાં કરેલો નીચે મુજબનો ઠરાવ આ યુનિવર્સિટીએ accept કર્યો છે કે કેમ અને કર્યો હોય તો આર્મિ, નેવી અને એર ફોર્સના માણસોએ આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાને લાયક થવા માટે કઇ કઇ શરતો નક્કી કરેલી છે તે જણાવવા બાબતના નાગપુર યુનિવર્સિટીના આસિ. રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૧૬મી જૂન ૧૯૫૨ના પત્રાંક ૫૬૦૬ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ

"That it be a recommendation to the Universities that exemption be granted to Army, Navy and Air Personnel actually engaged in teaching on lines similar to those granted to bonafied teachers. subject to such conditions as may be laid down."

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડની તા. ૨૭-૨૮ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ મદ્રાસ ખાતે મળેલી ૨૪મી વાર્ષિક બેઠકના ઠરાવની સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે એવો જવાબ આપવો. (ઠરાવ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવ્યો છે.)

૧૨. ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૨૬મી એપ્રિલ ૧૯૫૨ના રોજ મદ્રાસ ખાતે મળેલી બેઠકના પ્રોસિડિંગ્સમાંના ઠરાવ નં. 5 (a)(b)(ii), (iii) અને (iv) તથા ૭ ઉપર આ યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લેવા બાબત અને ઠરાવ નં. ૨

૬-૧-૧૯૫૩

આ યુનિવર્સિટીની જાણ માટે એકડમિક બાબતના મજલૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૧મી જુલાઈ ૧૯૫૨ના પત્રાંક ૧૨૨૦-૧૯૫૦ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-ઠરાવ નં. ૫ બી (ii), (iii) અને (iv) અને ઠરાવ નં. ૭ની વિચારણા સિન્ડિકેટે મુલતવી રાખી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઈન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૨૬મી એપ્રિલ ૧૯૫૨ના રોજ મદ્રાસ ખાતે મળેલી બેઠકના પ્રોસિડિંગ્સમાંના ઠરાવ નં. ૨ની નોંધ લેવી અને ઠરાવ નં. 5 (a) (b) (ii), (iii) અને (iv) તથા ઠરાવ નં. ૭ સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે એવો જવાબ આપવો. (ઠરાવો આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવ્યા છે.)

૧૩. ઈન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીની, દિલ્હી ખાતે મળેલી ૨૬મી વાર્ષિક બેઠકના પ્રોસિડિંગ્સમાંના ઠરાવ નં. II (1,3 (1 & 4), 4,5,8); IV (a & b); V (d,f,g); VII (1) & IX (2) ઉપર આ યુનિવર્સિટીએ જે પગલાં લીધાં છે તે જણાવવા બાબતના મદ્રાસ બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલ: તા. ૨૧મી જુલાઈ ૧૯૫૨ના પત્રાંક ૧૧૪૫-૧૧૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઈન્ડિયાની દિલ્હી ખાતે મળેલી ૨૬મી વાર્ષિક બેઠકના ઠરાવ નં. II (2,3 (1 & 4), 4, 5, 8; IV (a & b); V (d, f, g); VII (1) & IX (2) સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે એમ જવાબ આપવો. (ઠરાવો આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે આપવામાં આવ્યા છે.)

૧૪. ઢન્ટર યુનિવર્સિટી બૉર્ડની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૫મી ઑગસ્ટ ૧૯૫૨ના રોજ મળેલી બેઠકમાંના ઠરાવ નં. 3 અને ૫ ઉપર આ યુનિવર્સિટીએ લીધેલાં પગલાં બાબતની જાણ કરવા બાબતના મજલૂર બૉર્ડના મંત્રી તરફથી આવેલા તા. ૨૬મી ઑગસ્ટ ૧૯૫૨ના પત્રિપત્રાંક ૨૦૩૬-૨૦૩૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ટર યુનિવર્સિટી બૉર્ડની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૫મી ઑગસ્ટ ૧૯૫૨ના રોજ મળેલી બેઠકના ઠરાવ નં. III અને V સાથે આ યુનિવર્સિટી સંમત થાય છે એવો જવાબ આપવો (ઠરાવો આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે આપવામાં આવ્યા છે.)

૧૫. દરેક ફૅકલ્ટીની દરેક પરીક્ષાઓમાં દરેક વિષયના સિનિયર એક્ઝામિનર અથવા તેમણે નીમેલા માણસોની, પરિણામ બહાર પાડતાં પહેલાં તેને તપાસી જવું પરિણામ નક્કી કરવાને માટે બોલાવવાનો ઠરાવ સિન્ડિકેટે કરેલો છે તે જોતાં ઑર્ડિનાન્સ ૧૨૯, ૧૩૦, ૧૩૦-એ, ૧૩૦-બી અને ૧૩૦-સી. ની જરૂર હવે રહે છે કે કેમ અગર તેને રદ કરવા કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૬. સિન્ડિકેટના ઠરાવ અનુસાર ૩ વર્ષ સુધી પરીક્ષક તરીકે નીમવામાં નહિ આવે એમ જણાવતાં શ્રી. એમ. જી. દેસાઈ તરફથી આવેલા તા. ૮મી સપ્ટેમ્બર ૧૯૫૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. દેસાઈને પરીક્ષક તરીકે નહિ નીમવાની મુદત ત્રણ વર્ષથી ઘટાડીને એક વર્ષની કરવી.

૧૭. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇકોનોમિક્સ અને પોલિટિક્સ, બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન કૉમર્સ, મર્કન્ટાઇલ લૉ, માર્કેટિંગ અને ફાઇનાન્સ, બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એકાઉન્ટન્સી અને એક્ચ્યુઅરિયલ સાયન્સ અને બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇંગ્લીશની ૧૯૫૩ના વર્ષમાં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે લાગતાવળગતા વિષયો માટેની પરીક્ષકોની પેનલો તૈયાર કરવા બાબતની અનુક્રમે નીચેની ભલામણો અને તે ઉપર ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવો.

બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇકોનોમિક્સ અને પોલિટિક્સની ભલામણ

"Since all persons who possess the minimum qualifications laid down by the University for being appointed as Examiners are to be placed on panels of various subjects, this Board resolves that the University Office should remove from the list of applicants names of persons who do not possess the minimum qualifications laid down by the University.

Since the Board is not precluded from addingnames of persons who have not applied, it recommends that the following names as per Appendix 'A' be added to the panels for the subject mentioned against their names." (List not at teached.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી."

બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન કૉમર્સ, મર્કન્ટાઇલ લૉ, માર્કેટિંગ અને ફાઇનાન્સની ભલામણ

"Since all persons who possess the minimum qualifications laid down by the University for being appointed as Examiners are to be placed on panels of varjous subjects, this Board resolves that the University Office shall remove from the list of applicants, names of persons who do not possess the minimum qualifications laid down by the University. Since the Board is not precluded from adding names of persons who have not applied, it recommends that the names given in the list be added to the panels for the subjects mentioned against their names. (List not attached.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી."

બૉર્ડ ઑફ ઍકાઉન્ટન્સી અને ઍકચ્યુઅરિયલ સાયન્સની ભલામણ

"Since all persons who possess the minimum qualifications laid down by the University for being appointed as Examiners are to be placed on panels of various subjects, this Board resolves that the University Office should remove from the list of applicants, names of persons who do not possess the minimum qualifications laid down by the University. Since the Board is not precluded from adding names of persons who have not applied, it recommends that the following names be added to the panels for the subjects mentioned against their names." (List not attached)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી."

બૉર્ડ આફ સ્ટડીઝ ઇન ઇંગ્લીશની ભલામણ

"The Board resolves that the preparation of the panels from among the applicants satisfying the conventions be made by the Registrar. The Board wishes to clarify that the teaching experience for the applicants must refer to teaching of English in College Classes for the Examination for which he has applied or to teaching of English to equivalent or a higher class.

The Board has also recommended certain names (list attached) Appendix 'A' from among persons who have not applied." (List not attached.)

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ કામનો દફતરે કરવા.

૧૮. ગુજરાત યુનિવર્સિટીની બી. ઇ. ડિગ્રીના રિવાઇઝ્ડ સિલેબસની નકલો કિંમત લઇને એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને તેમજ બહારનાઓને વેચાતી આપવા બાબતના એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૪-૧૫-૧૦-૧૯૫૨ના પત્રાંક Uni/Misc/3446 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૯. બી. એસ. સી. સબ્સીડિયરી પરીક્ષામાં કેમિસ્ટ્રી પ્રેકટીકલ્સ માટે ગેરસ્પર્ધ ઍસિસ્ટન્ટ્સ, લૅબોરેટરી આસિસ્ટન્ટ, સ્ટોર-કીપર અને હમાલ વિગેરે ગઇ વખતની જોગવાઇ આ સાલે મંજૂર કરવા બાબત તેમજ સદરહુ પરીક્ષામાં બેસનાર આ વખતે બેજ વિદ્યાર્થીઓ હોવાથી કોસ્ટ ઑફ મટિરિયલ્સના દરેક વિદ્યાર્થી દીઠ રૂા. ૧૪-૦-૦ ને બદલે આ વર્ષે

બે વિદ્યાર્થીઓના બેગા રૂા. ૫૦-૦- મંજૂર કરવાની વિનંતી કરવા બાબતના સદરહુ પરીક્ષાના પરીક્ષક શ્રી. એન. એમ. શાહના તા. ૨-૧૦-૧૯૫૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- સ્કેલ ઑફ રેમ્યુનરેશનમાં બી. એસ. સી. માટે જે મદદનીશો, નોકરો, વિગેરે આ પરીક્ષા માટે જરૂરી છે તેના કરતાં આ સામગ્રી ઓછી છે. મટિરિયલ્સની બાબતમાં આ પરીક્ષા માટે દરેક વિદ્યાર્થી દીઠ રૂા. ૧૪-૦-૦નું ખર્ચ કૉલેજને આપવાનું ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એમ. શાહની સૂચના મંજૂર કરવી.

૨૦ ઍન્જિનિયરીંગ પરીક્ષાઓ માટે જરૂરી સ્કેચ દોરવાના, સ્ટેન્સીલીંગ અને સાયક્લોસ્ટાઈલીંગ કરવાના તથા બ્લ્યુ પ્રિન્ટ્સ તૈયાર કરવાના મહેનતાણાના દરો નક્કી કરેલ નથી તો આ અંગેનાં બિલો કયા દરે મંજૂર કરવાં તે બાબત વિચારણા કરવા બાબત.

નોંધ:- આ બાબતમાં મુંબઈ યુનિવર્સિટીને પુછાવવામાં આવતાં તેમના તરફથી જવાબ આવ્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત દર નક્કી કરવા નીચે મુજબની કમિટી નીમવી:

૧. પ્રિન્સિપાલ એ. ડિ સોઝા,
૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર,
૩. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ.

૨૧. સૌરાષ્ટ્રનાં શાહેરોમાં નોકરી કરતા અથવા રહેતા અથવા ધંધો કરતા અવા ગ્રેજ્યુએટો કે જેમની માતૃભાષા ગુજરાતી નથી તેઓ ગુજરાત યુનિવર્સિટી સેનેટની ચૂંટણીના હેતુઓ માટે ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ તરીકે રજિસ્ટર થવાને લાયક છે કે કેમ અને ન હોય તો તેમને લાયક ઠરાવવા માટે સ્ટેટ્યુટ્સમાં તે બાબત સુધારો કરવાની વિનંતી કરતા સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાના ડાયરેક્ટર તરફથી આવેલા તા. ૩૦-૧૦-૧૯૫૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર ગવર્મેન્ટે યોગ્ય માર્ગો દ્વારા ઘટતાં પગલાં લેવા સૌરાષ્ટ્ર ગવર્મેન્ટને લખવું.

૨૨. યુનિવર્સિટી અભ્યાસક્રમમાં બી. એ. અને એમ. એ. ની કક્ષાએ કેટલે અંશે અમેરિકન હિસ્ટરીને સમાવવામાં આવ્યો છે અને આવતાં થોડાંક વર્ષોમાં અમેરિકન પ્રોફેસરોની આ યુનિવર્સિટીને જરૂર પડશે કે કેમ તેમજ અમેરિકન લિટરેચર અને અમેરિકન ગવર્મેન્ટના પ્રોફેસરોની યુનિવર્સિટીની જરૂરિયાત જણાવવા બાબતના ધી યુનાઈટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયાના એક્ઝીક્યુટિવ સેક્રેટરી તરફથી આવેલા તા. ૬-૧૦-૧૯૫૨ના પત્રાંક એફ. ૬૨૩૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનો આ બાબતમાં કાંઇ જરૂરિયાત નથી એવો જવાબ આપવો.

૨૩. નવો લૉ કોર્સ ૧૯૫૩ના નવેમ્બર માસથી અમલમાં લાવવા અંગે દાતંવાતાની લૉ ડિગ્રી વિષે ઉપસ્થિત થતી મુશ્કેલીઓ નિવારવા માટે કર્ણાટક, ગુજરાત અને પૂના યુનિવર્સિટીનું એક સંયુક્ત પ્રતિનિધિ મંડળ બાર કાઉન્સિલને બોલાવવા બાબત શ્રી લખમશેઠ લૉ કૉલેજ, તલકવાડી બેલગામના પ્રિન્સિપાલના તા. ૨-૧૦-૧૯૫૨ના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી પ્રતિનિધિ મંડળ બોલાવવામાં સંમત થાય છે એવો જવાબ આપવો અને તે અંગે તારીખ નક્કી કરવા બેલગામ લૉ કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું.

૨૪. મુંબઇ યુનિવર્સિટીના બી.એ. અને બી.કોમ. ની પરીક્ષાઓને લગતા નવા ઑર્ડિનાન્સીઝ ૧૯૬–બી અને ૧૯૬–બી અનુસાર તે યુનિવર્સિટી આ યુનિવર્સિટીના બી.એ. અને બી.કોમ. જેવા વિદ્યાર્થીઓને તેની અનુક્રમે બી.કોમ. અને બી.એ. ની પરીક્ષાઓ આ યુનિવર્સિટી પણ તે જાતની છૂટ આપે તે શરતે આપવા દેવા કબૂલ છે કે કેમ તે અંગે સિન્ડિકેટના નિર્ણયાનુસાર મુંબઇ યુનિવર્સિટીને પુછાવતાં તેમના તરફથી આવેલા તા. ૬ ઠ્ઠ ૧૦–૧૯૫૨ના પત્રાંક ૩૬૮૪૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૫. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ઘડેલા અને દિલ્હી સરકારે મંજૂર કરેલા ડિપ્લોમા ઇન ફાર્મસીના રેગ્યુલેશન્સ પ્રમાણેના ઇન્ટરમિડિયેટ કોર્સિઝ ઇન ફાર્મસી આ યુનિવર્સિટીમાં દાખલ કરવા શક્ય છે કે કેમ અને જો હોય તો આવો કોર્સ યુનિવર્સિટીની ઑફિલિએટેડ ફાર્મસી કૉલેજમાં ૧૯૫૩ પહેલાં દાખલ કરવા તેમજ ફાર્મસીની ફૅકલ્ટી ન હોય તો યુનિવર્સિટીમાં આથી એક અલગ ફૅકલ્ટી સ્થાપવાની વિનંતી કરતા મુંબઇ સરકારના લોકરા કોલ્ડ ગવર્નમેન્ટ અને મેડિકલ હેલ્થ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરીના તા. ૩–૧૦–૧૯૫૨ના પત્રાંક ૬૦૩૫–૩૩–૫૪૨૬૭–એચ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરમિડિયેટ કોર્સિઝ ઇન ફાર્મસી દાખલ કરવા બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની મારફત રિપોર્ટ કરવા માટે આ કામ ફૅકલ્ટી ઑફ મેડિસિન તરફ મોકલી આપવું, અને ફાર્મસીની અલાયદી ફૅકલ્ટી કરવાની જરૂરિયાત આ યુનિવર્સિટી જોતી નથી એવો મુંબઇ સરકારને જવાબ આપવો.

૨૬. કેમિસ્ટ્રીની બોર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ.

"The Board is of unanimous opinion that, in view of the unbearable temperature conditions in the laboratories in Gujarat in particular the practical Examination of

M.Sc. students should be held in the month of March or latest in the first week of April. The theory Examination may be held as may be convenient to the University either with B.A., B.Sc. or M.A."

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે એમ. એસ. સી. ની પરીક્ષા એમ. એ. ની પરીક્ષા સાથે લેવાનું ઠરાવ્યું છે તેનો અનુભવ લીધા પછી આ સવાલ ઉપર ત્રિચારણા કરવા આ કામ મુલતવી રાખવું.

૨૬. ટીમ્બર ટેકનોલૉજીના વિષયને બી. ઈ. (સિવિલ) ના અભ્યાસક્રમમાં દાખલ કરવા બાબતના મુંબઈ સરકારના એગ્રિકલ્ચર અને ફોરેસ્ટ ખાતાના સેક્રેટરી તરફથી આવેલા પત્ર અંગે આ યુનિવર્સિટીએ આપેલા અભિપ્રાયના જવાબમાં મજકૂર ખાતાના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલો તા. ૧૦મી મે ૧૯૫૨ના પત્રાંક ૬૦૫૨-ઈ. ઉપર ત્રિચારણા કરી બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઍન્જિનિયરીંગે કરેલી નીચે મુજબની ભલામણ.

"Resolved that the Board reiterates the resolution passed at its meeting held on 27. 8. 1951 in this behalf and request that it is not possible to prescribe "Timber Technology" as a separate subject for the B.E. (Civil) Degree Course which has now been reduced to a duration of three years only."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી.

૨૭. મુંબઈ યુનિવર્સિટીમાં તેની જુદી જુદી પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓનાં નામોની યાદી છપાવવામાં આવે છે તેવી યાદી આપણી યુનિવર્સિટીએ પણ છપાવવી કે કેમ તે બાબત નિર્ણય કરી હુકમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નામોની યાદી છપાવવી નહિ.

૨૮. માધ્યમિક શિક્ષક વિભાગમાંથી શ્રી. ટી. એસ. ત્રિવેદી જેવા સૂંઢણીમાં ચૂંટાઈ આવ્યા છે તેમને ફેકલ્ટી એસાઇન કરવા બાબત સેનેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. એસ. ત્રિવેદીને આર્ટ્સ ફેકલ્ટી એસાઈન કરવા સેનેટને ભલામણ કરવા.

૩૦. ઑનરોમર ૧૯૫૨માં લેવાયેલી પહેલી એલ. એલ. બી. ના ઇન્ડિયન કોન્ટ્રેક્ટ ઍક્ટ અને લૉ ઑફ ટોર્ટ્સના પેપરના સેક્શન I ના પ્રશ્ન નં. ૫ ના પ્રોબ્લેમ (સી) ની મજકૂર પેપરના પ્રાશ્નિકે આપેલી આવી ભૂલભરેલી અને misleading છે એવો મજકૂર પેપરના પરીક્ષક શ્રી. એસ. વી. દેસાઈ તરફથી રિપોર્ટ આવતાં આ અંગે પહેલી એલ. એલ. બી. ના બૉર્ડ ઑફ પેપર-સેટર્સના કન્વીનર શ્રી. એન. જી. ખારેડને પુછાવતાં તેમના તરફથી પ્રાશ્નિક શ્રી. એસ. સી. ગાંધીના પત્ર સહિત આવેલા તા. ૧૪-૧૧-૧૯૫૨ના પત્ર ઉપર ત્રિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એલ. સી. ગાંધીને ચેતવણી આપવી કે ભવિષ્યમાં આવી ભૂલ થાય નહિ તેની તેમણે તકેદારી રાખવી.

૩૧. ૧૯૫૩-૫૪ના વર્ષ માટે ચાલુ રખાયેલ મેડિટરેનિયન ઓવરસીઝ સ્કોલરશિપ્સ સ્કીમમાં અમુક શરતે ભાગ લેવા બાબત અને આ યુનિવર્સિટીના ટીચર્સમાંથી માગેલી જરૂરિયાત પૂરી પાડનારા ચાર નોમિનીઝની મુકરર કરેલા ફોર્મમાં અને ગુણવત્તાની દૃષ્ટિએ ગોઠવેલી ચાર અરજીઓ તા. ૩-૧-૧૯૫૩ પહેલાં પહોંચે એવી રીતે મોકલવા બાબતના હિંદી સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૮-૧૨-૧૯૫૨ના પત્રાંક F.41-10/52-S-1 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૩૨ સને ૧૯૦૩ની સાલમાં ડૉ. ઓફ્રેટરે બહાર પાડેલ પબ્લિકેશનને મળતું દુનિયાનાં બધાં સંસ્કૃત વાઙ્મયનું એક નવું કેટલોગસ કેટલોગરમ કે જે મદ્રાસ યુનિવર્સિટીએ આશરે રૂા. ૨૮૮,૦૦૦-૦-૦ના ખર્ચે ૮,૦૦૦ પાનાનાં ૧૬ ગ્રંથોમાં બાર વર્ષના ગાળામાં તૈયાર કરાનાર છે તેના માટે આ યુનિવર્સિટીએ મદદ કરવા બાબતના મજકૂર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૨૦-૧૧-૧૯૫૨ના પત્રાંક વી. ૫૬૦૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી કાંઈ મદદ કરવા અશક્ત છે એવો જવાબ આપવો.

૩૩. તા. ૧૫-૬-૧૯૫૨થી તા. ૧૬-૯-૧૯૫૨ સુધી પ્રિન્સિપાલ પી. એમ. મોદીના હાથ નીચે સામળદાસ કૉલેજ, ભાવનગરમાં પીએચ.ડી માટે કામ કર્યા પછી પ્રિન્સિપાલ મોદીની બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ આવે બદલી થવાથી કામ પ્રસંગે પાંચ વખતે તેઓ જ્યારે ભાવનગર આવેલા ત્યારે શ્રી. વી. એલ. ભટ્ટ તેમને જોને મળી થિસિસ માટે ચર્ચા કરેલી અને દોરવણી લીધેલી હોવાથી તેમનું તા. ૧૬મી જૂન ૧૯૫૨થી પી.એચ.ડી. માટે નામ રજિસ્ટર કરવા અંગે કૂરીથી વિચારણા કરવા બાબત પ્રિન્સિપાલ મોદીના સર્ટિફીકેટ સાથે આવેલી શ્રી. વી. એલ. ભટ્ટની અરજી.

(નોંધ:-શ્રી. વી. એલ. ભટ્ટની પી.એચ.ડી. ડિગ્રી માટે સંસ્કૃત વિષયમાં પ્રિન્સિપાલ મોદી કે જેમની બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં બદલી થઇ છે તેમના હાથ નીચે પત્રવ્યવહાર (correspondence) દ્વારા કામ કરવા દેવા બાબતની સામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપાલ મારફતે તા. ૨૬-૭-૧૯૫૨ના રોજ આવેલી અરજી ઉપરની તા. ૫-૧૦-૧૯૫૨ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની પાંચમી બેઠકની શ્રી ભટ્ટની વિનંતી માન્ય નહિ કરવા બાબતની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. ભટ્ટની વિનંતી માન્ય રાખવી.

૩૪. યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડમાંથી સ્ટાફના સભ્યોને જે રકમ એડવાન્સ તરીકે લોન પેટે આપવામાં આવે તે અંગેની શરતો કઇ રાખવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રજિસ્ટ્રારે યોગ્ય સૂચનાઓ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

૩૫. સિન્ડિકેટે તા. ૧૨મી નવેમ્બર ૧૯૫૨ના રોજ મળેલી ખાસ સભામાં ગ્રોલ ઇન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સને નિમંત્રણ આપવા અંગે રૂા. ૧,૦૦૦-૦-૦ની ગ્રાન્ટ મંજૂર કરેલી પરંતુ તે લેપ્સ થયેલી હોવાથી આ અંગે બજેટમાં રૂા. ૧,૦૦૦-૦-૦નું રિવાઇઝ્ડ પ્રોવિઝન વધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે બજેટમાં રૂા. ૧,૦૦૦-૦-૦ નું પ્રોવિઝન વધારવાનું મંજૂર કરવું.

૩૬. ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ ઍક્ટ, ૧૯૩૩ના સેક્શન ૧૧(૨) નીચે આ યુનિવર્સિટીની એમ.બી., બી.એસ., એમ.ડી. અને એમ.એસ. ડિગ્રીઓના રેકગ્નીશન અંગે કરેલી અરજી બાબતમાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યુ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૮-૧૧-૧૯૫૨ના પત્રાંક એફ. ૪૦-એફ-૫૨-૨૫૧૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૭ કેમિસ્ટ્રીની બૉર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

કેમિસ્ટ્રીની બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ

"The Board is of the opinion that at the M.Sc. Theory and Practical Examination, a Chairman should be appointed in the same way as at Intermediate Science and B Sc. Examination."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૩૮. ઍકેડેમિક કાઉન્સિલે સુધારેલા રેગ્યુલેશન નં. ૧૪૮ અને ૧૫૧ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે સુધારેલા રેગ્યુલેશનો મંજૂર કરવા. (સુધારેલા રેગ્યુલેશનોના સુધારેલા ભાગની નકલ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે આપવામા આવેલી છે.)

૩૯. કેમિસ્ટ્રીની બૉર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

કેમિસ્ટ્રી બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ

"(a) Resolved that the reports of the Examiners in Chemistry for March, April, 1952 Examinations be immediately circulated to the members of the Chemistry staff of the affiliated Colleges."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ (a) મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી, પરંતુ બૉર્ડની ભલામણ મુજબ રિપોર્ટની નકલો કૉલેજોના કેમિસ્ટ્રીના સ્ટાફને નહિ પણ ફક્ત કૉલેજોને જ મોકલવી.

૪૦. એગ્રિકલ્ચરની બૉર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

એગ્રિકલ્ચરની બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૫૨નાં વર્ષમાં લેવાયેલી એગ્રિકલ્ચરની જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકો તરફ આવેલા રિપોર્ટની નોંધ લેવી.

વધુમાં આ બૉર્ડ ઠરાવે છે કે પરીક્ષકોના રિપોર્ટની નકલ બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપાલને તેમની જાણ માટે તેમજ તેમની હેરવગી તથા તેના પર રિપોર્ટ કરવા માટે મોકલી આપવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી."

૪૧. હિસ્ટરી, આર્કિયોલૉજી, એપિગ્રાફી અને ન્યુમિસમેટિકસની બૉર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

હિસ્ટરી, આર્કિયોલૉજી, એપિગ્રાફી અને ન્યુમિસમેટિકસની બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ

"પરીક્ષકોએ તેમનાં નિવેદનો વધારે વસ્તુને સ્પર્શે અને ભવિષ્યમાં શિક્ષણ તેમજ અભ્યાસક્રમની વ્યવસ્થામાં માર્ગદર્શક થઈ પડે એવાં આપે એમ વિનતી કરવી. આ નિવેદનો તે તે કૉલેજોમાં તે તે વિષયના અધ્યાપકોને જાણ માટે મોકલવા અને તેમને એમ વિનંતી કરવી કે લાગતા-વળગતા વિદ્યાર્થીઓને આ અભિપ્રાયોની ખબર આપવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણુમાંથી "અને તેમને એમ વિનંતી કરવી કે લાગતાવળગતા વિદ્યાર્થીઓને આ અભિપ્રાયોના ખબર આપવા" એ શબ્દો કમી કરી બાકી રહેલી ભલામણુ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણુમાંથી "પરીક્ષકોએ તેમનાં નિવેદનો વધારે વસ્તુને સ્પર્શે અને ભવિષ્યમાં શિક્ષણ તેમજ અભ્યાસક્રમની વ્યવસ્થામાં માર્ગદર્શક થઈ પડે એવાં આપે એમ વિનંતી કરવી" એ વાકય કમી કરી બાકીનો ભાગ મંજૂર કરવો અને રિપોર્ટોની નકલો ફક્ત કૉલેજોને જ મોકલી આપવી.

૪૨. યુનિવર્સિટી એજયુકેશન કમિશનના રિપોર્ટ અંગે નિમાયેલી સમિતિએ યુનિવર્સિટીની આબીયે પરીક્ષા પદ્ધતિનું પુનરાવલોકન કરવા બાબત વિચારણા કરી રિપોર્ટ કરવા નીમેલી ઉપ-સમિતિનો અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર દરેક ઍફિલિએટેડ કૉલેજમાં મોકલવામાં આવ્યો હતો અને તેઓ તરફથી આવેલા અભિપ્રાયો દરેક ફૅકલ્ટીની બેઠક સમક્ષ મૂકવામાં આવ્યા હતા, તે અભિપ્રાયો ઉપર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજો તરફથી લેવાતી પરીક્ષાઓને ૨૦ ટકા સુધી માર્કસ આપવાની પદ્ધતિમાં ચોગવાઇ કરવાની ઍકેડેમિક કાઉન્સિલ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૩. નોન-ટીચીંગ મેડિકલ ઈન્સ્ટીટ્યુશનોને માન્યતા (Recognition) આપવા બાબત તેમજ એપ્રુવ્ડ એપોઇન્ટમેન્ટો બાબતના મેડિકલ ફૅકલ્ટીએ પસાર કરેલા નિયમો જે સિન્ડિકેટે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ મોકલ્યા હતા તે બાબતમાં બજકર બૉર્ડની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ નીચે પ્રમાણેના સુધારા સાથે મંજૂર કરવો અને તેને ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવો.

"Conditions for recognizing Hospitals for Post-Graduate work"

હેડિંગ નીચેના પેરાગ્રાફ ૨ ના અંતમાં નીચે પ્રમાણેના શબ્દો ઉમેરો.

"Such persons are considered as ordinary teachers and their names are included in the role of teachers for the purpose of elections. However, any such person who

have the experience of under-graduate teaching for a period of five years will be considered a Post-Graduate Teacher."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ મંજૂર કરવા અને તે સિન્ડિકેટ તરફ મોકલી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૪. એમ. એન. કૉલેજ, વીસનગરના લેક્ચરર શ્રી. આર. બી. શ્રીવાસ્તવને એમ.એ. ના હિસ્ટરી અને ઇકોનોમિકસ ગ્રુપ "બી" ના પોસ્ટ-ગ્રેજ્યુએટ ટીચર તરીકે રેકગ્નાઇઝ કરવા બાબતની અરજી ઉપર પુનઃ વિચારણા કરી એમ.એ. ના વિદ્યાર્થીઓના હિતની દૃષ્ટિએ એક ખાસ કેસ તરીકે રેકગ્નાઇઝ કરવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨-૧૨-૧૯૫૨ ના આવેલ પત્રાંક ૧૮૨૧ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે તેની તા. ૫-૧૦-૧૯૫૨ના રોજ મળેલી બેઠકમાં શ્રી. શ્રીવાસ્તવની અરજી નામંજૂર કરવી એવી કરેલી ભલામણ સિન્ડિકેટે મંજૂર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. શ્રીવાસ્તવને એમ.એ. ના હિસ્ટરી અને ઇકોનોમિકસ ગ્રુપ "બી" માટે અનુસ્નાતક શિક્ષક તરીકે, મજકૂર ગ્રુપમાં રજિસ્ટર થયેલા હાલના વિદ્યાર્થીઓ પૂરતા અને આ ગ્રુપમાં તેમણે બીજા નવા વિદ્યાર્થીઓ લેવા નહિ એ શરતે માન્ય રાખવા.

૪૫ યુનિવર્સિટીની જુદા જુદા સ્થળે થતી જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા ફેકલ્ટોટમની ફરજો નક્કી કરવા બાબત. આ અંગે મુંબઇ યુનિવર્સિટીને પુછાવતાં તેમના તરફથી જવાબ આવ્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટોટમની મુંબઇ યુનિવર્સિટીના કાગળમાં જણાવ્યા પ્રમાણેની ફરજો નક્કી કરવી અને તે ઉપરાંત એમ ઠરાવવું કે ફેકલ્ટોટમે પરીક્ષા દરમિયાન હાજર રહેવું જોઇએ અને સિનિયર સુપરવાઇઝરની પરવાનગી સિવાય બહાર જવું જોઇએ નહિ.

૪૬. તા. ૪-૧૨-૧૯૫૨ના રોજ મળેલી કન્વીનેલન્સ ઑફ એકઝામિનેશન્સની સબાની બેઠકની નોંધ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "૬" તરીકે આપવામાં આવેલી છે.)

૪૭. નીચેનો ઠરાવ સેનેટની આગામી બેઠક સમક્ષ રજૂ કરવા અંગેની નોટિસ આપ્યા બાબત શ્રી. એમ. ડી. અવસારે તરફથી આવેલ તા. ૨૮-૧૨-૧૯૫૨નો પત્ર.

"The Senate requests the Syndicate to consider the desirability and feasibility of establishing a Department of Military Studies."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એમ સેનેટને જણાવવું.

૪૮. યુનિવર્સિટીના પોસ્ટ-ગ્રેજ્યુએટ ટીચીંગ અને રિસર્ચ માટે કામ કરતા રેકગ્નાઈઝ્ડ ટીચર્સના તેમની જ શિક્ષણની શાખામાં કામ કરતા બીજા વર્કર્સ સાથેનો સક્રિય સંપર્ક સાધવા માટે યુનિવર્સિટીએ તેમાંના કેટલાકને સાયન્સ કોન્ગ્રેસ વિગેરે જેવી કોન્ગ્રેસિઝ અને કોન્ફરન્સીઝમાં ભાગ લેવા માટે મોકલવા અને આવા સક્રિય સંશોધકોને મુસાફરી ખર્ચ અને રેજિસ્ટ્રેશન ફી આપી મદદ કરવા બાબત શ્રી. એમ. ડી. અવસારે તરફથી આવેલા તા. ૨-૧૨-૧૯૫૨નાં પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અવસારેની વિનંતી માન્ય રાખવી નહિ.

૪૯. ઇન્ડિયન સાયન્સ કોન્ગ્રેસને તેની ૧૯૫૪ની અથવા ૧૯૫૫ની બેઠક અમદાવાદ ખાતે ભરવા અંગે આમંત્રણ આપવાના પ્રશ્ન પરત્વે આ યુનિવર્સિટીએ વિચાર કરવા બાબત શ્રી. એમ. ડી. અવસારેનો તા. ૨-૧૨-૧૯૫૨નો આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અવસારેની વિનંતી માન્ય રાખવી નહિ.

૫૦. ઑર્ડિનાન્સ ૩૩માં બિલ્ડીંગ કમિટીના સભ્યોની સંખ્યા અંગે છ સભ્યોનું પ્રોવિઝન છે, જ્યારે સિન્ડિકેટે તેની તા. ૮-૧૨-૧૯૫૦ની બેઠકમાં સાત સભ્યોની નિમણૂંક કરેલી છે તો તે અંગે નિર્ણય કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનાન્સ ૩૩માં નીચે પ્રમાણે સુધારો કરવો:

ક્લૉઝ IV'માં "Three" શબ્દની જગ્યાએ "Four" શબ્દ મૂકવો.

સુધારેલો ઑર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે આપવામાં આવેલો છે.

૫૧. સોમવાર તા ૬-૪-૧૯૫૩ થી શનિવાર તા. ૧૧-૪-૧૯૫૩ દરમિયાન હોલેન્ડમાંની યુનિવર્સિટી ઑફ એમ્સ્ટર્ડમ ખાતે મળનારી યુનિવર્સિટી પ્રોફેસર્સ અને લેક્ચરર્સના ઈન્ટરનેશનલ એસોસિએશનના (I.A.U P.L.) ની સાતમી કોન્ફરન્સમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા બાબત મજકૂર એસોસિએશનના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨-૧૨-૧૯૫૨ના પત્રાંક ૬૮૮૨ સી. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી આ કોન્ફરન્સમાં પ્રતિનિધિ મોકલવા અશક્ત છે એમ જવાબ આપવો.

૫૨. યુનિવર્સિટી ઑફિસમાં સિન્ડિકેટ સેક્શનમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. પી. પટેલ, યુનિવર્સિટી ઑફિસમાં જોડાતાં અગાઉ ૧૯૪૯-૫૦ના શૈક્ષણિક વર્ષમાં

યુ.એસ.એ યુનિવર્સિટીની પહેલી એચ. એસ. બી. ની અંને ટર્મ રાખી હોવાથી તેમને આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવાનારી પહેલી એસ. એસ. બી. ની પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપવા બાબતની તેમની તા. ૧૨-૧૨-૧૯૫૨નો આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. પી. પટેલની વિનંતી માન્ય રાખવી.

૫૩. સિન્ડિકેટના નિર્ણયાનુસાર જે કૉલેજોનું છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન આખી કૉલેજોનું ઇન્સ્પેકશન ન થયું હોય તેમના ઇન્સ્પેકશન માટે Trienniel Inspection Committee નીમવા અંગ રજિસ્ટ્રારે તૈયાર કરેલી નીચેની કૉલેજોની યાદી ઉપરથી કમિટીઓ નીમવા બાબત.

૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૯,

૨. એલ ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ-૬,

૩. ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬,

૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ-૬,

૫. એમ. ટી. બી. કૉલેજ, આથવા લાઇન્સ, સૂરત,

૬. સામળદાસ કૉલેજ, ભાવનગર - આર્ટ્સ સાઇડ-

૭. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ - આર્ટ્સ સાઇડ-

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે Trienniel Inspection Committee નાં સભાસદોનાં નામ અંગેની સૂચના આવતી મિટીંગ આગળ રજૂ કરવી.

૫૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના ફર્સ્ટ ઈયર સાયન્સના વર્ગમાં દાખલ થયેલ વિદ્યાર્થી શ્રી. મોહન ડી. ચાવળાને પોતાના ભાઇની બદલીના કારણે તા. ૧૭-૧૧-૧૯૫૨ને રોજ કાઢી આપેલ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ નં. ૬૦૨૮ શા માટે રદ્દ ન કરવું તે બાબત પુછાવતાં તેમના ભાઇ શ્રી. એસ. ડી. ચાવળા તરફથી આવેલ તા. ૧૯-૧૧-૧૯૫૨નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ આપવું અને વિદ્યાર્થીને ચેતવણી આપવી.

૫૫. ધી ઑલ ઇન્ડિયા હિન્દુ લૉ રિસર્ચ ઍન્ડ રિફૉર્મ એસોસિએશનને હિન્દુ લૉના વિષયમાં દર વર્ષે ઇનામ અથવા ચાંદ, એસોસિએશનના હિન્દુ લૉમાંની રિસર્ચ બાબતનો હેતુ નજર સમક્ષ રાખી આપવા માટે રૂા. ૬,૦૦૦-૦-૦ સખાવત કરેલી જે સિન્ડિકેટે તેની તા. ૨૧/૨૨-૧૧-૧૯૫૨ની બેઠકમાં સ્વીકારી છે પરંતુ કઇ રીતે, કોને અને કઇ પરીક્ષા માટે તે આપવાનું છે તે નક્કી કર્યું નહિ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડ એલ. એલ. બી. ની માર્ચ અને એપ્રિલની પરીક્ષામાં "હિન્દુ લૉ"ના પેપરમાં ફર્સ્ટ કલાસ માર્કસ સાથે જે વિદ્યાર્થી પહેલો આવે તેને ચંદ્રક આપવાનું મંજૂર કરવું.

૫૬. યુનિવર્સિટીએ વોલિબૉલ માટેની ટ્રોફી ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાને આપવા અંગે રૂા. ૧,૦૦૦-૦-૦ ની રકમ આપવા બાબત મજકૂર બૉર્ડને લખતાં તેમના સેક્રેટરી તરફથી આવેલા તા. ૬-૧૨-૧૯૫૨ના પત્રાંક ૩૪૯૨ એસ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે રૂા. ૨,૫૦૦-૦-૦ મંજૂર કરવા.

૫૭. સિન્ડિકેટ મિટીંગનું કોરમ સ્ટેટ્યુટ ૮૧ થી ૯ સભ્યોનું ઠરાવેલું તેને ઘટાડવા વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટ ૮૧માં "Nine" શબ્દને બદલે "Eight" શબ્દ મૂકવો.

સુધારેલો સ્ટેટ્યુટ આ સાથે પરિશિષ્ટ "ઢ" તરીકે આપવામાં આવેલો છે.

૫૮. ગુજરાત યુનિવર્સિટી ફંડ માટે ભેગી કરેલી અને નામદાર શ્રી. કે. એમ. મુન્શી અને શ્રી. કે. જી. નાયકના સંયુક્ત ખાતે બૅન્ક ઑફ ઇન્ડિયા, મુંબઇ ખાતે પડી રહેલી રૂા. ૬૭૩-૪-૭ની રકમ આ યુનિવર્સિટીને આપવા અંગે નામદાર શ્રી. કે. એમ. મુન્શીની સૂચના અનુસાર ભારતીય વિદ્યાભવન, મુંબઇના માનદ્ રજિસ્ટ્રાર તરફથી મજકૂર રકમના ચેક સાથે આવેલા તા. ૫-૧૨-૧૯૫૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ રકમ યુનિવર્સિટી જનરલ ફંડ ખાતે જમા કરવી.

૫૯. ગુજરાત યુનિવર્સિટી વતી, એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદે એકઠી કરેલી એકઝામિનેશન ફીની પ્રિમિયસિત્ત બૅન્કમાં ભરવા જતાં રસ્તામાં લૂંટાઇ ગયેલી રૂા. ૬,૩૦૦-૦-૦ની રકમ યુનિવર્સિટીએ માંડી વાળવા બાબતના એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદના આવેલા આવેલા પત્ર બાબત સિન્ડિકેટના નિર્ણયાનુસાર આ રકમ યુનિવર્સિટી માંડી વાળી શકે નહિ માટે યુનિવર્સિટીને ભરપાઇ કરવી જોઇએ એવો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલને જવાબ આપતાં તે અંગે ડાયરેક્ટર ઑફ ટેકનોલૉજી એજ્યુકેશન, મુંબઇના આવેલ તા. ૧૬-૧૨-૧૯૫૨ના પત્રાંક A/2/XI/27276 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ પૈસા કૉલેજના કબજામાં હતા તે વખતે ગુમાવવામાં આવ્યા છે અને તેથી યુનિવર્સિટી તેને માંડી વાળી શકતી નથી એવો જવાબ આપવો

૬૦. એન. સી. સી. ના જુદા જુદા એકમોનો પ્રવૃત્તિઓ અંગે ગઇ સાલે યુનિવર્સિટીએ આપેલી રૂા. ૧,૫૦૦-૦-૦ ની ગ્રાન્ટ જેવી ગ્રાન્ટની રકમ હજુ સુધી આપેલી નહિ હોવાથી તેમજ એન. સી. સી. કેડેટ્સ અને ઑફિસર્સ જેમાં ભાગ લે છે એવું યુનિવર્સિટી વીક દર વર્ષે ઉજવવાનું હોવાથી તે અંગેનો તથા પેરન્ટ્સ ડે, ગાઈ ઑફ ઑનર, કેમ્પ દરમિયાનની યુનિટની વાર્ષિક રમાતી રમતો તથા ઑફિસર્સ અને કેડેટ્સના બીજા ખર્ચ માટે ૧૯૫૨ના વર્ષની ગ્રાન્ટ આપવા અંગે ફોર્થ બૉમ્બે બેટાલિયન, એન. સી. સી. અમદાવાદના મેજર કમાન્ડર તરફથી આવેલા તા. ૧૧-૧૨-૧૯૫૨ના પત્રાંક ૨૦૬-૨૨૮-એ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે આ ખાને રૂા. ૩,૦૦૦-૦-૦ મંજૂર કરવા અને તેમાંથી એન. સી. સી. કેડેટ્સની સંખ્યાના પ્રમાણમાં બધાં સેન્ટરો વચ્ચે વહેંચણી કરી આપવી.

૬૧. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદની માર્ચ ૧૯૫૨માં લેવાયેલી બી. ફાર્મની વાર્ષિક પરીક્ષાના સાત પ્રશ્નો યુનિવર્સિટી તરફથી લેવાયેલી ૧૯૫૨ની ઑક્ટોબરની પરીક્ષાના ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી પેપર ૨ માં રિપીટ થયાનું જણાવ્યા બાબત શ્રી. જે. એલ. દેસાઇના તા. ૧૫-૧૨-૧૯૫૨ના પત્ર અને તે પરત્વે આસિ. રજિસ્ટ્રાર શ્રી. જે. એમ. મહેતાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં પ્રશ્નપત્ર કાઢનારનો ખુલાસો માગવો.

૬૨. સેનેટની આગામી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબત શ્રી. ડોલરરાય ર. માંકડનો આવેલ તા. ૧૯-૧૨-૧૯૫૨નો પત્ર.

"આર્ટ્સના પ્રથમ વર્ષની ૧૯૫૪ની પરીક્ષામાં અને આર્ટ્સના બીજા વર્ષની ૧૯૫૫ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પરીક્ષાના જવાબ અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં આપવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે આ ઠરાવની તરફેણમાં છે એમ સેનેટને જણાવવું

૬૩. સર. એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલે શ્રી. ડી. આર. રેશનીઆને પહેલી એલ. એલ. બી. ના વર્ગમાં પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યા સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૯-૧૨-૧૯૫૨ના પત્રાંક ૧૨૬૫-૫૨ અને વિદ્યાર્થીની તે સાથે આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટની અરજી સ્વીકારવી અને પ્રિન્સિપાલને ચેતવણી આપવી.

મુકરર કરેલી તારીખ પહેલાં જે વિદ્યાર્થીઓ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની અરજીઓ રજૂ કરે નહિ તેમને રૂા. ૫૦-૦-૦ નો દંડ ભરવો પડે તેવી રીતના ઑર્ડિનાન્સનો ડ્રાફ્ટ રજૂ કરવા રજિસ્ટ્રારને જણાવવું.

૬૪. મોરબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના પ્રિન્સિપાલે શ્રી. જે. આર. વ્યાસને એફ. ઈ. ના વર્ગમાં પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યા સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો તા. ૨૦-૧૨-૧૯૫૨નો પત્રાંક એમ. ટી.-૪૦૨૯.

આથી ઠરાવવામાં આવે છે કે ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની અરજી સ્વીકારવી અને અને પ્રિન્સિપાલને ચેતવણી આપવી.

૬૫. ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપાલના તા. ૩-૧૨-૧૯૫૨ના પત્રાંક ૪૯૬૪ સાથે સાત વિદ્યાર્થીઓની મોકી આવેલી અરજીઓ સિન્ડિકેટે સ્વીકારેલી પણ વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યા સિવાય તેમને તે કૉલેજમાં દાખલ કેમ કર્યા તે બાબતમાં સિન્ડિકેટના નિર્ણયાનુસાર પ્રિન્સિપાલનો ખુલાસો માગતાં તે અંગે પ્રિન્સિપાલનો આવેલ તા. ૧૯-૧૨-૧૯૫૨નો પત્રાંક ૫૬૮૫.

આથી ઠરાવવામાં આવે છે કે ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની અરજીઓ સ્વીકારવી અને પ્રિન્સિપાલને ચેતવણી આપવી.

૬૬. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે તેની તા. ૫-૧૦-૧૯૫૨ના રોજ મળેલી બેઠકમાં ભલામણ કર્યા પ્રમાણે અને તે સિન્ડિકેટે મંજૂર રાખ્યા પ્રમાણે શ્રી. એન. જે. હાકોરને પ્રોફેસર ડી. એન. પાઠકના હાથ નીચે એમ. એ. ના વર્ગમાં પોલિટિકસના વિષયમાં થિસિસ માટે કામ કરવાની પરવાનગી આપી હતી, પરંતુ મજકૂર વિદ્યાર્થી ગુજરાત કૉલેજમાં દાખલ થઇને એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રોફેસર ડી. એન. પાઠકના હાથ નીચે કામ કરી સત્રો રાખી શકે કે કેમ તે જણાવવા બાબતના ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૮મી ડિસેમ્બર ૧૯૫૨ના પત્રાંક S-40 (2804) ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-મજકૂર વિદ્યાર્થીએ ગુજરાત કૉલેજ, અમદાવાદના એમ.એ. ના વર્ગમાં પોલિટિકસના વિષયમાં થિસિસ માટે રજિસ્ટર થઇને સને ૧૯૫૨-૫૨ના વર્ષનાં બે સત્રો મજકૂર કૉલેજમાં રાખી ડૉ. બી. એ. સાલેટોરના હાથ નીચે કામ કરેલું છે. ડૉ. બી. એ. સાલેટોર અનુસ્નાતક શિક્ષક તરીકે ચાલુ રહેતા ન હોવાથી એલ. ડી. આર્ટ્સ કૉલેજના શ્રી. ડી. એન. પાઠકના હાથ નીચે કામ કરવાની પરવાનગી આપવા બાબતની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીએ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થવું જોઇએ એવો ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલને જવાબ આપવો.

૬૭. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલે શ્રી. એ. આર. ગઢવીને પહેલી એલ.એલ.બી. ના વર્ગમાં પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ રજૂ કર્યા

સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી વિદ્યાર્થીના ખુલાસા સહિત આવેલો તા. ૨૮-૧૨-૧૯૫૨નો પત્રાંક ૧૩૦૧-૫૨.

આથી ઠરાવવામાં આવે છે કે એલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની અરજી સ્વીકારવી અને પ્રિન્સિપાલને ચેતવણી આપવી.

૬૮. ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૧૨-૧૯૫૨ના રોજ મળેલી ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૧૨-૧૯૫૨ના રોજ મળેલી ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "બ" તરીકે આપવામાં આવેલી છે.)

૬૯. ટાઇપિસ્ટ શ્રી. આર. એમ. શેઠની નિમણૂકને તા. ૧૦-૧-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. શેઠને તા. ૧૦-૧-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૭૦. જુનિયર ક્લાર્ક શ્રી. જી. એન. પટેલની નિમણૂકને તા. ૧૦-૧-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એન. પટેલને તા. ૧૦-૧-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૭૧. જુનિયર ક્લાર્ક શ્રી. બી. એમ. જોષીની નિમણૂકને તા. ૧૦-૧-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. જોષીને તા. ૧૦-૧-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૭૨. કેશિયર શ્રી. એન. જે. પાઠકની નિમણૂકને તા. ૧૭-૧-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન જે પાઠકને તા. ૧૭-૧-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૭૩. જુનિયર ક્લાર્ક શ્રી. એમ. ડી. ત્રિવેદીની નિમણૂકને તા ૨૩-૧-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. ડી. ત્રિવેદીને તા ૨૩-૧-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૯. પટવાળા શ્રી. મેઘજી ડી. ચાંડપાની નિમણૂકને તા. ૧-૨-૧૯૫૨ના રોજ એક વર્ષ પૂરૂં થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટવાળા શ્રી. મેઘજી ડી. ચાંડપાને તા. ૧-૨-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૧૯. જે કૅાલેજોનું છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન આખી કૅાલેજનું ઇન્સ્પેકશન ન થયું હોય તેના ઇન્સ્પેકશન માટે Trienniel Inspection Committee નીમવા બાબત સિન્ડિકેટના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે રજૂ કરેલી નીચે દર્શાવેલી કૅાલેજોના નામ સામે જણાવેલી કમિટીઓના સભાસદોના નામ અંગેની સૂચના.

		આર્ટ્સ સાઈડ	સાયન્સ સાઈડ
૧.	એલ. ડી. આર્ટ્સ કૅાલેજ, અમદાવાદ.	૧. પ્રિ. એન. એમ. શાહ ૨. પ્રિ. એ. કે. ત્રિવેદી ૩. પ્રિ. એલ એમ. એ. મેનેઝીઝ	૧. ડૅા. એમ. ડી. અવસારે ૨. પ્રિ. જે. બી. સાન્ડિલ ૩. શ્રી. આર. એન. સુતરીઆ
૨.	ગુજરાત કૅાલેજ, અમદાવાદ.	,, ,,	,, ,,
૩.	એમ. ટી. બી. કૅાલેજ, સુરત.	,, ,,	,, ,,
૪.	સામળદાસ કૅાલેજ, ભાવનગર. (આર્ટ્સ સાઈડ)	,, ,,	
૫.	બહાઉદ્દીન કૅાલેજ, જુનાગઢ. (આર્ટ્સ સાઈડ)	,, ,,	

કૅામર્સ

૬. એચ. એલ. કૅાલેજ ઑફ કૅામર્સ, અમદાવાદ-૯.

૧. પ્રિ. વાય. ડી. કેસ્કર,
૨. પ્રિ. એ. બી. ત્રિવેદી, (બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય)
૩. શ્રી. પી. પી. મહેતા. (એમ. જે. કૅાલેજ, ઑફ કૅામર્સ ભાવનગર)

લૅા

૭. સર એલ. એ. શાહ લૅા કૅાલેજ, અમદાવાદ-૬.

૧. પ્રિ. ટી. કે. મોદી (સરદાર દાવર)
૨. શ્રી. બટુભાઇ એચ. દેસાઈ
૩. શ્રી કે. આર. મહેતા, (પ્રિ. ગવર્મેન્ટ લૅા કૅાલેજ, મુંબઇ)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની કમિટીઓ નીમવી:

આર્ટ્સ અને સાયન્સ

એલ. ડી. આર્ટ્સ કૅાલેજ, અમદાવાદ.

આર્ટ્સ સાઇડ	સાયન્સ સાઇડ
૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,	૧. ડૅા. એમ. ડી. અવસારે,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,	૨. ડૅા. કે. આર. રામનાથન,
૩. પ્રિન્સિપાલ એલ. એમ. એ. મેનેજિઝ.	૩. શ્રી. આર એન. સુતરીઆ.

ગુજરાત કૅાલેજ, અમદાવાદ.

આર્ટ્સ સાઇડ	સાયન્સ સાઇડ
૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,	૧. ડૅા. એમ. ડી. અવસારે,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,	૨. ડૅા કે. આર. રામનાથન,
૩. પ્રિન્સિપાલ એલ. એમ. એ. મેનેજિઝ.	૩. શ્રી. આર. એન. સુતરીઆ.

એમ. ટી. બી. કૅાલેજ, સૂરત.

આર્ટ્સ સાઇડ	સાયન્સ સાઇડ
૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,	૧. ડૅા. એમ. ડી. અવસારે,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,	૨. ડૅા. કે. આર. રામનાથન,
૩. પ્રિન્સિપાલ એલ. એમ. એ. મેનેજિઝ.	૩. શ્રી. આર. એન. સુતરીઆ.

સામળદાસ કૉલેજ, ભાવનગર.

આર્ટ્સ સાઇડ

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ
૨. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ,
૩. પ્રિન્સિપાલ એલ. એમ. એ. મેનેજિઝ.

અહમદુદ્દીન કૉલેજ, જુનાગઢ.

આર્ટ્સ સાઇડ

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૨. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ,
૩. પ્રિન્સિપાલ એલ. એમ. એ. મેનેજિઝ.

કૉમર્સ

એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.

૧. પ્રિન્સિપાલ વાય. ડી. કેરકર,
૨. પ્રિન્સિપાલ એ. બી. ત્રિવેદી,
૩. શ્રી. પી. પી. મહેતા (એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર)

લૉ

સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.

૧. પ્રિન્સિપાલ ટી. કે. મોદી, (સરદાર દાવર)
૨. શ્રી. બદુભાઈ એચ. દેસાઇ,
૩. શ્રી. કે. આર. મહેતા. (પ્રિન્સિપાલ, ગવર્મેન્ટ લૉ કૉલેજ, મુંબઈ)

તેમની ટર્મ્સ ઑફ રેફરન્સ મુંબઈ યુનિવર્સિટીના બોરણે રાખવી.

૨૦. મેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદને બી. જે. મેડિકલ કૉલેજના પૂર્વ–સ્નાતક તબીબી વિદ્યાર્થીઓને માનસિક રોગો માટે તાલીમ આપવા અંગે જૂન ૧૯૫૩ સુધી રેકગ્નીશન આપવા બાબત લોકલ ઇન્કવાયરી કમિટીનો રિપોર્ટ, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અને સિન્ડિકેટનો ઠરાવ, બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલ અને સર્જન જનરલને મોકલી આપતાં લોકલ ઇન્કવાયરી કમિટીના રિપોર્ટમાં દર્શાવેલી શરતો પરિપૂર્ણ કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના આવેલા તા. ૨૩–૧–૫૩ના શેરાનં ૪–એ. એફ. એફ. એચ. ૪૨૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને બાકીની શરતો તાકીદે પૂરી કરવા જણાવવું.

૨૧. ગુજરાત યુનિવર્સિટીએ ઘડેલા પ્રોવિડન્ટ ફંડના નિયમો માન્ય રાખવા અંગે મુંબઇ સરકારને લખતાં તેના જવાબમાં મજકૂર સરકારના કેળવણી ખાતાના આસીસ્ટન્ટ સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૨-૧-૧૯૫૩ના પત્રાંક યુ. જી. બી. ૧૦૫૨ યુ. ૫૪૪૭૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારે સૂચવેલા સુધારા પ્રોવિડન્ટ ફંડના સ્ટેટ્યુટમાં કરવા. (સુધારેલા સ્ટેટ્યુટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવેલા છે.)

૨૨. એસ. એસ. સી. પરીક્ષાની ચાલુ યોજનામાં કરાનારા સુધારાઓ ઉપર આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત મુંબઇ રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલા તા ૧૨-૧-૧૯૫૩ના પત્રાંક એસ. ૬૮-૮૪ (૮)-વી. સી. ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૨૩. ઝૂલોજીના વિષયમાં પી.એચ.ડી. ડિગ્રી માટે શ્રી. એમ એસ. દુબલેએ "The Morphological and Bio-Chemical Aspects of Air Breathing in Fishes with reference to some Indians." ના વિષય ઉપર રજૂ કરેલી થિસિસ માટે રેફરી નીમવા બાબતની ઝૂલોજી કમિટીની ભલામણ તથા તે વિષયના ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૧૩-૧૨-૫૨ની બેઠકમાં નીમેલા રેફરી ૧. પ્રો. જી. એસ. કાર્ટર, કેમ્બ્રીજ યુનિવર્સિટી, ઇંગ્લેન્ડ અને ૨. પ્રો. સી. એમ. યોન્જે, ગ્લાસગો યુનિવર્સિટી, ગ્લાસગોને લખતાં તેમના તરફથી આવેલા અનુક્રમે તા. ૮ અને ૭મી જાન્યુઆરિ ૧૯૫૩ના પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકસ્ટર્નલ રેફરી તરીકે મિ. ઈ. ફોર્ડ, એ. આર. સી. એસ., ડી.આઈ.સી., એફ આર.એસ.ઈ., ડાયરેક્ટર ઑફ ધી મરીન સ્ટેશન, મિલપોર્ટ, આઇલેન્ડ ઑફ કમ્બ્રે, સ્કોટલેન્ડની નિમણૂક કરવી.

૨૪. ૧૯૫૩ના આર્ય-ઑપ્રિલમાં લેવાનારી એમ.એ. ની Ancient Indian Culture ની પરીક્ષામાં કેટલાક વિદ્યાર્થીઓ કે જેમણે જૂના અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ કર્યો હોય તે સંજોગોવશાત બેસી ન શકે અગર નિષ્ફળ જાય તેમને એક વર્ષ બચાવે જૂના અભ્યાસક્રમ પ્રમાણે બેસવાનો તક આપવાનો ભલામણ કર્યા બાબત ઑર્ડ ઑફ સ્કીઝ ઇન હીસ્ટરી, આર્કિયોલૉજી, એપીગ્રાફી અને ન્યુમીસમેટીકસના ચેરમેનનો તા. ૨૨-૧-૧૯૫૩નો પત્ર.

(**નોંધ:**-એમ.એ. નો Ancient Indian Culture નો નવો અભ્યાસક્રમ ૧૯૫૨ના જૂનથી અમલમાં આવેલ છે જેની પહેલી પરીક્ષા ૧૯૫૪માં થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ની "એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર" ની જૂના કોર્સ પ્રમાણેની પરીક્ષા સને ૧૯૫૪માં પણ લેવી.

૨૫. ૧૯૫૩ના એપ્રિલમાં થનારી એફ. ઇ. નો પરીક્ષા માટે મેારબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મેારબીને સેન્ટર રાખવાની વિનંતી કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર સંબંધી સિન્ડિકેટના ઠરાવ અનુસાર આ બાબત પ્રિન્સિપાલ આર. પી. પટેલે મેારબી જઇ તપાસ કરી યુનિવર્સિટીને કરેલેા તા. ૧૭–૨–૫૩નેા રિપેાર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩ના એપ્રિલમાં લેવાનારી એફ.ઈ. ની પરીક્ષા માટે મેારબીને સેન્ટર તરીકે રાખવું.

૨૬. મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓમાંના વિદ્યાર્થીઓના માઇગ્રેશનને લગતા સામાન્ય નિયમેાની ભલામણ કરવા માટેનો કમિટી ઉપર કામ કરવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓના નામેા મેાકલવા બાબતના જોઇન્ટ ઑર્ડ ઑફ વાઇસ–ચાન્સેલર્સની તા. ૨૪–૮–૧૯૫૨ના રેાજ મળેલી બેઠકમાંના ઠરાવ નં. ૧૨ ઉપર વિચારણા કરવા અંગે મજકૂર ઑર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૭/૧૯–૧–૫૩ના પત્રાંક એમ. ઈ. વી. ૪૭૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના ગૃહસ્થોને મેાકલવાઃ

૧. શ્રી. વાઇસ–ચાન્સેલર,
૨. પ્રિન્સિપાલ એન. એમ. શાહ.

૨૭. બી. જે મેડિકલ કૉલેજ, અમદાવાદને માર્ચ–એપ્રિલ ૧૯૫૩માં લેવાનારી પહેલી બીજી અને ત્રીજી એમ.બી., બી.એસ., એમ.ડી. અને એમ.એસ. (ઓલ્ડ ઍન્ડ ન્યુ) ની પેપર, પ્રેકટીકલ્સ વિ. નો પરીક્ષાઓ માટે સેન્ટર રાખવા બાબત અને તેને લગતી સગવડો વિષે લખતાં તેના જવાબમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તાઓ વિષે લખતાં તેના જવાબમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૯/૨૦–૧–૧૯૫૩ના પત્રાંક ૧૨–એકઝામ–૩૬૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩ના એપ્રિલમાં લેવાનારી બીજી એમ. બી., બી. એસ. ની પરીક્ષા પહેલી એમ. બી., બી. એસ. ની પરીક્ષા પૂરી થાય તેને બીજે દિવસે શરૂ કરવી, એટલે કે પહેલી અને ત્રીજી એમ. બી., બી. એસ. ની પરીક્ષા ૨૦મી એપ્રિલે શરૂ કરવી અને બીજી એમ. બી., બી. એસ. ની પરીક્ષા ૨૩મી એપ્રિલે શરૂ કરવી.

૨૮. મદ્રાસ સ્ટેટના ફાઇલ વેલ્ફેર, કમર્શીયલ રેકસીઝ અને શીડયુલ્ડ એરીઆના પ્રધાન શ્રી. એસ બી. પી. પટ્ટાભી રામરાવની ઉદાર સખાવતને લીધે આન્ધ્ર યુનિવર્સિટી કૉલેજીઝ સ્ટુડન્ટસ યુનિયનના આશ્રયે દર વર્ષે ફેબ્રુઆરિમાં થનાર ઇંગ્લીશમાંની ઇન્ટર યુનિવર્સિટી ચર્ચાત્મક હરિફાઇમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મેાકલવા બાબત મજકૂર યુનિયનના પ્રેસિડેન્ટ તરફથી આવેલા તા. ૨૦–૧–૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી પ્રતિનિધિ મેાકલવા અશકત છે એમ જવાબ આપવેા

૨૯ નીચેનેા ઠરાવ સેનેટની આગામી બેઠક સમક્ષ રજૂ કરવાની શ્રી. એસ. આર. ભટ્ટે નેાટિસ આપી છે:

"This meeting of the Senate records its opinion that the ban on teachers of the Government Colleges, restricting them from contesting elections to the various bodies of the University is unjust, improper and prejudicial to the interests of education as also of the University. The Senate, therefore, recommends to the Government to remove the ban."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત શ્રી. એસ. આર. ભટ્ટ પાસેથી ગવર્મેન્ટના સરકયુલરની નકલ મંગાવવી અને તેના અભાવે સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપી શકતી નથી એમ સેનેટને જણાવવું.

૩૦. નીચેનેા ઠરાવ સેનેટની આગામી બેઠક સમક્ષ રજૂ કરવાની શ્રી. એમ. એમ. હાકારે નેાટિસ આપી છે:

"1. Resolved that the head quarters of the Vice-Chancellor shall be at Ahmedabad, and his post be a full-time salaried one.

2. Resolved that the Syndicate be recommended to draft and frame necessary statutes fixing the mode of appointment qualifications, salary and other requirements for the post of the Vice-Chancellor."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી.

૩૧. કુ. સુશીલા સી. પટેલે મુંબઇ યુનિવર્સિટીની એમ. એન. કૉલેજ ઑફ આર્ટ્સ અને એન. એમ. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, અંધેરીમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં પ્રથમ સત્ર રાખીને ભાવનગરની સામળદાસ કૉલેજમાં બીજા સત્રમાં દાખલ થવા દેવા બાબતની ઍલિજિબિલિટી સર્ટિફીકેટની અરજી.

(નોંધ:- મજકૂર વિદ્યાર્થીનીને આપણી કૉલેજમાં દાખલ થવાનું કારણ પૂછાવતાં તે જણાવે છે કે તેમના પિતાશ્રીએ બીઝનેસ આટોપી લીધેા હેાવાથી આખું કુટુંબ ભાવનગર આવ્યું છે અને તેથી ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટે અરજી કરી છે.

૧. શ્રી યુસુફ અહમદજી ખત્રીએ આ યુનિવર્સિટીની એમ. ટી. બી. કૉલેજના ફર્સ્ટ ઇયર સાયન્સના સેકન્ડ ટર્મમાં દાખલ થવાનું કારણ પેાતાના જન્મસ્થાનની પાસે હેાવાનું જણાવ્યું હતું. પરંતુ સિન્ડિકેટે તે અરજી નામંજૂર કરી હતી.

૨. શ્રી. ઇન્દ્રવદન ચંપકલાલ દેસાઇએ સામળદાસ કૉલેજમાં ફર્સ્ટ ઈયર સાયન્સમાં બીજા સત્રમાં દાખલ થવાનું કારણ માતાની માંદગીને લીધે કુટુંબે ભાવનગર વસવાટ કર્યો હેાવાનું જણાવ્યું હતું. પરંતુ સિન્ડિકેટે તે અરજી નામંજૂર કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. સુશીલા સી. પટેલને સામળદાસ કૉલેજ ભાવનગરમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સના દ્વિતિય સત્રમાં દાખલ થવાનું મંજૂર કરવું.

૩૨. ઑર્ડ ઑફ સ્ટડીઝ ઇન મિકેનિકલ અને ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગના સભ્ય તરીકે રહેવા સંમતિ તા. ૧૭-૧૨-૧૯૫૨ના રોજ મોકલ્યા પછી સંમતિ દર્શાવેલ આ બે ઑડ ઉપરાંત સિવિલ એન્જિનિયરીંગના ઑર્ડ ઉપર પણ સભ્ય તરીકે રહેવા સંમતિ મોકલ્યા બાબતના શ્રી. એમ. એમ. પટેલ તરફથી આવેલા તા. ૬-૧-૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ઍકટની કલમ ૨૫ના કલૉઝ (૨) (૭) અનુસાર એક વખત ઑર્ડની પસંદગી કર્યા પછી કોઇ પણ જાતનો ફેરફાર થઇ શકે નહિ. પ્રિન્સિપાલ પી. એમ. મોદીનો આ પહેલાં આવોજ કેસ હતો. તેમાં તેમને પરવાનગી આપવામાં આવી ન હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૩. શ્રી. એ. જી. ગોનસેલ્વઝને સામળદાસ કૉલેજ, ભાવનગરમાં ફર્સ્ટ ક્યરના વર્ગમાં ઍલિજિબિલિટી સર્ટિફીકેટ સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત પુછાવતાં મજકુર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨૩મી જાન્યુઆરિ ૧૯૫૩ના પત્રાંક જી. યુ. ઓનશેલ ૨૦૮ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- હજૂ સુધી વિદ્યાર્થીએ મુકરર કરેલા ફોર્મમાં જરૂરી સર્ટિફિકેટો સાથે અરજી કરી નથી.)

અને

૩૬. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલે વિદ્યાર્થી શ્રી. જે. એમ. દેસાઇને ઇન્ટર આર્ટ્સના વર્ગમાં ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ રજુ કર્યા સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં મજકુર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨૩-૧-૧૯૫૩ના પત્રાંક ૨૧૬૧ સાથેની તા. ૨૨-૧-૧૯૫૩ ની વિદ્યાર્થીની અરજી.

અને

૩૭. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલે વિદ્યાર્થી શ્રી. ડી. એચ આણને જુનિયર બી. એ. ના વર્ગમાં ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ રજૂ કર્યા સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં મજકુર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો તા. ૧૭-૧-૧૯૫૩ નો પત્રાંક ૨૧૨૬.

અને

૩૮. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલે વિદ્યાર્થી શ્રી. પી. જી. જોષીને જુનિયર બી. એ. ના વર્ગમાં ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ રજૂ કર્યા સિવાય કેવી રીતે દાખલ

કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૬-૨-૧૯૫૩નો પત્રાંક ૨૧૨૩.

અને

૭૩. ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલે શ્રી. જી. જે. દેસાઈ અને શ્રી. જી. એસ. વ્યાસને અનુક્રમે ઇન્ટર આર્ટ્સ અને જુનિયર બી. એસ. સી. ના વર્ગમાં ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ રજા કર્યા સિવાય કેવી રીતે દાખલ કર્યા તે બાબત યુનિવર્સિટી ઑફિસ તરફથી પુછાવતાં તેના જવાબમાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો તા. ૨૮-૧-૧૯૫૩નો આવેલ પત્રાંક એસ. ૪૦-૩૨૯૬.

અને

૯૮. શ્રી. બી એ. દુદાનીને ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના ફર્સ્ટ ઇયર આર્ટ્સના વર્ગમાં ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ સિવાય શા માટે દાખલ કર્યા તે અંગે ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીની સિન્ડિકેટે મંજૂર કરેલી ભલામણ અનુસાર પ્રિન્સિપાલનો ખુલાસો મંગાવતાં, તેમના તરફથી આવેલા તા. ૨જી ફેબ્રુઆરી ૧૯૫૩ ના પત્રાંક ૨૨૦૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. આ બાબતમાં જે કૉલેજોમાંથી ઍલિજિબિલિટી સર્ટિફીકેટ માટેની અરજીઓ મોડી આવી હોય તે કૉલેજોના પ્રિન્સિપાલોને આ બાબતમાં વધારે ધ્યાન રાખવા અંગત કાગળ લખવા.

૨. જે વિદ્યાર્થીઓ બીજી યુનિવર્સિટીઓમાંથી આ યુનિવર્સિટીમાં દાખલ થયા હોય અને તેમને પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ રજૂ કર્યા સિવાય દાખલ કર્યા હોય તેમનાં નામો તથા તેમને પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ સિવાય શા માટે દાખલ કર્યા છે તેનો રિપોર્ટ દર વર્ષે જુલાઇ માસના પહેલા અઠવાડિયામાં કરવા કૉલેજોના પ્રિન્સિપાલોને રજીસ્ટ્રારથી ખબર આપવી.

૩. મોડી આવેલી અરજીઓ સ્વીકારવી.

૪. જો આવા વિદ્યાર્થીઓ પરીક્ષા પહેલાં પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવી લે નહિ તો તેમને પરીક્ષામાં બેસવા દેવા નહિ.

૩૪. આર્ટ્સ યુનિલાઇઝેશન કમિટીની તા. ૩-૨-૫૩ના રોજ મળેલી મિટીંગના કામકાજની નોંધ:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૫. જે વિદ્યાર્થીઓ મુકરર કરેલી મુદતમાં ઍલિજિબિલિટિ સર્ટિફિકેટ કઢાવી લે નહિ તેમને માટે દંડ નક્કી કરતો ઑર્ડિનાન્સ નં. ૬૪-સી. નો રજિસ્ટ્રારે રજૂ કરેલો અરજો.

(સિન્ડિકેટની તા. ૯-૧-૫૩ની મિટીંગમાં આઇટેમ નં. ૬૩ ઉપરના ઠરાવમાં આવેલ ખરડો રજૂ કરવા રજિસ્ટ્રારને સૂચના કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફ્તરે કરવા.

૩૯. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં શરૂ થનારી ઇન્ટરમિડિયેટ આર્ટ્સ કૉલેજ અંગે ઍકેડેમિક કાઉન્સિલે નક્કી કરેલી શરતોમાં મજકૂર કૉલેજમાં સ્ટાફ નીમવા બાબતની શરત ન હોવાથી તે શરત મૂકવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદની ઇન્ટરમિડિયેટ આર્ટ્સના વર્ગો માટે ઍફિલિએશનની શરતોમાં નીચેની શરત ઉમેરવા:

"Members of the staff mentioned below are appointed by 31-5-1953:

1. Full-time Professor of English,
2. Lecturer in English,
3. Lecturer in Sanskrit and Ancient Indian Culture,
4. Lecturer in Gujarati,
5. Lecturer in History, Economics, Administration and Civics,
6. Lecturer in Logic,
7. Physical Instructor.

The staff so appointed should hold the minimum qualifications – prescribed by the Syndicate."

૪૦. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢનું બી. એસ. સી. સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી ઉપરના સ્થાનિક તપાસણી સમિતિના રિપોર્ટના પેરેગ્રાફ ૩ માં જણાવ્યા પ્રમાણે મજકૂર કૉલેજને બી. એસ. સી. બોટાની (સબ્સીડિયરી) માટે જોડાણનું એકસ્ટેન્શન જૂન ૧૯૫૩થી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૩-૧૨-૧૯૫૨ના પત્રાંક બી. સી. એફ. ૧૨૦૩-૧૯૫૨-૫૩ અંગે ઍકેડેમિક કાઉન્સિલે ઠરાવ્યા પ્રમાણેનો શ્રી. આર. એન. સુતરીયાનો રિપોર્ટ અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૧. એસ. બી. ગાર્ડા કૉલેજ અને પી. બી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીને બી. એ. (સ્પેશિયલ) હિંદી માટે જોડાણનું એકસ્ટેન્શન આપવા બાબતની અરજી, તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ અને ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૨. મેન્ટલ હૉસ્પિટલે. અમદાવાદને કાયમનું રેકગ્નીશન આપવા બાબતની અરજી અને તે ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ. (ગત સાલે સ્થાનિક તપાસણી સમિતિએ મજકૂર ઇન્સ્ટીટ્યુટનું ઇન્સ્પેકશન કરેલું હોવાથી ચાલુ સાલે ઇન્સ્પેકશન કરવાની જરૂર નથી એવું સિન્ડિકેટે ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૩. દરેક ફૅકલ્ટીની દરેક પરીક્ષાઓમાં દરેક વિષયના સિનિયર એક્ઝામિનર અથવા તેમણે નીમેલા માણસોની બેઠક, પરિણામ બહાર પાડતા પહેલાં તેને તપાસી જઈ છેવટનું પરિણામ નક્કી કરવાને માટે બોલાવવાનો ઠરાવ સિન્ડિકેટે કરેલો છે તે જોતાં ઑર્ડિનાન્સ ૧૨૬, ૧૩૦, ૧૩૦-એ, ૧૩૦-બી અને ૧૩૦-સી. ની જરૂર હવે રહે છે કે કેમ અગર તેને રદ કરવા કે કેમ તે બાબત નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે આ અંગેના રેગ્યુલેશન ઘડવા માટે જે કમિટીઓ નીમી છે તેમના રિપોર્ટની સાથે વિચારણા કરવા માટે, ત્યાં સુધી આ કામ મુલતવી રાખવું.

૪૪. ગુજરાત યુનિવર્સિટીની બી. કૉ. ડિગ્રીના રિવાઇઝ્ડ સિલેબસની નકલો કિંમત લઇને એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને તેમજ બહારનાઓને વેચાતી આપવા બાબતના એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૪/૧૫-૧૦-૧૯૫૨ના પત્રાંક યુનિ મીસ. ૫૪૪૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં એકાઉન્ટન્ટે રજૂ કરેલી યોજના મંજૂર કરવી.

(યોજના આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવેલી છે.)

૪૫. યુનિવર્સિટી એજ્યુકેશન કમિશનના રિપોર્ટ અંગે નીમાયેલી સમિતિએ યુનિવર્સિટીની આભ્યંતર પરીક્ષા પદ્ધતિનું પુનરાવલોકન કરવા બાબત વિચારણા કરી રિપોર્ટ કરવા નિમેલી ઉપસમિતિનો અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર દરેક ઍફિલિએટેડ કૉલેજમાં મોકલવામાં આવ્યો હતો અને તેઓ તરફથી આવેલા અભિપ્રાયો દરેક ફૅકલ્ટીની બેઠક સમક્ષ મૂકવામાં આવ્યા હતા, તે અભિપ્રાયો ઉપર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજો તરફથી લેવાતી પરીક્ષાઓને ૨૦ ટકા સુધી માર્કસ આપવાની પરીક્ષા પદ્ધતિમાં જોગવાઈ કરવાની ઍકેડેમિક કાઉન્સિલ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૬. યુનિવર્સિટી આફિસના સ્ટાફમાંથી જે સભ્યોને સરકાર તરફથી સાક્ષીમાં બોલાવવામાં આવે તેમને "લીવ ઑન ડયુટી" તરીકે ગણવા માટે યુનિવર્સિટી નિયમોમાં જોગવાઈ નથી તો તે અંગે સિન્ડિકેટના નિર્ણયાનુસાર સરકારી કચેરીઓ તેમજ મ્યુનિસિપલ ઑફિસમાં શું પ્રથા છે તેની તપાસ કરતાં તે બાબતમાં આવેલા હુજૂર મામલતદાર, અમદાવાદ, એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, અમદાવાદ ડિવિઝન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરફથી આવેલા અનુક્રમે તા. ૧૮-૧૨-૫૨, તા. ૨૪ ૧૨-૫૨ અને તા. ૨૬-૧૨-૫૨ના પત્રાંક એમ. આઇ. એસ.-૩૫૦૧, એ. ૧૫૮-૮૨૮૦ અને ઇ. એસ. ટી.-ટી. આર. વાય ૬૫૬૩.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફિસ સ્ટાફના જે સભ્યોને સરકાર તરફથી સાક્ષીમાં બોલાવવામાં આવે તેમને "લીવ ઑન ડયુટી" તરીકે ગણવા.

૪૭. અમુક કારણોસર મુંબઇ યુનિવર્સિટીનું પેમ્ફલેટ નં. ૧૨ કે જે સિન્ડિકેટે મંજૂર કર્યું છે તેને પાછું ખેંચી લેવા બાબત બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેડિસિને પસાર કરેલા નીચેના બે ઠરાવો:

બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેડિસિનના ઠરાવો

"This Board of Studies recommends to the Academic Council and the Syndicate that Pamphlet No. 12 be withdrawn for the following reasons"

Reasons

Pamphlet 12 (o.367 H, a, i & ii and o.381 H, a, i & ii) deprives the candidate of the remission of equal amount, before passing Part I, granted in Pamphlet No. 2 (amendment 17 of 0.364 A and amendment 18 of 0.378 A) and limits the period to six months which was also not there in Pamphlet 2.

Pamphlet 12 has deprived the candidate of the benefit given as a special case in Pamphlet 2, of counting a Houseman's appointment done before registration.

Pamphlet 12 introduces special papers in Anatomy & Physiology, Pharmacology, Pathology in stead of one question only in these subjects in the original rules, but strangely enough makes no provision for post-graduate tution of these subjects. This is against the very principle of imparting post-graduate instruction under the auspices of the University which is the declared aim in the constitution of this University.

It puts the common paper in Medicine with the 2nd part which also is not in the best interests of the candidate.

O.367 H, c, and O.381, H, c, of Pamphlet 12 are contrary to the rules framed by the Medical Faculty for approved appointments and will be a real hardship to the post-graduates studying in such hospitals. Trying to twist this clause will put the University in an awkward position with the Indian Medical Council.

Transitory regulations for exemptions to stu lents joining before Pamphlet 12 was issued are missing, even in such as important matter like exemption from appearing in medicine to those who have passed before the Pamphlet came into force."

The above resolution was moved by Dr. R. B. Mehta and was seconded by Dr. N. H. Desai.

It was passed five in favour, one against and two abstained from voting.

Dr. V. J. Patel moved and Dr. R. B. Mehta seconded the following resolution:

Resolution:

In view of the fact that the Board of Studies were not consulted before the resolution regarding Pamphlet No. 12 reached the Syndicate a procedure which was considered irregular by them, the Board recommends that they should invariably be consulted for any change in the syllabus affecting the course of stud

The above resolution was passed four in favour, two against and two abstained from voting."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૮. સ્કેલ ઑફ રેમ્યુનરેશનમાં જણાવેલા એમ. એસ. સી. ની પરીક્ષા માટેના નિયમોમાં નીચે પ્રમાણે સુધારો કરવા બાબતના શ્રી. એમ. ડી. અવસારેના તા. ૨૫મી ઑગસ્ટ ૧૯૫૨ના પત્ર અંગે સિન્ડિકેટના નિર્ણયાનુસાર આ બાબતમાં મુંબઇ યુનિવર્સિટીમાં શું નિયમ છે તે પુછાવતાં મજકૂર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા. ૭-૧-૫૩નો પત્રાંક એ ડી. ૬૫૧.

સુધારો

(Page 8 of the Pamphlet)

M. A., M. Sc., M. D. and M. S. Examinations.

For each practical, oral or other special examination necessary in the case of candidates who submit their thesis or for each day where it is determined that such practical or other special examination shall occupy more than one day.....Rs. 12/-
The minimum remuneration to each examiner for each practical, oral or other special examination or for each day where it is determined that such practical or other special examination shall occupy more than one day shall be Rs. 50/- per day.

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રમાણે રેમ્યુનરેશનમાં વધારો કરવાને માટે શું કારણો તે શ્રી. એમ. ડી. અવસારેને પુછાવવું.

૪૯. ૧૯૫૨–૫૩ના વર્ષના બીજા સત્રનું એલાવન્સ રૂા. ૧૫૦–૦–૦ દરેક એન. સી. સી. ના ઑફિસરને આપવા અંગે ઘટતું કરવા બાબત સાતમી બૉમ્બે એટેલિયન, એન. સી. સી. ના ઑફિસીએટીંગ કમાન્ડન્ટ, ૨-લેફ્ટેનન્ટ, એન. સી. સી. તરફથી આવેલા તા. ૨૧–૧–૧૯૫૩ના પત્રાંક ૫૦૮–એ.–એન. સી. સી.–૨૬૯ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–સિન્ડિકેટે તેની તા. ૧–૩–૫૨ની ૧૨મી બેઠકમાં એન. સી. સી. ના અમલદારોને વાર્ષિક રૂા. ૩૦૦–૦–૦ એલાવન્સ તરીકે આપવા કરાવ્યું હતું. સિન્ડિકેટે તા. ૪–૧૦–૫૨ની ૫૬૨મી બેઠકમાં શ્રી. એસ. વા. દેસાઈની સૂચના અનુસાર ચાલુ વર્ષ (૧૯૫૨–૫૩)ના પહેલા સત્રને અંતે ચાલુ સાલ માટેનું અર્ધું જ એલાવન્સ આપવું એમ અને તા ૨૧/૨૨–૧૧–૫૨ની ખાસ સભામાં યુનિવર્સિટીએ એન. સી. સી. ના અમલદારોને હવેથી કાંઈ પણ ભથ્થું (એલાવન્સ) આપવું નહિ એમ ઠરાવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષમાં બીજા સત્ર માટેનું એલાવન્સ પણ આપવું.

૫૦. યુનિવર્સિટી પ્રોવીડંટ ફંડમાંથી સ્ટાફના સભ્યોને જે રકમ એડવાન્સ તરીકે લોન પેટે આપવામાં આવે તે અંગેની શરતો કઇ રાખવી તે નક્કી કરવા બાબતમાં સિન્ડિકેટના નિર્ણયાનુસાર રજિસ્ટ્રારે રજૂ કરેલા નીચેની સુચનાઓ.

૧. જે સ્ટાફ સભ્યને લોન આપવામાં આવે તેઓ દર મહિને તેમના પગારમાંથી લોનના ૧૦ ટકા પ્રમાણે કપાવે.

૨. યુનિવર્સિટી પ્રોવીડંડ ફંડનું મુખ્ય રોકાણ ૩ ટકા સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવેલ છે. અને તેનો ભાવ આશરે ૬૭ ટકા હોવાથી આ રોકાણ ઉપર વ્યાજ ૪ ટકા લગભગ મળે છે. એટલે આ લોન ઉપર ૪ ટકાના દરે વ્યાજ સ્ટાફ સભ્યો પાસેથી લેવું. આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે રજૂ કરેલી સૂચનાઓ મંજૂર કરવી.

૫૧. કેળવણી વિષયક જરૂરી લાયકાતો ઉપરાંત ૫ વર્ષનો પૂર્વ–સ્નાતક વર્ગોનો શિક્ષણનો અનુભવ વગેરે હોય તેમને જ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવામાં આવે છે તે જોતાં બી. જે. મેડિકલ કૉલેજના અમુક શિક્ષકો કે જે પુરંતી કેળવણી વિષયક લાયકાત ધરાવે છે પણ શિક્ષણનો અનુભવ ધરાવતા નહિ હોવાથી તેમને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય રાખ્યા નથી જ્યારે વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને સર ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદમાં સર્વિસ કરતા અમુક માણસોને શિક્ષણનો અનુભવ નહિ હોવા છતાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય રખાયેલ હોવાથી ઉભી થતી અસંગતતા ટાળવા અંગે યોગ્ય કરવા બાબત બી. જે. મેડિકલ કૉલેજના ટીચર્સના તા. ૨૩–૧૨–૫૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળ દફ્તરે કરવો.

૫૨. હિંદી સરકારે શ્રી. નિત્યાનંદ કાનુનગો, એમ. પી. ઓરિસા ના પ્રમુખપણા નીચે નીમેલી ટેકસ્ટાઇલ એન્કવાયરી કમિટીએ તૈયાર કરેલી પ્રશ્નોતરીમાંના ઉપસ્થિત થતા

કેટલાક મુદ્દાઓ ઉપર આ યુનિવર્સિટીએ કાંઇપણ માહિતી અથવા રેટા મોકલવા બાબત મજકૂર કમિટીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૪-૧-૧૯૫૩ના પત્રાંક ટી. ૬. એક્ષ. ઈ. સી. યુ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી આ બાબતમાં કાંઇ માહિતી અગર "રેટા" મોકલી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૫૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને એમ. બી., બી. એસ. તેમજ બી.એસ.સી. મેડિકલના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પુરેપુરૂં પાલન થયા સિવાય મુંબઇ સરકારની મજકૂર કૉલેજને જોડાણ આપવા બાબતની જાહેરાત આવવાથી તે શરતો પૂર્ણ કરવા અંગે યુનિવર્સિટી તરફથી લખાયેલ પત્રના જવાબમાં મુંબઇ સરકારના શિક્ષણ ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૫મી જાન્યુઆરીના પત્રાંક યુ. જી. એફ. ૨૦૫૧-૫૬૭૩૭-યુ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૫૪. એસ. બી. ગાર્ડા કૉલેજ, અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી ના શ્રી. જી. એસ. સુર્વે કે જેઓ આ યુનિવર્સિટીમાં એમ.એ. માં ફિલોસોફી વિષયમાં રજિસ્ટર થયા છે અને જેઓ પરીક્ષા માટે ૧૯૫૩માં બેસવા પાત્ર થાય છે તેમની માંદગી વિગેરે કારણે પરીક્ષામાં ચાલુ સાલે બેસી શકે એમ ન હોવાથી ૧૯૫૪માં નવેસરથી ટર્મ રાખ્યા સિવાય એન્ટાયર સાયકોલૉજી (Entire Phychology) ગ્રુપમાં બેસવા દેવા પરવાનગી આપવા બદલ એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપાલ મારફત આવેલી તા. ૧૨-૧-૫૩ની અરજી તેમજ તા. ૨૦-૧-૫૩ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.-૧. આ યુનિવર્સિટીનો ફિલોસોફીનો અભ્યાસક્રમ ચાલુ સાલે રિવાઇઝ કરી તેને પ્રાન્ચ ૩ ફિલોસોફી ગ્રુપ "એ" અને "બી" એ પ્રમાણે ઠરાવેલ છે. એન્ટાયર સાયકોલૉજીનો સમાવેશ ગ્રુપ "બી" માં થાય છે.

૨. અનુસ્નાતક નિયમોમાં આ બાબતની જોગવાઈ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે જો મજકૂર વિદ્યાર્થી બે સત્રો નવેસરથી રાખે તો તેને "એન્ટાયર સાયકોલૉજી" ગ્રુપ લેવા દેવું.

૫૫. ઇન્ડિયન કોપી રાઇટ ઍક્ટમાં સુધારાઓ કરવા બાબતે હિંદ સરકાર વિચારણા કરતી હોવાથી તે વિષે આ યુનિવર્સિટીએ સુધારાઓ સૂચવવા બાબતના હિંદ સરકારના પત્ર અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ સ્વીકારવો. (રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવેલી છે.)

૫૬. એમ.બી., બી.એસ. ની પરીક્ષામાં જે વિદ્યાર્થીની વધારેમાં વધારે માર્કસ મેળવી ગાયનેકોલૉજી વિષય લઇ એમ.ડી. માટે અભ્યાસ ચાલુ રાખે તેને એક વર્ષ સુધી "માઇ ગોદાવરી ચીમનલાલ ચોકસી સ્કોલરશીપ" નામની સ્કોલરશીપ આપવા માટે અથવા તેવી વિદ્યાર્થીનીના અભાવે આવી રીતે અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને આપવા માટે રૂા. ૧૦,૦૦૦-૦-૦ નું દાન મોકલ્યા બાબતનો શ્રી. સી. સી. ચોકસી તરફથી આવેલો તા. ૧૦મી જાન્યુઆરિ ૧૯૫૩નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે દાન આભાર સાથે સ્વીકારવું અને સ્કોલરશિપ માર્ચ-એપ્રિલમાં લેવાનારી પરીક્ષાના પરિણામ ઉપર આપવી. (કાગળની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવી છે.)

૫૭. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની શારિરીક તપાસ કરવા બાબત ચિફ મેડિકલ ઑફિસરે રજૂ કરેલી યોજના મંજૂર કરવા બાબત સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે યોજના મંજૂર કરવી પણ ડૉકટરોની પસંદગી, કૉલેજોના પ્રિન્સિપાલોએ જે નામો રજૂ કર્યાં હોય તેમાંથી જો તેઓ યોગ્ય લાયકાત ધરાવતા હોય તો કરવી. (યોજના આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે આપવામાં આવી છે.)

૫૮. પટાવાળા શ્રી. અગરસિંગ વિક્રમસિંગ ઝાલાની નિમણૂકને તા. ૧૫-૨-૫૩ના રોજ એક વર્ષ પુરૂં થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા અગરસિંગ વિક્રમસિંગને તા. ૧૫-૨-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૫૯. પટાવાળા શ્રી. પોપટલાલ જેશંકર જોષીની નિમણૂકને તા. ૨૮-૨-૧૯૫૩ના રોજ એક વર્ષ પુરૂં થતું હોવાથી તેમને તે જગ્યાએ તે તારીખથી કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પટાવાળા પોપટલાલ જેશંકર જોષીને તા. ૨૮-૨-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૬૦. ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત સંશોધન મંડળના આશ્રયે ભરેલી દ્વિતીય ગુજરાત સંશોધન કાર્યકર પરિષદના ઠરાવ નં. ૨ અનુસાર, રજિસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલને મજકૂર પરિષદ નીમેલા અધિકારી મંડળ તેમજ મુખ્ય સમિતિના મહામંત્રી તરીકે નીમ્યા છે તો તેમને તે કામ કરવા પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલને દ્વિતીય ગુજરાત સંશોધન કાર્યકર પરિષદના ઠરાવ નં. ૨ અનુસાર નિમાયેલી કમિટીના તથા અધિકારી મંડળના મહામંત્રી તરીકે કામ કરવાની પરવાનગી આપવી.

૬૧. દ્વિતીય ગુજરાત સંશોધન કાર્યકર પરિષદે નીમેલી સમિતિના કામકાજ માટે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં સગવડ કરી આપવા માટે પરિષદે નીમેલા મંત્રીઓ શ્રી. નીરૂભાઈ દેસાઇ અને શ્રી. રામપ્રસાદ શુકલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરિષદના મંત્રીઓની વિનંતી માન્ય રાખવી અને તે પ્રમાણેની સગવડ આપવી.

૬૨. તા. ૨૪મી અને ૨૫મી ઑકટોબર ૧૯૫૨ના રોજ બીજાપુર (બોમ્બે સ્ટેટ) ખાતે મળેલી બોમ્બે સ્ટેટ ડ્રાઇંગ ટીચર્સ કોન્ફરન્સની છઠ્ઠી બેઠકમાં પસાર થયેલા ઠરાવ નં ૪ અને એમાંની બાબત ઉપર વિચારણા કરવા બાબત મજકૂર કોન્ફરન્સના પ્રેસિડેન્ટ તરફથી આવેલા તા. ૨૭-૧-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૬૩. મિ. જી. હોન્સે કે જેઓ હિંદની કોઈ પણ યુનિવર્સિટીમાં એક વર્ષને માટે લેકચરર તરીકે જોડાવા આતુર છે તેમની સર્વિસીઝ ઉપયોગમાં લેવાનું આ યુનિવર્સિટી માટે શકય છે કે કેમ અને જો શકય હોય તો તેમની નિમણૂકને લગતી શરતો અને નિમણૂક કરવાની તારીખ જણાવવા બાબત હિંદી સરકારના કેળવણી ખાતાના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલા તા. ૩૦-૧-૧૯૫૩ના પત્રાંક ડી. ૨૩૨-૫૩-જી ૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હોન્સેની સર્વિસીઝ ઉપયોગમાં લેવાનું આ યુનિવર્સિટીને માટે શકય નથી એમ જવાબ આપવો.

૬૪. બોમ્બે પબ્લિક સર્વિસ કમિશને વારંવાર જાહેરખબર આપવા છતાંયે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ખાલી પડેલી એનેટોમી, ફિઝિયોલૉજી, ફાર્મેકોલૉજી અને પેથોલૉજીના વિષયો માટેની લેકચરરની જગ્યાઓ માટે યોગ્ય લાયકાત ધરાવતા માણસો મળતા નહિ હોવાથી હાલ તેમનું કામ તે તે સેકશનના પ્રોફેસરોના કામ ઉપરાંત વધારાના કામ તરીકે તેમની અને ઓછામાં ઓછા બે વર્ષનો અનુભવ ધરાવતા સિનિયર-ડેમોન્સ્ટ્રેટર્સ (જુનિયર લેકચરર્સ) વચ્ચે વહેંચી આપવાની કામચલાઉ યોજના સામે યુનિવર્સિટીને વાંધો છે કે કેમ તે બાબત પુછાવતા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૩૧-૧-૧૯૫૩ના પત્રાંક 4(Gaz) 5320 of 1953 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ મેડિકલ ફૅકલ્ટીના અભિપ્રાય માટે મોકલી આપવો.

૬૫. તા. ૨૪-૨૫ જાન્યુઆરી ૧૯૫૩ના રોજ ગવાડા મુકામે ભરાયેલ બૃહદ્ ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની ત્રીજી પરિષદમાં ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષકોના પ્રતિનિધિઓની ચૂંટણી પ્રથા બદલવા અંગે પસાર કરેલો ઠરાવ આ યુનિવર્સિટીની જાણ માટે અને તે ઉપર વિચાર કરી એ પ્રથામાં આવશ્યક જરૂરી ફેરફાર કરવા બાબત મજકૂર

સઘ મહામંડળના માનદ્ મંત્રી તરફથી આવેલા તા. ૨૯-૧-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અત્યારે જે સ્કૂલોને સેન્ટર રાખવા માટે સિન્ડિકેટ સંમત થઈ શકતી નથી, માટે જો તેઓ સેન્ટર વધારવાની વિનંતી કરવા માગતા હોય તો તેમણે તે અંગેની સૂચનાઓ રજૂ કરવી એમ જવાબ આપવો.

૬૬. ગુજરાત યુનિવર્સિટીની પહેલી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેસવા દેવા તથા એમ.કોમ. ની ડિગ્રી માટે રજિસ્ટર થવા પરવાનગી આપવા બાબતની યુનિવર્સિટી ઑફિસના સિનિયર ક્લાર્ક શ્રી. જ. એ. શેઠની તા. ૩૦-૧-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જ. એ. શેઠને મુંબઈ યુનિવર્સિટીની પહેલી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી, પણ એમ.કોમ. ની ડિગ્રી માટે રજિસ્ટર થવાની પરવાનગી આપવી નહિ.

૬૭. વલ્લભ વેદાંત પ્રાઇઝ માટેના શ્રી બ્રજરત્નલાલજી મહારાજ તરફથી મળેલા રૂા. ૭૦૦૦-૦-૦નો ડ્રાફ્ટ મોકલી આપ્યા બાબત તથા પ્રાઇઝનું નામ "સૂરતવાળા ગોસ્વામી શ્રી. બ્રજરત્નલાલજી મહારાજ સુવર્ણજયંતિ શુદ્ધાદ્વૈતવેદાન્ત પારિતોષિક" રાખવા બાબત શ્રી. જે. ટી. પરીખ તરફથી આવેલા તા. ૨૯-૧-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાઇઝનું નામ "સૂરતવાળા ગોસ્વામી શ્રી. બ્રજરત્નલાલજી મહારાજ સુવર્ણજયંતિ શુદ્ધાદ્વૈતવેદાન્ત પારિતોષિક" રાખવાનું મંજૂર કરવું.

૬૮. ૧½" ડાયામિટરના લોખંડના સળિયા યુનિવર્સિટીના મકાન માટે મેસર્સ ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કું. પાસેથી ન મળવાથી 35 Cwts. of fabricated bars લીધા છે, પરંતુ હજી પણ લાંબા વખત સુધી ½" અને ½" ડાયામિટરના સળિયા ટાટા કું. તરફથી મળી શકે એમ ન હોવાથી ફેબ્રિકેટેડ સ્ટીલ બજારમાંથી લેવું કે નહિ તે અંગે ગેનન ડંકર્લી તરફથી યુનિવર્સિટીના આર્કિટેક્ટ શ્રી. આત્મારામ ગજજર ઉપર આવેલા પત્ર સંબંધી ઉલ્લેખ કરતા અને આ પ્રમાણે બજારભાવથી સ્ટીલ લેવામાં આવશે તો કેટલી રકમ વધારે આપવી પડશે તે જણાવતા શ્રી. આત્મારામ ગજજર તરફથી આવેલા તા. ૨૯-૧-૧૯૫૩ના પત્રાંક ૧૨૬૬-૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત યોગ્ય કરવા શ્રી. વાઇસ-ચાન્સેલર અને શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલને સત્તા આપવી.

૬૯. ઑ. ૨૦ પ્રમાણે નિમાયેલી અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીએ નીચે મુજબની પેટા-કમિટીઓ નીમેલી હતી જેની મિટીંગો સામે જણાવેલી તારીખે મળેલી:

ટેક ઇવેન્ટ્સ માટેની કમિટી:	તા. ૧૮-૯-૧૯૫૨,
કાર્યક્રમ ઘડનારી કમિટી:	તા. ૧૦-૧૧-૧૯૫૨,

ભાષાંતર કમિટી: તા. ૨૦-૧૧-૧૯૫૨,

પાંચ પાંચ હજારી પસંદ કરવાની કમિટી: તા. ૨૦-૧૧-૧૯૫૨,

સ્વાગત સમિતિ: તા. ૨૧-૧૧-૧૯૫૨.

આ સબ-કમિટીઓ અમદાવાદ ઝોન અંગેની રમતગમતો રમાડવા નિમાયેલી, એટલે ઍા. ૧૪૧ના ક્લોઝ for transaction of any business in connection with the University ના અર્થમાં અને ઍા. ૧૪૫ મુજબ અમદાવાદમાં રમાડેલી સ્પોર્ટ્સ માટેની કમિટીઓના સ્થાનિક સભ્યોને ઍલાવન્સ તરીકે રૂા. ૫-૦-૦ પ્રમાણે આપી શકાય કે નહિ તે બાબત અને જો આપી શકાય તો અમદાવાદ ઝોન સિવાયના બીજા ઝોનમાં પણ રમતગમતો માટે નિમાયેલી કમિટીઓને પણ તે પ્રમાણે જ ઍલાવન્સ આપવું કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કમિટીઓની મિટીંગો માટે સ્થાનિક સભ્યોને ઍલાવન્સ આપવું નહિ.

૬૦. **ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની સિન્ડિકેટે લંબાવેલી છેલ્લી તારીખ 31-1-1953 હતી પણ પરિસ્થિતિ હજુ નીચે પ્રમાણે છે તો તે બાબત શું કરવું અને તેવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવા માટે દાખલ કરવા કે કેમ તે અંગે ઠરાવ કરવા બાબત.**

૧. ૪૧ જેટલા વિદ્યાર્થીઓએ હજુ ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નથી.

૨. ૧૭ જેટલા રિસર્ચ અથવા પી. એચ. ડી. માટેના વિદ્યાર્થીઓએ હજુ ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નથી. આવા કેસોમાં ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ, પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાની તારીખથી ૬ માસની અંદર કઢાવી લેવાનું હોય છે. ફક્ત ૨ વિદ્યાર્થીના કેસ સિવાય બીજા વિદ્યાર્થીઓને માટે આવી તારીખ હજુ પહોંચે છે.

૩. પ્રોવિઝનલ સર્ટિફિકેટ કઢાવ્યું ન હોય એવા ચાર વિદ્યાર્થીઓના સંપુર્ણ વિગતો સાથેના કેસ છે, પરંતુ તે મોડા આવવા બદલ પ્રિન્સિપાલના ઢીલ અંગેના ખુલાસાઓ હજુ આવ્યા નથી.

૪. એક વિદ્યાર્થીના કેસમાં હજુ પુરતાં સર્ટિફિકેટ આવેલાં નથી તેથી પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ આપ્યું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ઉપરના ક્લૉઝ ૧ અને ૨ માં જણાવેલા કેસો માટેની છેલ્લી તારીખ ૨૮-૨-૧૯૫૩ની રાખવી.

૨. ક્લૉઝ ૩ અને ૪ માં જણાવેલી અરજીઓ સ્વીકારવી, પણ તે બાબતમાં કામકાજ નં. ૬૩ ઉપર જે ઠરાવ કરવામાં આવ્યો છે તે પ્રમાણે અમલ કરવો.

૬૧. સને ૧૯૫૨ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી મુંબઇ યુનિવર્સિટીની બી. એ. (સ્પેશિયલ)માં બેઠેલા અને નાપાસ થયેલા સામળદાસ કૉલેજ, ભાવનગરના વિદ્યાર્થી શ્રી. વી. જી. જોષીને આ યુનિવર્સિટીની ૧૯૫૩ના માર્ચ-એપ્રિલમાં લેવાનારી બી. એ. (સ્પેશિયલ)ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા બાબત તેમની તા. ૨૮-૧-૧૯૫૩ની આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:- ૧૯૫૨ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી બી. એ. તથા પ્રિન્સિપાલ બી. એસ. સી. અને એમ. એસ. સી. પરીક્ષાઓ વખતે સૌરાષ્ટ્ર વિસ્તારની કૉલેજોમાંથી મજકૂર પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓને, મુંબઇ અથવા તો ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસવાનો વિકલ્પ આપવા બાબતની સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનની વિનંતી સિન્ડિકેટે તેની તા. ૮-૧૨-૧૯૫૧ની બેઠકમાં માન્ય રાખેલી છે. ઉપરના વિકલ્પ અનુસાર મુંબઇ યુનિવર્સિટીની બી. એસ. સી. ની પરીક્ષામાં બેસીને નાપાસ થનાર વિદ્યાર્થીઓને તેઓ મુંબઇ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એક્સ-સ્ટુડન્ટ તરીકે નહિ બેસે એવી લેખિત બાંહેધરી આપે તો તેમને ૧૯૫૩ની સાલની આપણી પરીક્ષામાં બેસવા દેવા એવું સિન્ડિકેટે તા. ૧૧-૭-૧૯૫૨ની બેઠકમાં ઠરાવ્યું છે. ઉપરના વિકલ્પ અનુસારના મુંબઇ યુનિવર્સિટીના બી. એ. (જનરલ અને સ્પેશિયલ)ના એક્સ-સ્ટુડન્ટને આ યુનિવર્સિટીની ૧૯૫૩ની સાલની પરીક્ષામાં બેસવા દેવા કે નહિ તે નક્કી કરવાનું છે.

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી મુંબઇ યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષામાં ૧૯૫૨ની સાલમાં બેઠેલા વિદ્યાર્થીઓને ફક્ત ૧૯૫૩ની સાલમાં મુંબઇ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવું હોય તો પરવાનગી આપવી.

૬૨. ગુજરાત યુનિવર્સિટીની ૧૯૫૨ના ઑક્ટોબરમાં લેવાયેલી ઇન્ટરમિડિયેટ સાયન્સની પરીક્ષામાં બેઠેલા શ્રી. ડી. એસ. ગાબાણી "મેથેમેટિક્સ"માં નાપાસ થયેલા અને "ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને ઇંગ્લીશમાં એક્ઝેમ્પશન મળેલું હોઇ યુનિવર્સિટીએ બી. એસ. સી. ની ટર્મ ભરવાની છૂટ આપેલી તદનુસાર એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં ફિઝિક્સ (પ્રિન્સિપાલ) અને મેથેમેટિક્સ (સબ્સીડિયરી) લઇ જુનિયર બી. એસ. સી. ની ટર્મ્સ પૂરી કરેલી હોવાથી આ વર્ષે ૧૯૫૩ બી. એસ. સી. (સબ્સીડિયરી)માં અને તે પછી ૧૯૫૪માં ઇન્ટરમિડિયેટની પરીક્ષામાં બાકી રહેલા મેથેમેટિક્સના વિષયમાં બેસવાની યુનિવર્સિટીની પરવાનગી બાબત શ્રી. ગાબાણીની તા. ૨૪-૧-૧૯૫૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:- આ બાબતમાં ગુજરાત યુનિવર્સિટીનો ઑર્ડિનાન્સ ૧૧૮-એ અને મુંબઇ યુનિવર્સિટીનો ઑર્ડિનાન્સ ૨૫૧ નીચે પ્રમાણે છે:

"O. 118A: If a candidate is allowed to join the next higher class because he has obtained exemption from all subjects but one in which he has failed, he

will be allowed to appear in that one subject not later than the same examination season as that in which he appears at any time for the next higher examination. But he will, under no circumstances, be considered to have passed the next higher examination or any part of it although he may have obtained the marks necessary to pass, unless he has passed in the aforesaid single subject. For passing the single subject, the minimum percentage of marks prescribed in that subject shall be sufficient."

"O. 251: A student who secures exemption marks in all subjects but one at the Intermediate Science Examination in conformity with Regulation 91 will be allowed to keep terms and appear for the B.Sc. Examination, after keeping four terms (except when the candidate's subject for B.Sc. is either Human Anatomy and Embryology or Animal Physiology, in which case he must have passed the Intermediate Science Examination), but will not be declared to have passed the B.Sc. Examination under any circumstances, unless he has passed in the remaining subject of the Intermediate Science Examination held either in a previous or in the same examination."

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ અને ઑર્ડિનાન્સ નં. ૧૧૬-એ અને ૨૫૧ વચ્ચેની અસંગતતા દૂર કરવા આ બે ઑર્ડિનાન્સોનો રિવાઇઝ્ડ ડ્રાફ્ટ રજૂ કરવા રજિસ્ટ્રાર-ને જણાવવું.

૭૪. શ્રી. મહેન્દ્ર બી. પટેલ અને શ્રી. ટી. એસ. પઠાણની. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના પ્રિન્સિપાલની તા. ૨૮-૧-૧૯૫૩ના પત્રાંક ૧૭૬૦-૫૩ સાથે આવેલી એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની અરજીઓ સ્વીકારવી કે કેમ અને તેમને પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફિકેટ કાઢી આપવાં કે કેમ તે નક્કી કરવા બાબત.

નોંધ:- શ્રી. પઠાણની અરજી તા. ૨૩-૧-૧૯૫૩ના રોજ મોકલાવેલી એમ પ્રિન્સિપાલ જણાવે છે. મહેન્દ્ર બી. પટેલની અરજી તા. ૨૮-૧-૧૯૫૩ના રોજ આવી છે અને બંને વિદ્યાર્થીઓની તે અંગેની ફીના રૂા. ૨૦-૦-૦નો ચેક તા. ૩૧-૧-૧૯૫૩ના રોજ આવેલ છે.

અને

૭૫. શ્રી. એ. બી. રાણાની, એલ. ડી આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના પ્રિન્સિપાલના તા. ૨૬-૧-૧૯૫૩ના પત્રાંક ૧૭૬૫-૫૩-૫૪ સાથે આવેલી એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની અરજી સ્વીકારવી કે કેમ અને તેમને પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફિકેટ કાઢી આપવું કે કેમ તે નક્કી કરવા બાબત.

(નોંધ:-શ્રી. રાણાની એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની અરજી તા. ૩૦-૧-૧૯૫૩ના રોજ આવેલ છે અને તે અંગેની ફીના રૂા. ૧૦-૦-૦ તા. ૩૦ ૧-૧૯૫૩ના રોજ મળ્યા છે.)

અને

૬૬. શ્રી. એ. કે. સંઘવીની, સામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપાલના તા. ૩૦-૧-૧૯૫૩ના રોશ સાથે આવેલી એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની અરજી સ્વીકારવી કે કેમ અને તેમને પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફિકેટ કાઢી આપવું કે કેમ તે નક્કી કરવા બાબત.

(નોંધ:-અરજી અને તે અંગેની ફીના રૂ. ૧૦-૦-૦ તા. ૨-૨-૧૯૫૩ના રોજ આવેલા છે. એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની મોડી આવેલી અરજીઓ સ્વીકારવી કે કેમ તે અંગે એક સામાન્ય ઠરાવ કરવો જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અરજીઓ સ્વીકારવી પણ એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની બધી અરજીઓ પહેલી ટર્મની આખર સુધીમાં મોકલી આપવા દરેક કૉલેજના પ્રિન્સિપાલને સરકયુલરથી ખબર આપવી.

૬૭. ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાનારી બી. એસ. સી. એગ્રિ. ની વેટરીનરી સાયન્સની પ્રાયોગિક પરીક્ષા માટે નિયમ મુજબના સ્ટાફ કરતાં બે વધુ હુમાલની નિમણૂક કરવાની મંજૂરી આપવા બાબતના વેટરીનરી સાયન્સના લેક્ચરર ડૉ. એન. સી. બૂચની તા. ૩જી ફેબ્રુઆરી ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-ગઈ સાલ આ પ્રમાણે સિન્ડિકેટે પરવાનગી આપી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૮. ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાનારી બી. એસ. સી. એગ્રિ. ની હોર્ટિકલ્ચરની પ્રાયોગિક પરીક્ષા માટે હુમાલની નિમણૂક કરવા બાબત નિયમોમાં પ્રોવિઝન નથી તેથી આ પરીક્ષા માટે હુમાલોની નિમણૂક કરવા બાબત પરવાનગી આપવા બાબતના મજકૂર પરીક્ષામાં પરીક્ષક તરીકે નિમાયેલા શ્રી. એ. એમ. મજમૂદાર તરફથી આવેલા તા. ૨, ૩જી ફેબ્રુઆરી ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૯. ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે કાયમ માટે debar કરેલા શ્રી. વી. એસ. દલાલની સજામાં કાંઇક ઘટાડો કરવા બાબતના મજકૂર વિદ્યાર્થીના પિતા શ્રી. એસ. સી. દલાલ તરફથી આવેલા તા. ૨-૨-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૦. આગામી માર્ચ-એપ્રિલ ૧૯૫૩ની પરીક્ષાઓ અંગે સિનિયર સુપરવાઇઝરો નીમવા માટેની સૂચનાઓ (Recommendation) ઉપર વિચારણા કરી ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે રજૂ કરેલું લિસ્ટ નીચે મુજબના ફેરફાર સાથે મંજૂર કરવું:

શ્રી. જે. ડી. ઓઝાને શ્રી. ડી. એસ. નામજોશીની જગ્યાએ મૂકવા.

(લિસ્ટ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે આપવામાં આવેલું છે.)

આ બાબતમાં પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદીએ જે સેન્ટરોમાં પરીક્ષા લેવાની હોય તેની આજુબાજુનાં ગામોમાં આવેલી કૉલેજોના સ્ટાફને સિનિયર સુપરવાઇઝર તરીકે કામ કરવાની તક આપવા બાબત કરેલી સૂચના મંજૂર રાખવી નહિ.

૮૧. મુંબઇ યુનિવર્સિટીની ખુરસીઓ અને ઢળતી પાટલીઓ જે અમદાવાદ કેન્દ્રનાં પડી રહેલી છે, તે બાબત સિન્ડિકેટે ઠરાવ કર્યો હતો, પરંતુ મજકૂર બાબતમાં યુનિવર્સિટીના એકાઉન્ટન્ટના રિપોર્ટ જોતાં તે બાબત વધુ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીની ખુરસીઓ અને ઢળતી પાટલીઓ આપણે ખરીદવાની જરૂર નથી તેથી આ યુનિવર્સિટી તે ખરીદવા માગતી નથી એવો મુંબઇ યુનિવર્સિટીને જવાબ આપવો.

૮૨. સને ૧૯૫૨-૫૩ના રિવાઇઝ્ડ અંદાજ કરતાં તે વર્ષનું ખર્ચ કેટલીક બાબતોમાં વધારે થયું છે તે બાબત સેનેટ સમક્ષ નવા વર્ષના બજેટ સહિત મૂકવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ફાઇનાન્સ કમિટી તરફ મોકલી આપવું.

૮૩. ઇન્ટર-યુનિવર્સિટી ક્રિકેટ તેમજ હૉકી ટુર્નામેન્ટમાં આ યુનિવર્સિટી તરફથી મોકલેલી ટીમો અંગે આપણે જે દર નક્કી કરેલો છે તે કરતાં વધારે ખર્ચ થયો હોવાથી આ બાબતમાં તેમને "એકચ્યુઅલ" ખર્ચ આપવો કે સિન્ડિકેટે મંજૂર કર્યા પ્રમાણેનો દર આપવો તે બાબત નક્કી કરવા બાબત. (ક્રિકેટ ટીમ અંગે નિયમ પ્રમાણે રૂા. ૧૦૧૭-૪-૬ થાય છે જ્યારે મજકૂર ટીમ સાથે ગયેલા શ્રી. ડી. ડી. દેસાઇનું બિલ રૂા. ૧૪૩૨-૧૩-૩નું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકચ્યુઅલ થયેલો ખર્ચ આપવો.

૮૪. નીચેનો ઠરાવ આગામી સેનેટ સમક્ષ રજૂ કરવા બાબતનો શ્રી. અ. ક. ત્રિવેદીનો તા. ૪-૨-૧૯૫૩નો પત્ર.

"સેનેટ ઇચ્છે છે કે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ માટે નવી કૉલેજો કે સંસ્થાઓ અરજી કરે ત્યારે તેની પાસેથી રિઝર્વ્ડ ફંડ ખાતે એકસામટા અથવા હપ્તાઓથી એક લાખ રૂપિયા અનામત મુકાવવાની પ્રથા પડી છે, જેને અંગે ને અર્થે યુનિવર્સિટીની સાથે જોડાણ વખતે તે રૂપિયા અમુક તારીખ સુધીમાં અનામત મૂકવા શરત કરાય છે, તે પ્રથા ને તે શરત

ઉપરથી રાખવાં નહિ, અને જે જે કૉલેજે કે સંસ્થાએ આ રીતે અનામત રકમો ઊંચી મૂકી હોય તે તે કૉલેજને કે સંસ્થાને તેની અનામત મૂકેલી રકમોમાં પાછી મેળવવા ને કાયદે તે ઉપયોગમાં લેવા છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ ઠરાવ મુકત ઠરમિયાન આવેલો નહિ હોવાથી તેને સેનેટના એજન્ડા ઉપર મૂકવો નહિ.

૮૫. સિન્ડિકેટ ડિપાર્ટમેન્ટમાં એક વધુ જુનિયર કલાર્કની જગ્યા મંજૂર કરવા બાબત.

અને

૮૬. એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટમાં એક વધુ જુનિયર કલાર્કની જગ્યા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં તપાસ કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા નીચે મુજબની કમિટી નીમવી:

૧. શ્રી. પી. જે. શાહ,
૨. શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ,
૩. પ્રિન્સિપાલ એસ. બી. દેસાઈ.

૮૭. એફ.ઈ. ની ૧૯૫૨ના એપ્રિલ માસમાં લેવાયેલી પરીક્ષામાં એકસ-સ્ટ્રડન્ટસ માટે એન્જિનિયરીંગ મટિરિયલ્સનો એક જુદો પેપર કાઢવામાં આવ્યો હતો તેવી રીતે આ વર્ષે પણ કરવામાં આવશે કે કેમ તે જણાવવા બાબતનો બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ તરફથી આવેલો તા. ૩જી ફેબ્રુઆરી ૧૯૫૩નો પત્રાંક ૧૫૩ અને તે ઉપરનો બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન સિવિલ, મિકેનીકલ અને ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગનો નીચે પ્રમાણેનો અભિપ્રાય:

"The Board resolves to recommend to the Syndicate that for the subject of Engineering Materials of the F.E. Old Course, a separate paper be set for the students and a directive to that effect be given to Examiners in Civil Engineering I of the new F.E. Course, this year also."

આથી ઠરાવવામાં આવે છે કે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના પ્રિન્સિપાલની સૂચના ઉપરથી બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન સિવિલ, મિકેનીકલ અને ઇલેકટ્રીકલ એન્જિનિયરીંગે આપેલો અભિપ્રાય મંજૂર કરવો.

૮૮. લાયબ્રેરી કમિટીના નીચે જણાવેલા ઠરાવો:

ઠરાવ નં. ૬૨

"લાયબ્રેરીના તા. ૧-૭-૧૯૫૨થી તા. ૩૧-૧૨-૧૯૫૨ સુધીના લાયબ્રેરીના આવકજાવકના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો.

ઠરાવ નં. ૬૩

"અને ૧૯૫૨-૫૩નું રિવાઈઝ્ડ અંદાજપત્રક તથા અને ૧૯૫૩-૫૪નું અંદાજપત્રક જે ઑફિસ તરફથી તૈયાર કરવામાં આવ્યું હતું તે મિટીંગ વખતે થયેલા સુધારા સાથે મંજૂર કરવામાં આવે છે. આ બજેટ મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. નવા મકાનમાં લાયબ્રેરીને લઈ જવામાં આવે ત્યારથી લાયબ્રેરી સ્ટાફમાં નીચેના નિમણૂકો કરવાની જરૂર છે:

૧	સિનિયર ક્લાર્ક:	ગ્રેડ રૂા. ૧૦૦-૮-૧૪૦.
૧	જુનિયર ક્લાર્ક:	ગ્રેડ રૂા. ૫૫-૩-૮૫-૪-૧૨૫-૫-૧૩૦.
૧	સ્ટોકરૂમ એટેન્ડન્ટ:	ગ્રેડ રૂા. ૩૦-½-૩૫.
૧	ફરમાલ:	ગ્રેડ રૂા. ૩૦-½-૩૫.

તો એ જગ્યાઓ ઉભી કરવા માટે પણ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. આનો સમાવેશ આ સાથેના ૫૩-૫૪ના અંદાજપત્રકમાં કરવામાં આવેલો છે.

ઠરાવ નં. ૬૦

આદેશ: "ઑલ ઇન્ડિયા લાયબ્રેરી કૉન્ફરન્સના દસમા અધિવેશનમાં યુનિવર્સિટી તરફથી ડેલિગેટ મોકલવા બાબત."

ઠરાવ: લાયબ્રેરિયન શ્રી. કીકુભાઇ ર. દેસાઈને ડેલિગેટ તરીકે મોકલવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી કમિટીના ઠરાવ નં. ૬૨, ૬૩ અને ૭૦ મંજૂર કરવા.

૬૦. રેડ ક્રૉસ ઑર્ગેનિઝેશન તરફથી મદ્રાસ તથા મુંબઈ યુનિવર્સિટીની વિઝીટ માટે મોકલાએલી મેડિકલ એક્સપર્ટની ટીમ મદ્રાસ ખાતે તા ૪થી ફેબ્રુઆરીથી તા. ૪થી માર્ચ સુધી રોકાવાની હોવાથી, તા. ૨જી તેમજ ૩જી માર્ચ ૧૯૫૩ના રોજ બોલાવેલી મેડિકલ એજ્યુકેશન કોન્ફરન્સ અંગે આ યુનિવર્સિટીની મેડિકલ ફૅકલ્ટીના ડીન તેમજ એક વધુ સભ્યને મજકૂર કોન્ફરન્સમાં ભાગ લેવા માટે રેપ્યુટ કરવા બાબતના મદ્રાસ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર તરફથી આવેલા તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબના ગૃહસ્થોને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે મોકલવા:

૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ,

૨. ડૉ. જી. વી. બર્વે.

૬૧. ઑડ ઑફ સ્ટડીઝ ઇન મિકેનીકલ એન્જિનિયરીંગની નીચે મુજબની ભલામણો:

"(i) The Board further resolves to recommend to the Syndicate that at the S.E. (Civil) Examination (New Course), in the subject 15-C. viz. Heat Engines and Electrical

Technology, the students should be required to pass in the term work for Heat Engines and Electrical Technology separately.

(ii) The Board furthar recommends to the Syndicate that the following corrections be made in the printed revised syllabii for the B.E. Degree Course of this University.

(1) Page 3: Degree examination in Engineering (Civil) 29 C. Quantity Surveying and Costing.

Please read:

Term Work 50 marks and Oral 50 marks.

for Term work 100 marks and Oral 50 marks.

(2) Page 11. Under the heading F.E. – 8.

8 C.M.E. "Workshop Practice" under the sub-heading "Practical Examination."

read (a) three days for four days

(b) Carpentry – one job **3 hours** for **5 hours.**

(c) forging – one job **3 hours** for **5 hours.**

The following marks be assigned to—

Carpentry:	30 marks.
Fitting:	40 marks.
Forging:	30 marks.

The corrected portion will read as under:

The practical Examination will be held for three days.

Marks and time allotted for jobs will be as under:

Carpentry:	One job	3 hours	30 marks
Fitting:	One job	6 hours	40 marks
Forging:	One job	3 hours	30 marks
		(Not including hand welding).	

(3) **S.E. Mechanical Engineering**:

Page 8. Under the heading

17 – M.E. Mechanical Technology and Practice, under the sub-heading "Practical Examination" (100 marks)

Please read:

4. Metal Turning one job three hours.

આથી કરાવવામાં આવે છે કે આ સવાલ ઍકેડેમિક કાઉન્સિલ તરફ અભિપ્રાય માટે મોકલી આપવો.

૬૨. ઑર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇલેક્ટ્રીકલ ઍન્જિનિયરીંગની નીચે મુજબની ભલામણ:

" This Board resolves to recommend to the Syndicate that the students who have failed under the S. E. Old course (Civil Mechanical and Electrical) and desire to appear under the New Course, the term work earned by them in Electrical Engineering II also be carried forward under the new head " Term Work in Electrical Technology" of the New Course."

આથી કરાવવામાં આવે છે કે ઑર્ડ ઑફ સ્ટડીઝ ઇન ઇલેક્ટ્રીકલ ઍન્જિનિયરીંગની ભલામણ મંજૂર કરવી.

૬૩. ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સની ઓર્ગેનાઇઝીંગ કમિટીની તા. ૬-૧૨-૧૯૫૨ના રોજની મિટીંગમાં ઠરાવેલા ક્રિકેટ, હૉકી, વિગેરે રમતોના રેફરીઝ, અમ્પાયર્સ, વિગેરેને આપવાના વેતનને સિન્ડિકેટે તેની તા. ૨૧/૨૨-૧૨-૧૯૫૨ના રોજ મળેલી બેઠકમાં મંજૂર કરેલા છે, પરંતુ તેમાં બેડમિન્ટનની રમતના રેફરીઝને આપવાના દર દર્શાવવા રહી ગયેલા છે, જ્યારે ઇન્ટર-ગ્રુપ સ્પોર્ટ્સના માટે મંજૂર કરવામાં આવેલા રૂા. ૪૦૦૦-૦-૦ ના બજેટમાં બેડમિન્ટનની રમતના રેફરીઝના દર રૂા. ૪-૦-૦ લેખે ગણવામાં આવેલા છે, તો તેને મંજૂર કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે બેડમિન્ટન માટે રેફરીઝ, અમ્પાયર્સ વગેરેને આપવાનો દર રૂા. ૪-૦-૦ મંજૂર કરવો.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

અમદાવાદ,
તા. ૨૫-૨-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ડ"

કામકાજ નં. ૭

Pamphlet No. 10:

The Ordinance has been amended to read as under:-

O. 158. (1) A student who has satisfied all the requirements of the prescribed course of studies at his college, including the necessary minimum attendance and is certified by the Principal as eligible for admission to an examination shall be called an ex-student for that examination, if after certification, (i) he has not appeared, or appeared and failed in that examination and (ii) has not joined a college for the same course.

(2) An ex-student shall be entitled, without being required to keep fresh terms, to have his application for admission to the examination on a subsequent occasion sent only through the college by whose Principal he was certified under clause (1) above, if he has not joined another college (for the same or a different course).

Provided that in case the college by whose Principal the student was certified under clause (1) above ceases to be affiliated to the University for the course of studies leading to that examination, the student shall be entitled to send his application directly to the University.

(3) A student who has forfeited his status as an ex-student for a particular examination by joining a college for a course of studies leading to that examination may have his application sent only by the Principal of that college, if he is satisfied with the candidate's conduct and progress, even though the candidate may not have kept the terms as defined in O. 99.

(4) An ex-student who joins a college for a course of studies leading to an examination other than the one to which he is eligible for admission as an ex-student shall submit his application for admission through the College which he so joins, whether he wishes to appear for the examination for which he has kept his attendance at that college, or for the examination at which he is entitled to appear as an ex-student. In the latter case, the Principal shall certify his attendance on the strength of the transference certificate of the college at which he kept his attendance in the first instance, and shall also certify as to the candidate's conduct.

(5) Notwithstanding clauses (3) and (4) above, ex-student for a particular examination may, by a special notification, be required to keep fresh terms, if in the opinion of the University authorities, the courses of studies leading to that examination have been materially altered.

O. 270. The Ordinance has been amended by the deletion of the reference to translation test in clause '(a)' thereof.

The Ordinance as amended reads as under:-

O. 270. (a) Any person who has taken the Degree of Bachelor of Science (Agri.) or Bachelor of Agriculture of this University or a Degree of another University recognized as equivalent thereto may, after he has worked under the guidance of a University teacher for at least two years subsequent to his passing the Bachelor of Science (Agri.) or Bachelor of Agriculture Examination be admitted to the examination for the Degree of Master of Science (Agri.) in any one of the branches mentioned in R. 144.

(b) On a new application being forwarded and a fresh fee paid, a candidate who has already passed the examination in one branch may appear on a subsequent occasion in a different branch.

O. 305 which reads as under has been deleted:

O. 305 No candidate will be permitted to appear for the M. E. examination unless he has passed the Language test in French or German as prescribed in Regulation 231.

O. 350-B. (1) Clause 2 of O. 350-B has been amended to read as under:-

૩૩. ગુજરાતી સાહિત્ય પરિષદના તત્વસારી ખાતે ભરાયેલા ૧૮મા સંમેલનમાં પસાર થયેલા ઠરાવો પૈકી ઠરાવ નં. ૬, ૧૮ અને ૨૧ ઉપર વિચાર કરી એ બાબતમાં આગળનાં ઘટતાં પગલાં લેવા આ યુનિવર્સિટીએ અનતી બધી મદદ આપવા બાબતના મજકૂર પરિષદના પ્રમુખ તરફથી આવેલા તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૫૩ના પત્રાંક પરિ૬૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતના કાગળો ઢફતરે કરવા.

૩૪. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં તા. ૧૧મી જાન્યુઆરી ૧૯૫૩ના રોજ ભરાયેલા હિંદી-હિંદુસ્તાની પ્રચારક સંમેલનમાં પસાર થયેલા ઠરાવો પૈકી ગુજરાત યુનિવર્સિટીને સ્પર્શતા ઠરાવો આ યુનિવર્સિટીની જાણ માટે તેમજ ઘટતાં પગલાં લેવા માટે મોકલા

આગ્રા આગતના ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર તરફથી આવેલા તા. ૨૬-૨-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા આગત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતના કાગળો દફતરે કરવા.

૩૫. ગુજરાત સંશોધન પરિષદ નીમેલી એકઝીકયુટિવ કમિટી ઉપર ગુજરાત યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ નીમવા આગતના મજકૂર પરિષદના મહામંત્રી તરફથી આવેલા તા. ૧૮-૨-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા આગત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલ અને શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈને નીમવા.

૩૬. યુનિવર્સિટીઓમાં શિક્ષણના માધ્યમ અને તેને સંલગ્ન બીજા પ્રશ્નો પરત્વે વિચારણા કરવા પૂના યુનિવર્સિટીના આશ્રયે ૧૯૫૩ના મે માસના ત્રીજા અઠવાડિયા દરમિયાન મળનારી ભારતીય ભાષા-વિકાસ પરિષદ માટે આ યુનિવર્સિટીએ પ્રતિનિધિઓ નીમવા બાબતના પૂના યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર તરફથી આવેલા તા. ૧૪-૨-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા આગત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પરિષદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. વાઈસ-ચાન્સેલરને નીમવા, અને તેઓ જો જઈ શકે તેમ ન હોય તો તેમની જગ્યાએ બીજા કોઈની નિમણૂક કરવાની તેમને સત્તા આપવી.

૩૭. હિંદીના અભ્યાસ માટે તેમજ રાષ્ટ્રભાષા હિંદીના વિકાસ માટે એક ઇન્સ્ટીટ્યુટ ઉભું કરવા આગ્રા યુનિવર્સિટી વિચારતી હોવાથી, રાષ્ટ્રભાષા હિંદીને, યુનિવર્સિટી એજ્યુકેશનની દૃષ્ટિએ વિકસાવવા શાં પગલાં લેવાં તે અને આને લગતી બીજી બાબતોની વિચારણા કરવા માટે આગ્રા ખાતે તા. ૬ઠ્ઠી અને ૮મી માર્ચ ૧૯૫૩ના રોજ મળનારી પરિષદ માટે આ યુનિવર્સિટીના હિંદી ડિપાર્ટમેન્ટના હેડને પ્રતિનિધિ તરીકે મોકલવા બાબતના આગ્રા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૫૩ના પત્રાંક ડી. ઓ. નં. ૪૬૫૬૪-૬૨૨ ઉપર વિચારણા કરવા આગત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પોતાનો પ્રતિનિધિ મોકલી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૩૮. નોન-ટીચીંગ મેડિકલ ઇન્સ્ટીટ્યુશનોને માન્યતા (Recognition) આપવા બાબત તેમજ એપ્રુવ્ડ એપોઇન્ટમેન્ટો બાબતના મેડિકલ ફેકલ્ટીએ પસાર કરેલા નિયમો જે સિન્ડિકેટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ મોકલ્યા હતા તે બાબતમાં મજકૂર બોર્ડની નીચે મુજબની ભલામણ તથા તે ઉપરનો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ નીચે પ્રમાણેના સુધારા સાથે મંજૂર કરવો અને તેને ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવોઃ

"Conditions for recognizing Hospitals for Post-Graduate work" હેડિંગ નીચેના પેરેગ્રાફ ૨ ના અંતમાં નીચે પ્રમાણેના શબ્દો ઉમેરોઃ

"Such persons are considered as ordinary teachers and their names are included in the roll of teachers for the purpose of elections. However, any such person who have the experience of under-graduate teaching for a period of five years will be considered a Post-Graduate Teacher."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ મંજૂર કરવી અને તે સિન્ડિકેટ તરફ મોકલી આપવી."

(નોંધઃ- સિન્ડિકેટની તા. ૭-૨-૧૯૫૩ ની બેઠકમાં મજકૂર પ્રશ્ન વિષે, આ સવાલ આ નિયમો ઓર્ડરમાં છે કે કેમ તે બાબત રૂલીંગ આપવા શ્રી. વાઇસ-ચાન્સેલર તરફ મોકલવાનો ઠરાવ કર્યો હતો તે અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલા રૂલીંગની નકલ મોકલવામાં આવી હતી)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૯. સિન્ડિકેટે તેની તા. ૬-૨-૧૯૫૩ની બેઠકમાં પસાર કરેલા ઑ. ૬૨ અને ૬૨-એ. ને ૬ઠ્ઠ તારીખથી અમલમાં મૂકવા તે બાબત ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનાન્સ નં. ૬૨ અને ૬૨ એ. નો અમલ આજથી કરવો.

૪૦. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. આરિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટમાં માયક્રો-બાયોલૉજીના પ્રોફેસર તરીકેની શ્રી. ડબ્લ્યુ. વી. કોટાસ્થનેની નિમણૂક સિન્ડિકેટે નામંજૂર રાખી છે તે બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલને જણાવતાં હવે તેઓએ માયક્રોબાયોલૉજી અને બાયોલૉજી ડિપાર્ટમેન્ટમાં નીચેની વ્યવસ્થા કરી છે તેને મંજૂર રાખવા બાબતના તેઓ તરફથી આવેલા તા. ૨૩-૨-૧૯૫૩ના પત્રાંક ૪૬૬૮-૫૨-૫૩ તથા ૨૮-૨-૧૯૫૩ના પત્રાંક ૪૭૩૬-૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

(1) Professor Menon: Professor of Biology - Director of the Department of Microbiology.

(2) Shri W. V. Kotasthane: Asstt. Professor of Microbiology.

(3) Mrs. S. R. Advani: Lecturer-cum-Demonstrator in Microbiology.

૭-૩-૧૯૫૬

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલે રજૂ કરેલી યોજના મંજૂર કરવી.

૪૧. તા. ૨૩-૨-૧૯૫૩ના રોજ મળેલી યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની પાંચમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના કામકાજની નોંધને મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવેલી છે.)

૪૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટમાં ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં દાખલ થવા માટે એનરોલમેન્ટ સર્ટિફિકેટ માટેની અરજી જે તા. ૨૩-૨-૧૯૫૩ ના રોજ આવેલી તે વિદ્યાર્થી શ્રી. પ્રવીણચંદ્ર કાંતિલાલ શાહે એસ.એસ.સી ની પરીક્ષા ૧૯૫૦માં પસાર કરેલી હોવાથી તેના માર્ક્સ નીચે પ્રમાણે છે તો તેમને સ્ટે. ૧૯૦ પ્રમાણે એફ. વાય. આર્ટ્સમાં દાખલ થવા માટે લાયક ગણવા કે કેમ તે નક્કી કરવા બાબત.

ઇંગ્લીશઃ	મોડર્ન ઇન્ડિયન લેન્ગ્વેજઃ	ઇતિહાસઃ	ભૂગોળઃ	ક્લાસિકલ લેન્ગ્વેજઃ	સાયન્સઃ
૪૧	૫૭	૬૫	૫૨	૩૯	૪૭.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં દાખલ થવાને લાયક ગણવા.

૪૩. ફાઇનલ ઑલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની સિન્ડિકેટે નક્કી કરેલી છેલ્લી તારીખ પછી ફાઇનલ ઑલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાને માટે બાકી રહેલાં સર્ટિફિકેટો નીચે પ્રમાણે આવ્યાં છે તેઓને સ્વીકારવાં કે કેમ તે નક્કી કરવા બાબત.

૧.	એસ. વી. વેન્કટેશ્વરન:	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ.
૨.	નરેન્દ્ર જી. નંદા:	" " " "
૩.	બી. એલ. શાહ:	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે મોડાં આવેલાં સર્ટિફિકેટો સ્વીકારવાં અને ફાઇનલ ઑલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવાં, પણ મજકૂર વિદ્યાર્થીઓને ચેતવણી આપવી.

૪૪. બી એડ. (B.Ed. નો અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થીઓ એમ.એ. નો અભ્યાસક્રમ સાથે સાથે કરી શકે કે કેમ તે બાબત નક્કી કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટે આ પહેલાં ઠરાવ્યું છે કે એક અનુસ્નાતક અભ્યાસક્રમ અને એક પૂર્વ-સ્નાતક અભ્યાસક્રમ સાથે સાથે થઈ શકે, અને એલ. એલ બી. ને આ માટે પૂર્વ-સ્નાતક અભ્યાસક્રમ ગણવામાં આવ્યો છે. B.Ed ને જો અનુસ્નાતક અભ્યાસક્રમ ગણવામાં આવે તો એમ. એ. પણ અનુસ્નાતક અભ્યાસક્રમ હોવાથી બે અનુસ્નાતક અભ્યાસક્રમ સાથે થઈ શકે નહિ)

આથી ઠરાવવામાં આવે છે કે બી. એડ. (B.Ed) અને એમ. એ. નો અભ્યાસક્રમ સાથે લઇ શકાય નહિ.

૪૫. શ્રી. નારાયણભાઇ રેવાભાઇ પટેલ કે જેઓ એમ એ માં હિસ્ટરી "એ" અને "બી" ગ્રુપમાં એમ. એન. કૉલેજ વીસનગરમાં ૧૯૫૨ના જૂનથી રજિસ્ટર થયેલા છે તેઓ જણાવે છે કે ૧૯૫૨ના જૂનથી પહેલી ટર્મ તેમણે ડૉ. પવારના હાથ નીચે ભરી છે. પરંતુ તેમનું નામ કૉલેજના હાજરીપત્રકમાં નથી. ડૉ. પવારના હાથ નીચે અમુક તારીખોએ સાત લેક્ચર્સ ભર્યાની સાબિતીમાં તેમણે લીધેલી નોટ્સ રજુ કરી છે કૉલેજના પ્રિન્સિપાલને પુછાવતાં જણાવે છે કે તે ટર્મ દરમિયાન સ્કૂલ તરફથી કાંદીવલી ટ્રેનિંગ માટે ગયેલા અને તેમણે જણાવેલ તારીખોએ ડૉ. પવારે લેક્ચર્સ લીધેલાં નથી, તો આ બાબતમાં મજકૂર વિદ્યાર્થીની ટર્મ મંજુર કરવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ટર્મ મંજૂર રાખવી નહિ

૪૬. ગુજરાત યુનિવર્સિટીના ૧૯૪૯-૫૦ના વર્ષના ઓડિટ થયેલા હિસાબો અંગેની ઓડિટ નોટના જવાબમાં યુનિવર્સિટી તરફથી એકઝામિનર લોકલ ફંડ એકાઉન્ટ્સને અપાયેલા જવાબો અંગે કેટલીક સૂચનાઓ દર્શાવતા મુંબઇ સરકારના કેળવણી ખાતાના આસિ. સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૭મી ફેબ્રુઆરી ૧૯૫૩ના પત્રાંક પી ૧૫૫-૪૯૯૦૧-યુ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં જરૂરી સ્ટેટ્યુટનો ડ્રાફ્ટ તૈયાર કરી રજિસ્ટ્રારે સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

૪૭ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં જુનિયર બી.એ. માં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. કે. એચ. આપ્ટેને ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ કઢાવવાને માટે જોઇતાં સર્ટિફિકેટો રજૂ કરવાને માટે, મુદત ૨૮-૨-૧૯૫૩થી લંબાવીને ખાસ કેસ તરીકે ૩૧-૫-૧૯૫૩ની કરી આપવા બાબતની મજકૂર વિદ્યાર્થીની તા. ૨૪-૨-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આપ્ટેની વિનંતી માન્ય રાખવી

૪૮. મુંબઇ યુનિવર્સિટીની એમ.એ. ની પરીક્ષા માટે, આ યુનિવર્સિટીમાં દાખલ થતાં પહેલાં, ચારે સત્રો ભર્યાં હોવાથી, મુંબઇ યુનિવર્સિટીની મજકૂર પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા બાબતની સિનિયર ક્લાર્ક શ્રી. એન. જે. પટેલની તા. ૨૮-૨-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. જે. પટેલને મુંબઇ યુનિવર્સિટીની એમ.એ. ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી.

૪૯. ફાઇનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની છેલ્લી તારીખ સિન્ડિકેટે તા. ૨૮-૨-૧૯૫૩ રાખી હતી તે પૂરી થયા બાદ હજી પણ જેઓના કેસો પેન્ડીંગ છે તે

૭-૩-૧૯૫૩

અંગે શું કરવું તે વિચાર કરી હરાવ કરવા આબત તથા જેઓ ફર્સ્ટ ઈયર આર્ટ્સ, સાયન્સ કે કૉમર્સમાં હોય તે કૉલેજોના પ્રિન્સિપાલોને મજકૂર વિદ્યાર્થીઓનાં પરિણામો અટકાવી ન રાખવા જણાવવું કે કેમ તે બાબત નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવા માટે હજી વધારે વખત આપવો, પરંતુ રિઝલ્ટની તારીખ સુધીમાં જે વિદ્યાર્થીઓએ ફાઈનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લીધાં ન હોય તેમનાં પરિણામ તેઓ ફાઈનલ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લે નહિ ત્યાં સુધી જાહેર કરવાં નહિ.

૫૦. જૂન ૧૯૫૩થી એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં ટીચર્સ ડિપ્લોમાનો વર્ગ શરૂ કરવાની પરવાનગી આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી તા. ૯-૧-૧૯૫૩ના રોજ આવેલી અરજી અંગે સિન્ડિકેટના હરાવ અનુસાર ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય:

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ,

૨. મિસ એસ. પનન્દીકર.

૫૧. નીચેનો ઠરાવ સેનેટની બેઠક સમક્ષ રજૂ કરવાની શ્રી. એસ. આર. ભટ્ટ આપેલી નોટિસ બાબતમાં સિન્ડિકેટના નિર્ણયાનુસાર આ અંગે શ્રી. ભટ્ટ પાસેથી ગવર્મેન્ટના સરકયુલરની નકલ મંગાવતાં તેના જવાબમાં તેમના તરફથી આવેલ તા. ૨૩-૨-૧૯૫૩નો પત્ર.

"This Meeting of the Senate records its opinion that the ban on teachers of the Government Colleges, restricting them from contesting elections to the various Bodies of the University is unjust, improper and prejudicial to the interests of education as also of the University. The Senate, therefore, recommends to the Government to remove the ban."

(નોંધ:-ઉપરનો ઠરાવ તા. ૫/૬-૩-૧૯૫૩ના રોજ મળેલી સેનેટની ખાસ બેઠકમાં લેવાયો નથી.)

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ શ્રી. એસ. આર. ભટ્ટના ઠરાવની તરફેણમાં છે.

૫૨. શરીરનો બાંધો, ઉંચાઇ, છાતી, વજન, વગેરેને દરેક Age Group ના ઇનામ માટે બેઝીઝ ગણી યુનિવર્સિટીના વાર્ષિક રમતગમતના ઉત્સવ વખતે દરેક કેટેગરીના વિદ્યાર્થીને ઇનામ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટીમાં વ્યવસ્થા કરવા બાબત શ્રી. પી. જી. શાહના તા. ૫-૩-૧૯૫૩ના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ તરફ અભિપ્રાય માટે મોકલી આપવો.

૫૩ ઍફિલિએટેડ કૉલેજોના વિદ્યાર્થીઓ કે જેમને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, ન્યુ દિલ્હી તરફથી લેવાતી પરીક્ષાઓમાં રસ છે અને જેમની પ્રિન્સિપાલોએ ભલામણ કરી છે તેવા વિદ્યાર્થીઓની એપ્રિલની તા. ૮મી અથવા બીજી કોઇ અનુકૂળ તારીખે મિટીંગ બોલાવી, શ્રી. વાઇસ-ચાન્સેલર અને બીજા સદ્‌ગૃહસ્થો કોઇ જાતના ચાર્જ લીધા વગર સંબોધી મજકૂર વર્ગો શરૂ કરવાનું કામ સહેલું કરે તે બાબતના સૂચન અંગે શ્રી. પી. જી. શાહ તરફથી આવેલા તા. ૫-૩-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. જી. શાહની સૂચના પ્રમાણે શ્રી. વાઇસ-ચાન્સેલરને અનુકૂળ હોય તે તારીખે કરવું.

૫૪. માર્ચ, ૧૯૫૩માં સેન્ટ્રલ ઇન્સ્ટીટ્યુટ ઑફ એજ્યુકેશન, દિલ્હી ખાતે એજ્યુકેશન અને વોકેશનલ ગાઇડન્સ પરત્વે ભરાનાર કોન્ફરન્સમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના ખર્ચે એક રેપ્રિઝેંટ મોકલવા બાબત હિન્દી સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૨-૩-૧૯૫૩ના પત્રાંક એફ. ૧-૫૯-૫૨-જી. ૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી રેપ્રિઝેંટ મોકલી શકે એમ નથી એવો જવાબ આપવો.

૫૫. તા ૫-૨-૧૯૫૩ના રોજ મળેલી ઍફિલિએટેડ કૉલેજોના અને માન્ય થયેલ સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની નોંધ:

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિના કામકાજની નોંધને મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવેલી છે.)

૫૬. સેનેટે તેની તા. ૫/૬-૩-૧૯૫૩ના રોજ મળેલી ખાસ સભામાં શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ, અમદાવાદને એમ. એસ. પાર્ટ II અને એમ. ડી. (મેડિસિન) અને એમ. ડી. (ઓબ્સ્ટેટ્રિકસ અને ગાયનેકોલૉજી) માટે ૧૫મી જૂન ૧૯૫૧ થી ૧૪ જૂન ૧૯૫૫ સુધી Recognized Institution તરીકે માન્ય રાખવાનો ઠરાવ કર્યો છે તે અંગે નોંધ લેવા બાબત:

"Report that the Senate at its Meeting of the 6th March 1953 has granted the application of the Superintendent of the Vadilal Sarabhai General Hospital for its recognition as a Recognised Institution for courses of instruction in Part II i. e. M.S. and M.D (Medicine) and M.D. (Obstetrics and Gynaecology)."

આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટની નોંધ લેવી.

૫૬. સેનેટે તેની ૫/૬-૩-૧૯૫૩ના રોજ મળેલી ખાસ સભામાં અમદાવાદ ટેકસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ લૅબોરેટરીઝ, અમદાવાદને પી. એચ. ડી. માં ફિઝિક્સ અને ફિઝિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમો માટે **Recognized Institution** તરીકે, સિન્ડિકેટના રિપોર્ટમાં જણાવેલી શરતોએ માન્ય રાખવાનો ઠરાવ કર્યો છે તે અંગે નોંધ લેવા બાબત:

"Report that the Senate at its Meeting of the 6th March 1953 has granted the application of the Ahmedabad Textile Industries Research Laboratories, Ahmedabad, for its recognition as a Recognized Institution for Ph.D. in Physics and Physical Chemistry, subject to the fulfilment of the conditions indicated in the Report of the Syndicate."

આથી ઠરાવવામાં આવે છે કે રિપોર્ટની નોંધ લેવી.

૫૮. તા. ૪-૩-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ એકસ્ટ્રા-મુરલ સ્ટડીઝની બીજી બેઠકની નોંધ:

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ એકસ્ટ્રા-મુરલ સ્ટડીઝના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવેલી છે.)

૫૯. ગુજરાત યુનિવર્સિટી બિલ્ડીંગના બાંધકામની એકસ્ટ્રા આર્કિટેક્ચના કામ અંગેના યુનિવર્સિટી કોન્ટ્રાક્ટર મેસર્સ ગેનન ડન્કર્લી ઍન્ડ કું. તરફથી મળેલા ભાવ અને તે બાબત અત્યાર સુધી થયેલા તેમજ થવાના ખર્ચ બાબત યુનિવર્સિટી આર્કિટેક્ટ શ્રી. ગજ્જર તરફથી આવેલા તા. ૨૦-૨-૧૯૫૩ અને ૬-૩-૧૯૫૩ના અનુક્રમે પત્રાંક ૧૨૨૦-૫૨-૫૩ અને ૧૨૪૫-૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ નિકાલ કરવા માટે શ્રી. ભાઈલાલભાઈ ડી. પટેલને સોંપવું.

૬૦. ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં કામ કરતા શ્રી. જી. એ. શેઠની, તેમને ગુજરાત યુનિવર્સિટીની ફર્સ્ટ એલ. એલ. બી ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા બાબતની તથા આ યુનિવર્સિટીમાં એમ. કૉમ. માટે રજિસ્ટર થવાની પરવાનગી આપવા અંગેની અરજી ઉપર સિન્ડિકેટે તેની ગઇ મિટીંગમાં કરેલા નિર્ણય ઉપર ફરી વિચારણા કરવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એ. શેઠને આ યુનિવર્સિટીની ફર્સ્ટ એલ. એલ બી.ની પરીક્ષામાં બેસવાની પરવાનગી. તેઓને એકઝામિનેશન બ્રાન્ચમાંથી બીજી બ્રાન્ચમાં બદલવામાં આવે તે શરતે આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. ૬૯૦૩-૬૯૧૮

અમદાવાદ,
તા. ૧૮-૩-૧૯૫૩.

જ. મં. મહેતા
for રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ડ"

કામકાજ નં. ૪૧

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની પાંચમી સભા જે તા. ૧૭-૧૨-૧૯૫૨ને બુધવારના રોજ કોરમ નહિ થવાથી મુલતવી રહી હતી તે સભા તા. ૨૩-૨-૧૯૫૩ ને સોમવારે સાંજના ૪-૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા મળી હતી અને તેમાં સભાસદોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ, ચેરમેન	હાજર,
૨.	પ્રિન્સિપાલ આર. કે. યાજ્ઞિક	ગેરહાજર,
૩	પ્રિન્સિપાલ વામ. ડી. કેસ્કર	ગેરહાજર,
૪.	પ્રિન્સિપાલ પી. એમ. મોદી	હાજર,
૫.	શ્રી. છગનભાઇ પી. પટેલ	હાજર,
૬.	શ્રી. મણિભાઇ ની. નાયક	હાજર,
૭.	શ્રી. બી. કે. નાયક	ગેરહાજર,
૮.	શ્રી. આર. જી. પટેલ	ગેરહાજર.

૧. ગુજરાત યુનિવર્સિટીની હૉકી, ક્રિકેટ, એથ્લેટિક્સ અને ટેનિસની ટુકડીઓ ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઇઓમાં ભાગ લેવા જાય ત્યારે તે ટુકડીઓના રમનારાઓને હરીફાઇના સ્થળે રોકાય તે અને ટ્રેનમાં જતાં રસ્તે તેમને બોર્ડીંગ અને લૉજિંગ, પૉકેટ ખર્ચ, મોટરબસ, ઘોડાગાડી, કુલીચાર્જ વગેરે ખર્ચ કેટલો આપવો તે બાબત વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સિન્ડિકેટની તા. ૯-૧-૧૯૫૩ની સભામાં દરેક હરીફને રોજના રૂા. ૫-૦-૦નું હૉલ્ટીંગ એલાવન્સ આપવાનું ઠરાવેલું હોવાથી આ કામ દફ્તરે કરવું.

૨. ગુજરાત યુનિવર્સિટી હૉકી ટુકડીના કેપ્ટન તરફથી ઇન્ટર-યુનિવર્સિટીમાં ભાગ લેવા જાય તે પહેલાં પ્રેકટીસ માટે હરીફોના યુનિફોર્મ વગેરે બાબત માગણીઓ ઉપર વિચાર કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે બજેટમાં પૂરતાં નાણાંના અભાવે, પ્રેકટીસ મેચીઝ બંધ રાખવા અંગે શ્રી. ચેરમેન સાહેબે લીધેલા નિર્ણયને બહાલી આપવામાં આવે છે.

૩. ક્રિકેટ સિલેક્શન કમિટીએ ક્રિકેટના હરીફોને પ્રેકટીસ આપવા માટે કરેલી માગણીઓ ઉપર વિચાર કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે બજેટમાં પૂરતાં નાણાંના અભાવે, પ્રેકટીસ મેચો બંધ રાખવા શ્રી. ચેરમેન સાહેબે જે નિર્ણય લીધો છે તેને માન્ય કરવામાં આવે છે.

૪. તા. ૧૦-૧૦-૧૯૫૨ને શુક્રવારે મળેલી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ચોથી સભાના આઇટેમ નં. ૧૨થી ઇન્ટર-યુનિવર્સિટી માટે જનાર ટુકડીઓના યુનિફૉર્મ વગેરે નક્કી કરવા નીમેલી સબ-કમિટીના આવેલા રિપોર્ટ ઉપર વિચાર કરવા.

અ. આથી ઠરાવવામાં આવે છે કે સબ-કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

બ વધુમાં ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૨-૫૩ના વર્ષ દરમિયાન ઇન્ટર-યુનિવર્સિટીની હરીફાઈઓમાં ભાગ લેવા ગયેલ ક્રિકેટ, હૉકી, ટેનિસ તથા એથ્લેટિક્સની ટુકડીઓને યુનિવર્સિટીને ખર્ચે કેસ્ટ આપવા અંગેના તથા હૉકીના હરીફોને શર્ટ તથા મોજાં, ટેનિસના હરીફોને પુલ-ઓવર તથા એથ્લેટિક્સના હરીફોને બનિયન તથા ગરમ સ્વેટર પ૦ ટકા કિંમત લેખે આપવા અંગેના શ્રી. ચેરમેન સાહેબના નિર્ણયને મહાલી આપવામાં આવે છે.

૫. પ્રોફેસર આર. બી. ગુપ્તેના તા. ૬-૧૨-૧૯૫૨ના પત્રથી હરીફાઈ બાબત આવેલાં સૂચનો ઉપર વિચાર કરવા.

આ કામ હાથ પર લેતાં પહેલાં શ્રી. આર. બી. ગુપ્તેનો પત્ર સભા સમક્ષ વાંચી જવામાં આવ્યો હતો અને ત્યારબાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:

આથી ઠરાવવામાં આવે છે કે ચારે ઝોનની કમિટીઓના ચેરમેનને જણાવવું કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ એવો અભિપ્રાય ધરાવે છે કે ઇન્ટર-કૉલેજિયેટની તથા ઇન્ટર-ગ્રુપની એથ્લેટિક્સની હરીફાઈઓમાં ઇનડીવીડ્યુઅલ ચેમ્પીયનશિપ નક્કી કરવામાં કોઈ પણ હરીફને પાંચથી વધારે રમતોમાં (ઇવેન્ટ્સમાં) ભાગ લેવા દેવો નહિ અને તે અંગે તેમના ઝોનની સ્પોકલ સ્પોર્ટ્સ કમિટીનો અભિપ્રાય ચેરમેન, બૉર્ડ આફ સ્પોર્ટ્સને તા. ૧૦-૩-૧૯૫૩ પહેલાં જણાવવો.

૬. ટુકડી સાથે જનાર મેનેજર યા કોચને કેટકેટલું રેલ્વે તેમજ શેજનું ભથ્થું વગેરે આપવું તે બાબત વિચાર કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બહારગામથી આવતા સભ્યોને જે ભાડું ભથ્થું મળે છે તે ટુકડી સાથે જનાર મેનેજર યા કોચને આપવું.

૭. ગુજરાત યુનિવર્સિટી તરફથી દરેક ઝોનને આપવામાં આવતા કોન્ટ્રીબ્યુશન સંબંધમાં, વી. પી. મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ શ્રી. એન. એમ. શાહે, મહેરબાન વાઇસ-ચાન્સેલર સાહેબ ઉપર લખેલ પત્રાંક ૬૩૨૭ તા. ૮-૧૦-૧૯૫૨ ઉપર વિચારણા કરવા બાબત.

આ કામ શરૂ કરતાં પહેલાં પ્રિન્સિપાલ શ્રી. એન. એમ. શાહનો ઉપરોક્ત પત્ર બૉર્ડના સભ્યો સમક્ષ વાંચી જવામાં આવ્યો હતો અને ત્યારબાદ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો:

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એન. એમ. શાહે જે સૂચનો કર્યાં છે તે આવતી સાલનું બજેટ નક્કી કરવામાં તથા યુનિવર્સિટી તરફથી દરેક ઝોનને આપવાની ગ્રાન્ટ નક્કી કરવામાં ધ્યાનમાં લેવાં.

૮. તા. ૫, ૬ અને ૭ ડિસેમ્બરના રોજ પાકિસ્તાન ક્રિકેટ ટીમ અને યુનિવર્સિટી ઇલેવનની માટે યુનિવર્સિટી ક્રિકેટ ઇલેવનની પસંદગી માટેની, એંગ્લોર મુકામે રમાયેલી ટ્રાયલ મેચોમાં રમવા જવા માટેના હરીફો પસંદ કરવા માટેનો પૂરતો સમય નહિ હોવાથી યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેને, યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની મંજૂરીની અપેક્ષાએ ગુજરાત યુનિવર્સિટી તરફથી મોકલેલા ચાર હરીફોની પસંદગીને મંજૂર કરવા તથા તે અંગેના ખર્ચને મંજૂર કરવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચેરમેને કરેલા નિર્ણયને બહાલી આપવામાં આવે છે અને તે અંગેના ખર્ચને મંજૂર કરવામા આવે છે.

૯. દરેક ગ્રુપ તરફથી થતી ઝોનલ ટૂર્નામેન્ટ અંગે નિયમો ઘડવા બાબત વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે અમ્પાયર્સ નીમવા બાબતમાં કંઈ નિર્ણય કરવાની જરૂર જણાતી નથી.

ત્યારબાદ ચેરમેનનો આભાર માનીને સભાનું કામકાજ પૂરું કરવામાં આવ્યું હતું.

અમદાવાદ,
તા. ૨૮-૨-૧૯૫૩.

હ. છો. ઠાકોર
સેક્રેટરી,
યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ.

પરિશિષ્ટ "અ"

કામકાજ નં. ૪

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૦-૧૦-૫૨ના રોજ સાંજના ૩-૦૦ કલાકે મળેલી મિટીંગના ઠરાવ અનુસાર યુનિફોર્મ અને ક્રેસ્ટ નક્કી કરવા માટે નીમાયેલ સબ-કમિટીની મિટીંગ તા. ૧૨-૧૧-૫૨ને બુધવારે સાંજના ૪-૩૦ કલાકે મળી હતી અને તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. છગનભાઇ પી. પટેલ.	ગેરહાજર,
૨.	શ્રી. પ્રો. જી. કે. ભટ્ટ	હાજર,
૩.	શ્રી. હરિસિંહ ઠાકોર	હાજર.

૧. આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી તરફથી ઇન્ટર યુનિવર્સિટીમાં ભાગ લેવા જનાર દરેક હરિફને યુનિવર્સિટી ક્રેસ્ટ આપવી.

The crest design will be made either on blue blazer or Black Blazer. The crest design will be in gold threads and the lettering in pink or red. The crest will include this University monograms with the captions, and in addition the specific name of the sport and the year for which it is awarded.

2. **University Colours.**

If possible, University Colours may be given to the captains of cricket, tennis and other teams and those University Representatives who distinguish themselves in the various items of Inter-University Meet.

The Colours:

The colour may be chosen from the following:-

1. Blue Blazer with white piping.
2. Blue and white stripes.
3. Black and Yellow stripes.

This committee recommends that:

1. The cost of the crest be borne by the University entirely.
2. The cost of the blazers shall be shared by the University and the representative players in a proportion of half to half.
3. The cost of the blazers to be awarded to the Captains and to the Athlete who becomes Inter University Champion may be borne by the University alone. This year, only crest will be awarded to the competitors and no colour.
4. Athletes should be provided with sandow type sleeveless jerses with white and blue alternate stripes and two stripes of blue on the white nicker. The blue stripes will be $\frac{1}{2}$ inch. each, and the distance between the two stripes will be $\frac{1}{2}$ inch, so that total breadth covered by the two blue stripes with the middle white will be $1\frac{1}{2}$ inches.
5. For Hockey players similar uniform as described for Athletics, with the only difference that the jerses will be of short sleeves, and collar and the cost for this uniform may be borne by the University.
6. For foot-ball players the same as described above for Hockey players.
7. For Hutututu, the same as described for Athletes.

8. For swimming the same as described for Athletes or deep or dark blue chaddi and sleeveless Bunians.

9. Boxing the same as that of Athletics.

10. For ladies, the uniform for the women representatives of the University shall consist of white nicker with blue stripes and a stripe jersey half-sleeves with a collar.

This year we recommend the award of crest, jersey, blue bands for nickers and if the budget provides county caps.

હ. છો. ઠાકોર
સેક્રેટરી,
યુનિ. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૫૫

અફિલિએટેડ કૉલેજોના અને માન્ય થયેલ સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટ નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની આસ બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં ગુરૂવાર તા. ૫-૨-૧૯૫૩ના રોજ સાંજના ૫-૩૦ કલાકે મળેલી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૩.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૪.	પ્રિન્સિપાલ એમ એસ. શાહ	હાજર,
૫.	ડૉ. સી. એસ. પટેલ	ગેરહાજર,
૬.	પ્રિન્સિપાલ એ. ડિસોઝા	ગેરહાજર.

૧. તા. ૮-૧-૧૯૫૩ના રોજ મળેલી ચોથી બેઠકની નોંધને મહાલી આપવા બાબત.

તા. ૮-૧-૧૯૫૩ના રોજ મળેલી ચોથા બેઠકની નોંધને મહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી

૫. ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સ્ટેન્ડીંગ કમિટીની ભલામણ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજોએ મોકલાવેલી ચાલુ સ્ટાફના સભ્યોના નામની અને ૧૯૫૨ના જુન પછી જોડાયેલા સ્ટાફના સભ્યોની જોડાણ તારીખ સાથેની યાદી ઉપરથી યુનિવર્સિટી ઑફિસે ચેક કરી જે જે કૉલેજોએ જુન ૧૯૫૨ પછી જોડાયેલા સ્ટાફના સભ્યોનો રિપોર્ટ મુકરર કરેલા ફૉર્મમાં નથી કર્યો તે ને કૉલેજોના સ્ટાફના મજકૂર સભ્યોના નામ સાથેની તૈયાર કરેલી યાદી:

આથી ઠરાવવામાં આવે છે કે ઑફિસે તૈયાર કરેલી યાદી અપૂર્ણ હોવાથી તેને કૉલેજો તરફથી મંગાવેલી માહિતી અને એન્યુઅલ રિટર્ન્સ ઉપરથી ચેક કરીને ફરીથી બીજી સંપૂર્ણ યાદી તૈયાર કરી આવતી બેઠક સમક્ષ રજૂ કરવા.

૨. તા ૧૦-૬-૧૯૫૨ના રોજ મળેલ ત્રીજી બેઠક વખતે મંજૂર કરેલા અફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાઓના સ્ટાફમાં થયેલ ફેરફારમાંની નીચે જણાવેલી કૉલેજોના સભ્યોના નામ સામે જણાવેલી મંગાવવામાં આવેલી હકીકત:

ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	**હકીકત**
૧. શ્રી. સી. એ બુચ	૧૯૫૧-૫૨ના બીજા સત્ર સુધી કામચલાઉ મંજૂર કરેલા અને તેમની જગ્યાએ યુનિવર્સિટીએ મુકરર કરેલા

ધોરણ પ્રમાણે કાયમી નિમણૂંક કરી છે કે નહિ તે બાબતમાં પુછાવતાં તેના જવાબમાં કૉલેજનો આવેલો પત્ર:

૬. શ્રી. સી. એ. શુકલ — લેકચરર તરીકે નીમાં યુનિવર્સિટીએ મુકરર કરેલો સ્કેલ આપ્યો છે કે નહિ અથવા તેમની જગ્યાએ કૉલેજે નિમણૂંક કરી છે કે નહિ તે બાબતમાં પુછાવતાં તેના જવાબમાં કૉલેજનો આવેલ પત્ર:

આથી કરાવવામાં આવે છે કે ૧. શ્રી. સી એ બુચની જગ્યાએ કરેલી વ્યવસ્થા તા. ૧૪મી જૂન ૧૯૫૩ સુધી મંજૂર રાખવી અને ત્યાર પછી એ જગ્યા ઉપર યોગ્ય લાયકાત ધરાવતા માણસની નિમણૂક કરવી અને ૨. શ્રી. સી. એ. શુકલની ગુજરાતીના ટયુટરની જગ્યાનો હોદ્દો વધારી લેકચરરની જગ્યા ઉભી કરી તે ઉપર નીમેલા શ્રી. આઇ એસ. જોશીપુરાની નિમણૂંકને તા ૧૪ જૂન ૧૯૫૩ સુધી કામચલાઉ મંજૂર કરવી અને તે જગ્યા ઉપર યોગ્ય લાયકાત ધરાવતા માણસની કાયમી નિમણૂંક કરવા કૉલેજને જણાવવું.

૩. એસ. બી. ગાર્ડી કૉલેજ ઍન્ડ બી. પી. આરીઆ સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીમાં મૂળથીજ બી. એ. જનરલ અને સ્પેશ્યલ મેથેમેટિકસમાં ભાગ્યે ૧ કે ૨ વિદ્યાર્થી આગ્યા હતા અને સબસિડિયરી બી. એ. મેથેમેટિકસમાં તો એક પણ વિદ્યાર્થી નહિ હોવાથી તેમજ ૧૯૫૨-૫૩ની આખી પહેલી ટર્મ વાટ જોવા છતાં પણ મજકૂર વિષયમાં એક પણ વિદ્યાર્થી ન આવતાં, તેમજ ફર્સ્ટ ઇયર "એ" અને "બી" અને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સમાં મજકૂર વિષય શીખવાડવા માટે બે પુરતા શિક્ષકો હોવાથી ત્રીજા શિક્ષકની જરૂર નહિ જણાતાં ત્રીજા શિક્ષકને કમી કરતાં તે બાબતની જાણ કરવા સારૂ મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર:

આથી કરાવવામાં આવે છે કે મેથેમેટિકસ (સબસીડિયરી)ના વિદ્યાર્થીઓ અને જેઓએ મેથેમેટિકસ (પ્રિન્સિપાલ) લીધું હોય તેમના શિક્ષણ માટે શું વ્યવસ્થા કરી છે તે પુછાવવું અને કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું કે શ્રી. આર. ડી. દેસાઈ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.

આ તબકકે શ્રી. વાઇસ-ચાન્સેલર મિટીંગ છોડી ગયા હતા અને સભાનું પ્રમુખસ્થાન શ્રી. એસ. વી દેસાઈએ લીધું હતું.

૪. નીચે જણાવેલ માન્ય સંસ્થાઓ અને ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફાર:

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬,

૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદ-૯,

૩. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ-૯.

૪. સામળદાસ કૉલેજ ઍન્ડ સર પી. પી. ઇન્સ્ટીટ્યુટ, ઑફ સાયન્સ, ભાવનગર.

૫. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.

૬. બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર,

૭. એમ. એન. કૉલેજ, વિસનગર.

૮. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ

૯. એસ. બી. ગાર્ડા કૉલેજ, એન્ડ બી. પી. બારીઆ સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.

૧૦. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદ.

૧૧. એમ. ટી. બી. કૉલેજ, સુરત.

૧૨. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

૧૩. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ ઍન્ડ કોટક ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, રાજકોટ.

૧૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ-૬.

૧૫. પેટલાદ કૉલેજ પેટલાદ.

૧૬. મોરબી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ, મોરબી.

૧૭. વીઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર.

૧૮. એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદ-૯.

૧૯. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ-૯.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવા:

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬	૧. શ્રી. આર પી. ડોડવદમથ ૨. શ્રી. એમ. જી. દાતાર, ૩. શ્રી. એસ. એ. રાનડે, ૪. શ્રી. એમ. સી. પરીખ, ૫. શ્રી. એમ. એસ. મેન્સકાઈ,

૭-૩-૧૯૫૩

		૬. શ્રી. જે. પી. ગાયકવાડ, ૭. ડૉ. બી. એસ. નવલકર, ૮. શ્રી. આર. ડી. શિંગતે.
૨.	ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદ-૯.	૧. ડૉ. વાચસ્પતિ.
૩.	સામળદાસ કૉલેજ ઍન્ડ સર પી. પી. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર.	૧. શ્રી. જે. બી. સાન્ડિલ, ૨. શ્રી. બી. એમ. ભટ્ટ.
૪.	બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર, વાયા, આણંદ.	૧. શ્રી. વસંત કેપ્ટન.
૫.	બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વાયા, આણંદ.	૧. શ્રી. હરિનારાયણ સિંહા, ૨. શ્રી. જે. જી. શાહ, ૩. શ્રી. આર. એમ. મેતાણી, ૪. શ્રી. પી. એમ. પટેલ.
૬.	એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. પ્રિન્સિપાલ શ્રી. એલ. એમ. એ. મેનેઝીઝ.
૭.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ.	૧. શ્રી. બી. જે. ઝવેરી, ૨. પ્રિન્સિપાલ ડૉ. પી. એમ. મોદી.
૮.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદ.	૧. શ્રી. દર્શનસિંગ બસન, ૨. શ્રી. ડી. કે. કેલ્કર.
૯.	એમ. ટી. બી. કૉલેજ, સુરત.	૧. શ્રી. જે. ડી. દેસાઈ, ૨. શ્રી. એન. ડી. દેસાઈ, ૩. શ્રી. જે. ડી. દેસાઈની જગ્યાએ શ્રી. કે. સી. મહેતાએ ફર્સ્ટ ઇયર અને ઇન્ટરમિડિયેટનું ઇંગ્લીશ લેવાની કરેલી વ્યવસ્થા મંજૂર રાખવી.
૧૦.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ ઍન્ડ કૉટક ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, રાજકોટ.	૧. શ્રી. કે. વેન્કટેશ્વરાલુ, ૨. શ્રી. એમ. જી. અઘોતકર, ૩. શ્રી. યુ. સી. પંડ્યા, ૪. શ્રી. કે. વી. વસાવડા, ૫. શ્રી. ડી. વી. ભેગ.

૧૧.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એમ. ટી. મહેતા, ૨. શ્રી. વાય. એન. મહેતા.
૧૨.	પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. સી. એલ. મંકોડી, ૨. શ્રી. જી. કે. જી જોશી, ૩. શ્રી. આર. એમ. ચીટનીસ, ૪. શ્રી. ઈ. વી. ચીટનીસ.
૧૩.	મોરબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. એમ. એમ. ટાસી, ૨. શ્રીમતી મિસ એલ. ટી. પાટિલ.
૧૪.	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.	૧. શ્રી. આર. ડી. પટેલ, ૨ શ્રી. એમ. એસ. ટાસીનો રિપોર્ટ હકતરે કરવો અને શ્રી. સી. એમ. ફ્રેસાઇની જગ્યાએ કરેલી વ્યવસ્થા ફામચલાઉ માન્ય રાખવી.
૧૫.	એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જીનીયરીંગ, અમદાવાદ–૯.	૧. શ્રી. એ. ડી. બાપટ, ૨. શ્રી. એસ. વાય. ઢાતે, ૩. શ્રી. આર. જે. શીરસાગર, ૪. શ્રી. વી. એ. પટેલ, ૫. શ્રી. જી. વી. સપ્રે, ૬. શ્રી. એસ. કે. કાત્રક.
૧૬.	એલ. એમ કૉલેજ, ઑફ ફાર્મસી, અમદાવાદ.	૧. મિસ બી. એમ. ત્રિવેદી.
૧૭	એમ. એન. કૉલેજ, વિસનગર.	૧. શ્રી. એસ. એ. રાનડે.
૧૮.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.	૧. શ્રી. એસ એસ. ઠાકુર, ૨. શ્રી. આર. યુ. જાની, ૩. શ્રી. કે. એમ. ગાથા, ૪. શ્રી. એમ. જે. પટણી.
૧૯.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. બી. એ. સૈયદ, ૨. શ્રી. એસ. બી. શાહ.

(બ) નીચે દર્શાવેલ કૉલેજોના નામ સામે જણાવેલા સ્ટાફના સભ્યોની નિમણૂંકો મંજૂર રાખવી નહિ:

	કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧.	એસ. બી. ગાર્ડા કૉલેજ, ઍન્ડ બી. પી. બારીઆ સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.	૧. શ્રી એન. જી. દેસાઇ, યુનિવર્સિટીએ મુકરર કરલ લાયકાત ધરાવતા નથી.
૨.	એમ. ટી. બી. કૉલેજ, સુરત.	૧. શ્રી. એચ. જે. દેસાઇ, યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.
૩.	એમ. જે. કૉલેજ, ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. શ્રી. એન એચ ભુવા, (પી. ટી. ઇન્સ્ટ્રક્ટર) ફુલ ટાઇમ નિમણૂક કરવી જોઇએ તેના બદલે પાર્ટ ટાઇમ નિમણૂંક કરી છે તે સ્વીકારી શકાય નહિ. ૨. શ્રી. એન. જે. ત્રિવેદી પાર્ટ ટાઇમ નિમણૂંક ચલાવી શકાય નહિ તેથી ફુલ ટાઇમ જોઇએ. તેમજ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી.
૪.	મોરબી ઍન્જીનીયરીંગ કૉલેજ, મોરબી.	૧. શ્રી. એલ. આઇ. ભટ્ટ. કૉલેજમાં શિક્ષક તરીકેનો પુરતો અનુભવ નથી.

(૮) નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલા સ્ટાફ અંગે જરૂરી માહિતિ મંગાવવી:-

	કૉલેજનું નામ	સ્ટાફના સભ્યની મંગાવવાની હકીકત
૧.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ-૬	૧. શ્રીમતી ડી પી પંડિત, ૨. શ્રી. સી. એસ. ત્રિવેદી, ૩. શ્રી જે. એલ. ધોલકીયા. ઉપરના ત્રણે સભ્યો કયારે જોઇન થયા ? તેઓ અત્યારે સ્ટાફ ઉપર ચાલુ છે કે કેમ ? અને જો ચાલુ ન હોય તો કયારે છોડયું ? અને તે અંગેનો રિપોર્ટ સત્વરે કેમ નથી કર્યો તે પુછાવવું.

૨. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, વામા આણંદ	૧. શ્રી. એસ. પી. શાહ, તેમણે બી. કૉમ. ડિગ્રી કયા વર્ષે, કયા કલાસ અને ઓપ્શનલ વિષય સાથે મેળવી અને એમ. કૉમ. ડિગ્રી તેમણે કયા કલાસ અને વિષયો સાથે મેળવી છે તેપણ પુછાવવું.
૩. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. શ્રી. એસ. એસ. દવે, ૨. શ્રી. ટી. વી. પરમાર, તેઓ બંને કોઇ સ્કૂલ, કૉલેજ અથવા બીજે સ્થળે સર્વીસ કરે છે કે કેમ અને સર્વીસ કરતા હોય તો કયા દરજ્જામાં ?
૪. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ ઍન્ડ કૅટક ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, રાજકોટ.	૧. શ્રી. આઈ. એસ. જોશીપુરા, એમ.એ માં કયા વિષયો લીધા હતા તે અને "ગુજરાતી" પ્રિન્સિપાલ વિષય હતો કે નહિ તે પૂછાવવું.
૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. પી. વી. શાહ, ૨. શ્રી. એન. સી. દેસાઈ, ૩. શ્રી. ડી. સી. ત્રિવેદી. ઉપરના ત્રણે સભ્યોની પ્રોફેશનલ સ્ટેન્ડીંગ કેટલી છે તે પૂછાવવું અને કૉલેજને જણાવવું કે એક ટર્મ માટેનો પ્રોજેશન પિરિયડ ચાલી શકે નહિ તેથી નિમણૂક માટે એક વર્ષનો પ્રોજેશન પિરિયડ જોઈએ.
૬. એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એસ. બી. કુન્તા એ કયા કલાસ સાથે બી.ઈ. (સીવીલ) ડિગ્રી મેળવી છે તે પૂછાવવું.
૭. વા. સા. જનરલ હૉસ્પીટલ, અને શેઠ ચીનાઈ મેટરનીટી હોમ, અમદાવાદ.	૧. શ્રી. ડૉ. એમ. ડી. પટેલ, ૨. શ્રી. ડૉ. એમ પી. અમીન, સ્ટાફના ઉપરના બંને સભ્યો

૬–૩–૧૯૫૩

"એકઝેકટ ટીચીંગ વર્ક" શું કરે છે અને કયા ધોરણ તથા સંજોગો અનુસાર યુનિટ્સની સંખ્યા વધારવામાં આવી છે? ટીચીંગ વર્કમાં શું વધારો થયો છે કે જેથી વધારાની નિમણૂકો કરવાની અને યુનિટ્સની સંખ્યા વધારવાની જરૂર ઉભી થઇ છે?

(૬) નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફના સભ્યો ડેમોન્સ્ટ્રેટર હોવાથી રિપોર્ટ કરવાની જરૂર નથી:

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદ.	૧. શ્રી. એમ. ડી. ત્રિવેદી.
૨. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. આર. એસ. પરમાર.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૫૮

બૉર્ડ ઑફ ઍકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની બીજી બેઠક બુધવાર તા. ૪-૩-૧૯૫૩ના રોજ સાંજના ૫-૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી આફિસમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા માટે મળી હતી અને તેમાં સભાસદોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. પી. જી. શાહ	હાજર,
૩.	પ્રિન્સિપાલ કે. એલ. દેસાઇ	હાજર,
૪.	ડૉ. વાય. જી. નાયક	હાજર,
૫.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	ગેરહાજર.
૬.	પ્રોફેસર એસ. આર. ભટ્ટ	ગેરહાજર.
૭.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૮.	પ્રોફેસર સી. એન. વકીલ	ગેરહાજર,
૯.	શ્રી. રામનારાયણ વી. પાઠક	ગેરહાજર,
૧૦.	શ્રી. વીઠ્ઠલદાસ એમ. કોઠારી	ગેરહાજર,
૧૧.	શ્રી. આર. ડી. શુકલ	ગેરહાજર,
૧૨.	શ્રીમતી જ્યોત્સ્નાબહેન શુકલ	ગેરહાજર,
૧૩.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૪.	શ્રી. બબલભાઇ મહેતા	ગેરહાજર,
૧૫.	શ્રી સોમનાથ પી. દવે	ગેરહાજર.

૧. બૉર્ડ ઑફ ઍકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની તા. ૨૦-૮-૧૯૫૨ને રોજ મળેલી પ્રથમ બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

મજકૂર બૉર્ડની તા. ૨૦-૮-૧૯૫૨ના રોજ મળેલ પ્રથમ બેઠકની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. બૉર્ડ ઑફ ઍકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની તા. ૨૦-૮-૫૨ની સભામાં ગુજરાત યુનિવર્સિટી યુનિયનનું બંધારણ અને કાર્યક્ષેત્ર તથા મર્યાદા કેવા પ્રકારની રાખવી તે માટે રિપોર્ટ કરવા નિમાયેલી કમિટીએ તેની તા. ૨૦-૧૧-૫૨ની સભામાં કરેલા રિપોર્ટ પર વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી યુનિયન, તેની મર્યાદા તથા કાર્યક્ષેત્ર નક્કી કરવા નિમાયેલ કમિટીનો રિપોર્ટ સ્વીકારવો અને વધુમાં એમ ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષના બજેટમાંથી વધેલ રકમમાંથી ૧૬ મી. મીનું એક પ્રોજેક્ટર અને એક એપીડાયોસ્કોપ ખરીદવાં અને તેને માટે ટેન્ડરો મંગાવવાં

૩ સને ૧૯૫૩ ૫૪ના વર્ષ માટે બૉર્ડનું બજેટ નક્કી કરવા અંગે વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩-૫૪ના વર્ષ માટે રૂા. ૭,૦૦૦-૦-૦ની રકમની એગવાઇ કરવા સિન્ડિકેટને વિનંતી કરવી.

૪. સને ૧૯૫૩-૫૪ના વર્ષમાં બૉર્ડ તરફથી (બૉ. ૫૭ મુજબ) તેના કાર્યક્ષેત્રમાં આવતી કઇ કઇ પ્રવૃત્તિ આરંભવી અને તે કેવી રીતે તે અંગે વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડિનાન્સ પ૭મા દર્શાવેલ પ્રવૃત્તિઓ પૈકી સોશીયલ સર્વિસ પ્રોજેક્ટ વગેરે શરૂ કરવા માટે એક યોજના તૈયાર કરવા માટે યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો તેમજ માન્ય થયેલ સંસ્થાઓના વડાઓ પાસે સૂચનાઓ મંગાવવી અને જુદા જુદા સેન્ટરોમાં અગત્યના વિષયો પર ગુજરાતીના ભાષણો ગોઠવવા માટે યોજના રજૂ કરવી.

૫. **"Bhagvadgita & the Changing World"** એ વિષય ઉપર પાંચ વ્યાખ્યાનો ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ કેન્દ્રમાં અથવા તો યુનિવર્સિટી નક્કી કરે તે કેન્દ્રમાં યુનિવર્સિટીની શરતોએ આપવાની ઇચ્છા બતાવતા ડા. પી. નાગરાજરાવ તરફથી તા. ૧૮-૭-૧૯૫૨નો પત્ર ઉપર સિન્ડિકેટે તેની તા. ૨૧/૨૨-૧૧-૫૨ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે તે બાબત રિપોર્ટ કરવા.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામ બૉર્ડ ઑફ એક્સ્ટ્રા મ્યુરલ સ્ટડીઝ તરફ રિપોર્ટ કરવા માટે મોકલી આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. મજકૂર બૉર્ડના સેક્રેટરી તરીકે શ્રી. જ. મં. મહેતા, આસી. રજિસ્ટ્રાર તા. ૧-૩-૫૨થી કામ કરે છે તો તેમને તે બદલ કાંઇ એલાવન્સ આપવું કે કેમ?

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા બૉર્ડની પ્રવૃત્તિઓ ક્યાનમાં લઇ છ માસ પછી કરવી.

૭. **શ્રી. કે. રામાનુજાચારીના તા. ૨૦મી ઑગસ્ટ ૧૯૫૨ના પત્રમાં જણાવેલા વિષયો પૈકી કોઇ પણ વિષય ઉપર આ યુનિવર્સિટી તરફથી લેક્ચર આપવા આમંત્રણ આપવા અંગેની તેમની અરજી ઉપર મજકૂર બૉર્ડે તેની તા. ૨૦-૮-૫૨ના રોજ મળેલ પ્રથમ સભામાં**

નીચે પ્રમાણે ઠરાવેલ અને તે સિન્ડિકેટે તેની તા. ૪-૧૦-૧૯૫૨ની પંદરમી સભામાં મંજૂર કરેલ છે, તો તે અંગે હવે આગળ શું પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

ઑર્ડ ઑફ ઍડવાન્સ્ડ સ્ટડીઝનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. રામાનુજાચારીને જણાવવું કે યુનિવર્સિટી તરફથી તેમને ભાષણ આપવા કયારે બોલાવવા તે માટે વિચાર કરવામાં આવશે."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝની ભલામણો મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી કે. રામાનુજાચારીની વિનંતી માન્ય કરવી નહિ.

૮. મજકૂર ઑર્ડના આશ્રય હેઠળ જુદી જુદી કૉલેજો તેમજ યુનિવર્સિટી વિસ્તારના ડિસ્ટ્રીક્ટ ટાઉનોમાં વિજ્ઞાન તેમજ સાહિત્યના વિષયો પર યુનિવર્સિટીની જુદી જુદી ફૅકલ્ટીઓના સ્ટાફ સભ્યોના વ્યાખ્યાનો ગોઠવવા અને તે કેવી રીતે યોજવા તેની યોજના રજૂ કરતો પ્રો. એસ. આર. ભટ્ટ તરફથી આવેલ તા. ૨૮-૨-૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતમાં રિપોર્ટ કરવા નીચેના ત્રણ સભાસદોની એક કમિટી નીમવી:

પ્રો. એસ. આર. ભટ્ટ,
ડૉ. વાય. જી. નાયક,
શ્રી. પી. જી. શાહ.

સભાનું કામકાજ ત્યારબાદ પૂરું થયું હતું.

અમદાવાદ-૯,
તા. ૬-૩-૧૯૫૩.

જ. મં. મહેતા
આસી. રજિસ્ટ્રાર અને સેક્રેટરી,
ઑર્ડ ઑફ ઍડવાન્સ્ડ સ્ટડીઝ.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની અઢારમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૪-૪-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેદિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુકુમદાર	ગેરહાજર,
૫.	શ્રી. બદુભાઇ એચ. દેસાઇ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	હાજર,
૭.	શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૯.	શ્રીમતી ઇન્દુમતીબહેન ચીમનલાલ	હાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૧૧.	શ્રી પોપટલાલ જી. શાહ	હાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી જુન્નારકર	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	હાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર.

૧. તા. ૬-૩-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની સત્તરમી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીના ૧૯૪૯-૫૦ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો અંગેની ઑડિટ નોટના જવાબમાં યુનિવર્સિટી તરફથી એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સને અપાયેલા જવાબો અંગે કેટલીક સૂચનાઓ દર્શાવતા મુંબઇ સરકારના કેળવણી ખાતાના આસિ. સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૬મી ફેબ્રુઆરિ ૧૯૫૩ના પત્રાંક પી. ૧૪૫-૪૯૬૦૧-યુ. અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે રજૂ કરેલો જરૂરી રેકર્ડ્યુટનો ડ્રાફ્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે રજૂ કરેલો રેટે. ૧૨૮-બી. નો બારકોડ સિટીંગમાં કરવામાં આવેલા સુધારા સાથે મંજૂર કરવો. (મંજૂર થયા પ્રમાણેનું રેકર્ડ્યુટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવેલું છે.)

૩. ગુજરાત યુનિવર્સિટીના ૧૯૫૨-૫૩ના વર્ષના રિવાઇઝ્ડ એસ્ટીમેટ્સ તથા અજેટ કમિટીએ તૈયાર કરેલું ૧૯૫૩-૫૪ના વર્ષનું અજેટ

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીએ રજૂ કરેલું અજેટ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવું:

૧. યુનિવર્સિટી પ્રકાશનો માટે અને ૧૯૫૨-૫૩ના રિવાઇઝ્ડ અજેટમાં રૂા. ૨,૦૦,૦૦૦-૦-૦ની જોગવાઈ છે તેને જુદા ખાતામાં અલાયદા મૂકેલા છે તે મંજૂર કરવું. અને તેજ રીતે યુનિવર્સિટી ટીચીંગ અને રિસર્ચ માટે અને ૧૯૫૨-૫૩ના રિવાઇઝ્ડ અંદાજમાં રૂા. ૮૬,૦૦૦-૦-૦ મૂકવા અને તેને પણ અલાયદું ખાતું ખોલી તેમાં જમા કરાવવા.

૨. અને ૧૯૫૩-૫૪ના કેપિટલ અંદાજપત્રમાં યુનિવર્સિટી બ્લોક્સ બિલ્ડીંગ માટે રૂા. ૭,૫૦,૦૦૦-૦-૦ નું પ્રોવિઝન છે તે ઉપરાંત લાયબ્રેરી વિન્ગ માટે રૂા. ૫૬,૦૦૦-૦-૦ મંજૂર કરવા.

(સિન્ડિકેટે મંજૂર કર્યા મુજબનું અજેટ અલાયદા છાપવામાં આવ્યું છે)

૪ ગુજરાત યુનિવર્સિટીનો ૧૯૫૨-૫૩ના વર્ષનો એન્યુઅલ રિપોર્ટ ડ્રાફ્ટ કરવા નિમાયેલી કમિટીએ તૈયાર કરેલો એન્યુઅલ રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે એન્યુઅલ રિપોર્ટનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે નિમાયેલી કમિટીની મિટીંગ થઇ શકી નહિ હોવાથી આ કામ મુલતવી રાખવું.

૫ યુનિવર્સિટી ઑબ્જ્યુકેશન કમિશનના રિપોર્ટ અંગે નિમાયેલી સબકમિટિએ યુનિવર્સિટીની આખીયે પરીક્ષા પદ્ધતિનું પુનરાવલોકન કરવા બાબત વિચારણા કરી રિપોર્ટ

કરવા નિમેલી ઉપસમિતિનો અહેવાલ ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર દરેક ઍફિ-લિએટેડ કૉલેજોમાં મોકલવામાં આવ્યો હતો અને તેઓ તરફથી આવેલા અભિપ્રાયો દરેક ફૅકલ્ટીની બેઠક સમક્ષ મૂકવામાં આવ્યા હતા, તે અભિપ્રાયો ઉપર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજો તરફથી લેવાતી પરીક્ષાઓને ૨૦ ટકા સુધી માર્કસ આપવાની પરીક્ષા પદ્ધતિમાં જોગવાઈ કરવાની ઍકેડેમિક કાઉન્સિલ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નામંજૂર કરવો.

૬. ચાઉતર વિદ્યામંડળ દ્વારા ચલાવાતી કૉલેજો માટે રાખેલી અનામત રકમ withdraw કરવા પરવાનગી આપવા બાબતના મજકૂર વિદ્યામંડળના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૪મી માર્ચ ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માગેલી પરવાનગી આપવી.

૯. ટીચીંગ મેડિકલ ઈન્સ્ટીટ્યુશનોને માન્યતા (Recognition) આપવા બાબત તેમજ એપ્રુવ્ડ એપોઇન્ટમેન્ટો બાબતના મેડિકલ ફૅકલ્ટીએ પસાર કરેલા નિયમો જે સિન્ડિકેટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ મોકલ્યા હતા તે બાબતમાં મજકૂર બૉર્ડની નીચે મુજબની ભલામણ તથા તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ નીચે પ્રમાણેના સુધારા સાથે મંજૂર કરવો અને તેને ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવો."

"Conditions recognizing Hospitals for Post-Graduate Work." હેડિંગ નીચેના પેરેગ્રાફ ૨ના અંતમાં નીચે પ્રમાણેના શબ્દો ઉમેરો:

"Such persons are considered as ordinary teachers and their names are included in the roll of teachers for the purpose of elections. However, any such person who have the experience of under-graduate teaching for a period of five years will be considered a Post-Graduate Teacher."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ મંજૂર કરવી અને તે સિન્ડિકેટ તરફ મોકલી આપવી."

(**નોંધ**:-સિન્ડિકેટની તા. ૭-૨-૫૩ની બેઠકમાં મજકૂર પ્રશ્ન વિષે, આ સવાલ, આ નિયમોના ઑર્ડરમાં છે કે કેમ તે બાબત રૂલીંગ આપવા શ્રી. વાઇસ-ચાન્સેલર તરફ મોકલવાનો ઠરાવ કર્યો હતો તે અનુસાર શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલા રૂલીંગની નકલ મોકલવામાં આવી હતી.)

આથી વધુ મતે ઠરાવવામાં આવે છે કે—

૧. મિટીંગમાં થયેલા ફેરફારો સાથે નિયમ નં. ૧ થી ૭ મંજૂર કરવા.

૨. શ્રી. વાઇસ-ચાન્સેલરના રૂલીંગ પ્રમાણે નિયમ નં. ૮ અને તે પછી આવતી શરતો નં. ૧થી ૧૨ જરૂરી ઑર્ડિનાન્સ ઘડ્યા સિવાય પસાર કરી શકાય તેમ નહિ હોવાથી તે નામંજૂર કરવાં.

શ્રી. વાઇસ-ચાન્સેલરના રૂલીંગ પ્રમાણે સિન્ડિકેટનો એવો અભિપ્રાય છે કે "એપ્રુવ્ડ એપોઇન્ટમેન્ટ્સ" માટે એમ. ડી. અને એમ. એસ. ની ડિગ્રીના નિયમોમાં મુંબઈ યુનિવર્સિટીના ઑર્ડિનાન્સ ૩૬૨ અને ૩૭૫ જેવા ઑર્ડિનાન્સો ઘડવા અને ત્યારપછી તે અનુસાર શિક્ષણ નહિ આપતી હૉસ્પિટલમાં થતી કેટલીક નિમણૂકોને "એપ્રુવ્ડ એપોઇન્ટમેન્ટ્સ" ગણવી, ત્યાર પછી આ ઑર્ડિનાન્સો હેઠળ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે રજૂ કરેલી શરતો મંજૂર કરી શકાય અને જો જરૂર લાગે તો શરત નં. ૨માં જણાવેલ મેડિકલ ઑફિસરોને યુનિવર્સિટી ટીચર્સ તરીકે ગણવા બાબત ઑર્ડિનાન્સ ઘડવા.

(મંજૂર થયેલા નિયમ નં. ૧ થી ૭ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવેલા છે.)
કામકાજ નં. ૭ પછી કામકાજ નં. ૧૬ લેવામાં આવ્યું.

૧૬. શૈક્ષણિક સત્રો અંગના ઑર્ડિનાન્સમાં કેટલાક સુધારા સૂચવતા પ્રિન્સિપાલ એન. એમ. શાહના તા. ૧૪મી માર્ચ ૧૯૫૩ના પત્રાંક કે-૮૬૦૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એન. એમ. શાહે સત્રોમાં સૂચવેલા ફેરફાર મંજૂર કરવા અને તે મુજબ ઑર્ડિનાન્સ નં. ૬૭માં ફેરફાર કરવો. સુધારેલા ઑર્ડિનાન્સનો અમલ આજથી કરવો. (આ પ્રમાણે સુધારેલો ઑર્ડિનાન્સ નં. ૬૭ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે આપવામાં આવેલ છે.)

કામકાજ નં. ૧૬ પછી કામકાજ નં. ૯ લેવામાં આવ્યું.

૯. ગુજરાત યુનિવર્સિટીએ નીમેલી Triennial Inspection Committee ના Personnel અંગે તેમજ બીજાં કેટલાંક સૂચનો બાબતના ડૉ. એમ. ડી. અચરેકર તરફથી આવેલા તા. ૧૬મી માર્ચ ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍક્ટની કલમ ૩૬ (૧) મુજબ કૉલેજોમાંથી જે રિપોર્ટ્સ, રિટર્ન્સ અને બીજી હકીકતો મંગાવવાની છે તે નક્કી કરવા ઍકેડેમિક કાઉન્સિલને વિનંતી

કરવી અને ઍકેડેમિક કાઉન્સિલના આ રિપોર્ટ ઉપર સિન્ડિકેટ ઠરાવ કરે નહિ ત્યાં સુધી જે Triennial (Periodical) Inspection કમિટીઓ નીમાઈ છે તેમને તેમનું કામ આગળ નહિ ચલાવવા સૂચના કરવી.

કામકાજ નં. ૯ પછી કામકાજ નં. ૧૧ લેવામાં આવ્યું.

૧૧. ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરને બી.કૉમ. સુધીના અભ્યાસક્રમ માટેનું જોડાણનું એક્સ્ટેન્શન આપવા અંગે સેનેટે નક્કી કરેલી શરતોમાં બીજી શરત જે Professor of Commerce ની નિમણૂક બાબતની છે અને કૉમર્સનો વિષય તો ફક્ત ફર્સ્ટ ઇયર કૉમ માં જ છે, તો આ હકીકત સિન્ડિકેટ સમક્ષ મૂકવા બાબતના બાકેતર વિદ્યામંડળના ચેરમેન શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ તરફથી આવેલા તા. ૧૪-૩-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

શ્રી. બી. ડી. પટેલે પોતાનો પત્ર સિન્ડિકેટ રૂબરૂ પાછો ખેંચી લેવાથી આ કામ પડતું મૂકવામાં આવ્યું.

૮. ૧૯૫૪ના જુનથી રાજકોટ ખાતે શરૂ કરનાર લૉ કૉલેજને ઍફિલિએશન આપવા બાબતની સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૦. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીને બી.એ. (સ્પેશ્યલ) ડિગ્રી ઇન હિન્દી માટે જોડાણનું એક્સ્ટેન્શન આપવા અંગે સિન્ડિકેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૩-૩-૧૯૫૩ના પત્રાંક ૪૮૯૨/૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારને આ પ્રમાણે ખબર આપવી.

૧૨. યુનિવર્સિટીની ઍફિલિએટેડ કૉલેજો તેમજ માન્ય થયેલી સંસ્થાઓના શિક્ષકોની Terms and conditions of service જે આ યુનિવર્સિટીના પરિપત્ર નં. SYN/૧૭૮૬ તા. ૯-૭-૫૧થી નક્કી કરેલા છે તેના નિયમ ૨ (૧) પ્રમાણે. જો કોઈ શિક્ષક માર્ચ માસમાં રિટાયર થતા હોય તો તેમને, વેકેશનનો પગાર આપવો કે કેમ તે અંગે સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર તરફથી આવેલા પત્ર અંગે તેમજ આવાજ એક કેસમાં મુંબઇ યુનિવર્સિટીએ વેકેશનનો પગાર આપી શકાય એવું જણાવ્યું છે, એમ જણાવતા પ્રિન્સિપાલ પી. એમ. મોદીના પત્ર અંગે મુંબઇ યુનિવર્સિટી તરફ લખતાં તેઓ તરફથી આવેલા તા ૨૧/૨૩ ફેબ્રુઆરિ ૧૯૫૩ તેમજ ૪થી માર્ચ ૧૯૫૩ના પત્રાંક અનુક્રમે ૪૬૭૭ તેમજ ૫૬૩૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૩ સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેના ઠરાવો રજૂ કરવા બાબતના શ્રી. અ. ક. ત્રિવેદીના પત્રઃ

MOTION (1)

The Senate reconsiders the condition imposed on the B. J. Vanijya Mahavidyalaya, Vallabh Vidyanagar, that a Professor of Commerce be appointed in that College before 15-6-1953, and resolves that the condition be cancelled.

MOTION (2)

The Senate views with displeasure the Report of the B. J. Vanijya Mahavidyalaya, Vallabh Vidyanagar, which was drawan up in violation of the existing rules which do not require a Professor of Commerce and yet a Professor was insisted upon by the Local Inquiry Committee with the result that the Senate has to face a situation in which reconsideration of its resolution on the subject has to be made on ground of an obvious error, the acceptance of which would result in injustice to the B. J. Vanijya Mahavidyalaya.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી એમ સેનેટને જણાવવું.

૧૪. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. અ. ક. ત્રિવેદીનો પત્રઃ

"The Senate desires that Senior Supervisors and Junior Supervisors at all examinations, and Expert Assistants and Laboratory Assistants at examinations in Science at different centres should be selected from all the colleges affiliated to the Gujarat University and not simply from the college or colleges where the examination is conducted, and that for the sake of convenience, the Chief control at any centre in any College may be given to the Principal or a Professor of the same.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી એમ સેનેટને જણાવવું.

૧૫. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ તા. ૧૪મી નવેમ્બર ૧૯૫૨ના રોજ પસાર કરેલા નીચે મુજબના ઠરાવ અંગે આ યુનિવર્સિટી આ ઠરાવમાં જણાવેલા સૂચન અંગે સંમત છે કે કેમ તે બાબતમાં રિમાર્કસ મોકલવા બાબતના બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલના તા. ૧૨મી માર્ચ ૧૯૫૩ના પત્રાંક ૨-૧૧૬૮ ઉપર વિચારણા કરવા બાબત.

મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાનો ઠરાવ

"2. The Executive Committee further recommends that the Medical Colleges might be permitted to admit each year additional number of students not exceeding 25% over and above the number approved by the Council for each institution.

3. The number of admission as arranged above may be allowed for five years."

અને

૪૮. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ કૉલેજોમાં વિદ્યાર્થીઓને અપાતી Instructions અંગે ડબલ શિફ્ટ ચલાવવા બાબતમાં કરેલા ઠરાવને આ યુનિવર્સિટીએ એડોપ્ટ કરવા મોકલ્યા બાબતના તેમજ તે અંગે યુનિવર્સિટીએ પોતાની મેડિકલ કૉલેજમાં આવી છૂટ આપતાં પહેલાં વિચારી જોવાના કેટલાક પ્રશ્નો બાબતના મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૩મી જાન્યુઆરિ ૧૯૫૩ના પત્રો ઍફ. ૩૮-ઍફ.-૫૨ ૩૫૩૦ અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર મેડિકલ ફૅકલ્ટીના નીચે મુજબના અભિપ્રાય:

(નોંધ:- આ પત્ર અંગે ફૅકલ્ટી ઑફ મેડિસિનના ડીનનો અભિપ્રાય નીચે મુજબ હતો:

"The Inspection Committee, particularly Dr. Tilak recommended V. S. Hospital for Midwifery Teaching and also the Clinical Material of the V. S. Hospital will be very useful if the Hospital is affiliated for under-graduate teaching. There are 325 beds as compared to about 305 at the Civil. It is therefore, advisable to have these beds at the V. S. Hospital utilized for clinical work. Also it will permit more students to be admitted if laboratory facilities are available.

As regards the double shift and admission the Hospital Authorities may be informed.")

મેડિકલ ફૅકલ્ટીના અભિપ્રાય

"Resolved to recommend to the Syndicate that (1) double shift system in instruction to Medical Students at the B. J. Medical College, Ahmedabad, is impossible to be introduced at present (2) that the question to admit each year additional number of students not exceeding 25% over and above the number approved by the Council will be considered when the College is shifted to the new premises."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં મેડિકલ ફૅકલ્ટીનો અભિપ્રાય સ્વીકારવો.

૧૯. મુંબઇ યુનિવર્સિટીની બીજી એલ. એલ. બી. ની પરીક્ષાના એક ગ્રુપમાં પસાર થઇ બીજા ગ્રુપનોજ ભાગ પરીક્ષા આપવાની હોઇ, તે પરીક્ષા (મુંબઇ યુનિવર્સિટીની) આપવા દેવા પરવાનગી આપવા બાબતની જુનિયર કલાર્ક શ્રી. એમ ડી. ત્રિવેદીની તા. ૧૪-૩-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. ડી. ત્રિવેદીની વિનંતી મંજૂર કરવી.

૨૮. એસ. બી. ગાર્ડા કૉલેજ, અને બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટીટ્યૂટ, નવસારીને, Social Education ના સારા કાર્ય માટે મુંબઇ સરકારના કેળવણી ખાતા તરફથી નીચે મુજબ Merit Certificate મળ્યું છે, તેની સિન્ડિકેટને જાણ કરવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૨-૩-૧૯૫૩ના પત્રાંક ૪૮૬૭/૫૨-૫૩.

Certificate of Merit

"This certificate of Merit is awarded to the S. B. Garda College, Navsari, District Surat, for the good work that is being done by it in the field of Social Education through the cooperation of its teachers and students and for having made 35 persons literate during the period from 1st April 1951 to 31st March 1952.

Government is pleased to record its appreciation of the spirit of Social service displayed by this Institution."

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફ્તરે કરવા.

૨૯. ગુજરાત યુનિવર્સિટીમાં ભણાવાતા વિવિધ વિષયોની પરિભાષા નક્કી કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલે નિમેલી ફૅકલ્ટીઓની સમિતિઓની સંયુક્ત બેઠકમાં થયેલી નીચે મુજબની ભલામણો :-

ભલામણો

૧. પરિભાષા સંબંધી વિચાર કરવા બાબત "Glossary of Scientific Terminology" by P. G. Shah ની નકલો કમિટીના દરેક સભ્યને મોકલવી.

૨. દરેક ફૅકલ્ટીએ નિમેલી સમિતિએ મજકૂર કામ માટે જોઈતા પુસ્તકોની યાદી પંદર દિવસમાં યુનિવર્સિટીને મોકલી આપવી અને યુનિવર્સિટીએ તે પુસ્તકો મંગાવી સમિતિને મોકલી આપવાં. સમિતિએ તે કામ પુરૂં થયે તે પાછાં ઑફિસને સુપ્રત કરવાં.

૩. દરેક ફૅકલ્ટીની આવી સૂચિ તૈયાર કરવા માટે યોગ્ય સ્નાતક અથવા અનુસ્નાતક વિદ્યાર્થીને યોગ્ય સમય માટે તે તે ફૅકલ્ટીના સભ્યની દોરવણી નીચે પરિભાષાની સૂચિ તે તૈયાર કરવાના કાર્ય માટે મદદનીશ તરીકે નીમવા. આવી નિમેલી વ્યક્તિને યોગ્ય મહેનતાણું આપવું જોઈએ એમ આ સમિતિનું દૃઢ મંતવ્ય છે.

૪. વધુમાં આ સમિતિ સર્વાનુમતે ઠરાવે છે કે આ સંબંધી સૂચિઓ તૈયાર કરવા માટે નીચે મુજબનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તે ખર્ચ યુનિવર્સિટીએ મંજૂર કરવોઃ

૧. રૂા. ૫,૦૦૦-૦-૦	અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, હિન્દી, અને બંગાળીના પુસ્તકો જે તે વિષયમાં સૂચિઓ તૈયાર કરવા માટે ખરીદવા સંબંધી.

૨.	રૂા. ૫,૦૦૦-૦-૦	આર્ટ્સ ફૅકલ્ટીમાં શીખવાતા વિષયોની સૂચિની તાત્કાલિક જરૂરિયાત હોવાથી પરિભાષા નક્કી કરવા સંબંધના મુખ્ય પાંચ વિષયો માટે રૂા. ૧,૦૦૦-૦-૦ દરેકના લેખે. આ ખર્ચ જે મદદનીશ વ્યક્તિને નિમવામાં આવે તેના વેતન માટે, (આશરે રૂા. ૭૫-૦-૦ થી ૧૦૦-૦-૦ માસિક) વાપરવાનો અંદાજ ધ્યાનમાં લઈ નક્કી કરવામાં આવ્યો છે.
૩.	રૂા. ૨૫,૦૦૦-૦-૦	ઉપરના ધોરણ મુજબ દરેક ફૅકલ્ટીની સૂચિ તૈયાર કરવા માટે રૂા. ૫,૦૦૦-૦-૦ લેખે પાંચ ફૅકલ્ટી. (વિજ્ઞાન, વાણિજ્ય, ખેતીવાડી, ઈજનેરી અને દાક્તરી) માટે ૧૯૫૩-૫૪ના વર્ષ માટે મંજૂર કરવા બાબત.
૪.	રૂા. ૧૨,૦૦૦-૦-૦	દરેક ફૅકલ્ટીના પરચુરણ ખર્ચ બાબત દરેક ફૅકલ્ટી દીઠ રૂા. ૨,૦૦૦-૦-૦ લેખે.
કુલ ..	રૂા. ૪૭,૦૦૦-૦-૦	

(તા. ક : આર્ટ્સ ફૅકલ્ટીના વિષયોની સૂચિઓ તાકીદે જરૂરિયાત હોવાથી તે આર્ટ્સ ફૅકલ્ટીના વિષયો માટે સૂચિ તૈયાર કરવા માટે રજૂ કરેલા રૂા. ૫,૦૦૦-૦-૦ના અંદાજની રકમ તાકીદે યુનિવર્સિટીએ મંજૂર કરવી એમ આ સમિતિ ઠરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

2. History of Indian Philosophy (One Paper)
3. Moral Philosophy (One Paper)
4. Psychology (One Paper)

II Optional Papers

(Optional with 4 papers in Sociology)

1. Natural Theology or Indian Theism.

2–3. Any two of the following philosophies, one from each group :–

Group A.

1. The Philosophy of Plato
2. The Philosophy of Aristotle
3. The Philosophy of Kant
4. The Philosophy of Bradley
5. The Philosophy of Bergson
6. The Philosophy of Russell

Group B.

1. Sankhya and Yoga.
2. Bauddha Darshana.
3. The Advaita of Shankaracharya.
4. The Advaita of Ramanujacharya.
5. The Advaita of Vallabhacharya.
6. Jainism.
7. Geeta.

4. Essay.

B. ENTIRE PSYCHOLOGY (Eight Papers)

1. General Psychology

2. Social Psychology
3. Educational Psychology
4. Industrial Psychology
5. Abnormal Psychology
6. Animal Psychology
7. Schools of Psychology and History of Psychology.
   or
   Experimental Psychology.
8. Essay.

Note :-Statistical and Graphical questions shall not be set at the Examination.

પરિશિષ્ટ "જ"

કામકાજ નં. ૫૭

ગુજરાત યુનિવર્સિટીની બિલ્ડીંગ કમિટીની સભા તા. ૨૭-૩-૧૯૫૩ને શુક્રવારના રોજ સાંજે ૬-૦૦ વાગે યુનિવર્સિટીની ઑફિસમાં મળી હતી. તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	ગેરહાજર,
૨.	શ્રી. કસ્તુરભાઇ લાલભાઈ	હાજર,
૩.	શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ	ગેરહાજર,
૪.	શ્રી. બી. કે. મુઝુમદાર	હાજર,
૫.	શ્રી. જી. એસ. દેસાઇ	હાજર,
૬.	ચિફ ઍન્જિનિયર ટુ ધી ગવર્મેન્ટ ઑફ બૉમ્બે	ગેરહાજર,

શ્રી. વાઇસ-ચાન્સેલરની ગેરહાજરીમાં શ્રી. કસ્તુરભાઈ લાલભાઈએ સભાનું પ્રમુખસ્થાન લીધું.

૧. તા. ૮-૭-૧૯૫૨ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની મિનિટ્સને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. ચેરમેને તેના ઉપર સહી કરી.

૨. યુનિવર્સિટી આર્કિટેક્ટ શ્રી. આત્મારામ એમ. ગજજરના પત્ર નં. ૧૨૨૨-૫૨-૫૩ તા. ૨૦-૨-૧૯૫૩ના પર વિચારણા કરવા બાબત.

નોંધ:- આ કામ તા ૭-૩-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની સભા સમક્ષ મૂકવામાં આવ્યું હતું અને કરાવ અનુસાર બિલ્ડીંગ કમિટી તરફ રિપોર્ટ માટે મોકલી આપ્યું હતું. મિ. મહેતા પાસે આર. સી. સી. ના કામના પ્લાન કરાવી તેમના મહેનતાણાના રૂા. ૩૦૦૦-૦-૦ આપવામાં આવેલા છે તે અંગે જે પરિસ્થિતિ ઉભી થઈ છે તે બાબતનો વિચાર કરવામાં આવ્યો. મિ. મહેતાએ આર. સી. સી. ના પ્લાન્સ પૂરેપૂરા કરેલા છે, એટલું જ નહિ પણ લોખંડ અને સિમેન્ટ મેળવવા માટે તે પ્લાન વેળાસર રજૂ કરવાની ખાસ આવશ્યકતા હતી અને એ પ્લાન્સ તૈયાર ન હોત તો સિમેન્ટ અને લોખંડ વેળાસર મળ્યાં ન હોત. શ્રી જી. એસ. દેસાઇએ સમિતિને જણાવ્યું કે અમદાવાદમાં જ્યાં જ્યાં મકાનો બંધાય છે ત્યાં ત્યાં જમીન સ્કવેર ફૂટે બે ટન વજન લઇ શકશે એવી માન્યતા રાખવામાં આવે છે અને ૧૦૦માં ૯૯ જણાએ એ પ્રમાણેનું વજન લઇ શકાય છે. એ કારણને લઇને મિ. મહેતાએ જે પ્લાન્સ તૈયાર કરેલા છે તે બે ટનના હિસાબે કરેલા છે. ત્યાર પછી તે માંઢા પડયા અને પાયા ખોદાવવાના શરૂ કરવામાં આવ્યા ત્યારે ખબર પડી કે આપણે જે સાઈટ ઉપર મકાન બાંધવાના છીએ તે સાઈટ ૧½ ટનથી વધુ વજન લઇ શકે તેમ નથી. એટલે ૧½ ટનનું વજન લઇ શકે તે પ્રમાણેના

પ્લાન્સ મિ. સબનીસ પાસે તૈયાર કરાવ્યા કારણ કે મિ. મહેતા કરી શકે તેવી પરિસ્થિતિમાં ન હતા. શ્રી. કસ્તુરભાઇનું માનવું એવું હતું કે મિ. મહેતાને તેમના કામ પેટે રૂા. ૩૦૦૦–૦–૦ અપાવવામાં શ્રી. આત્મારામ ગજ્જરે કાંઇક ઉતાવળ કરી છે અને મિ. મહેતાની શારીરિક પરિસ્થિતિ બરાબર નહિ હોવાથી અને પ્લાન્સ બીજે તૈયાર કરવાની જરૂર પડી હોવાથી મિ. મહેતાને આપેલા રૂા. ૩૦૦૦–૦–૦ના મહેનતાણામાંથી રૂા. ૧૫૦૦–૦–૦ શ્રી. ગજ્જરે જોડવા અને તેમ કરવા તેમણે તેમની ખુશી બતાવી છે.

શ્રી. ગિરીશચંદ્ર અને શ્રી. મુકુમદારે એમ કહ્યું કે આવા ગેડવાન્સ પેમેન્ટ આપવાનું સામાન્ય છે અને જો ૧½ ટનના વજનનો સવાલ ઉભો થયો ન હોત તો આર સી. સી. ના પ્લાન્સ ફરી વખત બનાવવાની જરૂર પડી ન હોત. આ ૧½ ટનના વજનની વાત એવી અણધારી છે કે અમદાવાદમાં કામ કરતો કોઇ આર્કિટેકટ સામાન્ય રીતે એને ગણત્રીમાં ન લઇ શકે, અને જો ૧½ ટનના વજનના પ્લાન્સ શ્રી. જે. કે. મહેતા પાસે બનાવરાવ્યા હોત તો તે માટે તેઓ પણ વધારે મહેનતાણું માગત.

સઘળી વસ્તુસ્થિતિ ધ્યાનમાં લેતાં શ્રી આત્મારામ ગજ્જર ઉપર આવી જાતનો બોજો નાખવો મુનાસિબ નથી તેથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે રૂા. ૩૦૦૦–૦–૦ શ્રી. મહેતાને આપ્યા છે તે અંગે હવે કાંઇ કરવાનું રહેતું નથી.

૩. યુનિવર્સિટી આર્કિટેકટ શ્રી. આત્મારામ એમ. ગજ્જરના પત્ર નં. ૧૨૨૩–૫૨–૫૩, તા. ૨૧–૨–૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

નોંધ:– આ કામ તા. ૭–૩–૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની સભા સમક્ષ મૂકવામાં આવ્યું હતું અને તેના ઠરાવ અનુસાર બિલ્ડીંગ કમિટી તરફ રિપોર્ટ માટે મોકલી આપ્યું હતું.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સબનીસના મહેનતાણાના દર તેમના નં. ૧૪/૨/૫૬૮ તા. ૧૪–૨–૧૯૫૩ના કાગળમાં જણાવ્યા મુજબના મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ છે.

મજકૂર દર નીચે પ્રમાણે છે:

૧. આર. સી. સી. ના કુલ કામના ખર્ચ ઉપર ૧½ ટકા.

૨. જગાની વિઝીટ માટે રોજના રૂા. ૫૦–૦–૦ તથા જતાં આવતાંનું સેકન્ડ કલાસ ટ્રેનભાડું તથા બાધાખોરાકી, વાહન વગેરેનો જે કાંઇ ખર્ચ થાય તે.

૪. યુનિવર્સિટી આર્કિટેકટ શ્રી. આત્મારામ એમ. ગજ્જરના પત્ર નં. ૧૨૫૩ તા. ૯–૩–૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. આત્મારામ એમ. ગજ્જરના સર્ટિફિકેટ નં. ૨ના આધારે મેસર્સ ગેનન ડંકર્લી એન્ડ કું. લિ. નું બીલ મંજૂર કરવું.

૪–૪–૧૯૫૩

૫. યુનિવર્સિટી બિલ્ડીંગ સુપરવાઇઝર શ્રી. એમ. એમ. મહેતાના તા. ૧૨–૩–૧૯૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૬. શ્રી. આત્મારામ એમ. ગજજરના પત્ર નં. ૧૨૬૨ તા. ૧૩–૩–૧૯૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે લાયબ્રેરી વિંગનું ૨૨'–૬" જેટલું બાંધકામ શરૂ કરવું તથા તેના અંદાજે થતા ખર્ચની રૂા. ૫૫,૮૫૦–૦–૦ મંજૂર કરવા.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

અમદાવાદ, ભદ્રિકલાલ અંબાલાલ પરેલ

તા. ૩૦–૪–૧૯૫૩ રજિસ્ટ્રાર.

ખાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શુક્રવાર તા. ૧૯-૬-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી.

૧. શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨. શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩. ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪. શ્રી. બી. કે. મુન્શીમદાર	ગેરહાજર,
૫. શ્રી. બદુભાઇ એચ. દેસાઇ	હાજર,
૬. શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	ગેરહાજર,
૭ શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૮. શ્રી. મગનભાઇ પ્ર દેસાઇ	હાજર,
૯. શ્રીમતી ઇન્દુમતીબહેન ચીમનલાલ	ગેરહાજર,
૧૦. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૧૧. શ્રી. પોપટલાલ જી. શાહ	હાજર,
૧૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૧૩. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૪. પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫. પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૬. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	હાજર,

સભામાં કોરમ નહિ હોવાથી મિટીંગ શનિવાર તા. ૨૦-૬-૧૯૫૩ના રોજ બપોરના ૧-૩૦ કલાકે બોલાવવાનું અને તેની બધા સભાસદોને ખબર આપવાનું ઠરાવવામાં આવ્યું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

અમદાવાદ,
તા. ૨૬-૬-૧૯૫૩.

ખાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની શુક્રવાર તા. ૧૯-૬-૧૯૫૩ના રોજ કોરમના અભાવે મુલતવી રહેલી ખાસ સભા શનિવાર તા. ૨૦-૬-૧૯૫૩ના રોજ બપોરના ૧-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુન્શી	ગેરહાજર,
૫	શ્રી. બટુભાઇ એચ. દેસાઇ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	ગેરહાજર,
૭.	શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૮.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૯.	શ્રીમતી ઇન્દુમતીબહેન ચીમનલાલ	ગેરહાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	હાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	હાજર.

૨. ગુજરાત યુનિવર્સિટીનો ૧૯૫૨-૫૩ના વર્ષનો એન્યુઅલ રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે એન્યુઅલ રિપોર્ટ મંજૂર કરવો અને સેનેટ તરફ મોકલી આપવો. (વાર્ષિક રિપોર્ટ અલાયદો છાપવામાં આવ્યો છે.)

૩. યુનિવર્સિટીની ઍફિલિએટેડ કૉલેજો તેમજ માન્ય થયેલી સંસ્થાઓના શિક્ષકોની terms and conditions of service જે આ યુનિવર્સિટીના પરિપત્ર નં. Syn/૧૦૮૦૬ તા. ૬-૭-૧૯૫૧થી નક્કી કરેલા છે તેના નિયમ ૨ (૧) પ્રમાણે, જે કોઇ શિક્ષક માર્ચ માસમાં રિટાયર થતા હોય તો તેમને, વેકેશનનો પગાર આપવો કે કેમ તે અંગે સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર તરફથી આવેલા પત્ર અંગે તેમજ આવા જ એક કેસમાં મુંબઇ યુનિવર્સિટીએ વેકેશનનો પગાર આપી શકાય એમ જણાવ્યું છે, એમ જણાવતા પ્રિન્સિપાલ પી. એમ. મોદીના પત્ર અંગે મુંબઇ યુનિવર્સિટી તરફ લખતાં તેઓ તરફથી આવેલા તા. ૨૨/૨૩ ફેબ્રુઆરી ૧૯૫૩ તેમજ ૪થી માર્ચ ૧૯૫૩ના પત્રાંક અનુક્રમે ૪૯૭૭ તેમજ ૫૬૩૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં વેકેશનનો પગાર આપી શકાય નહિ એમ જવાબ આપવો.

૪. બી.એ. માં અંગ્રેજીના વિષયમાં પેપર-સેટર તરીકે નિમાયેલા શ્રી. એફ. કોરીયા આફ્રાન્સોએ પેપર-સેટર્સને આપવામાં આવતા ટી. એ. અંગેના નિયમ ૨ ના misreading ને લીધે પહેલા વર્ગમાં મુસાફરી કરી હતી તો તેમને પહેલા વર્ગનું ટી. એ. આપવા બાબતના તેઓ તરફથી આવેલા તા. ૧૨મી માર્ચ ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એફ. કોરીયા આફ્રાન્સોની વિનંતી માન્ય રાખવી નહિ.

૫. એસ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદને હિંદીમાં બી.એ. (સ્પેશિયલ અને જનરલ) ડિગ્રીના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨-૫-૧૯૫૩ના પત્રાંક ૩૦૬૫-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને અભર આપવી.

૬. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદનું ઇન્ટર કૉમર્સ સુધીના અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા અને બી.કૉમ. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો માટે જોડાણનો વધારો આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૭-૫-૧૯૫૩ અને તા. ૧૫-૫-૫૩ ના અનુક્રમે પત્રાંક એફી-૨૧૨ અને એફી-૨૪૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૧. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૧-૫-૧૯૫૩ના પત્રાંક ૭૬-૫૩ (આર્ટ્સ સેક્શન) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૨. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદનું બી.એડ. (B.Ed) ડિગ્રી સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૮-૫-૫૩ ના પત્રાંક ૧૧૨-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૩. મોરબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીનું એફ. ઇ. (સિવિલ, મિકેનીકલ અને ઇલેકટ્રીકલ) સુધીના અભ્યાસક્રમ માટેનું જોડાણ ચાલુ રાખવા અને એસ. ઇ. (સિવિલ, મિકેનીકલ અને ઇલેકટ્રીકલ) સુધીના અભ્યાસક્રમ માટે જોડાણનો વધારો આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૬-૫-૧૯૫૩ના પત્રાંક એમ. ટી. ૬૩૮૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૪. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદનું બી.એસ.સી. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના નડિયાદ એજ્યુકેશન સોસાયટીના ચેરમેન તરફથી આવેલા તા. ૨૦-૫-૧૯૫૩ના પત્રાંક ૨૯૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૫. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા (સૌરાષ્ટ્રને) ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમ માટે જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી

કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૪/૧૮-૫-૧૯૫૩ના પત્રાંક ૨૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી, પણ કૉલેજના સત્તાવાળાઓનું ધ્યાન ખેંચવું કે પ્રોફેસરને ઑનરરી પ્રોફેસર કહીને તેઓ યુનિવર્સિટીએ નક્કી કરેલા પગારના ધોરણથી ઓછો પગાર આપી શકે નહિ.

૧૬. ઇન્ટરમિડિયેટ કૉલેજ, ભૂજ-કચ્છ ને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને ફર્સ્ટ ઇયર ગ્રુપ બી. સુધીના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના કચ્છ સરકારના ચિફ સેક્રેટરી તરફથી આવેલા તા. ૮-૫-૧૯૫૩ના પત્રાંક જી-૧૫-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૭. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતને બી. કૉમ. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨૫-૫-૧૯૫૩ના પત્રાંક ૯૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને એમ.બી.,બી.એસ. ડિગ્રી સુધીના અભ્યાસક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨૫-૫-૧૯૫૩ના પત્રાંક ૪ એફી. ૨૪૯૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૯. તા. ૬-૨-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટના નિર્ણયાનુસાર મેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદને બી. જે. મેડિકલ કૉલેજના અન્ડર-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને માનસિક રોગો અંગેની તાલીમ આપવા માટે રેકગ્નીશન આપવા બાબત સેનેટે નક્કી કરેલી શરતોમાંની પાલન કરવાની બાકી રહેલી શરતો સત્વરે પૂર્ણ કરવા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલને લખતાં તેના જવાબમાં આવેલ તા. ૧૦/૧૨-૩-૧૯૫૩ના અને તા. ૧૩-૫-૫૩ના અનુક્રમે રેફરાંક 4(Affl)MH/1150 અને પત્રાંક 4/Affl/MH/2266 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલના કાગળની નોંધ લેવી.

૩૬. યુનિવર્સિટી ઑફિસમાં ટાઇપિંગ સેક્શનમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. વી. પી. શાહે, તેમણે ઇન્ટર આર્ટ્સમાં આગળ અભ્યાસ કરવા કરેલી વિનંતી સિન્ડિકેટે નામંજૂર રાખી હતી છતાં યે, તેમણે નિયમિત કૉલેજ ભરી વિદ્યાભ્યાસ ચાલુ રાખેલ છે તો તે અંગે ઘટતાં પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટાઇપિસ્ટ શ્રી. વી. પી શાહ, યુનિવર્સિટી ઑફિસમાં ૧૧-૦ વાગે હાજરી આપતા હોવા છતાં તેઓએ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં નિયમિત હાજરી કેવી રીતે આપી તે બાબત તેમનો ખુલાસો માંગવો.

૩૭. લાયબ્રેરી વિન્ગ, બે એડમિનિસ્ટ્રેટિવ વિન્ગને મળતી હોવાથી તેને માટે જુદાં આર.સી.સી. ડિઝાઇન્સ અને કેલ્કયુલેશન્સ કરાવવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી માટે એડમિનિસ્ટ્રેટિવ વિન્ગનાં આર.સી.સી. ડિઝાઇન્સ અને કેલ્કયુલેશન્સ લાયબ્રેરી વિન્ગ માટે કામમાં લેવાં અને સેનેટ હૉલ માટેનાં આર સી.સી. ડિઝાઇન્સ અને કેલ્કયુલેશન્સ કરાવવાનું મંજૂર કરવું એવા તા. ૪-૪-૧૯૫૩ની સિન્ડિકેટમાં થયેલા ઠરાવની જાણ યુનિવર્સિટી આર્કિટેક્ટ શ્રી. એ. એમ. ગજજરને કરતાં તેના જવાબમાં તેમના તરફથી આવેલા તા. ૧૪-૬-૧૯૫૩ના પત્રાંક ૧૩૧૯-૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ બિલ્ડીંગ કમિટી તરફ અભિપ્રાય માટે મોકલવો.

૪૧. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. હરિસિંહ ઠાકોરનું રાજીનામુ મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૨. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યા હવે ખાલી પડેલી હોવાથી તે જગ્યા ઉપર બીજી નિમણૂક કરવા અંગેના પ્રશ્ન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ જગ્યા માટે પહેલાં મુજબની શરતોએ જાહેર ખબર આપી અરજીઓ મંગાવવી.

૪૩. શ્રી. હરિસિંહ છો ઠાકોરની જગ્યાએ ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડ ઉપર આ યુનિવર્સિટીનો પ્રતિનિધિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૪. તા. ૧-૫-૧૯૫૩થી રાજીનામું આપી છૂટા થયેલા યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન, શ્રી. હરિસિંહ છો. ઠાકોરની યુનિવર્સિટીમાં જમા થયેલો પ્રોવિડંટ ફંડની રકમ આપવા બાબતની તેમની તા. ૯-૫-૧૯૫૩ની આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે તેમની પોતાની પ્રોવિડંટ ફંડના ફાળાની રકમ પાછી આપવી.

૪૫. યુનિવર્સિટી લાયબ્રેરીના છૂટા થયેલા પટાવાળા શ્રી. નાથાલાલ ખીમજી રંડોડને તેમને ખાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમ પોતાને આપવા બાબતની તા. ૨૬-૪-૧૯૫૩ ની આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે તેમની પોતાની પ્રોવિડંટ ફંડના ફાળાની રકમ પાછી આપવી.

૪૬. પોતે, પોતાની પત્ની તથા બેબી માંદાં હોવાથી અને તે અંગે દવા વગેરેના કેટલાંક બિલ ડૉક્ટર વિગેરેને ચૂકવવાનાં હોવાથી અને કેટલીક દવાઓ અંગેનું અર્ધ ઠરવાનું હોવાથી પોતાની જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમમાંથી રૂા. ૧૦૦-૦-૦ની લોન આપવા બાબતની યુનિવર્સિટી ઑફિસમાં સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. ડી. ભગતની અરજી.

(નોંધ:-તા. ૨૧/૨૨-૧૧-૧૯૫૨ના રોજ મળેલી સિન્ડિકેટના નિર્ણયાનુસાર શ્રી. ભગતને રૂા. ૫૦-૦-૦ની લોન આપેલી જે પૈકે રૂા. ૨૫-૦-૦ પરત આવતાં તેમના ખાતે હાલ રૂા. ૧૧૦-૬-૦ જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માગ્યા મુજબની લોન આપવી.

૪૭. પોતાની માંદગીના આકસ્મિક ખર્ચને અંગે ઉછીની લીધેલી રકમ પરત કરવાની હોવાથી પોતાની જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમમાંથી રૂા. ૪૦-૦-૦ની લોન આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. વી. એમ. વ્યાસની અરજી.

(નોંધ:-તા. ૨૧/૨૨-૧૧-૧૯૫૨ના રોજ મળેલી સિન્ડિકેટના નિર્ણયાનુસાર શ્રી. વ્યાસને રૂા. ૫૦-૦-૦ની લોન આપેલી જે પૈકે રૂા. ૧૫-૦-૦ પરત આવતાં તેમના ખાતે કુલ રૂા. ૬૭-૯-૦ જમા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માગ્યા મુજબની લોન આપવી.

૪૮. સેકન્ડ ગુજરાત રિસર્ચ વર્કર્સ કોન્ફરન્સ અંગે થયેલા ખર્ચમાં ખૂટતી રકમ પેટે યુનિવર્સિટીએ રૂા. ૧૫-૦-૦ની વધારાની ગ્રાન્ટ આપવા અને ભવિષ્યમાં ગુજરાત રિસર્ચ વર્કર્સ કોન્ફરન્સનું કામકાજ યુનિવર્સિટીએ ચલાવવા બાબત શ્રી. પી. જી. શાહના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી રકમ પેટે રૂા. ૧૫-૦-૦ની વધારાની ગ્રાન્ટ મંજૂર કરવી અને ભવિષ્યમાં ગ્રાન્ટ આપવાનો સવાલ આવતી મિટીંગ આગળ રજૂ કરવો.

૪૯. તા. ૧૪-૨-૧૯૫૩થી જે. જે. સ્કુલ ઑફ આર્ટ્સ, મુંબઇમાં સાયન્સના લેકચરર તરીકે કામચલાઉ નિમાયેલા શ્રી. આર. જી. નાયકને તે નિમણૂક થયા પછી ફર્સ્ટ સાયન્સની પરીક્ષા અંગે મિટીંગમાં હાજરી આપવા મુંબઇ હેડ કવાર્ટર્સથી અમદાવાદ મુસાફરી કરવી

પડેલી તો તે અંગે તેમને મુસાફરીનું અર્ચ લેવાની પરવાનગી આપવા બાબત તેમના તા. ૨૪-૪-૧૯૫૩ના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-પરીક્ષકોને મુસાફરી ભથ્થું કયા સ્થળેથી આપવું તેનો સ્કેલ ઑફ રેમ્યુનરેશનમાં ઉલ્લેખ નથી, પરંતુ પરીક્ષક તરીકે તેમની નિમણૂક થાય ત્યારે તેમનું જે રહેઠાણ હોય તે રહેઠાણથી મુસાફરી ભથ્થું અપાય છે. શ્રી. આર. જી. નાયકનું રહેઠાણ નિમણૂક વખતે અમદાવાદ હતું અને તે પછી મુંબઈ બદલી થઈ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જી. નાયકની વિનંતી માન્ય રાખવી.

૫૦. ૧૯૫૨-૫૩ના વર્ષ માટે સિન્ડિકેટે મંજૂર કરેલા સ્કેલ ઑફ રેમ્યુનરેશન ટુ એકઝામિનર્સમાં એમ.એસ.સી. નો પરીક્ષાના બૉર્ડ ઑફ પેપર-સેટર્સના ચેરમેનના મહેનતાણા અંગેનો પ્રોવિઝન નહિ હોવાથી સિન્ડિકેટે તે પરીક્ષાના થિયરી અને પ્રેકટીકલના બૉર્ડ ઑફ પેપર-સેટર્સના ચેરમેનનું મહેનતાણું ઓછામાં ઓછું રૂા. ૧૦૦-૦-૦ મંજૂર કરી આપવા બદલ ફૅકલ્ટી ઑફ સાયન્સના ડીન અને મજકૂર બૉર્ડના ચેરમેન તરફથી આવેલા તા. ૨૧-૫-૧૯૫૩ના પત્રાંક ૮૧૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ સાયન્સના ડીનની સૂચના મંજૂર કરવી.

૫૧. ટ્રેનીંગ કૉલેજોમાં અને બી. ટી. કૉલેજોમાં હિંદીને ફરજિયાત વિષય તરીકે રાખવા બાબતની હિંદી શિક્ષણ સમિતિની ભલામણ ઉપર આ યુનિવર્સિટીએ વિચારણા કરી યોગ્ય પગલાં લેવા બાબતના મુંબઈ સરકારના શિક્ષણ ખાતાના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૫૨ના પત્રાંક એચ.એમ.ઇ. ૧૩૫૨-એચ. અંગે ઍજ્યુકેશનની બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણને સિન્ડિકેટે મજકૂર બૉર્ડ ઉપર ફરી વિચારણા માટે મોકલી હતી તે અંગે બૉર્ડની ભલામણ.

ભલામણ

"૧ આથી ઠરાવવામાં આવે છે કે બીજી કોઇ ભાષાને અભ્યાસક્રમમાં અભ્યાસના વિષય તરીકે સ્થાન આપવામાં આવ્યું નથી એ જોતાં અભ્યાસના વિષય તરીકે હિંદીને ફરજિયાત દાખલ કરવામાં ઔચિત્ય નથી તેમ છતાં કૉલેજો (સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કૉલેજો)ને કોઇ પ્રકારે હિંદીનું શિક્ષણ આપવાની યુનિવર્સિટી ભલામણ કરે તો તે યોગ્ય થશે એવો આ બૉર્ડનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવી.

૫૨. ગઇ સાલની માફક આ સાલે પણ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં વિદ્યાર્થીઓના એડમિશનની સંખ્યા ૫૦થી વધારીને ૬૦ની કરી આપવા બાબતના મુંબઇ

સરકારના સર્જન જનરલનાં તા. ૨૪-૪-૧૯૫૩ના આવેલા પત્રાંક S. 1 /Admn. PWR/1953 ઉપરથી પથારીઓની સંખ્યા ગઇ સાલના જેટલી જ હોવી જોઇએ તે શરતે શ્રી વાઇસ-ચાન્સેલરે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મજકૂર કૉલેજમાં એડમિશનની સંખ્યા ૬૦ સુધી રાખવા આપેલી પરવાનગીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૩. તા. ૭-૩-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટના નિર્ણયાનુસાર અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના હસ્તકની કૉલેજોના રિઝર્વ ફંડ ઉપાડવા દેવા બાબત મજકૂર સોસાયટી પાસેથી નીચેની માહિતી મંગાવતાં તે બાબતમાં મજકૂર સોસાયટીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૫-૪-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અથવા માન્ય થયેલી સંસ્થાઓ કે જે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ચલાવતી હોય તેને માટે કઇ જાતના ઉપયોગ માટે, જો યુનિવર્સિટી આ રકમ ઉપાડવા દે તો વાપરવામાં આવશે.

૨. સોસાયટીની સંસ્થાઓમાં ભવિષ્યમાં ખાદ્ય આવે તો તેને પહોંચી વળવા માટે સોસાયટી શું પગલાં લેવા માગે છે.

આથી ઠરાવવામાં આવે છે કે રિઝર્વ ફંડ ઉપાડવા દેવા બાબતની સોસાયટીની વિનંતી માન્ય રાખવી.

૬૪. યુનિવર્સિટી ઑફિસમાં પરીક્ષા વિભાગમાં જુનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા શ્રી. આર. એચ. પારેખે ૧૯૫૨ના એપ્રિલમાં લેવાયેલી ગુજરાત યુનિવર્સિટીની પહેલી એલ.એલ.બી. ની પરીક્ષા માટે ફૉર્મ ભરેલું પણ અનિવાર્ય સંજોગોને લીધે તેમાં બેસી શકેલા નહિ તો તેમને ગુજરાત યુનિવર્સિટીની આગામી પહેલી એલ એલ.બી. ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા બાબતની તા. ૨૮-૫-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે જો તેઓ પહેલી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેસે તો જો તેઓ આ યુનિવર્સિટીની નોકરીમાં ચાલુ હશે તો આ યુનિવર્સિટીની સેકન્ડ એલ.એલ.બી. ની ટર્મ્સ રાખવા દેવામાં આવશે નહિ એવી શરતે આ યુનિવર્સિટીની પહેલી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી.

૬૫. ગુજરાત કૉલેજ અને એમ. આર. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. અવિનાશ ગજાનન મુન્શીની પી.એચ.ડી. ડિગ્રી માટેની થિસિસ રેફરીએ મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૭. "Facts and attitudes relating to the problem of boundary adjustments of Indian States" બાબતનું કામ મુંબઈ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ પોલિટિકસે ૧૯૫૨-૫૩ના વર્ષ માટેની રિસર્ચની સ્કીમ તરીકે લીધું હોવાથી તે વિષય પરત્વેની પ્રશ્નોત્તરીમાંના છેલ્લા બે પ્રશ્નો તરફ ખાસ ધ્યાન આપીને તેના જવાબો અલાયદા કાગળો ઉપર જલ્દી મોકલી આપવા બાબત મજકૂર ડિપાર્ટમેન્ટના સિનિકસ અને પોલિટિકસના પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી. કે. પી. મુકરજી તરફથી આવેલા તા. ૧૦-૧૨-૧૯૫૨ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ કાંઈ પણ અભિપ્રાય આપવા માગતી નથી એમ જવાબ આપવો.

૬૮. ટેક્સેશન ઇન્કવાયરી કમિટી, દિલ્હીએ બહાર પાડેલી તા. ૮-૪-૧૯૫૩ની પ્રેસ નોટ ઉપરથી એક પ્રશ્નોત્તરી તૈયાર કરી બહાર પાડવાની હોવાથી પ્રેસ નોટમાંના પ્રશ્નો ઉપર આ યુનિવર્સિટીનો જનરલ વ્યુ આપવા કે જેનો પ્રશ્નોત્તરીમાં સમાવેશ થાય તે બાબત મજકૂર કમિશનના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૪-૪-૧૯૫૩ના પત્રાંક F.1(1)-TEC/53 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. જી. શાહ જે સવાલો સૂચવે તે મોકલી આપવા.

૬૯. સોમવાર તા. ૨૧-૧૨-૧૯૫૩ના રોજ યુનિવર્સિટી ઑફ બાયસોર ખાતે મળનારી ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડની ૨૯મી વાર્ષિક બેઠકમાં અને તા. ૨૨થી ૨૪ ડિસેમ્બર ૧૯૫૩ દરમિયાન મળનારી હિંદ, બ્રહ્મદેશ અને સિલોનની યુનિવર્સિટીઓની ચાર ચાર વર્ષે મળનારી કોન્ફરન્સ માટે ઠરાવોના રૂપમાં તેના હેતુ અંગેની ટૂંકી નોંધ સાથેના અલાયદા પ્રપોઝીશન્સ મોકલવા તથા બૉર્ડના મેમ્બર ઉપરાંત દરેક યુનિવર્સિટીના બે ડેલિગેટોનું મુસાફરી ખર્ચ બૉર્ડ આપવાની શરતે મોકલવા બાબતના ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૩-૪-૧૯૫૩ના પત્રાંક ૨૬૮-૩૩૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડના સભાસદ શ્રી. વાઇસ-ચાન્સેલર ઉપરાંત કોન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના બે ગૃહસ્થોને મોકલવા:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૨. શ્રી. રજિસ્ટ્રાર.

૭૦. યુનિવર્સિટી બૉર્ડ ઑફ ડહોંમની કીંગ્ઝ કૉલેજના ફિલોસૉફીના સિનિયર લેકચરરને હિન્દની કોઇ પણ યુનિવર્સિટીમાં ફિલોસૉફીના શિક્ષકની ખાલી જગ્યાએ એક કવોલીફાઇડ યુરોપિયન તરીકે નીમવા બાબતની અરજી ઉપર વિચારણા કરી નિભણૂંક કરવા અંગે આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડના સેક્રેટરીના શેરાંક ૩૪૧-૩૬૯ સાથે આવેલી મી. એ. સી. એ. વિન્ડસરની તા. ૨૮-૪-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી આવી નિમણૂંક કરી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૬૨. તા. ૨૩, ૨૪ અને ૨૫મી એપ્રીલ ૧૯૫૩ના રોજ સાંગલી ખાતે મળેલી ૧૩મી મહારાષ્ટ્ર, કર્ણાટક અને પ્રોવિન્શીયલ મેડિકલ કોન્ફરન્સમાં પસાર થયેલા નીચેના ઠરાવ ઉપર જરૂરી પગલાં લેવા બાબત મજકૂર કોન્ફરન્સના પ્રેસિડેન્ટ તરફથી આવેલો તા. ૬-૫-૧૯૫૩નો પત્રાંક ૩/૩૪૧.

RESOLUTION

"This Conference recommends to the Universities of Bombay State to include the licentiates as registered graduates for University Elections."

આથી ઠરાવવામાં આવે છે કે કોન્ફરન્સના ઠરાવમાં જણાવેલી વિનંતી માન્ય રાખી શકાય તેમ નથી એવો જવાબ આપવો.

૬૩ ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી પૂના યુનિવર્સિટીની ઈન્ટરમિડિયેટ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. આર. એસ. જોષીનું મજકૂર પરીક્ષાનું પરિણામ બહાર પડતાં તેમને પૂના યુનિવર્સિટીની ઍફિલિએટેડ કૉલેજમાં જુનિયર બી.એસ.સી. ની ટર્મ ભરવાની છૂટ મળી છે પણ આર્થિક અને રહેઠાણની અગવડતાનાં કારણોને લઈને તેમનો વિચાર અમદાવાદ આવવાનો હોવાથી તેમને અહીંની કોઈ પણ ઍફિલિએટેડ સાયન્સ કૉલેજમાં જુનિયર બી.એસ.સી. ના વર્ગમાં ટર્મ ભરવાની પરવાનગી આપવા બાબતની તેમની તા. ૧૮-૫-૧૯૫૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૬૪. સ્પેનમાં બે વર્ષનો શાસ્ત્રીય અભ્યાસ અને એક વર્ષનો સાયન્સનો અભ્યાસ, મદુરા જિલ્લામાં ફૅકલ્ટી કૉલેજ ખાતે ૩ વર્ષનો ફિલસૂફીનો અભ્યાસ અને એક વર્ષ ગુજરાતીનો અભ્યાસ જેમણે કર્યો છે એવા સેંટ ઝેવિયર હાઇસ્કૂલ, આણંદના શ્રી. ફેલિક્સ ડલારાઝને આ યુનિવર્સિટીની બી.એ. સ્પેશિયલ અને જનરલની પરીક્ષામાં ટર્મ્સ ભર્યા વગર સીધા બેસવાની પરવાનગી આપવા બાબત આવેલી તેમની તા. ૧-૫-૧૯૫૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તેમની વિનંતી માન્ય રાખવી નહિ.

૬૫. એપ્રિલ ૧૯૫૩માં લેવાયેલી એમ. એ. ની પરીક્ષા માટે ભરેલી ફી માંદગીના કારણે પરત કરવા બાબતની ગુજરાત કૉલેજ, અમદાવાદના એમ.એ. ના વિદ્યાર્થી શ્રી. એમ. એસ. કાઝીની તા. ૯-૪-૧૯૫૩ના રોજ આવેલી અરજી.

(નોંધ:- શ્રી. કાઝીને તેમની ઉપરની અરજીના જવાબમાં, આ યુનિવર્સિટીના ઑ. ૧૨૨ પ્રમાણે તેમને ફી પાછી મળી શકે નહિ તેમ જણાવતાં તેમના તરફથી ડૉક્ટરના સર્ટિફિકેટ

સાથે તા. ૯-૪-૧૯૫૩ની અરજી આવેલી છે જેમાં જણાવ્યું છે કે ટાઇફોઇડની પાછળની અસરથી હજી તેઓ પથારીવશ છે અને ડૉક્ટરે તેમને બે માસનો આરામ લેવાની સલાહ આપેલી હોવાથી પરીક્ષામાં બેસી શકે તેમ નથી. ડૉક્ટરના સર્ટિફિકેટમાં નીચે પ્રમાણે લખાણ છે. એમ.એ. ની પરીક્ષા તા. ૧૫-૪-૧૯૫૩થી શરૂ થઈ હતી.

"He is suffering from post-typhoid and weakness and is under my treatment. He had typhoid attack for which I was treating him. In my opinion he still needs absolute rest in bed for at least two months."

આથી કરાવવામાં આવે છે કે આ કેસમાં પરીક્ષાની ફી પાછી આપવી નહિ.

૬૬. એપ્રિલ ૧૯૫૩માં લેવાયેલી પહેલી એલ.એલ.બી. ની પરીક્ષા માટે ભરેલી ફી માંદગીના કારણે પરત કરવા બાબતની સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલના તા. ૧૦-૪-૧૯૫૩ના શેરાંક ૨૪૮-૫૩ સહિત આવેલી શ્રી. એસ. પી. પંડ્યાની તા. ૧૦-૪-૧૯૫૩ની અરજી.

(નોંધ:- ડૉક્ટરના સર્ટિફિકેટમાં "suffering from chronic Gastites and occasional pain in the chest" એવું જણાવેલું છે. પહેલી એલ.એલ.બી. ની પરીક્ષા તા. ૧૩-૪-૧૯૫૩થી શરૂ થઈ હતી.)

આથી કરાવવામાં આવે છે કે આ કેસમાં પરીક્ષાની ફી પાછી આપવી નહિ.

૬૭. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિયર એમ.કૉમ.ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાબત માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. એમ. એન. શાહની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૬-૪-૧૯૫૩ની અરજી.

(નોંધ:- વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	વધારે હાજરી
૧. પ્રિ. એસ. વી. દેસાઇ	પહેલું	૧૦	૭	૧૦	૧
	બીજું	૧૫	૧૦	૮	
૨. પ્રોફેસર લોકરાસ	પહેલું	૧૦	૭	૯	૨
	બીજું	૭	૧૨	૫	
૩. પ્રોફેસર વાસવાની	પહેલું	૯	૬	૮	૨
	બીજું	૯	૬	૬	

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઈતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	વધારે હાજરી
					ખૂટતી હાજરી
૪. પ્રોફેસર શર્મા	પહેલું	૯	૬	૬	૧
	બીજું	૧૦	૭	૬	
				કુલ ખૂટતી હાજરી	૧.

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૬૮. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બેઠ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. બી. યુ. જોષીપુરાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૧૬-૫-૧૯૫૩ની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઈતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	વધારે હાજરી
૧. પ્રોફેસર આર. એસ. શર્મા	પહેલું	૯	૬	૫	-
	બીજું	૧૦	૭	૮	
૨. પ્રિન્સિ. એસ. વી. ફેસાઈ	પહેલું	૧૦	૭	૮	૨
	બીજું	૨૫	૧૦	૧૧	
					ખૂટતી હાજરી
૩ પ્રોફેસર પી વી. લોકરાસ	પહેલું	-	-	-	
	બીજું	૫	૪	૩	૧
				કુલ ખૂટતી હાજરી	૧

નોંધ:-પ્રોફેસર પી. વી. લોકરાસે પહેલા સત્રમાં એગ્રિકલ્ચરલ કો-ઓપરેશન ઉપર આપેલાં લેકચર્સ મજકૂર વિદ્યાર્થીએ ભર્યાં ન હતાં કારણ કે વિદ્યાર્થીનો તે વિષય ન હતો.)

આથી કરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૬૯. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બેઠ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. વી. ડી. તલાટીના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૬-૪-૧૯૫૩ની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	પહેલું	૧૦	૭	૬	૨
	બીજું	૧૫	૧૦	૯	
૨. પ્રોફેસર વાસવાની	પહેલું	૯	૬	૫	૧
	બીજું	૯	૬	૬	
૩. પ્રોફેસર શર્મા	પહેલું	૯	૬	૪	૩
	બીજું	૧૦	૭	૬	
૪. પ્રોફેસર લોકરાસ	પહેલું	૧૦	૭	૬	૧
	બીજું	૨	૧	૧	
				કુલ ખૂટતી હાજરી	૭.

નોંધ:-પ્રોફેસર લોકરાસે બીજા સત્રમાં લેબર એડમિનિસ્ટ્રેશન ઉપર આપેલાં લેક્ચર્સ વિદ્યાર્થીએ ભર્યાં ન હતાં કારણ કે તે તેનો વિષય ન હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૮૦. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભરેલાં હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બેઠ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. એમ. એચ. ગામીની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૨૪-૩-૧૯૫૩ની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઈતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૧. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	પહેલું	૧૦	૭	૯	-
	બીજું	૧૫	૧૦	૯	
૨. પ્રોફેસર શર્મા	પહેલું	૯	૬	૬	૪
	બીજું	૧૦	૭	૩	

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૩. પ્રોફેસર પી. વી. લોકરાસ	પહેલું	૧૦	૭	–	૨
	બીજું	૫	૪	૨	
				કુલ ખૂટતી હાજરી	૬

નોંધ:–પ્રોફેસર પી. વી. લોકરાસે એગ્રિકલ્ચરલ કો-ઓપરેશન ઉપર આપેલાં લેક્ચર્સ મજકૂર વિદ્યાર્થીએ ભર્યાં ન હતાં કારણ કે તે તેનો વિષય ન હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૮૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના સિનિયર એમ.કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાબત માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. એચ. જી. ભટ્ટની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૧૦-૪-૧૯૫૩ની અરજી.

(**નોંધ:**–વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવાં જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	વધારે હાજરી
૧. પ્રિ. એસ. વી. દેસાઇ	પહેલું	૧૦	૭	૯	૩
	બીજું	૧૫	૧૦	૧૧	
૨. પ્રો. શર્મા	પહેલું	૯	૬	૭	૨
	બીજું	૧૦	૭	૮	
૩. પ્રો. લોકરાસ	પહેલું	–	–	–	ખૂટતી હાજરી
	બીજું	૫	૪	૩	૧
				કુલ ખૂટતી હાજરી	૧

નોંધ:–પ્રો. લોકરાસે કો-ઓપરેશન ઉપર પહેલા સત્રમાં આપેલ લેક્ચર્સ મજકૂર વિદ્યાર્થીએ ભર્યાં ન હતાં કારણ કે તે તેનો વિષય ન હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૮૨. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના સિનિયર એમ કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાબત માંદગીના કારણે કોન્ડોન કરવા

બાબતની શ્રી. એન. આર. મહેતાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૧૬-૪-૧૯૫૩ની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૧. પ્રો. એસ. વી. દેસાઇ	પહેલું	૧૦	૭	૭	–
	બીજું	૧૫	૧૦	૧૦	
૨. પ્રો. પી. વી. લોકરાસ	પહેલું	૧૦	૭	૬	૧
	બીજું	૭	૫	૫	
૩. પ્રો. વાસવાની	પહેલું	૯	૬	૬	–
	બીજું	૯	૬	૬	
૪. પ્રો. શર્મા	પહેલું	૯	૬	૫	૧
	બીજું	૧૦	૭	૭	

કુલ ખૂટતી હાજરી... ૨.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી.

૮૩. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના જુનિયર બી.કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બેઠ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. એમ. એમ. સદીકની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૯-૪-૧૯૫૩ની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

વિદ્યાર્થીનું નામ	સત્ર	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	બે ટર્મની કુલ હાજરી
શ્રી. એમ. એમ. સાદિક	પહેલું	૯૨	૬૯	૪૯	
	બીજું	૯૩	૭૦	૪૮	૯૭

કુલ હાજરી...૯૭.

સામાન્ય રીતે બે ટર્મની કુલ હાજરી ૧૦૦ દિવસની થાય તો તેની ખૂટતી હાજરી કોન્ડોન કરવા એમ સિન્ડિકેટે ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૮૫. હિંદની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા ફોરેઇન સ્કોલર્સ માટે ટ્યુરીંગની વ્યવસ્થા કરવા અંગે હિંદ સરકારના ૧૪મી ઑગસ્ટ ૧૯૫૨ તેમજ ૨૯મી ડિસેમ્બર ૧૯૫૨ના પત્રોમાં જણાવ્યા મુજબની કમિટી ઉપર ગુજરાત યુનિવર્સિટીએ નીમેલા પ્રતિનિધિનું નામ જણાવવા બાબતના મુંબઈ યુનિવર્સિટીના તા. ૨૪-૩-૧૯૫૩ના પત્રાંક ૭૯૧૨ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-મુંબઈ યુનિવર્સિટીના પત્રમાં જણાવ્યા મુજબના હિંદ સરકારના પત્રો આ યુનિવર્સિટી તરફ આવ્યા નથી. પરંતુ મુંબઇ યુનિવર્સિટીને મળેલા પત્રોની નકલો મંગાવતાં તે આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી પ્રતિનિધિ નીમવાની જરૂર જોતી નથી એવો જવાબ આપવો.

૮૬. ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં થયેલા ઠરાવો પૈકી કેટલાક ઉપર આ યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લેવા બાબતના મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૪મી મે ૧૯૫૩ના પરિપત્રાંક ૪૫૪-૪૮૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રજિસ્ટ્રારે રિપોર્ટ કરવો.

૮૮. સિન્ડિકેટે નક્કી કર્યા પ્રમાણે ૧૯૫૩-૫૩ના બજેટમાંથી Funded Provision કરેલી નીચેની બે રકમો માટે જુદા બેન્ક એકાઉન્ટ ખોલવા બાબત.

૧. ગુજરાતીમાં ટેક્સ્ટ-બુક્સ તૈયાર કરવા માટેના ખર્ચ બાબતની ગ્રાન્ટ રૂા. ૧,૦૦,૦૦૦.

૨. યુનિવર્સિટી ટીચીંગ તથા રિસર્ચ માટેના.....રૂા. ૮૬,૦૦૦.

"Resolved that—

1. The Imperial Bank of India, Ahmedabad, be and are hereby appointed Bankers to the Gujarat University Ear-marked Fund Account;

2. all cheques on the Banking Account be signed and all bills, notes and other negotiable instruments be drawn, accepted and made on behalf of the Gujarat University Ear-marked Fund Account by any two of the following 6 persons.
   (1) Shri H. V. Divatia, Vice-Chancellor, Gujarat University,
   (2) Shri B. A. Patel, Registrar, Gujarat University,
   (3) Dr. M. D. Patel (Syndicate Member),
   (4) Shri M. P. Desai (Syndicate Member),
   (5) Shri S. V. Desai (Syndicate Member),
   (6) Shri R. P. Patel (Syndicate Member).

3. cheques, bills, notes and other negotiable instruments, payable to the Gujarat University Ear-marked Fund Account may be endorsed for the Gujarat University Ear-marked Fund Account by the Registrar of the Gujarat Uuiversity for the time being;

4. A copy of this resolution signed be the Vice-Chancellor, Gujarat University, be handed to the Bank, together with specimens of the necessary signatures."

૮૯. પૂર્વ આફ્રિકામાં વસતા હિંદીઓને તેમજ ત્યાંના આફ્રિકન રહીશોને હિંદમાં ઉચ્ચ શિક્ષણ માટે સગવડ આપવાના હેતુથી આ યુનિવર્સિટીએ તેની કૉલેજોમાં તથા હૉસ્ટેલોમાં આવા વિદ્યાર્થીઓ માટે અમુક સીટો મુકરર કરવા બાબત અને તેમને સ્કૉલરશીપો અને માફીઓની સગવડો આપવા બાબતના, આફ્રિકામાંથી હિંદ આવતા હિંદીઓની ફરિયાદો દૂર કરવા તેમજ મુશ્કેલીઓ ઘટાડવાના આશયથી ઉભી થયેલી બૃહદ ભારતીય સભાજ (ઇન્ડિયન ઓવરસીઝ લીગ) નામની સંસ્થાના ઑનરરી ઓર્ગેનાઇઝર તરફથી આવેલા તા. ૧૬ જુલાઇ ૧૯૫૨ના પત્ર અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર પુછાવતાં મજકૂર સેક્રેટરી તરફથી તથા બ્રિટિશ હાઇ આફ્રિકામાંના હિંદુસ્તાનના કમિશ્નર તરફથી આવેલા તા. ૬-૩-૧૯૫૩, ૧૯-૩-૧૯૫૩ અને તા. ૧૮મી ડિસેમ્બર ૧૯૫૨ ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત કૉલેજોને સરકયુલેટ કરવી અને ઇન્ડિયન ઓવરસીઝ લીગના સેક્રેટરીને ખબર આપવી કે વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીની કૉલેજોમાં દાખલ થવા માટે જે તે કૉલેજના પ્રિન્સિપાલને સીધી અરજી કરવી.

૯૦. અમદાવાદ ટેક્ષટાઇલ રિસર્ચ લૅબોરેટરીને પી.એચ.ડી. માં ફિઝિક્સ અને ફિઝિકલ કેમિસ્ટ્રી માટે રેકગ્નાઇઝડ ઇન્સ્ટીટ્યુશન તરીકે અમુક શરતોએ તા. ૧૫ મી જુન ૧૯૫૩ થી ત્રણ વર્ષને માટે માન્યતા આપવા બાબતના સેનેટના ઠરાવની જાણ કરતાં મજકૂર એસોસિએશનના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૬ મી મે ૧૯૫૩ ના પત્રાંક જન. ૯૯૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામના કાગળો દફતરે કરવા.

૯૧. ગુજરાત યુનિવર્સિટીની બી.ફાર્મ. ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થી મુંબઈ યુનિવર્સિટીની સાયન્સ ફૅકલ્ટીમાં એમ.એસ.સી. માં એડમિશન માટે લાયક ગણાતો નથી, એ વ્યાજબી નથી અને બનારસ યુનિવર્સિટીએ તેની એમ.ફાર્મ. ની પરીક્ષા માટે અભ્યાસ કરવા ગુજરાત યુનિવર્સિટીની બી.ફાર્મ. ની ડિગ્રિને માન્ય કરેલ નથી તો આ બાબતો અંગે ગુજરાત યુનિવર્સિટીએ કંઇક કરવા બાબતના શ્રી. બલવંત એન. પટેલના પત્ર ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના પ્રિન્સિપાલનો અભિપ્રાય.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યુનિવર્સિટી કાંઇ કરી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૯૫. માધ્યમિક શિક્ષક મતદાર વિભાગની સેનેટના સભ્યની ચુંટણી સારૂ સ્ટે. ૬૬૦ અનુસાર સિન્ડિકેટે કરવાની પોલિંગ ઑફિસરોની નિમણૂક બાબત.

આથી કરાવવામાં આવે છે કે પોલિંગ ઑફિસરોની યાદી મંજૂર કરવી. (યાદી આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવી છે)

૯૬. સાયન્ટીફિક શોધખોળોનો ઉપયોગ જનતાનું હિત સુધારવામાં થાય અને ઉચ્ચ કેળવણી આપતી સંસ્થાઓમાં સહકાર અને સમજણની ભાવનાને પોષણ મળે એ હેતુથી અમેરિકન અને ભારતીય યુનિવર્સિટીઓ વચ્ચે ભાતૃભાવ સ્થાપવા અંગેની દરખાસ્તો હિંદ સરકાર તરફથી થનાર હોવાથી આવો ભાતૃભાવ સ્થાપિત કરવાને માટે આ યુનિવર્સિટીના અભિપ્રાય જણાવવા બાબત ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચના સેક્રેટરી તરફથી આવેલા પત્રમાંની દરખાસ્ત સાથે એગ્રિકલ્ચર ફૅકલ્ટીના ડીન શ્રી. એમ. ડી. પટેલની સંમતિ પછીના તા. ૨-૮-૧૯૫૨ ની સિન્ડિકેટના "આ યુનિવર્સિટી આ બાબતના સિદ્ધાંત સાથે સંમત છે" એવા ઠરાવની જાણ ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચના સેક્રેટરીને કરતાં આ વિષયમાં ભાતૃભાવ સ્થાપવાની કોઇ યોજના આ યુનિવર્સિટી તરફથી ઘડાઇ છે કે કેમ અને ઘડાઇ હોય તો તે યોજનાની નકલ, ખર્ચની વિગતો અને જોગવી મદદ બાબત તેમના તરફથી આવેલ તા. ૨૨-૫-૧૯૫૩ના પત્રાંક ઍફ. ૬૬ [illegible] ક.એકસ.ટી. ઉપર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે એગ્રિકલ્ચર ફૅકલ્ટીના ડીનને યોજના રજૂ કરવા વિનંતિ કરવી.

૯૭. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. કે. કે. ઓકીલની એમ.એસ.સી ની ડિગ્રિ માટેની થિસિસ રેફરીઝે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રિમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૦. એલ. ડી આર્ટ્સ કૉલેજ અને ગ્રેમ જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના લેક્ચરર શ્રી. દૂબલેની ઝૂઑલોજીમાં પી.એચ.ડી. માટેની "The Morphological and Bio-Chemical Aspects of Air Breathing in Fishes with reference to some Indian Forms" વિષય ઉપરની થિસિસ રેફરીઝે નહિ સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં નાપાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત

આથી કરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૨. ગુજરાત યુનિવર્સિટીની કોઇપણ પરીક્ષા પાસ થયેલ વિદ્યાર્થી આ યુનિવર્સિટીની તેજ પરીક્ષામાં તેજ વિષયો સાથે ઉંચો ક્લાસ લાવવા ફરીથી બેસી શકે કે કેમ એ બાબતમાં ગુજરાત કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલ તા. ૧૫-૫-૧૯૫૩ અને તા. ૨૮-૫-૧૯૫૩ના અનુક્રમે પત્રાંક એસ-૪૦ (૬૫૯) અને એસ. ૪૦ (૯૨૭) ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- આ બાબતમાં સિન્ડિકેટે તેની તા ૭-૭-૧૯૫૧ની બેઠકમાં ઠરાવ્યું છે કે "જે વિદ્યાર્થીઓ મુંબઈ પ્રાન્તની બીજી યુનિવર્સિટીની કોઇપણ પરીક્ષા કે જે આ યુનિવર્સિટીની તેજ પરીક્ષાની બરાબર તરીકે માન્ય કરેલ હોય એવી પરીક્ષા પસાર કરી હોય અને આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કોઇપણ કૉલેજમાં તેજ વિષયો લઈ દાખલ થાય અને ટર્મ ભરે તો પણ તેને આ યુનિવર્સિટીની તેજ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ." પણ આ યુનિવર્સિટીની તેજ પરીક્ષામાં ફરીથી બેસી શકે કે કેમ તે માટે કોઇ ઠરાવ કર્યો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે તેજ પરીક્ષામાં તેજ વિષયો સાથે બેસી શકાય નહિ એવો જવાબ આપવો.

૧૦૩. મુંબઇ યુનિવર્સિટીના આર્ટ્સ ગ્રેજ્યુએટ થયા પછી સને ૧૯૪૯-૫૦ માં મુંબઈની ગવર્મેન્ટ લૉ કૉલેજમાં પહેલી એલ.એલ.બી. ની ટર્મ્સ ભરી ૧૯૫૦ના એપ્રિલમાં મુંબઇ યુનિવર્સિટીની લેવાયેલી પહેલી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેસી શ્રી. આર. પી. આચાર્ય નાપાસ થયા પછી ગુજરાત યુનિવર્સિટીમાં ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ૧૯૫૧-૫૨ અને ૧૯૫૨-૫૩ થી એમ. એ. ના અભ્યાસ માટે દાખલ થયેલા છે અને હાલ વિદ્યાર્થી તરીકે ચાલુ છે. આ સમય દરમિયાન ઑક્ટોબર ૧૯૫૨માં લેવાયેલ મુંબઇ યુનિવર્સિટીની પહેલી એલ.એલ.બી. માં બેઠેલા અને પાસ થયેલા છે. હવે તેમને ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં બીજી એલ.એલ.બી.ના વર્ગમાં દાખલ થવું છે. તો તેમને ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવું જરૂરી છે કે કેમ અને જો જરૂરી હોય તો મુંબઇ યુનિવર્સિટીએ એક વખત માઇગ્રેશન સર્ટિફિકેટ એમ.એ.માં દાખલ થતી વખતે આપેલ હોઇ ફરી માઇગ્રેશન સર્ટિફિકેટ મુંબઇ યુનિવર્સિટી ના આપે તો તે રજૂ કરવામાંથી તેમની માફી આપવી કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીએ ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવું જોઇએ પણ તેને માઇગ્રેશન સર્ટિફિકેટ કઢાવવામાંથી માફી આપવી.

૧૦૪. ૧૨મી અને ૧૩મી માર્ચ ૧૯૫૩ના રોજ મળેલી સોશિયલ વેલફેરના એડવાઇઝરી બૉર્ડની બેઠકમાં સોશિયલ વર્કમાં અન્ડર ગ્રેજ્યુએટ લેવલે પ્રિલિમિનરી કોર્સનો અભ્યાસક્રમ શરૂ કરવા અને સોશિયલ વર્કને બેચેલર્સ ડિગ્રી માટે પ્રાયોગિક અને પ્રાશ્નિક કોર્સનો અભ્યાસક્રમ દાખલ કરવા થયેલી વિચારણા અંગે આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત હિંદી સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૬-૬-૧૯૫૩ના પત્રાંક એફ. ૨-૨૬/૫૨-જી. ૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન સોશિયોલૉજી તરફ રિપોર્ટ કરવા મોકલી આપવો.

૧૦૫. યુનિવર્સિટી તરફથી નિમાતી કમિટિઓના કોરમ અંગે નિયમ ઘડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટિના સભાસદોની સંખ્યાનો ત્રીજો ભાગ, પણ ઓછામાં ઓછા બે સભાસદોની હાજરી હોવી જોઈએ, એ પ્રમાણે કોરમ ઠરાવવું.

૧૦૮. એસ. બી. ગાર્ડા કૉલેજ ઑન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીને હિંદીમાં બી.એ. જનરલ ડિગ્રીના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ આપવા બાબતની અરજી અંગે સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યા બાબતનો સ્થાનિક તપાસણી સમિતિના સિનિયર મેમ્બરોનો તા. ૧૨-૬-૧૯૫૩નો આવેલ રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજે, સેનેટે નક્કી કરેલી શરતોનું પાલન કર્યું છે એમ સરકારને ખબર આપવી.

૧૦૯. યુનિવર્સિટી ઑફિસમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. ચંદુલાલ એમ. પટેલ તા. ૧૫-૧૦-૧૯૫૨થી છૂટા થયેલા હોવાથી તેમના ખાતે જમા થયેલું રૂા. ૧૭-૧૪-૦નું પ્રોવિડન્ટ ફંડ તેમને પાછું આપવા અંગે ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તેમની પોતાની પ્રોવિડંટ ફંડના ફાળાની રકમ પાછી આપવી.

૧૧૨. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના સિનિયર એમ.કૉમ.ના વર્ગમાં ભરેલી હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બાબત માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. પી. સી. ઠાકરની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૧૦-૬-૧૯૫૩ની અરજી.

(નોંધ:- વિદ્યાર્થીની હાજરી નીચે પ્રમાણે છે:

	પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવાં જોઇતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૧.	પ્રિ. એસ. વી. દેસાઈ	પહેલું	૧૦	૭	૬	૧
		બીજું	૧૫	૧૦	૧૦	-
૨.	પ્રો. પી. વી. લોકરાસ	પહેલું	૧૦	૭	૬	૧ વધારે હાજરી
		બીજું	૭	૫	૬	૧
૩.	પ્રો. એસ. પી. વાસવાની	પહેલું	૯	૬	૬	-
		બીજું	૯	૬	૯	૩

	પ્રોફેસરનું નામ	સત્ર	કુલ લેક્ચર્સ	ભરવા જોઈતાં લેક્ચર્સ	ભરેલાં લેક્ચર્સ	ખૂટતી હાજરી
૪.	પ્રો. આર. એસ. શર્મા	પહેલું	૯	૬	૭	૧
		બીજું	૧૦	૭	૭	–

ખૂટતી હાજરી...૨)

આથી ઠરાવવામાં આવે છે કે: ખૂટતી હાજરી માફ કરવી.

૧૧૬. હિંદ સાથે સાંસ્કૃતિક સંબંધો બાંધવાના હિસાબે સ્પેનિશ સરકાર, હિંદના અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે ૯ સ્કોલરશીપ આપવા માગે છે અને બદલામાં હિંદની કોઇ-પણ યુનિવર્સિટીમાં સ્પેનિશ ભાષાની "ચેર" સ્થાપવા માગે છે તો આ યુનિવર્સિટીમાં આવી સ્પેનિશ "ચેર" ઉભી કરવા બાબત આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત તેમજ યુનિવર્સિટી જો આ દરખાસ્ત સ્વીકારે તો મુસાફરી, પગાર, ભથ્થાં વગેરેનો ખર્ચ તે કેટલા સુધી આપશે તે અંગે હિંદ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલા શ્રી. સી. એન. ચાકના તા. ૧૬-૬-૧૯૫૩ ના પત્રાંક એફ. ૯-૪-૫૨-એસ. ૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી આવી "ચેર" ઉભી કરી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૧૧૭. મધ્યપ્રદેશની બૉર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનની મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરેલ શ્રી. આર. એમ. નન્દુરકરે આ યુનિવર્સિટીને જોડાયેલી એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં દાખલ થવા માટે યુનિવર્સિટીને એલિજિબિલિટિ સર્ટિફિકેટ માટે અરજી કરેલી, પણ તેઓએ મુંબઈ યુનિવર્સિટી હેન્ડ બુક પાર્ટ ૨ ના વખતો વખત સુધારેલા રેગ્યુલેશન ૩ પ્રમાણે મજકૂર બૉર્ડની પરીક્ષા દરેક વિષયોમાં ઓછામાં ઓછા ૩૫ ટકા અથવા તો ફર્સ્ટ કે સેકન્ડ ગ્રેડમાં પાસ કરી નથી, એટલે Maths. II and Chemistry માં જોઈતા ૩૫ ટકા માર્કસ મેળવ્યા નહિ હોવાથી તેમજ થર્ડ ગ્રેડમાં પાસ થયેલા હોવાથી તેમની અરજી નામંજૂર કરવામાં આવે છે એમ જણાવતાં તેમના ભાઈ શ્રી. જી. એમ. નન્દુરકર તરફથી તેમની અરજી એક ખાસ કેસ તરીકે મંજૂર કરી એલિજિબિલિટિ સર્ટિફિકેટ આપવા બાબત આવેલી તા. ૧૧-૬-૧૯૫૩ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં ખાસ કેસ તરીકે એલિજિબિલિટિ સર્ટિફિકેટ આપવું.

૧૧૮. મુંબઇ યુનિવર્સિટીની બી.એ. ની પરીક્ષા સોશિયોલૉજી, સાયકોલૉજી અને પોલિટિક્સના વિષયો લઈ પાસ થયેલ અને આ યુનિવર્સિટીની ૧૯૫૪ ની બી.એ. ની પરી-ક્ષામાં ઇતિહાસના ૬ પેપર અને સોશિયોલૉજીના ૨ પેપર લઇ બેસવા ઇચ્છતા શ્રી. સી. એમ. મહેતાના પત્ર ઉપરથી આ યુનિવર્સિટી મુંબઇ યુનિવર્સિટીના આર્ટ્સ ગ્રેજ્યુએટને ઉપર પ્રમાણે

છૂટ આપે તો અરસપરસના ધોરણે તે યુનિવર્સિટી આ યુનિવર્સિટીના આર્ટ્સ ગ્રેજ્યુએટને છૂટ આપશે કે કેમ તે અંગ પૂછાવતાં મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૧૩-૬-૧૯૫૩ ના પત્રાંક ૧૬૬૩૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:–આ બાબતમાં મુંબઇ યુનિવર્સિટીના બી.એ. ડિગ્રિને લગતા રેગ્યુલેશન ૧૯ ના ક્લોઝ VI અને VII નીચે પ્રમાણે છે :

"VI Candidates who have kept all the four terms or who have appeared and failed or who have passed the B.A. Type I Examination under the new rules will be allowed to appear for the B.A. Type II Examination under the new rules after keeping two additional terms and **vice-versa** but will not be allowed to claim any exemptions."

"VII Candidates will not be allowed to re-appear for the same examination with the same subject with a view to secure a higher class but candidates who have passed either at the B.A. Type I or Type II Examination with one set of subjects will be allowed to appear again after keeping two additional terms provided they take at least three subjects different from the subjects with which they have passed the examination. They will be allowed to claim exemption in Compulsory English and in the one subject in which they have passed and which they repeat, but if they claim exemption they will not be entitled to a class or scholarships or prizes or awards.")

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતિ નામંજૂર કરવી.

૨૨૧. ગુજરાત યુનિવર્સિટીના ઑર્ડિનાન્સ, સ્ટેટ્યુટ્સ વિગેરેનું ભાષાંતર કરવા સિન્ડિકેટે નીમેલી અનુવાદ સમિતિ ઉપરાંત બે એક વધુ સભ્યો ઉમેરીને પરિભાષાનું કામ કરવા માટે એક ખાસ સમિતિ કે જેમાં અનુવાદકોને તેમના કામની રૂએ સભ્ય તરીકે લેવામાં આવે તેવી સમિતિ નીમવા બાબત શ્રી. મ. પ્ર. દેસાઈ તરફથી તેમના તા. ૧૨-૬-૧૯૫૩ ના પત્ર દ્વારા આવેલા સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામપ્રસાદ શુકલ અને શ્રી. યશવંત શુકલ ઉપરાંત શ્રી. પી. જી. શાહને કમિટિમાં નીમવા.

૨૨૨. ૧૯૫૩ ના જૂનથી એસ. બી. ગાર્ડા કૉલેજ અને અ. પે. આશ્રિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સનો એક બીજો ડિવિઝન ખોલવાની જરૂરિયાત ઉપરથી તે ખોલવા બાબત પરવાનગી આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલની વિનંતિ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતિ સ્વીકારવાના શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવી.

૧૨૪. એચ. એલ. કૉલેજ ઑફ્ કૉમર્સ, અમદાવાદના ફર્સ્ટ ઇયરના વર્ગના બન્ને ડિવિઝનમાં દરેકમાં ૧૫૦ વિદ્યાર્થીઓ લેવાના હોય છે, પણ મજકૂર વર્ગમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓનો ધસારો હોવાથી દરેક ડિવિઝનમાં ૧૫ વિદ્યાર્થીઓ વધારે એટલે કુલ્લે ૩૦ વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા અને વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩૦ થી વધે તો ત્રીજો ડિવિઝન ખોલવા અંગે પ્રિન્સિપાલના આવેલા તા. ૧૬-૬-૧૯૫૩ ના પત્રાંક યુ. કોર. ૪૦૨-૧૯૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનતિ સ્વીકારવાના શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવી.

૧૨૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અૅન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને સાયન્સના વર્ગોમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓનો ધસારો હોવાથી ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓ એટલે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સના દરેક ડિવિઝનમાં ૧૫ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૭-૬-૧૯૫૩ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતિ સ્વીકારવાના શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવી.

૧૨૬. ગુજરાત યુનિવર્સિટીની ઑન્જિનિયરીંગની જુદી જુદી પરીક્ષાઓ માટે ભેગી કરાયેલ ફીની રકમ જે ચોરાઇ ગયેલી તે વિષે સિન્ડિકેટને આ રકમ માંડવાળ કરવા બાબત ડિરેક્ટર ઑફ્ ટેકનીકલ અૅજ્યુકેશનને લખેલું તે અંગે સિન્ડિકેટના ઠરાવની જાણ કરતાં સિન્ડિકેટના આ નિર્ણય ઉપર ફરીથી વિચારણા કરવા બાબતના મજકૂર ડિરેક્ટર તરફથી આવેલા પત્ર ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર શ્રી. રજિસ્ટ્રારે, શ્રી. વાઇસ-ચાન્સેલર અને પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોરની એપ્રુવલ લૅડ મોકલેલ ડ્રાફ્ટ બાબતમાં એડવોકેટ જનરલનો અભિપ્રાય મંગાવવા લખતાં તેમના તરફથી આવેલો તા. ૧૩-૬-૧૯૫૩ નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સર જમશેદ કાંગાનો અભિપ્રાય મંગાવવો.

૧૨૭. "Pure and Applied Chemistry" માં મૂળ સંશોધનો કરી છેલ્લા ૨૫ વર્ષથી કામ કરતી ઇન્ડિયન કેમિકલ સોસાયટી, કલકત્તા, કે જે ૧૯૨૪ માં મરહુમ સર પી. સી. રોયથી સ્થપાઈ હતી અને જેના રજિસ્ટર ઉપર આખા દેશમાંથી ફેલો નોંધાયેલા છે તેના જનરલ ફંડ અંગે આ યુનિવર્સિટીએ વાર્ષિક ગ્રાન્ટ આપવા બાબત મજકૂર સોસાયટીના માનદ્ મંત્રી તરફથી સોસાયટીના ૧૯૫૨ ની સાલના વાર્ષિક રિપોર્ટ સાથે આવેલ તા. ૧૧-૬-૧૯૫૩ ના પત્રાંક યુ. (મિસ.)/૧૩/૧૩૧૪/૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી કોઈપણ વાર્ષિક ગ્રાન્ટ આપી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૨૦–૬–૧૯૫૩

કામકાજ નં. ૧, ૪, ૫, ૬. ૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૬, ૭૬, ૮૪, ૮૬, ૯૨, ૯૩, ૯૪, ૯૬, ૯૮, ૧૦૨, ૧૦૬, ૧૦૭, ૧૦૯, ૧૧૦, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૯, ૧૨૦, ૧૨૩, અને ૧૨૮ નો નિકાલ કરવાનું બાકી રહ્યું અને તેને માટે તા. ૨૬–૬–૧૯૫૩ ના રોજ બપોરના ૧–૩૦ કલાકે મિટિંગ બોલાવવાનું કરાવવામાં આવ્યું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ

રજિસ્ટ્રાર.

અમદાવાદ,

તા. ૨૬–૬–૧૯૫૩.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૯૫

માધ્યમિક શિક્ષક માટેના મતદાન સ્થળોએ નીચેના પોલિંગ ઑફિસરોની નિમણૂંક કરવા બાબત.

અનુ.નં.	મતદાન સ્થળ	જગ્યા	પોલિંગ ઑફિસરનું નામ	હોદ્દો
૧.	વલસાડ	વલસાડ મ્યુનિ. ઑફિસ, વલસાડ.	શ્રી. શાંતિલાલ ગણપતરામ ભટ્ટ.	ચિફ ઑફિસર અને સેક્રેટરી, વલસાડ મ્યુનિસિપાલિટી, વલસાડ.
૨.	હિંમતનગર	હિંમતનગર મ્યુનિ. ઑફિસ, હિંમતનગર.	શ્રી. ડાહ્યાલાલ નાથાલાલ શાહ.	સેક્રેટરી ઇન ચાર્જ, હિંમત નગર મ્યુનિસિપાલિટી, હિંમતનગર. (હિંમતનગર મ્યુનિ. ના પ્રેસિડેન્ટે સૂચવેલ છે.)
૩.	ગોધરા	ગોધરા મ્યુનિસિપલ ઑફિસ, ગોધરા.	શ્રી. સી. ડી. પરીખ, બી.એ.	ચિફ ઑફિસર, ગોધરા મ્યુનિસિપાલિટી, ગોધરા.
૪.	દાહોદ	દાહોદ મ્યુનિસિપલ ઑફિસ, દાહોદ.	શ્રી. જી. એસ. શાહ, એલ.એસ.,જી.ડી.	સેક્રેટરી, દાહોદ મ્યુનિસિપાલિટી, દાહોદ. (ચિફ ઑફિસરની પોસ્ટ નથી.)
૫.	ભરૂચ	ભરૂચ મ્યુનિસિપલ ઑફિસ, ભરૂચ.	શ્રી. વૈકુંઠલાલ મણિલાલ ભટ્ટ, બી.એ.	ચિફ ઑફિસર, ભરૂચ જરો મ્યુનિસિપાલિટી, ભરૂચ.
૬.	ડભોઇ	ડભોઇ મ્યુનિસિપલ ઑફિસ, ડભોઇ.	શ્રી. હસમુખલાલ આર. જોષી.	ચિફ ઑફિસર, ડભોઇ મ્યુનિસિપાલિટી, ડભોઇ.
૭.	પાલણપુર	પાલણપુર મ્યુનિસિપલ ઑફિસ, પાલણપુર.	શ્રી. મનુભાઇ જેસીંગભાઇ પટેલ.	ધી એકાઉન્ટન્ટ-કમ-હેડ કલાર્ક, પાલણપુર મ્યુનિસિપાલિટી, પાલણપુર. (ચિફ ઑફિસર, પાલણપુર મ્યુનિસિપાલિટીએ સૂચવેલ છે)

અનુ. નં.	મતદાન સ્થળ	જગ્યા	પોલિંગ ઑફિસરનું નામ	હોદ્દો
૮.	મહેસાણા	મહેસાણા મ્યુનિસિપલ ઑફિસ, મહેસાણા.	શ્રી. એચ. કે. શાહ., બી.એ.,એલ.એસ. જી.ડી.	ચિફ ઑફિસર, મહેસાણા મ્યુનિસિપાલિટી, મહેસાણા. (પ્રેસિડેન્ટ, મહેસાણા મ્યુ.એ સૂચવેલ છે.)
૯.	ધંધૂકા	ધંધૂકા મ્યુનિસિપલ ઑફિસ, ધંધૂકા.	શ્રી. પરમાનંદદાસ મણિલાલ લવીંગીઆ, બી.એસ.સી., એલ.એલ.બી.	સેક્રેટરી, ધંધૂકા મ્યુનિસિપાલિટી.
૧૦.	અમરેલી	અમરેલી મ્યુનિસિપલ ઑફિસ, અમરેલી.	શ્રી. ગીરધરલાલ મગનલાલ પરીખ.	ચિફ ઑફિસર ઇન ચાર્જ, અમરેલી મ્યુનિ., અમરેલી.
૧૧.	સૂરત	એમ.ટી.બી. કૉલેજ, સૂરત.	શ્રી. કે. એલ. દેસાઈ.	પ્રિન્સિપાલ, એમ.ટી.બી. કૉલેજ, સૂરત.
૧૨.	નવસારી	એસ.બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	શ્રી. અ. ક. ત્રિવેદી	પ્રિન્સિપાલ, એસ.બી. ગાર્ડા કૉલેજ, નવસારી.
૧૩.	નડિયાદ	જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ.	શ્રી. આર. કે. યાજ્ઞિક.	પ્રિન્સિપાલ, જે. ઍન્ડ જે. કૉલેજ, નડિયાદ.
૧૪.	આણંદ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, આણંદ થઇને.	શ્રી. એન. એમ. શાહ.	પ્રિન્સિપાલ, વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.
૧૫.	પેટલાદ	પેટલાદ કૉલેજ, પેટલાદ.	શ્રી. એન. જી. મોહિલે	પ્રિન્સિપાલ, પેટલાદ કૉલેજ, પેટલાદ.
૧૬.	વીસનગર	એમ. એન. કૉલેજ, વીસનગર.	શ્રી. એલ. એમ. એ. મેનેજીઝ.	પ્રિન્સિપાલ, એમ. એન. કૉલેજ, વીસનગર.
૧૭.	અમદાવાદ શહેર વિભાગ	ટ્યુટોરિયલ હાઇસ્કૂલ, ત્રણ દરવાજા, અમદાવાદ	શ્રી. એસ. પી. મેઢ	ઑફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, ગુજરાત યુનિવર્સિટી ઑફિસ, અમદાવાદ.
૧૮.	અમદાવાદ એલિસબ્રિજ વિભાગ	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	શ્રી. જે. એમ. મહેતા.	આસિ. રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ખાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શુક્રવાર તા. ૨૬-૬-૧૯૫૩ના રોજ બપોરના ૧-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુન્શીમદાર	હાજર,
૫.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	ગેરહાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	ગેરહાજર,
૭.	શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૯.	શ્રીમતી ઇન્દુમતીબહેન ચીમનલાલ	હાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	હાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. કાકોર	હાજર.

૧. તા. ૪-૪-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની અઢારમી સામાન્ય સભાના કામ-કાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૪-૪-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની અઢારમી સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીમાં ભણાવાતા વિવિધ વિષયોની પરિભાષા નક્કી કરવા અંગે ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી ફૅકલ્ટીઓની સમિતિઓની સંયુક્ત બેઠકમાં થયેલી નીચે મુજબની ભલામણો.

ભલામણો

૧. પરિભાષા સંબંધી વિચાર કરવા બાબત "Glossary of Scientific Terminology by P. G. Shah"ની નકલો કમિટીના દરેક સભ્યને મોકલવી.

૨. દરેક ફૅકલ્ટીએ નીમેલી સમિતિએ મજકૂર કામ માટે જોઈતાં પુસ્તકોની યાદી પંદર દિવસમાં યુનિવર્સિટીમાં મોકલી આપવી અને યુનિવર્સિટીએ તે પુસ્તકો મંગાવી સમિતિને મોકલી આપવાં. સમિતિએ તે કામ પૂરું થયે તે પાછાં ઑફિસને સુપ્રત કરવાં.

૩. દરેક ફૅકલ્ટીની આવી સૂચિ તૈયાર કરવા માટે યોગ્ય સ્નાતક અથવા અનુસ્નાતક વિદ્યાર્થીને યોગ્ય સમય માટે તે તે ફૅકલ્ટીના સભ્યની દોરવણી નીચે પરિભાષાની સૂચિ તૈયાર કરવાના કાર્ય માટે મદદનીશ તરીકે નીમવા. આવી નીમેલી વ્યક્તિને યોગ્ય મહેનતાણું આપવું જોઈએ એમ આ સમિતિનું દૃઢ મંતવ્ય છે.

૪. વધુમાં આ સમિતિ સર્વાનુમતે ઠરાવે છે કે આ સંબંધી સૂચિઓ તૈયાર કરવા માટે નીચે મુજબનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તે ખર્ચ યુનિવર્સિટીએ મંજૂર કરવો.

૧. રૂા. ૫.૦૦૦-૦-૦	અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, હિંદી અને બંગાળીના પુસ્તકો જે તે વિષયમાં સૂચિઓ તૈયાર કરવા માટે ખરીદવા સંબંધી.
૨. રૂા. ૫,૦૦૦-૦-૦	આર્ટ્સ ફૅકલ્ટીમાં શિખવાતા વિષયોની સૂચીની તાત્કાલિક જરૂરિયાત હોવાથી પરિભાષા નક્કી કરવા સંબંધના મુખ્ય પાંચ વિષયો માટે રૂા ૧,૦૦૦-૦-૦ દરેકના લેખે, આ ખર્ચ જે મદદનીશ વ્યક્તિને નીમવામાં આવે તેના વેતન માટે (આશરે રૂા. ૭૫-૦-૦થી ૧૦૦-૦-૦ માસિક) વાપરવાનો અંદાજ ધ્યાનમાં લઈ નક્કી કરવામાં આવ્યો છે.
૩. રૂા. ૨૫,૦૦૦-૦-૦	ઉપરના ધોરણ મુજબ દરેક ફૅકલ્ટીની સૂચી તૈયાર કરવા માટે રૂા. ૫,૦૦૦-૦-૦ લેખે પાંચ ફૅકલ્ટી (વિજ્ઞાન, વાણિજ્ય, ખેતીવાડી, ઇજનેરી અને દાક્તરી) માટે ૧૯૫૩-૫૪ના વર્ષ માટે મંજૂર કરવા બાબત.
૪. રૂા. ૧૨,૦૦૦-૦-૦	દરેક ફૅકલ્ટીના પરચુરણ ખર્ચ બાબત દરેક ફૅકલ્ટી દીઠ રૂા. ૨,૦૦૦-૦-૦ લેખે.
રૂા. ૪૭,૦૦૦-૦-૦	

(તા. ક.:- આર્ટ્સ ફૅકલ્ટીના વિષયોની સૂચિઓ તાકીદે જરૂરિયાત હોવાથી તે આર્ટ્સ ફૅકલ્ટીના વિષયો માટે સૂચિ તૈયાર કરવા માટે રજૂ કરેલા રૂા. ૫,૦૦૦-૦-૦ના અંદાજની રકમ તાકીદે યુનિવર્સિટીએ મંજૂર કરવી એમ આ સમિતિ ઠરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા **Sine die** મુલતવી રાખવી.

૩. **"Intensity of Cosmic Ray Neutrens etc." ના વિષયમાં સંશોધનકાર્ય શરૂ કરવા માટે રિસર્ચ ગ્રાન્ટ મળવા બાબતની ડૉ. વિક્રમ સારાભાઈ તરફથી આવેલી માગણી બાબતમાં સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે પૂછાવતાં તેમના તરફથી આવેલા તા. ૩૨મી માર્ચ ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે "સી" યોજના માટે રૂા. ૫,૦૦૦-૦-૦ ગ્રાન્ટ તરીકે મંજૂર કરવા.

૪. **વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદને અપાયેલું recognition ultra vires અને illegal છે અને ડૉ. એમ. ડી. પટેલની સેનેટ ઉપરની શિક્ષક મતદાર વિભાગમાંથી વાડીલાલ સારાભાઇ હૉસ્પિટલમાંના શિક્ષક હોવાથી થયેલી ચૂંટણી પણ illegal છે. આ બાબતો માટે વકીલ શ્રી. સોરાબ આર. જીનવાલાના Clients ડૉ. કે. એમ. શાહ, ડૉ. નગીનદાસ સી. શાહ અને ડૉ. વી. બી. માંકડ કે જેઓ મતદાર યાદીમાં છે તેઓ ટેસ્ટ કેસ કરવા માગતા હોવાથી કેટલીક વિગતો અને માહિતી તથા કેટલાક કાગળોની સહીસિક્કાવાળી નકલો તાકીદે મોકલવા બાબતના વકીલ શ્રી. સોરાબ આર. જીનવાલા તરફથી આવેલા તા. ૨-૪-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યુનિવર્સિટીના વકીલ જોડે મસલત કરીને શ્રી. વાઇસ-ચાન્સેલરે આ સવાલનો નિકાલ કરવો.

૫. **૧૯૫૨-૫૩ના નાણાકીય વર્ષ દરમિયાન યુનિવર્સિટીઓ અને સંસ્થાઓની સાયન્ટીફિક અને ટેક્નીકલ કેળવણી અને રિસર્ચની પ્રગતિ માટે અપાતી ગ્રાન્ટમાંથી આ યુનિવર્સિટીના સ્ટેટિસ્ટીક્સ ડિપાર્ટમેન્ટ માટેની અનુસ્નાતક તાલીમની સગવડતા અંગે લાયબ્રેરી અને ઇક્વીપમેન્ટની ખરીદી માટે રૂા. ૧૦,૦૦૦-૦-૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૦-૩-૧૯૫૩ના પત્રાંક એફ. ૧૯-૧-૫૩ ટી. ૩ ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં શું પગલાં લેવાં તેનો વિચાર કરી રિપોર્ટ કરવા નીચેના સભાસદોની કમિટી નીમવી:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ,
૩. ડૉ. મિસ એસ. પી. વાસવાની.

૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની તા. ૨૩-૫-૧૯૫૩ની આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭. ૧૯૫૪ના જૂનથી રાજકોટ ખાતે શરૂ કરાનાર લૉ કૉલેજને એફિલિએશન આપવા બાબતની સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર,

૨. શ્રી. ખટુભાઇ એચ. દેસાઇ.

વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર ગવર્મેન્ટ આ કૉલેજ શરૂ કરવા માગે છે કે કેમ તે પહેલાં પુછાવવું અને તેનો જવાબ હામાં આવે તો જ કમિટીને તેનું કામ કરવા ખબર આપવી.

૮. એમ. એન. કૉલેજ, વીસનગરને જૂન ૧૯૫૪થી ઇંગ્લીશમાં બી.એ. (સ્પેશિયલ) ડિગ્રી સુધીના અભ્યાસક્રમ માટે જોડાણનો વધારો આપવા બાબતની તા. ૯-૫-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

પ્રિન્સિપાલ કે. એલ. દેસાઇ

૯. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ અને ધી કોટક ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, રાજકોટનું "ભૂગોળ" માં બી.એ. જનરલ ડિગ્રી સુધીના અભ્યાસક્રમ માટે કાયમનું જોડાણ આપવા બાબતની તા. ૪/૭-૫-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી.

પ્રોફેસર એસ. મુકરજી.

૧૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદને બી.એ. (જનરલ) ઇન જોગ્રાફી, બી.એસ.સી. (પ્રિન્સિપાલ અને સબ્સીડિયરી) ઇન જીયોલૉજી અને બી.એસ.સી. (સબ્સીડિયરી) ઇન જોગ્રાફી સુધીના અભ્યાસક્રમોનું જોડાણ ચાલુ રાખવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી તા. ૧૦-૬-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

ડૉ. એ. એસ. કાલાપેશી.

૧૧. સામળદાસ કૉલેજ ઍન્ડ સર પી. પી. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરને બી.એસ.સી. (પ્રિન્સિપાલ) ડિગ્રી ઇન બોટાની સુધીના અભ્યાસક્રમનું કાયમી જોડાણ અને બી.એસ.સી. (પ્રિન્સિપાલ) ડિગ્રી ઇન ફિઝિક્સ સુધીના અભ્યાસક્રમોનો કાયમી જોડાણનો વધારો આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી તા. ૫/૬-૬-૧૯૫૩ ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. ડૉ. કે. આર. રામનાથન,

૨. શ્રી. આર. ડી. આડતીયા.

૧૨. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને બી.કૉમ. ડિગ્રી સુધીના અભ્યાસ-ક્રમો માટે કાયમનું જોડાણ આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી તા. ૧૦-૬-૧૯૫૩ના પત્રાંક ૧૫-૧૯૫૩-૫૪ સાથેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ,

૨. શ્રી. વી. વાય. કોલ્હાટકર.

૧૩. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિ-યાદને અમુક વિષયોમાં બી.એ. (જનરલ અને સ્પેશિયલ) ડિગ્રી સુધીના અને અમુક વિષયોમાં બી.એ. (જનરલ) ડિગ્રી સુધીના અભ્યાસક્રમોનું જોડાણ ચાલુ રાખવા બાબત નડિયાદ ઍજ્યુકેશન સોસાયટી, નડિયાદના ચેરમેન તરફથી આવેલી તા. ૧૨-૬-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઇ,

૨. પ્રિન્સિપાલ ડોલરરાય ર. માંકડ,

૩. શ્રી. એલ. એન. વેલિનકર.

૧૪. પેટલાદ કૉલેજ, પેટલાદને આર્ટ્સ સાઇડમા ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અને સાયન્સ સાઇડમાં બી.એસ.સી. ડિગ્રી સુધીના અભ્ય સક્રમોનું કાયમી જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી તા. ૧૩-૬-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઇ,

૨. પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ,

૩. પ્રોફેસર કે. આર. દીક્ષિત.

૧૫. મોરબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીનું એફ. ય. (સિવિલ, મિકે. અને ઇલે.) તેમજ એસ. ય. (સિવિલ, મિકે. અને ઇલે.) સુધીના વર્ગોનું જોડાણ ચાલુ રાખવા અને બી. ય. (સિવિલ, મિકે. અને ઇલે.) ડિગ્રી સુધીના અભ્યાસક્રમનો જોડાણનો વધારો આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૨-૬-૧૯૫૩ના પત્રાંક ૬૨૦૭ સાથે આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. શ્રી. બી. ડી. પટેલ,

૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર,

૩. પ્રિન્સિપાલ એ. ડિ સોઝા.

૧૬. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના વર્ગોનું જોડાણ ચાલુ રાખવા અને અમુક વિષયોમાં બી.એ. (જનરલ અને સ્પેશિયલ) ડિગ્રી સુધીના અભ્યાસક્રમોનો જોડાણનો વધારો આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૧-૬-૧૯૫૩ના પત્રાંક ૧૪૨ સાથે આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,

૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી.

૧૭. વિઠ્ઠલભાઇ પટેલ મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરને ઝૂલૉજીમાં બી.એસ.સી. સબ્સીડિયરી સુધીના અભ્યાસક્રમ માટે કાયમનું જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી તા. ૧૫-૬-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. શ્રી. બી. આર. અવાટી.

૧૮. ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભૂજ-કચ્છનું ફર્સ્ટ ઇયર સાયન્સ અને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના વર્ગોનું જોડાણ ચાલુ રાખવા અને ઇન્ટરમિડિયેટ સાયન્સના વર્ગોનો જોડાણનો વધારો આપવા બાબતની કચ્છ સરકારના ચિફ સેક્રેટરી તરફથી આવેલી તા. ૧૫-૬-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,

૨. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ.

૧૯. મેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદને બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના અન્ડર-ગ્રેજ્યુએટ તબીબી વિદ્યાર્થીઓને માનસિક રોગો અંગેની તાલીમ આપવા માટે કાયમી રેકગ્નીશન આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. ડૉ. જી. બી. માંકડ,

૨. ડૉ. કે. એ. જે. લાલકાકા.

૨૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને ક્લીનિકલ ટીચીંગના હેતુઓ માટે શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદને રેકગ્નીશન આપવા બાબતની તા. ૧૯-૫-૧૯૫૩ની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલી અરજી.

અને

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને ક્લીનિકલ ટીચીંગના હેતુઓ માટે શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદમાં બળી રહેતા ક્લીનિકલ મિટિરિયલને ઉપયોગમાં લેવા માટે મજકૂર હૉસ્પિટલને રેકગ્નીશન આપવા બાબત મુંબઇ સરકારના સર્જન જનરલ તરફથી આવેલ તા. ૪-૫-૧૯૫૩ના પત્રાંક S.1/PWR ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. ડૉ. ભાસ્કર આર. પટેલ,

૨. ડૉ. એચ. વી. તિલક.

વધુમાં કમિટીને એવી સૂચના આપવી કે તેમણે તેમનો રિપોર્ટ એવી રીતે કરવો કે જેથી તા. ૪-૭-૧૯૫૩ની સિન્ડિકેટની મિટીંગમાં એ મૂકી શકાય.

૨૧. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની બેઠકમાં વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદના માન્ય અનુસ્નાતક શિક્ષકોને માન્યતા આપવા બાબતમાં દરેક શિક્ષકને સ્વતંત્ર રજિસ્ટ્રાર હોવો જોઇએ એ મુદ્દા ઉપર ચર્ચા થયેલ એ બાબતમાં દરેક બ્રાન્ચ પ્રમાણે એક રજિસ્ટ્રાર

હોવા બાબત ઍકેડેમિક કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવેલ છે જેને સિન્ડિકેટે એપ્રુવ કરેલ છે તે તરફ ધ્યાન દોરવા બાબત મજદૂર હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ અને ઑર્ડના સભાસદ શ્રી. એમ. ડી. પટેલના અનુક્રમે તા. ૨૦મી જૂન ૧૯૫૩ના આવેલ પત્રાંક બી.એમ. ૬૬૮-૫૩-૫૪ અને તા. ૨૦મી જૂન ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"That in each branch there should be provided at least one Registrar whose post be considered an approved post for the above courses."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૨. ગુજરાત યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. વિગેરે ડિગ્રીઓ માન્ય કરવા બાબત યુનિવર્સિટીએ કરેલી અરજી ઉપરથી મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ નીમેલા ઇન્સ્પેક્ટરોના રિપોર્ટ ઉપરથી મજદૂર કાઉન્સિલના સેક્રેટરીએ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાંની અમુક બાબતોના દૂર કરવા બાબતમાં યુનિવર્સિટીને લખ્યા ઉપરથી મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલને સિન્ડિકેટના ઠરાવ અનુસાર આ બાબતમાં ઘટતું કરવા જણાવેલું જેના જવાબમાં પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરીને મોકલાવતાં તેમના તરફથી આવેલ તા. ૨-૬-૧૯૫૩નો પત્રાંક એફ. ૪૦-એફ-૫૨-એસ. ૭૭ અને તે ઉપરથી મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલને ઘટતું કરવા લખતાં તેમના તરફથી આવેલા તા. ૧૭-૬-૧૯૫૩ના પત્રાંક ૪ ઍફિ. ૨૭૪૮-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફ્તરે કરવા.

૨૩. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. મ. દ. અવસારેનો પત્ર.

The Senate resolves to recommend to the Syndicate to lay down the following as the minimum scales and grades of pay for the members of the staff of all affiliated Colleges as were obtaining in the Bombay University:

	Ahmedabad Area:	**Outside Ahmedabad Area:**
Full-time Lecturers (including Assistant or Junior Lecturers or Lecturer-Demonstrators)	200-10-300	150-10-300
Full-time Professors (including Assistant Professors)	300-15-450	200-15-400
Full-time Demonstrators or Tutors.	150—5-200	100—5-150."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબક્કે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૨૪. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. મ. દ. અવસારેનો પત્ર.

"The Senate recommends to the Syndicate that with a view to implement the recommendations of the Radhakrishna Commission the conditions of service about the age of retirement of the teaching staff including Principals in the affiliated Colleges and recognized Institutions be so modified that the age of retirement be raised to and fixed at the 65th year."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબક્કે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૨૫. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. મ. દ. અવસારેનો પત્ર.

"With a view to report on the general progress achieved by the University since its establishment and to examine the ways and means of increasing the University finances for a speedy development of the University activities, the Senate resolves to appoint a Committee of the following persons:-

(1) The Vice-Chancellor,
(2) Principal N. M. Shah,
(3) Prof. C. N. Vakil,
(4) Shri B. K. Majmudar and
(5) Dr. M. D. Avasare.

The Senate also recommends that the Committee should submit its report within six months."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી.

૨૬. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. રામચંદ્ર દા. શુકલનો પત્ર

ઠરાવ

"આર્ટ્સ ફેકલ્ટીમાં અભ્યાસક્રમની પુનર્વ્યવસ્થાની યોજનામાં કૉલેજના પ્રથમ વર્ષ તથા દ્વિતીય વર્ષમાં કુલ સાત પેપર અને તે કુલ ૭૦૦ માર્કસના રાખવા આ સભા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી.

૨૭. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. રામચંદ્ર દા. શુકલનો પત્ર.

ઠરાવ

"ઍૉર્ડિનાન્સ નં. ૧૦૧ પ્રમાણે પહેલી વખતની ડિગ્રી અગર ડિપ્લોમા માટે રૂા. ૨૫-૦-૦ ની ફી લેવામાં આવે છે તેને બદલે પહેલી વખતની ડિગ્રી અગર ડિપ્લોમા માટે રૂા. ૧૫-૦-૦ ફી લેવી અને બીજી વખતની ડિગ્રી અગર ડિપ્લોમા માટે રૂા. ૧૫-૦-૦ ફી લેવામાં આવે છે તેને બદલે રૂા. ૧૦-૦-૦ ફી લેવી એવો ઍૉર્ડિનાન્સ નં. ૧૦૧માં સુધારો કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે આ બાબતમાં સિન્ડિકેટ કાંઈ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૨૮. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. અ. ક. ત્રિવેદીનો પત્ર.

ઠરાવ

"સેનેટ ઇચ્છે છે કે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી જે જે કૉલેજે કે સંસ્થાએ જોડાણ વખતે જોડાણની શરતરૂપે અગાઉ એકસામટા અથવા હપ્તાઓથી એક લાખ કે ઓછા રૂપિયા રિઝર્વ ફંડ તરીકે અનામત મૂકયા હોય તે તે કૉલેજ કે સંસ્થાને તેની અનામત મૂકેલી રકમો પાછી ઉપાડી લેવા ને તેને ફાવે તેમ વાપરવા છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૨૯. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેના ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. સંતપ્રસાદ ર. ભટ્ટનો પત્ર.

ઠરાવ

"અમદાવાદનું જીવનધોરણ અને મોંઘવારીનો આંક મુંબઈની કક્ષાના છે એ ધ્યાનમાં લઇને ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ઠરાવે છે કે એણે માન્યતા આપેલાં મહાવિદ્યાલયો અને અન્ય સંસ્થાઓમાં અધ્યાપકનું કામ કરનાર સહુનું પ્રારંભિક વેતન બીજાં સ્થળોના અધ્યાપકો કરતાં પચાસ રૂપિયા વધારે રાખવું, એટલે કે ટયુટરો, ડેમોન્સ્ટ્રેટરો વગેરેનું ૧૫૦ રૂપિયા, લેકચરરોનું ૨૦૦ રૂપિયા અને પ્રોફેસરોનું ૩૦૦ રૂપિયા પ્રારંભિક વેતન રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૩૦. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એ. એમ. ત્રિવેદીનો પત્ર.

Resolution

"The Senate resolves to recommend to the Syndicate to modify the conditions of service of the teaching staff in affiliated Colleges in respect of the age of retirement so that no person shall be permitted to continue in service after reachirg the age of sixty-five years, i.e. after completing 65th year."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૩૧. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એ. એમ. ત્રિવેદીનો પત્ર.

Resolution

"The Senate recommends to the Syndicate to take early steps to see that persons falling under the following categories, should pass a test examination in Hindi of the present 'Vinit' or 'Kovid' standard:

(a) Candidates for the Degree or Diploma of the University;

(b) Teachers in all recognised and affiliated Institutions;

(c) Persons under the direct employment of the University and above the category of the 'Peons'."

આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે આ બાબતમાં સિન્ડિકેટ કાંઇ પણ અભિપ્રાય આપવા માગતી નથી.

૩૨. સેનેટની આવતી બેઠક સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર.

Resolution

"Resolved that the Intermediate Arts and B.A. Examinations be held-yearly from October 1953 onwards and necessary steps be taken and arrangements made to bring the resolution into effect. October Examinations should be held also for B.Sc. (Principal subjects) in addition to B.A. and Inter Arts October Examinations."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી.

૩૩. યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડના રોકાણની આવકમાંથી સ્ટાફના સભ્યોને કયા દરે વ્યાજ આપવું તે બાબતનો યુનિવર્સિટી એકાઉન્ટનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૪. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન, મ્યુનિસિપાલિટીઓ અને ડીસ્ટ્રીક્ટ લોકલ બૉર્ડ વગેરે કૉર્પોરેટ સંસ્થાઓના સ્ટાફના મેમ્બરના પગારના $\frac{1}{12}$ ભાગની કપાતી પ્રોવિડંટ ફંડની રકમની બાકી યુનિવર્સિટી સ્ટાફના દરેક મેમ્બરનો પ્રોવિડંટ ફંડનો ફાળો પગારના $\frac{1}{12}$ ભાગને બદલે પગારના $\frac{1}{16}$ ભાગ ઉઘરાવવા અને તે પ્રમાણે સ્ટેટ્યુટ ૧૯૬ ને "રિટ્રોસ્પેક્ટીવ ઇફેક્ટ"થી સુધારવા બાબત યુનિવર્સિટી સ્ટાફના સભ્યોની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૫. સિન્ડિકેટ સેક્શન અને એકાઉન્ટ સેક્શનમાં રહેતા કામના બોઝા અંગે એકેક વધુ જુનિયર ક્લાર્ક આપવા અંગેના પ્રશ્ન બાબત રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી કમિટીનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટિનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવ્યો છે)

૩૬. શ્રી. હરિસિંહ છો. ઠાકોરની જગ્યાએ ડીન્સ-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડ ઉપર આ યુનિવર્સિટીનો પ્રતિનિધિ નિમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા **Sine die** મુલતવી રાખવી.

૩૭. પોતાની તથા પોતાની પત્નીના હવાના બીલના ચઢેલા રૂપિયા ડૉક્ટરને તારીફે ચૂકવવા હોવાથી તેમને બાતે જમા થયેલી પ્રોવિડંટ ફંડની રકમમાંથી રૂા. ૬૫-૦-૦ની લોન યુનિવર્સિટીના નિયમ મુજબ તે ભરપાઇ કરવાની શરતે આપવા બાબતની યુનિવર્સિટી ઑફિસમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કેશુભાઈ પી. પટેલની તા. ૨૬-૬-૧૯૫૩ની અરજી.

(નોંધ:- આજ દિન સુધીમાં તેમના બાતે રૂા. ૬૫-૧૦-૦ ની પ્રોવિડંટ ફંડની રકમ જમા થયેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. પી. પટેલની વિનંતી માન્ય રાખવી.

૩૮. મિટીંગ શરૂઆત થતાં કોરમ ન હોય તો તે મિટીંગ મુલતવી રાખવા અને મુલતવી રહેલી આવી મિટીંગ કોરમ વિના મળવા બાબત શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે ઘડેલો ડ્રાફ્ટ સ્ટેટ્યુટ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર સ્ટેટ્યુટ મિટીંગમાં થયેલા સુધારા સાથે મંજૂર રાખવું.

સુધારેલું સ્ટેટ્યુટ નીચે પ્રમાણે વંચાશે:

"If there is no quorum at the commencement of the meeting, the Vice-Chancellor shall, at the expiration of 15 minutes adjourn the meeting to such date as the Vice-Chancellor may fix. Such adjournment shall be recorded by the Registrar under the

Signature of the Vice-Chancellor. In the case of a meeting adjourned for want of quorum, no quorum will be required and at such adjourned meeting only items on the agenda already circulated will be taken up and no new item will be added. In the case the Vice-Chancellor is not present the Registrar will report to the Vice-Chancellor who will fix the date."

૩૯. ગુજરાત રિસર્ચ વર્કર્સ કોન્ફરન્સનું કામકાજ ભવિષ્યમાં ગુજરાત યુનિવર્સિટીએ ચલાવવા બાબતના શ્રી. પી. જી. શાહના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૦. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના બી.ઇ.ડી. વર્ગમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓના બસારાને લીધે મુકરર કરેલી સંખ્યા કરતાં પાંચ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૯-૬-૧૯૫૩ ના પત્રાંક ૧૪૦ ઉપરથી તે પરવાનગી આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના ઇન્ટર કૉમર્સના વર્ગમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓના બસારાને લીધે મુકરર કરેલી સંખ્યા કરતાં દરેક ડિવિઝનમાં પંદર વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવાની અને જરૂર પડે 330 ઉપર સંખ્યા વધતાં ઇન્ટર કૉમર્સના વર્ગનો ત્રીજો ડિવિઝન ખોલવા બાબતની પરવાનગી આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૯-૬-૧૯૫૩ના પત્રાંક યુ. કો. ૨. ૪૨૫-૫૩-૫૪ ઉપરથી તે પરવાનગી આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૨. અમદાવાદ સેન્ટરમાં બી.કૉમ. ના ઇકોનોમિક્સ ઑફ કોટન નામના ત્રીજા પેપરમાં કુલ ૧૦ પ્રશ્નો હતા તેમાંથી કેટલા પ્રશ્નોના જવાબો લખવાના હતા તે મજકૂર પ્રશ્નપત્રના પ્રાશ્નિક શ્રી. એસ. સી. પાઠકે મેન્યુસ્ક્રીપ્ટમાં જણાવ્યું ન હતું તે બાબતમાં સિનિયર સુપરવાઇઝર શ્રી. પી. એન. જોશીના રિપોર્ટ ઉપરથી પ્રાશ્નિક શ્રી. એસ. સી. પાઠકનો ખુલાસો માંગતા તેમના તરફથી આવેલા તા. ૬-૪-૧૯૫૩ના પત્રાંક SCP/COT/301 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૩. અમદાવાદ સેન્ટરમાં ઇન્ટર સાયન્સના મેથેમેટિક્સના પેપર II, સેકશન II ના ઉમેદવાર નં. ૪૦-૬૬ના જવાબપત્રો પ્રો. માનીને મોકલાવવાને બદલે પ્રો. કે. એસ. બી. શાસ્ત્રી કે જેમને તેજ પરીક્ષાના મેથેમેટિક્સ પેપર II સેકશન I નાં જવાબપત્રો મોકલાવવાનાં

હતાં, તેમને મોકલાયાં હતાં, તો તે બાબતમાં મજકૂર પરીક્ષાના સિનિયર સુપરવાઇઝર શ્રી. આર. બી. આથવલેનો ખુલાસો માંગતાં તેમના સાથીદાર સિનિયર સુપરવાઇઝર પ્રો. એસ. મુખરજી તરફથી આવેલા તા. ૧-૫-૧૯૫૩ના પત્રાંક **Exam/59** ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૪. ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી બી.એસ.સી. પ્રિન્સિપાલ પરીક્ષાના મિકેનીકસ પેપર ડાયનેમિકસના પહેલા પ્રશ્નમાં ભૂલ હતી તે બાબત મજકૂર પરીક્ષાના ઉમેદવાર ન. ૧૧, ૨૪ અને ૨૬ની અરજી ઉપરના અમદાવાદ સેન્ટરના સિનિયર સુપરવાઇઝરના તા. ૮-૪-૧૯૫૩ના શેરા ઉપરથી શ્રી. પી. સી. વૈદ્યની રિમાર્ક મંગાવતાં તેમના તરફથી આવેલા તા. ૨૨-૪-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૫. ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર સાયન્સની પરીક્ષાના ફિઝિકસ થિયરીના માર્ક શીટના ટોટલમાં પરીક્ષકોની ૩૮ જેટલી ભૂલો માલૂમ પડી છે. "ઇન્સ્ટ્રકશન ટુ પેપર-સેટર્સ અને એકઝામિનર્સ"ની સૂચના નં. ૨૯(૮) પ્રમાણે પરીક્ષકોનું મહેનતાણું કાપવામાં આવ્યું છે પણ ભૂલો વધારે હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- સને ૧૯૫૨ની પરીક્ષામાં પણ આ વિષયના માર્કસ શીટમાં ૨૧ ભૂલો હતી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી

૪૬. એસ.ઈ. (સિવિલ) ન્યુ રૂલ્સની પરીક્ષામાં સર્વેઇંગ II નાં પેપરો પોતાની આકસ્મિક માંદગીને અંગે ન્યુ રૂલ્સનું પાસિંગ માર્કનું ધોરણ ૪૦ ટકા છે તે ફેરફાર લક્ષમાં લેવાનો રહી જવાથી અને તેને બદલે જૂના રૂલ્સ પ્રમાણે ૩૩ ટકા પાસિંગ માર્કનું ધોરણ રાખી માર્ક આપેલા હોવાથી ચાર્ટર્સ-ચાન્સેલર સાહેબના હુકમ અનુસાર તે વિષયનાં બંધ પ્રશ્ન-પત્રો અને માર્કસ લિસ્ટ પરીક્ષક શ્રી. આર. ડી. ગુજ્જરીને પાછાં મોકલાવેલાં તે બાબત મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૭. ૧૯૫૩ના માર્ચમાં અમદાવાદ સેન્ટરે લેવાયેલી ઇન્ટર સાયન્સની પરીક્ષાના કેમિસ્ટ્રી પેપર II નું અમદાવાદ સેન્ટરનું મજકૂર વિષયનું MSS વાળું પરબિડિયું સિનિયર સુપર-વાઇઝર અને પ્રેસ મેનેજરની રૂબરૂ ખોલ્યું ત્યારે તેમાં સ્લીપ નં. ૩ કે જેમાં પ્રશ્ન નં. ૨ લખેલો હતો તે જોવામાં ન આવતાં સિનિયર સુપરવાઇઝરના રિપોર્ટ ઉપરથી મજકૂર પરી-ક્ષાના બોર્ડ ઑફ પેપર-સેટર્સના ચેરમેન શ્રી. આર. જી. નાયકનો ખુલાસો માંગતાં તેમના તરફથી આવેલા તા. ૧૪-૫-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૮. ૧૯૫૩ના માર્ચ માસમાં લેવાયેલી ગુજરાત યુનિવર્સિટીના એફ. ઈ. પરીક્ષાના "Work Shop Practice" ના પરીક્ષકોને મોરબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબીએ આપેલા કર્મ વર્ક્સના "jobs" અંગે મજકૂર પરીક્ષકોએ કરેલા નીચે પ્રમાણેના રિપોર્ટ ઉપરથી પ્રિન્સિપાલને પૂછાવતાં તેમના જવાબમાં આવેલા હાલના પ્રિન્સિપાલ અને ભૂતપૂર્વ પ્રિન્સિપાલના ખુલાસા દર્શાવતા તા. ૧૫-૫-૧૯૫૩ અને ૧૯-૫-૧૯૫૩ના આવેલા અનુક્રમે પત્રાંક MT/Con/6181 અને Nil ઉપર વિચારણા કરવા બાબત.

"Further on going through the various jobs it is noticed that the work done at the Annual Examination at the Morvi Centre was far too much superior especially in Forging and Carpentry. The jobs are too good to be judged to be about the standard of F.E. students appearing at an Examination.

Majority of the jobs are of the same standard which is ordinarily not found. This gives rise to suspicion of some undesirable practices which may have taken place at the Centre.

The above matter is brought to your kind notice for necessary action.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૯. મોરબી સેન્ટરમાં બેઠેલા વિદ્યાર્થીઓનું કર્મ વર્ક તપાસતાં કેટલાક વિદ્યાર્થીઓએ આપેલા રફ સ્કેચિઝ, ફેર ડ્રોઇંગ્ઝમાંથી અથવા તો બીજા કેટલાક વિદ્યાર્થીઓના ડ્રોઇંગ શીટ્સ ઉપરથી તૈયાર કરેલા હોય એવી શંકા જાય છે તેમજ વિદ્યાર્થીઓએ આપેલા સ્કેચિઝ જરૂરી ડાયમેન્સન્સ ધરાવતા નથી અને કેટલાક ડ્રોઇંગ શીટ્સ ઉપરના સ્કેચિઝ ફેર ડ્રોઇંગ જેવી જ સ્થિતિ ધરાવે છે. આ બંધ ઉપરથી વિદ્યાર્થીઓએ પહેલાં ફેર ડ્રોઇંગની કોપી કરી હોય અને પછી કાચની મદદથી સ્કેચિઝની ફેર ડ્રોઇંગમાંથી કોપી કરી હોય તેમ દેખાય છે તથા મજકૂર સેન્ટરમાં બેઠેલા વિદ્યાર્થીઓને આપેલા વખત ઉપરથી તેમનાં જવાબપત્રો જોતાં સામાન્ય રીતે બારી ન શકાય એવી સ્વચ્છતા જણાઇ છે, વિગેરે અંગે એફ. ઈ. ની ૧૯૫૩ના એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાના મશીન ડ્રોઇંગના પરીક્ષકો તરફથી આવેલા એક્ઝામિનેશન રિપોર્ટ સાથેના તા. ૨૯-૬-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૦. વિદ્યાર્થીઓના જવાબપત્રોના એસેસમેન્ટમાં અને તેમનાં પરિણામો તૈયાર કરી પહોંચાડવામાં થતી ઢીલ દૂર કરવા અંગે ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઈન્ટર સાયન્સ અને ઈન્ટર આર્ટ્સના મેથેમેટિકસના પરીક્ષકો શ્રી. પી. વી. પારેખ અને શ્રી. એચ. એન. રાવલ તરફથી તા. ૨૯-૪-૧૯૫૩ના આવેલા પત્રમાં આપેલાં કેટલાંક સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૧. એપ્રિલ ૧૯૫૩માં લેવાયેલી બી.ઇ. ની પરીક્ષાના "લિટ એન્જિન્સ" વિષયના પ્રેક્ટીકલમાં આણંદ કેન્દ્રમાં ફકત એક જ વિદ્યાર્થી હતો અને પરીક્ષક તરીકેનું રેમ્યુનરેશન માત્ર રૂા. ૪-૦-૦ થાય જ્યારે અમદાવાદથી આણંદ સિંગલ રિટર્ન મુસાફરીના રૂા. ૬-૮-૦ થાય એ જોતાં આ કેસમાં સિંગલ મુસાફરીનું ટી એ. આપવા બાબતના મજકૂર પરીક્ષાના કન્વીનર શ્રી. વી. જે. જાની તરફથી આવેલા તા. ૨૧મી મે ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૨. વિદ્યાર્થીઓની માગણી પરત્વે નીચેનાં સૂચનો ઉપર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવા માટે યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સેનેટ સમક્ષ મૂકવા બી એમ્પ્લોયી સ્ટુડન્ટ્સ એસો. સિએશનના પ્રેસિડેન્ટ તરફથી આવેલા એપ્રિલ ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. તા. ૨૦મી જૂન ૧૯૫૩થી આર્ટ્સનો ઍકસ્ટર્નલ ડિગ્રી કોર્સ શરૂ કરવા બાબત.

૨. ઍકસ્ટર્નલ ડિગ્રી કોર્સની સગવડ ગુજરાત યુનિવર્સિટીના નોકરિયાતોને આપવા તેમજ ગુજરાત અને મુંબઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ એકબીજાની પરીક્ષામાં બેસી શકે તેવી વ્યવસ્થા કરવા બાબત.

૩. વિદ્યાર્થીઓને સહાય કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની ઍફિલિએટેડ કૉલેજોનું એક યુનિયન રચવા બાબત.

૪. વિદ્યાર્થીઓના સાચા વાંધા રજૂ કરવા અને તેના નિરાકરણ માટે ગુજરાત યુનિવર્સિટી સેનેટમાં વિદેશી યુનિવર્સિટીઓની માફક ઍફિલિએટેડ કૉલેજોના વિદ્યાર્થીઓને ૪ થી ૫ બેઠકનું પ્રતિનિધિત્વ આપવા બાબત.

૫. સરકારી કૉલેજોમાં ૧૯૫૨-૫૩ના વર્ષની શરૂઆતમાં બે માસ સુધી ફી વધારા અંગે હડતાળો પડેલી, તેથી અભ્યાસ બરાબર નહિ થઇ શકવાથી તેમના પરિણામ પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ દાખવવા બાબત.

૬. ઇન્ટરમિડિયેટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સનાં પુસ્તકો ૧૯૫૩ના જૂનથી બદલાવવાના હોવાથી નિષ્ફળ ગયેલા ઉમેદવારોને ખાસ કન્સેશન આપી ૧૯૫૩ના ઑકટોબરમાં તેમની ફરીથી પરીક્ષા લઈ તેમને એક વર્ષના બચાવનો અને ઑકટોબરથી શરૂ થતી લૉની પહેલી ટર્મથી લૉમાં બેડાવાની તક આપવા બાબત.

૭. બીજા વિદ્યાર્થીઓની જેમ એમ્પ્લોયી સ્ટુડન્ટ્સ તરફ પણ ન્યાયી અને એકસરખી વર્તણૂક બતાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૩. ચાલુ સાલે ઇન્ટર આર્ટ્સની પરીક્ષા ઑક્ટોબરમાં લેવા અંગે ધી એમ્પ્લોયી સ્ટુડન્ટ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરફથી આવેલાં સૂચનો બાબતના તા. ૯-૬-૧૯૫૩ના પત્રાંક ૧. ૧૫ ગુજ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૪. સિનિયર ડિવિઝન એન. સી. સી. યુનિટ્સનો વાર્ષિક તાલીમ કેમ્પ ૧૫ વર્કિંગ દિવસનો છે અને ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કરેલી મિડ-ટર્મ વેકેશન ૧૪ દિવસની છે. તે ઉપરાંત એન. સી. સી. કેડેટ્સને તાલીમ માટે મુકરર કરેલા સ્થળે જવા માટે એક અને ત્યાંથી પાછા આવવા માટે એક એમ બે દિવસો મળી કુલ ૧૭ દિવસની મિડ-ટર્મ વેકેશન બંધ વિદ્યાર્થીઓને નહિ તો ફક્ત એન. સી. સી. માં જોડાયેલા વિદ્યાર્થીઓને આપવા અંગે અને જો તે શક્ય ન હોય તો ઑક્ટોબર-નવેમ્બરની રજાઓમાંથી ત્રણ દિવસ કાપી તેટલા દિવસ મિડ-ટર્મ વેકેશનમાં ઉમેરી કુલ ૧૭ દિવસની રજાઓ કરી આપવા વિચારણા કરવા અંગે ફોર્થ બૉમ્બે બેટેલિયન એન. સી. સી. ના મેજર કમાન્ડન્ટ તરફથી આવેલો તા. ૧૩-૬-૧૯૫૩ નો પત્રાંક ૨૪૧. ૩૯ જી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૫. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મિકેનીકલ ઍન્ડ ઇલેકટ્રીકલ ઍન્જિનિયરીંગના સભ્ય તરીકે રહેવાની સંમતિ તા. ૧૬-૧૨-૧૯૫૨ના રોજ મોકલ્યા પછી, સંમતિ દર્શાવેલ આ બે બૉર્ડ ઉપરાંત સિવિલ ઍન્જિનિયરીંગની બૉર્ડ ઉપર પણ સભ્ય તરીકે રહેવા સંમતિ મોકલ્યા બાબતના શ્રી. એમ. એમ. પટેલના પત્ર ઉપરના સિન્ડિકેટના તા. ૭-૩-૧૯૫૩ના "શ્રી. એમ. એમ. પટેલને જણાવવું કે તેઓ સિવિલ ઍન્જિનિયરીંગ બૉર્ડના સભ્ય થઇ શકે નહિ" એવા ઠરાવની જાણ કરતાં આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવા અથવા મે. વાઇસ-ચાન્સેલર સાહેબને રૂલીંગ માટે મોકલવા અંગે તેમના તરફથી આવેલા તા. ૨૨-૫-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૬. ઍન્ડાયર ઇકોનોમિકસ લઇ બી.એ. પાસ થઇને બી.કૉમ. ના અભ્યાસક્રમ માટે જનાર વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં ચાર સત્રો ભરવાં પડે છે જ્યારે મુંબઇ યુનિવર્સિટીમાં ફક્ત બે જ સત્રો ભરવાં પડે છે. આથી ગુજરાત યુનિવર્સિટીએ મજકૂર નિયમોમાં ફેરફાર કરી ઓછામાં ઓછા જૂન ૧૯૫૩ સુધીમાં બી.એ. પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે નિયમોમાં રહેલા સત્રોમાં ઘટાડો કરવા બાબતના વર્ધમાનસિંહજી કૉલેજ, રાજકોટના વિદ્યાર્થીઓની, મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના રોરા સહિત આવેલી તા. ૪થી મે ૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૭. ૧૯૫૨ના એપ્રિલમાં લેવાયેલી ઇન્ટરમિડિયેટ સાયન્સની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ કર્યા પછી ૧૯૫૨-૫૨ના શૈક્ષણિક વર્ષમાં જુનિયર બી.એસ.સી. માં ફિઝિકસ-મેથેમેટિકસ

ગ્રુપ લઇ ટર્મ્સ ભરી ૧૯૫૨ના માર્ચમાં લેવાયેલી જુનિયર બી.એસ.સી. ની મેથેમેટિકસની પરીક્ષામાં બેઠેલા પણ નાદુરસ્ત તબિયતને અંગે નાપાસ થયેલા, તે પછી ઍન્જિનિયનીંગના પહેલા વર્ગમાં ઍડમિશન મળવાથી બી.એસ.સી. અધુરૂં મૂકી એફ.વ. ના વર્ગમાં ટર્મ્સ રાખી ૧૯૫૩ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી એફ.વ. ની પરીક્ષામાં બેઠેલા છે અને હજી સુધી જુનિયર બી.એસ.સી ની પરીક્ષા પાસ કરેલી નહિ હોવાથી મૂળ પસંદ કરેલા ગ્રુપના ફિઝિકસ-મેથેમેટિકસના વિષયોને બદલે પ્રિન્સિપાલ વિષય તરીકે મેથેમેટિકસ અને સબ્સીડિયરી વિષય તરીકે ફિઝિકસને રાખવાની પરવાનગી આપવા બાબતની શ્રી. એન. આર. દેસાઇની એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલના દોરા સહિત આવેલી તા. ૧૫-૪-૧૯૫૩ ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૮. યુનિવર્સિટી ઍજ્યુકેશન કમિશનના રિપોર્ટના ચેપ્ટર ૩ના પેરેગ્રાફ ૩થી ૧૬માં જણાવ્યા મુજબના જનરલ ઍજ્યુકેશન કોર્સ આ યુનિવર્સિટીમાં દાખલ કરવા અને તે અંગે અભ્યાસક્રમ વિગેરે સહિતનાં સૂચનો તથા તે અભ્યાસક્રમ ફરજિયાત વિષય તરીકે યુનિવર્સિટીના કયા સ્ટેજે દાખલ કરવામાં આવશે તે તથા આ અંગે થનારા ખર્ચમાં યુનિવર્સિટી કેટલું ખર્ચ ઉપાડશે તે જણાવવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલા તા. ૨-૩-૧૯૫૩ તથા તા ૧૫-૫-૧૯૫૩ના અનુક્રમે એફ. ૨૩-૪-૫૩-જી. ૩ અને યુ.એસ. જી.-૨૨૫૩ યુ. ૨૦૬૮૬ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૯. ૧૯૫૦ માર્ચ માસમાં લેવાયેલી મુંબઇ યુનિવર્સિટીની ઇન્ટરસાયન્સની પરીક્ષા પસાર કરી બી.એસ.સી. માં ફિઝિકસ પ્રિન્સિપાલ અને મેથેમેટિકસ સબ્સીડિયરી વિષયો લઇ એપ્રિલ ૧૯૫૧માં મુંબઇ યુનિવર્સિટીમાં સબ્સીડિયરીના વિષયમાં પાસ થયા પછી, સંજોગોને લીધે મુંબઇ યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીની કૉલેજમાં આવી બી.એસ.સી. ની બાકી રહેલી બે ટર્મ પૂરી કરી બી.એસ.સી. પ્રિન્સિપાલ ફિઝિકસની પરીક્ષામાં ડયુ થયા ત્યારે માંદગીને કારણે બેસી ન શકયા અને હવે પ્રિન્સિપાલ વિષય સબ્સીડિયરી તરીકે અને સબ્સીડિયરી વિષય પ્રિન્સિપાલ તરીકે લઇ બે સત્રો લઇ પરીક્ષામાં બેસી શકાય કે નહિ તે બાબત જણાવવા બાબતના-શ્રી. એન. જે. મેઘાણીના તા. ૧૦મી મે ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૦. આથા યુનિવર્સિટીની પરીક્ષાઓ જ્યારે આ યુનિવર્સિટીની તેજ પરીક્ષાઓની બરાબર માન્ય રાખેલી તે વખતે તે યુનિવર્સિટીના આર્ટ્સ ગ્રેજ્યુએટ શ્રી. આર. એચ. ત્રિવેદીને તા. ૨૮-૧૨-૧૯૫૨નું ઍલિજિબિલિટી સર્ટિફિકેટ નં. ૫૮૩ આપેલું. મજકૂર સર્ટિફિકેટ ના આધારે હવે એટલે જૂન ૧૯૫૨ પછી આથા યુનિવર્સિટીની પરીક્ષાઓ જ્યારે માન્ય

રાખવામાં આવી નથી ત્યારે તેમને એમ. એન. કૉલેજ, વીસનગરના જુનિયર એમ.એ. ના વર્ગમાં દાખલ કરવા કે કેમ તે અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી તા. ૩૦-૫-૧૯૫૩ ના આવેલ પત્રાંક ૩૨૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને ચાલુ સાલે કૉલેજમાં દાખલ થવાની પરવાનગી આપવી.

૬૧. ૧૯૪૬-૪૭ની સાલમાં બે ટર્મ અને ૧૯૪૭-૪૮ની સાલમાં એક ટર્મ મુંબઈ યુનિવર્સિટીમાં એલ. એલ. એમ. માટે શ્રી. જી. એસ. માલવિયાએ રાખ્યા પછી ટ્રાન્સફર ઑફ રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય આ યુનિવર્સિટીમાં એલ. એલ. એમ. ની એક ટર્મ રાખેલી. ટ્રાન્સફર ઑફ રજિસ્ટ્રેશન માટેની ઠરાવેલી મુદત પહેલાં તેમણે તેમ નહિ કર્યા બદલ માઈગ્રેશન સર્ટિફિકેટો મેળવવાં જોઈએ તેવી ધારણામાં પોતે હતા તેમ તેઓ તેમની અરજીમાં જણાવે છે. છેવટે તેમની મજકૂર અરજીઓ સિન્ડિકેટ સમક્ષ યોગ્ય ન્યાય માટે મૂકવા બાબત સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલના તા. ૩-૬-૧૯૫૩ના શેરાંક ૪૬૯. ૫૩ સાથે આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ટ્રાન્સફર ઑફ રજિસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તારીખ ૧૫-૧૦-૧૯૫૨ની હતી અને ટ્રાન્સફર ઑફ રજિસ્ટ્રેશન કરાવવા માટે ઑલિજિબિલિટી વગેરે સર્ટિફિકેટો લાવવાની જરૂર હોતી નથી. શ્રી. માલવિયાએ તેમની તા. ૨૪-૧૨-૧૯૫૨ની અરજીમાં કરેલું "that Migration Certificate was obtained and produced before the Registrar on 30-10-1952" સ્ટેટમેન્ટ બરાબર નથી. વળી તેમની તા ૩૦-૧૦-૧૯૫૨ની અરજીમાં તેઓ જણાવે છે કે "that he was under the impression that Migration Certificate is necessary" અને તેમની તા. ૨૪-૧૨-૧૯૫૨ની અરજીમાં જણાવે છે કે "**that he was given to understand** that Migration Certificate was the only formality necessary to effect transfer." આવી રીતે અસંગત સ્ટેટમેન્ટો કરે છે. તા. ૧૫-૧૦-૧૯૫૨ પછી રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરાવવાની બીજાઓની અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. માલવિયાને રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરાવવા માટેની પરવાનગી આપવી.

૬૨. હિંદ સરકારની કલ્ચરલ સ્કૉલરશિપની યોજનાનો લાભ પણ ફોરેન વિદ્યાર્થીઓ લેતા હોવાથી આ યુનિવર્સિટીમાં ફોરેન વિદ્યાર્થીઓ માટે કેટલી સગવડ થઈ શકશે તે જણાવવા તથા તે અંગે અભ્યાસ, લોજિંગ, બોર્ડિંગ વિગેરે ફ્રી રહેશે કે કેમ અને અભ્યાસ સમય દરમિયાન કાંઈ ચેતન આપવામાં આવશે કે કેમ તે જણાવવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલા તા. ૨૫મી મે ૧૯૫૩ના પત્રાંક એફ. ૪-૪૪-૫૩-એસ ૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૩. ઇન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રિલેશન્સની જૂની કાઉન્સિલની સમય મર્યાદા પૂરી થતી હોઇ નવી કાઉન્સિલ રચવાની હોવાથી કાઉન્સિલની જનરલ બૉડીના બે સભાસદો કે જેમાંના એક "પશ્ચિમ એશિયા, ઇજિપ્ત અને તુર્કસ્તાન" સેક્શનના અને બીજા અગ્નિ એશિયા" સેક્શનના હોય અને જેઓ પોતાના સેક્શનને લગતી સાંસ્કૃતિક બાબતોમાં રસ લેતા હોય એવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓનાં નામ અને સરનામાં મોકલવા બાબત મજકૂર કાઉન્સિલના પ્રેસિડેન્ટ શ્રી. મૌલાના અબ્દુલ કલામ આઝાદ વતી કાઉન્સિલના સેક્રેટરી તરફથી કાઉન્સિલના બંધારણની કોપી સાથે આવેલા તા. ૬/૮-૬-૧૯૫૩ના પત્રાંક આઇ.સી.સી.આર. ૩૯-૫૩-૧૯૨૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૬૪. ઑકસફર્ડ યુનિવર્સિટી હોકી ક્લબના કેપ્ટન, ઑકસફર્ડ-કેમ્બ્રિજની સંયુક્ત સાઉથ હિંદુસ્તાનમાં હિંદમાંની યુનિવર્સિટીઓની સાઉથ અને સ્થાનિક ક્લબો તેમજ યુનિવર્સિટીઓની કમ્બાઇન્ડ સાઉથ સાથે ટેસ્ટ મેચિઝ રમવા માટે આવવાના છે એવી જાતના ઇન્ડિયન હોકી ફેડરેશનના માનદ મંત્રી શ્રી. બી.એલ. ગુપ્તા તરફથી મળેલા પત્ર ઉપરથી યુનિવર્સિટીઓએ ટીમના છેલ્લા સ્થળથી સેકન્ડ ક્લાસ રેલ્વે ફેર અને ફર્સ્ટ ક્લાસ લૉજિંગ અને બૉર્ડિંગ અર્થની વ્યવસ્થા કે જે યુનિવર્સિટીઓએ અને આમંત્રણ આપતી લોકલ ક્લબોએ સરખે ભાગે આપવાનો હોય છે તે અંગેના પત્રમાંના ચાર પ્રશ્નોનો જવાબ આપવા બાબત ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૬-૬-૧૯૫૩ના પત્રાંક ૭૩૧-૬૫૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે યુનિવર્સિટી ચિક્રિટર્સને આમંત્રણ આપવાની ઇચ્છા રાખતી નથી એવો જવાબ આપવો, અને તેથી બીજા, ત્રીજા અને ચોથા સવાલનો જવાબ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૬૫. ડિસેમ્બર ૧૯૫૩ના છેલ્લા અઠવાડિયા દરમિયાન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાના આશ્રયે ઇન્ડિયન ફિલોસોફીકલ કોન્ગ્રેસની આવતી બેઠક ભરવા મજકૂર યુનિવર્સિટીએ આમંત્રણ આપવાનું નક્કી કરેલું હોવાથી કોન્ફરન્સના અર્થને પહોંચી વળવા માટે આ યુનિવર્સિટીએ તે યુનિવર્સિટીને યોગ્ય ગ્રાન્ટ આપવા બાબત મજકૂર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૨૯-૬-૧૯૫૩ના પત્રાંક એમ.બી. ૬૬૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી ગ્રાન્ટ આપી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૬૬. ગુજરાત કૉલેજ, અમદાવાદના ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થી શ્રી. ગણેશભાઇ એચ. પટેલની પહેલા સત્રની હાજરી પોતે પહેલા સત્રમાં એલ. ડી આર્ટ્સ કૉલેજમાં દાખલ થયેલા પરંતુ આર્થિક સ્થિતિને કારણે બે માસથી ફી આપી ન શકવાને કારણે તે કૉલેજ-

માંથી નામ કાઢી નાખેલું. તેથી તા. ૧લી સપ્ટેમ્બરના રોજ ગુજરાત કૉલેજમાં દાખલ થતાં ત્યાં પૂરી હાજરી થઇ શકી ન હોવાથી તે બાર કેન્ડોન કરવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ મારફત અરજી મોકલાવેલી જેના ઉપરનો સિન્ડિકેટનો ઠરાવ "વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી નહિ" એમ જણાવતાં આ બાબત અંગે પુનર્વિચારણા કરવા બાબત મેડિકલ સર્ટિફિકેટ સાથે આવેલી વિદ્યાર્થીની તા. ૬-૬-૧૯૫૩ની અરજી.

(નોંધ:- તા. ૪-૪-૧૯૫૩ની સિન્ડિકેટે નામંજૂર કરેલી અરજીમાં વિદ્યાર્થીએ ખૂટતી હાજરીનું કારણ ફક્ત આર્થિક સ્થિતિનું જણાવેલ જ્યારે હાલ અરજીમાં તે કારણ ઉપરાંત માંદગીના કારણ અંગે મેડિકલ સર્ટિફિકેટ બીડે છે જેમાં નીચે પ્રમાણે લખેલું છે:

"Was ill for two months from 15th June to 15th August 1952 for chronic malaria fever."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની ખૂટતી હાજરી માફ કરવી.

૬૭. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના ઇન્ટર આર્ટ્સના ત્રણ વર્ગમાં થઈને ૪૫ વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી માગતા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૨-૬-૧૯૫૩ના પત્રાંક ૧૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય કરવી.

૬૮. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદના એફ. વાય. અને ઇન્ટર સાયન્સના વર્ગોમાં દાખલ થવા માટે આ વર્ષે વિદ્યાર્થી-ઓનો ધસારો હોવાથી એડમિશન માટે નિયત કરેલી એફ. વાય. સાયન્સની ૧૦૦ની સંખ્યા વધારી ૧૨૦ વિદ્યાર્થીઓને અને ઇન્ટર સાયન્સની ૬૦ ની સંખ્યા વધારી ૭૫ વિદ્યાર્થીઓને મજકૂર વર્ગોમાં એડમિશન આપવાની પરવાગી આપવા બાબતના કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૦-૬-૧૯૫૩ના પત્રાંક ૪૬૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં તપાસ કરી રિપોર્ટ કરવા નીચે મુજબની કમિટી નીમવી.

૧. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ,
૨. પ્રોફેસર એમ. એન. પટેલ.

૬૯. શ્રી. રતિભાઈ જે. શાહ એમની પી.એચ.ડી. ડિગ્રી માટે અર્ધમાગધી વિષયમાં મુંબઇ યુનિવર્સિટીમાંથી આ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરાવવા બાબતની અરજી એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ મારફત તા. ૧૦-૫-૧૯૫૨ના રોજ આવેલ. આમ અરજી સાથે ટ્રાન્સફર માટે જરૂરી એવા ૧. મુંબઈ યુનિવર્સિટીનું મૂળ (original) રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, ૨. ટર્મ રાખ્યા બાબતનું સર્ટિફિકેટ તેમજ ૩. મુંબઈ યુનિવર્સિટીમાં

નહિ બેસે એવી આંહેંચરી વિગેરે કાગળો અરજી સાથે આવેલ નહિ હોવાથી તે રજૂ કરવા તેમને તેમજ પ્રિન્સિપાલને જણાવેલું અને રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરવાની સિન્ડિકેટે ઠરાવેલ છેલ્લી તા. ૧૫-૧૦-૧૯૫૨ની છે તે પણ જણાવેલું, પરંતુ વારંવાર લખવા છતાં તે મુદ્દત સુધી કાગળો નહિ આવવાથી રજિસ્ટ્રેશન ટ્રાન્સફર થઇ શકયું નહિ. હવે આંહેંચરી બાબતનો કાગળ તા. ૨-૨-૧૯૫૩ના રોજ આવેલ છે અને મૂળ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ તા. ૨૩-૬-૧૯૫૩ના રોજ આવેલ છે. તો હવે તેમનું રજિસ્ટ્રેશન આ યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરવું કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરાવવા માટેની પરવાનગી આપવી.

૭૦. ૧૯૫૩ના પહેલા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી (unfair) કહેવાજે લીધા હોય તેવા કેસો ઉપર વિચાર કરી રિપોર્ટ કરવા નિમાયેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૧. ૧૯૫૩ના એપ્રિલમાં લેવાયેલી પહેલી એલ.એલ.બી.ની પરીક્ષાના ઇંગ્લીશ પેપરના પહેલા સેકશનના પ્રશ્ન ૩ના પહેલા "ઓલ્ટર્નેટિવ"માં આઠ "પેસેજીઝ" પૂછવામાં આવેલા છે. પરંતુ તેની ચાવીઓ ફક્ત પહેલા છ "પેસેજીઝ" ની આપવામાં આવેલી છે તેમજ અમદાવાદ ખાતે છપાયેલા તે વિષયના પેપરોમાં કેટલીક ભૂલો છે તેવા તે પેપરના પરીક્ષક પ્રોફેસર વી. એમ. દેસાઇના પત્ર ઉપરથી ચાવીઓ બાબતમાં પ્રશ્નપત્ર કાઢનારાઓના ચેરમેન શ્રી. એન. જી. ખારેઘને તથા છાપવામાં થયેલી ભૂલો માટે સિનિયર સુપરવાઇઝર પ્રિન્સિપાલ આર. ડી. દેસાઇને પુછાવતાં તેમના તરફથી આવેલા ખુલાસાઓના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના એફ. વાય. આર્ટ્સ, પહેલી એલ.એલ.બી. અને બીજી એલ.એલ.બી. ના વર્ગોમાં દાખલ થવા માટે આ વર્ષે વિદ્યાર્થીઓનો ધસારો હોવાથી એફ. વાય. આર્ટ્સની નિયત કરેલી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦થી વધારી ૧૬૫ (૧૦ ટકા) વધારે વિદ્યાર્થીઓને, અને તેમાં જો સંખ્યા ૧૬૫થી વધે તો બીજો ડિવિઝન ખોલવા, તેમજ પહેલી એલ.એલ.બી.ના ૧૩૦ વિદ્યાર્થીઓના એક ડિવિઝનમાં ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓ અને બીજી એલ.એલ.બી.ના બે ડિવિઝનમાં હાલની કુલ ૩૨૦ વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવા અંગે પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૩-૬-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી.

૭૩. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ્ યુનિવર્સિટી ટીચીંગની ૬ઠ્ઠી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૪. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ત્રીજી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૫. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી પબ્લિકેશન બૉર્ડની બીજી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૭૬. ૧૯૫૩ના જૂનથી એસ. બી. ગાર્ડા કૉલેજ અને બ. પે. આરિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સના એક બીજો ડિવિઝન ખોલવાની જરૂરિયાત ઉપરથી તે ખોલવા પરવાનગી આપવા બાબતની પ્રિન્સિપાલની વિનંતી સ્વીકારવાના શ્રી. વાઇસ-ચાન્સેલરે જો સિન્ડિકેટ હરાવે કે નિયમ મુજબ વધારાના સ્ટાફની જરૂર પડશે તો કૉલેજ જરૂરી સ્ટાફ નીમશે એ શરતે કરેલા હુકમને સિન્ડિકેટે બહાલી આપી છે તે અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૨-૬-૧૯૫૩ના પત્રાંક ૯૨૬/૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલનો કાગળ દફ્તરે કરવો.

૭૭. વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના ઇન્ટર સાયન્સના વર્ગમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓનો વસારો હોવાથી ૧૦ ટકા વધારે એટલે કે ઇન્ટર સાયન્સના ત્રણે ડિવિઝનમાં દરેક ડિવિઝનમાં ૧૫ વિદ્યાર્થીઓ, એ પ્રમાણે કુલ્લે ૪૫ વધારે વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા અંગેના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૩-૬-૧૯૫૩ના પત્રાક K/256 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી.

૭૮. તા. ૧૯-૬-૧૯૫૩ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની નીચેના ઉપરની ભલામણ.

"મેસર્સ નાનુભાઈ જવેલર્સને રૂા. ૨,૫૦૦-૦-૦ની ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાને ભેટ આપવાની ટ્રોફી બનાવવા આ કમિટીની તા. ૪-૪-૫૩ની સભામાં મંજૂર થયેલ ટ્રોફીના રૂા. ૨,૫૦૦-૦-૦ ઉપરાંત સેલ્સ ટેકસ, પેકીંગ, ફોર્વર્ડીંગ વગેરેના કુલ વધારાના રૂા. ૨૬૧-૪-૦ના ખર્ચનું તેમનું બિલ આવેલ છે તો તેને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવા બાબત."

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાને ભેટ આપવાની ટ્રોફી માટે રૂા. ,૫૦૦-૦-૦ ઉપરાંત સેલ્સ ટેકસ, પેકીંગ, ફોર્વર્ડીંગ, વિગેરે માટે રૂા. ૨૬૧-૦-૦ની રકમને મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૬૬. ગુજરાત યુનિવર્સિટીના મકાન માટે વીજળીક પાવર મેળવવા બાબતમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મેકન ટ્રાન્સફોર્મરમાંથી યુનિવર્સિટીના મકાન સુધી ફિઝિકલ લૅબોરેટરીની ભાગીદારીમાં કેમલ સાથી મજકૂર લૅબોરેટરીને તેમાંથી પાવર આપવા બાબતના પ્રશ્ન અંગે ડૉ. વિક્રમભાઇ સારાભાઇ તરફથી આવેલા પત્રમાંની સૂચના સિન્ડિકેટે મંજૂર કરેલી છે. આ અંગે અમુક સગવડતા આપવા બાબત અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને લખતાં સોસાયટીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૮-૬-૧૯૫૩ના પત્રાંક ૨૦૬૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સલાહની વિચારણા મુલતવી રાખવી.

૬૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના જુનિયર અને સિનિયર બી.એ. ના વર્ગમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓનો ઘસારો હોવાથી બન્ને વર્ગની હાલની વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૪૦માં ૪૫ વધારે વિદ્યાર્થીઓ એટલે ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૬-૬-૧૯૫૩ના પત્રાંક ૫૩૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી વધારાના ૪૪ વિદ્યાર્થીઓ પૂરતી માન્ય રાખવી.

૬૧. એક અન્ડર-ગ્રેજ્યુએટ કોર્સ અને એક પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ સાથે થઇ શકે એમ સિન્ડિકેટે ઠરાવ્યું છે, અને એ પ્રમાણે અત્યાર સુધી એમ.એ. અને એલ.એલ.બી. તેમજ એમ.કૉમ. ને એલ.એલ.બી. સાથે થઇ શકતાં હતાં. પણ હવે લૉનો કોર્સ બદલાઇને ત્રણ વર્ષનો થયો હોવાથી અને ગ્રેજ્યુએટને માટે બે વર્ષનો હોવાથી ગ્રેજ્યુએટ હોય તે ઉપર પ્રમાણે લૉ અને એમ.એ. કોર્સ સાથે કરી શકે કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવા નિયમો હેઠળ ગ્રેજ્યુએટ થઇને લૉ કોર્સમાં દાખલ થતા વિદ્યાર્થીની બાબતમાં પણ લૉ કોર્સને અન્ડર-ગ્રેજ્યુએટ કોર્સ ગણવો અને તેથી તેને લૉ અને એમ.એ. ની ટર્મ્સ સાથે રાખવાની પરવાનગી આપવી.

૬૨. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવા વિનંતિ કરતા કૉલેજના પ્રિન્સિપાલના કાગળ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

અમદાવાદ,
નં. ૨૯૦૩૧-૪૬
તા. ૧૪-૭-૧૯૫૩.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૩૫

REPORT.

In view of the total number of clerks in Gujarat University being 7+ 12+ 4 = 23 being larger than 22 in Bombay University, and 21 in Poona University, it is not possible to give a permanent increase in the clerical strength of the Gujarat University. But there is a shortage in Supervising Staff, namely Bombay 16, Poona 15 and Gujarat 8.

	Bombay University.	Poona University.	Gujarat University.
Registrar	1	1	1
Deputy Registrar	1	1	–
Assistant Registrar	1	1	1
Senior Superintendent	1 (vacant)	1	1
Junior Superintendent	2	2	–
Chief Clerk	1	–	–
Chief Accountant	1	1	1
Deputy Accountant	1	–	–
Assistant Accountant	3	2	1
Secretary (U. I. B.)	–	1	–
Asstt. Secretary (U. I. B.)	1	–	–
Junior Superintendent (U. I. B.)	1	–	–
Head-Clerk	2(1 for Entrance)	4	3
Secretary, Extra Mural Board.	–	1	–
	16	15	8

It seems necessary to give consideration to this factor in determining the total strength of this office. It seems there are no appreciable arrears in the work of the office, but there is a general dissatisfaction regarding the quality of the work and the co-ordination of the work of the office.

A general increase of staff in the Supervising Grade is not within the terms of reference of this Sub-Committee, but it recommends that the request of the Registrar for one additional clerk may be sanctioned for a year as temporary measure. This clerk should be utilised in giving relief to one of the Supervising Head-Clerks who should now be utilised in exercising proper Supervision and co-ordination.

The whole work of the office requires to be examined by the Registrar with the object of securing greater co-ordination and more efficient Supervision and it may be left open to him to refer the matter again to the Syndicate after say 6 months or a year

The Accounts Branch should be relieved of the charge of keeping accounts of purchases of stationary and furniture and should be given more opportunities for independent check of accounts. A B.Com. graduate may be transferred to the Accounts Branch for securing better efficiency and quickness in work.

Greater Supervision in the work is necessary owing to the rawness of some of the clerks but the additional Supervising staff by itself will not lead to increased efficiency unless the addition is made slowly, as and when, found absolutely necessary.

The staff may be required to keep data of the actual work done by each man during each month so that peak and depression periods of work could be ascertained for better distribution of work.

The typists should be given regularly some work so that the total number of clerks in Gujarat University should be kept below the level of Bombay University which has got much larger variety and volume of work.

Sd/- **S. V. Desai**
Sd/- **P. G. Shah**
Sd/- **B. D. Patel**

બાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઓગણીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૪-૭-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતીઃ

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેદિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુઝમદાર	હાજર,
૫.	શ્રી. બટુભાઇ એચ. દેસાઇ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરજીવનદાસ	હાજર,
૭.	શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૯.	શ્રીમતી ઇન્દુમતીબહેન ચીમનલાલ	હાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	હાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	હાજર.

૧. સિન્ડિકેટની શુક્રવાર તા. ૧૯-૬-૧૯૫૩ના રોજ કોરમના અભાવે મુલતવી રહેલી અને શનિવાર તા. ૨૦-૬-૧૯૫૩ના રોજ મળેલી ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯-૬-૧૯૫૩ અને તા. ૨૦-૬-૧૯૫૩ની સિન્ડિકેટની સભાઓના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદનું ઇન્ટરમિડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો માટેનું જોડાણ ચાલુ રાખવા બાબતની તા. ૨૩-૫-૧૯૫૩ની આવેલી અરજી.

અને

૫૪. સર. એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને બી. એ. (જનરલ અને સ્પેશિયલ) ડિગ્રો સુધીના અભ્યાસક્રમો માટે જોડાણનો દરજ્જો આપવા બાબતની ગુજરાત લૉ સોસાયટીના માનદ્ મંત્રી તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની સ્થાનિક તપાસણી સમિતિ નીમવી:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૩. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ.

૩. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની બેઠકમાં શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદના માન્ય અનુસ્નાતક શિક્ષકોને માન્યતા આપવા બાબતમાં દરેક શિક્ષકને સ્વતંત્ર રજિસ્ટ્રાર હોવો જોઇએ એ મુદ્દા ઉપર ચર્ચા થયેલ એ બાબતમાં દરેક બ્રાન્ચ પ્રમાણે એક રજિસ્ટ્રાર હોવા બાબત ઍકેડેમિક કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવેલ છે, જેને સિન્ડિકેટે અમુક કરેલ છે તે તરફ ધ્યાન દોરવા બાબત મજકૂર હૉસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ અને બૉર્ડના સભાસદ શ્રી. એમ. ડી. પટેલના અનુક્રમે તા. ૨૦મી જૂન ૧૯૫૩ના આવેલ પત્રાંક બી. એમ. ૭૬૮-૫૩-૫૪ અને તા. ૨૦મી જૂન ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"That in each Branch there should be provided at least one Registrar whose post be considered an approved post for the above courses."

અને

૬૫. તા. ૧-૯-૧૯૫૩થી દરેક યુનિટ દીઠ એક રજિસ્ટ્રાર એ પ્રમાણે નીચે જણાવેલા યુનિટોમાં બબ્બે થઇને ૮ રજિસ્ટ્રારો નીમ્યા બાબતની જાણ અંગે શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ તરફથી આવેલો તા. ૨-૭-૧૯૫૩ નો પત્રાંક બી.એમ. ૯૨૭/૧૯૫૩-૫૪.

Medical Unit	...	...	...	Three Registrars
Surgical Unit	...	...	...	Three Registrars
Obstretric and Gynaecological Unit			...	Two Registrars.

(P.S. Now each unit has a separate Registrar under it (Each Post-Graduate Teacher will have a separate independent Registrar under him by this arrangement.)

અને

૬૬. શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદના સુપ્રિન્ટેન્ડેન્ટ અને મેડિકલ ફૅકલ્ટીના ડીન તરફથી મજકૂર હૉસ્પિટલોના કેટલાક ટીચર્સને સિન્ડિકેટ મારફતે સીનીયોરિટી રેકગ્નાઇઝ કરાવવા બાબત મુદ્દ છે એમ જણાવતા અને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ સાથે કન્સલ્ટ કર્યા પછી તે ટીચર્સને રેકગ્નાઇઝ કરવા વગેરે બાબત ડૉ. એસ. બી. અંકલેસરીઆ તરફથી આવેલા તા. ૧-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલના જે શિક્ષકોને અત્યાર સુધી અનુસ્નાતક શિક્ષકો તરીકે માન્ય રાખેલા હતા તેમને જૂન ૧૯૫૫ સુધી અનુસ્નાતક શિક્ષકો તરીકે માન્ય રાખવાનું ચાલુ રાખવું.

૪. યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડના રોકાણની આવકમાંથી સ્ટાફના સભ્યોને કયા દરે વ્યાજ આપવું તે બાબતનો યુનિવર્સિટી એકાઉન્ટન્ટનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફના સભ્યોને વાર્ષિક ૩ ટકાના દરે વ્યાજ આપવું. પણ યુનિવર્સિટી જે વ્યાજ કમાય તેમાં જો મોટો ફેરફાર થાય તો એકાઉન્ટન્ટે આ સવાલ ફરી વિચારણા માટે સિન્ડિકેટની આગળ રિપોર્ટ કરવો.

૫. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટીઓ અને ડિસ્ટ્રીક્ટ લોકલ બોર્ડો વગેરે કોર્પોરેટ સંસ્થાઓના સ્ટાફના મેમ્બરના પગારના $\frac{1}{12}$ ભાગની કપાતી પ્રોવિડંટ ફંડની રકમની માફક યુનિવર્સિટી સ્ટાફના દરેક મેમ્બરનો પ્રોવિડંટ ફંડનો ફાળો પગારના $\frac{1}{12}$ ભાગને બદલે પગારના $\frac{1}{12}$ ભાગ ઉઘરાવવા અને તે પ્રમાણે સ્ટેટ્યુટ રૂલ્સને "રિટ્રોસ્પેક્ટીવ ઇફેક્ટ" થી સુધારવા બાબત યુનિવર્સિટી સ્ટાફના સભ્યોની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલ પ્રોવિડંટ ફંડનો ફાળો પગારના $\frac{1}{12}$ ભાગ મુજબ કપાય છે તેમાં કાંઇ પણ ફેરફાર કરવો નહિ.

૬. ગુજરાત રિસર્ચ વર્કર્સ કોન્ફરન્સનું કામકાજ ભવિષ્યમાં ગુજરાત યુનિવર્સિટીએ ચલાવવા બાબતના શ્રી. પી. જી. શાહના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે રૂા. ૩૦૦-૦-૦ની ગ્રાન્ટ મંજૂર કરવી.

૧૯. વિદ્યાર્થીઓની માગણી પરત્વે નીચેનાં સૂચનો ઉપર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવા માટે યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સેનેટ સમક્ષ મૂકવા બી એમ્પ્લોયી સ્ટુડન્ટ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરફથી આવેલા એપ્રિલ ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૧. તા. ૨૦મી જૂન ૧૯૫૩થી આર્ટ્સનો ઍકરસ્ટર્નલ ડિગ્રી કોર્સ શરૂ કરવા બાબત.

૨. ઍકરસ્ટર્નલ ડિગ્રી કોર્સની સગવડ ગુજરાત યુનિવર્સિટીના નોકરિયાતોને આપવા તેમજ ગુજરાત અને મુંબઇ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ એકબીજાની પરીક્ષામાં બેસી શકે તેવી વ્યવસ્થા કરવા બાબત.

૩. વિદ્યાર્થીઓના સાચા વાંધા રજૂ કરવા અંગે તેના નિરાકરણ માટે ગુજરાત યુનિવર્સિટી સેનેટમાં વિદેશી યુનિવર્સિટીઓની માફક ઍફિલિએટેડ કૉલેજોના વિદ્યાર્થીઓને ૪ થી ૫ બેઠકનું પ્રતિનિધિત્વ આપવા બાબત.

૪. વિદ્યાર્થીઓને સહાય કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની ઍફિલિએટેડ કૉલેજોનું એક યુનિયન રચવા બાબત.

૫. સરકારી કૉલેજોમાં ૧૯૫૨-૫૩ના વર્ષની શરૂઆતમાં બે માસ સુધી ફી વધારા અંગે હડતાળો પડેલી તેથી અભ્યાસ બરાબર નહિ થઇ શકવાથી તેમના પરિણામ પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ દાખવવા બાબત.

૬. ઈન્ટરમિડિયેટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સનાં પુસ્તકો ૧૯૫૩ના જૂનથી બદલાવાનાં હોવાથી નિષ્ફળ ગયેલા ઉમેદવારોને બાસ કન્સેશન આપી ૧૯૫૩ના ઑકટોબરમાં તેમની ફરીથી પરીક્ષા લઇ તેમને એક વર્ષના બચાવનો અને ઑકટોબરથી શરૂ થતી પહેલી ટર્મથી લૉમાં જોડાવાની તક આપવા બાબત.

૭. બીજા વિદ્યાર્થીઓની જેમ એમ્પ્લોયી સ્ટુડન્ટ્સ તરફ પણ ન્યાયી અને એકસરખી વર્તણૂક બતાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાગળ ઢફ્તરે કરવો.

૧૮. ચાલુ સાલે ઇન્ટર આર્ટ્સની પરીક્ષા ઑકટોબરમાં લેવા અંગે બી એમ્પ્લોયી સ્ટુડન્ટ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરફથી આવેલાં સૂચનો બાબતના તા. ૯-૬-૧૯૫૩ના પત્રાંક ૧. ૧૫ ગુ. યુ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાગળો ઢફ્તરે કરવા.

૧૯. સિનિયર ડિવિઝન એન.સી.સી. યુનિટ્સનો વાર્ષિક તાલીમ કેમ્પ ૧૫ વર્કિંગ દિવસનો છે અને ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કરેલી મિડ-ટર્મ વેકેશન ૧૪ દિવસની છે. તે ઉપરાંત એન.સી.સી. કેડેટ્સને તાલીમ માટે મુકરર કરેલા સ્થળે જવા માટે એક અને

ત્યાંથી પાછા આવવા માટે એક એમ બે દિવસો મળી કુલ ૧૭ દિવસની મિડ-ટર્મ વેકેશન બધા વિદ્યાર્થીઓને નહિ તો ફકત એન.સી.સી. માં જોડાયેલા વિદ્યાર્થીઓને આપવા અંગ અને જો તે શકય ન હોય તો ઑકટોબર-નવેમ્બરની વેકેશનમાંથી ૩ દિવસ કાપી તેટલા દિવસ મિડ-ટર્મ વેકેશનમાં ઉમેરી કુલ ૧૭ દિવસની રજાઓ કરી આપવા વિચારણા કરવા અંગે ફોર્થ બૉમ્બે બેટાલયન એન.સી.સી. ના મેજર કમાન્ડન્ટ તરફથી આવેલો તા. ૧૩-૬-૧૯૫૩નો પત્રાંક ૨૪૧-૩૬. જી.

આથી ઠરાવવામાં આવે છે કે એન.સી.સી. ના વિદ્યાર્થીઓને માટે મિડ-ટર્મ વેકેશન ત્રણ દિવસ વધારવી, પણ બધા વિદ્યાર્થીઓને માટે એ પ્રમાણે મિડ-ટર્મ વેકેશન વધારવી નહિ.

૨૦. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મિકેનીકલ ઍન્ડ ઇલેકટ્રીકલ ઍન્જિનિયરીંગના સભ્ય તરીકે રહેવા સંમતિ તા. ૧૭-૬-૧૯૫૨ના રોજ મોકલ્યા પછી, સંમતિ દર્શાવેલ આ બે બૉર્ડ ઉપરાંત સિવિલ ઍન્જિનિયરીંગની બૉર્ડ ઉપર પણ સભ્ય તરીકે રહેવા સંમતિ મોકલ્યા બાબતના શ્રી. એમ. એમ. પટેલના પત્ર ઉપરના સિન્ડિકેટના તા. ૭-૩-૧૯૫૩નાં "શ્રી. એમ. એમ. પટેલને જણાવવું કે તેઓ સિવિલ ઍન્જિનિયરીંગ બૉર્ડના સભ્ય થઇ શકે નહિ" એવા ઠરાવની જાણ કરતાં આ બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકવા અથવા મે. ચાન્સેલર સાહેબને રૂલીંગ માટે મોકલવા અંગે તેમના તરફથી આવેલા તા. ૨૨-૫-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એમ. પટેલને જણાવવું કે સિન્ડિકેટને તેના અગાઉના નિર્ણયમાં ફેરફાર કરવાનું કારણ જણાતું નથી.

૨૭. ૧૯૫૩ના પહેલા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી (unfair) ઇલાજો લીધા હોય તેવા કેસો ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા નિમાયેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો અને નં. ૨૦૮૯ના કેસમાં તે બહારથી લખાયેલા જવાબપત્રો કેવી રીતે લાવી શકયો તે બાબત સિનિયર સુપરવાઇઝર પાસે રિપોર્ટ માગવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૯. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ૬ઠ્ઠી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આઇટેમ ૯ સિવાયની બાકીની કામકાજની નોંધ મંજૂર કરવી. (નોંધ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૦ તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી આર્ટ્સ યુનિલાઇઝેશન કમિટીની ત્રીજી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૧. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી પબ્લીકેશન બોર્ડની બીજી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૨. ગુજરાત યુનિવર્સિટીના મકાન માટે વીજળીક પાવર મેળવવા બાબતમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મેઈન ટ્રાન્સફોર્મરમાંથી યુનિવર્સિટીના મકાન સુધી ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીની ભાગીદારીમાં કેબલ લાવી મજકૂર લૅબોરેટરીને તેમાંથી પાવર આપવા બાબતના પ્રશ્ન અંગે ડૉ. વિક્રમ સારાભાઈ તરફથી આવેલા પત્રમાંની સૂચના સિન્ડિકેટે મંજૂર કરેલી છે. આ અંગે અમુક સગવડતા આપવા બાબત અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને લખતાં સોસાયટીના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૮-૬-૧૯૫૩ના પત્રાંક ૨૦૭/૫૩ પર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બાંધકામ માટે વીજળીક પાવર લેવાને માટે સ્વતંત્ર કેબલ લેવો.

૩૩. ફેડરેટેડ યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરોની તા. ૩-૬-૧૯૫૩ના રોજ મળેલી મિટીંગના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફેડરેટેડ યુનિવર્સિટીઝ ઈન્ફરમેશન બ્યુરોના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૪. એમ્પ્લોયમેન્ટ બ્યુરોની તા. ૩-૬-૧૯૫૩ના રોજ મળેલી મિટીંગના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ્પ્લોયમેન્ટ બ્યુરોની મિટીંગ કોરમના અભાવે મળેલી નહિ હોવાથી આ કામ પડતું મૂકવું.

૩૫. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન જે પરીક્ષાઓ લે છે તેમાં બેસનાર વિદ્યાર્થીઓને કોચીંગ માટે ગોઠવણ કરવા બાબત નિમાયેલી કમિટીનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટિનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૬. ઍક્સ્ટર્નલ પરીક્ષાઓ અંગેના ઍકેડેમિક કાઉન્સિલે ઘડેલા ઑર્ડિનાન્સો જે સિન્ડિકેટ સમક્ષ મંજૂરી માટે મોકલ્યા હતા તેમાંથી કેટલાક ઑર્ડિનાન્સમાં સુધારા કરી ઍકેડેમિક કાઉન્સિલને પાછા મોકલેલા તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"૧. પહેલા ઑર્ડિનાન્સમાં "Gujarat University Area" અને "living continuously" એ શબ્દોની વચ્ચે "Saurashtra or Cutch" એ શબ્દો ઉમેરવા અને તે જ ઑર્ડિનાન્સના કલોઝ ૩માં "Application with the necessary fee" ની પછી "provided the application is in order" એ શબ્દો ઉમેરવા.

૨. "First Year Arts Examination" ના હેડિંગ નીચેના પહેલા ઑર્ડિનાન્સમાં "being examined at" અને "College" એ શબ્દોની વચ્ચે આવતા "the" શબ્દને બદલે "that or any other" એ શબ્દો મૂકવા."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણેના સુધારા મંજૂર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે મંજૂર કર્યા પ્રમાણેના ઑર્ડિનાન્સીઝ મંજૂર કરવા. (મંજૂર થયેલા ઑર્ડિનાન્સીઝ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩ઙ. એમ.બી.,બી.એસ. નો નવો કોર્સ આ યુનિવર્સિટીએ સ્વીકારેલો હોવાથી નીચેની બાબત ઉપર રિપોર્ટ કરવા મેડિકલ ફૅકલ્ટીએ નીમેલી સમિતિનો રિપોર્ટ, તે ઉપરનો ફૅકલ્ટીનો ઠરાવ અને તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

બાબતો

૧. નવા કોર્સ મુજબ ફર્સ્ટ એમ.બી.,બી.એસ., સેકન્ડ એમ.બી.,બી.એસ. અને થર્ડ એમ.બી., બી.એસ. ની પ્રથમ પરીક્ષા કયા વર્ષ અને માસથી લેવી ?

૨. એમ.બી..બી.એસ. ની જૂના કોર્સ પ્રમાણેની પરીક્ષામાં વિદ્યાર્થીએ ટર્મ્સ રાખી હોય તો તેઓને નવા કોર્સ પ્રમાણેની પરીક્ષામાં બેસવા દેવા કે નહિ અને બેસવા દેવામાં આવે તો જૂના કોર્સમાં મળેલાં એકઝમ્પશન્સ કેવી રીતે ચાલુ રાખવાં તે નક્કી કરવા બાબત.

૩. એમ.બી.,બી.એસ.ની જૂના કોર્સ પ્રમાણેની પહેલી, બીજી અને ત્રીજી પરીક્ષા કયા વર્ષ સુધી લેવી તે નક્કી કરવા બાબત.

૪. ત્રીજી એમ.બી.,બી.એસ.માં કેટલાક વિષયમાં હાલમાં પરમેનન્ટ એકઝમ્પશન્સ અપાય છે તેવાં એકઝમ્પશન્સ નવી યોજનામાં કયા વિષયોમાં કેવી રીતે આપવાં તે નક્કી કરવા બાબત.

અને

૫. એમ.બી.,બી.એસ.ના નવા અભ્યાસક્રમ અંગે જરૂરી ઑર્ડિનાન્સો અને રેગ્યુલેશનો ઘડવા બાબત.

મેડિકલ ફેકલ્ટીની ભલામણ

"The Faculty resolved to recommend that the report of the Committee be approved.,,

"Resolved further that regulations and Ordinances regarding M.B.,B.S. Degree Course be referred to the Joint Board of Studies in Anatomy and Physiology etc. and the Board of Studies in Medicine and Surgery.

Further the Faculty resolved to recommend that since the students admitted in June 1952, for the M.B.,B.S. Degree Course could not be informed of the curriculum in good time, the Faculty feels that the new curriculum should be made applicable as from June 1953. Further, the Faculty recommends that the Indian Medical Council may be informed accordingly.

Further the above resolution, it approved the following changes be made in the Report of the Committee.

Item I:

Read:

First M.B.,B.S.	1955 April for 1954 April.
Second M.B.,B.S.	1956 October for 1955 October.
Third M.B.,B.S,	1958 April for 1957 April.

Item III:

Read:

First M.B.,B.S.	1954 October for 1953 October.
Second M.B.,B.S.	1957 October for 1956 October.
Third M.B.,B S.	1959 April for 1958 "April."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીની ભલામણ સ્વીકારવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (મેડિકલ ફેકલ્ટીએ નીમેલી કમિટીનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૩૮. એમ.ડી. અને એમ.એસ. ના રિવાઇઝ્ડ કોર્સિઝ અંગે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેડિસિન અને સર્જરીની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ભલામણ

"The Board resolves to recommend to the Academic Council that the revised M.D. and M.S. Courses as prepared and finalised by the Board be accepted."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઈન મેડિસિન અને સર્જરીની ભલામણ સ્વીકારવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (એમ.ડી. અને એમ.એસ. ના રિવાઇઝ્ડ કોર્સિઝ આ સાથે પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૩૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને ટી.ડી. ના અભ્યાસક્રમ માટે ઍફિલિએશન આપવા બાબતની અરજી અને તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the A. G. Teachers' College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of study leading to the T.D. Classes for a period of two years from the 15th June 1953 i.e. upto the 14th June 1955 subject to the fulfilment of the following conditions to the satisfaction of the Syndicate on or before 31st March 1954:

(a) the class will be a part of the College;

(b) Trained Graduates with at least three years teaching experience will be appointed as tutors, at the rate of one for every ten students, to assist the present staff of the College to cope with the additional work of the T.D. Class;

(c) The Ahmedabad Education Society gives a definite assurance that the A G. College will shift to its own independent building before 31st March 1954;

(d) the Ahmedabad Education Society undertakes to meet the delicit if any, on the T. D. Class;

(e) the necessary books in the regional languages specially required for the T. D. Class will be added to the Library;

(f) the number of students to be admitted to the class be restricted to 40."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી

૪૦. લૉ પ્રિલિમિનરી પરીક્ષા માટેનો વિગતવાર અભ્યાસક્રમ તથા તે સંબંધીનાં પાઠયપુસ્તકો તથા પહેલી એલ.એલ.બી. ની પરીક્ષા માટેનાં પાઠયપુસ્તકો નિયત કરવા

આબતની બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન લૉની નીચે મુજબની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ભલામણ

"આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે લૉ પ્રિલિમિનરીની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ તથા તે સંબંધીનાં પાઠયપુસ્તકો તથા ફર્સ્ટ એલ.એલ.બી. ની પરીક્ષા માટેનાં પાઠયપુસ્તકો આ સાથે આપેલ પરિશિષ્ટ "અ" પ્રમાણે મુકરર કરવામાં આવ્યાં છે તે સ્વીકારવાં.

બીજી એલ્સ એલ.બી. ની પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકો હવે પછી નિયત કરવામાં આવશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પૂના યુનિવર્સિટી તથા કર્ણાટક યુનિવર્સિટીએ લૉનો નવો અભ્યાસક્રમ સ્વીકાર્યો છે તે બાબતના ટ્રાન્ઝીશનલ (Transitional) ઑર્ડિનાન્સીઝ આ યુનિવર્સિટીએ મંગાવવા તથા તે યુનિવર્સિટીને પુછાવવું કે લૉનો જૂનો અભ્યાસક્રમ કયાં સુધી ચાલુ રાખવાના છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન લૉની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (લૉ પ્રિલિમિનરી માટેના અભ્યાસક્રમ તથા પાઠયપુસ્તકો અને ફર્સ્ટ એલ.એલ.બી. માટેનાં પાઠયપુસ્તકો આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૨. બી.એડ. ડિગ્રી માટેનો નવો અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો તેમજ બી.એડ. ને લગતા રેગ્યુલેશનોમાં સુધારો કરવા બાબતની બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની નીચે મુજબની ભલામણ ને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આઈટેમ નં. ૧ની બાબતમાં આ સાથે આપેલ પરિશિષ્ટ "અ" પ્રમાણે બી.એડ. નો નવો અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો તેમજ બી એડ.ને લગતા રેગ્યુલેશનોમાં જે સુધારા કર્યા છે તે માન્ય કરવા આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી (બી.એડ. માટેનો નવો સુધારેલો અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો તેમજ રેગ્યુલેશનો આ સાથે પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૪૨. પત્રકારત્વના ડિપ્લોમા માટે અભ્યાસક્રમ તૈયાર કરવા ઍકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિનો રિપોર્ટ જે તા. ૨૦-૧૧-૧૯૫૨ના રોજ મળેલી બારમી ઍકેડેમિક કાઉન્સિલે મજકૂર સમિતિ તરફ ફરી વિચારણા માટે પાછો મોકલ્યો હતો તેનો રિપોર્ટ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પત્રકારત્વ ડિપ્લોમા સમિતિએ તૈયાર કરેલો અભ્યાસક્રમ સ્વીકારવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (પત્રકારત્વના અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ 'ઢ' તરીકે આ સાથે સામેલ છે.)

૪૩. ગુરૂવાર તા. ૯-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન પ્રિક્લીનિકલ સબ્જેક્ટ્સ કોમ્પ્રાહેન્સીવ એનેટોમી, ફિઝિયોલૉજી, ફાર્મકોલૉજી અને પેથોલૉજી તેમજ બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેડિસિન અને ફોરેન્સીક મેડિસિન, સર્જરી, કોમ્પ્રાહેન્સીવ સર્જરી, ઓપ્થેલ્મોલૉજી, મિડવાઇફરી અને ગાયનેકોલૉજીની સંયુક્ત બેઠકમાં (૧) એમ.બી.,બી.એસ. (રિવાઇઝ્ડ) ડિગ્રી કોર્સને લગતા ઑર્ડિનાન્સીઝ અને રેગ્યુલેશન્સ અને (૨) એમ.ડી. અને એમ.એસ. (રિવાઇઝ્ડ) ડિગ્રી કોર્સને લગતા ક્વાલીફરી રેગ્યુલેશન્સ ઘડવા અંગે થયેલી મજકૂર બૉર્ડોની નીચેની સંયુક્ત ભલામણો અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

ભલામણો

"Resolved that the following corrections be made in Ordinances and Regulations framed by the Committee appointed by the Medical Faculty"

"Resolved to recommend to the Academic Council that the following transitory Regulations regarding M.D. and M.S. Examinations (revised Degree Course) as given in Appendix 'B' be approved."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન પ્રિક્લીનિકલ સબ્જેક્ટ્સ, કોમ્પ્રાહેન્સીવ એનેટોમી, ફિઝિયોલૉજી, ફાર્મકોલૉજી અને પેથોલૉજી તેમજ બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મેડિસિન અને ફોરેન્સીક મેડિસિન, સર્જરી, કોમ્પ્રાહેન્સીવ સર્જરી, ઓપ્થેલ્મોલૉજી, મિડવાઇફરી અને ગાયનેકોલૉજીની સંયુક્ત બેઠકની ભલામણો સ્વીકારવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. (સુધારેલા એમ.બી.,બી.એસ. (રિવાઇઝ્ડ) કોર્સને લગતા ઑર્ડિનાન્સીઝ અને રેગ્યુલેશન્સ અને એમ.ડી. તથા એમ.એસ. (રિવાઇઝ્ડ) ડિગ્રી કોર્સને લગતા ક્વાલીફરી રેગ્યુલેશનો પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૪૪. ગુજરાત યુનિવર્સિટીમાં ઇકોનોમિક્સ, પોલિટિક્સ અને સોશિયોલૉજીના ડિપાર્ટમેન્ટ્સ ખોલવા અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ અને તે ઉપરના ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના ઠરાવો ઉપરનો સેનેટનો ઠરાવ.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઇકોનોમિક્સ પોલિટિક્સ અને સોશિયોલૉજીના યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ્સ ખોલવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી અને પસંદગીનો ક્રમ નક્કી કરી બીજાં ખાતાંઓ ખોલવા માટેની યોજના રજૂ કરવા બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગને ભલામણ કરવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો."

સેનેટનો ઠરાવ

"સેનેટની આ સભા આથી ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ઇકોનોમિક્સ, પોલિટિક્સ અને સોશિયોલૉજીનાં યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ્સ ખોલવા અંગેની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ અને તે ઉપરના ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના ઠરાવો મંજૂર કરવા અને મજકૂર બાબતમાં આગળનાં ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટ્સ ખોલવા માટે નીચેનો પ્રોગ્રામ અનુક્રમે મંજૂર કરવોઃ

૧. ઇકોનોમિક્સ, ૨. સ્ટેટિસ્ટીક્સ, ૩. પોલિટિક્સ, ૪. સોશિયોલૉજી.

આ ખાતાંઓ માટે સ્ટાફ, તેમના પગારનું ધોરણ, વગેરે વિગતો નક્કી કરી વિગતવાર યોજના બનાવવા આ કામ બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ તરફ મોકલી આપવું અને તેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની મારફત સિન્ડિકેટ આગળ મૂકવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બન્ને કયા ખાતાંઓ ખોલવાં તે માટે ખાતાંઓની પ્રાયોરિટી પણ નક્કી કરી ઍકેડેમિક કાઉન્સિલ મારફત સિન્ડિકેટને રિપોર્ટ કરવા બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગને જણાવવું.

૪૬. નવા કોર્સ પ્રમાણે લૉ પ્રિલિમિનરી વર્ગને માટે રાખેલી બે ટર્મ્સને જુનિયર બી.એ. ના અમુક વિષયને લગતી બે ટર્મ્સ બરાબર ગણવા અને આવી ટર્મ્સ રાખેલા

વિદ્યાર્થીઓને બાકીની બે ટર્મ્સ રાખવા માટે સિનિયર બી.એ. માં દાખલ થવાની પરવાનગી આપવા બાબત યુનિવર્સિટીએ જરૂરી ઑર્ડિનાન્સ ઘડવા અને પૂના યુનિવર્સિટીમાં ઉપરની બાબત અંગે તેમજ ઇન્ટર સાયન્સ પાસ થયેલ વિદ્યાર્થીને લૉ પ્રિલિમિનરી કોર્સ અને બી.એસ.સી. પાસ થયેલ વિદ્યાર્થીને પહેલી એલ.એલ.બી. માં દાખલ કરવા અંગેની માહિતી બાબત, સર એલ. એ. શાહ લૉ કૉલેજ ના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨૬-૬-૧૯૫૩ ના પત્રાંક ૫૮૬ ઉપર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ ઍકેડેમિક કાઉન્સિલ તરફ મોકલી આપવો.

૪૮. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીના ઇન્ટર આર્ટ્સના વર્ગમાં ૧૬૫ વિદ્યાર્થીઓ સુધી દાખલ કરવાની પરવાનગી આપવા અંગે આવેલા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના પત્ર ઉપરથી તે પરવાનગી આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૪૯. ૧૯૫૩ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓ માટે સિન્ડિકેટે નીમેલા પરીક્ષકો પૈકી જેમણે ના પાડેલી તેમની જગ્યાએ બીજી નિમણૂકો તથા જે વિષયો માટે સિન્ડિકેટે કોઇની નિમણૂક કરેલી નહિ તે વિષયો માટે સાથેના લિસ્ટમાં જણાવેલી પરીક્ષકોની નિમણૂકો કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી. (શ્રી. વાઇસ-ચાન્સેલરે નીમેલા પરીક્ષકોની યાદી પરિશિષ્ટ 'ત" તરીકે સામેલ છે.)

૫૦. ૧૯૫૩ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાઓ માટે સિન્ડિકેટે નીમેલા સિનિયર સુપરવાઇઝરો પૈકી જેમણે ના પાડેલી તેમની જગ્યાએ સાથેના લિસ્ટમાં જણાવેલી બીજી નિમણૂકો કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી. (શ્રી. વાઇસ-ચાન્સેલરે નીમેલા સિનિયર સુપરવાઈઝરોની યાદી પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે)

૫૧. સામળદાસ કૉલેજ ઍન્ડ સર પી. પી. ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરના ફર્સ્ટ ઇયર સાયન્સના વર્ગમાં ૧૦ ટકા વધારે વિદ્યાર્થીઓને દાખલ કરવા પરવાનગી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૯-૬-૧૯૫૩ના પત્ર ઉપરથી તે પરવાનગી આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૩. નીચેની બાબત સિન્ડિકેટ સમક્ષ મુક કરવા બાબત સર એલ એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

1. The Intermediate Arts Examination be held twice a year on and from October 1953 or that the same be held at least for October 1953 due to the change recently made in the text-books prescribed by the University on and from April 1954.

2. That the B.A. Examination be also held twice a year as was done in the past.

3. That in case the B.A. Examinations are not held twice a year students who have appeared at the B.A. Examination but have been unsuccessful be permitted to keep terms for the First LL.B. Course on condition that they should not be allowed to appear at the First LL.B. Examination till they have passed the B.A. Examination which should mean a saving of a considerable time.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એમ એમ. કાકોરના પત્રમાં જણાવેલી પહેલી આઇટેમ નામંજૂર કરવી અને બીજી અને ત્રીજી આઇટેમની વિચારણા મુલતવી રાખવી.

૬૦. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યાનો ગ્રેડ તથા તે અંગેની લાયકાત નક્કી કરવા બાબત.

(નોંધ: ગયે વખતે જ્યારે જાહેરખબર આપી ત્યારે સિન્ડિકેટે જગ્યાનો ગ્રેડ રૂા. ૨૫૦-૧૫-૪૦૦ ઈ. બી. ૨૦-૬૦૦ ઈ બી. ૨૫-૭૦૦નો નક્કી કરેલો હતો, પરંતુ નિમણૂક કરતી વખતે

રૂા. ૨૫૦-૧૫-૪૦૦નો ગ્રેડ આપવા ઠરાવ્યું હતું. લાયકાત માટે "Post-Graduate Degree in Psysical Education with experience of organisation and administration of Physical Education in a responsible position for at least five years" મુકરર કરેલું હતું, પરંતુ આ લાયકાત ધરાવનાર ઉમેદવારો મળ્યા ન હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે પગારનો સ્કેલ રૂા. ૨૫૦-૧૫-૪૦૦નો રાખવો અને લાયકાતનું ધોરણ "Graduate and having a Degree or Diploma in Physical Education" એ પ્રમાણે રાખવું.

૬૧. સ્ટે. ૭૮(૧) માંથી "within two weeks after the last of the Deans of the various Faculties is elected" એ શબ્દો કાઢી નાખી સ્ટેટ્યુટ સુધારવા બાબત.

(નોંધ:-જ્યારે ડીનનું ઇલેકશન દર વર્ષે થતું હતું ત્યારે આ શબ્દો બરાબર હતા પરંતુ હવે ડીનનું ઇલેકશન બે વર્ષે એક વખત થતું હોવાથી જે વર્ષે સિન્ડિકેટમાં ડીનના રેપ્રિઝેન્ટી-

ટિયની ચૂંટણી થવાની હોય તે વર્ષે ડીનનું ઈલેકશન ન હોય તો આ કાઢી નાખવાના શબ્દો રહેવા દેવાથી મુશ્કેલી ઉભી થવાનો સંભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટમાં આ પ્રમાણે સુધારો કરવો; સુધારેલું સ્ટેટ્યુટ નીચે પ્રમાણે વંચાશે:

"S. 78(.) For the purpose of election of one of the Deans, by the Deans of various Faculties from amongst themselves, as a member of the Syndicate, as required by Section 19(1) (iv), the Registrar shall invite nominations and shall hold the election by post in accordance with S. 151(a), 152, 153, and 154."

૬૨. એમ.એ. ની પરીક્ષામાં સાહિત્યનો વિષય લઇ વધારેમાં વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા નીચેની શરતોએ રૂા. ૫,૦૦૧-૦-૦નું દાન આપવા બાબત શ્રી. ચિમનલાલ હ. કવિ અને શ્રીમતી શાન્તાબેન કવિનો તા. ૩૦-૬-૧૯૫૩ નો બાવેલ પત્ર.

૧. એમ.એ. ની પરીક્ષામાં ગુજરાતીનો મુખ્ય વિષય લઇને જે વિદ્યાર્થીઓ પહેલા વર્ગમાં પાસ થાય તેમાં જે વિદ્યાર્થીના સૌથી વધુ માર્ક હોય તેને મેડલ આપવો.

૨. મેડલમાં "કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ સી. આઈ. ઈ. ગુજરાતી સાહિત્ય ચંદ્રક, ગુજરાત વિશ્વવિદ્યાલય, સં. ....." અને "રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું" એ શબ્દો લખવા.

૩. કોઇ વર્ષમાં મેડલ આપી શકાય નહિ તો તે વર્ષનું વ્યાજ મુદ્દલ રકમમાં ઉમેરવું.

૪. દાન આપનાર એ પૈકી કોઈ પણ હયાત હોય ત્યાં સુધી આ ચંદ્રક દર વર્ષે કોને આપ્યો તેની ખબર અને આ સમારંભની ખબર આપવી જેથી બની શકે તો હાજર રહી શકે.

૫. દાનની રકમ ૧૦ વર્ષના ૩½ ટકાના ઈન્કમટેક્ષ ફ્રી નેશનલ સેવિંગ્સ ટ્રેઝરી ડિપોઝીટ સર્ટિફિકેટ્સમાં રોકવી.

૬. દાનની રકમના વ્યાજમાંથી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પાંચ ટકા બાદ કરતાં જે રકમ રહે તેટલી રકમનો ચંદ્રક આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે ડોનેશનની રકમ ઉપર જણાવેલી શરતોએ તેમાં નીચે પ્રમાણેના સુધારા સાથે સ્વીકારવી:

૧. શરત નં. ૨ માંથી "સી.આઇ.ઈ." શબ્દો કમી કરવા અને "કવિશ્વર"ને બદલે "કવિ" શબ્દ રાખવો.

૨. શરત નં. ૪માં "અને આ સમારંભની ખબર આપવી જેથી બની શકે તો હાજર રહી શકે" એ શબ્દોની જગ્યાએ "આપવી" શબ્દ મૂકવો.

ડોનેશનની શરતોમાં આ પ્રમાણેનો ફેરફાર તેઓ સ્વીકારવા કબૂલ છે કે કેમ તે પુછાવવું.

૬૩. જે. ઍન્ડ જે કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટીટ્યુટ, નડિયાદના એફ. વાય. અને ઇન્ટર સાયન્સના વર્ગોમાં દાખલ થવા માટે આ વર્ષે વિદ્યાર્થીઓનો ત્રસારો હોવાથી એડમિશન માટે નિયત કરેલી એફ. વાય. સાયન્સની ૧૦૦ની સંખ્યા વધારી ૧૨૦ વિદ્યાર્થીઓને અને ઇન્ટર સાયન્સની ૬૦ની સંખ્યા વધારી ૬૫ વિદ્યાર્થીઓને મજકૂર વર્ગોમાં એડમિશન આપવાની પરવાનગી આપવા બાબતના પ્રિન્સિપાલના પત્ર અંગે રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી કમિટીનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી મુજબ ફર્સ્ટ ઈયર સાયન્સ અને ઈન્ટર સાયન્સમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા પરવાનગી આપવી પણ જુનિયર બી એસ સી. અને સિનિયર બી.એસ.સી. માટે પરવાનગી આપવી નહિ.

૬૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને ક્લીનિકલ ટીચીંગના હેતુઓ માટે શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદને રેકગ્નીશન આપવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલની અરજી અને તે અંગેનો સર્જન જનરલનો પત્ર તથા તે ઉપરનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો અને બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલે માગેલી પરવાનગી આપવી.

૬૭. ઇંગ્લીશ, સેકન્ડ લેન્ગ્વેજ, અને વર્નાકયુલરનાં પુસ્તકો ૧૯૫૪ની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા માટે બદલાયેલાં હોવાથી ૧૯૫૩ના ઑક્ટોબરમાં ઇન્ટર આર્ટ્સની ખાસ પરીક્ષા લેવા બાબત અને જો તે શક્ય ન હોય તો ૧૯૫૩ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી મજકૂર પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય તેમને ૧૯૫૪ના માર્ચ-એપ્રિલમાં લેવાનારી પરીક્ષામાં ઉપર દર્શાવેલા વિષયોમાં જૂના કોર્સ પ્રમાણે પરીક્ષા આપવા પરવાનગી આપવા અંગે એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨-૭-૧૯૫૩ના પત્રાંક ૧૫૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી નહિ.

૬૮. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં એડમિશન માટે વિદ્યાર્થીઓનો ત્રસારો હોવાથી એડમિશન માટે મંજૂર કરાયેલી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૫ વધારે વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપવા અંગેના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૩૦-૬-૧૯૫૩ના પત્રાંક ૯૫૬/૫૩ ઉપરથી તે પરવાનગી આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૯. યુનિવર્સિટી ઑફિસમાંથી છૂટા થયેલા પટાવાળા શ્રી. રામા વઝીરને તેમને ખાતે જમા થયેલો પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પટાવાળાનું પોતાનું પ્રોવિડંટ ફંડમાંનું કોન્ટ્રીબ્યુશન પાછું આપવું.

૭૬. તા. ૩-૬-૧૯૫૩ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીના કામકાજની નોંધ એ પ્રમાણેના સુધારા સાથે મંજૂર કરવી કે "કન્સીલ્ડ વાયરીંગ" ને બદલે "ઓપન વાયરીંગ" કરવું. (કમિટીના કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૭૭. ૧૯૫૩ના એપ્રિલમાં લેવાયેલી એસ.કે. (એમ. એન્ડ કે.) (ઓલ્ડ કોર્સ)ની પરીક્ષામાં "હાઈડ્રોલિકસ ફર્સ્ટ"ના પેપરમાં વિદ્યાર્થી નં. ૨૩ શ્રી. પી. ડી. કોલોલગીના માર્કસ, માર્કસ-શીટમાં પરીક્ષકોએ જણાવ્યા પ્રમાણે ૨૧ માર્કસ રિઝલ્ટ શીટમાં જણાવવામાં આવેલા, અને તેથી આ વિદ્યાર્થીને નાપાસ થયેલો જાહેર કરવામાં આવેલો છે. તેની અરજી ઉપરથી જવાબપત્રો સાથે માર્કસ "વેરિફાય" કરતાં તેના આ પેપરમાં ૨૪ માર્કસ થાય છે. પરીક્ષકોની છેવટની મિટીંગમાં ૨૩ માર્કસવાળા વિદ્યાર્થીને "ગ્રેસ" આપી પાસ કરેલ છે. આ વિદ્યાર્થીના આ પેપરના માર્કસમાં પરીક્ષકોએ ભૂલ કરી ન હોત અને ૨૪ માર્કસ, માર્કસ-શીટમાં બતાવ્યા હોત તો છેવટની મિટીંગમાં આ વિદ્યાર્થીને પણ "ગ્રેસ" આપી "ફેવરેબ્યોર કોન્ડોન" કરવામાં આવી હોત, તો આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને પાસ થયેલ જાહેર કરવો.

૭૮. એમ. ટી. બી. કૉલેજ, સૂરતમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સના વર્ગોમાં દરેકમાં ૧૬૫ વિદ્યાર્થીઓ સુધી દાખલ કરવાની પરવાનગી આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨-૬-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી મંજૂર કરવી.

૮૦. ૧૯૫૩ના ઑક્ટોબરમાં લેવાનારી બી.કૉમ.ની પરીક્ષા માટે સૂરતને સેન્ટર બનાવવા અંગે સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨-૬-૧૯૫૩ના પત્રાંક ૧૬૦/૧૯૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી નામંજૂર કરવી.

૪–૭–૧૯૫૩

૮૧. બેસ.ઇ. (મિકેનિકલ અને ઇલેકટ્રીકલ) અને (સિવિલ)ની જૂના કોર્સ પ્રમાણેની સપ્લીમેન્ટરી પરીક્ષા ઑકટોબર ૧૯૫૩માં લેવા અંગે અને તે દરમિયાન બી.ઈ. ના વર્ગો ભરવા રજા આપવા તેમજ ઑકટોબરમાં બેસ.ઇ. ની પરીક્ષા પાસ કર્યા પછી બી.ઇ. ના રેગ્યુલર વિદ્યાર્થી તરીકે ગણવા બાબત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના બેસ.ઈ. (મિકે. અને ઇલે.) ના સાત અને બેલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદના બેક વિદ્યાર્થીની અરજી નીચેના બિરલા ઍન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલના તા. ૩૦–૬–૧૯૫૩ના શેરાંક ૯૬૪ સાથે આવેલી વિદ્યાર્થીઓની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓની વિનંતી નામંજૂર કરવી.

૮૨. ચાલુ સાલે વાર્ષિક કોન્વોકેશન વખતે શી રીતની ગોઠવણ કરવી તે પર વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. કોન્વોકેશન કી'ંગ જયોર્જ બી ફીફથ હૉલમાં ભરવું.

૨. બહારના સદ્‌ગૃહસ્થોને આમંત્રણ આપવું નહિ.

૩. કૉલેજોના ટીચીંગ સ્ટાફના સભ્યોને આમંત્રણ આપવું.

૪. સેનેટના દરેક સભાસદને બે પાસ આપવા.

૫. સિન્ડિકેટના દરેક સભાસદને ત્રણ પાસ આપવા.

૬. બેન. સી. સી ના કેડેટ્સને ગેલેરીમાં દાખલ કરવા.

આ તબકકે સમયના અભાવે આઇટેમ નં. ૭થી ૧૬, ૨૧થી ૨૬, ૨૮, ૪૫, ૪૬, ૫૨, ૫૫થી ૫૯, ૭૦થી ૭૫ અને ૭૯નો નિકાલ કરવાનું કામ બાકી રહ્યું.

નં. સિં. ૩૧૮૫૧–૩૨૮૬૬: ૧૯૫૩.

અમદાવાદ–૯.
તા. ૨૧–૭–૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"

કામકાજ નં. ૨૭

A Meeting of the Committee appointed by the Syndicate to consider the cases of candidates reported to have resorted to unfairmeans during the examinations of the University held in March–April 1953 and to report thereon was held in the University Office on the 22nd June 1953 at 5-0 p. m., when the attendance was as under:–

1.	The Vice–Chancellor	A.
2.	Prin. S. V. Desai	P.
3.	Prin. M. M. Thakore	P.
4.	Shri. B. H. Desai	P.

The Committee had before it all the original papers of cases referred to and the short summary prepared by the Office. The Committee carefully considered the explanations given by the candidates. After carefully considering the evidence and the explanations given by the candidates, the Committee reported as under:–

As regards the Candidates Nos. 955 and 956 at the Intermediate Arts Examination, the Committee is of the opinion that they should be given benefit of doubt and that their results be declared.

As regards the Candidate No. 406 at the F. E. Examination, the Committee considered that the candidate should be declared to have failed this year only and should not be debarred from appearing at the ensuing examination. His exemptions, if any, earned this year or in the previous years should be forfeited but his Marks in term work should be allowed to be carried forward.

As regards the remaining candidates mentioned below the Committee is of the opinion that they should be declared to have failed at the Examination and be debarred from appearing at any of the University or College Examinations upto the dates mentioned against each and that the exemptions, if any, earned by them in this or any previous examinations be forfeited:–

Case No :			**Dabarred upto :**
No. 523 at Inter Arts	...	...	1–6–1954.
No. 1019 at Inter Arts	...	...	1–6–1954.
No. 1020 at Inter Arts	...	...	1–6–1954.
No. 1790 at Inter Arts	...	...	1–6–1954.
No. 2089 at Inter Arts	...	...	1–6–1956.
No. 2175 at Inter Arts	...	...	1–6–1954.

૪–૭–૧૯૫૩

Case No:			Dabarred upto:
No. 1500 at Inter Science	...	...	1–6–1954.
No. 658 at Inter Commerce	...	...	1–6–1955.
No. 276 at B.Sc.	...	...	1–6–1955.
No. 798 at B. A. (General)	...	...	1–6–1955.
No. 804 at B. A. (General)	...	...	1–6–1955.
No. 8 at S. E. (Civil) Old Course	...	...	1–6–1954.
No. 76 at 3rd M.B.B.S.	...	...	1–6–1954.

Ahmedabad 9
Dt. 23rd June 1953.

Sd/- **Batubhai H. Desai.**
Sd/- **M. M. Thakore.**
Sd/- **S. V. Desai.**

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૨૯

નં.એા યુ.ટી. ૨૪૬૨૫ - ૩૯ -૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફીસ,
અમદાવાદ-૯. તા. ૨૪ જુન ૧૯૫૩.

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની છ ઠ્ઠી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં ગુરૂવાર તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી.

૧.	શ્રી. વાઇસ-ચા-સેલર	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૩.	શ્રી. એમ. એસ. શાહ	હાજર,
૪.	શ્રી. એ. ડિ સોઝા	ગેરહાજર,
૫.	શ્રી. મગનભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૬.	શ્રી. ટી. કે. મોદી-સરદાર ફાવર-	ગેરહાજર,
૭.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. એસ. વી. દેસાઇ	હાજર,
૯.	શ્રી. બી. કે. મુઝુમદાર	ગેરહાજર,
૧૦.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૧૧.	શ્રી. એન. એમ. શાહ	ગેરહાજર,
૧૨.	શ્રી. એમ. ડી. અવસારે	ગેરહાજર,
૧૩.	શ્રી. સી. સી. શાહ	હાજર,
૧૪.	શ્રી. એમ. એમ. ઠાકોર	હાજર,
૧૫.	ડૉ. એસ. બી. અંકલેસરીયા	હાજર,

૧. તા. ૧૮-૧૨-૧૯૫૨ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા માટે જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે પરિશિષ્ટ "અ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને જૂન ૧૯૫૫ સુધી માન્ય રાખવા અને પરિશિષ્ટ "બ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકો માન્ય રાખવા નહિ. પરિશિષ્ટ "ક" માં દર્શાવેલ શિક્ષકોની બાબતમાં તેમાં જણાવ્યા પ્રમાણે વિગતો મંગાવવી.

૩. અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે સત્ર (Term) રાખવા બાબતમાં વિદ્યાર્થીએ રાખેલ દરેક સત્રને એક અલગ એકમ (UNIT) તરીકે ગણવા તેમજ તેણે ૬ ભાષણોમાં તે સત્રમાં જ હાજરી આપી હોય તો તેણે સત્ર રાખેલ છે, એમ ગણવા અને એ બદલના ધારાધોરણો (Regulations) માં સુધારા કરવા બાબતમાં એમ ટી. બી. કૉલેજ, સુરતના પ્રિન્સિપાલ તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં કૉલેજોના પ્રિન્સિપાલોને અને માન્ય સંસ્થાઓના વડાઓને તેમની સંસ્થાના માન્ય અનુસ્નાતક શિક્ષકોની સાથે વિચારણા કરી તેમના અભિપ્રાયો મોકલી આપવા જણાવવું.

૪. શ્રી. હરિકૃષ્ણ ડી. અમીન, એગ્રિકલ્ચરલ ઑફિસર, ફ્રૂટ રિસર્ચ સ્ટેશન, ગણદેવી (ડિસ્ટ્રિક્ટ સુરત) એઓની એમ.એસ.સી. (એગ્રિ.) Horticulture વિષય માટેની તેમની થિસિસ પરભારે (Directly) એક સ્વતંત્ર વિદ્યાર્થી તરીકે રજૂ કરવા દેવા પરવાનગી આપવા બાબતની માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:–હોર્ટીકલ્ચર વિષય માટે આ યુનિવર્સિટીમાં કોઇ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. હરિકૃષ્ણ ડી. અમીનને ડૉ. સી. સી. શાહ સૂચવે એવા શિક્ષકના હાથ નીચે ચાર ટર્મો રાખી કામ કરે એ શરતે તેમની થિસિસ રજૂ કરવા પરવાનગી આપવી.

૫. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં એમ.એ. અને એમ.એસસી. માટે મેથેમેટિકસ "એ" અને "બી" ગ્રુપ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા શ્રી. જે. બી. સાન્ડિલની તેમની શામળદાસ કૉલેજ અને પી. પી. ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગરના પ્રિન્સિપાલ તરીકે બદલી થવાથી તેમની ઉપરોક્ત વિષયો માટેની અનુસ્નાતક માન્યતા શામળદાસ કૉલેજ, ભાવનગરમાં ટ્રાન્સફર કરવા બાબત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. બી. સાન્ડિલનું રેકગ્નીશન શામળદાસ કૉલેજ, ભાવનગરમાં ટ્રાન્સફર કરવું.

૬. ડૉ. આર. એ. હકીમ, અમદાવાદ એમની પી.એચ.ડી. (મેડિસિન) માટે સ્વતંત્ર રીતે કામ કરવા પરવાનગી આપવા બાબતની માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ–સ્વતંત્ર રીતે કામ કરવા દેવા બાબતના નિયમો ફક્ત આર્ટ્સ અને સાયન્સ ફૅકલ્ટીને લાગુ પડે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. એ. હકીમને મેડિકલ ફૅકલ્ટીના ડિન સૂચવે એવા શિક્ષકની દોરવણી નીચે બે વર્ષ કામ કરે એ શરતે પરવાનગી આપવી.

૬. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલની કૉલેજ મજકૂરમાં એમ.ઈડી. અને પી.એચ.ડી માટેના વર્ગો જુન ૧૯૫૩થી શરૂ કરવા દેવા બાબત પરવાનગી આપવા બાબત માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– એમ.ઈડી. અને પી.એચ.ડી. (એજ્યુકેશન) માટે નવેમ્બર ૧૯૫૨માં અનુસ્નાતક શિક્ષકો માન્ય થવાથી ડિસેમ્બર ૧૯૫૨માં પાંચ વિદ્યાર્થીઓ પી.એચ.ડી. એજ્યુકેશન માટે અત્રે રજિસ્ટર થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ઈડી. અને પી.એચ.ડી. માટે અનુસ્નાતક શિક્ષકો માન્ય થયેલ હોવાથી તેઓ વિદ્યાર્થીઓને દાખલ કરી શકે છે એમ પ્રિન્સિપાલને જણાવવું.

૮. એમ. એન. કૉલેજ, વિસનગરના કેમિસ્ટ્રીના આસીસ્ટન્ટ લેકચરર શ્રી. એમ એન. દેસાઇની કેમિસ્ટ્રી વિષયમાં સ્વતંત્ર રીતે કામ કરી પી.એચ.ડી. ડિગ્રી રિસર્ચ દ્વારા મળવવા પરવાનગી મળવા બાબત આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. દેસાઇને યુનિવર્સિટીમાં રજિસ્ટર થઇ નિયમ પ્રમાણે નિશ્ચિંત સમય સુધી કામ કરે એ શરતે સ્વતંત્ર રીતે કામ કરવા પરવાનગી આપવી.

૯. ઇકોનોમિકસ, પોલિટિકસ અને સોશિયોલૉજી માટે આ યુનિવર્સિટીની કૉલેજોમાં પુરતી સગવડ નથી તેથી યુનિવર્સિટીએ આ વિષયોના યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટસ ખોલવા સિન્ડિકેટને ભલામણ કરવા બાબતની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૨૦-૭-૫૨ના રોજ મળેલી બેઠકમાં નીચે મુજબની ભલામણ અંગે સિન્ડિકેટની તા. ૨૨-૧૧-૫૨ની સભાની આઇટેમ ૨૯ પરના ઠરાવ અનુસાર ઍકેડેમિક કાઉન્સિલ તરફથી તા. ૪-૩-૫૩ની બેઠકમાં થયેલ નીચે પ્રમાણે અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઇકોનોમિકસ, પોલિટિકસ અને સોશિયોલૉજીના યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટસ ખોલવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધઃ- સિન્ડિકેટે તેની તા. ૪-૪-૫૩ની સભામાં ઉપરોક્ત ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણેનો પસંદગીનો ક્રમ નક્કી કરવા સિન્ડિકેટને ભલામણ કરવીઃ

૧. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી ઇન ઇકોનોમિક્સ અને ડિપ્લોમા ઇન સ્ટેટિસ્ટીક્સ

૨. પોલિટિક્સ

૩. સોશિયોલૉજી

વધુમાં ઠરાવવામાં આવે છે કે બીજા ખાતાઓનો વિચાર આ ખાતાઓ થયા પછી કરવો.

૧૦. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી અમદાવાદના શ્રી. એન. જી. નંદા જેઓ આ યુનિવર્સિટીમાં એમ.એસ.સી. ડિગ્રી માટે ફિઝિક્સ વિષયમાં તા. ૧૨-૧-૫૩થી રજિસ્ટર થયા છે અને જેઓ તેમની થિસિસ રજૂ કરવા માટે સન ૧૯૫૫માં પાત્ર થાય છે તેઓની તેમણે રજિસ્ટર થતાં પહેલાં સપ્ટેમ્બર ૧૯૫૨ થી ટર્મ રાખી પ્રસ્તુત વિષયના સંશોધન માટે કાર્ય કરેલ હોવાથી તે તારીખથી તે રજિસ્ટર થતા સુધીના સમયનો સમાવેશ એકંદર થિસિસ રજૂ કરવાના સમયમાં કરવા બાબતના શ્રી. નંદાની ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના ડીરેક્ટર મારફત તેમની ભલામણ સાથે આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન જી. નંદાની માગણી નામંજૂર કરવી અને તેમણે રજિસ્ટ્રેશન તેરમી મુદત વહેલું કરાવવું જોઈતું હતું તેમ તેમને જણાવવું.

૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ફિઝિયોલૉજીના પ્રોફેસર માટે શ્રી. એસ. કે. ધાર અને શ્રી. ઈ. એમ. બેસ્ટને નીમવાનો સરકારનો વિચાર છે. તો તેઓની લાયકાત અનુસાર તેમને યુનિવર્સિટી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરશે કે કેમ તે જણાવવા બાબતના મુંબઈ સરકારના લોકલ સેલ્ફ ગવર્મેન્ટ અને પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલ તા. ૨૧મી જુલાઈ ૧૯૫૨ના પત્રાંક ૯૮૩૫-૧૦-૩૦ કયુ. બાબતમાં સિન્ડિકેટે તેની તા ૨૧-૧૧-૫૨ના રોજ મળેલી સભામાં આઇટેમ નં. ૬ ઉપર ઠરાવ્યા પ્રમાણે આ બૉર્ડના અભિપ્રાય માટે મોકલી આપેલ તે બાબતમાં બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૧૮-૧૨-૫૨ના રોજ મળેલી ખાસ સભાનો નીચે પ્રમાણેનો ઠરાવ કે જેને સિન્ડિકેટે તેની તા. ૬-૧-૧૯૫૩ની સભામાં બહાલી આપી છે તે અનુસાર મેડિકલ ફૅકલ્ટીના તેની તા. ૧૨-૩-૫૩ના રોજ મળેલ બેઠકમાં આઇટેમ નં. ૮ પર થયેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

બૉર્ડનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટીએ એફ.સી.પી.એસ. ને પોસ્ટ-ગ્રેજ્યુએટ ક્વૉલિફિકેશન બરાબર ગણેલ છે કે કેમ તે પૂછાવવું અને આ હકીકત મળેથી આ સવાલ મેડિકલ ફૅકલ્ટી પાસે અભિપ્રાય માટે રજૂ કરવો."

મેડિકલ ફૅકલ્ટીનો અભિપ્રાય

"The Faculty of Medicine considered the case of Dr. E.M.Best and recommends that he should be accepted as a Post-Graduate teacher in Physiology by dint of his teaching experience of 12 years both in the School and the college, the fact that his F.C.P.S. Diploma was enough qualification for him to be appointed as a teacher without any limitations of time by the Bombay University vide letter No. 14321 dated the 8th May 1950 (Given as Appendix "A") and the fact that he continued as a teacher in the past on the advent of the Gujarat University.

Further Dr. E.M.Best's case is a special case and the Faculty recommends that his case should not be considered as a precedent for any other incombunts, with F.C.P.S qualification."

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ઇ. એમ. બેસ્ટને ફીઝીયોલૉજીના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરી શકાય. ડૉ બાર આ યુનિવર્સિટીના શિક્ષક ન હોવાથી તે બાબતમાં કંઈ કહેવાનું નથી એવો અભિપ્રાય આપવો.

૧૨. એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ બી. પી. બારિયા સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, નવસારીના કેમિસ્ટ્રીના લેકચરર શ્રી. સોહરાબ માણેકશા માસ્તરની કેમિસ્ટ્રી વિષયમાં સ્વતંત્ર રીતે કામ કરી પી.એચ.ડી. ડિગ્રિ રિસર્ચ દ્વારા પરવાનગી મળવા બાબત એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીના પ્રિન્સિપાલ મારફત આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સોહરાબ માણેકશા માસ્તરની તેમણે એમ.એસસી. ડિગ્રી પેપર દ્વારા લીધી હોવાથી પી.એચ.ડી. માટે સ્વતંત્ર રીતે કામ કરવાની માગણી નામંજૂર કરવી.

૧૩. બી જે. મેડિકલ કૉલેજના ૯ માન્ય અનુસ્નાતક શિક્ષકોની સહીથી સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે અનુસ્નાતક અભ્યાસના Co-ordinatian માટેની યોજના (Scheme for co-ordination of Post-Graduate Teaching) રજૂ કરવા બાબતમાં માન્ય અનુસ્નાતક શિક્ષકોની વિષયવાર કમિટિઓ બોલાવવામાં આવેલ છે. તેમજ યોજના રજૂ કરવા બાબત જણાવેલ છે તેમાં ભાગ લેવા અશક્તિ દર્શાવતા આવેલ તા. ૫-૫-૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પત્ર સિન્ડિકેટ તરફ તેના નિર્ણય માટે મોકલી આપવો.

૧૪. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદમાં એગ્રિકલ્ચરલ એન્ટોમોલૉજીના પ્રોફેસર શ્રી. એચ. એલ. કુલકર્ણીના હાથ નીચે એમ.એસ.સી. (એગ્રિ.) માટે જુન ૧૯૫૨માં

૪-૭-૧૯૫૩

રજિસ્ટર થયેલ શ્રી. આર. સી પટેલ કે જેઓ પરીક્ષા માટે ૧૯૫૪માં ડયુ થાય છે અને જેમણે બે ટર્મો ભરી છે તેમની પ્રોફેસર કુલકર્ણીની વારવાર બદલી થવાથી તેમનું કાર્ય પૂર્ણ થતા સુધી પ્રોફેસર કુલકર્ણીની દોરવણી નીચે જ તેમનું કાર્ય ચાલુ રાખવા પરવાનગી આપવા બાબત બી. એ. કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલ તેમની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. પટેલને જો તેઓ પ્રોફેસર કુલકર્ણીની દોરવણી નીચે કામ કરી શકે એમ હોય તો તેઓના હાથ નીચે કામ કરવા પરવાનગી આપવી.

૧૫. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના કૉમર્સના પ્રોફેસર શ્રી. એમ એન. જકાતે કે જેઓ કૉમર્સમાં પી એચ.ડી. ડિગ્રિ માટે ૧૯૫૨માં પ્રિન્સિપાલ વાય. ડી. કેરકરના હાથ નીચે રજિસ્ટર થયેલા છે અને જેઓએ તેમની બે ટર્મો પૂરી કરી છે તેઓ તેમનું બાકીનું કામ ચાલુ રાખવા અને સ્વતંત્ર રીતે કામ કરવા દેવા બાબત પરવાનગી આપવા બદલ તારીખ ૧૫-૬-૧૯૫૩ની તેમની આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. જકાતેને તેમનું બાકીનું કામ સ્વતંત્ર રીતે કરવા પરવાનગી આપવી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

અમદાવાદ-૯.
તા. ૨૪ જુન ૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "અ"

નીચે જણાવેલા અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલી પરીક્ષા, વિષયો અને શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિસર્ચ) માટે સને ૧૯૫૫ના ૧૫મી જુન સુધી માન્ય રાખવા.

નામ	વિષય	ડિગ્રી	શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિસર્ચ) જેને માટે માન્ય આવ્યા હોય તે	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
૧. શ્રી. અનંત શીવરામ પ્રભુદેસાઈ	ઈંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	વી.પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.
૨. શ્રી. કાન્તીલાલ મોહનલાલ ગાથા	ફિઝિકસ	એમ.એસસી.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૩. શ્રી. બાલકૃષ્ણ મોહનલાલ પટેલ	એનીમલ્સ હસબન્ડ્રી ડેઇસે સાયન્સ	એમ એસસી. એગ્રિ.	શિક્ષણ	ઇન્સ્ટીટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદ.
૪. ડૉ. ગણેશ વિષ્ણુ બર્વે	એનેટોમી ઇન્કલુડિંગ એમબ્રાયોલૉજી	એમ.એસ.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૫. ડૉ. સરોશ બહેરામ-ગોર અંકલેસરીયા	મિડવાઈફરી ઍન્ડ ગાયને-કૉલૉજી	એમ.ડી. ભાગ-૩	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૬. ડૉ. આર. બી. મહેતા	મેડિસિન	એમ.ડી.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.

૧	૨	૩	૪	૫
૭. ડૉ. વિષ્ણુપ્રસાદ ભગવતીદાસ માંકડ	એાર્થેાપેાલૉજી	એમ.એસ. ડી.એા.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૮. ડૉ. નાનુભાઈ આર. દેસાઇ	સર્જરી	એમ.એસ.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.
૯. ડૉ. વિઠ્ઠલભાઇ જે. પટેલ	મેડિસિન વીથ ટ્યુબરકયુલેાસિસ	એમ ડી.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.
૧૦. ડૉ. હરિશ્ચંદ્ર શંકરલાલ ખંધેરીયા	જનરલ મેડિસિન	એમ.ડી.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૧૧. ડૉ. પેાપટલાલ પ્રેમચંદ શેઠ	સર્જરી	એમ.એસ.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.
૧૨. ડૉ. યશવંત માધવ ભેડે	પેથેાલૉજી	એમ ડી.	શિક્ષણ	બી જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૧૩. ડૉ. રથછોડલાલ કેશવલાલ મેારી	ડી.એમ.આર.	(ગુ. યુ.)	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.
૧૪. ડૉ. ચેદલજી ધનજીશા અંકલેસરીયા	એાર્થેાપેાલૉજી ડી.એા.	એમ.એસ.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.
૧૫. ડૉ. સેાદામિનિ ચંદ્રમુખરામ પંડયા	મિડવાઇફરી ઍન્ડ ગાયને-કેાલૉજી	એમ.ડી.	શિક્ષણ	શેઠ વી એસ. જનરલ હૉસ્પિટલ અને શેઠ ચિનાઈ મેટર્નિટી હેામ, અમદાવાદ.
૧૬. ડૉ. નરેન્દ્ર દેસાઇ	મેડિસિન બ્રાન્ચ ૧ ઍન્ડ ડિગ્રિઝ ઍન્ડ ડિપ્લેામાઝ ઇન એન્સીલરી સબ્જેકટ્સ	એમ.ડી.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.

૧	૨	૩	૪	૫
૧૭. શ્રી. રામચંદ્ર નરસિલાલ દેસાઇ	હિસ્ટરી ગ્રુપ "એ"	એમ.એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વિસનગર.
૧૮. શ્રી. પ્રવિણલાલ વનમાલિદાસ પરીખ	મેથેમેટિકસ	એમ.એ. અને એમ.એસ.સી.	શિક્ષણ	ગુજરાત કૉલેજ, અમદાવાદ,
૧૯. ડૉ. સૌભાગ્યચંદ ભોલાભાઇ શાહ	સર્જરી	એમ.એસ.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ.
૨૦. શ્રી. અનંતરાય ભગવાનજી ત્રિવેદી	ઇકોનોમિકસ	એમ.કૉમ,	સંશોધન	બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ-વિદ્યાનગર, વાયા આણંદ.
૨૧. શ્રી. રામચંદ્ર દીયામલ આડવાની	ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસ.સી.	શિક્ષણ	એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.
		નોંધ:-બે વર્ષ	વિદ્યાર્થીઓ	માટે માન્ય કર્યા છે.
૨૨. શ્રી. જયંતીલાલ શામળજી જોષી	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.
૨૩. શ્રી. પુરષોત્તમ દામોદર ચંદ્રાલે	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ	,, ,,
૨૪ શ્રી. ચિંતામણી ત્રિંબક ભોપટકર	ફકત ફીલોસોફી	એમ.એ.	શિક્ષણ	,, ,,
૨૫. શ્રી. જીતેન્દ્રરાય અમૃતલાલ દવે	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વિસનગર.
૨૬. શ્રી. કાન્તિલાલ મોહનલાલ ગાંધા	ફીઝીકસ	એમ.એ.	શિક્ષણ	એલ.ડી. આર્ટસ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.

૧	૨	૩	૪	૫
૨૭. શ્રી. વાચસ્પતિ	ફીઝીકસ	એમ.એ.	સંશેાધન	ફીઝીકલ રિસર્ચ લેબેારેટરી, અમદાવાદ.
૨૮. શ્રી. રાજેન્દ્રપ્રસાદ નટવરલાલ ભટ્ટ	૧. ઇકેાનેામિકસ ઑફ એગ્રિકલ્ચર ૨. કેા-ઓપરેશન ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ	એમ.કેામ.	શિક્ષણ	સર કે. પી. કેાલેજ ઑફ કેામર્સ, સુરત.
૨૯. શ્રી. હરિપ્રસાદ ચીમનલાલ ત્રિવેદી	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા, આણંદ.
૩૦. શ્રી. અંબેલાલ રણછેાડજી દેસાઈ	ગ્રુપ "સી" (ઇકેાનેામિકસ)	એમ.એ.	શિક્ષણ	,, ,,
૩૧. શ્રી. રમણભાઈ ડાહ્યાભાઇ પટેલ	ફીઝીકલ ઍન્ડ ઇનાર્ગેનિક કેમિસ્ટ્રી	એમ.એસસી.	સંશેાધન	,, ,,
૩૨. શ્રી. શંકરલાલ ચુનીલાલ પાઠક	૧. કેાપેરેશન ફાઈનાન્સ ૨. લેબર એડમિનિસ્ટ્રેશન	એમ.કેામ.	શિક્ષણ	એચ. એલ. કેાલેજ ઑફ કેામર્સ, અમદાવાદ.

પરિશિષ્ટ "બ"

નીચે જણાવેલા અધ્યાપકોને માન્ય રાખવા નહિ.

નામ	વિષય	ડિગ્રિ
૧	૨	૩
૧. ડૉ. ગણપત બાપુજી મોહિલે	મેડિસિન ઍન્ડ થેરાપેટિકસ	એમ.ડી.
૨. ડૉ. મોતીભાઈ દેસાઇભાઈ પટેલ	જનરલ સર્જરી	એમ.એસ.
૩. ડૉ. મણિભાઈ ડાહ્યાભાઇ દેસાઇ	જનરલ સર્જરી	એમ.એસ.
૪. ડૉ. રમણલાલ અંબેલાલ દેસાઈ	મેડિસિન ઍન્ડ થેરાપેટિકસ	એમ.ડી.
૫. શ્રી. વિજયચંદ્ર નટવરલાલ ઉપાધ્યાય	ફીઝીકસ	એમ.એસ.સી.
૬. શ્રી. વાચસ્પતિ	ફીઝીકસ થીઓરેટિકલ ફીઝીકસ	પી.એચ.ડી.
૭. શ્રી. મનોહર નારાયણ જકાતે		એમ.કૉમ. –રિસર્ચ–

પરિશિષ્ટ "ક"

નીચે જણાવેલા અધ્યાપકોની બાબતમાં નીચે દર્શાવેલ વિગતો મંગાવવી.

૧. શ્રી. શંકર રામકૃષ્ણ ગેઠીવકર એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	મેથેમેટિકસ "એ" ગ્રુપના કયા પેપરો માટે તેઓ રેકગ્નીશન માંગે છે તે પૂછાવવું.
૨. ડૉ. રમણલાલ ગીરધરલાલ પટેલ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	અરજીમાં ડી.જી.ઓ., એફ.સી.પી.એસ., એમ.ડી. માટે મિડવાઇફરી અને ગાયનેકોલૉજી બાબત પાંચ વર્ષનો અનુભવ છે તે બાબતની વિગતો મંગાવવી.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૩૦

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ત્રીજી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં ગુરૂવાર તારીખ ૧૮-૬-૧૯૫૩ને સાંજના ૩-૩૦ કલાકે મળેલી તે વખતે હજરી નીચે પ્રમાણે હતી,

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેદીયા વાઇસ-ચા. સેલર,	હાજર,
૨.	શ્રી. પી. જી. શાહ	હાજર,
૩.	શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૪.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ	હાજર,
૫.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૬.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૭.	ડૉ. કે. આર. રામનાથન	હાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૬-૨-૧૯૫૩ના રોજ મળેલી બીજી મિટીંગની મિનિટ્સ મજૂર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલી અને માન્ય થયેલી સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી સંશોધન કરવા માટે રિસર્ચ ગ્રાન્ટની માગણી માટે આવેલ અરજીઓ ઉપર વિચારણા કરી બીજી બેઠકે નીચેના શિક્ષકોની અરજીઓ સંબંધમાં તેમની સાથે જણાવેલ માહિતીઓ મંગાવવા ઠરાવેલું તે બાબત આવેલ માહિતી બાબત પર વિચારણા કરવા બાબત.

1.	Patil Ramchandra Keshav	Inquire from Chairman, Surat Chamber of Commerce and Director of Industries whether such a survery has been made.
2.	Mapara Ranjitlal Khimchand	Refer to Shri R. D. Desai and inquire amount required.
3.	Dr. Priyabala Shab	Inquire what work she proposes to do relating to Gujarat and/or connected with Gujarati Manuscripts.
4.	Sheth Chimanlal B.	Call for copies of, his research Work done as research scholar of Bombay University.

5.	R. H. Chokhavatia	Inqure amount required and period for which research work is proposed to be done.
6.	Date Sharad Yeshwant	Refer to Shri D. N. Wadia and Saurashtra Government.
7.	Dr. M. S. Kanvinde	Inquire from Superintendent of V. S. Hospital what would be reasonable amount required.
8.	Dr J. T. Bhatt	Inquire whether grant is required for one year or more. Inquire from Superintendent of V. S. Hospital what would be reasonable amount required.

આથી ઠરાવવામાં આવે છે કે—

અ. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો અને માન્ય સંસ્થાઓના નીચેના અધ્યાપકોને તેઓ સામે જણાવેલ રકમની રિસર્ચ ગ્રાન્ટ આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી:

૧.	પાટીલ રામચંદ્ર કેશવ સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	રૂા. ૧,૦૦૦–૦–૦ ઇકોનોમિક અને સોશીયલ સર્વે માટે Reputed Journals માં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૨.	મપારા રણજીતલાલ બીમચંદ એમ. ટી બી. કૉલેજ, સુરત.	રૂા. ૫૦૦–૦–૦ Reputed Journalsમાં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૩.	ડૉ. પ્રિયબાલા શાહ બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નીંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	રૂા. ૫૦૦–૦–૦ Reputed Journalsમાં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૪.	ડૉ. એમ. એસ. કાનવિન્દે શેઠ વી. એસ. હૉસ્પિટલ અને શેઠ ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદ.	રૂા. ૧,૦૦૦–૦–૦ Reputed Journalsમાં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.
૫.	ડૉ. જે. ટી ભટ્ટ. શેઠ વી. એમ. હૉસ્પિટલ અને શેઠ ચિનાઇ મેટર્નિટી હોમ, અમદાવાદ.	રૂા. ૭૨૦–૦–૦ Reputed Journalsમાં કામ પ્રસિદ્ધ કરવાની શરતે.

બ. નીચેના શિક્ષકની અરજી સંબંધમાં તેમની સામે જણાવેલ માહિતી મંગાવવી:

૧.	આર. એચ. ચોખાવટીયા બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર વાયા આણંદ.	આ બાબતમાં ડાયરેક્ટર, બિલ્ડીંગ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, દેહરાદુન, એમને લખવું અને તેઓ અરજીમાં દર્શાવેલ બાબતો પૈકી કઇ બાબતો માટે ભલામણ કરે છે તે પુછાવવું.

૬. નીચેના શિક્ષકોની અરજીઓ નામંજૂર કરવી:

૧. શેઠ ચિમનલાલ બી. — નામંજૂર—
એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ. — પબ્લીકેશન ગ્રાન્ટ બાબત વિચાર થઇ શકે.

૨. દાતે શરદ યશવંત — નામંજૂર.
એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઑફ
ઍન્જિનિયરીંગ, અમદાવાદ.

૩. શ્રી. રમેશ સુંદરજી બેટાઇ, જુનાગઢ જેઓએ તા. ૨૯-૧૨-૧૯૫૨ ની પી.એચ.ડી.માં સંશોધન વિગેરે કરવાને માટે રિસર્ચ સ્કોલરશીપ મળવા બાબત માંગણી કરેલી તે પર ગ્રાન્ટ્સ યુનિવર્સિટેશન કમિટીની બીજી બેઠકે "શ્રી. બેટાઇને જણાવવું કે તેમણે સ્કોલરશીપ માટે નહિ પણ ગ્રાન્ટ માટે અરજી કરવી" એ પ્રમાણે ઠરાવ્યા પ્રમાણે શ્રી. બેટાઇની રૂા. ૫૦૦-૦-૦ રિસર્ચ ગ્રાન્ટ મળવા બાબત આવેલ માંગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રમેશ સુંદરજી બેટાઇની માગણી નામંજૂર કરવી.

૪. શ્રી. નાયક ભોળાભાઇ રણછોડજી, બી. જે. ઇન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ, એમની ગુજરાતી-ફારસી-અરબી શબ્દકોષ વિગેરેના સંશોધન માટે રૂા. ૧૦૦૦-૦-૦ એક હજાર રૂપિયાની રિસર્ચ ગ્રાન્ટ મળવા બાબતની માંગણી બાબતમાં ગ્રાન્ટ્સ યુનિવર્સિટેશન કમિટીની તા. ૬-૨-૫૩ના રોજ મળેલ બીજી બેઠકે આઇટેમ ૩ પર કરેલી ભલામણો પર સિન્ડિકેટે તેની તા. ૭-૩-૫૩ની સભામાં માહિતી મંગાવવા ઠરાવ્યા પ્રમાણે શ્રી. નાયક તરફથી ભો. જે. વિદ્યાભવનના અધ્યક્ષ મારફત આવેલ માહિતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં આવો કોઈ શબ્દકોષ તૈયાર છે કે કેમ તે બાબત નવજીવન કાર્યાલય પૂછાવવું.

૫. સન ૧૯૫૩-૫૪ની સાલ માટે રિસર્ચ ગ્રાન્ટ બાબતની અરજીઓ મંગાવવાના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સન ૧૯૫૩-૫૪ની સાલ માટે રિસર્ચ ગ્રાન્ટની અરજીઓ વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને મંગાવવી અને કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં સરકયુલરથી ખબર આપવી. અરજદાર જો કૉલેજો અગર માન્ય સંસ્થાઓ પૈકીના હોય તો અરજી કૉલેજ અગર સંસ્થા મારફત કરવા જણાવવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂ થયું હતું.

નં. ૨૪૬૦૦-૨૪૬૦૬

અમદાવાદ-૯. — ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
તા. ૨૪-૬-૧૯૫૩. — રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૩૧

ગુજરાત યુનિવર્સિટી પબ્લીકેશન બૉર્ડની બીજી મિટીંગ, ગુજરાત યુનિવર્સિટી ઑફિસના, ગુરૂવાર તારીખ ૧૮-૬-૧૯૫૩ના રોજ સાંજના ૬-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર,
૩.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	ગેરહાજર,
૪.	પ્રિન્સિપાલ એ. ડિ સોઝા	ગેરહાજર,
૫.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૬.	પ્રિન્સિપાલ મગનભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૭.	પ્રિન્સિપાલ ટી. કે. મોદી (સરદાર દાવર)	ગેરહાજર,
૮.	પ્રિન્સિપાલ એસ. વી દેસાઇ	હાજર,
૯.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૦.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર,
૧૨.	ડૉ. કે. આર. રામનાથન	હાજર,
૧૩.	ડૉ. એમ. ડી. દેસાઇ	હાજર,
૧૪.	ડૉ. સી સી. શાહ	હાજર,
૧૫.	પ્રોફેસર આર. ડી. ગુલાટી	ગેરહાજર.

૧. તા. ૧૫-૯-૧૯૫૨ના રોજ મળેલી પબ્લીકેશન બૉર્ડની પ્રથમ મિટીંગની મિનીટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. પબ્લીકેશન બૉર્ડની પ્રથમ બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે અને સિન્ડિકેટે તેની તા. ૪-૧૦-૫૨ની સભામાં બહાલી આપ્યા પ્રમાણે ટેક્સ્ટ બુકો પ્રસિદ્ધ કરવા ના કામ બાબત અને તેવા પુસ્તકો લખવાને માટે અગાઉથી કરવામાં આવેલી જાહેરાત અનુસાર નીચે દર્શાવ્યા પ્રમાણે પુસ્તકની ટુંકી નોંધ (સિનોપ્સીસ) અને એક પ્રકરણ આવેલ છે તે પર વિચારણા કરવા બાબત.

વિષય	લેખકનું નામ અને ભાષા ગુજરાતી	લેખકનું નામ અને ભાષા હિન્દી
૧. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેશન એફ.વાય.એ. માટે.	૧. શ્રી. ગોવિંદલાલ એમ. શાહ, અમદાવાદ. ૨. શ્રી. યશવંત ઠોશી શ્રી ગિરિશ ભટ્ટ ભાવનગર.	૧. શ્રી. ગોવિંદલાલ એમ. શાહ અમદાવાદ. ૨. શ્રી. અમૃતલાલ મોદી તલોદ.
૨. સિવિકસ એફ.વાય એ. માટે	૧. ડૉ. મિસ્ટ્રેસ સી. એ. ઘાટે, મુંબઇ. **નાગરિક શાસ્ત્ર** ૨. શ્રી. ભગવાનલાલ એલ. માંકડ રાજકોટ. **નાગરિક શાસ્ત્ર**	૧. શ્રી અમૃતલાલ મોદી, તલોદ.
"આથી ઠરાવવામાં આવે છે કે ફાઇન આર્ટ્સની જુદી ફૅકલ્ટી કાઢવી નહિ પરંતુ આર્ટ્સ ફૅકલ્ટીમાં ફાઇન આર્ટ્સના વિષયો શીખવવા માટે પૂર્વ-સ્નાતક (અન્ડર-ગ્રેજ્યુએટ) ડિપ્લોમા કાઢવા સિન્ડિકેટને ભલામણ કરવી અને મજકૂર ડિપ્લોમા માટેનું શિક્ષણ આપવા માટે સંસ્થાઓને ઍફિલિએટ કરવાની પદ્ધતિ સ્વીકારવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, અને આ બાબતમાં આગળનાં ઘટતાં પગલાં લેવા ઍકેડેમિક કાઉન્સિલને સૂચના કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ આર્ટ્સ ફૅકલ્ટી તરફ મોકલી આપવો.

૮૨. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "એફ" તરીકે આપવામાં આવી છે.)

૮૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં ૧૯૫૩ના જૂનથી ટી. ડી. નો વર્ગ શરૂ કરવાની પરવાનગી (ઍફિલિએશન) આપવા અંગેની અરજી ઉપરનોનો સ્થાનિક તપાસણી સમિતિનો રિપોર્ટ, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અને સિન્ડિકેટના ઠરાવની જાણ, સેનેટની મંજૂરીની અપેક્ષાએ મજકૂર કૉલેજના પ્રિન્સિપાલને કરતાં તેમના તરફથી આવેલા તા. ૨૩-૬-૧૯૫૩ના પત્રાંક ૨૪/૩૨૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુકરર કરેલી શરતોનું કૉલેજ પાલન કરે તે શરતે તેમણે નવી અરજી કરવાની જરૂર નથી એ પ્રમાણે કૉલેજના પ્રિન્સિપાલને જવાબ આપવો.

૮૪. મુંબઈ યુનિવર્સિટીના તે વખતના નિયમ પ્રમાણે ઑફિસિયલ ટ્રસ્ટી પાસે જમા મૂકેલી રૂા. ૫૦,૦૦૦-૦-૦ની રકમ ઉપાડી લેવા માટે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને પરવાનગી આપવા અંગે પ્રિન્સિપાલ ઠાકોરના તા. ૨૧-૭-૧૯૫૩ના આવેલા પત્રાંક ૬૫૯/૫૯ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-સિન્ડિકેટે તેની તા. ૨૦-૬-૧૯૫૩ની બેઠકમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને તેને હસ્તક ચાલતી કૉલેજોમાંથી રિઝર્વ ફંડ ઉપાડી લેવાની પરવાનગી આપી છે. સિન્ડિકેટના ઠરાવ અનુસાર પુછાવતાં સોસાયટીએ જણાવેલું કે આ છૂટી કરાયેલી રકમ તે કેળવણીની પ્રવૃત્તિઓ વિકસાવવામાં કરશે અને ભવિષ્યમાં આઘ આવે તે માટે સોસાયટી પાસે મોટી મિલકત છે.)

આથી ઠરાવવામાં આવે છે કે છૂટી કરાયેલી રકમનો ઉપયોગ કેળવણીની પ્રવૃત્તિઓ વિકસાવવામાં કરે એ શરતે રૂા. ૫૦.૦૦૦-૦-૦ની રકમ ઉપાડી લેવા મંજૂરી આપવી.

૮૫. ગુજરાત યુનિવર્સિટી હેન્ડ બુક ભાગ ૨ જો જે થોડાક દિવસોમાં તૈયાર થશે તેનું કુલ ખર્ચ આસરે રૂા. ૮,૬૦૦-૦-૦નું થશે અને કુલ ૧૫૦૦ કોપી તૈયાર કરાવેલ હોવાથી દરેક કોપીના લગભગ રૂા. ૫-૧૨-૦ ખર્ચ થશે તો તેની વેચાણ કિંમત શું રાખવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હેન્ડ બુક ભાગ ૨ ની કિંમત રૂા. ૮-૦-૦ રાખવી.

૮૬. તા. ૧૦થી ૨૩મી એપ્રિલ ૧૯૫૩ સુધી એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં એસ.એસ.સી (ઇનોર્ગેનિક) ની ૧૬ વિદ્યાર્થીઓની પ્રેકટીકલ પરીક્ષાનું મહેનતાણું પત્રની સાથે આપેલા પરિશિષ્ટમાં બતાવેલા માણસોને તે પ્રમાણે આપવા અંગેનું બિલ પાસ કરવા અને જુદા જુદા ગ્રુપ અને બેચની સાઇઝ માટે એકસપર્ટ વગેરેની સંખ્યા નક્કી કરવા એક સમિતિ નીમવા બાબત પ્રિન્સિપાલ આર. ડી. દેસાઇ તરફથી આવેલા તા. ૨૦-૭-૧૯૫૩ ના પત્રાંક ૪૬૬/૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-એમ.એસ.સી. પરીક્ષામાં કુલ ૧૬ વિદ્યાર્થીઓ હોવાથી બે બેચ કરવાની જરૂરી હતી, પરંતુ જો એક બેચનું પ્રેકટીકલ પૂરૂં થયે બીજી બેચનું પ્રેકટીકલ શરૂ કરવામાં આવે તો બીજી બેચ માટે યુનિવર્સિટીને વધારાનું પ્રેપરેશન તથા કલીનીંગ માટે કાંઇ ખર્ચ કરવું પડે નહિ. આ કેસમાં બે બેચ એક જ દિવસે રાખવામાં આવી અને બન્ને બેચ માટે પ્રેપરેશન અને કલીનીંગનું ખર્ચ માગવામાં આવ્યું છે, પરંતુ ચૂકવેલ નથી, કારણ કે પ્રેપરેશન અને કલીનીંગનું ખર્ચ દરેક બેચ માટે આપવાનું હોતું નથી પરંતુ આખી પરીક્ષા માટે હોય છે.)

આથી કરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ આર. ડી. દેસાઇની વિનંતી મંજૂર કરવી.

૮૭. સેનેટની ગઇ સભામાં ઑર્ડિનાન્સ ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮ અને ૪૩૯ પાસ થયેલા છે, તેથી જો ૧૯૫૪ના વર્ષમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં રજિસ્ટર થઇને વિદ્યાર્થીઓ બેસી શકે તો તેઓ સદરહુ એફ.વાય. આર્ટ્સની પરીક્ષા માટે ૧લી સપ્ટેમ્બર ૧૯૫૩ પહેલાં રજિસ્ટર થઇ શકે અને તેમનું એક વર્ષ નકામું જાય નહિ તે માટે સદરહુ પાસ થયેલા ઑર્ડિનાન્સોને તાત્કાલિક અમલમાં મૂકવા વિના વિલંબે સિન્ડિકેટને ઠરાવ કરવાની આગ્રહભરી વિનંતી બાબતના શ્રી. રામચંદ્ર દા. શુકલના તા. ૨૨-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૮૮. ૧૯૫૩ના એપ્રિલમાં લેવાયેલી એસ.ઇ. (ઇલેકટ્રીકલ) ના વિદ્યાર્થી શ્રી. એસ. એ. બીજલાની કે જેઓ મજકૂર પરીક્ષામાં નાપાસ થયા છે તેમને ૬ હેડ્ઝમાં એકઝમ્પશન મળેલું છે જ્યારે ફક્ત મશીન ડિઝાઇન અને ડ્રોઇંગના ટર્મવર્કમાં નાપાસ થતા હોવાથી તેમને ૧૯૫૩-૫૪ની બીજી ટર્મમાં તે જ ટર્મવર્ક રિપીટ કરવાની પરવાનગી આપવા બાબત એલ. ડી. ઑન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલના તા. ૮-૭-૧૯૫૩ના શેરાંક ૩૦૬૮ સાથે આવેલી શ્રી. બીજલાનીની તા. ૭-૭-૧૯૫૩ની અરજી ઉપરથી આ બાબતમાં કોઇ નક્કી નિયમો નહિ હોવાથી ફૅકલ્ટી ઑફ ટેકનોલૉજી ઇન્સ્ટ્રુડીંગ ઑન્જિનિયરીંગના ડીનને રિમાર્કસ માટે લખતાં તેમના તરફથી આવેલા તા. ૨૦/૨૩-૭-૧૯૫૩ના પત્રાંક યુનિ-એકઝામ-૩૫૭૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે ટેકનોલૉજી ફૅકલ્ટીના ડીનના અભિપ્રાય પ્રમાણે આવા વિદ્યાર્થી ફકત બીજી ટર્મ ભરે અને નવું ટર્મવર્ક બનાવે તે પ્રમાણે કરવાનું મંજૂર કરવું.

૯૨. ટેક્ષેશન ઈન્કવાયરી કમિશન, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાએ તા. ૧૭-૭-૧૯૫૩ના રોજ બહાર પાડેલી પ્રશ્નોત્તરીના જવાબો, દરેક ભાગનો જવાબ જુદા પાને લખવો એવી રીતે જવાબોની ૨૦ કોપીઓ તા. ૨૧-૯-૧૯૫૩ પહેલાં કમિશનના મુંબઈના સરનામે મોકલવા બાબત પ્રશ્નોત્તરીની ત્રણ નકલો સાથે મજકૂર કમિશનના સેક્રેટરી તરફથી આવેલા જુલાઇ ૧૯૫૩ના પત્રાંક All(i)Tec/53 ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૯૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં એમ.ઇ.ડી. ના વર્ગ ખોલવાની બમર મોડી મળવાથી અને સદરહુ વર્ગો ખોલ્યાની જાહેરાત સ્થાનિક વર્તમાનપત્રોમાં આપવાની હોવાથી, એમ.ઇ.ડી. ડિગ્રી કોર્સના રેગ્યુલેશનોમાં મુંબઇ યુનિવર્સિટીના પેમ્ફલેટ નં. ૮ના રેગ્યુ. 80-B અનુસાર વિદ્યાર્થીઓને તેમના ડિસર્ટેશનના ટોપિકસ તા. ૨૦-૭-૧૯૫૩ પહેલાં યુનિવર્સિટીને આપવાના હોય છે તેને બદલે તે ટોપિકસ વિદ્યાર્થીઓને તા. ૧૫-૯-૧૯૫૩ સુધીમાં યુનિવર્સિટીની મંજૂરી માટે આપવાની પરવાનગી આપવા અંગે મજકૂર કોલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૨૨-૭-૧૯૫૩ના પત્રાંક ૩૧૩-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી મંજૂર કરવી.

૯૫. બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની નીચેની ભલામણ ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમિક શાળાઓમાં સિવિકસ અને એડમિનિસ્ટ્રેશન જુદા વિષયો તરીકે શીખવાય છે, તેમજ એસ.એસ.સી. ની પરીક્ષાઓમાં પણ એ જુદા વિષય તરીકે તેને સ્થાન છે એ ધ્યાનમાં લઇ બી.એડ. (B.Ed.) ના સ્પેશિયલ મેથડ્સના અભ્યાસક્રમમાં અત્યારે સાત વિષયો છે તેમાં આઠમા વિષય તરીકે સિવિકસ અને એડમિનિસ્ટ્રેશન એ વિષયનો ઉમેરો થવો જોઇએ અને એ માટે ઘટતો રેગ્યુલેશન કરવા માટે આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ મંજૂર કરવો.

૯૬. પોસ્ટ-ગ્રેજ્યુએટ રજિસ્ટ્રેશન માટેની મુદત બહાર આવેલી પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેની સંખ્યા અને તારીખ પ્રમાણેની કૉલેજો તરફથી આવેલી અરજીઓ તેમજ ફી વિગેરે સ્વીકારવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ-રજિસ્ટ્રેશન માટેની અરજીઓ ઑફિસે સ્વીકારવાની નિયમ પ્રમાણે છેલ્લી તારીખ ૨૦-૭-૧૯૫૩ ઠરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આજની તારીખ સુધીમાં જે અરજીઓ ફી સાથે આવી ગઈ હોય તે સ્વીકારવી અને બધી કૉલેજોને સરકયુલરથી ખબર આપવી કે આવતી સાલથી મુકરર કરેલી તારીખ પછી જે અરજીઓ આવશે તે સ્વીકારવામાં આવશે નહિ.

૯૭. ૧૯૫૨-૫૩ના નાણાકીય વર્ષ દરમિયાન યુનિવર્સિટીઓ અને સંસ્થાઓની સાયન્ટીફિક અને ટેકનીકલ કેળવણી અને રિસર્ચની પ્રગતિ માટે અપાતી ગ્રાન્ટમાંથી આ યુનિવર્સિટીના સ્ટેટિસ્ટીકસ ડિપાર્ટમેન્ટ માટેની અનુસ્નાતક તાલીમની સગવડતા અંગે લાયબ્રેરી અને ડકવીપમેન્ટની ખરીદી માટે રૂા. ૧૦,૦૦૦-૦-૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૦-૩-૧૯૫૩ના પત્રાંક એફ. ૧૯-૧-૫૩ ટી. ૩ બાબતમાં શું પગલાં લેવાં તેનો વિચાર કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી કમિટીનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે આપવામાં આવી છે.)

૯૮. "Wheat Loan Interest Fund – Allocation" ના વિષય ઉપરના હિંદી સરકારના કેળવણી ખાતાના અન્ડર-સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૫-૬-૧૯૫૩ના પત્રાંક એફ. ૧૦-૫-૫૩-એન. ૧ ઉપરનો સિન્ડિકેટે નીમેલી કમિટીનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટની નકલ આ સાથે પરિશિષ્ટ "હ" તરીકે આપવામાં આવી છે.)

૯૯. સૌરાષ્ટ્ર સરકારે એક લાખ રૂપિયાની નોન-રિકરીંગ રકમ આ યુનિવર્સિટીને આપવાનું નક્કી કરેલું હોવાથી તે રકમ યુનિવર્સિટી કયા હેતુ પાછળ વાપરવાની છે તે જણાવવા બાબત મજકૂર સરકારના મુખ્ય પ્રધાન શ્રી. યુ. એન. ઢેબર તરફથી આવેલા તા. ૨૦-૬-૫૩ના પત્રાંક પી.એસ/૧૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર સરકારે જે નોન-રિકરીંગ ગ્રાન્ટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે તે ગ્રાન્ટ આભાર સાથે સ્વીકારવી અને તે કયા કામમાં વાપરવામાં આવશે તે નક્કી કરવાનું કામ આવતી સિન્ડિકેટ આગળ મૂકવું, અને સૌરાષ્ટ્ર સરકારને જણાવવું કે આ બાબત હવે પછી તેમને જણાવવામાં આવશે.

૧૦૦. સને ૧૯૫૨-૫૩ના વર્ષ દરમ્યાનના રિવાઇઝડ અંદાજ કરતાં જુદાં જુદાં ખાતે થયેલા વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વધારાનું ખર્ચ મંજૂર કરવું. (વધારે થયેલા ખર્ચની વિગત દર્શાવતું સ્ટેટમેન્ટ આ સાથે પરિશિષ્ટ "આઇ" તરીકે આપવામાં આવ્યું છે.)

૧૦૧. એમ.એ. ની પરીક્ષામાં સંસ્કૃત મુખ્ય અને વેદાન્ત ઐચ્છિક વિષય લઈ સંસ્કૃત ભાષામાં જવાબ આપવાના વધારાના "વલ્લભ વેદાન્ત પ્રાધ્યા" ના પ્રશ્નપત્રમાં સફળ થતા ઉમેદવારોમાં પ્રથમ આવી સદરહુ પ્રશ્નપત્રમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ મેળવે તેને "વલ્લભ વેદાન્ત પ્રાધ્યા" આપવા માટે શ્રી. વ્રજરત્નલાલજી મહારાજ તરફથી રૂા ૭,૦૦૦ની અમુક શરતે સખાવત આપવા બાબતના શ્રી. જે. ટી. પરીખના પત્ર ઉપરથી સિન્ડિકેટે આ કેસને ભવિષ્યને માટે દાખલા તરીકે ગણવો નહિ એ રીતે શ્રી. પરીખની વિનંતી મંજૂર રાખી છે. આ બાબતમાં ડોનેશનની રકમ રૂા. ૭,૦૦૦થી વધારી રૂા. ૧૦,૦૦૦ કરવા માટે વધારાના રૂા. ૩,૦૦૦ના ડ્રાફ્ટ સાથે આવેલો તા. ૧૫-૭-૫૩નો શ્રી જે. ટી. પરીખનો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે વધારાનું દાન આભાર સાથે સ્વીકારવું.

૧૦૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ફિઝિયોલૉજીના પ્રોફેસર માટે શ્રી. એસ. કે. ધાર અને શ્રી. ઇ. એમ. બેસ્ટને નીમવાનો સરકારનો વિચાર છે, તો તેઓના લાયકાત અનુસાર તેમને યુનિવર્સિટી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરશે કે કેમ તે જણાવવા બાબત મુંબઇ સરકારના લોકલ સેલ્ફ ગવર્મેન્ટ અને પબ્લીક હેલ્થ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા પત્ર બાબતમાં સિન્ડિકેટના ઠરાવ અનુસાર મજકૂર પત્ર બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના અભિપ્રાય માટે મોકલો આપેલ તે અંગે બૉર્ડનો અભિપ્રાય:

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો અભિપ્રાય

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ઇ. એમ. બેસ્ટને ફિઝિયોલૉજીના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરી શકાય. ડૉ. ધાર આ યુનિવર્સિટીના શિક્ષક ન હોવાથી તે બાબતમાં કાંઇ કહેવાનું નથી એવો અભિપ્રાય આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટિચીંગનો અભિપ્રાય મંજૂર કરવો.

૧૦૫. ફૅકલ્ટી ઑફ મેડિસીનના ઠરાવ અનુસાર ફાર્મસીની બૉર્ડ એમ. ફાર્મ. નો કોર્સ ઘડી કાઢવા માટે નીમેલી સમિતિની ભલામણ ઉપર ફાર્મસીની બૉર્ડની ભલામણ અંગે મેડિકલ ફૅકલ્ટીની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે પરિશિષ્ટ "અ" પ્રમાણેનો એમ. ફાર્મ. નો ડિગ્રી કોર્સ ઘડી કઢવામાં આવેલ છે તેને ફાર્મસીની બૉર્ડે સ્વીકારવો."

ફાર્મસીની બૉર્ડની ભલામણ

'આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની બૉર્ડે નીમેલી ઉપસમિતીએ ઘડેલો એમ. ફાર્મ. નો ડિગ્રી કોર્સ આ બૉર્ડ સ્વીકારે છે અને તે સ્વીકારવા આ બૉર્ડ મેડિકલ ફૅકલ્ટી મારફત ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

મેડિકલ ફૅકલ્ટીની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની ઑનર્સની ભલામણ મંજૂર કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફૅકલ્ટીની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી."

(એમ. ફાર્મના કોર્સની નકલ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૦. નીચેની વિદ્યાર્થીની તરફથી તેમના નામ સામે દર્શાવેલ વિષય તથા ડિગ્રી માટે આવેલ થિસિસ માટે રેફરીની નિમણૂંક કરવા બાબતની સંસ્કૃત અને પ્રાકૃતની ઑર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ અને તે ઉપરનો ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવઃ

વિદ્યાર્થિનીનું નામ	કઇ ડિગ્રી માટે	વિષય
મિસ ઈન્દુકલા હીરાચંદ ઝવેરી, બી. જે. ઈન્સ્ટ્રીટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.	પી. એચ ડી	Sanskrit "The Sankhya Yoga and the Jain Theories of Parikama.

સંસ્કૃત અને પ્રાકૃતની ઑર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના ઠરાવ અનુસાર પી. એચ. ડી ની થિસિસ હિંદુસ્તાન બહારના વિદ્વાન નિષ્ણાતોને મોકલવાની હોય છે પરંતુ આ નિયમ સંસ્કૃત, પ્રાકૃત આદિ વિષયોમાં અનેકવાર અમલમાં મૂકવો શકય ન હોવાથી આ ઑર્ડ ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરે છે કે વિનયન વિભાગનાં ભાષા ઈત્યાદિ વિષયોમાં પરીક્ષાનું ધોરણ ઉંચું રાખીને અપવાદરૂપે મુંબઈ સ્ટેટની બહારના પરીક્ષકોને રેફરી તરીકે પસંદ કરવાની છૂટ હોવી જોઇએ.

છતાં પણ અત્યારના નિયમ મુજબ શ્રીમતી ઈન્દુકલા હીરાચંદ ઝવેરીની સંસ્કૃતની પી. એચ. ડી.ની થિસિસ માટે નીચેના રેફરીની આ ઑર્ડ ભલામણ કરે છેઃ

Referees

1. Prof. Dr. W. Schubring,
   Universitat-Hamburg,
   Hamburg–Klein,
   Slobbeck-Schlegelstri–West Germany.

OR

2. Prof. Dr. Ludwig Alsdorf,
Universitat-Hamburg,
Hamburg-Klein, Slohbeck-Schlegelstri-West Germany."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી, પણ સિન્ડિકેટે પી.એચ. ડી. ની થિસિસ માટેના રેફરીઝ હિન્દુસ્તાન બહારના જોઇએ તેવો ઠરાવ કર્યો છે તે ફેરવીને ગુજરાત યુનિવર્સિટી બહારના જોઇએ તેમ ઠરાવવા સિન્ડિકેટને ભલામણ કરવી અને આ ભલામણ સિન્ડિકેટ મંજૂર રાખે તો બૉર્ડે રેફરીઝ તરીકે જે નામોની ભલામણ કરી છે તેને બદલે નીચેના ગૃહસ્થોને રેફરીઝ તરીકે નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી:

1. Prof. Satkouri Mukherji,
Head of the Department of Sanskrit,
Calcutta University, Calcutta.

OR

2. Shri B. L. Atreya,
Benares Hindu University,
Benares."

આથી ઠરાવવામાં આવે છે કે પી. એચ.ડી.ની થિસિસ માટેના રેફરીઝ ગુજરાત યુનિવર્સિટી એરિયા બહારના હોવા જોઇએ એવું ધોરણ સ્વીકારવું અને આ કેસમાં નીચે મુજબના રેફરીઝ નીમવાનું મંજૂર કરવું:

1. Prof. Satkouri Mukherji,
Head of the Department of Sanskrit,
Calcutta University, Calcutta.

OR

2. Shri B. L. Atreya,
Benares Hindu University,
Benares.

૧૦૬. રેફરન્સ નં. ૭૮માં નીચેના ફેરફારો કરવા બાબતનો આગામી સેનેટની બેઠક સમક્ષ ઠરાવ મૂકવા બાબતનો શ્રી. એસ. એમ. શાહનો તા. ૨૭-૭-૫૩નો પત્ર.

"(In S. 78 (1)-After the words-shall hold the election, Instead of words "by post" put the words "by ballot at a polling centre or centres to be fixed by the Syndicate."

In S. 78 (2)-After the words-the election shall be held, instead of words "by post" put the words "by ballot at a polling centre or centres to be fixed by the Syndicate."

In S. 78 (3)-After the words-the election shall be held, instead of the words, "by post" put the words "by ballot at a polling centre or centres to be fixed by the Syndicate."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સિન્ડિકેટ કાંઈપણ અભિપ્રાય આપવા આપવા માગતી નથી એમ સેનેટને જણાવવું.

૧૦૮. ગુજરાત યુનિવર્સિટીની ઍન્જિનીયરીંગની જુદી જુદી પરીક્ષાઓ માટે ભેગી કરાયેલી ફીની રકમ જે ચોરાઇ ગયેલી તે વિષે સિન્ડિકેટને આ રકમ માંડવાળ કરવા બાબત ડિરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યુકેશને લખેલું તે અંગે સિન્ડિકેટના ઠરાવની જાણ કરતા સિન્ડિકેટના આ નિર્ણય ઉપર ફરીથી વિચારણા કરવા બાબતના ડિરેક્ટર તરફથી આવેલા પત્ર ઉપરના સિન્ડિકેટના નિર્ણયાનુસાર આ બાબતમાં સર જમશેદ કાંગાનો અભિપ્રાય મંગાવતા મુંબઇ હાઇકોર્ટના સોલિસિટરના તા. ૨૮-૯-૧૯૫૩ના પત્ર સાથે આવેલ તેમના અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી અને રજિસ્ટ્રારે ભવિષ્યમાં આ બાબતમાં શું પગલાં લેવાં તે બાબત રિપોર્ટ કરવો.

૧૦૯. કોઇપણ હાઇસ્કુલના પ્રિન્સિપાલ અથવા હેડમાસ્તર તે કામની સાથે કોઈપણ કૉલેજમાં શિક્ષક તરીકે અથવા અનુસ્નાતક શિક્ષક તરીકે કામ કરી શકે કે કેમ તે બાબત નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૧૦. આસરે રૂા. ૩૦૦૦-૦-૦ના ખર્ચે યુનિવર્સિટી માટે એક વોટર કુલર ખરીદવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રૂા. ૩૦૦૦-૦-૦ ના ખર્ચ સુધીમાં વોટર કુલર ખરીદવાનું મંજૂર કરવું.

૧૧૧. બી.ઇ.ની પરીક્ષામાં "ઍલિમેન્ટ્સ ઑફ ઇકોનોમિક્સ"ના પ્રશ્નપત્રમાં બે વિભાગો (Sections) આપેલા પરંતુ MSS માં વિદ્યાર્થીઓ માટે આપેલી સુચનાઓમાં ફક્ત ત્રણ પ્રશ્નોના જવાબો આપવા જણાવેલું જ્યારે ખરી રીતે દરેક વિભાગ (Sections) માંથી ત્રણ પ્રશ્નોના જવાબ આપવાનું હોવું જોઇએ. પેપર-સેટર્સ ૧. પ્રિન્સિપાલ એ. બી. ત્રિવેદી અને પ્રોફેસર એ. એસ. દેશપાંડે હતા. આ ભૂલ બદલ પેપર-સેટર્સ સામે પગલાં લેવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એ. એસ. દેશપાંડેનો ખુલાસો મંગાવવો.

૧૧૨. એસ.ઇ.ની પરીક્ષાના "Irrigation and storage" અને બી.ઇ.ની પરીક્ષાના "Irrigation and storage" ના માર્કસપત્રકોમાં બન્ને સેકશનના માર્કસનો સરવાળો કર્યા વગર માર્કસપત્રકો પરીક્ષકો તરીકે નીમાયેલા પ્રોફેસર વી. બી. પ્રિયાની તથા શ્રી. એન. જી. કે. મૂર્તિ તરફથી યુનિવર્સિટી ઑફિસમાં મોકલવામાં આવેલાં અને સરવાળો ઑફિસમાં કરવામાં આવેલો. આ ભૂલ માટે મજકૂર પરીક્ષકો સામે પગલાં લેવા બાબત વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. જી. કે મૂર્તિને ભવિષ્યમાં પરીક્ષક તરીકે નીમવા નહિ અને તેમના મહેનતાણામાંથી રૂા. ૨૫-૦-૦ કાપી લેવા.

૧૧૩. ત્રીજી એમ. બી. બી. એસ.ની પરીક્ષામાં "સર્જરી"ના બે પેપરોના માર્કસનો સરવાળો કર્યા વગરજ માર્કસપત્રકો તે વિષયના પરિક્ષકો ૧. ડૉ. પો પી. શેઠ અને ૨. જે. એ. ઢક્કાએ યુનિવર્સિટી ઑફિસને આપેલા અને સરવાળો ઑફિસમાં કરવામાં આવેલો. આ ભૂલ બદલ મજકૂર પરીક્ષકો સામે શું પગલાં લેવાં તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. પી. શેઠ અને જે. એ. ઢક્કા એ દરેકના મહેનતાણામાંથી રૂા. ૨૫-૦-૦ કાપી લેવા.

૧૧૪. ભાવનગર સેન્ટર ખાતેથી બી.કૉમ.ના "બેન્કીંગ"ના પેપર ૧ના જવાબપત્રો પ્રોફેસર એસ. આર. મહેતાને બદલે પ્રોફેસર હાંસોટીઆને અને પ્રોફેસર હાંસોટીઆ માટેના જવાબપત્રો પ્રોફેસર મહેતાને મોકલવામાં આવેલા. સિનિયર સુપરવાઇઝરો તરીકે પ્રોફેસર પી. પી. મહેતા અને પ્રોફેસર એમ. એમ. પારેખ નિમાયા હતા. મજકૂર ભૂલ માટે તેમની સામે શું પગલાં લેવાં તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બંને સિનિયર સુપરવાઇઝરોનું એક એક દિવસનું મહેનતાણું કાપી લેવું.

૧૧૫. અમદાવાદ ખાતેની ફર્સ્ટ એલ. એલ. બી.ની પરીક્ષાના "રોમન લૉ"ના પેપરના કેન્ડીડેટ નં. ૩૮ના જવાબપત્રો બન્ને સેક્શનના પ્રોફેસર પંડિતને મોકલવામાં આવેલા. જ્યારે ખરી રીતે પહેલા સેક્શનનો જવાબપત્ર પ્રોફેસર ડી. ડી. દેસાઇને સૂરત મોકલવો જોઇતો હતો. આ પરીક્ષા વખતે સિનિયર સુપરવાઇઝર તરીકે પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ હતા. તો આ ભૂલ બદલ શું પગલાં લેવાં તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બંને જુનિયર સુપરવાઇઝરોનું એક એક દિવસનું મહેનતાણું કાપી લેવું.

૧૧૬. અમદાવાદ ખાતેથી બી. એસ. સી. ની પરીક્ષાના કેન્ડીડેટ નં. ૬૯ થી ૮૦ના "ફિઝિકસ" પેપર ૨ના જવાબપત્રો ડૉ. વી. એસ. પાઠણકરને મોકલવાને બદલે તેમને કેન્ડીડેટ નં. ૮૧ થી ૯૮ના "કેમિસ્ટ્રી પેપર ૨ના જવાબપત્રો મોકલવામાં આવેલા અને ડૉ. જાંબવને "કેમિસ્ટ્રી" પેપર ૨ના જવાબપત્રોને બદલે "ફિઝિકસ" પેપર ૨ના જવાબપત્રો મોકલાયેલા.

આ પરીક્ષા વખતે સિનિયર સુપરવાઇઝર તરીકે પ્રિન્સિપાલ એમ. એસ. શાહ હતા. તો આ ભૂલ બદલ શું પગલાં લેવાં તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૨૯. મોરબી ખાતે લેવાયેલી એફ્. ઇ. પરીક્ષાના "મશીન ડ્રોઇંગ"ના સેક્શન ૧ના જવાબપત્રો પ્રોફેસર એમ. એમ. પટેલને બદલે પ્રોફેસર ડી. એ. અડવાનીને અને સેક્શન ૨ના જવાબપત્રો શ્રી. પી. વી. શાહને બદલે શ્રી. ટી. એમ. પરીખને મોકલવામાં આવેલા. આ પરીક્ષા વખતે પ્રિન્સિપાલ ચક્રવર્તી સિનિયર સુપરવાઇઝર તરીકે હતા. તો આ ભૂલ બદલ શું પગલાં લેવા તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૨૯. હિંદી સરકારના કેળવણી ખાતાના અન્ડર સેક્રેટરીએ ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના સેક્રેટરીને લખેલા પત્રાંક એફ્. ૩૧-૧/૫૨-જ. ૩ની નકલ નીચેના ઇન્ટર-યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના આવેલ તા. ૮-૭-૧૯૫૩ના શેરાંક ૯૩૬-૯૬૪ આ યુનિવર્સિટીની જાણ માટે અને તે ઉપર ઘટતાં પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળ ઑન્જિનિયરીંગ કૉલેજને સરકયુલેટ કરવો.

૧૨૧. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ સુરતના પ્રોફેસર શ્રી. એમ. એન. જકાતેએ કૉમર્સમાં પી.એચ.ડી. ડિગ્રી માટે ૧૯૫૨માં પ્રિન્સિપાલ ચાય. ડી. કેસ્કરના હાથ નીચે રજિસ્ટર થઈ બે ટર્મો પૂરી કરી છે. પ્રિન્સિપાલ કેસ્કર મેયત થવાથી તેમનું બાકીનું કામ ચાલુ રાખવા અને સ્વતંત્ર રીતે કામ કરવા બાબતની તેમની આવેલી અરજી ઉપરથી સિન્ડિકેટે તે પ્રમાણેની પરવાનગી આપી છે તો શ્રી. જકાતેની સ્વતંત્ર રીતે કામ કરવાની બાકીની બે ટર્મ માટે ટ્યુશન ફી લેવી કે કેમ તે બાબત કૉમર્સ કૉલેજ, સૂરતના પ્રિન્સિ-પાલના તા. ૨૪-૭-૧૯૫૩ના પત્રાંક ૨૩૬-૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલનો નિર્ણય કરવાનું કામ કૉલેજનું છે એમ જવાબ આપવો.

૧૨૨. જે વિદ્યાર્થીઓના પરિણામો ઑ. ૧૧૮ પ્રમાણે રિઝર્વ રાખવામાં આવ્યાં હોય તે વિદ્યાર્થીઓને તેમના પરીક્ષાના માર્ક આપવા કે કેમ?

(નોંધ:- તેઓ Lower Examination માં નાપાસ થાય છે પણ Higher Examination માં પાસ થતા હોવાથી તેમનું પરિણામ રિઝર્વમાં રાખવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં વિદ્યાર્થીઓને જ્યાં સુધી તેમનું પરિણામ જાહેર કરવામાં આવે નહિ ત્યાં સુધી તેમના માર્ક્સ આપવા નહિ.

૧૨૩. યુનિવર્સિટી ઑફિસમાં જુનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા શ્રી. કેશુભાઇ પી. પટેલ રાજીનામું આપી છૂટા થએલા હોવાથી તેમને ખાતે જમા થએલી પ્રોવિડંટ ફંડની રકમ પાછી આપવા બાબતની તેમની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. પી. પટેલને પ્રોવિડંટ ફંડમાંના તેમના પોતાના ફાળાની રકમ વ્યાજ સાથે પાછી આપવી.

આ તબક્કે સમયના અભાવે કામકાજ નં. ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬ થી ૪૨, ૪૬, ૪૭, ૫૪, ૫૫, ૫૬, ૫૯, ૬૦, ૬૮, ૭૧, ૭૫, ૭૭, ૭૯, ૮૦, ૮૮, ૮૯, ૯૦, ૯૪, ૧૦૩, ૧૦૪, ૧૧૯ અને ૧૨૦ હાથ ઉપર લઇ શકાયાં નહિ અને તેથી તેનો નિકાલ કરવાનું કામ બાકી રહ્યું.

નં. સિ./૩૫૦૫૦-૩૫૦૬૫/૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૧-૮-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૧૩

UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES

		Annual	D. A. etc. Monthly	D. A. Annual
Director	800–1250 100 (Allowance)	10,800/–	160/–	1900/–
Reader or Lecturer in	400–700 *or*	4,800/–	100/–	1200/–
Economics	250–500	3,000/–	85/–	1020/–
Reader in Statistics	400–700	4,800/–	100/–	1200/–
Research Asstt. in Statistics	200–400	2,400/–	80/–	960/–
Reader in Politics	400–700	4,800/–	100/–	1200/–
Reader in Sociology	400–700	4,800/–	100/–	1200/–
Lecturer in Sociology	250–500	3,000/–	85/–	1020/–
Industrial Psychology either for Reader or Lecturer				
Librarian	25[illegible]–5[illegible]0	3,000/–	85/–	1020/–
Head-Clerk	150—10–200	1,800/–	75/–	900/–
Two clerks	55–3–85–4–125–5– 130.	840/–	60/–	720/–
(one typist)	-do- starting Rs. 70/–	840/–	60/–	720/–
One Stenographer	100-5–125–6– 155–E.B.–6–185 –8–225	1,800/–	75/–	900/–
Four peons	30–½–35 (and so for four peons, the amount would be Rs. 120/– per month and Rs. 360/ per each peon per year).	1,440/–	180/–	2160/–
	Total Rs.	45,120/–		15640/–

પરિશિષ્ટ "અ"

કામકાજ નં. ૧૩

ઍકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલી યોજના

UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES

		Annual :	D, A. etc. Monthly :	D. A. Annual :
Director				
Professor of Economics (100 allowance as Director)	800–50–1250	10,800/–	160/–	1,900/–
Reader in Economics	400–30– 700	4,800/–	100/–	1,200/–
Reader in Statistics	400–30– 700	4,800/–	100/–	1,200/–
Research Asst. in Statistics	200–20– 400	2,400/–	80/–	960/–
Reader in Politics	400–30– 700	4,800/–	100/–	1,200/–
Reader in Sociology	400–30– 700	4,800/–	100/–	1,200/–
Lecturer in Sociology (Either Reader or Lecturer should as far as possible be able to teach Industrial Psychology and the other Anthropology)	250–25– 500	3,000/–	85/–	1,020/–
Librarian	250–25– 500	3,000/–	85/–	1,020/–
Head Clerk	150–10– 200	1,800/–	75/–	900/–
Two clerks	55–3–85–4–125–5–130	840/–	60/–	720/–
(one typist)	– do—starting Rs. 70/–			
One Stenographer	100–5–125–6–155–E.B.–6–185–8–225	1,800/–	75/–	900/–
Four Peons	30–½–35 (and so fot four peons, the amount would be– Rs. 120/– pet month, and Rs. 360/–per year).	1,440/–	180/–	2,160/–
	Total Rs....	45,120/–		15,640/–

પરિશિષ્ટ "ક"

ક્રમકાજ નં. ૧૩

સિન્ડિકેટે મંજૂર કરેલી યોજના

UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES.

		Annual	D.A. etc. Monthly	D.A. Annual
Director:				
Professor of Economics: (Rs. 100/- Allowance as Director).	Rs. 800-50-1250	Rs. 10,800/-	Rs. 160/-	Rs. 1,900/-
Reader in Economics	Rs. 400-30—700	Rs. 4,800/-	Rs. 100/-	Rs. 1,200/-
Professor of Statistics	Rs. 800-50-1250	Rs. 9,600/-	Rs. 160/-	Rs. 1,900/-
Lecturer in Statistics	Rs. 250-25—500	Rs. 3 000/-	Rs. 85/-	Rs. 1,020/-
Reader in Politics	Rs. 400-30—700	Rs. 4,800/-	Rs. 100/-	Rs 1,200/-
Reader in Sociology	Rs. 400-30 700	Rs. 4,800/-	Rs. 100/-	Rs. 1,200/-
Reader in Sociology (Anthropology)	Rs. 400-30—700	Rs. 4,800/-	Rs. 100/-	Rs. 1,200/-
Lecturer in Sociology (Industrial Psychology)	Rs. 250-25—500	Rs. 3,000/-	Rs. 85/-	Rs. 1,020/-
Asstt. Librarian	Rs. 200-20—400	Rs. 2,400/-	Rs. 80/-	Rs. 960/-
Head Clerk	Rs. 150-10—200	Rs. 1,800/-	Rs. 75/-	Rs. 900/-
Two Clerks (One Typist)	Rs. 55-3-85-4-125-5-130	Rs. 840/-	Rs. 60/-	Rs. 720/-
	-do- starting Rs. 70	Rs. 840/-	Rs. 60/-	Rs. 720/-
One Stenographer	Rs. 100-5-125-6-155 E.B.-6-185-8-225.	Rs. 1,800/-	Rs. 75/-	Rs. 900/-
Four Peons	30-$\frac{1}{2}$-35 (and so for four Peons, the amount would be Rs. 120/- per month, and Rs. 360/- per each peon per year.)	Rs. 1,440/-	Rs. 180/-	Rs. 2,160/-
	Total...	Rs. 54,720/-		Rs. 17,000/-

પરિશિષ્ટ "ડ"

કામકાજ નં. ૪૫

નં. ઈ. એમ. પી. ૧૫૦૭-૧૫ —૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૧ જુલાઇ ૧૯૫૩.

ગુજરાત યુનિવર્સિટીના એમ્પ્લોયમેન્ટ બ્યુરોની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં શનિવાર તા. ૧૮-૭-૧૯૫૩ના રોજ સાંજના ૫-૩૦ કલાકે મળેલી તે વખતે હાજરી નીચે મમાણે હતીઃ

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દ્વિવેદિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શેઠ શ્રી. અમૃતલાલ હરગોવનદાસ	ગેરહાજર,
૩.	શ્રી. બી. કે. મુઝુમદાર	હાજર,
૪.	શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ	હાજર,
૫.	શ્રી. એમ. કે. દેસાઇ	હાજર,
૬.	શ્રી. સોમનાથ પ્ર. દવે	હાજર,
૭.	શ્રી. શાન્તિલાલ મંગળદાસ	ગેરહાજર,
૮.	શ્રી. મૂળદાસ બી. વૈશ્ય	ગેરહાજર,
૯.	શ્રી. નવનિતલાલ એસ. શેાધન	હાજર.

૧. એમ્પ્લોયમેન્ટ બ્યુરો માટે સબ્સ્ક્રાઇબ કરવામાં આવેલ ન્યુઝ પેપરોમાંથી "હિન્દુસ્તાન ટાઇમ્સ" દિલ્હી; "સ્ટેટ્સમેન" કલકત્તા; અને "હિન્દુ" મદ્રાસ; બ્યુરોના ખાસ ઉપયોગમાં આવતાં ન હોવાથી તે મંગાવવાનું બંધ કરવા બાબત.

અને

૨ બ્યુરોના કામકાજના વાર્ષિક અહેવાલને મંજૂરી આપવા બાબત.

અને

૩. એમ્પ્લોયમેન્ટ બ્યુરોના સેક્રેટરી તરીકે રજિસ્ટ્રાર શ્રી. બી.એ. પટેલની નિમણૂક સિન્ડિકેટે કરી છે તેમને આ કામ અંગે આપવામાં આવતું મહેનતાણું એક વર્ષ માટે મંજૂર કરવામાં આવ્યું હતું, તેથી હવે પછી શું કરવું તે બાબત સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

અને

૪. એમ્પ્લોયમેન્ટ બ્યુરો તરફથી જેમની ભલામણ કરવાની હોય તે ઉમેદવારોને પસંદ કરવા માટે કમિટી નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વાર્ષિક અહેવાલ મંજૂર કરવો અને હાલના સંજોગો જોતાં એમ્પ્લોયમેન્ટ બ્યુરોનું કામ ફત્તેહમંદ નીવડે તેવો સંભવ નથી તેથી એમ્પ્લોયમેન્ટ બ્યુરો બંધ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર
અને
સેક્રેટરી,
એમ્પ્લોયમેન્ટ બ્યુરો.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૬૯

Programme for October, 1953 Examinations as approved by the Syndicate.

	Examination	Dates according to O. 120 or Syndicate's Resolution.	Dates fixed by the Syndicate.
1.	B.Com. (5 days)	19-10-1953	6-10-1953
2.	B.Sc. (Subsidiary) (2 days)	5-10-1953	6-10-1953
3.	Ph.D. Translation Test	12-10-1953	9-10-1953
4.	M.Sc. (Agri.)	End of November	23-11-1953
5.	B.E. (7 days)	12-10-1953	10-11-1953
6.	First LL.B. ($2\frac{1}{2}$ days)	12-10-1953	5-10-1953
7.	Second LL.B. ($3\frac{1}{2}$ days)	12-10-1953	7-10-1953
8.	First M.B.,B.S. (2 days)	9-10-1953	9-10-1953
9.	Second M.B.,B.S. ($\frac{1}{2}$ day)	9-10-1953	12-10-1953
10.	Third M B.,B.S. ($4\frac{1}{2}$ days)	9-10-1953	9-10-1953
11.	B.Pharm. (4 days)	12-10-1953	12-10-1953
12.	M.D. (New) Parts I and II (2 days)	5-10-1953	9-10-1953
13.	M.S. (New) Parts I and II (2 days)	5-10-1953	9-10-1953
14.	B.Sc. (Med.)	5-10-1953	9- 0-1953

પરિશિષ્ટ "એફ"

કામકાજ નં. ૮૨

નં. બો. યુ. ટી. ૩૧૬૪૮-૩૧૬૬૨-૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ.
અમદાવાદ-૯. તા. ૨૩-૭-૧૯૫૩.

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ખાસ બેઠક, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૧૮-૭-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. રસિકલાલ સી. પરીખ	હાજર,
૩.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૪.	પ્રિન્સિપાલ એ. ડિસોઝા	હાજર,
૫.	પ્રિન્સિપાલ મગનભાઈ ડી. પટેલ	ગેરહાજર,
૬.	પ્રિન્સિપાલ ટી. કે. મોદી સરદાર દાવર	ગેરહાજર,
૭.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૮.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	હાજર,
૯.	શ્રી. બી. કે. મુઝૂમદાર	હાજર,
૧૦.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૧૧.	શ્રી. એન. એમ. શાહ	હાજર,
૧૨.	શ્રી. એમ. ડી. અવસારે	હાજર,
૧૩.	શ્રી. સી. સી. શાહ	હાજર,
૧૪.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર,
૧૫.	ડૉ. એસ. બી. અંકલેસરીઆ	હાજર,

૧. તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની છઠ્ઠી બેઠકની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

૨. અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા માટે જુદી જુદી કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે પરિશિષ્ટ "અ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને જૂન ૧૯૫૫ સુધી માન્ય રાખવા અને પરિશિષ્ટ "બ" માં જણાવ્યા પ્રમાણેના શિક્ષકોને માન્ય રાખવા નહિ.

૩. એમ. એન. કૉલેજ, વીસનગરના હિસ્ટરીના આસિસ્ટન્ટ લેકચરર શ્રી. શ્રીવાસ્તવને જેઓ હિસ્ટરી "બી" ગ્રુપ માટે જ ફક્ત અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમને શ્રી. આર. એન. દેસાઇ જેઓ હિસ્ટરી "એ" અને "સી" ગ્રુપમાં માન્ય થયેલા હતા તેમની બદલી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં થવાથી "એ" અને "સી" ગ્રુપ માટે હવે કોઇ માન્ય શિક્ષક ન હોવાથી શ્રી. શ્રીવાસ્તવને "એ", "બી" અને "સી" એમ ત્રણેય ગ્રુપ માટે એમ.એ. માં માન્યતા આપવા બાબત એમ.એન. કૉલેજ વીસનગરના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- ૧. શ્રી. શ્રીવાસ્તવની હિસ્ટરી "એ" અને "બી" ગ્રુપમાં માન્યતા આપવા બાબતની અરજી આઇટેમ ૨ ઉપર છે.

૨. શ્રી. શ્રીવાસ્તવને સિન્ડિકેટે ફક્ત "બી" ગ્રુપ માટે તેઓ નવા વિદ્યાર્થીઓ લઈ શકે નહિ એ શરતે માન્ય કરેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શ્રીવાસ્તવને હિસ્ટરી "સી" ગ્રુપ માટે ચાલુ વર્ષ પૂરતાજ માન્ય કરવા.

૪. સામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રોફેસર શ્રી. આઇ. આર. દવેની તેમને એમ.એ. માં ગુજરાતી વિષયમાં પ્રોફેસર આર. એમ. જોષી રિટાયર થવાથી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબત સામળદાસ કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:- સામળદાસ કૉલેજમાં ગુજરાતી માટે માન્ય થયેલ પ્રોફેસર આર. એમ. જોષી તા. ૧૫-૬-૧૯૫૩ થી નિવૃત્ત થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આઇ. આર. દવેને તેઓ નવા વિદ્યાર્થીઓ લઈ શકે નહિ એ શરતે ફક્ત રજિસ્ટર થયેલા વિદ્યાર્થીઓ પૂરતાજ પરવાનગી આપવા એટલે કે હાલના વિદ્યાર્થીઓની ટર્મ પૂરી થાય તેટલી મુદ્દત માટે પરવાનગી આપવી.

૫. ગુજરાત યુનિવર્સિટીમાં ઇકોનોમિક્સ, પોલિટિક્સ, અને સોશિયોલૉજીના ડિપાર્ટમેન્ટ્સ ખોલવા અંગે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણ અને તે ઉપરના ઍકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ અને સેનેટના ઠરાવ વિગેરે બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૪-૬-૧૯૫૩ના રોજ મળેલ ઓગણીસમી સામાન્ય સભામાં આઇટેમ ૪૪ ઉપર ૧. ઇકોનોમિક્સ, ૨. સ્ટેટિસ્ટીક્સ, ૩. પોલિટિક્સ, ૪. સોશિયોલૉજી, એ પ્રમાણે ખાતાં ખોલવા બાબત તેમજ આ ખાતાંઓ શરૂ કરવા માટેની વિગતવાર યોજના બૉર્ડ તૈયાર

કરી ઍકેડેમિક કાઉન્સિલ મારફત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા બાબત તેમજ બીજાં ખાતાંઓ બાબત ક્રમ નક્કી કરી તે ઍકેડેમિક કાઉન્સિલ મારફત સિન્ડિકેટને મોકલવા આ બૉર્ડને વિનંતી કરવા બાબત ઠરાવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરિશિષ્ટ "ક" પ્રમાણેની યોજના મંજૂર કરવા આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલ મારફત સિન્ડિકેટને ભલામણ કરે છે.

બીજા ખાતાંઓ બાબત નીચેનો ક્રમ નક્કી કરવા આ બૉર્ડ ઍકેડેમિક કાઉન્સિલ મારફત સિન્ડિકેટને ભલામણ કરે છે.

(૧) ગુજરાતી– જે મોડર્ન ઇન્ડિયન લૅન્ગ્વેજીઝ માટેની પોસ્ટ–ગ્રેજ્યુએટ સ્કૂલમાં વિકાસ પામે.

(૨) બાયોકેમિસ્ટ્રી.

(૩) સોઇલ મિકેનીક્સ.

૬. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં ગુજરાતીના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી ટી. વી. પરમારની ભાવનગરમાં રહીને જ ગુજરાત કૉલેજ, અમદાવાદના માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રોફેસર અનંતરાય રાવળના હાથ નીચે ગુજરાતી વિષયમાં પી.એચ.ડી. ડિગ્રી માટે અભ્યાસ કરવા દેવા પરવાનગી આપવા બાબતની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. વી. પરમારની માગણી નામંજૂર કરવી

૭. શ્રી. રાજેન્દ્ર એમ. મહેતા, એમ.એ., નડિયાદ, એમની નડિયાદ રહીને જ દર રવિવારે અમદાવાદ આવી ગુજરાત કૉલેજ, અમદાવાદના માન્ય અનુસ્નાતક શિક્ષક પ્રોફેસર અનંતરાય રાવળના હાથ નીચે પી.એચ.ડી. માટે તૈયારી કરવા દેવા પરવાનગી આપવા બાબતની માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:–રજિસ્ટ્રેશનના નિયમો અનુસાર :—

"Students registered for the Degree of Ph.D. shall work in an Institution under the guidence of a teacher recognised as qualified to give such guidance."

એ પ્રમાણે ઠરેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રાજેન્દ્ર એમ. મહેતાની માગણી નામંજૂર કરવી.

૮. શ્રી. રાજરત્નરાય માંકડ જેઓ વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં એમ.એ. માટે ગુજરાતી વિષય માટે જૂન ૧૯૫૫ સુધી અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ હતા તેઓ ૧૫ જૂન ૧૯૫૩થી દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાં જોડાનાર હોવાથી તેમની ગુજરાતી વિષય માટેની એમ.એ. ની અનુસ્નાતક માન્યતા દરબાર ગોપાળદાસ વિદ્યાલયમાં ચાલુ રાખવા પરવાનગી આપવા બાબત આવેલી માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ-દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને ઈન્ટર આર્ટ્સ સુધીના કોર્સિઝ માટેનું એડાણ મળેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડાહ્યારાય રં. માંકડનું રેકગ્નીશન દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડામાં ચાલુ રાખવું.

૯ બી. જે. મેડિકલ કૉલેજના ફિઝિયોલૉજીના જુનિયર લેક્ચરર શ્રી. એ. એલ. કેતકરની "હ્યુમન ફિઝિયોલૉજી" ના વિષયમાં એમ.એસ.સી. મેડિકલમાટે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે રજીસ્ટર કરવા પરવાનગી આપવા બાબત બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલ મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એલ. કેતકરને તેઓ આવશ્યક ટર્મો રાખે એ શરતે એમ.એસ.સી. મેડિકલ માટે રજિસ્ટર કરવા.

૧૦. ગુજરાત કૉલેજના શ્રી. એન. વી. પટેલ કે જેઓએ એમ.એસ.સી. ફિઝિક્સ માટે આ યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરાવ્યું છે અને જેઓએ જુલાઈ ૧૯૫૩મા થિસિસ સબમિટ કરવાની છે પણ તે પૂર્ણ ન કરી શકવાથી થિસિસ રજૂ કરવા માટે એક વર્ષની મુદત વધારવા પરવાનગી મળવા બાબત તેમના માન્ય અનુસ્નાતક શિક્ષક શ્રી. વાય. જી. નાયક એમની મારફત આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- આ બાબતમાં સિન્ડિકેટે નીચે પ્રમાણે ઘોરણ ઠરાવેલ છેઃ

"Students registered for Research Degree and Degrees partly by Research and partly by Papers should be permitted to submit their thesis within two years from the the date of completion of their terms. There should be no such restriction in the case of students for Examination by Papers.")

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. વી. પટેલને તેમની થિસિસ રજૂ કરવા માગણી પ્રમાણે એક વર્ષનો સમય આપવો.

૧૧. સિન્ડિકેટે તેની તા. ૯-૨-૧૯૫૩ના રોજ મળેલ સભામાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ટીચીંગ અને રિસર્ચના કોઑર્ડિનેશનના પ્રશ્ન પર વિચારણા કરવા માટે નીમેલ કમિટીનો રિપોર્ટ સ્વીકાર્યા પ્રમાણે અને સિન્ડિકેટની તા. ૭-૨-૧૯૫૩ના રોજ મળેલ સભાએ માન્ય અનુસ્નાતક શિક્ષકોની વિષયવાર મિટીંગો બોલાવી આ બાબત વિચારણા કરવા ઠરાવેલું તે પ્રમાણે વિષયવાર મળેલી કેટલાક મિટીંગોના આવેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત. કેટલીક નીચે પ્રમાણેની મિટીંગોના રિપોર્ટ આવવા બાકી છે.

૧. ફૅકલ્ટી ઑફ ઍન્જિનિયરીંગ, ૨. ફૅકલ્ટી ઑફ લૉ, ૩. મેડિસિન, ૪. ગ્રૂલૉજીના યોજના બાબતના રિપોર્ટો આવવા બાકી છે.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં વિચારણા કરી રિપોર્ટ કરવા નીચે પ્રમાણેના સભ્યોની કમિટી નીમવી:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૨. શ્રી. એમ. પી. દેસાઇ,
૩. શ્રી. બી. કે. મુઝમદ્દાર,
૪. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ,
૫. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ,
૬. ડૉ. એમ. ડી. પટેલ.

કમિટીએ તેના રિપોર્ટ તા. ૧-૯-૧૯૫૩ પહેલાં રજૂ કરવો.

કમિટીએ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ચાલુ બેઠકમાં થયેલ ચર્ચા વિચારણા અનુસાર પોસ્ટ-ગ્રેજ્યુએટ અભ્યાસના કોઓર્ડિનેશન માટેની યોજના નક્કી કરવાની છે.

૧૨. એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજના ફિઝિકસના આસિસ્ટન્ટ લેક્ચરર શ્રી. યોગેન્દ્ર આર. ત્રિવેદીની પી.એચ.ડી. ડિગ્રી સદરહુ કૉલેજમાં સ્વતંત્ર રીતે કામ કરી સંશોધન કરવા દેવા પરવાનગી આપવા બાબતની તા. ૮-૭-૧૯૫૩ની આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યોગેન્દ્ર આર. ત્રિવેદીની માગણી નામંજૂર કરવી.

૧૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના આર્ટ્સ વિભાગના પ્રોફેસર શ્રી. એસ. આર. ભટ્ટ જેઓ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં ઇંગ્લીશ વિષય માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેઓની ઇંગ્લીશ વિષય માટેની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા સર એલ. એ. શાહ લૉ કૉલેજના આર્ટ્સ વિભાગમાં પ્રોફેસર તરીકે જોડાયેલા હોઇ ત્યાં ટ્રાન્સફર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એસ. આર. ભટ્ટનું રેકગ્નીશન સર એલ. એ. શાહ લૉ કૉલેજના આર્ટ્સ વિભાગમાં ટ્રાન્સફર કરવું.

૧૪. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની ભલામણો પરથી સિન્ડિકેટે તેની તા. ૫-૪-૧૯૫૨ના રોજ મળેલ સભામાં ઠરાવ્યા પ્રમાણે માન્ય રાખેલી સંસ્થાઓમાં માન્ય રાખેલા શિક્ષકોને શિક્ષણમાં મદદ કરવાને માટે વંચારાના શિક્ષકો રાખવામાં આવે છે તેમને સિન્ડિકેટે નક્કી કરેલી શિક્ષકો માટેની લાયકાત તથા પગારનો સ્કેલ અને નોકરીની શરતો લાગુ પાડવાં કે કેમ તે પર વિચારણા કરવા નિમાયેલી કમિટીનો રિપોર્ટ, બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગની તા. ૫-૧૦-૧૯૫૨ના રોજ મળેલ સભાએ કમિટીને એવી સૂચના સાથે પાછો મોકલેલો કે તેમણે તેમનો રિપોર્ટ કરતાં પહેલાં માન્ય સંસ્થાઓના વડાઓ

સાથે મંત્રણાઓ કરવી. આ બાબતમાં સદરહુ કમિટીના તા. ૩૦-૬-૧૯૫૩ના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા હાલમાં મુલતવી રાખવી.

૧૫. શ્રી. એન. એચ. સહીજવાની અને શ્રી. એન. વી. પટેલ ગુજરાત કૉલેજમાં પ્રોફેસર વાય. જી. નાયકના હાથ નીચે એમ.એસ.સી. ફિઝિક્સમાં સંશોધન કરે છે અને તેઓએ તેમનું રજિસ્ટ્રેશન મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરાવેલ છે તેઓએ તેમની આવશ્યક ટર્મો પૂરી થયેથી એટલે જ્યારથી પરીક્ષા માટે "ડ્યુ" થતા હોય ત્યારથી બે વર્ષમાં તેઓએ તેમની થિસિસ રજૂ કરવી જોઇએ, પરંતુ તેઓનું સંશોધન કામ પૂરૂં થયેલ નહિ હોવાથી એક વર્ષની મુદત વધારી આપવા તેમના અનુસ્નાતક શિક્ષક મારફત આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- મુંબઇ યુનિવર્સિટીએ પહેલાં આવી પરવાનગી અનુસ્નાતક શિક્ષકની ખાસ ભલામણ ઉપરથી આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એચ. સહીજવાની અને શ્રી. એન. વી. પટેલને તેમની થિસિસ રજૂ કરવા માગણી પ્રમાણે એક વર્ષનો સમય આપવો.

૧૬. પ્રોફેસર એ. એસ. પ્રભુદેસાઈ જેઓ વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરમાં ઇંગ્લીશના અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની તા. ૨૦-૬-૧૯૫૩થી બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયમાં બદલી થયેલ હોવાથી તેમની ઇંગ્લીશ માટેની એમ.એ. ના અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર એ એસ. પ્રભુદેસાઈનું રેકગ્નીશન બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલયમાં ટ્રાન્સફર કરવું.

૧૭. પ્રોફેસર આર. એન. દેસાઇ એમ. એન. કૉલેજ, વિસનગરમાંથી એમ.એ. હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" માં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલ છે તેમની ગુજરાત કૉલેજ, અમદાવાદમાં બદલી થવાથી, તેમની એમ.એ. ની હિસ્ટરી ગ્રુપ "એ" અને "સી" ની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ટ્રાન્સફર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર આર. એન. દેસાઇનું રેકગ્નીશન ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ટ્રાન્સફર કરવું.

૧૮. એમ. ટી. બી. કૉલેજ, સુરતના પ્રોફેસર જે. ટી પરીખની સંસ્કૃતમાં પી.એચ.ડી. ડિગ્રી માટે સ્વતંત્ર રીતે કામ કરી સંશોધન કરવાની પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર જે. ટી. પરીખને સ્વતંત્ર રીતે કામ કરવાની પરવાનગી આપવી.

ત્યારબાદ બેઠકનું કામકાજ પૂરૂં થયું હતું.

અમદાવાદ-૯
તા. ૨૨-૭-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "અ"

નીચે જણાવેલા અધ્યાપકોને તેમના નામ સામે જણાવેલી પરીક્ષા, વિષયો અને શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિસર્ચ) માટે સને ૧૯૫૫ના ૧૫મી જુન સુધી માન્ય રાખવા.

નામ	વિષય	ડિગ્રી	શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિસર્ચ) જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
૧. શ્રી. ચતુરભાઈ શંકરભાઇ પટેલ	ગુજરાતી	એમ. એ.	શિક્ષણ	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર
૨. શ્રી. કુંજબિહારી ચુનીલાલ મહેતા	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૩. શ્રી. રમણુભાઈ ઇશ્વરભાઈ પટેલ	ઇંગ્લીશ	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી. કૉલેજ, સુરત.
૪. શ્રી. રામ બિહારીલાલ શ્રીવાસ્તવ	હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "બી"	એમ.એ.	શિક્ષણ	એમ. એન. કૉલેજ, વિસનગર.
૫. શ્રી. કેશવ તાત્યાચાર્ય જહાગીરદાર	ફિલોસોફી	એમ.એ.	શિક્ષણ	એમ. ટી. બી કૉલેજ, સુરત.
૬. શ્રી. હિમતલાલ ચુનીલાલ શુકલ	મેથેમેટિકસ ગ્રુપ "બી" (એપ્લાઇડ મેથ્સ)	એમ.એ. અને એમ.એસ. સી.	શિક્ષણ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૭. શ્રી. નીરંકાર પ્રસાદ	માયકોબાયોલૉજી	એમ એસ.સી.	શિક્ષણ	ઇન્સ્ટીટ્યુટ ઑફ એગ્રિકલ્ચર, આણંદ

નામ	વિષય	ડિગ્રી	શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિસર્ચ) જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
૮. શ્રી. એમ. સત્યનારાયણ	૧. કૉરપોરેશન ફીનેન્સ ૨. ઇન્ટરનેશનલ બેન્કીંગ	એમ.કૉમ.	શિક્ષણ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
૯. શ્રી. મગનભાઇ ભગવાનજી ઢેસાઇ	૧. કૉરપોરેશન ફીનેન્સ ૨. એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસ ૩. કૉ-ઓપરેશન ઍન્ડ રૂરલ ડેવેલપમેન્ટ	એમ.કૉમ.	શિક્ષણ અને સંશોધન	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.
૧૦. શ્રી. લક્ષ્મણ વિનાયક ગોગટે	ફરજિયાત વિષયો ૧. ઓર્ગેનીઝેશન ઑફ માર્કેટ્સ ૨. ઓર્ગેનીઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ઐચ્છિક વિષય ૧. ઓર્ગેનીઝેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ ૨. લેબર એડમીની-સ્ટ્રેશન	એમ.કૉમ.	શિક્ષણ	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.

નામ	વિષય	ડિગ્રી	શિક્ષણ (ટીચીંગ) અને/અથવા સંશોધન (રિસર્ચ) જેને માટે માન્ય રાખવામાં આવ્યા હોય તે.	કૉલેજ અથવા સંસ્થા
૧	૨	૩	૪	૫
૧૧. શ્રી. એ. ડી. જોસેફ	ફાર્માકોલૉજી	એમ એસ.સી. (મેડિકલ) અને એમ.ડી.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.
૧૨. શ્રી. પ્રહ્લાદ ચુનીલાલ વૈદ્ય	મેથેમેટિકસ	પી.એચ.ડી.	સંશોધન	વી. પી. મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, બાયા આણંદ.
૧૩. શ્રી. ધીરૂભાઈ નરસિંહભાઈ શાહ	ઓર્ગેનીક કેમિસ્ટ્રી	એમ.એસ.સી	શિક્ષણ અને સંશોધન	એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૧૪. શ્રી. મગનભાઈ ભગવાનજી દેસાઇ	ઇકોનોમિકસ	પી.એચ ડી.	સંશોધન	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.
૧૫. શ્રી. ઇન્દુલાલ જેચંદ ધ્રુ	હિસ્ટરી ગ્રુપ્સ "એ" અને "સી"	એમ.એ.	શિક્ષણ	સામળદાસ કૉલેજ અને સર પી. પી. ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, ભાવનગર.
૧૬. ડૉ. કુમુદચંદ્ર ચીમનલાલ ગુપ્તા	મેડિસિન	એમ.ડી.	શિક્ષણ	બી. જે. મેડિકલ કૉલેજ અને સીવીલ હૉસ્પિટલ, અમદાવાદ.
૧૭. શ્રી. રણજીતલાલ ખીમચંદ મપારા	ઓર્ગેનીક કેમિસ્ટ્રી	એમ.એસ.સી.	શિક્ષણ	એમ. ટી. બી કૉલેજ, સુરત.

પરિશિષ્ટ "બ"

નીચે જણાવેલા અધ્યાપકોને માન્ય રાખવા નહિ.

નામ	વિષય	ડિગ્રી
૧	૨	૩
૧. શ્રી. જીતેન્દ્ર ગુણવંતરાય માંકડ	કોરપોરેશન ફીનેન્સ	એમ.કૉમ.
૨. શ્રી. નારાયણ હનમૈયા ધુલાપ્પા	૧. પબ્લીક ઇકોનોમિકસ ૨. ઈન્ટર નેશનલ બેન્કીંગ ૩. ફોરેન એકસ્ચેન્જીઝ	એમ.કૉમ.
૩. શ્રી જગતીયાની કેતુ હોટચન્દ	ફિઝિકસ	એમ.એસ.સી.

પરિશિષ્ટ "ક"

UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES

		Annual	D. A. etc. Monthly	D. A. Annual
Director	800–1250	10,800/–	160/–	1900/–
Professor of Economics	100 (Allowance)			
Reader or Lecturer in Economics	400–700 *or*	4,800/–	100/–	1200/–
	250–500	3,000/–	85/–	1020/–
Reader in Statistics	400–700	4,800/–	100/–	1200/–
Research Asstt. in Statistics	200–400	2,400/–	80/–	960/–
Reader in Politics	400–700	4,800/–	100/–	1200/–
Reader in Sociology	400–700	4,800/–	100/–	1200/–
Lecturer in Sociology	250–500	3,000/–	85/–	1020/–
Industrial Psychology either for Reader or Lecturer				
Librarian	250–500	3,000/–	85/–	1020/–
Head–Clerk	150—10–200	1,800/–	75/–	900/–
Two clerks (one typist)	55–3–85–4–125–5–130.	840/–	60/–	720/–
	–do– starting Rs. 70/–	840/–	60/–	720/–
One Stenographer	100–5–125–6–155–E.B.–6–185–8–225	1,800/–	75/–	900/–
Four peons	30–½–35. (and so for four peons, the amount would be Rs. 120/– per month and Rs. 360/ per each peon per year).	1,440/–	180/–	2160/–
	Total Rs.	45,120/–		15640/–

સિન્ડિકેટ બીજી મીટીંગ

૧-૮-૧૯૫૩

પરિશિષ્ટ "બ"

કામકાજ નં. ૯૭

Ahmedabad,
Dt. 20th July 1953.

To,
The Registrar,
Gujarat University,
Ahmedabad-9

Sir,

As desired by your letter No. 27259-71 dated 3/7th July 1953, we formed ourselves into a Committee and met in the University on Monday the 20th July 1953 at 12-30 p m., when all the three members of the Committee were present.

We were also given a copy of the letter from the Government of India, bearing No. D. 6772/53-T. 3 dated 17th July 1953.

We now beg to report as under:-

The Committee was appointed by the Syndidate at its June Meeting and members were informed of the same by the University letter of 7th July. The Committee is therefore not at all responsible for any delay that may have accurred and which is now referred to by the Deputy Secretary to the Government of India in the Ministry of Education in his letter dated the 17th July 1953.

As the Senate has decided to start a course for the Diploma in Statistics and as the Syndicate have now decided to give a high priority to the opening of a Department of Statistics, the Committee considered it necessary to look into the requirements of the Statistics Department catering for the post-graduate students and not only for the catering of the Diploma course. In fact in a Sister-University in this State, the University had given up the original idea altogether of providing for a Diploma course in Statistics as that University was advised by its experts that it should not trouble itself with what may loosely be called a Diploma course.

For the starting of the Post-Graduate Department in Statistics, we think it necessary that the University should have a very good nucleus of a library in Statistics and some pieces of apparatus like Calculating Machines and Gadgets for demonstrating principles of statistics.

We have therefore prepared two lists, one of books and periodicals for the Library and another of necessary apparatus for practical courses in Statistics. These lists are given as Appendices A and B. (Not printed) The costs where given are only approximate.

Youts faithfully,
Sd/- **N. M. Shah**
Sd/- **S. V. Desai**
Sd/- **S. P. Waswani**

પરિશિષ્ટ "હ"

ક્રમાંક નં. ૯૮

A Meeting of the Committee appointed by the Syndicate to consider the letter from the Government of India, Ministry of Education, on the subject of "Wheat Loan Interest Fund-Allocation" was held in the Gujarat University Office, on the 20th July 1953 at 3-0 p.m.

The attendance was as under :-

1.	Shri H. V. Divatia, Vice-Chancellor.	P.
2.	Prin. S. V. Desai	P.
3.	Shri M. P. Desai	A.
4.	Shri B. K. Muzumdar	A.

The following gentlemen were invited to be present and their presence is marked against their names :-

5.	Shri B. D. Patel	A.
6.	Dr. K. R. Ramanathan	A.
7.	Prin. R. P. Patel	P.
8.	Shri C. C. Shah	P.
9.	Prin. N. M. Shah	P.

After considerable discussion, the Committee begs to report as under :-

(1) The books and apparatus must first be supplied to University Departments and then be loaned to the Colleges, if possible;

(2) Complete sets of American Journals should be ordered. Those journals in Statistics, which are in Atira should not be ordered. Miss Waswani be requested to give names of journals which are not there in Atira, with names of Publishers and prices in Dollars.

(3) Prin. S. V. Desai and Miss Waswani be requested to prepare lists of Journals and Books in Statistics and Economics in order of priority.

Prin. R. P. Patel and Prof. C. C. Shah be also requested to submit two lists for Bio-Chemistry:

(1) Periodicals and Books,
(2) Apparatus.

The Librarian be informed that all important publishers be requested to send their catalogues and these be sent to experts in each subject as soon as received, to select books.

Ahmedabad-9.

B. A. Patel
Registrar.

પરિશિષ્ટ "આઠ"

કામકાજ નં. ૧૦૦

સને ૧૯૫૨-૫૩ના રિવાઇઝ્ડ અંદાજપત્રક કરતાં ખર્ચમાં તા. ૩૦-૬-૧૯૫૩ને રોજ પૂરા થતા વર્ષ દરમ્યાન થયેલા વધારાનું પત્રક

	રિવાઇઝ્ડ અંદાજ	એક્ચ્યુઅલ્સ	વધારો
III પરીક્ષા ખર્ચ:	રૂ.	રૂ.	રૂ.
૧. (૧) આર્ટ્સ પરીક્ષા	૪૬,૫૦૦-૦-૦	૫૧,૬૭૫—૯-૪	૫૧૭૫—૯-૪
(૨) સાયન્સ પરીક્ષા	૫૩,૦૦૦-૦-૦	+ ૫૪,૧૪૧-૧૩-૪	૧,૧૪૧-૧૩-૪
(૩) મેડિકલ પરીક્ષા	૨૦,૦૦૦-૦-૦	૨૦,૫૪૫—૧-૨	૫૪૫—૧-૨
(૯) પ્રૂફ તપાસણી ખર્ચ	૬,૫૦૦-૦-૦	૮,૭૭૭-૧૨-૦	૨,૨૭૭-૧૨-૦
૨. પરીક્ષા દેખરખ ખર્ચ	૧૮,૦૦૦-૦-૦	+ ૧૮,૬૧૯—૮-૦	૬૧૯—૮-૦
૩. (અ) પરીક્ષાના સવાલપત્રની છપામણી	૪૦,૦૦૦-૦-૦	૪૩,૧૨૭—૪-૬	૩,૧૨૭—૪-૬
૫. કેમીકલ તથા બ્રેકેજીઝ	૪૪,૦૦૦-૦-૦	૪૮,૪૦૦-૧૫-૦	૪,૪૦૦ ૧૫-૦
IV છપામણી, સ્ટેશનરી તથા ટપાલ ખર્ચ:			
૧. સવાલપત્રોના પેમ્ફલેટ્સની છપામણી.	૬,૦૦૦-૦-૦	૬,૨૩૫-૧૨-૦	૨૩૫-૧૨-૯
૩. મિનિટ્સ, એજન્ડા, રિપોર્ટ વિગેરેની છપામણી.	૨૫,૦૦૦-૦-૦	૨૬,૯૭૪-૧૩-૯	૧,૯૭૪-૧૩-૯
લાયબ્રેરી પુસ્તક ખરીદી	૪૧,૭૫૦-૦-૦	૪૩,૨૭૩-૧૪-૦	૧,૫૨૩-૧૪-૦

+ રિવાઇઝ્ડ અંદાજ કરતાં ખર્ચ વધે છે, પરંતુ મુળ અંદાજ કરતાં વધતો નથી.

III પરીક્ષા ખર્ચ:

પરીક્ષા ખર્ચના પેટા ખાતાઓમાં નં. ૧-૧, -૨, -૩, -૯ ૨, ૩-અ તથા પમાં આ ઉપરના પત્રકમાં જણાવ્યા પ્રમાણે રિવાઇઝ્ડ અંદાજ કરતાં ખર્ચમાં વધારો થયેલ છે તે મુખ્યત્વે દૂરદ પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યાના વધારાને લીધે છે. તેમ છતાં પરીક્ષા ખર્ચના મુખ્ય હેડમા રૂ. ૪,૩૧,૭૦૦-૦-૦ની સામે કુલ ખર્ચ રૂ. ૪,૨૧,૫૬૩-૨-૪ થયેલ છે.

IV છપામણી, સ્ટેશનરી તથા ટપાલ ખર્ચ:

આ ખાતાના પેટા નં. ૧ અને ૩ માં પણ રિવાઇઝ્ડ અંદાજ કરતાં ખર્ચમાં પત્રકમાં જણાવ્યા પ્રમાણે વધારો થયેલ છે. તેમ છતાં મુખ્ય હેડમાં કુલ અંદાજ રૂ. ૬૩,૦૦૦-૦-૦ની સામે ખર્ચ રૂ. ૫૦,૮૪૯-૧૧-૦ થયેલ છે.

પેટા ખાતા નં. ૧ માં ખર્ચ વધારો મુખ્યત્વે સને ૧૯૫૧ અને ૧૯૫૨ એમ બે વર્ષની પરીક્ષાના પ્રશ્નપત્રોની છપામણી આ વર્ષે કરાવી તેને આભારી છે.

પેટા ખાતા નં. ૩માં વધારો મિનિટ્સ, એજન્ડા, રિપોર્ટ વિગેરેનું છાપકામ વધેલ હોવાને લીધે છે.

પરિશિષ્ટ "જે"

કોમકોજ નં. ૧૦૫

DEGREE OF THE MASTER OF PHARMACY

(M. Pharm.)

O. 383.A. A candidate for the examination for the degree of M. Pharm. must have taken the degree of Bachelor of Pharmacy of this University or of any University recognised by this University (reciprocity essential) not less than $1\frac{1}{2}$ academic years before appearing for the M. Pharm. Degree. He must have completed in addition a course of study as laid down in regulation 369-B in an institution recognised for the purpose.

Registration as a post graduate student is essential. Within three months of the commencement of his post graduate course, the candidate must get himself registered and specify the subjects of study for which he wants registration.

O. 383.B. A candidate who fails to pass the examination for the M. Pharm. degree, though his thesis has been accepted, may take the whole examination at any subsequent entry without thesis on submission of a new application and payment of a fresh fee through the Head of the Institute from which he previously appeared.

O. 383.C. A candidate who passes the examination though his thesis has not been accepted must submit another thesis for consideration in connection with such subsequent entry for the examination. On acceptance of the thesis by the examiners, he will be declared to have passed the examination.

O. 383.D. Every candidate presenting himself for M.Pharm. Degree Examination for the first time will be required to submit one month before the commencement of the examination four type written copies of a thesis containing the results of his own study or investigations carried out under the direction and guidance of a recognised University Teacher in a pharmaceutical subject. The thesis should be referred to the examiners appointed to conduct the examination and may form the basis of viva-voce examination at the practical test.

O. 383.E. On a new application being forwarded and a fresh fee paid a candidate who has already passed the examination for the M.Pharm. Degree, may present himself again for the same examination in subjects not offered by him.

R. 369. A. The course of study for the degree of M.Pharm. shall be of three terms duration.

R. 369. B. The candidate must select any two of the following subjects:

Pharmaceutical Technology

Pharmaceutics

Pharmaceutical Chemistry

Pharmacognosy

Pharmacology

The subjects in which the candidate submits a thesis shall be called a major subject.

R. 369. C. The candidate for the degree of M.Pharm. must attend a course in Elementary Calculas and Statistics to the satisfaction of the Head of the Institution who shall certify that the candidate has, prior to his application for admission to the examination for the M.Pharm. Degree, satisfied him in those subjects.

R. 369.D. The candidates for the M. Pharm. Degree shall be examined after they have satisfactorily completed the prescribed course of study, submitted four type-written copies of the thesis one month before the commencement of examination and kept three terms for the purpose at a recognized institution in any two of the following subjects:

Scheme of Examination

SUBJECTS:	PAPERS: 3 hrs. each	Practicals - 6 hrs. each
Pharmaceutical Technology	2	2
Pharmaceutics	2	3
Pharmaceutical Chemistry	2	3
Pharmacognosy	2	2
Pharmacology	2	2

Each paper of three hours shall carry 100 marks. Each practical of six hours shall carry 100 marks.

R. 369.E. To pass the examination a candidate must obtain at least 40% of the marks in theory papers of each subject, at least 40% of the marks in Practicals of each subject and in addition must obtain at least 50% of the total number of marks assigned to the whole examination.

R. 369.F. Successful candidates shall be awarded classes as under:-

Those obtaining 50% and above but below 60% of the total marks ...Second class

Those obtaining 60% and above but below 70% of the total marks ...First class

Those obtaining 70% and above ...Distinction

R. 369.G. The syllabus laid down is as follows:

PHARMACEUTICAL TECHNOLOGY

A more detailed study of the principles underlying the pharmaceutical manufacturing processes;

Heat, power and their transmission; Steam, common types of boilers and their accessories; Steam engines; Internal combustion engines and condensers;

Principles of A.C. and D.C. generators, transformers, motors; Lighting systems; Batteries and their charging;

Storage of materials; Refrigeration; Drying; Evaporation; Distillation; Condensation and Freeze Drying; Size reduction; Sifting and Mixing; Extraction; Homogenisation; Absorption and adsorption; Fritration; Crystalisation; Sterilisation; Ointment and Tablet manufacture; Coating of tablets and pills;

A detailed knowledge of the pharmaceutical manufacturing plants, packaging, conveyance of raw and manufactured materials. Flow sheets; Manufacturing Pharmacy from the point of view of refined technology and quantity production of inorganic, organic and biological pharmaceuticals and their quality control. Technical problems in production,, stabilisation and preservation;

Unit operations; Industrial instrumentation; High pressure processes; Safty methods in pharmaceutical laboratories and works;

Pharmaceutical plant construction. A general knowledge of the nature and properties of the important materials employed in the construction and erection of plants.

Practicals

Laboratory examination including oral and practical examination in general course illustrative of the theoretical section of the syllabus.

PHARMACEUTICS

A detailed study of the theoritical portion of the B. Pharm. syllabus in Pharmaceutics;

Study and manufacture of the complex pharmaceuticals and cosmetic preparations;

Products formulation, development and testing of new pharmaceuticals:

Pharmaceutical microbiology, surgical appliances, rubber goods, biological preparations, vaccines, sera, blood plasma, disinfectants, antibiotics, hermones, vitamins and their standardisation;

Evaluation of methods of sterilisation;

Colloids, emulsions, and suspensions;

Flavours and their pharmaceutical applications; Colouring agents, odours and deodorants; Parentral preparations; Extraction of animal tissues and body fluids;

Cosmetics and dental preparations; Sick room appliances; Principles underlying the preparations of medicaments by biosynthesis and fermantation: Animal health pharmacy;

Recent developments in Pharmaceutics;

Application of statistical methods to problems of Pharmaceutics.

Practical

Oral and practical laboratory examination of general course illustrative of the theoretical section of the syllabus.

PHARMACEUTICAL CHEMISTRY.

General :

A detailed study of the theoretical portion of the B. Pharm. syllabus in pharmaceutical chemistry;

Emission, Absorption and X-Ray spectra and their application in the determination of structure;

The mass spectrograph, Isotopes and the use of isotopic indicators; Natural and artificial radio-activity;

Crystalline solids, their molecular and ionic nature;

Thermochemistry; Thermodynamic concepts; First and Second Laws of Thermodynamics; Reversibility, irreversibility, equilibrium etc.;

Activation, activity coefficients; Interienic attraction theory; Inter-atomic distances; Complex ions;

A study of the theoretical principles applied in physical instruments used in quantitative chemical analysis and control of chemical processes including sprectrophotometry, polarography, etc.

Organic :

The chemistry of cyclic systems not included in the B. Pharm. syllabus, derivatives or which are of pharmaceutical importance;

The Chemistry of the more important naturally occuring compounds of pharmaceutical importance;

A survey of the chemistry of the chief groups of compounds exhibiting therapeutic activity and combating invading organisms;

A consideration of conjugated systems; Polymerisation; poly-condensation; Strainless ring systems; Free radicals;

An elementary study of enzymes; Fermentation and invitro bio-synthesis;

Recent advances in chamotharapy.

Practical :

A laboratory examination–both oral and practical–of the course illustrated above.

Advanced pharmaceutical analysis involved in the use of physical instruments such as spectrophotometer, fluorimeter, etc., employed for quantitative determinations;

Experiments illustrative of (a) inorganic, organic and physical chemistry of this syllabus; (b) Modern organic reactions and technics used in Chromatography:

Preparations of organic compounds involving several stages;

Candidates are permitted to bring for use in the practical examination any book or books including their own laboratory journals.

PHARMACOLOGY

A more detailed study of the general properties of pharmacologically active substances; Chemotherapeutic agents, plant products, vitamines, hermones and biological preparations; their mode and site of actions, therapeutic uses and routes of administration; Theories of drugs action, cell drug reaction, individual variation and response to drugs, absorption, fixation and detoxication of chemical agent, quantagonism, andother fundamentals of pharmacological actions; Relation of chemical constitution to pharmacological actions; Procedure involved in study of pharmacology and determination of site of action and the nature of action of drugs.

Principles and methods of biological assays and animal variation; Application of statistical methods to the problems of biological assay and a study of the more important official methods for the assay of therapeutic substances; Screening methods for evaluation of the activity of new drugs;

Recent developments in Pharmacology;

Practical

A laboratory examination, including oral and practical examination in methods of experimental pharmacology and Biological standardisation in more details; Candid

may consult their own practical note-books, provided this contains no reference to Histology;

PHARMACOGNOSY:

A general view of commerce (trade), cultivation, collection of crude drugs and a general knowledge of the effects of manures, hybridisation and plant breeding; The Isolation of important constituents the evaluation of crude drugs, including microscopical methods, microchemistry and the use of Ultra-Violet light. The preparation of systematic descriptions;

A wide general knowledge of crude drugs including a study of the origins of materia medicaon folk-lore, classical systems and herbals. The effect of travel and exploration and the future of crude drugs in relation to modern pharmaceutical development; Herbarium, collection of medicinal and poisonous plants and identification of indigenous medicinal and poisonous plants by the use of a 'flora'.

Recent advances in pharmacognosy.

Practical :

A laboratory examination both oral and practical in general course illustrative of the theoratical sections of the syllabus including microchemical operations.

ELEMENTARY CALCULAS AND STATISTICS

Elementary Calculus :

The syllabus shall be the same as that prescribed for Intermediate Arts Examination except portions relating to trigonometry.

Elementary Statistics :

Elementary treatment of measures of central tendency; Probability; basic concepts, binomial probability; the normal curve; measures of dispersion and asymetry; Correlation; simple-linear correlation; coefficient of correlation; methods of computation; Introduction to small sample theory; various devices for testing validity of small samples.

Use of statistics in Pharmacy, collection of data and its analysis; quality control methods: regression line, biological assays and tests and their interpretation.

ખાનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૨૨-૮-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દ્વિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	હાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુન્શીમહાર	ગેરહાજર,
૫.	શ્રી. બટુભાઇ એચ. દેસાઈ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	હાજર,
૭.	શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૯.	શ્રીમતી ઇન્દુમતીબેન ચીમનલાલ	હાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	હાજર.

૧. તા. ૧-૮-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની વીસમી સામાન્ય સભાના કામ-કાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઈસ-ચાન્સેલરે સહી કરી.

૨. ઑક્ટોબર ૧૯૫૩માં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે મિટીંગમાં કરવામાં આવેલા ફેરફાર સાથે રજૂ કરેલા લિસ્ટને બહાલી આપવી. (લિસ્ટ છાપવામાં આવ્યું નથી.)

૩. બી. જે. મેડિકલ કૉલેજ. અમદાવાદનું એમ.બી.,બી.એસ. ડિગ્રી સુધીના વર્ગોનું ચાલુ જોડાણ એનેટોમી અને ફાર્મકોલૉજીમાં લેક્ચરરોની જગ્યાઓ પૂર્યા સિવાય (શરતોનું પૂરેપૂરું પાલન કર્યા સિવાય) મંજૂર કર્યા બાબત પરિસ્થિતિ સમજાવતા મુંબઇ સરકારના લોકલ સેલ્ફ ગવર્મેન્ટ અને પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૩૦-૬-૧૯૫૩ના પત્રાંક એ.એમ.સી. ૧૯૫૩-૨૩૬૨-કયુ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળ દફ્તરે કરવો.

૪. પરીક્ષાઓમાં ૧૦૦ માર્કના પેપરમાં વિદ્યાર્થીઓને પાસ થવા માટે લાવવા જોઇતા ૩૩ ટકા માર્કવાળા પેપરોમાં એક, બે કે ત્રણ માર્ક સુધી નાપાસ થનાર વિદ્યાર્થીઓના કેસોમાં પરીક્ષકો તેટલા માર્ક સુધી ગ્રેસ આપે તો તે વિદ્યાર્થીઓ તે વિષયમાં પાસ થાય અને તેમનું આખું વર્ષ નકામું ન જાય અથવા તો કેટલીકવાર તેમને તેમાં એકઝમ્પશન્સ મળે તેટલા માટે પરીક્ષકોએ સહેજ તરદી લઇ 'ઇન્સ્ટ્રકશન્સ' વાંચી યુનિવર્સિટી રજિસ્ટ્રારને માર્કસ-લિસ્ટ્સ આપતાં પહેલાં આવા નાપાસ થતા અને એકઝમ્પશન્સ મેળવનાર વિદ્યાર્થીઓના ઓર્ડર લાઇન કેસો ઉપર વિચારણા કરવા અંગે તેમજ પરીક્ષાના બધા વિષયોના માર્કસ-શીટ્સ મળ્યા પછી ઉપરોક્ત કેસ પ્રમાણેનું લિસ્ટ રજિસ્ટ્રારની ઑફિસે તૈયાર કરી પરિણામ બહાર પાડવાના આગલા દિવસે સિન્ડિકેટ નામે તે કમિટી અથવા શ્રી. વાઇસ-ચાન્સેલર નીમે તે કમિટી સમક્ષ વિચારણા માટે મૂકી તૈયાર કરેલા આવાં છેવટનાં માર્કસ-શીટ્સ પરિણામ બહાર પાડવાના દિવસે પરીક્ષકોની કમિટી સમક્ષ વિચારણા માટે મૂકવા બાબતના સૂચન અંગે શ્રી. એસ બી. જુન્નારકરના તા. ૧૩-૭-૧૯૫૩ના પત્રાંક ૧૦૭૫-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫. વિદ્યાર્થીઓના જવાબપત્રોના એસેસમેન્ટમાં અને તેમનાં પરિણામો તૈયાર કરી પહોંચાડવામાં થતી ઢીલ દૂર કરવા અંગે ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર સાયન્સ અને ઇન્ટર આર્ટ્સની પરીક્ષાના મેથેમટિક્સના પરીક્ષકો શ્રી. પી. વી. પારેખ અને શ્રી. એમ. એન. રાવલ તરફથી તા. ૨૭-૪-૧૯૫૩ના આવેલા પત્રમાં આપેલાં કેટલાંક સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાગળમાં કરવામાં આવેલાં નીચે મુજબનાં ત્રણ સૂચનોમાંથી પહેલું અને બીજું સૂચન સ્વીકારવું નહિ પણ ત્રીજું સૂચન સ્વીકારવું:

(1) The distribution of work should be so arranged as to avoid exchange of answer-books between the Examiner..

(2) If the exchange of answer-books between the Examiners cannot be avoided, the distance between the Examiners concerned should be as small as possible.

(3) As the railway parcels sometimes take two weeks in transit, the answer-books should be sent by postal parcels at least in case of Examiners who are staying outside Bombay State.

૬. તા. ૧૯-૬-૧૯૫૩ના રોજ એમ. કૉમ. પરીક્ષા અંગેની સિનિયર એક્ઝામિનરોની મિટીંગમાં હાજરી આપવા માટે શ્રી. કે. એસ. વ્યંકટરામને કે જેઓ આગલા દિવસે તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મિટીંગ અંગે અમદાવાદમાં હોવાથી અમદાવાદમાં રોકાઈ ગયેલા અને વડોદરા પાછા જઇ અમદાવાદ બીજી વખત મુસાફરી કરેલી નહિ તો તેમને તે દિવસનું હોલ્ટીંગ એલાવન્સ આપવા અને જો નિયમ મુજબ તે આપી ન શકાય તો મુસાફરી ભથ્થું આપવા બાબત તેમના તરફથી આવેલા તા. ૮-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- તા. ૧૮-૬-૧૯૫૩ની મિટીંગ માટે વડોદરાથી આવવા જવાનું બીજા વર્ગનું ત્રણ વખતનું ભાડું આપેલ છે. મુસાફરી બીજી વખત કરી નથી તો મુસાફરી ભથ્થું આપી શકાય નહિ પણ અહીં રહેવાથી બીજી વખત મુસાફરી કરવી પડી નહિ તો એક દિવસનું રહેવાનું ભથ્થું આપવું કે નહિ તે બાબત છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એસ. વ્યંકટરામનને રૂા. ૧૦-૦-૦ હોલ્ટીંગ એલાવન્સ આપવું.

૭. એપ્રિલ, ૧૯૫૩માં લેવાયેલી બી.ઇ. ની પરીક્ષાના "હીટ એન્જિન્સ" વિષયના પ્રેક્ટીકલમાં આણંદ કેન્દ્રમાં ફક્ત એકજ વિદ્યાર્થી હતો અને પરીક્ષક તરીકેનું રેમ્યુનરેશન માત્ર રૂા. ૪-૦-૦ થાય જ્યારે અમદાવાદથી આણંદ સિંગલ રિટર્ન મુસાફરીના રૂા. ૬-૮-૦ થાય એ જોતાં આ કેસમાં સિંગલ મુસાફરીનુ ટી. એ. આપવા બાબતના મજકૂર પરીક્ષાના કન્વીનર શ્રી. વી. જે. જાની તરફથી આવેલા તા ૨૧મી મે ૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. જે. જાનીને ટ્રાવેલિંગ એલાવન્સ આપવું.

૮. "ઓન્ટાયર ઇકોનોમિક્સ" સાથ બી.એ. પાસ થઈને બી.કૉમ ના અભ્યાસક્રમ માટે જનાર વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં ચાર સત્રો ભરવાં પડે છે, જ્યારે મુંબઇ

યુનિવર્સિટીમાં ફક્ત બેજ સત્રો ભરવાં પડે છે. આથી ગુજરાત યુનિવર્સિટીએ મજકૂર નિયમોમાં ફેરફાર કરી ઓછામાં ઓછા જૂન ૧૯૫૩ સુધીમાં બી.એ. પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે નિયમોમાં રહેલા સત્રોમાં ઘટાડો કરવા બાબતના ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના વિદ્યાર્થીઓની, મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી તા. ૪થી મે ૧૯૫૩ની અરજી.

આથી કરાવવામાં આવે છે કે મુંબઇના ધોરણે આ ઑર્ડિનાન્સો ઘડવા.

૯. વિદ્યાર્થીઓનાં પરીક્ષાઓનાં પરિણામોના રિઝલ્ટ શીટો યુનિવર્સિટી નોટિસ બૉર્ડ ઉપર મૂકાય તે વખતે તેમની સાથે વિદ્યાર્થીઓએ મેળવેલા માર્કસ્નો ટોટલ પણ મૂકવાની વ્યવસ્થા કરવા બાબત અથવા તો તે શક્ય ન હોય તો પરિણામ બહાર પડે તે દિવસથી બીજા અથવા ત્રીજા દિવસે યુનિવર્સિટીમાંથી માર્કસ્નો ટોટલ મળવાની અને તેની કાપીઓ થોડાક દિવસોમાં બધી કૉલેજોને મોકલી વિદ્યાર્થીઓનો વખત, મહેનત અને પૈસા બચાવી કૉલેજોમાંથી સહેલાઇથી અને સીધી રીતે માર્કસ્નો ટોટલ જણાવવાની વ્યવસ્થા કરવા અંગે એમ્પ્લોયી સ્ટુડન્ટસ એસોસિએશનના પ્રમુખ તરફથી તા. ૨૪-૬-૧૯૫૩ના આવેલ પત્રાંક ૧-૧૭ ગુજ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે કાગળમાં કરવામાં આવેલી સૂચના સ્વીકારવી નહિ.

૧૦. ફેકટોટમની નિમણૂક અંગે સિન્ડિકેટે તેની તા. ૧-૩-૧૯૫૨ની સભામાં કરેલો નીચેનો ઠરાવ જોતાં આ વર્ષે ગુજરાત કૉલેજ સેન્ટર ઉપર બી.એ અને બી.એસ.સી. માટે તા. ૩૦-૩-૧૯૫૩ થી તા. ૮-૪-૧૯૫૩ સુધી નિમાયેલા શ્રી. એચ. ડી. પરમારની અને તા. ૯-૪-૧૯૫૩થી તા. ૧૬-૪-૧૯૫૩ સુધી નિમાયેલા શ્રી જે. જે. જોષીની નિમણૂકો થઇ શકે નહિ તો આ બાબતમાં પેમેન્ટ કેવી રીતે કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ

"૧ ફેકટોટમ તરીકે જેની નિમણૂક કરવામાં આવે તેને તેની સાથે સુપરવાઇઝર તરીકે નીમવો જોઇએ.

૨. જે દરેક સ્થળે પરીક્ષા લેવાતી હોય તે દરેક સ્થળ માટે એક ફેકટોટમ રાખવો, પણ જે કોઇ જગ્યાએ વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી હોય અને તેની નજીકમાં પરીક્ષા માટેનું બીજું સ્થળ હોય તો તે જગ્યાએ ઓછા વિદ્યાર્થીઓ હોય તેને માટે અલાયદો ફેકટોટમ નહિ રાખતાં નજીકની જે જગ્યાએ વધારે વિદ્યાર્થીઓ હોય ત્યાંના ફેકટોટમે આ જગ્યાના ફેકટોટમ તરીકે પણ કામ કરવું એમ ફરમાવવાની શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી

૩. ફેકટોટમની નિમણૂક સિનિયર સુપરવાઇઝરની ભલામણ પરથી શ્રી. વાઇસ-ચાન્સેલરે કરવી.

૪. ફેકટોટમને કોઇ પણ આખી પરીક્ષા માટે વિદ્યાર્થીદીઠ ત્રણ આનાના દરે મહેનતાણું આપવું, પણ આ મહેનતાણાની ઓછામાં ઓછી હદ રૂા. ૫૦-૦-૦ ની અને વધુમાં વધુ

હદ રૂા. ૧૫૦–૦–૦ ની રાખવી. પણ એક જ સ્થળે અને એક જ દિવસોમાં જે બધી પરીક્ષાઓ સાથે લેવાતી હોય તે બધી પરીક્ષાઓને ઓછામાં ઓછું અને વધારેમાં વધારે મહેનતાણું ગણવાને માટે એકજ પરીક્ષા તરીકે ધ્યાનમાં લેવી."

(નોંધ:– એકજ પરીક્ષાના બે વિભાગ પાડી તે વિભાગોમાં સિનિયર સુપરવાઈઝરો જુદા હોય ને તેઓ પોતપોતાના વિભાગો માટે જુદા જુદા માણસોને ફેકટોટમ તરીકે નીમવા ભલામણ કરે અને તે પ્રમાણે જુદા જુદા માણસોને ફેકટોટમ નીમવામાં આવે તો તેમને દરેકને ઉપર પ્રમાણેનો ઓછામાં ઓછું અને વધારેમાં વધારે મહેનતાણું આપવા બાબતનો નિયમ લાગુ પાડી શકાય કે નહિ, અગર આવી રીતે જુદા જુદા માણસોને ન નીમતાં એકજ માણસ નીમવો જોઇએ તે બાબત સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જે કોઈ પણ પરીક્ષા આઠ દિવસથી વધારે ચાલતી હોય તો પરીક્ષાના દિવસોને બે ફેકટોટમની વચ્ચે વહેંચી નાખવાનું મંજૂર કરવું.

૧૧. ઑગસ્ટ ૧૯૫૨ના કોન્વોકેશન વખતે શ્રી. પ્રબોધ એચ. પંડ્યા, બી.એ. (સ્પે.)ને સ્કાર્ફ અને બેજ આપવામાં આવેલો અને તે અંગે તેમની ડિપોઝીટ રૂા. ૫–૦–૦ ગુજરાત યુનિવર્સિટી પાસે છે. આ સ્કાર્ફ અને બેજ પાછાં આપી જવા માટે બે ત્રણ વખત કાગળ લખવા છતાં પણ શ્રી. પંડ્યા તે હજી આપી ગયા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:–સ્કાર્ફ અને બેજ પેટે સિન્ડિકેટે નક્કી કર્યા પ્રમાણે વિદ્યાર્થી પાછાં આપી ન જાય તો રૂા. ૮–૦–૦ વસૂલ કરવાના હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો ફકતરે કરવા.

૧૨. નીચેની બાબતો અંગે કયા દરે પેમેન્ટ આપવું તે ઉપર વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ:

1. Preparing and supervising sketches and blue-prints required for the Engineering Examination, and

2. Cyclostyling the stencils of such sketches.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ સ્વીકારવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવ્યો છે.)

૧૩. ૧૯૫૪ની ઇન્ટરમિડિયેટ આર્ટ્સ પરીક્ષા માટે નિયત કરેલાં ઇંગ્લીશ, મોડર્ન ઇન્ડિયન લેન્ગ્વેજ અને કલાસિકલ લેન્ગ્વેજનાં પુસ્તકો ૧૯૫૩ની પરીક્ષા માટે નિયત કરેલાં પુસ્તકોથી જુદાં હોવાથી, ૧૯૫૩ની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં નાપાસ થયેલા અને ૧૯૫૪ની તે જ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે ભાષાનાં પેપરોમાં ૧૯૫૪ની પરીક્ષામાં ઓલ્ટર્નેટિવ

પ્રશ્નો કાઢવા બાબતની, એમ. ટી. બી. કૉલેજ, સૂરતના ઇન્ટર આર્ટ્સના નાપાસ થયેલા 33 વિદ્યાર્થીઓ તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓની વિનંતી નામંજૂર કરવી.

૧૪. નીચેની બાબત સિન્ડિકેટ સમક્ષ "મુત્ર" કરવા બાબત સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

1. That the B A. Examination be also held twice a year as was done in the past.

2. That in case the B.A. Examinations are not held twice a year students who have appeared at the B.A. Examination but have been unsuccessful be permitted to keep terms for the 1st LL.B. Course on condition that they should not be allowed to appear at the 1st LL.B. Examination till they have passed the B.A. Examination which should mean a saving of a considerable time.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોરની બન્ને સૂચનાઓ નામંજૂર કરવી.

૧૫. ૧૯૫૪ના એપ્રિલમાં લેવાનારી એમ.એ. ની "એન્શ્યન્ટ ઇન્ડિયન કલ્ચર" ના નવા કોર્સ પ્રમાણેની પરીક્ષાને બદલે તે જ વિષયના જૂના કોર્સ મુજબ મજકૂર પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા અંગે શેઠ ભો. જે. અધ્યયન સંશોધન ભવન, અમદાવાદના ચાર વિદ્યાર્થીઓની આવેલી અરજી નીચેના મજકૂર સંસ્થાના ડાયરેક્ટરના તા. ૧૧-૯-૧૯૫૩ ના શેરાંક ૯૯/૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-નવો અભ્યાસક્રમ જૂન ૧૯૫૨થી અમલમાં આવેલો છે અને તે પછી જૂના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા લેવાનો કોઇ વચગાળાનો પ્રોવિઝન નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૪માં અને ૧૯૫૫માં એમ બે વધુ ટ્રાયલ જૂના કોર્સના વિદ્યાર્થીઓને આપવી.

૧૬. યુનિવર્સિટીની એફિલિએટેડ કૉલેજોમાં અને માન્ય થયેલી સંસ્થાઓમાં તેમજ અન્ય સ્ટેટયુટરી યુનિવર્સિટીઓની કૉલેજોમાં ભાષણના, ફેલો તરીકે કરેલા કામને, ટ્યુટર તરીકે કરેલો કામની બરાબર ગણવું કે નહિ તે અંગે ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફેલો તરીકેના કામને ટ્યુટર તરીકેનું કામ ગણી શકાય નહિ.

૧૭. ગુજરાત કૉલેજ હૉસ્ટેલની ૯૪ ડબલ-સીટેડ રૂમો પૈકીની બાર રૂમોમાં, દરેકમાં એક, એ પ્રમાણે બાર રૂમોમાં બાર વિદ્યાર્થીઓને અને ભારતી કલબના પૂરતા ફેલોર

એસ્થિાવાળા મકાનમાં ૮ વિદ્યાર્થીઓને, રહેવાની અગવડતાને લીધે મંજૂરીની અપેક્ષાએ કામચલાઉ દાખલ કર્યાના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના કાર્યને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલનું કાર્ય મંજૂર કરવું.

૧૮. એફિલિએટેડ કાલેજોમાં અને માન્ય થયેલ સંસ્થાઓમાં ફિઝિકલ ઈન્સ્ટ્રકટર્સની નિમણૂકો માટેની ઓછામાં ઓછી લાયકાતો નક્કી કરવા બાબત ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ અનુસાર એફિલિએટેડ કૉલેજોના પ્રિન્સિપાલોના અભિપ્રાયો ઉપરથી ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ ઈન્સ્ટ્રકટર્સની લાયકાત માટે નીચેનું ધોરણ નક્કી કરવું:

૧. તેઓ કોઈ પણ સ્ટેટ્યુટરી યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ હોવા જોઈએ.

૨. તેઓ મુંબઇ કાંદીવલી ઈન્સ્ટીટ્યુટ, અથવા મદ્રાસ વાય. એમ. સી. એ. નો લેાંગ ટર્મ ડિપ્લોમા ધરાવતા હોવા જોઇએ.

ઉપરનું ધોરણ કૉલેજોમાં જે નવા માણસો રાખવામાં આવે તેમને લાગુ પડશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ નીચેના સુધારા સાથે મંજૂર કરવો.

કલોઝ ૨ માં "ડિપ્લોમા" શબ્દ પછી "અથવા તેના સરખા બીજા ડિપ્લોમા" એટલા શબ્દો ઉમેરવા.

૧૯. પોતાના પગારમાં યોગ્ય વધારો કરી આપવા, હક્ક રજા મળતી ન હોવાથી તેના બદલામાં એક માસનો પગાર આપવા, અઠવાડિક એક રજા અથવા તો તેના બદલામાં માસિક રૂા. ૧૦-૦-૦ વધુ આપવા બાબતની યુનિવર્સિટીના ડ્રાઇવર શ્રી. જીવાજી કાળુજીની તા. ૨૫-૬-૧૯૫૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડ્રાઇવરને રજાને બદલે પગારમાં માસિક રૂા. ૧૦-૦-૦નો વધારો આપવો.

૨૦. સેનેટે નીચે જણાવેલા ઑર્ડિનન્સીઝ રિફર એક કર્યા છે તે અંગે વિચારણા કરવા બાબત:

ઑ. નં. ૫૭-જી, ૬૨, ૬૨-એ, ૨૧૭-બી, ૨૩૩-બી.

ઑ. નં. ૩૬૭ એ, ૩૬૭-બી, ૩૬૭-સી, ૩૬૭-ડી, ૩૬૭-ઇ, ૩૬૭-એફ, ૩૬૭-જી, ૩૬૭-એચ.

ઑા. નં. ૩૮૧-એ, ૩૮૧-બી, ૩૮૧-સી, ૩૮૧-ડી, ૩૮૧-ઇ, ૩૮૧-એફ, ૩૮૧-જી, ૩૮૧-એચ.

ઑા નં. ૪૪૦, ૪૪૧.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. નીચેના ઑાર્ડિનાન્સો પડતા મૂકવાઃ

ઑા. નં. ૩૬૭-એ, ૩૬૭-બી, ૩૬૭-સી, ૩૬૭-ડી, ૩૬૭-ઇ, ૩૬૭-એફ, ૩૬૭-જી, ૩૬૭-એચ.

ઑા. નં. ૩૮૧-એ, ૩૮૧-બી, ૩૮૧-સી, ૩૮૧-ડી, ૩૮૧-ઇ, ૩૮૧-એફ, ૩૮૧-જી, ૩૮૧-એચ.

૨. નીચેના ઑાર્ડિનાન્સોની વિચારણા મુલતવી રાખવાઃ

ઑાર્ડિનાન્સ નં. ૫૭-જી, ૬૨, ૬૨-એ, ૨૧૭-બી, ૨૩૩-બી.

૩. ઑાર્ડિનાન્સ નં. ૪૪૦ અને ૪૪૧માં કાંઇ પણ ફેરફાર કરવો નહિ એવી દરખાસ્તને મત ઉપર મૂકતાં તેની તરફેણમાં પાંચ મત પડયા અને વિરૂદ્ધમાં પાંચ મત પડયા. શ્રી. વાઇસ-ચાન્સેલર આ મહત્ત્વનો સવાલ હોઇ પોતાનો કાસ્ટીંગ વોટ આપવાની ના પાડવાથી આ સવાલનો નિર્ણય મુલતવી રહ્યો.

૨૧. સેનેટે નીચે જણાવેલો સ્ટેટ્યુટ રિફર બેક કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત.

સ્ટે. નં. ૧૧૪-એ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૨. ઑાર્ડિનાન્સ નં. ૧૫માં (Kutch) શબ્દ ઉમેરી ઘટતો સુધારો કરવા બાબત.

અને

૭૦. રમતગમતના હેતુઓ માટે ભૂજ કચ્છમાં શરૂ થયેલી ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ કૉલેજનો સૌરાષ્ટ્ર ઝોનમાં સમાવેશ કરવા અંગે સૌરાષ્ટ્ર ગ્રુપ લોકલ સ્પોર્ટ્સ કમિટીના પ્રમુખ અને ધર્મેન્દ્રસિંહજી કૉલેજના પ્રિન્સિપાલ શ્રી. જી. આર. કોટવાલ તરફથી આવેલા તા. ૬-૮-૧૯૫૩ના પત્રાંક ૩૪૦૭-૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ- સેનેટે પસાર કરેલા નવા ઑાર્ડિનાન્સ નં. ૧૫ પ્રમાણે સૌરાષ્ટ્ર ઝોનમાં આખા સૌરાષ્ટ્ર સ્ટેટનો સમાવેશ થાય છે. કચ્છને તેમાં દર્શાવવામાં આવ્યું નથી તો કચ્છને રમત-ગમતના હેતુઓ માટે સ્વતંત્ર એકમ રાખવું કે સૌરાષ્ટ્ર ઝોનમાં તેનો સમાવેશ કરવો અને એ પ્રમાણે ઑા. નં. ૧૫માં સુધારો કરવો તે નક્કી કરવાનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર ઝોનમાં કચ્છને સામેલ કરવું અને તે પ્રમાણે ઑર્ડિનાન્સ ૧૫માં સુધારો કરવો. (સુધારેલો ઑર્ડિનાન્સ નં. ૧૫ આ સાથે પરિશિષ્ટ 'ખ' તરીકે આપવામાં આવ્યો છે.)

૨૩. સ્ટેટ્યુટ નં. ૧૭૭-એ. માંથી "and Master of Arts (External)" શબ્દો કાઢી નાખવા વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ્યુટ ૧૭૭-એ માંથી "and Master of Arts (External)" એ શબ્દો કમી કરવા સેનેટને ભલામણ કરવી. (સુધારેલો સ્ટેટ્યુટ ૧૭૭-એ. આ સાથે પરિશિષ્ટ 'ગ' તરીકે આપવામાં આવ્યો છે.)

૨૪. સેનેટે નીચે જણાવેલા પેમ્ફ્લેટ નં. ૧૦ અને ૧૩માંના ઑર્ડિનાન્સો કેન્સલ કર્યા છે તેની નોંધ લેવા બાબત.

પેમ્ફ્લેટ નં. ૧૦: ઑ. નં. ૧૫૮, ૨૭૦, ૩૦૫, ૩૫૦-બી, ૪૦૯, ૪૦૯-એ.

પેમ્ફ્લેટ નં. ૧૩: ઑ. નં. ૧૫૭, ૨૨૮, ૨૪૧, ૨૪૨, ૩૮૪-એ.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૫. તા. ૨૭-૭-૧૯૫૩ના રોજ મળેલી ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીની સામાન્ય સભામાં થયેલી ભલામણો.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીની મિટીંગના કામકાજની નોંધને બહાલી આપવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવી છે.)

૨૬. તા. ૨-૯-૧૯૫૩ના રોજ મળેલી ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીની સભામાં થયેલી ભલામણો.

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઇકવીવેલન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીના કામકાજની નોંધ નીચે મુજબના ફેરફાર સાથે મંજૂર કરવી:

આઇટેમ નં ૪માં મુંબઇ યુનિવર્સિટીની પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી એસ. ની પરીક્ષાઓ માન્ય રાખવાની ભલામણ કરવામાં આવી છે પણ તે અરસપરસ માન્યતાના ધોરણે (on reciprocal basis) માન્ય રાખવી નહિ

આથી ઠરાવવામાં આવે છે કે ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીની મિટીંગના કામકાજની નોંધને બહાલી આપવી અને તેમાં ઍકેડેમિક કાઉન્સિલે કરેલો સુધારો સ્વીકારવો નહિ પણ મુંબઇ યુનિવર્સિટીને આપણી પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ. ની પરીક્ષાઓ માન્ય રાખવા ફરીથી લખવું. (કામકાજના નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવી છે.)

૨૭. ભારત સેવક સમાજની ગુજરાત શાખા તરફથી ગુજરાતનાં ત્રણ મુખ્ય શહેરો વડોદરા, સૂરત અને અમદાવાદના શહેરદીઠ ૧૫૦-૨૦૦ જેટલાં મધ્યમ વર્ગનાં કુટુંબોનું આર્થિક તેમજ સામાજિક અવલોકન કરવામાં આવેલું હોવાથી અમદાવાદ અને સૂરત શહેરના અર્થશાસ્ત્રના અધ્યાપકોના સહકારની જરૂર હોવાથી બન્ને શહેરોના વિદ્યાલયોના અર્થશાસ્ત્ર વિભાગને સહકાર આપવા સૂચન આપવા અંગે અને આ કાર્ય માટે સમાજની પ્રદેશ શાખા તરફથી છપાવીને મોકલી આપેલી પ્રશ્નોત્તરીમાં અર્થશાસ્ત્રીઓને જરૂરી સુધારાવધારા કરવા હોય તો તે કરી શકે તે અંગે મજદૂર સમાજના નિમંત્રી તરફથી આવેલા તા. ૧-૭-૧૯૫૩ના પત્રાંક ૭/૧૯૬/૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજોમાં સરકયુલેટ કરવો અને ભારત સેવક સમાજની ગુજરાત શાખાને તે પ્રમાણે ખબર આપવી.

૨૮. આપણા દેશમાં બહેરા માણસોની માંગ પૂરી પાડવા માટે અને તેમને સસ્તાં "Hearing Aids" પૂરાં પાડવા માટે આ યુનિવર્સિટીએ તેવાં "Hearing Aids" ને મળતી યોગ્ય પ્રોટોટાઇપ તૈયાર કરવા માટેની શક્યતા મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશને બીજા દેશોમાં મળતી આ વિષેની સગવડતાની માહિતી આપવાની મહદની શરતે શોધી કાઢવા માટે હિંદ સરકારના કેળવણી ખાતાના સંયુક્ત મંત્રી તરફથી આવેલા તા. ૨૯-૬-૧૯૫૩ના પત્રાંક એફ. ૧-૬૧/૫૩-ડી-૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યુનિવર્સિટી કાંઇ કરી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૨૯. હિંદ સરકારની કલ્ચરલ સ્કૉલરશિપની યોજનાનો લાભ ઘણા ફોરેઇન વિદ્યાર્થીઓ લેતા હોવાથી આ યુનિવર્સિટીમાં ફોરેઇન વિદ્યાર્થીઓ માટે કેટલી સગવડ થઈ શકશે તે જણાવવા તથા તે અંગે અભ્યાસ, લૉજિંગ, બોર્ડિંગ, વિગેરે ક્યો રહેશે કે કેમ અને અભ્યાસ સમય દરમિયાન કાંઇ વેતન આપવામાં આવશે કે કેમ તે જણાવવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતા તરફથી આવેલા તા. ૨૫મી મે ૧૯૫૩ના પત્રાંક એફ. ૪-૪૪-૫૩-એસ. ૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પરદેશના વિદ્યાર્થીઓ માટે હાલમાં કાંઇ સગવડ થઇ શકે તેમ નથી એવો જવાબ આપવો.

૩૦. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના નવ માન્ય અનુસ્નાતક શિક્ષકોની સહીથી સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે અનુસ્નાતક અભ્યાસના Co-ordination માટેની યોજના (Scheme for Co-ordination of Post-Graduate Teaching) રજૂ કરવા બાબતમાં માન્ય અનુસ્નાતક શિક્ષકોની વિષયવાર કમિટીઓ બોલાવવામાં આવેલ છે, તેમજ યોજના રજૂ કરવા બાબત જણાવેલ છે તેમાં ભાગ લેવા અશક્તિ દર્શાવતા આવેલા તા. ૫-૫-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે તેની તા. ૧૮-૬-૧૯૫૩ના રોજ મળેલી છઠ્ઠી બેઠકમાં આઇટમ ૧૩ ઉપર કરેલ નીચે પ્રમાણેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર પત્ર સિન્ડિકેટ તરફ તેના નિર્ણય માટે મોકલી આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૩૧. સોશિયલ એજ્યુકેશનના કામ માટે મુંબઇ સરકારે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને મેરિટનું સર્ટિફિકેટ આપેલું છે તો યુનિવર્સિટીએ આ કામ અંગે મજકૂર કૉલેજને તેમજ આવું જ કામ કરતી બીજી કૉલેજોને વાર્ષિક ગ્રાન્ટ આપવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૬-૭-૧૯૫૩ના પત્રાંક ૧૨૩૯-૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના પ્રિન્સિપાલને જણાવવું કે તેઓ સરકારની મદદ માટે માગણી કરે.

૩૨. એફ. વાય. આર્ટ્સ અને ઇન્ટર આર્ટ્સના મેથેમેટિક્સના વિષયનાં પાઠ્યપુસ્તકો, ઇન્ટર આર્ટ્સનાં લૉજિકના વિષયનાં પાઠ્યપુસ્તકો અને ઇન્ટર આર્ટ્સ માટે વર્લ્ડ હિસ્ટરીના વિષય ઉપરનાં પાઠ્યપુસ્તકો લખવા પબ્લિકેશન બૉર્ડની ભલામણ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર અનુક્રમે પ્રિન્સિપાલ એન. એમ. શાહ, શ્રી. રામનારાયણ વિ. પાઠક અને શ્રી. કેશવલાલ હિં. કામદારને લખતાં તેમના તરફથી આવેલા અનુક્રમે તા. ૧૬-૭-૧૯૫૩ના કે.-૩૩૬૦, તા. ૧૮-૭-૧૯૫૩ અને તા. ૨૦-૭-૧૯૫૩ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૩. યુનિવર્સિટી ઑફિસમાં ટાઇપિંગ સેક્શનમાં ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. વી. પી. શાહે, તેમણે ઇન્ટર આર્ટ્સમાં આગળ અભ્યાસ કરવા કરેલી વિનંતી સિન્ડિકેટે નામંજૂર

રાખી હતી છતાં યે, તેમણે નિયમિત કૉલેજ ભરી વિદ્યાભ્યાસ ચાલુ રાખેલ છે તે અંગે સિન્ડિકેટના ઠરાવ અનુસાર શ્રી વી. પી. શાહ યુનિવર્સિટી ઑફિસમાં ૧૧-૦ વાગે હાજરી આપતા હોવા છતાં તેઓએ એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં નિયમિત હાજરી કેવી રીતે આપી તે અંગે માગેલા તેમના ખુલાસા ઉપર અને આ બાબતમાં એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલને પુછાવતાં તેમના તા. ૧૩-૭-૧૯૫૩ અને તા. ૧૫-૭-૧૯૫૩ના અનુક્રમે પત્રાંક ૩૨૬ અને ૪૧૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલનો નિકાલ કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૩૪. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને ઈન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ તેમજ બી.એસ.સી. (બાયકોમ્બાયોલૉજી)ની પરીક્ષાઓ માટે સેન્ટર બનાવવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૦-૭-૧૯૫૩ના આવેલ પત્રાંક ૧૭૧૩-૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૫. સેનેટે ગુજરાતી અને/અથવા હિંદી મારફતે કૉલેજના પહેલા વર્ષમાં સને ૧૯૫૪ના જૂનથી અને બીજા વર્ષમાં સને ૧૯૫૫ના જૂનથી શીખવવાનું અને પરીક્ષા લેવાનું મંજૂર કર્યું છે પરંતુ ગુજરાતીમાં પાઠયપુસ્તકો તૈયાર કરાવવાના માટે સિન્ડિકેટ પગલાં લઇ રહી છે તે સંજોગોમાં આ બાબત કૉલેજોને સરકયુલર કાઢી આ બાબતની ખબર આ તબકકે આપવી કે કયારે આપવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૬. સેનેટે, ગુજરાત યુનિવર્સિટીમાં માસિક રૂા. ૧૦૦-૦-૦ની એક એવી દસ સ્કૉલરશિપો કાઢવા બાબત ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટી અને સિન્ડિકેટની નીચેની ભલામણો અને તે અંગેના ડૉ. એસ. બી. અંકલેસરીઆના સુચારો સિન્ડિકેટ તરફ પાછાં મોકલ્યાં છે તે અંગે વિચારણા કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ભલામણ

"૧. માસિક રૂા. ૧૦૦-૦-૦ની એક એવી દસ સ્કૉલરશિપો કાઢવાને માટે સિન્ડિકેટને ભલામણ કરવી સ્કૉલરશિપ દર મહિને આપવી.

૨. આ સ્કૉલરશિપો માટે અરજીઓ કરવા વર્તમાનપત્રોમાં જાહેરખબર આપવી અને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય થયેલી સંસ્થાઓને સરકયુલર કરી અરજીઓ મંગાવવી.

૩ સ્કૉલરશીપ માટે અરજી કરનાર ઉમેદવાર માસ્ટર્સ ડિગ્રી લીધા પછી પી.એચ.ડી. ડિગ્રી માટે અભ્યાસ કરતા હોવા જોઇએ પી.એચ.ડી. ઉપરાંત

બીજી કોઈ ખાસ પરીક્ષા માટે અભ્યાસ કરતા ન હોવા જોઈએ, તેમજ નોકરી કરતા ન હોવા જોઇએ.

૪. સ્કોલરશિપો એક વર્ષને માટે આપવી પણ વર્ષ પૂરૂ થયા બાદ સંતોષકારક રિપોર્ટ યુનિવર્સિટીને વિદ્યાર્થી રજૂ કરે તો તે સ્કોલરશિપ બીજા વર્ષ માટે "રિન્યુ" કરી શકાય."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્કોલરશિપો કાઢવા માટે સેનેટની મંજૂરી મેળવવા આ કામ સેનેટ તરફ મોકલવું અને ત્યાર પછી સ્કોલરશિપો આપવા માટે કામ સિન્ડિકેટ આગળ મૂકવું."

ડૉ. એસ. બી. અંક્લેસરીઆનો સુધારો

"In Clause 3, in the first line please add after "પી.એચ.ડી. ડિગ્રી" "અથવા એમ.બી.,બી.એસ. થયા પછી એમ.ડી. અથવા એમ.એસ. ડિગ્રી" Again in line 2 of the same clause after "પી.એચ.ડી" add "એમ.ડી. અથવા એમ.એસ" and in line three after "નોકરી" add "ધંધો". The altered clause should read "સ્કોલરશિપ માટે અરજી કરનાર ઉમેદવાર માસ્ટર્સ ડિગ્રી લીધા પછી પી.એચ.ડી. ડિગ્રી અથવા એમ.બી.,બી.એસ. લીધા પછી એમ. એસ. અથવા એમ.ડી. માટે અભ્યાસ કરતા હોવા જોઈએ. પી.એચ.ડી. એમ.ડી. અથવા એમ.એસ. સિવાય કોઇ ખાસ પરીક્ષા માટે અભ્યાસ કરતા હોવા ન જોઇએ તેમજ નોકરી યા ધંધો કરતા ન હોવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે નકકી કરેલી શરતોમાં કાંઈ પણ ફેરફાર કરવા સિન્ડિકેટને જરૂર લાગતી નથી.

૩૭. સેનેટે શ્રી. એ. કે. ત્રિવેદીના સુધારા પ્રમાણે સુધારેલો શ્રી. એમ. ડી. અવસારેનો નીચેનો ઠરાવ પસાર કરેલો હોવાથી તે અંગે ઘટતાં પગલાં લેવા બાબત.

ઠરાવ

"શ્રી. એમ.ડી. અવસારેના ઠરાવને બદલે ફેરફારવાળો નીચેનો ઠરાવ વાંચોઃ

સેનેટ ઇચ્છે છે કે ગુજરાત યુનિવર્સિટી નિબંધ (Act), કાનૂનો (Statutes) નિયમન ગ્રંથો (Regulations), ને આજ્ઞાપનો (Ordinances) માં આવતા મુખ્યત્વે વિશિષ્ટ શબ્દો (જેવા કે Senate, Board of Accounts, Notice, Nomination paper, Nominated, Minutes, Agenda, Actuals, Revised Estimates, Establishment etc. etc. etc.) ની યાદીને તેના ગુજરાતી પર્યાય શબ્દોની યાદી ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના ગુજરાતીના વિષયના શિક્ષકોની પાસે બે માસમાં મળે તેમ તારીખ દર્શાવી વિના મૂલ્યે રજિસ્ટ્રાર મંગાવે, અને તે મુદ્દતમાં જે જે યાદીઓ આવી હોય તે યાદીઓ મુદ્રિત

કરાવી રજિસ્ટ્રાર બનતી ઉતાવળે સિન્ડિકેટને રજૂ કરે, તે યાદીઓને આધારે સિન્ડિકેટ કામ-ચલાઉ પર્યાય શબ્દોનો કોશ યોગ્ય લાગે તેની મદદથી બનતી ઉતાવળે પ્રગટ કરાવે, જેથી હાલની સ્થિતિમા ત્વરિત શકય સુધારો થાય, ને તે ઓછે ખરચે થાય."

(નોંધ:- આ બાબતમાં સેનેટ સમક્ષ મૂકેલો સિન્ડિકેટનો ઠરાવ નીચે પ્રમાણે છે:

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સિન્ડિકેટે કમિટી નીમેલી હોઇ વિશેષ કાંઇ કરવાની અત્યારે જરૂર નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકટ, સ્ટેટ્યુટ્સ અને ઑર્ડિનાન્સીઝનો તરજૂમો કરવા સિન્ડિકેટે જે કામગીરી નીમી છે તેના તરફ યોગ્ય કરવાને માટે આ ઠરાવ મોકલી આપવો.

૩૮. સેનેટે, શ્રી. ડાહ્યાભાઇ ર. માંકડનો નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે ઘટતાં પગલાં લેવા બાબત.

શ્રી. ડાહ્યાભાઇ ર. માંકડનો ઠરાવ

"આર્ટ્સના પ્રથમ વર્ષની ૧૯૫૪ની પરીક્ષામાં અને આર્ટ્સના બીજા વર્ષની ૧૯૫૫ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પરીક્ષાના જવાબો અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં આપવાની છૂટ આપવી."

(નોંધ:-આ બાબતમાં સેનેટ સમક્ષ મૂકેલો સિન્ડિકેટનો ઠરાવ નીચે પ્રમાણે છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં છે એમ સેનેટને જણાવવું")

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૯. સેનેટની ગઇ સભામાં ઑર્ડિનાન્સ ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮ અને ૪૩૯ પાસ થયેલા છે તેથી સને ૧૯૫૪ના વર્ષમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં રજિસ્ટર થઇને વિદ્યાર્થીઓ બેસી શકે તો તેઓ સદરહુ એફ. વાય. આર્ટ્સની પરીક્ષા માટે હવે સપ્ટેમ્બર ૧૯૫૩ પહેલાં રજિસ્ટર થઇ શકે અને તેમનું એક વર્ષ નકામું જાય નહિ તે માટે સદરહુ પાસ થયેલા ઑર્ડિનાન્સોને તાત્કાલિક અમલમાં મૂકવા વિના વિલંબે સિન્ડિકેટને ઠરાવ કર-વાની આગ્રહભરી વિનંતી કરવા બાબતના શ્રી. રામચંદ્ર દા. શુકલના તા. ૨૨-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૦. એફ. વાય આર્ટ્સનું સિવિક્સના વિષય ઉપરનું પાઠ્યપુસ્તક અને ભૂગોળના વિષય ઉપરનું પાઠ્યપુસ્તક લખવા પબ્લિકેશન બૉર્ડની ભલામણ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર અનુક્રમે શ્રી. કે. ટી મર્ચન્ટ અને શ્રી. એસ. મુખરજીને લખતાં તેમના તરફથી આવેલા તા. ૧૯-૭-૧૯૫૩ અને ૨૨-૭-૧૯૫૩ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૧. સિન્ડિકેટની તા. ૪-૮-૧૯૫૨ની આઠમી સભામાં, બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલફેર ઉપર નિમાયેલા છ સભ્યો પૈકીના અમદાવાદ (શહેર) વિસ્તાર બહારની કૉલેજના પ્રિન્સિપાલ તરીકે નિમાયેલા સભ્ય પ્રિન્સિપાલ પી. એમ. મોદી રિટાયર થયેલા હોવાથી, તેમની ખાલી પડેલી જગ્યા પર, બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ:—ઑર્ડિનાન્સ ૫૧ ક્લોઝ ૬ મુજબ સિન્ડિકેટે નિમવાના છ સભ્યો પૈકી એક અમદાવાદ વિસ્તારમાંની કૉલેજના પ્રિન્સિપાલ અને એક અમદાવાદ વિસ્તાર બહારની કૉલેજના પ્રિન્સિપાલ હોવા જોઇએ, તે મુજબ પ્રિન્સિપાલ શ્રી એમ. એસ. શાહ અને પ્રિન્સિપાલ શ્રી. પી. એમ. મોદી નિમાયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ જી. આર. કોટવાલની નિમણૂક કરવી.

૪૨. ૧૯૫૨-૫૩ના શૈક્ષણિક વર્ષમાં એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ મારફતે Branch III Philosophy (Entire Philosophy) કે જેમાં એક પેપર Psychology નું છે તેમાં રજિસ્ટર થઇ બે ટર્મ પૂરી કરી હવે ત્રીજી ટર્મમાં Psychology (i. e. Entire Psychology) કે જે Branch III Philosophy નું સબ-ગ્રુપ B છે તેમાં ૧૯૫૩-૫૪ની બાકીની બે ટર્મ ભરી, ૧૯૫૨-૫૩માં Philosophy (Entire Philosophy) માં ભરેલી બે ટર્મ એમ કુલ ચાર ટર્મના આધારે ૧૯૫૪માં લેવાનારી એમ.એ. ની Entire Psychology ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા બાબતની એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના ફિલોસોફી ડિપાર્ટમેન્ટના પ્રોફેસર બી. એન. દવેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-ફિલોસોફીમાં ગ્રુપ "એ" અને "બી" છે. પોસ્ટ ગ્રેજ્યુએટ નિયમ ૬ પ્રમાણે જો વિદ્યાર્થીની અરજી ત્રીજી ટર્મની શરૂઆત પહેલાં આવે તો હિસ્ટરીમાં ગ્રુપ બદલી શકાય છે. પોસ્ટ ગ્રેજ્યુએટ નિયમ ૧૫ પ્રમાણે એલ.એલ.એમ. અને એમ.કૉમ. માં શિક્ષકની મંજૂરી મળે તો બીજી ટર્મના અંતમાં અને છેવટે ત્રીજી ટર્મની શરૂઆત પહેલાં બ્રાન્ચ બદલી શકાય છે. ફિલ્સૂફીનો કોર્સ આ સાલ અમલમાં આવ્યો છે જેમાં Branch III Philosophy Groups A and B છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એન. દવેની વિનંતી માન્ય કરવી, અને પોસ્ટ-ગ્રેજ્યુએટ રૂલમાં એવો સુધારો કરવો કે એમ.એ. ફિલોસોફીના એક ગ્રુપમાંથી બીજું ગ્રુપ ત્રીજી ટર્મની શરૂઆત સુધીમાં બદલી શકાય.

૪૩. શિક્ષણના માધ્યમ અંગેના સેનેટે પસાર કરેલા રિપોર્ટમાં ૧૯૫૩ના જૂનથી શરૂ થતા સત્રથી ફર્સ્ટ યર ગ્રુપ એ., બી. અને સી. માં હિંદીના ૧૦૦ માર્કસનો એક પેપર ફરજિયાત રાખવાનું ઠરાવેલું હોવાથી મજકૂર વિષય અંગે અભ્યાસક્રમ તથા પાઠયપુસ્તકો અંગે હિંદીના બૉર્ડ ઑફ સ્ટડીઝના રિપોર્ટ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની નીચે જણાવેલી ભલામણ અંગે સિન્ડિકેટના ઠરાવ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૧મું સ્ટાન્ડર્ડ (મેટ્રિકયુલેશન) હિંદી ભણીને વિદ્યાર્થીઓ આવે તેમને માટે એટલે કે ૧૯૫૫ના જૂનથી હિંદી ફરજિયાત દાખલ કરવા સેનેટે સ્વીકારેલા કાર્યક્રમમાં ફેરફાર કરવા સેનેટને ભલામણ કરવી અને તે પ્રમાણેનો અભ્યાસક્રમ ઘડી કાઢવા આ સવાલ હિંદી બૉર્ડ તરફ પાછો મોકલવો."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩ના જૂનથી હિન્દીનો ફરજિયાત પેપર શરૂ કરી શકાય તેવો "ઇન્ટેરિમ કોર્સ" આપવા ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ તેના આગળના ઠરાવને વળગી રહે છે અને એમ ઠરાવે છે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં હિંદીને જૂન ૧૯૫૫થી શરૂ થતા વર્ષથી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૪. સૌરાષ્ટ્ર સરકારે રૂપિયા એક લાખની જે નોન-રિકરીંગ ગ્રાન્ટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે તે ગ્રાન્ટ આભાર સાથે સિન્ડિકેટે સ્વીકારી છે તો તે ગ્રાન્ટની રકમ કયા કામમાં વાપરવી તે નક્કી કરી ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૫. ૧૯૫૩ના પહેલા છ માસ દરમિયાન લેવાયેલી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવ્યાજબી (Unfair) દલાજો લીધા હોય તેવા કેસો ઉપર રિપોર્ટ કરવા માટે નિમાયેલી સમિતિનો રિપોર્ટ મંજૂર કર્યો છે અને નં. ૨૦૮૯ના કેસમાં તે બહારથી લખાયેલા જવાબ-પત્રો કેવી રીતે લાવી શકયો તે બાબત સિનિયર સુપરવાઇઝર પાસે સિન્ડિકેટના ઠરાવ અનુસાર રિપોર્ટ માંગતા બે જુનિયર સુપરવાઇઝરોના રિપોર્ટ સાથે આવેલા સિનિયર સુપરવાઇઝરના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આ બાબતમાં વધુ તકેદારી રાખે એવી સિનિયર સુપરવાઇઝરને સૂચના આપવી.

૪૬. ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ અંગેની સમિતિના રિપોર્ટ ઉપરનો સિન્ડિકેટનો નીચેનો ઠરાવ સેનેટે ઍકેડેમિક કાઉન્સિલને પાછો મોકલ્યો હતો તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ:

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના રિપોર્ટ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવોઃ

કમિટીના રિપોર્ટના પેરા ૪માં શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈએ કરેલી નીચે મુજબની દરખાસ્ત કમિટીમા નામંજૂર થઈ હતીઃ

"સને ૧૯૫૪ની પરીક્ષામાં ગુજરાતી અને/અથવા હિન્દી ભાષામાં જવાબો આપવાની બધી ફેકલ્ટીઓના વિદ્યાર્થીઓને છૂટ આપવી"

તેને બદલે નીચે પ્રમાણે સેનેટને ભલામણ કરવીઃ

"સને ૧૯૫૪ની પરીક્ષામાં ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને છૂટ આપવા સેનેટને ભલામણ કરવી."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના રિપોર્ટ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી. આ ભલામણ સિન્ડિકેટની મારફતે સેનેટને મોકલવીઃ

પેરા ૨માં ૧૯૫૫ની જગ્યાએ ૧૯૫૮ મૂકવું.

પેરા ૨ (૨)માં ૧૯૫૬ અને ૧૯૫૮ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૭ અને ૧૯૫૯ મૂકવું.

પેરા ૨ (૩)માં ૧૯૫૬ અને ૧૯૫૮ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૭ અને ૧૯૫૯ મૂકવું.

પેરા ૨ (૪)માં ૧૯૫૬ અને ૧૯૫૮ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૭ અને ૧૯૫૯ મૂકવું.

પેરા ૨ (૫)માં ૧૯૫૭ અને ૧૯૫૯ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૮ અને ૧૯૬૦ મૂકવું.

પેરા ૨ (૫)ની નીચે જે પેરા છે તે બાબતમાં કયા કયા વિષયોમાં ચોપડીઓ બહાર પાડવાનું મુક્ત હરિફાઈ ઉપર છોડી દેવું અને કયા વિષયોની ચોપડીઓ યુનિવર્સિટીએ તૈયાર કરાવવી અને તે કોની પાસે તૈયાર કરાવવી તે બાબત જે તે વિષયોના બૉર્ડ ઑફ સ્ટડીઝનો અભિપ્રાય મંગાવવો.

પેરા ૩માં ૧૯૫૬ની જગ્યાએ ૧૯૫૭ મૂકવું.

પેરા ૪ નીચે મુજબ વંચાશેઃ

"સને ૧૯૫૬ની પરીક્ષાથી ફર્સ્ટ ઇયર આર્ટ્સના વિદ્યાર્થીઓને, ૧૯૫૭ની પરીક્ષાથી ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થીઓને અને ૧૯૫૯ની પરીક્ષાથી બી.એ. ના વિદ્યાર્થીઓને ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની છૂટ આપવી."

વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર અને ઈન્ટર આર્ટ્સ માટે યુનિવર્સિટીએ પુસ્તકો લખાવવાનું બંધ કરવું અને પુસ્તકો બહાર પાડવાનું કામ મુકત હરિફાઈ ઉપર છોડવું અને તે બાબતની પ્રેસ નોટ બહાર પાડવી.

૧૯૫૪ના જૂનને બદલે ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ગુજરાતી અને/અથવા હિંદી મારફત શીખવવાનું શરૂ કરવા સેનેટને ભલામણ કરવી. આ ભલામણ ધ્યાનમાં લઈને ઉપર જણાવેલા ફેરફાર કરવામાં આવ્યા છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૭. ગુજરાત યુનિવર્સિટીની ઍન્જિનિયરીંગની જુદી જુદી પરીક્ષાઓ માટે ભેગી કરાયેલી ફીની રકમ જે ચોરાઇ ગયેલી તે વિષે સિન્ડિકેટને આ રકમ માંડવાળ કરવા બાબત ડિરેક્ટર ઑફ ટેકનીકલ એજ્યુકેશને લખેલું તે અંગે સિન્ડિકેટના ઠરાવની જાણ કરતાં સિન્ડિકેટના આ નિર્ણય ઉપર ફરીથી વિચારણા કરવા. આ બાબતના ડિરેક્ટર તરફથી આવેલા પત્ર ઉપરના સિન્ડિકેટના નિર્ણયાનુસાર આ બાબતમાં સર જમશેદ કાંગાના અભિપ્રાય મંગાવતાં મુંબઇ હાઇ કોર્ટના સોલિસિટરના તા. ૨૮-૭-૧૯૫૩ના પત્ર સાથે આવેલ તેમના અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત તથા આ બાબતમાં શું પગલાં લેવાં તે અંગેનો રજિસ્ટ્રારનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે આ રકમ માંડી વાળવી અને રજિસ્ટ્રારે રજૂ કરેલી યોજના ભવિષ્યને માટે સ્વીકારવો (યોજના પરિશિષ્ટ "ઠ" તરીકે આ સાથે આપવામાં આવી છે.)

૪૮. કોઈ પણ હાઇસ્કૂલના પ્રિન્સિપાલ અથવા હેડ માસ્તર તે કામની સાથે કોઇ પણ કૉલેજમાં શિક્ષક તરીકે અથવા અનુસ્નાતક શિક્ષક તરીકે કામ કરી શકે કે કેમ તે બાબત નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૪૯. અમદાવાદ ખાતેથી એમ.એસ.સી. ની પરીક્ષાના કેન્ડીડેટ નં. ૬૯ થી ૮૦ના "ફિઝિક્સ" પેપર ૨ ના જવાબપત્રો ડૉ. વી. એસ. પાટણકરને મોકલવાને બદલે તેમને કેન્ડીડેટ નં. ૮૧ થી ૯૮ના "કેમિસ્ટ્રી" પેપર ૨ ના જવાબપત્રો મોકલવામાં આવેલા અને ડૉ. જાંબરને "કેમિસ્ટ્રી" પેપર ૨ ના જવાબપત્રોને બદલે "ફિઝિક્સ" પેપર ૨ ના જવાબપત્રો મોકલાયેલા, આ પરીક્ષા વખતે સિનિયર સુપરવાઇઝર તરીકે પ્રિન્સિપાલ એમ. એસ. શાહ હતા, તો આ ભૂલ બદલ શું પગલાં લેવાં તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકટોટમના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦-૦ કાપી લેવા.

૫૦. મોરબી ખાતે લેવાયેલી એફ.વ. પરીક્ષાના "મશીન ડ્રોઇંગ" ના સેક્શન ૧ના જવાબપત્રો પ્રોફેસર એમ. એમ. પટેલને બદલે પ્રોફેસર ડી. એ. અડવાનીને અને સેક્શન ૨ ના જવાબપત્રો શ્રી. પી. વી. શાહને બદલે શ્રી. ટી. એમ. પરીખને મોકલવામાં આવેલા,

આ પરીક્ષા વખતે પ્રિન્સિપાલ ચક્રવર્તી સિનિયર સુપરવાઇઝર તરીકે હતા, તો આ ભૂલ બદલ શું પગલાં લેવાં તે વિષે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકટોટમના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦-૦ કાપી લેવા.

૫૧. ઉર્દૂ, પર્શિયન, વગેરેનાં પાઠયપુસ્તકોનું પબ્લિકેશન યુનિવર્સિટીએ કરાવવાની વ્યવસ્થા કરવા બાબત ઉર્દૂ કમિટીના સભ્ય શ્રી. એ. એફ. મૌલવી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એફ. મૌલવીની સૂચના મંજૂર કરવી નહિ.

૫૨. સિન્ડિકેટે તેની તા. ૯-૧-૫૩ અને તા. ૭-૨-૧૯૫૩ના રોજ મળેલ સભાઓમાં ઠરાવ્યા પ્રમાણે પોસ્ટ-ગ્રેજ્યુએટ ટીચીંગ અને રિસર્ચના કો-ઑર્ડિનેશનના પ્રશ્ન ઉપર વિચારણા કરવા યુનિવર્સિટીના માન્ય અનુસ્નાતક શિક્ષકોની વિષયવાર સમિતિઓ મળી તે બાબત બી. જે. મેડિકલ કૉલેજના અનુસ્નાતક શિક્ષકો તરફથી આવેલ તા. ૨૭-૯-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફતરે કરવા.

૫૩. પ્રશ્નપત્રો કાઢનાર, પરીક્ષકો, સિનિયર સુપરવાઇઝરો, જુનિયર સુપરવાઇઝરો, ફેકટોટમ વગેરે જે ભૂલો કરે તે કેસો ઉપર વિચાર કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા કમિટી નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નિયમો ઘડી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા નીચે મુજબની કમિટી નીમવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૩. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ,
૪. શ્રી. બટુભાઈ એચ. દેસાઇ.

૫૪. યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગમાં "કન્સીલ્ડ" વાયરીંગ નહિ કરતાં "ઓપન કોન્ડયુડ" વાયરીંગ કરવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે તે બદલીને "કન્સીલ્ડ" વાયરીંગ કરવા બાબત આવેલા શેઠ શ્રી. કસ્તુરભાઇ લાલભાઈના તા. ૨૦-૯-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગમાં "કન્સીલ્ડ" વાયરીંગ કરવાનું મંજૂર કરવું અને તે માટેની "કોન્ડયુટ" પાઇપ નાખવા માટેના ગુજરાત ઇલેકટ્રીક કંપનીના નીચે પ્રમાણેના ભાવો મંજૂર કરવા:

½ ઇંચ પાઇપ પૂરા પાડવા અને નાખવાના ૬૨ ફુટે રૂા. ૦-૧૨-૦
૧ ઇંચ પાઇપ પૂરા પાડવા અને નાખવાના ૬૨ ફુટે રૂા. ૧-૦-૦

૫૫. લાયબ્રેરી હાલ તુરત માટે ઉત્તર તરફની વિન્ગમાં પહેલે માળે રાખવાનું અને તેથી તે વિન્ગમાં તે માળે પાર્ટિશન દિવાલો નહિ કરવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે તે બદલી લાયબ્રેરી ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રાખવાનું અને ઉત્તર તરફની વિન્ગના પહેલે માળે પાર્ટિશનની દિવાલો કરવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી વિન્ગ તૈયાર થાય નહિ ત્યાં સુધી લાયબ્રેરી ઉત્તર તરફની વિન્ગના પહેલા માળે રાખવાનું અને તેને પાર્ટિશનની દિવાલો નહિ કરવાનું અગાઉ ઠરાવ્યું છે તે બદલી લાયબ્રેરી ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રાખવી અને ઉત્તર તરફની વિન્ગના પહેલા માળે પાર્ટિશનની દિવાલો કરી લેવી.

૫૬. યુનિવર્સિટી એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગમાં દક્ષિણ તરફની વિન્ગના પહેલે માળે કેટલાક ઓરડાઓ એર કન્ડીશન કરવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબના રૂમોને એર કન્ડીશન કરવાનું મંજૂર કરવું:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલરની ઑફિસનો રૂમ,

૨. સિન્ડિકેટની મિટીંગનો રૂમ,

૩. શ્રી. રજિસ્ટ્રારની ઑફિસનો રૂમ.

૫૭. ૧૯૫૩ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી ઇન્ટર કૉમર્સ અને બી.કૉમ ની પરીક્ષાના સિનિયર સુપરવાઇઝર શ્રી. વી. એન. જોષીને તેમના મહેનતાણા અંગે તા. ૩૦-૫-૧૯૫૩નો રૂા. ૧૩૦-૦-૦નો ચેક નં. BZ/140-49191 મોકલાવેલો તે ખોવાયા અંગે તેમના તા. ૪-૭-૧૯૫૩ અને તા. ૨૬-૭-૧૯૫૩ના આવેલા પત્રો ઉપર ઘટતાં પગલાં લેવા બાબત.

(નોંધ:- શ્રી. વાઇસ-ચાન્સેલર સાહેબે શ્રી. જોષીના પહેલા લખેલા પત્રમાંના વર્ડીંગ અને ટોન અંગે પોતાની નાપસંદગી દર્શાવ્યા છતાંયે તેમના બીજા પત્રમાં ખરાબ ટોનમાં ટીકા કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરે "વાઇસ-ચાન્સેલર શ્રી. વી. એન. જોષીના કાગળના ધ્વનિ તેમજ શબ્દો તરફ સખત નાપસંદગી દર્શાવે છે" એવી જે ટીકા કરી છે તેની સાથે સિન્ડિકેટ સંમત થાય છે અને શ્રી. વાઇસ-ચાન્સેલરની ઉપરની ટીકાની શ્રી. જોષીને જાણ કરવામાં આવ્યા છતાં ત્યાર પછી પણ તેમણે એવાજ ધ્વનીમાં ફરી વખતે કાગળ લખ્યો છે તે પ્રકારની તેમની વર્તણૂક તરફ સિન્ડિકેટ પોતાની સખત નાપસંદગી દર્શાવે છે અને ઠરાવે છે કે શ્રી. જોષીએ શ્રી. વાઇસ-ચાન્સેલર અને શ્રી. રજિસ્ટ્રાર પ્રત્યે તેમને ખબર આપ્યાની તારીખથી એક અઠવાડિયામાં પોતાની દિલગીરી જાહેર કરવી અને જો તેઓ તેમ કરવામાં ચૂકે તો તેમનું નામ પરીક્ષકોના નામોના લિસ્ટમાંથી કમી કરવું અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેમની જગ્યાએ બીજાની નિમણૂક કરવી.

૫૮. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તરફથી લેવાતી જુદી જુદી કોમ્પીટિટિવ પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા સિન્ડિકેટ

નીમેલી પેટા સમિતિની તા. ૩૧-૭-૧૯૫૩ના રોજ મળેલી આઠમી મિટીંગના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે આપવામાં આવી છે.)

૫૯. યુનિવર્સિટી ઑફિસની હેન્ડ ડિલિવરી ટપાલ તથા બીજી ટપાલ ચોમાસામાં લઈ જવા અને વહેંચવામાં પલળે નહિ તે માટે સાયકલ-રેઇન કોટની વ્યવસ્થા કરી આપવા બાબત ડિસ્પેચ બ્રાન્ચના બે પટાવાળાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે બે રેઇન કોટ ખરીદી પટાવાળાઓને આપવા.

૬૦. તા. ૨જી થી આઠમી જાન્યુઆરી ૧૯૫૪ દરમિયાન હૈદ્રાબાદ (ડેક્કન) ખાતે મળનારી ઇન્ડિયન સાયન્સ કોન્ગ્રેસ એસોસિએશનની ૪૧મી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવાનું એક રેલિગેશન નીમવા બાબત અને રેલિગેટ તરીકે નીમાનાર માણસો એસોસિએશનના સભ્યો બનવાની વિનંતી કરવા બાબત તેમ જ યુનિવર્સિટી સ્ટાફના સભ્યો એસોસિએશનના સભ્યો બની સેશનની વિચારણામાં ભાગ લે તે માટે યુનિવર્સિટીના ટીચીંગ અને રિસર્ચ સ્ટાફના સભ્યોને આ સરકયુલર મોકલવા બાબત મજકૂર એસોસિએશનના જનરલ સેક્રેટરી શ્રી. યુ. પી. બસુ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના ગૃહસ્થોને નીમવા:

૧. ડૉ. કે. આર. રામનાથન,

૨. પ્રિન્સિપાલ આર. ડી. દેસાઇ.

૬૧. તા. ૩૦-૯-૧૯૫૩ના રોજ મળેલી ઍફિલિએટેડ કૉલેજોના અને માન્ય થયેલ સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની પાંચમી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી અને ભવિષ્યમાં જે રિપોર્ટો કમિટીએ મંજૂર રાખ્યા હોય તેની નકલો સિન્ડિકેટના સભ્યોને મોકલવી નહિં પણ કમિટીએ જે રિપોર્ટો નામંજૂર કર્યા હોય તેની જ ફક્ત નકલો મોકલવી. (કમિટીના રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે આપવામાં આવ્યો છે.)

૬૨. ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં થયેલા ઠરાવો પૈકી કેટલાક ઠરાવો ઉપર આ યુનિવર્સિટીએ ઘટતાં પગલાં લેવા બાબતના મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા પત્ર બાબતમાં સિન્ડિકેટના ઠરાવ અનુસાર રજિસ્ટ્રારે કરેલો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે આપવામાં આવ્યો છે)

૬૩. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યા માટે આવેલી અરજીઓ ઉપરથી ઇન્ટરવ્યુ માટે કોને બોલાવવા તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અરજીઓ તપાસી જઈ કોને ઇન્ટરવ્યુ માટે બોલાવવા તે નક્કી કરવા માટે નીચેની કમિટીની નિમણૂક કરવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. શ્રી. એન. આર. ત્રિવેદી,
૩. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ,
૪. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ,
૫. શ્રી. પોપટલાલ જી. શાહ.

ઇન્ટરવ્યુ સિન્ડિકેટ રૂબરૂ રાખવા.

૬૪. સિન્ડિકેટની તા. ૧-૩-૧૯૫૨ની મિટીંગમાં કામકાજ નં. ૬૬ મુજબ ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, અમદાવાદમાં માસિક રૂા. ૧૦૦-૦-૦ ની એક અને રૂા. ૭૫-૦-૦ ની એક એમ બે ફેલોશિપ્સ આપવાની ભલામણને સેનેટની તા. ૨૯, ૩૦-૬-૧૯૫૩ની સભાની મંજૂરી મળેલ છે. આ ફેલોશિપ્સ દરેક વર્ષે આપવાની છે કે ફક્ત ૧૯૫૨-૫૩ના વર્ષ માટે હતી તે બાબતમાં કોઇ ઉલ્લેખ નથી, તો તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બંને ફેલોશિપ દર વર્ષે આપવી.

૬૫. સિન્ડિકેટે નીચેની રિસર્ચ ગ્રાન્ટ્સ ૧૯૫૨-૫૩ના વર્ષ દરમિયાન મંજૂર કરેલ હતી:

૧.	શ્રી. પી. એમ. મોદી	રૂા. ૫૦૦-૦-૦
૨.	ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીઝ	રૂા. ૫,૦૦૦-૦-૦
૩.	શ્રી. એમ. ડી. પટેલ	રૂા. ૧,૦૦૦-૦-૦
૪.	શ્રી આર. કે. પાટિલ	રૂા. ૧,૦૦૦-૦-૦
૫.	શ્રી. આર. કે. મપારા	રૂા. ૫૦૦-૦-૦
૬.	શ્રીમતી પ્રિયબાળા શાહ	રૂા. ૫૦૦-૦-૦
૭.	ડૉ. એમ. એસ. કાનવીન્દે	રૂા. ૧,૦૦૦-૦-૦
૮.	શ્રી. જે. ટી. ભટ્ટ	રૂા. ૭૨૦-૦-૦
૯.	કચ્છના રણ અંગેની ગ્રાન્ટ	રૂા. ૪,૦૦૦-૦-૦
		રૂા. ૧૪,૨૨૦-૦-૦

આ ગ્રાન્ટસ લેપ્સ થયેલ હોવાથી તે રિન્યુ કરવી કે કેમ તથા તે માટે ૧૯૫૩-૫૪ના બજેટમાં જે પ્રોવિઝન કરેલ છે તે ઉપરાંત આ રકમથી પ્રોવિઝન વધારવું કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ ગ્રાન્ટસ ફરી તાજી કરવી.

૬૬. મુંબઇ યુનિવર્સિટીની હેન્ડબુક ભાગ ૨ જા ૧૯૫૦ના ઑર્ડિનાન્સ ૨૧૬, પ્રમાણે લેન્ગ્વેજ ટેસ્ટ ૨૦મી જુલાઇ કે તે પહેલાં લેવો જોઇએ એમ છે તેને બદલે ઇન્ટર કૉમર્સ નાપાસ થયેલા શ્રી. એન. કે. શાહ કે જે એસ. બી. ગાર્ડા કૉલેજમાં ઇન્ટર આર્ટ્સના વર્ગમાં દાખલ થયેલા છે તેમની લેન્ગ્વેજ ટેસ્ટ ૨૪મી જુલાઇ ૧૯૫૩ એટલે કે ૪ દિવસ મોડો લેવાયો હતો તો તે થયેલી ઢીલ માફ કરવા અને વિદ્યાર્થીનું વર્ષ બગડે નહિ તે અંગે અજ-મેર કૉલેજના પ્રિન્સિપાલના આવેલા તા. ૪-૮-૧૯૫૩ના પત્રાંક ૨૦૩૬/૫૩/૫૪ ઉપર વિચારણા કરવા બાબત

(નોંધ:- પ્રિન્સિપાલે તેમના તા. ૩૧-૭-૫૩ના પત્રાંક ૧૯૧૯/૫૩-૫૪માં લેન્ગ્વેજ ટેસ્ટ તા. ૨૪-૭-૫૩ના રોજ લેવાયેલો હતો એમ કયાંયે દર્શાવ્યું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે લેન્ગ્વેજ ટેસ્ટ લેવામાં થયેલી ઢીલ માફ કરવી.

૬૭. પોતાની બાની તથા પોતાની પત્નિની માંદગી અંગે ડૉક્ટરના બીલના તથા દવા વિગેરેના થયેલા ખર્ચ અંગે પોતાની પ્રોવિડન્ટ ફંડની રકમમાંથી રૂા. ૫૦-૦-૦ની લોન આપવા બાબતની યુનિવર્સિટીના પટાવાળા શ્રી. બેચરજી ચેલાજીની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે માગ્યા મુજબની લોન આપવી.

૬૮. લોકલ સ્પૉર્ટ્સ કમિટીના પ્રમુખ તરીકે કાઉન્ટર સિગ્નેચર કરી વાપરવા માટે બ્લેન્ક વિગતો ભર્યા વગરના ૪૦ કન્સેશન ફૉર્મ્સ રજિસ્ટ્રારે સહી કરીને મોકલવા બાબતના સૌરાષ્ટ્ર ઝોન લોકલ સ્પૉર્ટ્સ કમિટીના પ્રમુખ અને ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિ-પાલ તરફથી આવેલા તા. ૬-૮-૫૩ના પત્રાંક ૩૪૦૬/૫૩-૫૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારે, બ્લેન્ક ફૉર્મ્સ સહી કરીને સૌરાષ્ટ્ર ઝોન લોકલ સ્પૉર્ટ્સ કમિટીના પ્રમુખને મોકલી આપવાં.

૬૯. વલ્લભ વેદાંત પ્રાઇઝ અંગે શ્રી. જે. ટી. પરીખ તરફથી આવેલી રૂા. ૩૦૦૦-૦-૦ની સખાવતની રકમ સરકારી લોનમાં રોકાણ કરવા મંજૂર કરવા બાબત.

(નોંધ:- આ અંગે એકાઉન્ટન્ટનું સૂચન છે કે આ રકમ ૩ ટકાની હિંદ સરકારની કન્વરઝન લોન ૧૯૪૬માં રોકાણ કરવી. હાલ આ લોનનો ભાવ રૂા. ૯૮-૧૪-૦ લગભગ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકાઉન્ટન્ટના સૂચન મુજબ આ રકમ રોકવાનું મંજૂર કરવું.

૭૧. ૧૯૫૧ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી મુંબઈ યુનિવર્સિટીની બી.એસ.સી. ડિગ્રી પાસ કરેલ શ્રી. આઇ. એમ. દેસાઇને મુંબઈ યુનિવર્સિટીના ઑ. ૨૧૭ અનુસાર જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદમાં જુનિયર બી.એ. ના વર્ગમાં દાખલ થવાની પરવાનગી આપવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૪-૭-૫૩, ૫-૮-૫૩ અને ૭-૮-૫૩ના આવેલ અનુક્રમે પત્રાંક ૧૦૫૰, ૧૧૪૧ અને શ્રી. દેસાઇની તા ૩-૮-૫૩નો અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટે એમ ઠરાવ્યું છે કે વિદ્યાર્થીઓએ મુંબઈ યુનિવર્સિટીની બી.એસ.સી ની પરીક્ષા પાસ કરી હોય તેમને મુંબઇ યુનિવર્સિટીના ઑ. નં ૨૧૭નો લાભ આપવો નહી. આ વિદ્યાર્થીએ ૧૯૫૧ના માર્ચ-એપ્રિલમાં જયારે ગુજરાત યુનિવર્સિટીએ તે પરીક્ષા લીધી ન હતી ત્યારે આ યુનિવર્સિટીની ઍફિલિએટેડ કૉલેજ વી. પી. મહાવિદ્યાલયમાંથી મુંબઈ યુનિવર્સિટીની બા.એસ.સી. ની પરીક્ષામાં બેસી પાસ કરેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને બી.એ. ના વર્ગમાં દાખલ થવા દેવો.

૭૨. ઍફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલી સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂક માટેની જોગવાઈ ઓછામાં ઓછી લાયકાત બાબતના ગુજરાત યુનિવર્સિટી ઑફિસના તા. ૯-૭-૫૧ના સરકયુલર નં. સિં. ૧૦૮૦૫ના ત્રીજા પેરેગ્રાફ (નીચે આપ્યો છે.)માં સુધારો સૂચવવા અંગે આવેલા સ્થાનિક તપાસણીના સમિતિના સભ્ય અને એમ. ટી. બી. કૉલેજ, સુરતના પ્રિન્સિપાલના તા. ૩-૮-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"In a full grade college in a major department wherein the subject is taught to degree classes there shall be atleast one Professor. Geography and the Modern Indian Languages except Gujarati do not constitute major department, at present."

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ટી. બી. કૉલેજ, સુરતના પ્રિન્સિપાલની સૂચના મંજૂર કરવી નહિ.

૭૩. એ જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના એમ.કે.ડી. ના ૧૮ અનુસ્નાતક વિદ્યાર્થીઓની આવેલી અરજીઓ અને ફી સ્વીકારવા બાબત મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૧૧-૮ ૫૩ના પત્રાંક ૪૧૬-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- અનુસ્નાતક વિદ્યાર્થીઓની અરજીઓ અને ફી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૭-૫૩ની હતી તે લંબાવી તા. ૧-૮-૫૩ સુધીમાં આવેલી વિદ્યાર્થીઓની અરજીઓ તથા ફી સ્વીકારવાનું સિન્ડિકેટે ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અરજીઓ અને ફી મોડી આવી હોવા છતાં તે સ્વીકારવી.

૭૪. ૧૯૫૪માં એમ.એ. ફિલોસોફીની જુના કોર્સ પ્રમાણેની પરીક્ષા લેવા અને ઓછામાં ઓછી બે હાયલ જુના કોર્સ પ્રમાણેની આપવા બાબતની ગુજરાત કૉલેજ,

અમદાવાદના ત્રણ વિદ્યાર્થીઓની અરજી સાથેના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના તા. ૬-૮-૫૩ના શેરાંક એસ-૪૦ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:—એમ.એ. માં ફિલોસોફીનો નવો અભ્યાસક્રમ જુન ૧૯૫૨થી દાખલ થયો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જૂના કોર્સ મુજબની પરીક્ષા ૧૯૫૪ અને ૧૯૫૫ની સાલમાં બે વખત વધુ લેવી

૬૫. બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝની તા. ૩૧-૭-૫૩ના રોજ મળેલી ત્રીજી બેઠકની કામકાજની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે આપવામાં આવી છે)

૬૬. યુનિવર્સિટીની પહેલી ડિગ્રી ડીસ્ટીન્કશન માર્કસ સાથે મેળવી હોય અને યુનિવર્સિટીમાં અનુસ્નાતક ડિગ્રીનો વિદ્યાભ્યાસ ચાલુ રાખતા હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીએ પસંદ કરેલી જુદી જુદી ફૅકલ્ટીઓ માટે ચાર ફેલોશિપ્સ આપ્યા અંગે દક્ષિણા અને ગવર્મેન્ટ ફેલોશીપ્સ આપવાના નિયમો સાથે આવેલા મુંબઇ સરકારના ડાયરેકટર ઑફ એજ્યુકેશનના તા. ૧૨-૮-૧૯૫૩ના પત્રાંક ૧૫૧-૩૧૪-એ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની વિગત રજિસ્ટ્રારે રજૂ કરવા:

૧. કૉલેજવાર અને વિષયવાર ડિગ્રીમાં પહેલા આવેલા પાંચ પાંચ વિદ્યાર્થીઓનાં નામ.

૨. તેમાંના કોણ કોણ અનુસ્નાતક કોર્સ માટે રજિસ્ટર થયા છે તે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ફેલોશિપો ૬૨ વર્ષે આપવાની છે કે ૬૨ ત્રીજા વર્ષે આપવાની છે તે બાબત રજિસ્ટ્રારે સરકારને પુછાવવું, અને જે જવાબ આવે તે સિન્ડિકેટ સમક્ષ મૂકવો.

૬૭. ૧૯૫૩ના એપ્રિલમાં લેવાયેલી બીજી એલ.એલ.બી. ની પરીક્ષામાં બેઠેલો ઉમેદવાર નં. ૭૦ ખરી રીતે નાપાસ થાય છે પણ માર્કસના ટોટલમાં ભૂલ હોવાને લીધે ૨૯૫ માર્કસને બદલે ૩૯૫ માર્કસ લખેલ હોવાથી તેને પાસ થયેલો જાહેર કરવામાં આવ્યો છે. પણ પાછળથી આ ભૂલની ખબર પડતાં તેને નાપાસ થયેલો જાહેર કરવાના અને એ પ્રમાણે મજકૂર ઉમેદવાર અને બાર કાઉન્સિલને ખબર આપવાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી અને આ બાબતમાં જે ક્લેરીકો ભૂલ કરી છે તે બાબતમાં પૂરતી તપાસ કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા

શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી અને પરીક્ષાના પરિણામો તૈયાર કરવાને માટે ભવિષ્યમાં કઈ પદ્ધતિ અખત્યાર કરવી તે બાબત વિચારણા કરી રિપોર્ટ કરવા નીચે મુજબની કમિટી નીમવી.

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. પ્રિન્સિપાલ એન. એમ. શાહ
૩. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ
૪. શ્રી. બટુભાઇ એચ. દેસાઇ
૫. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ

૭૮. ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર કૉમર્સની પરીક્ષાના "ગુજરાતી" ના પરીક્ષક શ્રી. બી. જે. ઝવેરીને તા. ૨૭-૧-૫૩ના રોજ પેપર કાઢવા માટે રાખેલી અને મુલતવી રહેલી મિટીંગ અંગેનું ટી. એ. આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-શ્રી. વી. કે. વૈદ્ય તેમજ શ્રી. ઝવેરીના પત્ર ઉપરથી જણાય છે કે શ્રી. વૈદ્યની માંદગીને અંગે તા. ૨૭-૧-૫૩ના રોજ રાખેલ મિટીંગ મુલતવી રહેલી. શ્રી. વૈદ્ય લખ્યા પ્રમાણેનો પત્ર યુનિવર્સિટી ઑફિસને મળ્યો નથી. શ્રી. વૈદ્યે તેમના પત્રમાં જણાવ્યા પ્રમાણે તા. ૨૨-૧-૫૩ના રોજ "એકસ્પ્રેસ" ડીલીવરી" થી મિટીંગ મુલતવી રાખ્યા બાબતનો પત્ર શ્રી ઝવેરીને તેઓ સંશોધન પરિષદ અંગે અમદાવાદ હોવાથી તેમના અમદાવાદના ઉતારાના સરનામે લખ્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ઝવેરીને ટ્રાવેલીંગ એલાવન્સ આપવું.

૭૯. તા. ૫મી જાન્યુઆરી ૧૯૫૩ના રોજ વૉલ્ટેર ખાતે મળેલી ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની વાર્ષિક બેઠકના પ્રોસિડિંગ્ઝમાંના ઠરાવ નં. IV (3), V (2) VI (1), VIII (1,3) IX (C), XI (1,૪) and XIII (૬) ઉપર આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૦-૮-૫૩ના પત્રાંક ૧૬૬૫-૧૬૬૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રજિસ્ટ્રારે રિપોર્ટ કરવો.

૮૦. એકસ્ટર્નલ પરીક્ષાઓ અંગેના જે નિયમો ઘડવામાં આવ્યા છે તેમાં નીચેની બાબતો માટે ઉલ્લેખ નથી, જ્યારે રજિસ્ટ્રેશનનું કામ શરૂ કરવામાં આવે ત્યારે નીચેના મુદ્દાઓ તે કારણે ઉપસ્થિત થાય તેમ છે. તો તે બાબતમાં યોગ્ય નિયમો ઘડવાની જરૂર હોવાથી નિયમો ઘડવા બાબત.

૧. એસ.એસ.સી. પાસ થયેલા જે વિદ્યાર્થીઓ એફ.વાય. આર્ટ્સની પરીક્ષામાં બેસવા માગે તેમને માટે સ્ટે. ૧૭૦ની શરતોનું પાલન થવું આવશ્યક ખરું કે નહિ?

૨. એસ.એસ.સી. પાસ થઇને આવનાર વિદ્યાર્થી કૉલેજમાં જોડાય તો એનરોલમેન્ટ ફીના રૂા. ૧૦-૦-૦ યુનિવર્સિટીને આપે છે. યુનિવર્સિટીએ એકસ્ટર્નલ તરીકે આવતા એવા વિદ્યાર્થીઓ પાસેથી એ પ્રકારની ફી લેવી કે કેમ ?

(નોંધ:-પૂના યુનિવર્સિટી એવા વિદ્યાર્થીઓ પાસેથી રજિસ્ટ્રેશન ફી ઉપરાંત રૂા. ૧૦-૦-૦ ઍલિજિબિલિટિ ફી તરીકે લે છે. આ ફી પરીક્ષામાં બેસવાની ફી કરતાં જુદી છે.)

૩ એકસ્ટર્નલ પરીક્ષા (ઇન્ટર તેમજ બી.એ.) માટે બહારથી આવતા વિદ્યાર્થીઓએ જો તે સ્ટેટમાંની યુનિવર્સિટીનો હોય તો રૂા ૨-૦-૦ ભરી ઍલિજિબિલિટિ સર્ટિફિકેટ કઢાવવું જરૂરી ખરૂં કે નહિ ? જો તે સ્ટેટ બહારની યુનિવર્સિટી કે બૉર્ડમાંથી આવે તો રૂા. ૨૦-૦-૦ ભરી બીજા માફક ઍલિજિબિલિટિ સર્ટિફિકેટ કઢાવવું જરૂરી ખરૂં કે નહિ ?

(નોંધ:-પૂના યુનિવર્સિટીમાં આવું સર્ટિફિકેટ લેવું જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ત્રણે મુદ્દાઓનો જવાબ હામાં આપવો.

૮૧. નીચેની પરીક્ષાઓ માટે એડમીશન ફી કેટલી લેવી તે નક્કી કરવા બાબત.

૧. લૉ પ્રિલિમિનરી
૨ પહેલા એલ.એલ.બી. (નવો અભ્યાસક્રમ)
૩. બીજી એલ.એલ.બી. (નવો અભ્યાસક્રમ)

આથી ઠરાવવામાં આવે છે કે આ પરીક્ષાઓ માટેની ફી નીચે પ્રમાણે રાખવી:

લૉ પ્રિલિમિનરી ... ... રૂા. ૪૦-૦-૦
પહેલી એલ.એલ.બી. ... ... રૂા. ૪૦-૦-૦
બીજી એલ એલ.બી. ... ... રૂા. ૬૦-૦-૦

૮૨. જુનિયર ક્લાર્ક શ્રી. આર. એચ. પારેખની નિમણૂકને તા. ૨૬-૮-૫૩ના રોજ એક વર્ષ પૂરૂં થતું હોવાથી તેમને તે તારીખથી તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એચ. પારેખને તેમની જગ્યાએ તા. ૨૬-૮-૧૯૫૩ થી કાયમ કરવા.

૮૩. જુનિયર ક્લાર્ક મિસ એસ. થદ્દાનીની નિમણૂકને તા. ૩-૯-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરૂં થતું હોવાથી તેમને તે તારીખથી તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મિસ એસ. એસ. થદ્દાનીને તેમની જગ્યાએ તા ૩-૯-૧૯૫૩ થી કાયમ કરવાં

૮૪. જુનિયર કલાર્ક શ્રી. એમ. એસ જોષીની નિમણૂકને તા. ૬-૯-૧૯૫૩ના રોજ એક વર્ષ પૂરૂં થતું હોવાથી તેમને તે તારીખથી તેમની જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એસ. જોષીને તેમની જગ્યાએ તા. ૬-૯-૧૯૩થી કાયમ કરવા.

૮૫. સેકન્ડરી ટિચર્સ કોન્સ્ટીટ્યુઅન્સીમાંથી સેનેટ ઉપર ચૂંટાયેલા શ્રી. સી. આર. દેસાઇ પોતે શિક્ષક તરીકે ચાલુ ન હોઇ રાજીનામું આપ્યાથી તેમની ખાલી પડેલી જગ્યા ભરવા ચૂંટણી કયારે કરવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ચૂંટણી કરવા રજિસ્ટ્રારે ઘટતાં પગલાં લેવાં.

૮૬. એમ.એ. મેથેમેટિક્સ ગ્રુપ "એ"માં ૧૯૫૨ના જાન્યુઆરીમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે રજિસ્ટર થઇ શ્રી. એસ. જે. સ્વામિનારાયણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં બેઠેલા અને નાપાસ થયેલા છે. હવે તેઓ ગુજરાત કૉલેજ મારફતે એમ.એ. મેથેમેટિક્સ ગ્રુપ "બી"માં આ યુનિવર્સિટીમાં અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે રજિસ્ટર થવા માગે છે તો તેમને રજિસ્ટર કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-શ્રી સ્વામિનારાયણ પરીક્ષામાં બેસી નાપાસ થયેલા હોઇ આ યુનિવર્સિટીના એકસ-સ્ટુડન્ટ છે, તેમને ઍલિજિબિલિટિ સર્ટિફિકેટ મેળવવાની જરૂર નથી કારણ કે આ યુનિવર્સિટીમાં એમ.એ. મેથેમેટિકસ ગ્રુપ "એ" ના વિદ્યાર્થી હોઇ ગ્રુપ "બી" માં રજિસ્ટર થવા માગે છે. બીજું, જે વિદ્યાર્થીઓ એમ.એસ.સી. ની પરીક્ષા મેથેમેટિકસનું એક ગ્રુપ લઇ પાસ કરે છે તેઓ તે જ પરીક્ષાના બીજા ગ્રૂપમાં બેસી શકતા નથી, પણ આ કેસમાં વિદ્યાર્થી પરીક્ષામાં બેઠેલો છે અને નાપાસ થાય છે, તો તેને રજિસ્ટર કરવો કે કેમ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સ્વામિનારાયણને "બી" ગ્રુપમાં રજિસ્ટર થવા અને ઑર્ડિનાન્સ પ્રમાણે ટર્મ્સ રાખવાની પરવાનગી આપવી.

૮૭. એમ.એ. હિસ્ટરી ગ્રુપ "એ" અને "બી" માં રજિસ્ટર થવા માગતા એમ.એન. કૉલેજ, વિસનગરના કેટલાક વિદ્યાર્થીઓની અરજીઓ અને ફી બાસ સંજોગો જોતાં ૧૫મી ઑગસ્ટ સુધી સ્વીકારવા બાબત એમ. એન. કૉલેજ, વિસનગરના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૦-૮-૧૯૫૩ના પત્રાંક ૯૬૭ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- અનુસ્નાતક વિદ્યાર્થીઓની અરજીઓ અને ફી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦-૭-૧૯૫૩ની હતી તે લંબાવી તા. ૧-૮-૧૯૫૩ સુધીમાં આવેલી વિદ્યાર્થીઓની અરજીઓ તથા ફી સ્વીકારવાનું સિન્ડિકેટે કરાવ્યું છે. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગે શ્રી શ્રીવાસ્તવને "એ" અને "બી" ગ્રુપ તેમજ "સી" ગ્રુપ માટે ચાલુ વર્ષ માટે રેકગ્નાઇઝ કર્યા છે. આ અંગેના બૉર્ડના ઠરાવની જાણ, પ્રિન્સિપાલનો આ અંગે તા ૨૪-૭-૧૯૫૩નો પત્ર આવતાં તા. ૨૮-૭-૧૯૫૩ના રોજ સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ કરેલી. બૉર્ડની મિનિટ્સને સિન્ડિકેટે તા ૧-૮-૧૯૫૩ના રોજ મંજૂર કરી છે

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલની વિનંતી માન્ય રાખવી અને આ અરજીઓ તથા ફી મોડી આવી હોવા છતાં તે સ્વીકારવી.

૮૮. રાજપુતાના યુનિવર્સિટીની ઈન્ટર સાયન્સની "એ" ગ્રુપની પરીક્ષા પાસ કરીને પછી તે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ફક્ત જરૂરી પ્રેક્ટીકલ વર્ક કરીને મજકુર યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સની "બી" ગ્રુપની પરીક્ષા પાસ કરેલ અને સ્ટેટ મેડિકલ ફેકલ્ટી ઑફ બેંગાલ, કલકત્તાની એલ.એમ.એફ. ની ડિપ્લોમા પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થી શ્રી. પરશરામ જોષીને આ યુનિવર્સિટીની ઍફિલિએટેડ બી. જે. મેડિકલ કૉલેજમાં કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ. કોર્સમાં દાખલ થવાની પરવાનગી આપવા બાબત વિદ્યાર્થી શ્રી. જોષી અને બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને કન્ડેન્સ્ડ એમ.બી.,બી.એસ. કોર્સમાં દાખલ થવા પરવાનગી આપવી નહિ.

૮૯. યુનિવર્સિટી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર લેવલનું આર. સી. સી. કામ જોવા માટે આર. સી. સી. સ્પેશિયાલિસ્ટને બોલાવવા અને તે અંગે કોન્ટ્રાક્ટરને સુચના આપવા બાબત શ્રી. એ. એમ. ગજજર૧ના આવેલા પત્ર ઉપરથી યુનિવર્સિટી ઑફિસે, આર. સી. સી સ્પેશિયાલિસ્ટને બોલાવવાની જરૂર છે કે કેમ અને આર. સી. સી. સ્પેશિયાલિસ્ટ સાથેની કોન્ટ્રેક્ટની શરતોમાં આ અંગે શું વિગત છે, તેમજ તેમને આ પહેલા બોલાવેલા કે નહિ તે બાબત પુછાવતાં શ્રી. ગજજર તરફથી આવેલા તા. ૧૭-૮-૧૯૫૩ ના પત્રાંક ૧૫૯૫ ૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર.સી.સી. વર્ક તપાસી સર્ટિફિકેટ કરવા શ્રી. સબનિસને બોલાવવા.

૯૦. માર્ચ ૧૯૫૪ સુધી હિંદમાં રહેનાર યુટ્રેટ (Utrecht) યુનિવર્સિટીના ડૉ. એ. એસ. સેન્કમેન (Schenkman) કે જે "University Education in India, in America, in Britain, in France, Belgium, Holland etc." ઉપર લેકચર કરવવાના છે તેમને આ યુનિવર્સિટીમાં ડિસેમ્બર ૧૯૫૩માં લેકચર-કરવા આવે ત્યારે આ યુનિવર્સિટી તે બદલ તેમને કાંઇ મહેનતાણું આપશે કે કેમ તે અંગે હિંદી સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા તા. ૧૪-૮-૧૯૫૩ના પત્રાંક એફ. ૨૭-૨૦-૫૨. એ. I ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં યુનિવર્સિટી કાંઈ મહેનતાણું આપી શકે તેમ નથી એવો જવાબ આપવો.

૯૧. એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદને અમદાવાદ લોકલ ગ્રુપ સ્પોર્ટ્સ ઍન્ડ ગેઇમ્સમાં ભાગ લેતી કૉલેજોના લિસ્ટમાં દાખલ કરવા બાબત અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીનું

સેક્રેટરી તરફથી જણાવતાં, સિન્ડિકેટે ઠરાવ્યા મુજબ વિદ્યાર્થી દીઠ આઠ આના અને ઓછામાં ઓછી રૂા. ૧૦૦-૦-૦ની રકમનો ફાળો આપવાને બદલે વિદ્યાર્થી દીઠ આઠ આના અને ઓછામાં ઓછી ૪૦-૦-૦ની રકમનો ફાળો આપવાનું ઠરાવી કન્સેશન આપવા બાબત એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલા તા. ૧૭-૮-૧૯૫૩ના પત્રાંક ૪૨૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓછામાં ઓછો ફાળો રૂા. ૧૦૦-૦-૦નો ઠરાવેલો છે તે સુધારીને દરેક કૉલેજની બાબતમાં રૂા. ૫૦-૦-૦ કરવા.

૯૨. ગુજરાત યુનિવર્સિટીએ બી.કૉમ. ની પરીક્ષા લીધેલી નહિ તે વખતે એપ્રિલ ૧૯૫૧માં સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરતમાંથી મુંબઈ યુનિવર્સિટીની બી.કૉમ. ની પરીક્ષા પાસ કરેલ શ્રી. એચ એલ. દલાલને આ યુનિવર્સિટીની બી કૉમ. ની સપ્લીમેન્ટરી પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા અંગે શ્રી. દલાલ તરફથી આવેલા તા. ૭-૮-૧૯૫૩ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- મુંબઇ યુનિવર્સિટીના બી કૉમ. થયેલા વિદ્યાર્થીને વધારાના સ્પેશિયલ વિષયની પરીક્ષા આપણે ત્યાં આપવા પરવાનગી ન આપવા અગાઉ ઠરાવ્યું છે; પરંતુ આપણી યુનિવર્સિટા સાથે જોડાયેલા કૉલેજોમાંથી ૧૯૫૧માં આપણે બા.કૉમ.ની પરીક્ષા લીધી ન હોવાથી મુંબઈ યુનિવર્સિટાની બી.કૉમ. ની પરીક્ષા પાસ કરેલી હોય તેવા વિદ્યાર્થીને આપણે ત્યાં વધારાના સ્પેશિયલ વિષયમાં બેસવા દેવા કે કેમ તે નક્કી કરવાનું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દલાલની વિનંતી માન્ય રાખવી.

૯૩. ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર સાયન્સની પરીક્ષાના ફિઝિક્સ (થિયરી) ના માર્કશીટના ટોટલમાં પરીક્ષકોની ૩૮ જેટલી ભૂલો માલૂમ પડી હતી અને ભૂલો વધારે હોવાથી સિન્ડિકેટે શ્રી એન. જી. મોહિલેને બે વરસ સુધી પેપર-સેટર કે પરીક્ષક તરીકે નીમવા નહિ અને પ્રોફેસર એસ. એચ. ધ્રુવ, પ્રોફેસર ડી. એમ. ભટ્ટ, પ્રોફેસર એમ. એસ. જોષી, અને પ્રોફેસર એન. જે. પટેલના તેમણે પોતાનાં માર્કસ-શીટ્સ ચેરમેન શ્રી. મોહિલેને મુકરર કરેલી તા. ૧૬મી એપ્રિલ સુધીમાં કેમ મોકલ્યા નહિ અને મોડા કેમ મોકલ્યા તે અંગે ખુલાસા મંગાવવા બાબતના કરેલા ઠરાવ અનુસાર ખુલાસા મંગાવતાં તેમના તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૯૪. બી.કૃ. ની પરીક્ષામાં "એલેમેન્ટસ ઑફ ઇકોનોમિકસ"ના પ્રશ્નપત્રમાં બે વિભાગો (Sections) આપેલા પરંતુ MSS માં વિદ્યાર્થીઓ માટે આપેલી સૂચનાઓમાં ફક્ત ત્રણ પ્રશ્નોના જવાબો આપવા જણાવેલું જ્યારે ખરી રીતે દરેક વિભાગ (Section) માંથી ત્રણ પ્રશ્નોના જવાબ આપવાનું હોવું જોઇએ. આ ભૂલ બદલ સિન્ડિકેટના ઠરાવ અનુસાર

પ્રો. એ. એસ. દેશપાંડેનો ખુલાસો મંગાવતાં તેમના તરફથી આવેલા તા. ૧૮-૮-૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. દેશપાંડેના મહેનતાણામાંથી રૂા. ૨૫-૦-૦ કાપી લેવા.

૯૫. ઑફિસ માટે સિન્ડિકેટે વોટર કુલર ખરીદવાનું નક્કી કરેલ તે બાબત અંગે ફાઇનાન્સ કમિટીની ભલામણ.

ફાઇનાન્સ કમિટીની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વોટર કૂલર ૧૦૦ ગેલન કેપેસિટીની ટેન્ક સાથેનું બૉમ્બે ગેરેજ (અમદાવાદ) લિ. પાસેથી રૂા. ૪,૨૦૦-૦-૦ બાદ ૧૫ ટકા (સેલ્સ ટેક્સ જુદો) ના ભાવે ખરીદવું અને વધારાના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ:-સિન્ડિકેટે આ માટે રૂા. ૩,૦૦૦-૦-૦ મંજૂર કર્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં વધારાનો ખર્ચ મંજૂર કરવો અને ૧૦૦ ગેલન કેપેસિટીનું વોટર કૂલર, બૉમ્બે ગેરેજ અને બ્લ્યુ સ્ટાર કંપની, એ બેમાંથી જેના ભાવ ઓછા હોય તેની પાસેથી ખરીદવાનું મંજૂર કરવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૩૮૫૧૭-૩૨ - ૧૯૫૩
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૯-૮-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ડ"

કામકાજ નં. ૧૨

A meeting of the Committee appointed by the Syndicate at its meeting held on 9-1-1953 to consider and report regarding the rates at which payments be paid for-

1. Preparing and supervising sketches and Blue prints required for the Engineering Examination, and

2. Cyclostyling the stencils of such sketches, was held on 4-7-1953 at 2-30 p.m. in the University Office. All the members were present.

The Committee recommends that the payments should be made as under:-

(a) For drawing sketch of $\frac{1}{4}$ fool-scape size or less Rs. 5/- per sketch.

(b) For drawing sketch bigger than $\frac{1}{4}$ fool-scap Rs. 10/- " "

(c) For Proof reading and supervising the cyclostyling of the Stencils ... ...Rs. 7-8-0 per day to per day to porson other than senior supervisor.

(d) For blue prints Rs. 0-4-0 per blue print.

The Colleges should be paid the actual cost of stencils, Duplicating papers, paper for blue prats required for the purpose.

Sd/- B. D. Patel
Sd/- A de Souza 4-7-53
Sd/- S. B. Junnarker 8-7-53

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૨૨ અને ૭૦

O. 15:- There shall be four Local Committees, one having Jurisdiction over the Ahmedabad City area and other three over the Area Outside the Ahmedabad city. viz. North Gujarat, South Gujarat, and Saurashtra and Kutch. North Gujarat shall include the Kaira, Sabarkantha, Mehsana, Banaskantha, Amreli and Ahmedabad Districts, except the Ahmedabad city. South Gujarat shall include the Panchmahals, Baroda, Broach and Surat Districts, excluding the area under the jurisdiction of the M. S. University of Baroda and Saurashtra and Kutch shall include the whole of Saurashtra State and Kutch.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૨૩

Statute 177-A.

The University shall award the Degree of Bachelor of Arts (External) to such students as have passed the qualifying Examinations for the Degrees of Bachelor of Arts (External) having been exempted from attendance at courses of studies at the affiliated colleges of the University by Regulations passed by the Academic Council in that behalf under Sec. 22(2) xi of the Act.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૨૫

નં. જન. ૨૫૯૦૪-૧૧-૧૯૫૩,
અમદાવાદ-૯, તા. ૧-૭-૫૩.

સ્ટેન્ડીંગ કમિટી ઓન ઈકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૨૭-૬-૫૩ના રોજ સવારના ૧૧-૩૦ કલાકે મળી હતી તે વખતે સભ્યોસદેહની હાજરી નીચે મુજબ હતીઃ

૧. શ્રી. વાઈસ-ચાન્સેલર — હાજર,
૨. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ — હાજર,
૩. ડૉ. એમ. ડી. પટેલ — હાજર,
૪. પ્રિન્સિપાલ એ. ડિ'સોઝા — હાજર,
૫. શ્રી. આર. સી. પરીખ — હાજર,
૬. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ — ગેરહાજર,
૭. પ્રિન્સિપાલ ટી. કે. મોદી — ગેરહાજર,
(સરકાર દ્વારા)
૮. પ્રિન્સિપાલ એમ. ડી. પટેલ — ગેરહાજર.

૧. તા. ૪-૧૨-૧૯૫૨ના રોજ મળેલી કમિટીની મિનિટ્સને બહાલી આપવા બાબત.

તા. ૪-૧૨-૧૯૫૨ની મિટીંગના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની બી.એ. તથા એમ.એ. ની પરીક્ષાઓ માન્ય રાખવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે મુંબઈ સ્ટેટની યુનિવર્સિટીઓએ આ પરીક્ષાઓ માન્ય કરી છે કે નહિ તે બાબત પૂછાવવું અને ત્યારપછી આ કામ કમિટી આગળ મૂકવું.

૩. શ્રી. બદ્દીના તા. ૩૧-૭-૧૯૫૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે સદરહુ કાગળ ઢંકાતરે કરવો.

૪. રજિસ્ટ્રાર, ઓસ્માનિયા યુનિવર્સિટીના પત્ર નં. ૮-બી-૧૩-૫૨ તા. ૨૯-૮-૧૯૫૨ ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઓસ્માનિયા યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માન્ય કરવા શું નિર્ણય લીધો છે તે અંગે પૂછાવવું.

૫. ગુરૂકુલ સુપા, નવસારીના કેટલાક સ્નાતકો તરફથી આવેલા પત્ર નં. ૧૮૯-અ. તા. ૨૬-૯-૧૯૫૨ પર વિચારણા કરવા બાબત.

અને

૬. ગુરૂકુલ વિશ્વવિદ્યાલય, કાંગરીના પત્ર નં. ૭૧૯ તા. ૯-૧૦-૧૯૫૨ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે ગુરૂકુળ વિશ્વવિદ્યાલય કાંગરીની પરીક્ષાઓ માન્ય કરી છે કે નહિ તે અંગે મુંબઈ સ્ટેટની બીજી યુનિવર્સિટીઓને પૂછાવવું.

૭. અ. સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સના ઠરાવ મુજબ અરસપરસ (Reciprocal Basis પર) પરીક્ષાઓ માન્ય રાખવા યુનિવર્સિટીઝ અને બૉર્ડ્ઝને લખેલું તેમાંથી કેટલીક યુનિવર્સિટીઝ અને બૉર્ડ્ઝના જવાબ આવેલા છે તે પર વિચારણા કરવા બાબત.

બ. ઉપરના ઠરાવ મુજબ બનારસ હિંદુ યુનિવર્સિટીને લખેલું, પરંતુ અવારનવાર યાદી આપ્યા છતાં બિલકુલ જવાબ નથી, તો હવે તે યુનિવર્સિટીની પરીક્ષાઓ માન્ય રાખવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

ક. બનારસ હિંદુ યુનિવર્સિટીના તા. ૧૭ ૨-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે :—

અ. જે યુનિવર્સિટીઓએ આપણી જેટલી પરીક્ષાઓ જે શરતે માન્ય કરી હોય, તેટલી જ પરીક્ષાઓ તે યુનિવર્સિટીની તે જ શરતે માન્ય કરવી. જે યુનિવર્સિટીએ આપણી જે જે પરીક્ષાઓ માન્ય ના કરી હોય, તે તે યુનિવર્સિટીને તે પરીક્ષાઓ માન્ય નહિ કરવાના કારણો પૂછાવવાં અને એલ.એલ.બી. પરીક્ષા માટે એલ.એલ.બી. ના નવો કોર્સ મોકલવો અને તે પરીક્ષા માન્ય કરવા લખવું. સોગર યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અને બી.એ. પરીક્ષાઓ આ યુનિવર્સિટીની પરીક્ષાઓ તુલ્ય ગણવી અને મદ્રાસ યુનિવર્સિટીએ આપણી કઇ કઇ પરીક્ષાઓ માન્ય કરી છે તે અંગે ચોક્કસ જવાબ મંગાવવો. અજમેર બૉર્ડની હાઈસ્કૂલ (દરેક વિષયમાં ૩૫ ટકા માર્કસ અથવા પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પાસ કરી હોય તો જ) ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અને ઇન્ટર કૉમર્સ (દરેક વિષયમાં ૪૦ ટકા માર્કસ સાથે ઇન્ટર કૉમર્સ પાસ કરી હોય તો જ.) પરીક્ષાઓ માન્ય રાખવી.

બ. બનારસ હિંદુ યુનિવર્સિટીને ફરીથી યાદી મોકલવી. (રિમાઈન્ડર કરવું)

ક. બનારસ હિંદુ યુનિવર્સિટીની બી.ફાર્મ પરીક્ષા માન્ય કરવી નહિ.

૮. સેક્રેટરી, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાના પત્ર નં. એફ. ૫-૬ ૪૯ ટી. ૧ તા. ૧૬-૧૨-૧૯૫૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે આ કામની વિચારણા તા. ૨-૭-૫૩ની મિટીંગમાં કરવી.

૯. રજિસ્ટ્રાર, જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટી, શ્રીનગરના પત્ર નં. કે. યુ. ૨૧૮૫ તા. ૨-૩-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટીની ફક્ત ઇન્ટર સાયન્સની પરીક્ષા આ યુનિવર્સિટીની તે પરીક્ષા તુલ્ય માન્ય કરવી. આ યુનિવર્સિટીની બીજી પરીક્ષાઓ શા કારણથી માન્ય રાખી નથી તે બાબત મુંબઈ યુનિવર્સિટીને પૂછાવવું અને આ પરીક્ષાઓના સીલેબસ અને પ્રશ્નપત્રો કાશ્મીર યુનિવર્સિટી પાસેથી મંગાવવાં

૧૦. સેક્રેટરી, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ આફ ઇન્ડિયાના પત્ર નં. ૬૪૭૬૪-૫૨ એસ. 3 તા. ૬-૩-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામની વિચારણા તા. ૨-૭-૫૩ની મિટીંગમાં કરવી.

૧૧. રજિસ્ટ્રાર, કર્ણાટક યુનિવર્સિટી, ધારવારના પત્ર નં. ૬૪૯૦ તા. ૧૬-૨-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે કર્ણાટક યુનિવર્સિટીની પરીક્ષાઓ જૂન ૧૯૫૫ સુધી માન્ય કરવી.

૧૨. રજિસ્ટ્રાર દિલ્હી યુનિવર્સિટી, દિલ્હીના પત્ર નં. સી-૬-ગુજરાત-૫૩ તા. ૨૦-૩-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પ્રિન્સિપાલ સી. સી. શાહને પૂછાવવું.

૧૩. રજિસ્ટ્રાર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરાના પત્ર નં. એમ.સી. ૭૩૯ તા. ૫-૬-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાની પરીક્ષાઓ તા. ૩૦મી જૂન ૧૯૫૬ સુધી માન્ય કરવી.

૧૪. ધી આસિસ્ટન્ટ એજ્યુકેશનલ એડવાઇઝર ટેક ટુ ધ ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાના પત્ર નં. એફ ૪૦-એ-આર. ઓ. (રેકગ્નીશન) ૫૨-૭ તા. ૩૦-૩-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પ્રિ ઍન્જિનિયરીંગ બૉર્ડ, દિલ્હીની પ્રિ ઍન્જિનિયરીંગની પરીક્ષાને ઍન્જિનિયરીંગ કોર્સમાં દાખલ થવા માટે આ યુનિવર્સિટીની ઈન્ટર સાયન્સ "એ ગ્રુપ" પરીક્ષા તુલ્ય ગણવી.

૧૫. શ્રી. સી. જે. દેસાઈ, અમદાવાદના તા. ૧૪-૩-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે જે જે બૉર્ડ અગર યુનિવર્સિટીની રેગ્યુલર ઈન્ટર આર્ટ્સ પરીક્ષાઓ માન્ય કરી હોય તે તે બૉર્ડ અગર યુનિવર્સિટીની બાનગી ઈન્ટર આર્ટ્સ પરીક્ષાઓ આ યુનિવર્સિટીની ઈન્ટર આર્ટ્સ (External) શરૂ થાય ત્યારે તેના તુલ્ય માન્ય કરવી.

૧૬. સેક્રેટરી, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, ન્યુ દિલ્હીના પત્ર નં. ડી. ૧૦૬૬-૫૩ એસ. ૩ તા. ૧-૪-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે સેક્રેટરી, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યુ દિલ્હીને જવાબ આપવો કે આ બાબત ઈન્ટર યુનિવર્સિટી બૉર્ડના નિર્ણય માટેની છે.

૧૭. મુંબઈ યુનિવર્સિટીના પત્ર નં. ૧૨૬૬૮ તા ૨૧-૪-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મધ્ય ભારત બૉર્ડ, ગ્વાલીયરની પરીક્ષાઓ મુંબઇ યુનિવર્સિટીએ જે શરતોએ માન્ય કરી છે તે જ શરતોએ આપણે માન્ય કરવી.

૧૮. શ્રી. જયંતકુમાર કે. પટેલના તા. ૨૧-૪-૧૯૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે શ્રી. જે. કે. પટેલ ફર્સ્ટ ઈયર ઍન્જિનિયરીંગમાં દાખલ થઈ શકે.

૧૯. પ્રિન્સિપાલ, લા માર્ટિનિયર કૉલેજ, લખનૌના પત્ર નં. મિસ-૭૪૮ તા. ૧-૫-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ બાબતમાં કાંઈ થઈ શકે તેમ નથી તેવો લા માર્ટિનીયર કૉલેજ, લખનૌના પ્રિન્સિપાલને જવાબ આપવો.

૨૦ શ્રી. બી. વી. પુરોહિતના તા. ૧૪-૫-૧૯૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે શ્રી. પુરોહિતની વિનંતી માન્ય કરવી નહિ.

૨૧. ડિરેક્ટર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના પત્ર નં. ૭૭.યુ./૧૦/૫૩/૪૦૨ તા. ૧૮-૫-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે ડિરેક્ટર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદની વિનંતી માન્ય રાખવી નહિ. પરંતુ બી.એસ.સી. ના આધારે પી.એચ.ડી. માટે રજિસ્ટર થઇ શકે તેમ જણાવવું.

૨૨. સેક્રેટરી, બૉર્ડ ઑફ હાયર સેકન્ડરી એજ્યુકેશન, દિલ્હીના પત્ર નં. ૯૦૮૧ તા. ૧-૬-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓને પૂછાવવું અને ત્યાર પછી આ કામ કમિટી આગળ ફરીથી મૂકવું.

૨૩. શ્રી. આર. એસ. ચોખવટિયા, વલ્લભવિદ્યાનગરના પત્ર તા. ૯-૬-૧૯૫૩ના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે શ્રી. ચોખવટિયાની વિનંતી માન્ય કરવી નહિ.

૨૪. પ્રિન્સિપાલ બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પત્ર નં. સી-૫૬૧ તા. ૧૦-૬-૧૯૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે પ્રિન્સિપાલ બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદની સૂચના મંજૂર કરવી.

૨૫. શ્રી. વિનય સી. શાહના તા. ૧૦-૬-૧૯૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે પુના યુનિવર્સિટી તરફથી આ યુનિવર્સિટીના ઑ. ૬૪-અ બાબત જવાબ ન આવે ત્યાં સુધી આ કામ મુલતવી રાખવું.

આ તબક્કે સમયના અભાવે કમિટીનું કામકાજ મુલતવી રાખવામાં આવ્યું અને તા. ૨-૭-૧૯૫૩ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે અગર સેનેટની મિટીંગ પૂરી થાય કે તરતજ કમિટીએ કામ શરૂ કરવું એમ ઠરાવવામાં આવ્યું.

રજિસ્ટ્રાર
ભદ્રિકલાલ અંબાલાલ પટેલ

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૨૬

નં. જન. ૨૭૦૮૪-૯૧-૧૯૫૩,
અમદાવાદ-૯, તા. ૬-૭-૧૯૫૩.

સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇકવીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સભા ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, તા ૨-૭-૫૩ને ગુરૂવારના રોજ બપોરે ૧૨-૩૦ વાગે મળી હતી, તે વખતે સભાસદોની હાજરી નીચે મુજબ હતી.

૧.	શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૩.	શ્રી. આર. સી. પરીખ	હાજર,
૪.	પ્રિ. એમ. એસ. શાહ	હાજર,
૫.	પ્રિ. એ. ડિ સોઝા	ગેરહાજર,
૬.	પ્રિ. એસ. વી. દેસાઈ	ગેરહાજર,
૭.	પ્રિ. ટી. કે. મોદી (સરદાર દાવર)	ગેરહાજર,
૮.	પ્રિ. એમ ડી. પટેલ	ગેરહાજર,

૧. સેક્રેટરી, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાના પત્ર નં. એફ ૫-૬ ૪૯ ટી. ૧ તા. ૧૬-૧૨-૧૯૫૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટી હાઇયર સેકન્ડરી ટેકનીકલ સર્ટિફિકેટ એકઝામિનેશન અંગે જ્યાં સુધી નિર્ણય ના કરે ત્યાં સુધી આ કામ મુલતવી રાખવું.

૨. સેક્રેટરી એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયાના પત્ર નં. ૧૪૭૭૪-૫૨ વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મલાયાના પોસ્ટ સ્કૂલ સર્ટિફિકેટ કોર્સમાં સાયન્સના અભ્યાસનો સમાવેશ થતો નહિ હોવાથી એમ.બી.,બી.એસ. અગર બી.ઇ. બી.એસ.સી. (એન્જિનિયરીંગ) માં દાખલ થવા માન્ય કરવી નહિ.

૩. રજિસ્ટ્રાર, મુંબઇ યુનિવર્સિટીના પત્ર નં. ૧૭૫૨૧ તા. ૨૨-૬-૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીનો આખરી નિર્ણય આવે નહિ ત્યાં સુધી આ કામની વિચારણા મુલતવી રાખવી.

૪. રજિસ્ટ્રાર, મુંબઇ યુનિવર્સિટીના પત્ર નં. ૧૭૮૦૬ તા. ૨૩-૬-૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મુંબઇ યુનિવર્સિટીની નીચે જણાવેલી પરીક્ષાઓ ૧૯૫૫ના જુન સુધી માન્ય કરવી :—

૧. ઇન્ટર આર્ટ્સ, ૨. ઇન્ટર સાયન્સ, ૩. ઈન્ટર કૉમર્સ, ૪. બી એ., ૫. બી.એસ.સી. (ઓન.), ૬. બી.એસ.સી. (જનરલ), ૭. બી.કૉમ., ૮. એમ એ., ૯. એમ.એસ.સી., ૧૦. એમ. કૉમ., ૧૧. એફ.ઇ., ૧૨. એસ.ઈ., ૧૩. બી.ઇ., ૧૪. સેકન્ડ એલ.એલ.બી., અને ૧૫. ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ એમ.બી.,બા.એસ. તદુપરાંત એમ ઠરાવવામાં આવ્યું કે ફર્સ્ટ ઇયર પરીક્ષા માટે મુંબઇ યુનિવર્સિટીના સ્ટેટ્યુટ નં. ૨૦૪ એમ. ની જે શરત મૂકી છે તે માટે તે યુનિવર્સિટીને પત્ર લખવો કે કેટલીક યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં ફક્ત ચાર કે પાંચ જ વિષય ૪૦૦ કે ૫૦૦ માર્કસના હોય છે છતાં તે માન્ય રાખવામાં આવી છે તે જોતાં આ શરત મૂકવા વ્યાજબી નથી. મુંબઇ યુનિવર્સિટીની બી.એસ.સી. (સબ્સીડિયરી) પરીક્ષા પાસ કરીને આ યુનિવર્સિટીની બી.એસ.સી. (પ્રિન્સિપાલ) પરીક્ષામાં બેસે તેમને ડીસ્ટીન્કશન અને શ્રેણી 'ક્લાસીસ" માટે લાયક ગણવા પરંતુ ઇનામો, શિષ્યવૃત્તિ અને યુનિવર્સિટી તરફથી અપાતા બીજા ગ્રેડેઝ માટે લાયક ગણવા નહિ.

૫. પૂના યુનિવર્સિટીએ આ યુનિવર્સિટીની પરીક્ષાઓ તા. ૧-૬-૫૩ સુધી માન્ય કરેલી હતી. આ મુદત વધારવા માટે તે યુનિવર્સિટીને લખેલું છે પરંતુ હજુ સુધી જવાબ નથી. તે દરમિયાન તા. ૧-૬-૫૩ પછી પૂના યુનિવર્સિટીની પરીક્ષા પસાર કરી આ યુનિવર્સિટીમાં દાખલ થવા માગતા પૂના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ આપવું કે કેમ તે માટે વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે તા. ૧-૬-૫૩ પછી પૂના યુનિવર્સિટીની પરીક્ષા પસાર કરી આ યુનિવર્સિટીની કૉલેજમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓને, પૂના યુનિવર્સિટીના આપણા વિદ્યાર્થીઓને માટે આપણી પરક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કર્યા વિશેનો જવાબ આવે નહિ ત્યાં સુધી ઍલિજિબિલિટિ સર્ટિફિકેટ આપવું નહિ.

૬. મુંબઇ યુનિવર્સિટીના સુધારેલા રેગ્યુલેશન ૩ માં કેટલીક પરીક્ષાઓ માન્ય કરેલી છે, તો તે પરીક્ષાઓ આપણે માન્ય કરવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મુંબઇ યુનિવર્સિટીના સુધારેલા રેગ્યુલેશન ત્રણ, પેમ્ફલેટ નં. ૧૮ માં જણાવેલ પરીક્ષાઓ જો તે યુનિવર્સિટીઓ આપણી પરીક્ષાઓ માન્ય રાખે તો માન્ય કરવી.

૭. શ્રી. શ્યામ સુખવાનીએ સિંધ યુનિવર્સિટીની મેટ્રીકયુલેશન એકઝામિનેશન ૧૯૫૦ માં પાસ કરી છે હવે તેમને ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ગુજરાત યુનિવર્સિટીમાં દાખલ થવા ઍલિ-

જિબિલિટિ સર્ટિફીકેટની અરજી કરી છે તેા તે આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે શ્રી. ગ્યાન સુખવાનીને ઍલિજિબિલિટિ સર્ટિફિકેટ આપવું.

૮. શ્રી. એમ. ડી. દેસાઇ, સુપ્રિન્ટેન્ડન્ટ, શેઠ વાડિલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ, અમદાવાદના પત્ર નં. ડી. ઑ. ૮૫૩–૫૩૮૪ તા. ૨૪–૬–૫૩ પર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે શ્રી. એમ. ડી. દેસાઇ પાસે સર્ટિફિકેટ ઑફ માર્કસ, અભ્યાસક્રમ અને પ્રશ્નપત્રો વિ. મંગાવવાં.

૯. સંગતસીંગ સુખ્યાના તા. ૨૨–૬–૫૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવ કરવામાં આવે છે કે શ્રી. સંગતસીંગ સુખ્યાની વિનંતી માન્ય રાખવી નહિ.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૪૭

અમદાવાદ, તા. ૧૩ ઑગસ્ટ ૧૯૫૩.

સિન્ડિકેટની તા. ૧-૮-૧૯૫૩ની બેઠકના કામકાજ નં. ૧૦૮ બાબતમાં જુદી જુદી કૉલેજો તરફથી યુનિવર્સિટી પરીક્ષાઓની ફી તથા એનરોલમેન્ટ ફી વસુલ કરવા બાબતમાં મારી નીચે પ્રમાણે સૂચના છે:

૧. હાલ ફી વસુલ કરવા બાબતમાં જે પ્રથા છે તે ચાલુ રાખવી.

૨. વસુલ કરેલી ફી માટે "મની ઈન ટ્રાન્ઝીટ" તથા "મની ઇન સેઇફ" ના વિમો લેવો.

૩. કૉલેજોને વસુલ કરેલી ફી માટે નીચેની સાવચેતી રાખવા સૂચના આપવી:

૧. કોઇપણ દિવસે રૂા. ૫૦૦-૦-૦ થી વધુ રકમ વસુલ કરવામાં આવે તો તે રકમ બીજે જ દિવસે બેન્કમાં ભરવી.

૨. રૂા. ૧,૦૦૦-૦-૦ કરતાં વધારે રકમ બેન્કમાં ભરવાની હોય તો તે માટે બે માણસોને મોકલવા.

આ સૂચનાથી વાર્ષિક રૂા. ૩૦૦-૦-૦ નું ખર્ચ યુનિવર્સિટીને થશે.

સહી. ભ. ચં. પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "જ"

કામકાજ નં. ૫૮

EMPLOYMENT BUREAU.

No. EMP/1701
Ahmedabad–9.
Dt. 31st July, 1953.

The Eighth Meeting of the Sub–Committee appointed by the Syndicate to examine the question of training of students for the various competitive examinations held by the Union Public Service Commission, was held in the University Office at 12–30 p.m. on Friday the 31st July 1953, when the attendance was as under:–

1.	The Vice–Chancellor	P
2.	Shri P. G. Shah	P
3.	Prin. S. V. Desai	A
4.	Shri B. K. Mazumdar	A
5.	Shri B. D. Patel	P
6.	Prin. S. B. Junnarkar	A.

Prof. Y. G. Naik and Prof. S. R. Bhatt were present by special invitation.

After discussion it was resolved to send the following recommendations to the Syndicate:–

1. The coaching classes at Ahmedabad be started from the 16th August 1953 and the following be the arrangement of terms:

	From	To
1st term	16th August 1953	10th October 1953
2nd term	15th November 1953	30th January 1954

A written test after each term may be held.

2. Prof. S. R. Bhatt and Prof. Y. G. Naik be appointed as Conveners for Arts subjects and Science subjects respectively.

3. The classes be conducted at Gujarat College, Ahmedabad, and Law College, Ahmedabad.

4. A college may be allowed to do coaching for these examinations if it has at least five first class or high second class candidates prepared to take coaching.

5. The following scheme for coaching classes may be adopted:–

Subjects:	**Maximum periods for two terms:**	**Name of the Lecturer:**
Compulsory subjects:		
(1) General English	16	Prof. S. R. Bhattt, Prof. F. C. Davar, Prof. C. N. Patel
(2) English Essay	16	
(3) General Knowledge	16	

Voluntary Subjects:

(1)	History	16	Prof. N. B. Naik
(2)	Politics	16	Prof. D. N. Pathak
(3)	Economics	16	Prof. S. R. Mehta
(4)	Physics including Higher Physics	18	Dr. Gatha Dr. Vachaspati Dr. Y. G. Naik
(5)	Chemistry including Higher Chemistry	20	Dr. M. S. Shah Dr. R. D. Desai Dr. N. M. Shah Dr. T. M. Oza Dr. A.M. Trivedi

6. Over and above the regular coaching classes, talks, discussions and lectures by distinguished persons be arranged and they may be paid Travelling Allowance etc. as per University Rules. It is suggested that the following gentlemen be invited and others may be invited whenever possible:-

(1) Shri B. P. Patel, Municipal Commissioner, Ahmedabad.

(2) Shri S. H. Jagad, Deputy Collector, Broach.

(3) Shri J. V. Vyas, Prant Officer, Viramgam

(4) Shri Dagli, Manager, P.T.I. Ahmedabad.

(5) Dr. K. R. Ramanathan, Ahmedabad.

(6) Dr. Vikram Sarabhai, Ahmedabad.

7. The lecturer may be paid Rs. 15/- per lecture for not more than maximum lectures mentioned against each subject.

8. Two sets of books, suggested by the Conveners and Shri P. G. Shah be purchased and kept in the University Library.

9.

	Expected Receipts:	**Expected Expenditure:**
Ahmedabad Centre	Rs. 1800/-	Rs. 3000/-
Anand Centre	Rs. 1000/-	Rs. 2400/-

The meeting then terminated

B. A. Patel
Registrar

પરિશિષ્ટ "જ"

કામકાજ નં. ૬૧

નં. સિ. ૩૬૧૦૮-૧૩. ૧૯૫૩,
અમદાવાદ-૯. તા. ૧૪-૮-૫૩.

ઍફિલિએટેડ કૉલેજોના અને માન્ય થયેલ સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા અને રિપોર્ટ કરવા સિન્ડિકેટે નીમેલી સ્ટેન્ડીંગ કમિટીની પાંચમી બેઠક ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં ગુરૂવાર તા. ૩૦-૭-૧૯૫૩ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે મળેલી જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ દ્વિવેદીયા વાઇસ-ચા. સેલર	હાજર,
૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર,
૩.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	હાજર,
૪.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૫.	ડૉ. સી. એસ. પટેલ	ગેરહાજર,
૬.	પ્રિન્સિપાલ એ. ડિ સોગા	હાજર,

એજન્ડા ઉપરનું બીજું કામકાજ હાથ ઉપર લેતાં પહેલાં કમિટીએ કેટલીક ચર્ચા અંતે ઠરાવ્યું કે કમિટીની બેઠક દર વર્ષે જુલાઇ, ઑગ', ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં અને જાન્યુઆરીમાં ભરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઍફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાઓને પરિપત્રથી જણાવવવું કે સ્ટાફના કોઇ સભ્ય જે તે કૉલેજ/સંસ્થાના સ્ટાફના સભ્ય તરીકે બંધ થાય કે તરતજ તેનો રિપોર્ટ મુકરર કરેલા ફોર્મમાં યુનિવર્સિટીને કરવો અને પછી નવા સભ્યની નિમણૂક કરવામાં આવે કે તરતજ મુકરર કરેલા ફોર્મમાં યુનિવર્સિટીને સંપૂર્ણ રિપોર્ટ કરવો. સ્ટાફના સભ્ય તરીકે બંધ થયેલા માણસની જગ્યાએ જો બીજા કોઈ માણસને નીમવાની જરૂર ન હોય તો તે પ્રમાણે જણાવવા કહેવું.

૧. તા. ૫-૨-૧૯૫૩ના રોજ મળેલી ખાસ બેઠકની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૫-૨-૧૯૫૩ના રોજ મળેલી ખાસ બેઠકની નોંધને બહાલી આપવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. ચેન્જીસ ઇન કૉલેજ સ્ટાફની સ્ટેડીંગ કમિટીની ભલામણ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર કૉલેજોએ મોકલાવેલી ચાલુ સ્ટાફના સભ્યોનાં નામની અને ૧૯૫૨ના જૂન પછી જોડાયેલા સ્ટાફના સભ્યોની જોડાણ તારીખ સાથેની યાદી ઉપરથી અને એન્યુઅલ રિટર્ન્સ

ઉપરથી ચેક કરી જે જે કૉલેજોએ જૂન ૧૯૫૨ પછી જોડાએલા સ્ટાફના સભ્યોનો રિપોર્ટ મુકરર કરેલા ફૉર્મમાં નથી કર્યો તે તે કોલેજોના સ્ટાફના મજકૂર સભ્યોનાં નામ સાથેની તૈયાર કરેલી યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ/સંસ્થા પાસેથી મુકરર કરેલા ફૉર્મમાં સ્ટાફના જે સભ્યો બાબત તેમણે રિપોર્ટ કર્યો જ નથી તે સભ્યોના રિપોર્ટ મંગાવવા અને વખતસર આ રિપોર્ટ કેમ મોકલ્યા નથી તે બાબત કૉલેજ/સંસ્થાનો ખુલાસો માગવો.

૩. તા. ૫-૨-૧૯૫૩ના રોજ મળેલ ખાસ બેઠક વખતે, ઍફિલિએટેડ કૉલેજો અને માન્ય થયેલ સંસ્થાઓના સ્ટાફમાં થયેલ ફેરફારમાંની નીચે જણાવેલી કૉલેજોના સભ્યોનાં નામ સામે જણાવેલી મંગાવવામાં આવેલી હકીકત:

	હકીકત
૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ. ૧. શ્રીમતી ડી પી. પંડિત ૨. શ્રી. સી. એસ. ત્રિવેદી ૩. શ્રી. જે. એલ. ધોળકીયા	સામે જણાવેલ ત્રણે સભ્યો કયારે જોડાયા? તેઓ અત્યારે સ્ટાફ ઉપર ચાલુ છે કે કેમ? અને જો ચાલુ ન હોય તો કૉલેજ કયારે છોડી? તે અંગેનો રિપોર્ટ સત્વરે કેમ નથી કર્યો તે બાબત વિષે કૉલેજને પૂછાવતાં તેના જવાબમાં આવેલ પત્ર.
૨. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ. ૧. શ્રી. એસ. પી. શાહ	તેમણે બી.કૉમ. ડિગ્રી કયા વરસે, કયા કલાસ અને ઓપ્શનલ વિષય સાથે મેળવી અને એમ.કૉમ. ડિગ્રી તેમણે કયા કલાસ અને વિષયો સાથે મેળવી તે બાબતમાં પૂછાવતાં તેના જવાબમાં કૉલેજનો આવેલ પત્ર.
૩. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર. ૧. શ્રી. એસ. એસ. દવે, ૨. શ્રી. ટી. વી. પરમાર.	તેઓ બંને કોઇ સ્કૂલ, કૉલેજ અથવા બીજે સ્થળે સર્વિસ કરે છે કે કેમ અને સર્વિસ કરતા હોય તો કયા દરજ્જામાં? મજકૂર બાબતમાં પૂછાવતાં તેના જવાબમાં કૉલેજનો આવેલ પત્ર.

	હકીકત
૪. વર્મેન્દ્રસિંહજી કૉલેજ અૅ ડ કોટક ઇન્સ્ટીટ્યુટ ઑફ્ સાયન્સ, રાજકોટ.	
૧. શ્રી. આઈ. એસ. જોષીપુરા	એમ.એ. માં કયા વિષયો લીધા હતા તે અને "ગુજરાતી" પ્રિન્સિપાલ વિષય હતો કે નહિ તે બાબત અંગે પૂછાવતાં તેના જવાબમાં કૉલેજનો આવેલ પત્ર.
૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	
૧. શ્રી. પી. વી શાહ ૨. શ્રી. એન. સી. દેસાઈ ૩. શ્રી ડી. સી. ત્રિવેદી	સામે જણાવેલ ત્રણે સભ્યોની પ્રોફેશનલ સ્ટેન્ડીંગ કેટલી છે? તે અંગે પૂછાવતાં અને એક ટર્મ માટેનો પ્રોગ્રેશન પિરિયડ ચાલી શકે નહિ તેથી નિમણૂક માટે એક વર્ષનો પ્રોગ્રેશન પિરિયડ જોઈએ તે જણાવતાં તે અંગે જવાબમાં આવેલ કૉલેજનો પત્ર.
૬. એલ. ડી. ઍન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદ.	
૧. શ્રી. એસ. બી. કુમ્તા	એમણે કયા કલાસ સાથે બી.ઈ. (સિવિલ) ડિગ્રી મેળવી છે તે બાબતમાં પૂછાવતાં તે અંગે કૉલેજ તરફથી આવેલ પત્ર.
૯. વાડીલાલ સારાભાઇ જનરલ હૉસ્પિટલ અને ગઠ ચિનાઈ મેટર્નિટી હોમ, અમદાવાદ:	
૧. શ્રી. ડૉ. એમ. ડી. પટેલ, ૨. શ્રી. ડૉ. એમ પી. અમીન.	સ્ટાફના ઉપરના બંને સભ્યો "એફ્રેક્ટ ટિચીંગ વર્ક શું કરે છે અને કયા બેસિસ તથા સંજોગો અનુસાર યુનિટ્સની સંખ્યા વધારવામાં આવી છે? ટિચીંગ વર્કમાં શું વધારો થયો છે કે જેથી વધારાની નિમણૂંકો કરવાની અને યુનિટ્સની સંખ્યા વધારવાની જરૂર ઉભી થઈ છે? આ બાબત અંગે સદરહુ સંસ્થાને પૂછાવતાં તેના જવાબમાં આવેલ પત્ર.

૧. આથી કરાવવામાં આવે છે કે શ્રી. ત્રિવેદી કૉલેજમાં જોડાયા ત્યારે શા માટે રિપોર્ટ કરવામાં આવ્યો ન હતો તે પૂછાવવું.

૨. શ્રી. એસ પી. શાહની નિમણૂંક મંજૂર કરવા.

૩. શ્રી. એસ. એસ. દવે અને શ્રી. ટી. વી. પરમાર સામળદાસ કૉલેજ, ભાવનગરમાં કેટલા પિરિયડનું કામ કરે છે તે પૂછાવવું.

૪. શ્રી. આઇ. એસ. જોષીપુરાની નિમણૂક મંજૂર કરવી.

૫. ૧. શ્રી. પી. વી. શાહ ૨. શ્રી એન સી. દેસાઇ અને ૩. શ્રી. ડી. સી ત્રિવેદીની નિમણૂંક અંગેનો એક ટર્મ માટેનો પ્રોબેશન પિરિયડ ચાલી શકે નહીં અને એક વર્ષનો પ્રોબેશન પિરિયડ જોઇએ તો તેમ શાથી કરવામાં આવ્યું નથી તે ફરીથી પૂછાવવું.

૬. શ્રી. એસ બી. કુમ્તાની નિમણૂંક મંજૂર કરવી.

૭. ટિચીંગ વર્કમાં શું વધારો થયો છે કે જેથી વધારાની નિમણૂકો કરવાની અને યુનિટ્સની સંખ્યા વધારવાની જરૂર ઉભી થઇ છે ? આનો જવાબ મંગાવવો. તે ઉપરાંત બધા શિક્ષકોનાં ટાઇમટેબલ મંગાવવાં.

૪. એસ. બી. ગાર્ડા કૉલેજ ઑન્ડ બી. પી. ભારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારીમાં મૂળથીજ બી. એ. જનરલ અને સ્પેશિયલ મેથેમેટીકસમાં ભાગ્યે એક બે વિદ્યાર્થી આવ્યા હતા અને સબ્સીડીયરી બી. એ. મેથેમેટીકસમાં તો એક પણ વિદ્યાર્થી નહિ હોવાથી તેમજ ૧૯૫૨-૫૩ની આખી પહેલી ટર્મ વાટ જોવા છતાં પણ મજકૂર વિષયમાં એક પણ વિદ્યાર્થી નહી આવતાં, તેમજ ફર્સ્ટ ઇયર "એ" અને "બી" અને ઇન્ટરમિડિએટ આર્ટ્સ અને સાયન્સમાં મજકૂર વિષય શિખવાડવા માટે બે પૂરતા શિક્ષકો હોવાથી ત્રીજા શિક્ષકની જરૂર નહિ જણાતાં ત્રીજા શિક્ષકને કમી કરતાં તે બાબતની જાણ કરવા સારૂ મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના પત્ર ઉપરથી ઠરાવવામાં આવેલ કે મેથેમેટીકસ (સબ્સીડિયરી)ના વિદ્યાર્થીઓ અને એઓએ મેથેમેટીકસ (પ્રિન્સિપાલ) લીધું હોય તેમના શિક્ષણ માટે શું વ્યવસ્થા કરી છે તે પૂછાવવુ અને કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું કે શ્રી. આર. ડી. દેસાઇ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી. પરંતુ શ્રી. આર. ડી. દેસાઇની શિક્ષક અંગેની લાયકાત ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૧૦-૭-૧૯૫૨ની ત્રીજી બેઠક વખતે સ્વીકારાયેલી છે તો તે અંગે ઠરાવમાં ઘટતો ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મેથેમેટિકસમાં બી.એસ.સી. (પ્રિન્સિપાલ), બી.એસ.સી (સબ્સીડિયરી), બી.એ. (જનરલ), બી.એ. (સ્પેશિયલ), ઈન્ટર આર્ટ્સ અને ઈન્ટર સાયન્સમાં મેથેમેટીકસ અને સ્ટેટીસ્ટીકસ પેપર અને ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સના વર્ગોમાં "મેથેમેટીકસ" લીધું હોય એવા વિદ્યાર્થીઓની કલાસવાર અલગ અલગ સંખ્યા પુછાવવી અને બધા વર્ગોનાં "મેથેમેટિકસનાં" ટાઈમ ટેબલો મંગાવવાં. શ્રી. ગોથોસ્કર ભૂગોળમાં કેટલા વિષયો લેતા હતા તે અને શ્રી. એમ. જી. દેસાઈને છૂટા કરવામાં આવ્યા છે કે નહિ ? અને છૂટા કરવામાં આવ્યાં હોય તો યુનિવર્સિટી નિર્ણય લે તે પહેલાં શા માટે છૂટા કરવામાં આવ્યા છે તે પૂછાવવું.

૫. ચેન્જીઝ ઇન કૉલેજ સ્ટાફના અંગેની સ્ટેન્ડીંગ કમિટીની ભલામણ ઉપરના તા. ૭-૩-૫૩ના સિન્ડિકેટના નિર્ણયાનુસાર શ્રી. એન. જે. ત્રિવેદીની કરેલી પાર્ટ ટાઈમ નિમણૂક ચલાવી શકાય નહિ તેથી ફુલ ટાઇમ જોઇએ તેમજ તેઓ યુનિવર્સિટીએ મુકરર કરેલી લાયકાત ધરાવતા નથી એમ જણાવતાં તેના સંબંધમાં તેમની નિમણૂક મંજૂર કરવા માટે ફરીથી વિચારણા કરવા માટે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના પ્રિન્સિપાલ તરફથી આવેલ પત્ર

આથી ઠરાવવામાં આથે છે કે શ્રી. એન. જે. ત્રિવેદી મુકરર કરેલી લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમની નિમણૂંક મંજૂર કરી શકાય તેમ નથી એવો જવાબ આપવો.

૬. ગુજરાત યુનિવર્સિટીની હકુમત તળે આવેલી કેટલીક કૉમર્સ કૉલેજોમાં જોડાણ અંગેની શરતોમાં સ્ટાફના ડેઝીગ્નેશનના સંબંધમાં ગેરવ્યવસ્થા પ્રવર્તતી હોવાથી તેમજ ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની જરૂરિયાતો તેમજ તેના નિયમો બરાબર પળાતા નથી તથા એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં "એસોસીએટ પ્રોફેસર"નું ડેઝીગ્નેશન કયા હેતુસર વપરાય છે કે જે ડેઝીગ્નેશન યુનિવર્સિટી ઍક્ટ તેમજ તે અંગેના પરિપત્રોમાં નિયત કરેલું નથી તે અંગે ટીકા કરતા અને સેનેટના સભ્ય તરીકે આ સંબંધમાં આ યુનિવર્સિટી તરફથી તપાસ કરતાં છેવટનું પરીણામ જણાવવા બાબતના એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલ અ. ક. ત્રિવેદીના આવેલ તા. ૧૧-૩-૧૯૫૩ના પત્રાંક નં. ૪૮૪૧-૫૨-૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અ. ક. ત્રિવેદીના પત્રના મુદ્દા સંબંધી નીચે પ્રમાણે જવાબ આપવો:

૧. કમિટી પત્ર ઉપર વિચારણા કરી એવો અભિપ્રાય આપે છે કે કાગળમાં જણાવેલા બાબતોમાં અનિયમિતતા નથી અને નિયમનનું ઉલંઘન નથી.

૨. એસોસીએટ પ્રોફેસરો બધા પાર્ટ ટાઈમ હોય છે અને તેઓ નીચેના શબ્દોમાં 'આવી જાય છે. "Such other persons imparting instruction"

૩. જે સ્થળે સિન્ડિકેટના સભ્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બાબતની પત્રમાંની ભાષા અને ટોનની બાબત કમિટી નાપસંદગી વ્યક્ત કરે છે

૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના પ્રિન્સિપાલ "ઇકોનોમિક્સ અને બેન્કીંગ" ના પ્રોફેસર છે.

૫. દરેક કૉમર્સ કૉલેજમાં "કૉમર્સ" એ "મેજર" વિષય હોય છે.

૭. નીચે જણાવેલ માન્ય સંસ્થાઓ અને ઍફિલિએટેડ કૉલેજોના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફારઃ

૧. એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદ-૯.

૨. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.

૩. સર લલ્લુભાઈ શાહ લૉ કૉલેજ, અમદાવાદ.
૪. મોરબી ઍન્જિનિયરીંગ કૉલેજ, મોરબી
૫. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર.
૬. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૭. એમ. એન. કૉલેજ, વિસનગર.
૮. એમ. ટી. બી. કૉલેજ. આથવા લાઇન્સ, સૂરત.
૯. વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.
૧૦. બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ
૧૧. ભીખાભાઈ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર, વાયા આણંદ.
૧૨. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદ.
૧૩. પેટલાદ કૉલેજ, પેટલાદ.
૧૪. સાર્વજનિક લૉ કૉલેજ, સૂરત.
૧૫. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરત.
૧૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
૧૭. ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૧૮. સામળદાસ કૉલેજ, ભાવનગર
૧૯. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ સ્ટાફમાં થયેલા ફેરફારો મંજૂર કરવાઃ

કૉલેજનું નામ	સ્ટાફના સભ્યનું નામ
૧. એલ. ડી. કૉલેજ ઑફ ઍન્જિનિયરીંગ, અમદાવાદ–૯.	૧. શ્રી. જી. જે. કુલકર્ણી, ૨. શ્રી. એમ. વી. દેશપાંડે, ૩. શ્રી. ડી. જી. ધવલીકર, ૪. શ્રી. કે. ડી. ઓઝા, ૫. શ્રી. જે. આર. દેરાસરી, ૬. શ્રી. કે. પી. પઢિયાર, ૭. શ્રી. પુખરાજ ધેલત, ૮. શ્રી. ડી. એલ. મહેતા, ૯. શ્રી. ડી. બી. શાહ, ૧૦. શ્રી. આર. એલ. સોની.

૨. બહાઉદ્દીન કૉલેજ, જુનાગઢ.	૧. શ્રી. એમ. એસ. દ્વાસી, ૨. શ્રી. પી. સી. શાહ, ૩. શ્રી. જે. એન. ધરપ.
૩. સર લલ્લુભાઇ શાહ લૉ કૉલેજ, (આર્ટ્સ સેકશન) અમદાવાદ.	૧. શ્રી. એન. એન. ભગત, ૨. શ્રી. આર. એસ કાકોર, ૩. શ્રી. એમ. ડી. ભટ્ટ, ૪. શ્રી. જે. જે. દેસાઇ, ૫. મિસ કાંગા બી. જાલ, ૬. શ્રી. એમ. સી. મોદી. ૭. શ્રી. એસ. આર. ભટ્ટ, ૮. શ્રી. એ. જે. જાની, ૯. શ્રી. એમ. સી. દેસાઇ.
૪. મોરબી એન્જિનિયરીંગ કૉલેજ, મોરબી	૧. શ્રી. એસ એસ. ભાટીઆ.
૫ એમ. જે. કૉમ્રેજ ઑફ કૉમર્સ, ભાવનગર.	૧. ડૉ. એમ. બી. દેસાઇ.
૬. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.	૧. શ્રી. પી સી. સેજવલકર, ૨. શ્રી. જી. કે. જી. જોષી, ૩. શ્રી. બી. પી. ત્રિપાઠી.
૭. એમ એન. કૉલેજ, વિસનગર.	૧. શ્રી. બી. વાય. મરીઅપ્પાગૌડર, ૨. શ્રી કે. કે. નાયક, ૩. ડૉ. બી એસ. નવલકર
૮. એમ. ટી. બી. કૉલેજ, સૂરત.	૧. મિસ સિતા શાહાની.
૯. વિ પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર,	૧. શ્રી. સી. એસ. પટેલ, ૨. શ્રી આર. એ. વીરકર, ૩. મિસ એન. એમ. સોલંકી, ૪. શ્રી. એસ. પી. વેરાગકર, ૫. શ્રી. આઈ. એમ. પંડયા, ૬. શ્રી. ટી. પી. ચિતાનંદ, ૭. શ્રી. એન એ. દુથી છુટા થયા છે.
૧૦. બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	૧. શ્રી. વી. કે. ચાવડા, ૨. શ્રી. એમ. એલ. જોશી, ૩. શ્રી. આર. જે. ઠાકર.

૧૧. બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર.	૧. શ્રી. એ. એસ. પ્રભુ દેસાઈ, ૨. શ્રી. આઇ. આર. શાહ. ૩. શ્રી. એ. જે. પટેલ, ૪. શ્રી. એચ. વી. વહોરા, ૫. શ્રી. વી. ડી. વ્યાસ.
૧૨. જે. ઍન્ડ જે કૉલેજ, ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદ.	૧. ડૉ. કે. જી. નાયક.
૧૩. પેટલાદ કૉલેજ, પેટલાદ.	૧. શ્રી. બી. જી. જોષી, ૨. શ્રી જે. જી. જોગલેકર (લૉજીકમાં લેકચરર તરીકે મંજૂર રાખવા પણ ઇંગ્લીશમાં લેકચરર તરીકે મંજૂર રાખવા નહિ.) ૩. શ્રી. એચ. એસ. ભાવસાર, ૪. શ્રી કે. પી. ટીપનીસ (પણ તેમને જણાવવું કે ફૅકલ્ટીની પસંદગી માટે આર્ટ્સ અને સાયન્સ બંનેમાંથી તેમણે એક ફૅકલ્ટી પસંદ કરવા જોઇએ)
૧૪. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત	૧. શ્રી. આર. ડી. પરીખ,
૧૫. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	૧. શ્રી. ડી. એન. દેસાઇ, ૨. શ્રી. ટી. એમ. વકીલ. (ફેલોને બદલે તેમને ફેલો અને અને પાર્ટ ટાઇમ લેકચર એવો હોદ્દો આપવો જોઇએ.)
૧૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદ.	૧. શ્રી. એસ. ડી. મુદ્દાલીઓ, ૨. શ્રીમતી સી. બી. ત્રિવેદી, ૩. શ્રી. આર. કે. અમીન ૪. શ્રી. એચ. એ. મજમુદાર.
૧૭. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	૧. શ્રી. એમ. એન. પટેલ, ૨. શ્રી. સી. સી. યાળજીજી, ૩. શ્રી. બી. બી. ત્રિવેદી, ૪. શ્રી. બી. એ. દેસાઇ, ૫. શ્રી. ચી. ટી. ઓઝા, ૬. શ્રી. આર. જી. નાયક, ૭. શ્રી. એસ. કે. શ્રીનિવાસ,

૧૮. સામળદાસ કૉલેજ અને સર પી. પી. ઇન્સ્ટીટ્યુટ આફ સાયન્સ, ભાવનગર.	૧. શ્રી. આઈ. આર. દવે, ૨. શ્રી. એમ. સી. શાહ, ૩. શ્રી. ડી. એન. પંડિત,
૧૯. એસ. બી. ગાર્ડા કૉલેજ અને બ. પે. બારિયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, નવસારી.	૧. મિસ એન. સી. સાલ્ડાન્હા

જે. એમ. મહેતા
for રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "૮"

કામકાજ નં. ૬૨

Registrar's Report on Resolution No. 2 (a) 1st paragraph, Resolution No. 3 (iii), Resolution No. 8, Resolution No. 9, Resolution No. 10, and Resolution No. 12 (a) of the Minutes of the Standing Committee of the Inter-University held in Delhi on 18-4-53, pursuant to the resolution of the Syndicate.

Resolution No.	Report
(1) Resolution 2 (a) 1st paragraph courses in Agriculture.	The Information as per Appendix 'A' may be supplied to the Secretary, Inter-University Board New Delhi.
(2) Resolution No. 3 (iii).	The Secretary may be requested to inform the Government of Indian that our University is shortly starting statistics Department.
(3) Resolution No. 8.	As the matter pertains to Faculty of Commerce, it should be placed before it and the Secretary may be informed accordingly.
(3) Resolution No. 9.	Placed before the standing Committee for equivalence of Examination and the Secretary may be informed accordingly.
(5) Resolution No. 10.	–do–
(6) Resolution No. 12 (a).	The information as per Appendix 'B' may be supplied to the Secretary, Inter-University Board of India, New Delhi.

Appendix 'A'

Courses	Entrance Qualifications	Duration of Course	No. of Exam. Papers	Subjects for Examination
Agriculture Courses	First year Science OR First year course in group 'B' after Matriculation.	Three examinations;		
		Two terms for First year exam. in Science (Agri.);	F.Sc. (Agri.) 9 papers;	F.Sc. (Agri.) 1. Agriculture (2 papers); 2. Soils (1 papers); 3. Chemistry (2 papers); 4. Botany (1 paper); 5. Elementaty Zoology (1 paper): 6. Mathematics & Physics (2 papers);
		Two terms for Second year exam. in Science (Agri); after passing F.Sc. (Agri.) Examination.	S Sc. (Agri.) 8 papers;	S.Sc. (Agri.) 1. Agriculture (3 papers); 2. Agricultural Chemistry (2 papers); 3. Agricultural Batany (1 paper); 4. Entomology (1 paper); 5. General Bacteriology (1 paper).
		Two terms for Bachelor of Science in Agriculture exam. after passing S.Sc. (Agri) exam.	B.Sc. (Agri.) 7 papers;	B.Sc. (Agri.) : 1. Agriculture (2 papers); 2. Veterinary Science (1 paper); 3. Plant patho'ogy (1 paper); 4. Horticulture (1 paper'; 5. Agricultural Economics (1 paper); 6. Agricultural Engineering (1 paper)

Name of Exam.	Name of Uni. or Body
1. B Sc. (Agri.)	Allahabad
2. B.Sc. (Agri.) – M.Sc. (Agri.)	Nagpur
3. All examinations in Agri. held upto June 1953 (the question of extention of recognition of exam. on reciprocal basis is under consideration.	Poona
4. All exams in Agri. held upto June 1956 1956.	Karnatak
5. B. Sc. (Agri.)	Madras.

Appendix "B"

Course	Entrance Qualification	Duration of Course.	No. of Exam. Papers.	Subject of Examination Papers.
Anthropology.	Anthropology is one of the optional subjects. It can be selected as one of the subject out of four subjects to be selected by candidates for the following examinations. 1. B. A. (General) 2. B. A. (Special)	Two years.	1. Physical Anthropology – 2 papers under History group at B.A. Special 2. Cultural Anthropology – papers under History group at B.A. Special also under Sociology group at B. A. (Special) and General.	

પરિશિષ્ટ "ઠ"

કામકાજ નં ૭૫

નં. ૩૫૨૮૯-૩૫૩૦૩: ૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૧-૮-૧૯૫૩.

બૉર્ડ ઑફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝની ત્રીજી બેઠક શુક્રવાર તા. ૩૧-૭-૧૯૫૩ના રોજ સાંજના ૪-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા માટે મળી હતી અને તેમાં સભાસદોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	શ્રી. સી. એન. વકીલ	ગેરહાજર,
૪.	શ્રી. રામનારાયણ વિ. પાઠક	ગેરહાજર,
૫.	શ્રી. વિઠ્ઠલદાસ એમ. કોઠારી	હાજર,
૬	શ્રી. આર. ડી શુકલ	ગેરહાજર,
૭.	શ્રીમતી જ્યોત્સ્નાબેન શુકલ	ગેરહાજર,
૮.	શ્રી. સોમનાથ પી. દવે	હાજર,
૯.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૦.	શ્રી. પોપટલાલ જી શાહ	હાજર,
૧૧.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ કે. એલ દેસાઇ	ગેરહાજર,
૧૩.	પ્રોફેસર એસ. આર. ભટ્ટ	ગેરહાજર,
૧૪.	ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર,
૧૫.	શ્રી. બળવંતભાઇ મહેતા	ગેરહાજર.

૧. બૉર્ડ ઑફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝની તા. ૪-૩-૧૯૫૩ના રોજ મળેલી બીજી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

બૉર્ડ ઑફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝની તા. ૪-૩-૧૯૫૩ના રોજ મળેલી બીજી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. શ્રી. માઇકેલ થોમસ મેન નામના કૉન્સર્ટ વાયોલિનિસ્ટને હિંદી યુનિવર્સિટીઓના આશ્રય હેઠળ પ્રોગ્રામો તથા ભાષણો આપવા માટે સવલતો આપવા માટે ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. માઇકેલ થોમસ મેનને ભાષણ કે કૉન્સર્ટ માટે આમંત્રણ આપવું નહિ.

૩. શ્રી. એસ. આર. ભટ્ટના તા. ૨૮-૨-૧૯૫૩ના પત્ર ઉપરથી એકસ્ટેન્શન લેક્ચર્સ સ્કીમ તૈયાર કરવા માટે ઑર્ડ ઑફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝે તેની તા. ૪-૩-૧૯૫૩ના રોજ મળેલ સભામાં નિયુક્ત કરેલ કમિટીના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કમિટીએ ઘડેલ યોજના મંજૂર કરવી. (યોજનાની નકલ એપેન્ડીક્સ "અ" તરીકે આ સાથે સામેલ છે.)

સભાનું કામકાજ ત્યારબાદ પૂરું થયું હતું.

જે. એમ. મહેતા
સેક્રેટરી,
બૉર્ડ ઑફ એકસ્ટ્રા-મ્યુરલ સ્ટડીઝ.

એપેન્ડીક્સ "અ"

યોજના

૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી દરેક કૉલેજમાં તેમજ માન્ય થયેલ સંસ્થામાં એક "સમાજ સેવા મંડળ" સ્થપાય અને તેનો હેતુ પોતાના શહેરમાં તેમજ આસપાસના ગામડાઓમાં જઇ કોઈ સામાજિક શૈક્ષણિક કે આરોગ્ય અંગેની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા કરવી એ રાખવો. જો એક જ શહેરમાં બે અથવા વધારે કૉલેજો હોય તો એવી જુદી જુદી કૉલેજોની આવી સંસ્થાઓના પ્રતિનિધિ ભેગા મળી ઉપરોક્ત પ્રવૃત્તિ કેવી રીતે યોજવી તે નક્કી કરીને સહકારથી કામ કરે. આમાં નીચેની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે:—

૧. સામાજિક શિક્ષણ પ્રવૃત્તિ જેમાં પ્રૌઢ શિક્ષણનું કામ થાય.

૨. ગામડાઓની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની શારિરીક તપાસ વૈદકીય વિદ્યાર્થીઓ દ્વારા કરવાનો પ્રબંધ

૩. મનોરંજન કાર્યક્રમ

૪. આરોગ્ય આંદોલન

૫ શ્રમ યજ્ઞઃ- અનુકૂળતા હોય તે પ્રમાણે

આ માટેનું ખર્ચ જે તે કૉલેજનું મંડળ ઉપાડી લે અને દર કૉલેજ દીઠ દર વર્ષે ઓછામાં ઓછા રૂપિયા પચીસ યુનિવર્સિટી પ્રોત્સાહન માટે આપે... ... ... રૂા. ૭૨૫-૦-૦

૨. તદુપરાંત જે સ્થળે ઉપરનો કાર્યક્રમ યોજાય ત્યાં સામાન્ય માણસો સમજી શકે એવા "એકસ્ટેન્સન લેકચર ટાઇપ" ના બે ભાષણો ગુજરાતીમાં ત્યાં યોજાય.

૩. જો ત્યાં પ્રોજેકટર હોય તો તે દ્વારા બે કે ત્રણ કેળવણી વિષયક ફીલ્મ્સ બતાવવાનો પ્રબંધ થાય.

આ ઉપરાંત બીજી પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે શરૂ કરી શકાય:

અમદાવાદ શહેર

૧. યુનિવર્સિટીના આશ્રયે દર માસે એક એમ બહારના પ્રતિષ્ઠિત વિદ્વાનોના ભાષણો ગોઠવવા અને આવા એક ભાષણનું ખર્ચ રૂા. ૧૦૦-૦-૦ ઉપરાંત ભાષણકર્તાનું આવવા જવાનું રેલ્વે ભાડુ તેમજ ભાષણની વ્યવસ્થા અંગે લાઉડસ્પીકર વગેરેનો જે ખર્ચ થાય તે કરવો .. ... રૂા. ૧૦૦૦-૦-૦
વત્તા ભાડુ તેમજ વ્યવસ્થા ખર્ચ જુદાં.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો અને સંસ્થાઓના રેકગ્નાઈઝડ ટીચર્સ પૈકી યુનિવર્સિટી જેમને પસંદ કરે તેમને નીચેના ગ્રુપોના વિષયો પર એક, બે, ત્રણ કે ચાર ભાષણોની શ્રેણી તૈયાર કરી ભાષણો આપવા આમંત્રણ આપવું.

૧. સોશીયલ સાયન્સીઝ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનવધર્મશાસ્ત્ર વગેરે.

૨. ફીલોસોફી, એજયુકેશન અને રિલિજિયન

૩. સાહિત્ય અને લલિત કળાઓ

આવા ભાષણકર્તાને ભાષણ દીઠ રૂા. ૨૫-૦-૦ આપવા પણ આ ભાષણ "એકસ્ટેન્શન લેકચર" કે પેપર જેવું તેમજ લખેલું હોવું જોઈએ કે જેથી તે યુનિવર્સિટી છપાવી શકે. આવા ભાષણોના સર્વ હક્ક યુનિવર્સિટીના રહેશે. વધુમા વધુ વર્ષ દરમિયાન આઠ ભાષણો અથવા બે શ્રેણી યોજવી... ... ... રૂા. ૨૦૦-૦-૦

૩. યુનિવર્સિટીએ કેળવણીને લગતા વિષયો ઉપરની દરેક ફીલ્મ્સ જુદા જુદા દેશોમાંના એમ્બેસેડરોની ઑફિસોમાંથી તેમજ ઈન્સ્પેક્ટર ઑફ વીઝયુઅલ એજ્યુકેશન પાસેથી મેળવવી અને ત્યારબાદ તે ફીલ્મ્સો જુદી જુદી કૉલેજોના વિદ્યાર્થીઓને બતાવવાનો પ્રબંધ કરવો. આવી ફીલ્મ્સ બતાવનારને રૂા. ૫-૦-૦ આપવા અને બીજા ખર્ચ પેટે રૂા. ૫-૦-૦ આપવા... ... ... રૂ. ૧૦૦-૦-૦

૪. યુનિવર્સિટી સપ્તાહ દરમિયાન પ્રદર્શન અને ભાષણો ગોઠવવા અંગે આશરે રૂા. ૫૦૦-૦-૦ યુનિવર્સિટીએ ગ્રાન્ટ તરીકે આપવા... ... રૂા. ૫૦૦-૦-૦

અમદાવાદ બહારના સેન્ટરો

અ. આણંદ, સુરત અને ભાવનગર.

ત્યાં નીચેની પ્રવૃત્તિઓ યોજવી.

૧. ઉપરોક્ત દરેક સેન્ટરમાં ત્યાંની કૉલેજોએ સંયુક્ત આશ્રય હેઠળ બહારના બે પ્રતિષ્ઠિત વિદ્વાનોને આમંત્રી તે ભાષણો ગોઠવવા યુનિવર્સિટીએ આ માટે રૂા. ૧૦૦-૦-૦ (સો રૂપિયા) તેમજ ભાષણકર્તાનું આવવા જવાનું રેલ્વે ભાડુ અને લાઉડસ્પીકર વગેરે ભાષણની વ્યવસ્થાનો ખર્ચ ઉપરોક્ત સેન્ટરોને આપવો. પણ ભાષણકર્તાઓના નામો અગાઉથી શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબ પાસે મંજૂર કરાવવા. આવા ભાષણકર્તાઓના ભાષણો લેખિત હોવા જોઈએ કે જેથી યુનિવર્સિટી તે છપાવી શકે. ... ... રૂા. ૬૦૦-૦-૦
વત્તા ભાડુ તેમજ વ્યવસ્થા ખર્ચ.

૨. દરેક સેન્ટરમાં યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો અને સંસ્થાઓના ત્યાંના સ્થાનિક રેકગ્નાઈઝડ ટીચર્સ પૈકી યુનિવર્સિટી જેમને પસંદ કરે તેમને નીચેના ગ્રુપોના વિષયો ઉપર એક, બે, ત્રણ કે ચાર ભાષણોની શ્રેણી તૈયાર કરી ભાષણો આપવા આમંત્રણ આપવું.

૧. સોશીયલ સાયન્સીસ – અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનવધર્મશાસ્ત્ર, વગેરે.

૨. ફિલોસોફી, એજ્યુકેશન અને રિલિજિયન.

૩. લેન્ગ્વેજીઝ, સાહિત્ય અને લલિત કળાઓ.

આવા ભાષણકર્તાને ભાષણ દીઠ રૂા. ૨૫-૦-૦ આપવા. આવા ભાષણ "એકસ્ટેન્શન લેકચર્સ" અથવા પેપર્સ જેવા લખેલા હોવા જોઈએ જેથી યુનિવર્સિટી તે છપાવી શકે અને તેના સર્વ હક્ક યુનિવર્સિટીના રહેશે. વધુમાં વધુ વર્ષ દરમિયાન આઠ ભાષણો અથવા બે શ્રેણી યોજવી. આવા ભાષણકર્તાઓના નામ યુનિવર્સિટી પાસે મંજૂર કરાવવા. ... ... રૂા. ૬૦૦-૦-૦

૩. ઉપરોક્ત સેન્ટરો પૈકી જે કૉલેજો પાસે પ્રોજેકટર હોય તેને યુનિવર્સિટીએ કેળવણી વિષયક ફીલ્મ્સ ત્યાંના વિદ્યાર્થીઓને બતાવવા માટે મોકલવી. તે બતાવવાના ખર્ચ પેટે તેમજ લઈ જવા લાવવાના ખર્ચ પેટે રૂા. ૧૦-૦-૦ ફીલ્મ દીઠ મંજૂર કરવા. વર્ષ દરમિયાન દરેક સેન્ટરમાં વધુમાં વધુ ૧૦ ફીલ્મ્સો આપવી. ... ... રૂા. ૩૦૦-૦-૦

બ. વિસનગર, પેટલાદ, નવસારી, ભૂજ, અલીયાબાડા, રાજકોટ, જુનાગઢ, નડિયાદ, વિગેરે સેન્ટરો જ્યાં એક જ કૉલેજ હોય ત્યાં નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ આરંભવા.

૧. વર્ષ દરમિયાન બહારના એક પ્રતિષ્ઠિત વિદ્વાનનું ભાષણ યોજવું. ભાષણકર્તાનું નામ અગાઉથી શ્રી. વાઇસ-ચાન્સેલર પાસે મંજૂર કરાવવું અને આ ભાષણ લેખિત હોવું જોઇએ કે જેથી યુનિવર્સિટી તે છપાવી શકે અને તેના સર્વ હક્ક યુનિવર્સિટીના રહેશે. આ માટે યુનિવર્સિટીએ વધુમાં વધુ ભાષણના રૂા. ૧૦૦-૦-૦ (સો રૂપિયા) તેમજ ભાષણકર્તાનું આવવા જવાનું ભાડુ તેમજ લાઉડસ્પીકર વગેરે ભાષણની વ્યવસ્થા ખર્ચ દરેક ઉપરોક્ત સેન્ટરમાં આપવું. ... ... રૂા. ૮૦૦-૦-૦

વત્તા ભાડુ તેમજ વ્યવસ્થા ખર્ચ.

૨. તે સ્થળના કૉલેજના પ્રોફેસરના વધુમાં વધુ બે ભાષણો જે "એકસ્ટેન્શન લેકચર્સ" જેવા તથા ગામડાના માણસો સમજી શકે તેવા યોજવા. આવા ભાષણોના વિષય અને ભાષણ કરનાર પ્રોફેસરનું નામ યુનિવર્સિટી પાસે અગાઉથી નક્કી કરાવી લેવા જોઇએ. આવા ભાષણ દીઠ ઉપરના સેન્ટરોને યુનિવર્સિટીએ રૂા. ૨૫-૦-૦ આપવા. ... ... રૂા. ૪૦૦-૦-૦

૩. ઉપરોક્ત સેન્ટરો પૈકી જે સેન્ટરની કૉલેજ પાસે પ્રોજેકટર હોય તેને યુનિવર્સિટીએ જે તે કૉલેજ મંગાવે તો કેળવણી વિષયક ફીલ્મ્સ

મોકલવી અને તે કૉલેજમા આવી ફીલ્મ્સના શો દીઠ રૂ. ૧૦-૦-૦
ખર્ચ પેટે યુનિવર્સિટીએ આપવા. ... ... રૂ. ૮૦૦-૦-૦

રૂ. ૬૦૨૫-૦-૦

ભાષણકર્તાઓના વ્યવસ્થા અને મુસાફરી ખર્ચ.....વત્તા રૂ. ૧૮૦૦-૦-૦

રૂ. ૭૮૨૫-૦-૦

ત્યારબાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઇ હતી.

સહી. પોપટલાલ શાહ
પ્રમુખ.

એક્સ્ટેન્શન લેક્ચર્સ અંગેની યોજનાનો અંદાજ ખર્ચ

૧. યુનિવર્સિટી કૉલેજોને સામાજિક શિક્ષણ પ્રવૃત્તિ, આરોગ્ય આંદોલન, શ્રમ યજ્ઞ, વગેરે અંગે ૨૯×૨૫ રૂા. ૭૨૫-૦-૦

અમદાવાદ સેન્ટર માટે

એકસ્ટ્રા મ્યુરલ બૉર્ડના આશ્રયે યોજનાર ભાષણો અંગે	૧૦×૧૦૦	રૂા. ૧૦૦૦-૦-૦
રેકગ્નાઈઝડ ટીચર્સના ભાષણો અંગે	૨૫×૮	રૂા. ૨૦૦-૦-૦
કેળવણી વિષયક ફીલ્મ્સ અંગે	૧૦×૧૦	રૂા. ૧૦૦-૦-૦
યુનિવર્સિટી સપ્તાહ દરમિયાનના ભાષણો તેમજ પ્રદર્શન અંગે.		રૂા. ૫૦૦-૦-૦
	કુલ.....	રૂા. ૧૮૦૦-૦-૦

આણંદ, સુરત અને ભાવનગર સેન્ટર

એકસ્ટ્રા મ્યુરલ બૉર્ડના આશ્રયે યોજનાર ભાષણો અંગે	૬×૧૦૦	રૂા. ૬૦૦-૦-૦
રેકગ્નાઈઝડ ટીચર્સના ભાષણો અંગે	૨૫×૮×૩	રૂા. ૬૦૦-૦-૦
કેળવણી વિષય ફીલ્મ્સ અંગે	૧૦×૩×૧૦	રૂા. ૩૦૦-૦-૦
	કુલ.....	રૂા. ૧૫૦૦-૦-૦

વિસનગર, પેટલાદ, નવસારી, ભૂજ, અલીયાબાડા, રાજકોટ, જુનાગઢ અને નડિયાદ સેન્ટર માટે

એકસ્ટ્રા મ્યુરલ બૉર્ડના આશ્રયે યોજનાર ભાષણો અંગે	૮×૧૦૦	રૂા. ૮૦૦-૦-૦
રેકગ્નાઈઝડ – પોપ્યુલર લેક્ચર્સ ટાઇપ –		
રેકગ્નાઈઝડ ટીચર્સના ભાષણો અંગે	૮×૨×૨૫	રૂા. ૪૦૦-૦-૦
કેળવણી વિષયક ફીલ્મ્સ અંગે	૮×૧૦×૧૦	રૂા. ૮૦૦-૦-૦
	કુલ.....	રૂા. ૨૦૦૦-૦-૦
	કુલ ખર્ચ...	રૂા. ૬૦૨૫-૦-૦

બૉર્ડ ઑફ એકસ્ટ્રા મ્યુરલ સ્ટડીઝના આશ્રયે ઉપરના સેન્ટરોમાં જે ભાષણો યોજાય તે ભાષણકર્તાઓના ગાડીભાડાનો ખર્ચ તેમજ ભાષણ વ્યવસ્થાનો ખર્ચ અલગ રહેશે.

૨૪×૭૫	રૂા. ૧૮૦૦-૦-૦
	રૂા. ૭૮૨૫-૦-૦

આનગી:

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એકવાસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૫-૯-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	હાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુનશીદાર	હાજર,
૫.	શ્રી બટુભાઇ એચ. દેસાઈ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	હાજર,
૭.	શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૯.	શ્રીમતી ઈન્દુમતીબેન ચીમનલાલ	હાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર.
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	હાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	હાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	હાજર.

૧. તા. ૨૨-૮-૧૯૫૩ના રોજ મળેલી મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૨-૮-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. સિન્ડિકેટ અથવા શ્રી. વાઇસ-ચાન્સેલર નીમે તે કમિટી સમક્ષ વિચારણા માટે મૂકી તૈયાર કરેલાં આકર્સ-શીટ્સ પરિણામ બહાર પાડવાના દિવસે પરીક્ષકોની કમિટી સમક્ષ વિચારણા માટે મૂકવા બાબતના સૂચન અંગે શ્રી. એસ. બી. જુન્નારકરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં વિચાર કરી રિપોર્ટ કરવા નીચેના સભાસદોની કમિટી નીમવી અને તે ઑકટોબરની સિન્ડિકેટમાં મૂકાય તેવી રીતે રીપોર્ટ મોકલવા જણાવવું:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ,
૨. શ્રી. બટુભાઈ એચ. દેસાઇ,
૩ પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર,
૪. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ.

૩. સેનેટે નીચે જણાવેલા ઑર્ડિનાન્સીઝ રિફર એક કર્યાં છે તે અંગે વિચારણા કરવા બાબત.

ઑ. નં. ૫૭-જી, ૬૨, ૬૨-એ, ૨૧૭-બી, ૨૩૩-બી, ૪૪૦, ૪૪૨.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ઑર્ડિનાન્સ ૫૭-જી, માંથી કલૉઝ નં. ૧ અને ૨ ૨૬ કરવું અને કલૉઝ ૩ને અંતે "and such other matters as are from time to time referred to it by the Syndicate" એટલા શબ્દો ઉમેરો.

૨. ઑ. ૬૨માં કલૉઝ ૧ નં. ૩માં બીજી લીટીમાં "Panels" શબ્દ પછી પૂર્ણવિરામ મૂકવું અને "as regards" થી શરૂ થતું વાકય નીચે પ્રમાણે સુધારવું:

"As regards External Examiners the Committee can go outside the panels."

તેજ કલૉઝમાં "The lists" થી શરૂ થતા વાકયમાં "before the" શબ્દો પછી અને "Syndicate" શબ્દ પહેલાં નીચેના શબ્દો મૂકો:

"Academic Council and thereafter before the"

અને તે પછી આવતા "who" શબ્દની જગ્યાએ "which" શબ્દ મૂકો.

સુધારેલું ક્લૉઝ નીચે પ્રમાણે વંચાશે:

"The Committee shall draw up the lists from amongst the persons included in the panels. As regards External Examiners the Committee can go outside the panels. The lists so drawn up by the Examination Committee shall be placed before the Academic Council and thereafter before the Syndicate which shall make the appointments"

મજકૂર સુધારો વધુ મતે પસાર કરવામાં આવ્યો હતો.

૩. ઑ. ૬૨-એ. મંજૂર કરવો.

૪. ઑ. ૨૧૭-બી અને ૨૩૩-બી મુંબઇ યુનિવર્સિટીના ઑ. ૨૧૭-બી. અને ૨૩૩-બી મુજબ સ્વીકારવા.

૫. ઑ. ૪૪૦માં ક્લૉઝ (c) માં આવતા "three" શબ્દને સ્થાને "two" શબ્દ મૂકો.

૬. ઑ. ૪૪૧ મંજૂર કરવો.

(મંજૂર થયેલા તેમજ સુધારેલા ઑર્ડિનાન્સોની નકલ આ સાથે પરિશિષ્ટ 'ક" તરીકે સામેલ છે.)

આ તબક્કે આઇટેમ નં. ૧૪ હાથ ઉપર લેવામાં આવી.

૧૪. સેનેટની ગઇ સભામાં ઑર્ડિનાન્સીઝ ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, અને ૪૩૯ પાસ થયેલા છે તેથી સને ૧૯૫૪ના વર્ષમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષામાં રજિસ્ટર થઇને વિદ્યાર્થીઓ બેસી શકે તો તેઓ સદરહુ એફ.વાય. આર્ટ્સની પરીક્ષા માટે ૧લી સપ્ટેમ્બર ૧૯૫૩ પહેલાં રજિસ્ટર થઇ શકે અને તેમનું એક વર્ષ નકામું જાય નહિ તે માટે સદરહુ પાસ થયેલા ઑર્ડિનાન્સોને તાત્કાલિક અમલમાં મૂકવા વિના વિલંબે સિન્ડિકેટને ઠરાવ કરવાની આગ્રહભરી વિનંતી બાબતના શ્રી. રામચંદ્ર દા. શુકલના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ રજિસ્ટર થવાની છેલ્લી તારીખ આ વર્ષે તા. ૧૫મી ઑકટોબર ૧૯૫૩ની રાખવી.

૪. સેનેટે નીચે જણાવેલો રેફરન્સ રિફર કરેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

સ્ટે. નં. ૧૧૪-એ.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. નં. ૧૧૪-એ જેમ છે તેમ રહેવા દેવું.

૫. સેનેટે નીચે જણાવેલા પેમ્ફલેટ નં. ૧૦ અને ૧૩માંના ઑર્ડિનાન્સો કેન્સલ કર્યા છે તેની નોંધ લેવા બાબત.

પેમ્ફલેટ નં. ૧૦ : ઑ. નં. ૧૫૮, ૨૭૦, ૩૦૫, ૩૫૦–બી, ૪૦૯, ૪૦૯-એ.

પેમ્ફલેટ નં. ૧૩ : ઑ. નં. ૧૫૭, ૨૨૮, ૨૪૧, ૨૪૨, ૩૮૪–એ.

આથી ઠરાવવામાં આવે છે કે પેમ્ફલેટ નં. ૧૩ના ઑ. ૨૪૧ અને ૨૪૨ સિવાયના બધા ઑર્ડિનાન્સો મંજૂર કરવા. (નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

આ તબક્કે આઇટેમ નં. ૧૧ અને ૧૨ હાથ ઉપર લેવામાં આવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ અંગેની સમિતિના રિપોર્ટ ઉપરનો સિન્ડિકેટનો નીચેનો ઠરાવ સેનેટે ઍકેડેમિક કાઉન્સિલને પાછો મોકલ્યો હતો તે અંગે ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવો :

કમિટીના રિપોર્ટના પેરા ૪માં શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈએ કરેલી નીચે મુજબની દરખાસ્ત કમિટીમાં નામંજૂર થઈ હતી:

"સને ૧૯૫૪ની પરીક્ષામાં ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની બધી ફૅકલ્ટીઓના વિદ્યાર્થીઓને છૂટ આપવા"

તેને બદલે નીચે પ્રમાણે સેનેટને ભલામણ કરવી:

"સને ૧૯૫૪ની પરીક્ષામાં ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની આર્ટ્સ ફૅકલ્ટીના વિદ્યાર્થીઓને છૂટ આપવા સેનેટને ભલામણ કરવી."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ નીચેના ફેરફાર સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી: આ ભલામણ સિન્ડિકેટની મારફતે સેનેટને મોકલવી.

પેરા ૧માં ૧૯૫૫ની જગ્યાએ ૧૯૫૮ મૂકવું.

પેરા ૨ (૨) માં ૧૯૫૬ અને ૧૯૫૮ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૭ અને ૧૯૫૯ મૂકવું.

પેરા ૨ (૩) માં ૧૯૫૬ અને ૧૯૫૮ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૭ અને ૧૯૫૯ મૂકવું.

પેરા ૨ (૪) માં ૧૯૫૬ અને ૧૯૫૮ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૭ અને ૧૯૫૯ મૂકવું.

પેરા ૨ (૫) માં ૧૯૫૭ અને ૧૯૫૯ની જગ્યાએ અનુક્રમે ૧૯૫૮ અને ૧૯૬૦ મૂકવું.

પેરા ૨ (૫) ની નીચે જે પેરા છે તે બાબતમાં કયા કયા વિષયોમાં ચોપડીઓ બહાર પાડવાનું મુક્ત હરીફાઇ ઉપર છોડી દેવું અને કયા વિષયોની ચોપડીઓ યુનિવર્સિટીએ તૈયાર

કરાવવી અને તે કોની પાસે તૈયાર કરાવવી તે બાબત જે તે વિષયોના બૉર્ડ ઑફ સ્ટડીઝનો અભિપ્રાય મંગાવવો.

પેરા ૩માં ૧૯૫૬ની જગ્યાએ ૧૯૫૭ મૂકવું.

પેરા ૪ નીચે મુજબ વંચાશે:

"સને ૧૯૫૬ની પરીક્ષાથી ફર્સ્ટ ઇયર આર્ટ્સના વિદ્યાર્થીઓને, ૧૯૫૭ની પરીક્ષાથી ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થીઓને અને ૧૯૫૯ની પરીક્ષાથી બી.એ. ના વિદ્યાર્થીઓને ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની છૂટ આપવી."

વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર અને ઇન્ટર આર્ટ્સ માટે યુનિવર્સિટીએ પુસ્તકો લખાવવાનું બંધ કરવું અને પુસ્તકો બહાર પાડવાનું કામ મુક્ત હરીફાઈ ઉપર છોડવું અને તે બાબતની પ્રેસ નોટ બહાર પાડવી.

૧૯૫૪ના જૂનને બદલે ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ગુજરાતી અને/અથવા હિંદી મારફતે શીખવવાનું શરૂ કરવા સેનેટને ભલામણ કરવી. આ ભલામણ ધ્યાનમાં લઈને ઉપર જણાવેલા ફેરફાર કરવામાં આવ્યા છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલે સુધાર્યા મુજબનો સમિતિનો રિપોર્ટ નીચેના સુધારા સહિત મંજૂર કરવો:

૨. આઇટેમ ૧ બાબતમાં વિગતવાર પ્રોગ્રામ ઘડી કાઢવા ઍકેડેમિક કાઉન્સિલને વિનંતી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે —

૧. સારામાં સારી ચોપડીઓ લખનારને ઈનામ આપવું.

૨. કયા કયા વિષયો માટે કઈ કઈ ચોપડીઓનું પ્રકાશન થયું છે તે બાબત ૧૯૫૪ના સપ્ટેમ્બરમાં સિન્ડિકેટ સમક્ષ મૂકવી.

(સિન્ડિકેટે સુધાર્યા મુજબનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૨. ઍક્ટની કલમ ૪ (૨૭) અનુસાર સ્ટેટ્યુટ ઘડી સેનેટ સમક્ષ મૂકવાના સવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૪ની પેટા કલમ (૨૭) અનુસાર ઘડેલો નીચે મુજબનો સ્ટેટ્યુટ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

Statute under Sec. 4 (27)

1. English will continue to be the medium of instruction and examination in all subjects for a period of ten years from the date on which S. 3 comes into force except as provided from time to time by Statutes.

2. (a) Gujarati and/or Hindi shall be the medium of instruction and examination from June 1955 in the First Year Arts for the following subjects:

(1) Classical Languages, (2) Indian Administration, (3) Civics, (4) Outlines of Ancient Indian History and Culture, (5) Geography.

(b) Gujarati and/or Hindi shall be the medium of instruction and examination for Mathematics from June 1956.

3. (a) Gujarati and/or Hindi shall be the medium of instruction from June 1955 for the following subjects in Inter Arts:

(1) Classical Languages, (2) World History, (3) Elements of Economics.

(b) Gujarati and/or Hindi shall be the medium of instruction from June 1957 for the following subjects in Inter Arts:

(1) Mathematics, (2) Logic.

4. Modern Indian Languages shall be taught through the respective language from June 1955.

5. Teachers whose mother-tongue is not Gujarati or Hindi may continue to teach in English upto June 1957 even in those subjects in which Gujarati and/or Hindi is the medium of instruction

6. Students whose mother-tongue is not Gujarati or Hindi will be at liberty to write their answers in English upto June 1957.

૬. એફ. વાય. આર્ટ્સ અને ઈન્ટર આર્ટ્સના મેથેમેટિક્સના વિષયનાં પાઠ્યપુસ્તકો, ઈન્ટર આર્ટ્સનાં લૉજિકના વિષયનાં પાઠ્યપુસ્તકો અને ઇન્ટર આર્ટ્સ માટે વર્લ્ડ હિસ્ટરીના વિષય ઉપરનાં પાઠ્યપુસ્તકો લખવા પબ્લિકેશન બૉર્ડની ભલામણ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર અનુક્રમે પ્રિન્સિપાલ એન. એમ શાહુ, શ્રી. રામનારાયણ વિ. પાઠક અને શ્રી. કેશવલાલ હિં. કામદારને લખતાં તેમના તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમ અંગેની સમિતિના રિપોર્ટ ઉપરની ઍકેડમિક કાઉન્સિલની ભલામણ પર ઈન્ટર સુધીનાં પાઠ્યપુસ્તકો લખવાનું મુક્ત હરિફાઈ ઉપર છોડી દેવાનું સિન્ડિકેટે સ્વીકારલું હોવાથી આ પ્રશ્ન હવે રહેતો નથી.

૭. સેનેટે ગુજરાતી અને/અથવા હિંદી મારફતે કૉલેજના પહેલા વર્ષમાં સને ૧૯૫૪ના જૂનથી અને બીજા વર્ષમાં સને ૧૯૫૫ના જૂનથી શીખવવાનું અને પરીક્ષા લેવાનું મંજૂર કર્યું છે પરંતુ ગુજરાતીમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા માટે સિન્ડિકેટ પગલાં લઈ રહી છે તે સંજોગોમાં આ બાબત કૉલેજોને સરકયુલર કાઢી આ બાબતની ખબર આ તબક્કે આપવી કે કયારે આપવી તે નક્કી કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત કૉલેજોને નીચે પ્રમાણે ખબર આપવી:

This is to inform that the Syndicate has framed the following Statute embodying the recommendation of the Academic Council which it proposes to place before the Senate in its meeting of March 1954.

Statute under Sec. 4 (27)

1. English will continue to be the medium of instruction and examination in all subjects for a period of ten years from the date on which S. 3 comes into force except as provided from time to time by Statutes.

2. (a) Gujarati and/or Hindi shall be the medium of instruction and Examination from June 1955 in the First Year Arts for the following subjects:

(1) Classical Languages, (2) Indian Administration, (3) Civics, (4) Outlines of Ancient Indian History and Culture, (5) Geography.

(b) Gujarati and/or Hindi shall be the medium of instruction and examination for Mathematics from June 1956.

3. (a) Gujarati and/or Hindi shall be the medium of instruction from June 1956 for the following subjects in Inter Arts:

(1) Classical Languages. (2) World History, ( ) Elements of Economics.

(b) Gujarati and/or Hindi shall be the medium of instruction from June 1957 for the following subjects in Inter Arts:

(1) Mathematics, (2) Logic.

4. Modern Indian Languages shall be taught throughout the respective language from June 1955.

5. Teachers whose mother-tongue is not Gujarati or Hindi may continue to teach in English upto June 1957 even in those subjects in which Gujarati and/or Hindi is the medium of instruction.

6. Students whose mother-tongue is not Gujarati or Hindi will be at liberty to write answers in English upto June 1957.

૮. સેનેટે, શ્રી. ડાહ્યાભાઇ ર. માંકડનો નીચેનો ઠરાવ પસાર કર્યો હોવાથી તે અંગે ઘટતાં પગલાં લેવા બાબત.

શ્રી. ડાહ્યાભાઇ ર. માંકડનો ઠરાવ

"આર્ટ્સના પ્રથમ વર્ષની ૧૯૫૪ની પરીક્ષામાં અને આર્ટ્સના બીજા વર્ષની ૧૯૫૫ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પરીક્ષાના જવાબ અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં આપવાની છૂટ આપવી."

(નોંધ:-આ બાબતમાં સેનેટ સમક્ષ મૂકેલો સિન્ડિકેટનો ઠરાવ નીચે પ્રમાણે છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં છે એમ સેનેટને જણાવવું.")

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે પસાર કરેલા ઠરાવ બાબત કૉલેજોને ખબર આપવી.

૯. એફ્. વાય. આર્ટ્સનું સિવિકસના વિષય ઉપરનું પાઠયપુસ્તક અને ભૂગોળના વિષય ઉપરનું પાઠયપુસ્તક લખવા પબ્લિકેશન બૉર્ડની ભલામણ ઉપરના સિન્ડિકેટના ઠરાવ અનુસાર અનુક્રમે શ્રી. કે. ટી. મર્ચન્ટ અને શ્રી. એસ. મુખરજીને લખતાં તેમના તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમ અંગેની સમિતિના રિપોર્ટ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર ઇન્ટર સુધીનાં પાઠ્યપુસ્તકો લખવાનું મુક્ત ફરીફાઇ પર છોડી દેવાનું સિન્ડિકેટે સ્વીકારેલું હોવાથી આ પ્રશ્ન હવે રહેતો નથી.

૧૦. શિક્ષણના માધ્યમ અંગેના સેનેટે પસાર કરેલા રિપોર્ટમાં ૧૯૫૩ના જૂનથી શરૂ થતા સત્રથી ફર્સ્ટ ઇયર ગ્રુપ એ, બી અને સી માં હિંદીના ૧૦૦ માર્કસનો એક પેપર ફરજિયાત રાખવાનું ઠરાવેલું હોવાથી મજકૂર વિષય અંગે અભ્યાસક્રમ તથા પાઠયપુસ્તકો અંગે હિંદીની બૉર્ડ ઑફ સ્ટડીઝના રિપોર્ટ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની નીચે જણાવેલી ભલામણ અંગે સિન્ડિકેટના ઠરાવ ઉપરની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ૧૧મું સ્ટાન્ડર્ડ (મેટ્રિકયુલેશન) હિંદી ભણીને વિદ્યાર્થીઓ આવે તેમને માટે એટલે કે ૧૯૫૫ના જૂનથી હિંદી ફરજિયાત દાખલ કરવા સેનેટે સ્વીકારેલા કાર્યક્રમમાં ફેરફાર કરવા સેનેટને ભલામણ કરવી અને તે પ્રમાણેનો અભ્યાસક્રમ ઘડી કાઢવા આ સવાલ હિંદી બૉર્ડ તરફ પાછો મોકલવો."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૪ના જૂનથી હિંદીનો ફરજિયાત પેપર શરૂ કરી શકાય તેવો "ઇન્ટેરિમ કોર્સ" આપવા ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું."

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલ તેના આગળના ઠરાવને વળગી રહે છે અને એમ ઠરાવે છે કે ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં હિંદીને જૂન ૧૯૫૫થી શરૂ થતા વર્ષથી ફરજિયાત વિષય તરીકે દાખલ કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને સેનેટને તે મુજબ ઠરાવ ભલામણ કરવી.

૧૩. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ તેમજ બી.એસ.સી (બાયકૉમ્બાયોલૉજી)ની પરીક્ષાઓ માટે સેન્ટર બનાવવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૫. સૌરાષ્ટ્ર સરકારે રૂપિયા એક લાખની જે નોન-રિકરીંગ ગ્રાન્ટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે તે ગ્રાન્ટ આભાર સાથે સિન્ડિકેટે સ્વીકારી છે તો તે ગ્રાન્ટની રકમ કયા કામમાં વાપરવી તે નક્કી કરી ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૬. કોઈપણ હાઇસ્કૂલના પ્રિન્સિપાલ અથવા હેડ માસ્ટર તે કામની સાથે કોઇપણ કૉલેજમાં શિક્ષક તરીકે અથવા અનુસ્નાતક શિક્ષક તરીકે કામ કરી શકે કે કેમ તે બાબત નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૭. ૧૯૫૩ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર સાયન્સની પરીક્ષાના ફિઝિક્સ (પ્રિયરી)ના માર્ક્સ-શીટ્સના ટોટલમાં પરીક્ષકોની ૩૮ જેટલી ભૂલો માલૂમ પડી હતી અને ભૂલો વધારે હોવાથી સિન્ડિકેટે શ્રી. એન. જી. મોહિલેને બે વરસ સુધી પેપર-સેટર કે પરીક્ષક તરીકે નીમવા નહિ અને પ્રો. એસ. એચ. ધ્રુવ, પ્રો. ડી. એસ. ભટ્ટ, પ્રો. એમ. એસ. જોષી અને પ્રો. એન. જે. પટેલના તેમણે પોતાનાં માર્ક્સ-શીટ્સ ચેરમેન શ્રી. મોહિલેને મુકરર કરેલી તા. ૧૬મી એપ્રિલ સુધીમાં કેમ મોકલ્યાં નહિ અને મોડાં કેમ મોકલ્યાં તે અંગે ખુલાસા મંગાવવા બાબતના કરેલા ઠરાવ અનુસાર ખુલાસા મંગાવતાં તેમના તરફથી આવેલા પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૧૮. પરીક્ષકોના રિપોર્ટ ઉપરથી, યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે મોરબીને કેન્દ્ર તરીકે રાખવું નહિ એવા સિન્ડિકેટના ઠરાવ ઉપર પુનઃવિચારણા કરવા અંગે આવેલા મોરબી કૉલેજના પ્રિન્સિપાલના તથા સૌરાષ્ટ્ર સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મોરબીને આ વર્ષે કામચલાઉ કેન્દ્ર તરીકે રાખવું અને પ્રિન્સિપાલને જણાવવું કે જો આ વર્ષે પરીક્ષાઓની વ્યવસ્થા બરાબર નહિ થાય તો આ સવાલ ઉપર ફરી વિચાર કરવામાં આવશે.

૧૯. લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલે, શ્રી. એન. એસ. ઉપાધ્યાયને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ રજૂ કર્યા સિવાય પહેલી એલ.એલ.બી. ના વર્ગમાં કેવી રીતે દાખલ કર્યા તે અંગે પુછાવતાં મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- વિદ્યાર્થીએ પહેલી ટર્મ ૧૯૪૯ના ઑક્ટોબરમાં પૂરી કરી હતી પછી ૧૯૫૨ના જૂનમાં બીજી ટર્મ ભરવા કૉલેજમાં દાખલ થયા ત્યારે ઍલિજિબિલિટી સર્ટિફિકેટ લેવું જોઇતું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી શ્રી. એન. એસ. ઉપાધ્યાયની બીજી ટર્મ મંજૂર રાખવી નહિ.

૨૦. બી.એડ. (B.Ed) નો નવો કોર્સ ક્યારથી અમલમાં આવે છે અને જૂના કોર્સના પરીક્ષા ક્યાં સુધી લેવાની છે તે અંગે એ. જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ. (B.Ed.)નો નવો કોર્સ ૧૯૫૪ના જૂનથી અમલમાં આવશે અને ૧૯૫૪ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓ જૂના કોર્સ પ્રમાણે લેવાશે એમ એ. જી. ટીચર્સ કૉલેજના પ્રિન્સિપાલની માન્યતા બરાબર છે એમ જણાવવું

૨૧. યુનિવર્સિટી ક્રિકેટ ટીમની પસંદગી કરવા નિમાયેલા શ્રી. ડી. ડી. દેસાઇને તે અંગેનું રહેઠાણ અને મુસાફરી ભથ્થું આપવા બાબત તેમના તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:- સિન્ડિકેટના ઠરાવ્યા મુજબ કમિટીના સભ્યોને રૂા. ૩-૦-૦ કન્વેયન્સ એલાવન્સ આપવાનું હોય છે, પણ આ કેસમાં શ્રી દેસાઈ સૂરતથી આવેલા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૨. (૧) એફ. વાય. સાયન્સમાં નાપાસ થઇ એફ. વાય. આર્ટ્સમાં (૨) એફ. વાય. આર્ટ્સમાં નાપાસ થઈ એફ. વાય. સાયન્સમાં અને (૩) એફ. વાય. કૉમર્સમાં નાપાસ થઇ એફ. વાય. આર્ટ્સમાં જો કોઇ વિદ્યાર્થી દાખલ થવા માગે તો તેને એનરોલમેન્ટ ફોર્મ ફરી ભરવું પડે કે કેમ તે અંગે એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૩. ૧૯૫૩ના ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં જયપુર ખાતે ભરનારી ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચર ઇકોનોમિક્સની ૧૪મી વાર્ષિક પરીષદમાં આ યુનિવર્સિટીના

બે રજિસ્ટ્રેટો નોમિનેટ કરવા વિગેરે અંગે મજકૂર સોસાયટીના માનદ્ સંયુક્ત મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૪. મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાત યુનિવર્સિટીમાં રજિસ્ટ્રેશન બદલવા અંગે પરવાનગી આપવા બાબતની શ્રી. એમ. જી. અમીનની અરજી.

(નોંધ:-રજિસ્ટ્રેશન બદલવાની છેલ્લી તારીખ ૧૫-૧૦-૧૯૫૨ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. અમીનની વિનંતી માન્ય રાખવી.

૨૫. મંજૂર કરેલી બે ફેલોશિપમાંથી એક માટે શ્રી. એસ. એલ. સરંગેનું નામ સૂચવતા ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના ડાયરેક્ટર તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીના ડાયરેક્ટરની શ્રી. એસ. એલ. સરંગેને રિસર્ચ ફેલોશિપ આપવાની ભલામણ મંજૂર રાખવી.

૨૬. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તરફથી લેવાતી પરીક્ષાઓ અંગેના તાલીમ વર્ગનો સમય બદલવા ભરેલી ફી પાછી આપવા બાબત આવેલા શ્રી. સી. સી. શાહના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. સી. શાહની વિનંતી માન્ય રાખવી નહિ.

૨૭. આગામી ઑક્ટોબર નવેમ્બર ૧૯૫૩ની પરીક્ષાઓ અંગે સિનિયર સુપરવાઇઝરો નીમવા માટેની ભલામણો ઉપર વિચારણા કરી ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સેન્ટરે પ્રિન્સિપાલ એમ. એસ. શાહ, પ્રિન્સિપાલ એમ. વ. દેસાઈ અને પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર એમ ત્રણેયની નિમણૂક બધા છ દિવસ માટે કરવા એટલા સુધારા સાથે ભલામણ મંજૂર કરવા. (ભલામણોની નકલ પરિશિષ્ટ "વ" તરીકે સામેલ છે.)

૨૮. "કવિ દલપતરામ ડાહ્યાભાઇ ગુજરાતી સાહિત્ય ચંદ્રક"ના ડોનેશનની રકમનું સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવા ઠરાવ કરવા બાબત.

(નોંધ:- શ્રી. એકાઉન્ટન્ટનું સૂચન છે કે આ રકમમાંથી રૂા. ૫,૦૦૦-૦-૦ હિંદ સરકારની ૩ ટકાની કન્વર્ઝન લોન ૧૯૪૬માં ઈમ્પિરિયલ બેન્ક, અમદાવાદ મારફતે રોકાણ કરવું.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેનું એકાઉન્ટન્ટનું સૂચન મંજૂર રાખવું.

૨૯. બીજી યુનિવર્સિટીમાં મેથેમેટિકસનું એક ગ્રુપ લઇ એમ.એ. કે એમ.એસ.સી. થયેલ વિદ્યાર્થી આપણી યુનિવર્સિટીમાં મુંબઇ યુનિવર્સિટીના રિવાઇઝ્ડ ઑર્ડિનાન્સ ૨૬૨ અનુસાર અરસપરસ માન્યતાના ધોરણે (on reciprocal basis) બીજું ગ્રુપ લઇ શકે કે નહિ તે બાબત મુંબઇ, કર્ણાટક, તેમજ વડોદરા યુનિવર્સિટીઓને પુછાવતાં વડોદરા સિવાય મુંબઇ તથા કર્ણાટક યુનિવર્સિટીના જવાબો "ના" માં આવ્યા બાદ સદર બાબત સિન્ડિકેટ સમક્ષ તા. ૪-૧૦-૧૯૫૫ના રોજ મૂકવામાં આવેલ જેની આઇટેમ ૭૨ પર સિન્ડિકેટે "આ પ્રમાણે કરવાનું નામંજૂર કરવું" એવો ઠરાવ કરેલ છે પરંતુ આ ઠરાવ સામાન્ય (General) સ્વરૂપનો છે. જો બીજી યુનિવર્સિટીમાં મેથેમેટિકસનું એક ગ્રુપ લઇ એમ.એ. કે એમ.એસ.સી. થયેલ વિદ્યાર્થી આપણી યુનિવર્સિટીમાં બીજું ગ્રુપ લઇ ઑર્ડિનાન્સ ૨૬૨ના ટર્મ બાબતના કન્સેશનનો લાભ માગે તો તે આપી શકાય નહિ. પરંતુ બીજી યુનિવર્સિટીમાં મેથેમેટિકસનું એક ગ્રુપ લઇ એમ.એ. કે એમ.એસ.સી. થયેલ વિદ્યાર્થી આપણી યુનિવર્સિટીમાં ચારે ય ટર્મો દાખલ બીજા ગ્રુપ માટે જો જુનિયરમાં દાખલ થવા માગે તો તેને રજિસ્ટર કરવો કે કેમ તે અંગે સ્પષ્ટીકરણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑ. ૨૬૨ પ્રમાણેનું કન્સેશન માગે નહિ એ શરતે આવા વિદ્યાર્થીઓને રજિસ્ટર થવાની પરવાનગી આપવી

૩૦. મુંબઇ યુનિવર્સિટીમાં બી.એસ.સી. ની પરીક્ષામાં પ્રિન્સિપાલને બદલે સબ્સીડિયરી અને સબ્સીડિયરીને બદલે પ્રિન્સિપાલ એ પ્રમાણે વિષય ઇન્ટરચેન્જ કરીને બીજી પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીને ડિગ્રી સર્ટિફિકેટ નહિ આપતાં ફકત પાસિંગ સર્ટિફિકેટ અપાય છે તો એ પ્રમાણે આ યુનિવર્સિટીમાં ડિગ્રી સર્ટિફિકેટ નહિ આપવા અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરે કરેલા હુકમને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૧. શરીરનો બાંધો, ઉંચાઇ, છાતી, વજન, વિગેરેને દરેક "Age Group" ના ઇનામ માટે બેઝીઝ ગણી યુનિવર્સિટીના વાર્ષિક રમતગમતના ઉત્સવ વખતે દરેક કેટેગરીના વિદ્યાર્થીને ઇનામ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટીમાં વ્યવસ્થા કરવા બાબતના શ્રી. પી જી. શાહના પત્ર ઉપરથી સિન્ડિકેટે આ સવાલ યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના અભિપ્રાય માટે મોકલી આપવો એમ ઠરાવ્યું હતું તે અનુસાર બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો નીચેનો ઠરાવ:

ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં યુનિવર્સિટી તરફથી બધી કૉલેજોની ડાક્ટરી તપાસ શરૂ થયેલી છે તો બધી કૉલેજોના વિદ્યાર્થીઓની ડાક્ટરી તપાસનો જનરલ રિપોર્ટ યુનિવર્સિટી પાસે આવે-ત્યાર પછી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ આ પ્રશ્ન ઉપર વિચાર કરશે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ મંજૂર કરવો.

૩૨. તા. ૧૭-૮-૧૯૫૩ના રોજ મળેલી ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આઠમી સભામાં થયેલી નીચેની ભલામણ.

ભલામણ

"યુનિવર્સિટી તરફથી ચારે ઝોનને અત્યારે જે રૂા. ૬.૦૦૦ ૦-૦ની ગ્રાન્ટ મળે છે તે બધી ઝોનોના એકંદર ફાળાની સરખામણીમાં રૂા ૧.૬૩૦-૦ ૦ ઓછી છે અને તે અંગે યુનિવર્સિટી તરફથી મળતી ગ્રાન્ટમાં યોગ્ય વધારો કરવા સિન્ડિકેટને આ બૉર્ડ વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ભલામણ મંજૂર કરવી

૩૩. યુનિવર્સિટીની ૧૯૫૪માં લેવાનારી પરીક્ષાઓ માટે જવાબપત્રો (Answer Books) તૈયાર કરાવવા માટે "White foolscap Cream-laid 17 x 27 20 lbs." નાં ૧૦૦૦ રીમ, મેસર્સ શ્રીપત ગોરધનદાસ ઍન્ડ સન્સ, અમદાવાદ-૨ એ ૧૫મી ડિસેમ્બર પહેલાં ગુજરાત યુનિવર્સિટીને પૂરાં પાડવા અંગે ઑર્ડર મૂકયાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૪. પટના અને બિહાર યુનિવર્સિટીઓના સહકારથી બિહાર રાષ્ટ્રભાષા પરિષદના આશ્રયે પટના ખાતે તા. ૭મી થી ૯મી ઑકટોબર ૧૯૫૩ દરમિયાન મળનારી ભારતીય હિંદી પરિષદની ૧૨મી બેઠકમાં આ યુનિવર્સિટીનો એક ડેલિગેટ નીમવા અંગે તેમના જનરલ સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ડેલિગેટ મોકલી શકે તેમ નથી એમ જણાવવું.

૩૫. રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર સરકાર તરફથી શરૂ કરાનારી લૉ કૉલેજના ઍફિલિએશનની અરજી અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસણી સમિતિમાંના બે સભ્ય શ્રી. મટુભાઇ એચ. દેસાઇ અને પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર એ બેમાંથી સિનિયર મેમ્બર કોને ગણવા તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લૉ કૉલેજ, રાજકોટ અંગે નીમેલી સ્થાનિક તપાસણી સમિતિ રદ કરવી.

૩૬. સિન્ડિકેટની તા. ૮-૧૨-૧૯૫૨ની સભામાં બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર નિમાયેલ ચાર સભ્યો પૈકીના બે સભ્ય શ્રી. આર. જી. પટેલ અને શ્રી. બી. કે. નાયક બૉર્ડની કોઇ પણ મિટીંગમાં હાજર રહેતા ન હોવાથી અને તેથી કોરમ માટે પડતી મુશ્કેલીનો વિચાર કરીને તેમની જગ્યાએ બે સ્થાનિક સભ્યો નીમવા અંગેના બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના ઠરાવના આધારે શ્રી. વાઇસ-ચાન્સેલરને વિનંતી કરતા મજકૂર બૉર્ડના ચેરમેન તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેનની વિનંતી માન્ય રાખવી નહિ.

૩૭. તા. ૬-૭-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની છઠ્ઠી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની છઠ્ઠી બેઠકની નોંધ મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૮. તા. ૧૬-૮-૧૯૫૩ના રોજ મળેલી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની સાતમી અને આઠમી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની સાતમી અને આઠમી બેઠકની નોંધને મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "છ" અને "જ" તરીકે સામેલ છે.)

૩૯. તા. ૩-૯-૧૯૫૩ના રોજ મળેલ ગુજરાત યુનિવર્સિટી બિલ્ડીંગ કમિટીની બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ કમિટીની બેઠકની નોંધને મંજૂર કરવી. (નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૦. દિલ્હી યુનિવર્સિટીમાં લાયબ્રરી સાયન્સનો ડિપ્લોમા લેવા માટે મોકલેલા લાયબ્રેરીના કેટલોગર શ્રી અમૃતલાલ દેસાઈની ગેરહાજરી દરમિયાનની વ્યવસ્થા કરવા અંગે યુનિવર્સિટી લાયબ્રેરીયનના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી લાયબ્રેરીયનનું સૂચન મંજૂર કરવું. (લાયબ્રેરીયનના સૂચનની નકલ આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૪૧. વિદ્યાર્થી શ્રી કે. જે. અમીનને જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદના સિનિયર બી. એ. ના વર્ગમાં કામચલાઉ દાખલ કર્યા અંગે અને તે અંગેની પરવાનગી આપવાની ભલામણ બાબતના મજકૂર વિદ્યાર્થીની અરજી નીચેના પ્રિન્સિપાલના રોશ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદના પ્રિન્સિપાલની ભલામણ માન્ય રાખવી નહિ.

ત્યારબાદ કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૪૦૩૩૮-૪૦૩૫૩: ૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૬-૯-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં. ૩

O. 57-G: The functions of the Finance Committee shall be :-

To dispose of quotations and tenders received for the purchase of materials, dead-stocks, execution of work, except pertaining to the Building Committee and such other matters as are from time to time referred to it by the Syndicate.

O. 62 : (1) A committee for each Faculty shall be formed every year for the purpose of drawing up the lists of persons for appointment as examiners at the University Examinations.

(2) The members of the Committee shall be

(i) The Vice-Chancellor – Ex-officio Chairman

(i) The Rector, if any

(iii) The Dean of the Faculty concerned

(iv) Two members appointed by the Academic Council from amongst its members belonging to the Faculty.

(v) Two members appointed by the Syndicate from amongst its members.

(3) The Committee shall draw up the lists from amongst the persons included in the panels. As regards external Examiners, the Committee can go outside the panels. The lists so drawn up by the Examination Committee shall be placed before the Academic Council and thereafter before the Syndicate which shall make the appointments.

(4) If any Examiner is unable to accept the appointment, the Vice-Chancellor shall appoint another person to fill in the vacancy and shall report such appointments made by him to the Syndicate.

O. 62-A : (1) No member of the Examination Committee or Syndicate shall be recommended by the Examination Committee for appointment as a Paper-setter and/or Examiner but the Syndicate may, if it thinks fit, invite any such member as a Paper-setter and/or Examiner. The remuneration to be paid to a member of the Examination Committee so invited shall be limited to the maximum of Rs. 250/- taking into consideration all the subjects and all the examinations at which he is invited together. No remuneration shall be paid to a member of the Syndicate if invited as such.

(2) The Examination Committee shall be free to recommend members of the Academic Council for appointment as Paper-setter and/or Examiners at any Examinations, the remuneration to be paid to a member of the Academic Council, shall be limited to the maximum amount of Rs. 500/-, taking into consideration all the subjects and all the examinations at which he is appointed together.

O. 217-B A candidate who has passed the B. Com. Examination under the new rules will be permitted to take the B.A. Special Examination without keeping any terms subject to the following conditions:-

(i) He will be required to pass the Intermediate Arts Examination in a Classical or Modern European Language either before, or in the same examination season as that in which he appears for the B.A. Examination.

(ii) He will be required to appear and pass in the paper in Compulsory English on Shakespeare only at the B.A. Examination.

O. 233-B. A candidate who has passed the B.A. General or the B.A. Special Examination or the B.A. Examination with Honours under the old rules of the Bombay University will be admitted to the B.Com. Examination of this University, subject to the following conditions:-

(i) That he produces a certificate of having attended for a period of 2 terms, the B.Com. course at a Commerce College affiliated to this University;

(ii) that he appears for the Intermediate Commerce Examination in Accountancy and and is declared successful therein either before or in the same Examination season in which he appears for the B.Com. Examination.

A candidate who appears for the B.Com. Examination under the provisions of this Ordinance will be entitled to claim exemption from the paper in English and from the following subjects at the B.Com. Examination provided that he has passed in the subjects at the B.A. Examination shown against them respectively:

B.Com.	B.A.
Principles of Economics	Principles of Economics
Modern Economic Development	Indian Economic Problems and/or Economic History.
Statistics and Scientific Methods	Statistics or Statistical Methods.

INTERMEDIATE ARTS EXAMINATION.

Ordinance 44 :

No candidate shall be admitted to the Intermediate Arts Examination as an external student unless he has (a) passed the First Year Arts Examination of a College affiliated to this University (b) registered as an external student before the 1st September of the previous calender year and (c) unless an interval of two academic years has been allowed between his passing the Entrance or the S.S.C. Examination and his appearance at the Intermediate Arts Examination.

A candidate who has passed his First Year Arts Examination as an external student of this University will not be required to produce the certificates mentioned under Ordinance 208 at the time of joining the college as regular student.

BACHELOR OF ARTS (EXTERNAL) EXAMINATION.

Ordinance 441 :

No candidate shall be admitted to this Examination unless he has (a) passed the Intermediate Examination in Arts, (b) registered as an external student before the 1st September of the previous calendar year and (c) unless an interval of three academic years has been allowed between his passing the Intermediate Examination in Arts and his appearance at the B.A. (External) Examination.

પરિશિષ્ટ "ખ"

કોમર્સ કોર્સ નં. ૫

Pamphlet No. 10 :

The Ordinance has been amended to read as under:-

O. 158. (1) A student who has satisfied all the requirements of the prescribed course of studies at h s college, including the necessary minimum attendance and is certified by the Principal as eligible for admission to an examination shall be called an ex-student for that examination, if after certification, (i) he has not appeared, or appeared and failed in that examination and (ii) has not joined a college for the same course.

(2) An ex-student shall be entitled, without being required to keep fresh terms, to have his application for admission to the examination on a subsequent occasion sent only through the College by whose Principal he was certified under clause (1) above, if he has not joined another College (for the same or a different course).

Provided that in case the College by whose Principal the student was certified under clause (1) above, ceases to be affiliated to the University for the course of studies leading to that examination the student shall be entitled to send his application directly to the University.

(3) A student who has forfeited his status as an ex-student for a particular examination by joining a College for a course of studies leading to that examination may have his application sent only by the Principal of that College, if he is satisfied with the candidate's conduct and progress, even though the candidate may not have kept the terms as defined in O. 99.

(4) An ex- tudent who joins a College for a course of studies leading to an examination other than the one to which he is eligible for admission as an ex-student shall submit his application for admission through the College which he so joins, whether he wishes to appear for the examination for which he has kept his attendance at that College, or for the examination at which he is entitled to appear as an ex-student. In the latter case, the Principal shall certify his attendance on the strength of the transference certificate of the College at which he kept his attendance in the first instance, and shall also certify as to the candidate's conduct.

(5) Notwithstanding clauses (3) and (4) above, ex-student for a particular examination may, by a special notification, be required to keep fresh terms, if in the opinion of the University authorities, the courses of studies leading to that examination have been materially altered.

O. 270. The Ordinance has been amended by the deletion of the reference to translation test in clause '(a)' thereof.

The Ordinance as amended reads as under:-

O. 270. (a) Any person who has taken the Degree of Bachelor of Science (Agri.) or Bachelor of Agriculture of this University or a Degree of another University recognised as equivalent thereto may, after he has worked under the guidance of a University teacher for at least two years subsequent to his passing the Bachelor of Science (Agri.) or Bachelor of Agriculture Examination be admitted to the examination for the Degree of Master of Science (Agri.) in any one of the branches mentioned in R. 144.

(b) On a new application being forwarded and a fresh fee paid, a candidate who has already passed the examination in one branch may appear on a subsequent occasion in a different branch.

O. 305. which read as under has been deleted:

O. 305. No candidate will be permitted to appēar for the M.E. Examination unless he has passed the Language test in French or German as prescribed in Regulation 231.

O. 350-B. (1) Clause 2 of O. 350-B has been amended to read as under:-

"Any person who has taken the M.B.,B.S. degrees of this University or of any other University recognised as equivalent thereto and who has taken (a) the B.Sc. (Med.) Examination of this University as detailed in para 4 below or (b) the B.Sc. degree of this University in any of the following subjects, viz., Anatomy, Physiology or Microbiology or (b) the B.Pharm degree of this University shall be admitted to the examination for the degree of M.Sc. (Med.) in any of the subjects listed above in para 1.

Provided (i) he puts in a post-graduate course in the subjects selected by him for two academic years to the satisfaction of a recognised teacher and (ii) he fulfils conditions detailed in paras 5 to 8 of this Ordinance."

(2) Clause 5 of O. 350-B, which read as under has been deleted:

"5. Candidates for the M.Sc. (Med.) degree shall pass a language test in French, German, or Russian, at least one term before admission to the examination for the M.Sc. (Med.) degree."

(3) Clauses 6 to 9 have been renumbered as clauses 5 to 8.

O. 409. The Ordinance as amended reads as under:-

O. 409. (i) A candidate for the Ph D. degree in Mathematics, Geography, Physics, Chemistry, Botany, Zoology, Agriculture or Geology shall first pass the language Test,

prescribed in that subject or an examination in French or German of another University recognised as equivalent thereto at least two terms or one calendar year in all subjects prior to presenting his thesis for Ph.D. A candidate who has passed in French or German at the B.Sc. (Hons.) Examination of the Andhra University or the B.Pharm. Degree Examination of the University of London shall be deemed to have passed in the Language Test in the same language.

(ii) The Examination shall consist of Part I carrying 50 marks – translation into English of a passage bearing on the branch of Science offered by the candidate and Part II carrying 50 marks – translation into English of simple general sentences involving Scientific terms. The whole paper shall be of three hours' duration and the use of dictionary shall be allowed in the examination.

(iii) A candidate for the Ph.D. degree in any of the medical subjects, viz, in Anatomy, Embryology, Bacteriology, Pathology, Pharmacology and Physiology shall have passed the language test in French or German or Russian.

The Language test in French or German or Russian shall be of two hours' duration and shall consist of a passage or passages for translation into English. The passages or passages shall relate to the particular branch of Science offered by the candidate. The use of a dictionary shall be allowed in answering the paper.

O. 409.– A. which read as under has been deleted:

"**O. 409. A–** Every student appearing for the Language Test will be required to produce with his form of application for admission thereto a certificate of having undergone a course of at least 15 lectures spread over a minimum period of one academic term to the satisfaction of the head of the institution where–from he appears.

The examination shall consist of Part I carrying 50 marks–translation into English of a passage bearing on the branch of Science offered by the candidate and Part II carrying 50 marks–translation into English of simple general sentences involving scientific terms. The whole paper shall be of three hours' duration and the use of a dictionary shall be allowed in the examination hall."

Pamphlet No. 13:

O. 157. The Ordinance as amended reads as under :–

O. 157. If a candidate is allowed to join the next higher class, because he has obtained exemption from all subjects but one in which he has failed, he will not be permitted to appear for the higher examination unless (i) he has proviously passed in the single remaining subject of the lower examination, or (ii) he appears in that subject simultaneously with his appearance at the higher examination. In the latter case, however, he will, in no circumstances be considered to have passed the higher examination, or in any part of it, unless he passes in the aforesaid single subject (with the

percentage, if any required for the total) at the same time or within two years of his obtaining the mark necessary to pass in the higher examination, or any part of it in which seperate passing or exemption is permitted by the Regulations.

When a candidate, owing to his failure to pass in the single remaining subject of the lower examination within two years, is not considered to have passed the higher examination or any part of it, he will forfeit all benefits accruing from the marks obtained by him in the higher examination; but the terms kept by him for such higher examination will be available to him for any further appearance at that examination.

O. 228 : The Ordinance has been amended by the addition thereto of the following sub-para at the end :

"Where a candidate has kept two terms at a College or Colleges affiliated to the University, but has not been certified to have satisfactorily carried out the work appointed by the University for the first two terms in Commerce and has joined another College, the Principal of the new College may issue to him the certificate contemplated by the Ordinance, provided that the candidate has kept at least one term in his College and that he has satisfactorily carried out the work appointed for the first two terms to the satisfaction of the Principal."

The Ordinance as amended reads as under :

O. 228 : During the first year there shall be no University examination for a candidate proceeding to a Degree in Commerce. Such candidate will be permitted at the end of the first year to enter on a course for the Intermediate Examination in Commerce, provided that he produces a certificate from the Principal of a Commerce College, showing that he has kept two terms at a College affiliated to the University and has satisfactorily carried out the work appointed by the University for the first two terms in Commerce and that he has satisfactorily gone through the course of physical training prescribed by the Syndicate from time to time, unless exempted on the ground that he is medically unfit to undergo such exercise or that he is a member of the University Training Corps or that he has been regularly taking part as a member of the College Team in the recognised features of the matches of the major games.

In order to go through the course of physical training satisfactorily, the student shall have attended the physical training class of his College for at least three-fourths of the possible number of periods.

Where a candidate has kept two terms at a College or Colleges affiliated to the University, but has not been certified to have satisfactorily carried out the work appointed by the University for the first two terms in Commerce and has joined another College, the Principal of the new College may issue to him the certificate contemplated

by the Ordinace, provided that the candidate has kept at least one term in his College and that he has satisfacorily carried out the work appointed for the first two terms to the satisfaction of the Principal.

The following has been added as O. 384 A:

O. 384 A: Notwithstanding what is contained in O. 384 holders of the M.D. Degree in Branch II may at their option be exempted from appearing in Paper II and in the Practicals in the subjects of Paper II of Part I of the D.P.H. Examination and on their passing in Paper I and in Practicals of the subjects of Paper I, they will be declared to have passed the D.P.H. Part I Examination.

પરિશિષ્ટ "ગ"

કામકાજ નં. ૧૧

સમિતિનો રિપોર્ટ

ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણના માધ્યમ અંગેની સમિતિની ત્રીજી બેઠક, ગુજરાત યુનિવર્સિટી આફિસમાં, સોમવાર તા. ૪-૮-૧૯૫૨ના રોજ બપોરે ૪-૦ કલાકે ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ અંગેનો સિન્ડિકેટ અને સેનેટ સમક્ષ રજૂ કરવા માટેનો આગળનો પ્રોગ્રામ ઘડી કાઢવા માટે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ ય. દ્વિવેદિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. બી. એ. પટેલ, રજીસ્ટ્રાર	હાજર,
૩.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઈ	હાજર,
૪.	શ્રી. ભાઇલાલભાઇ ડી પટેલ	હાજર,
૫.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર,
૬.	પ્રિન્સિપાલ એસ. વી દેસાઈ	હાજર,
૭.	શ્રી. પોપટલાલ જી શાહ	ગેરહાજર,
૮.	શ્રીમતી ઇન્દુમતીબહેન ચીમનલાલ	હાજર,
૯.	ડૉ. આર. કે. યાજ્ઞિક	હાજર,
૧૦.	શ્રી. વી. આર. ત્રિવેદી	ગેરહાજર.

૧. પ્રથમ એમ ઠરાવવામાં આવ્યું કે સેનેટના મૂળ ઠરાવ પ્રમાણે સાયન્સ અને કૉમર્સ ફૅકલ્ટીઓમાં પણ ગુજરાતી અને/અથવા હિંદીના માધ્યમ મારફતે શિક્ષણ મોડામાં મોડું ૧૯૫૫ની સાલથી શરૂ કરવું જોઇએ તે તરફ સેનેટનું ધ્યાન ખેંચવું.

૨. ત્યારપછી બી.એ. માટે નીચેના પ્રોગ્રામની સિન્ડિકેટ મારફતે સેનેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું:

બી.એ. (જનરલ અને સ્પેશિયલ)

ગ્રુપ "એ" (લેન્ગ્વેજીઝ)

૧. આધુનિક યુરોપિયન ભાષાઓ અને અંગ્રેજી, અંગ્રેજી મારફતે શીખવવાં.

૨. આધુનિક હિંદી ભાષાઓ, ૧૯૫૬ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૮ના માર્ચની પરીક્ષા માટે જે તે ભાષા મારફતે શીખવવી અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૩ કલાસિકલ ભાષાઓ, ૧૯૫૬ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે ૧૯૫૮ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું

૪ નીચેના ગ્રુપ્સમાં આવેલાં વિષયો જૂન ૧૯૫૬થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૮ના માર્ચની પરીક્ષાઓ માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "બી"	ફિલોસોફી,
ગ્રુપ "સી"	હિસ્ટરી,
ગ્રુપ "ડી"	ઇકોનોમિક્સ.
ગ્રુપ "ઇ"	સોશિયોલૉજી.

૫. નીચેના ગ્રુપમાં આવેલા વિષયો જૂન ૧૯૫૭થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૯ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "એફ"	મેથેમેટિક્સ

જે જે વિષયો ગુજરાતી મારફતે શીખવવાની ઉપર ભલામણ કરવામાં આવી છે તે માટે યોગ્ય પાઠ્યપુસ્તકો તૈયાર ન હોય તેવા કેસોમાં તે તૈયાર કરાવવાનો અને તે અંગેની જરૂરી પરિભાષા નક્કી કરવાનો પ્રબંધ ઉપર જણાવેલી મુદ્દતમાં યુનિવર્સિટીએ કરવો જોઇએ.

૩. ત્યારપછી એમ.એ. અને પી.એચ.ડી. માટે નીચેના ક્રોમાભની સિન્ડિકેટ મારફતે સેનેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું:

એમ.એ. (આય થિસિસ) અને પી.એચ.ડી.

સને ૧૯૫૬થી શરૂઆત કરીને થિસિસ ગુજરાતી અથવા હિંદી ભાષામાં આપી શકાય તેવી પરવાનગી આપવી.

૪. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઇએ દરખાસ્ત કરી કે સને ૧૯૫૪ની પરીક્ષાઓમાં ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની બધી ફૅકલ્ટીઓના વિદ્યાર્થીઓને છૂટ આપવી.

દરખાસ્ત મત ઉપર મૂકતાં તે વધુ મતે નામંજૂર થઈ.

૫. ઉપરના વિષયોનાં હિંદી ભાષામાં લખાયેલાં પુસ્તકો પસંદ કરવાને માટે એક કમિટી નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી, અને તે દરમિયાન બિહાર, યુ.પી., સી.પી. અને રાજપુતાના યુનિવર્સિટીઓમાંથી તેમણે હિંદીમાં બહાર પાડેલાં પુસ્તકો મંગાવવાં, તેમજ બંગાળી અને મરાઠીમાં બહાર પાડેલાં પુસ્તકો પણ મંગાવવા આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે.

એમ.એ. માટેનો પ્રોગ્રામ ઘડવાનું કામ કમિટીની આવતી મિટીંગ ઉપર મુલતવી રાખવામાં આવ્યું.

ત્યારબાદ બેઠક પૂરી થઈ હતી.

સિન્ડિકેટે પ્રથમ સુધાર્યા મુજબનો સમિતિનો રિપોર્ટ

૧. સાયન્સ અને કૉમર્સ ફૅકલ્ટીઓમાં પણ ગુજરાતી અને/અથવા હિંદીના માધ્યમ મારફતે શિક્ષણ મોડામાં મોડું ૧૯૫૫ની સાલથી શરૂ કરવું જોઇએ તે તરફ સેનેટનું ધ્યાન ખેંચવું.

૨. બી.એ. માં નીચેનો પ્રોગ્રામ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

બી.એ. (જનરલ અને સ્પેશિયલ)

ગ્રુપ "એ" (લેન્ગ્વેજીઝ)

૧. આધુનિક યુરોપિયન ભાષાઓ અને અંગ્રેજી, અંગ્રેજી મારફતે શીખવવાં.

૨. આધુનિક હિંદી ભાષાઓ, ૧૯૫૬ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૮ના માર્ચની પરીક્ષા માટે જે તે ભાષા મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૩. કલાસિકલ ભાષાઓ, ૧૯૫૬ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે ૧૯૫૮ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવી અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૪. નીચેના ગ્રુપ્સમાં આવેલાં વિષયો જૂન ૧૯૫૬થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૮ના માર્ચની પરીક્ષાઓ માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "બી"	ફિલોસોફી,
ગ્રુપ "સી"	હિસ્ટરી
ગ્રુપ "ડી"	ઇકોનોમિક્સ.
ગ્રુપ "ઇ"	સોશિયોલૉજી.

૫. નીચેના ગ્રુપમાં જણાવેલા વિષયો જૂન ૧૯૫૭થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૯ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "એફ"	મેથેમેટિક્સ

જે જે વિષયો ગુજરાતી મારફતે શીખવવાની ઉપર ભલામણ કરવામાં આવી છે તે માટે યોગ્ય પાઠ્યપુસ્તકો તૈયાર ન હોય તેવા કેસોમાં તે તૈયાર કરાવવાનો અને તે અંગેની જરૂરી પરિભાષા નક્કી કરવાનો પ્રબંધ ઉપર જણાવેલી મુદ્દતમાં યુનિવર્સિટીએ કરવો જોઇએ.

૩. એમ.એ. અને પી.એચ.ડી. માટે નીચેનો પ્રોગ્રામ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

એમ.એ. (બાય થિસિસ) અને પી.એચ.ડી.

સને ૧૯૫૬થી શરૂઆત કરીને થિસિસ ગુજરાતી અથવા હિંદી ભાષામાં આપી શકાય તેવી પરવાનગી આપવી.

૪. સને ૧૯૫૪ની પરીક્ષામાં ગુજરાતી અને/અથવા હિન્દી ભાષામાં જવાબો આપવાની આર્ટ્સ ફૅકલ્ટીના વિદ્યાર્થીઓને છૂટ આપવા સેનેટને ભલામણ કરવી.

૫. ઉપરના વિષયોનાં હિંદી ભાષામાં લખાયેલાં પુસ્તકો પસંદ કરવાને માટે એક કમિટી નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી, અને તે દરમિયાન બિહાર, યુ.પી., સી.પી. અને રાજપુતાના યુનિવર્સિટીઓમાંથી તેમણે હિંદીમાં બહાર પાડેલાં પુસ્તકો મંગાવવાં, તેમજ બંગાળી અને મરાઠીમાં બહાર પાડેલાં પુસ્તકો પણ મંગાવવા આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે.

સમિતિનો સિન્ડિકેટે સુધારેલો રિપોર્ટ, તેમાં ઍકેડેમિક કાઉન્સિલે કરેલા ફેરફાર સાથેનો

૧. સાયન્સ અને કૉમર્સ ફૅકલ્ટીઓમાં પણ ગુજરાતી અને/અથવા હિંદીના માધ્યમ મારફતે શિક્ષણ મોડામાં મોડું ૧૯૫૮ની સાલથી શરૂ કરવું જોઇએ તે તરફ સેનેટનું ધ્યાન ખેંચવું.

૨. બી.એ. માટે નીચેના પ્રોગ્રામની સિન્ડિકેટ મારફતે સેનેટને ભલામણ કરવી:

બી.એ. (જનરલ અને સ્પેશિયલ)

ગ્રુપ "એ" (લેન્ગ્વેજીઝ)

૧. આધુનિક યુરોપિયન ભાષાઓ અને અંગ્રેજી, અંગ્રેજી મારફતે શીખવવાં.

૨. આધુનિક હિંદી ભાષાઓ, ૧૯૫૭ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૯ના માર્ચની પરીક્ષા માટે જે તે ભાષા મારફતે શીખવવી અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૩. ક્લાસિકલ ભાષાઓ, ૧૯૫૭ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે ૧૯૫૯ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવી અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૪. નીચેના ગ્રુપ્સમાં આવેલાં વિષયો જૂન ૧૯૫૭થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૯ના માર્ચની પરીક્ષાઓ માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "બી" ફિલોસોફી,

ગ્રુપ "સી" હિસ્ટરી,
ગ્રુપ "ડી" ઇકોનોમિક્સ,
ગ્રુપ "ઇ" સોશિયોલૉજી.

૫. નીચેના ગ્રુપમાં આવેલા વિષયો જૂન ૧૯૫૮થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૬૦ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "એફ" મેથેમેટિક્સ

કયા કયા વિષયોમાં ચોપડીઓ બહાર પાડવાનું મુક્ત હરીફાઈ પર છોડી દેવું અને કયા વિષયોની ચોપડીઓ યુનિવર્સિટીએ તૈયાર કરાવવી અને તે કોની પાસે તૈયાર કરાવવી તે બાબત જે તે વિષયોના બૉર્ડ ઑફ સ્ટડીઝનો અભિપ્રાય મંગાવવો.

૩. એમ.એ. અને પી.એચ.ડી. માટે નીચેના પ્રોગ્રામની સિન્ડિકેટ મારફતે સેનેટને ભલામણ કરવી:

એમ.એ. (બાય થિસિસ) અને પી.એચ.ડી.

સને ૧૯૫૭થી શરૂઆત કરીને થિસિસ ગુજરાતી અથવા હિંદી ભાષામાં આપી શકાય તેવી પરવાનગી આપવી.

૪. સને ૧૯૫૬ની પરીક્ષાથી ફર્સ્ટ ઇયર આર્ટ્સના વિદ્યાર્થીઓને, ૧૯૫૭ની પરીક્ષાથી ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થીઓને અને ૧૯૫૯ની પરીક્ષાથી બી.એ. ના વિદ્યાર્થીઓને ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની છૂટ આપવી.

૫. ઉપરના વિષયોનાં હિંદી ભાષામાં લખાયેલાં પુસ્તકો પસંદ કરવાને માટે એક કમિટી નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી, અને તે દરમિયાન બિહાર, યુ.પી., સી.પી. અને રાજપુતાના યુનિવર્સિટીઓમાંથી તેમણે હિંદીમાં બહાર પાડેલાં પુસ્તકો મંગાવવાં, તેમજ બંગાળી અને મરાઠીમાં બહાર પાડેલાં પુસ્તકો પણ મંગાવવા આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે.

૬. વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર અને ઇન્ટર આર્ટ્સ માટે યુનિવર્સિટીએ પુસ્તકો લખાવવાનું બંધ કરવું અને પુસ્તકો બહાર પાડવાનું કામ મુક્ત હરીફાઇ ઉપર છોડવું અને તે બાબતની પ્રેસ નોટ બહાર પાડવી.

૭. ૧૯૫૪ના જૂનને બદલે ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ગુજરાતી અને/અથવા હિંદી મારફતે શીખવવાનું શરૂ કરવા સેનેટને ભલામણ કરવી. આ ભલામણ ધ્યાનમાં લઇને ઉપર જણાવેલા ફેરફાર કરવામાં આવ્યા છે.

ઍકેડેમિક કાઉન્સિલે કરેલા ફેરફાર સાથેના સમિતિના રિપોર્ટ

ત્યારબાદ સિન્ડિકેટે તેમાં કરેલા ફેરફાર સાથેના.

૧. સાયન્સ અને કૉમર્સ ફૅકલ્ટીઓમાં પણ ગુજરાતી અને/અથવા હિંદીના માધ્યમ મારફતે શિક્ષણ શરૂ કરવા બાબત વિગતવાર પ્રોગ્રામ ઘડી કાઢવા ઍકેડેમિક કાઉન્સિલને વિનંતી કરવી.

૨. બી.એ. માટે નીચેના પ્રોગ્રામ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

બી.એ. (જનરલ અને સ્પેશિયલ)

ગ્રુપ "એ" (લેન્ગ્વેજીઝ)

૧. આધુનિક યુરોપિયન ભાષાઓ અને અંગ્રેજી, અંગ્રેજી મારફતે શીખવવાં.

૨. આધુનિક હિંદી ભાષાઓ, ૧૯૫૭ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૯ના માર્ચની પરીક્ષા માટે જે તે ભાષા મારફતે શીખવવી અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૩. ક્લાસિકલ ભાષાઓ, ૧૯૫૭ના જૂનથી શરૂ થતા સત્રથી એટલે ૧૯૫૯ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવી અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું.

૪. નીચેના ગ્રુપ્સમાં આવેલાં વિષયો જૂન ૧૯૫૭થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૫૯ના માર્ચની પરીક્ષાઓ માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "બી"	ફિલોસોફી,
ગ્રુપ "સી"	હિસ્ટરી,
ગ્રુપ "ડી"	ઇકોનોમિક્સ,
ગ્રુપ "ઇ"	સોશિયોલૉજી.

૫. નીચેના ગ્રુપમાં આવેલા વિષયો જૂન ૧૯૫૮થી શરૂ થતા સત્રથી એટલે કે ૧૯૬૦ના માર્ચની પરીક્ષા માટે ગુજરાતી અથવા હિંદી મારફતે શીખવવા અને પરીક્ષાનું માધ્યમ પણ તે જ રાખવું:

ગ્રુપ "એફ"	મેથેમેટિક્સ

કયા કયા વિષયોમાં ચોપડીઓ બહાર પાડવાનું મુક્ત હરીફાઈ પર છોડી દેવું અને કયા વિષયોની ચોપડીઓ યુનિવર્સિટીએ તૈયાર કરાવવી અને તે કોની પાસે તૈયાર કરાવવી તે બાબત જે તે વિષયોના બૉર્ડ ઑફ સ્ટડીઝનો અભિપ્રાય મંગાવવો.

૩. એમ.એ. અને પી.એચ.ડી. માટે નીચેનો પ્રોગ્રામ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

એમ.એ. (બાય થિસિસ) અને પી.એચ.ડી.

સને ૧૯૫૭થી શરૂઆત કરીને થિસિસ ગુજરાતી અથવા હિંદી ભાષામાં આપી શકાય તેવી પરવાનગી આપવી.

૪. સને ૧૯૫૬ની પરીક્ષાથી ફર્સ્ટ ઇયર આર્ટ્સના વિદ્યાર્થીઓને, ૧૯૫૭ની પરીક્ષાથી ઇન્ટર આર્ટ્સના વિદ્યાર્થીઓને અને ૧૯૫૯ની પરીક્ષાથી બી.એ. ના વિદ્યાર્થીઓને ગુજરાતી અને/અથવા હિંદી ભાષામાં જવાબો આપવાની છૂટ આપવી.

૫. ઉપરના વિષયોનાં હિંદી ભાષામાં લખાયેલાં પુસ્તકો પસંદ કરવાને માટે એક કમિટી નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી, અને તે દરમિયાન બિહાર, યુ.પી., સી.પી. અને રાજપુતાના યુનિવર્સિટીઓમાંથી તેમણે હિંદીમાં બહાર પાડેલાં પુસ્તકો મંગાવવાં, તેમજ બંગાળી અને મરાઠીમાં બહાર પાડેલાં પુસ્તકો પણ મંગાવવા આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે.

૬. વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ ઇયર અને ઇન્ટર આર્ટ્સ માટે યુનિવર્સિટીએ પુસ્તકો લખાવવાનું બંધ કરવું અને પુસ્તકો બહાર પાડવાનું કામ મુક્ત હરીફાઇ ઉપર છોડવું અને તે બાબતની પ્રેસ નોટ બહાર પાડવી.

૭. ૧૯૫૪ના જૂનને બદલે ૧૯૫૫ના જૂનથી ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં ગુજરાતી અને/અથવા હિંદી મારફતે શીખવવાનું શરૂ કરવા સેનેટને ભલામણ કરવી. આ ભલામણ ધ્યાનમાં લઇને ઉપર જણાવેલા ફેરફાર કરવામાં આવ્યા છે.

૮. સારામાં સારી ચોપડીઓ લખનારને ઇનામ આપવું.

૯. કયા કયા વિષયો માટે કઇ કઇ ચોપડીઓનું પ્રકાશન થયું છે તે બાબત ૧૯૫૪ના સપ્ટેમ્બરમાં સિન્ડિકેટ સમક્ષ મૂકવું.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૨૭

LIST OF SENIOR SUPERVISORS FOR OCTOBER EXAMINATIONS

Examinations	No. of days	Ahmedabad	Anand	Surat	Rajkot
B.Sc. (Subsidiary) B.Com. First & Second LL.B.	6 days	1. Prin. M. S. Shah 2. Prin. S. V. Desai 3. Prin. M. M. Thakore All the days	(B.Sc. only) 1. Prin. N. M. Shah 2. Prof. G. G. Paldhikar (both for two days)	1. Prin. K. L. Desai (2 days i. e. 5th & 6th Oct.) 2. Prof. V. R. Trivedi (4 days i. e. 7th, 8th, 9th & 10th Oct.) 3. Prof. C. D. Vyas, (3 days, i. e. 5th, 6th & 7th Oct.) 4. Prof. R. N. Bhatt (3 days i. e 8th, 9th & 10th Oct)	(B.Sc. only) 1. Prin. G. R. Kotwal 2. Prof. V. D. Raval (both for two days)
B.Pharm.	3 days	1. Prin. R. P. Patel 2. Prof. Y. M. Bhende	–	–	–
Medical (M.B.B.S., M.D. & M.S.)	4½ days	1. Dr. G. V. Barve 2. Dr. C. S. Shah	–	–	–
B.E.	5½ days	1. Prin. A. de Souza 2. Prof. G. J Kulkarni	1. Prin. S. B. Junnarkar 2. Prof. R. D. Gulatee	–	–
M.Sc. (Agri.)	1 day	–	1. Prin. M. D. Patel 2. Dr. C. C. Shah	–	–

પ્રોગ્રામ વિભાગ

પરિશિષ્ટ "ચ"

કામકાજ નં. ૩૭

નં. ફીઝી. ૧૯૧ – –૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ–૯. તા. ૨૧ જૂલાઈ –૧૯૫૩.

ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ૬ઠ્ઠી સભા જે તા. ૨૩–૨–૫૩ને સોમવારના રોજ કોરમ નહિ થવાથી મુલતવી રહી હતી તે સભા તા. ૬–૭–૫૩ને સોમવારે સાંજના ૪–૦૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેના કામો ઉપર વિચારણા કરવા મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ ચેરમેન	ગેરહાજર,
૨.	શ્રી. છગનભાઈ પી. પટેલ	હાજર,
૩.	શ્રી. મણિભાઈ ની. નાયક	હાજર,
૪.	શ્રી. બી. કે. નાયક	ગેરહાજર,
૫.	શ્રી. આર. જી. પટેલ	ગેરહાજર,
૬.	પ્રેસીડેન્ટ, સાઉથ ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટિ	ગેરહાજર,
૭.	પ્રેસીડેન્ટ, નોર્થ ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટિ	ગેરહાજર,
૮.	પ્રેસીડેન્ટ, સૌરાષ્ટ્ર ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટિ	ગેરહાજર,

ચેરમેન સાહેબની ગેરહાજરીમાં શ્રી. છગનભાઈ પી. પટેલને ચેરમેન તરીકે નીમવામાં આવ્યા હતા.

૧. સને ૧૯૫૩–૫૪ના વર્ષ માટે બજેટ નક્કી કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩–૫૪ના વર્ષ માટેનું બજેટ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટિંગમાં નક્કી કરવું."

૨. યુનિવર્સિટી ઇન્ટર ગ્રુપની એથ્લેટિક્સ તેમજ ગેઇમ ઇવેન્ટસ અગે બીજા ઝોનોમાંથી આવતા હરિફોનું બૉર્ડિંગ, લૉજિંગ તથા ટ્રાવેલીંગ ખર્ચ કોના તરફથી આપવામાં આવતું હતું તે સંબંધી મુંબઇ યુનિવર્સિટીમાં પૂછાવતાં મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલો તા. ૨૨–૧–૫૩ના પત્રાંક ૨૦૪૫ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા તા. ૨૨–૧–૫૩ના કાગળ ઉપરથી કામકાજ નં. ૨માં જણાવેલ ઈન્ટરગ્રુપ ઈવેન્ટ્સ વખતે ખર્ચ અંગે શું ભાગ પાડવા તે અંગે કંઈ સ્પષ્ટીકરણ થતું નથી તે જોતાં બીજા વખતે આ કામકાજ રાખવું."

૩. પ્રથમ ઇન્ટરગ્રુપ એથ્લેટિક્સ સ્પોર્ટ્સના દિવસો દરમિયાન ઑફિસિયલ્સ તરીકે નીમાયેલ સભ્યોને આપવામાં આવેલ કન્વેયન્સ એલાવન્સ અંગે અમદાવાદની એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગના પ્રો. આર. બી. ગુપ્તે તરફથી આવેલ તા. ૨૦-૧-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ઉપરનો પત્ર સભ્યો સમક્ષ વાંચી જવામાં આવ્યો હતો અને ત્યારબાદ નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતોઃ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. આર. બી. ગુપ્તેના કાગળમાં દર્શાવેલ વિચારો પ્રશંસનીય છે અને તે અમલમાં મૂકાય તેવો બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો અભિપ્રાય છે. તેમ છતાં, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ, આ અંગે ઠરાવ કરવાનું કામ યોગ્ય સમયે તે તે સ્થળની ઑર્ગેનાઇઝિંગ કમિટિને સોંપે છે."

ત્યારબાદ સભાનું કામ પૂરું થયું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "છ"

કામકાજ નં. ૩૮

નં. ફીઝી. ૨૪૭ – ૧૯૫૩
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯, તા. ૨૫-૮-૫૩.

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની સાતમી સભા, જે તા. ૬-૭-૧૯૫૩ને સોમવારના રોજ કોરમ નહિ થવાથી મુલતવી રહી હતી, તે સોમવાર તા. ૧૭ ૮-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, નીચેનાં કામો ઉપર વિચારણા કરવા મળી હતી અને તેમાં સભાસદોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૨.	,, એ. કે. ત્રિવેદી	ગેરહાજર,
૩.	,, એ. મેનેઝીસ	હાજર,
૪.	,, જી. આર. કોટવાલ	હાજર,
૫.	શ્રી. છગનભાઈ પી પટેલ	હાજર,
૬.	શ્રી. મણિભાઈ એન. નાયક	હાજર,
૭.	શ્રી. બી. કે. નાયક	ગેરહાજર,
૮.	શ્રી. આર. જી. પટેલ	ગેરહાજર,

સભાના ચેરમેન તરીકે પ્રિન્સિપાલ એમ. એસ. શાહને સર્વાનુમતે નિમવામાં આવ્યા હતા.

૧. સને ૧૯૫૨-૫૩ના વર્ષ દરમિયાન યોજાયેલ યુનિવર્સિટી ઇન્ટરગ્રુપ અને ઇન્ટર યુનિવર્સિટી ટ્રાયલ્સ અંગેની રમતો માટેનાં સાધનોમાંથી વધેલાં અને રમતોમાં વપરાયેલાં સાધનો અંગે શો પ્રબંધ કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રમતોનાં વપરાયલાં વધેલાં સાધનો, જેવાં કે ક્રિકેટ બૉલ્સ, ટેનીસ બૉલ્સ, વિગેરેને, હરાજીથી વેચી નાખવાં અને આ પ્રમાણે હરાજીથી વેચી નાખવા માટે, અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીના સેક્રેટરીને વિનંતી કરવી અને વેચાણનાં આવેલાં નાણાંને યુનિવર્સિટી સ્પોર્ટ્સ એકાઉન્ટમાં જમે કરાવવા.

૨. સને ૧૯૫૨-૫૩ની ઇન્ટર યુનિવર્સિટી હરિફાઇમાં ભાગ લઇ પાછા ફરતાં, યુનિવર્સિટી હૉકી ટીમ મદ્રાસમાં એક દિવસ વધુ રોકાયેલ તો તે દિવસનું હોલ્ટીંગ એલાવન્સ મજકૂર ટીમને મંજૂર કરવા તથા મજકૂર હૉકી ટીમની પ્રેક્ટીસ અંગે ઇન્ટર યુનિવર્સિટી હૉકી ટુર્નામેન્ટમાં ભાગ લેવા જતાં અગાઉ, અમદાવાદ વહેલા આવેલા ત્રણ હરિફોને ત્રણ દિવસનું હોલ્ટીંગ એલાવન્સ આપવાની ભલામણ કરતા મજકૂર હૉકી ટીમના ઇન-ચાર્જ

૫-૯-૧૯૫૩

પ્રોફેસર આર. જી. નાયક તરફથી આવેલ તા. ૧૦-૨-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં પ્રોફેસર આર. જી. નાયકનો તા. ૧૦-૨-૫૩નો ઉપરોક્ત પત્ર સભ્યો સમક્ષ વાંચી જવામાં આવ્યો હતો અને ત્યારબાદ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે હૉકી ટીમના ઇન-ચાર્જ પ્રોફેસરે પત્રમાં દર્શાવેલ સંજોગો જોતાં, એક ખાસ કેસ તરીકે જ હૉકી ટીમને એક વધારાના દિવસનું હૉલ્ટીંગ એલાવન્સ આપવું અને આવી જાતની વિનંતી પદ્ધતિસરની ન હોવાથી ભવિષ્યમાં સ્વીકારવામાં આવશે નહિ તથા યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે, બહારગામ જતી યુનિવર્સિટી ટીમના ઇન-ચાર્જ પ્રોફેસરને હરિફોને મળવાનાં ટ્રાવેલીંગ અને હૉલ્ટીંગ એલાવન્સ અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવા કે જેથી યુનિવર્સિટી સત્તાવાળાઓની પ્રથમથી મંજૂરી મેળવ્યા સિવાય તેઓ વધુ દિવસ બહાર રોકાય નહિ.

વધુમાં, બહારગામથી ત્રણ દિવસ અગાઉ અમદાવાદ આવેલ ત્રણ હરિફોના હૉલ્ટીંગ એલાવન્સ સંબંધમાં, યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે તેની તા. ૨૩-૨-૫૩ની પાંચમી મિટીંગના બીજા આઇટેમ પરના કરેલા ઠરાવને ધ્યાનમાં લઇને, ત્રણ હરિફોની હૉલ્ટીંગ એલાવન્સની માગણી નામંજૂર કરવામાં આવે છે.

૩. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૩-૨-૧૯૫૩ને રોજ મળેલ પાંચમી સભાના કામ-કાજની યાદીની આઇટેમ નં. ૫ ઉપર નીચે પ્રમાણે ઠરાવેલ:

'આથી ઠરાવવામાં આવે છે કે ચાર ઝોનની લોકલ સ્પોર્ટ્સ કમિટીઓના ચેરમેનોને જણાવવું કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ એવો અભિપ્રાય ધરાવે છે કે ઇન્ટર કૉલેજીએટ તથા ઇન્ટર ગ્રુપની એથ્લેટીક્સની હરિફાઇઓમાં ઇન્ડીવીડ્યુઅલ ચેમ્પીયનશીપ નક્કી કરવામાં કોઇપણ હરિફને પાંચથી વધારે રમતોમાં-ઇવેન્ટસમાં ભાગ લેવા દેવો નહિ અને તે અંગે તેમના ઝોનની લોકલ સ્પોર્ટ્સ કમિટીનો અભિપ્રાય, ચેરમેન, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સને તા. ૨૦-૩-૫૩ પહેલાં જણાવવો."

તો મજકૂર ઠરાવ અનુસાર જુદા જુદા ઝોનોની લોકલ સ્પોર્ટ્સ કમિટીનો તે ઉપર અભિપ્રાય મંગાવતાં નોર્થ અને સૌરાષ્ટ્ર ઝોનોની લોકલ સ્પોર્ટ્સ કમિટીના પ્રમુખો તરફથી તે તે કમિટીઓના અભિપ્રાયો મોકલવામાં આવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

સૌરાષ્ટ્ર અને નોર્થ ઝોનના ચેરમેન તરફથી આવેલા અભિપ્રાયો સભ્યો સમક્ષ વાંચી જવામાં આવ્યા હતા અને ત્યારબાદ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો.

"આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે, સૌરાષ્ટ્ર અને નોર્થ ગ્રુપના ચેરમેન તરફથી આવેલ અભિપ્રાયને લક્ષમાં રાખીને આની ઉપર વિચારણા કરેલ છે. અને ઠરાવવામાં

આવે છે કે કોઈપણ હરિફને માટે તે ઝોનની લોકલ કમિટી જરૂરજેટલી આઇટમોમાં ભાગ લેવાનું નક્કી કરે, તેટલી તેટલી આઇટમોમાં તે હરિફ ભાગ લે તેમાં આ બૉર્ડને કંઇ વાંધો નથી."

૪. યુનિવર્સિટીના આશ્રય હેઠળ યોજાતી હરિફાઇઓમાં અર્ચાળ પરદેશી રમતો પડતી મૂકવા અને દેશી રમતો અપનાવવી એવી સૂચના આપતા શ્રી. મણીભાઇ ની. નાયકના તરફથી આવેલ તા. ૯-૩-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

શ્રી. મણીભાઇ ની. નાયક તરફથી આવેલ ઉપરોકત પત્ર સભ્યો સમક્ષ વાંચી જવામા આવ્યો હતો અને પછી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મણીભાઇ ની. નાયકના પત્રમાં બતાવેલી બન્ને બાબત સાથે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ સંમત છે અને તે માટે એક પછી એક જે દેશી રમતોમાં વિદ્યાર્થી વર્ગ ભાગ લઇ શકે એવા શકયતા ઝોનની લોકલ કમિટીને લાગે ત્યારે તેમને દાખલ કરવા ભલામણ કરે છે. આ વર્ષની હરિફાઇઓમાં બોમ્બેનો સમાવેશ કરવાની દરેક લોકલ કમિટીના ચેરમેનને વિનંતી કરવી."

૫. સને ૧૯૫૨-૫૩ના વર્ષ દરમિયાન યોજાયેલ યુનિવર્સિટી ઇન્ટરગ્રુપ ટુર્નામેન્ટની, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ, અને વી. પી. મહાવિદ્યાલય, આણંદ, વચ્ચેની ક્રિકેટની ફાઇનલ ટુર્નામેન્ટ વખતે બપોરના લંચ સમય દરમિયાન બંને ટીમોની હરિફોની સંખ્યા કરતાં નાસ્તાની ડીશોની સંખ્યા વધુ થયેલ અને તે અંગે બંને કૉલેજના પ્રિન્સિપાલ સાહેબો જણાવે છે કે તેમની કૉલેજોના હરિફોના જેટલી જ ડીશોનો ચાર્જ તેઓ આપવા તૈયાર છે, તો હરિફોની સંખ્યા કરતાં વધતી ડીશોનો ચાર્જ કોણે આપવો એ પ્રશ્ન બૉર્ડ ઑફ સ્પોર્ટસ સમક્ષ મૂકવાનું સૂચન કરતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજના પ્રિન્સિપાલના તા. ૨૦-૩-૧૯૫૩ના પત્રાંક ૨૪૭૩ ઉપર વિચારણા કરવા બાબત.

ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલ સાહેબને જણાવવામાં આવ્યું હતું કે વી. પી. મહાવિદ્યાલય, આણંદના પ્રિન્સિપાલ સાહેબ તરફથી તેમની કૉલેજને ફાળે આવતા બીલની પુરેપુરી રકમનો મનીઑર્ડર આવી ગયેલ છે અને તે આધારે ધર્મેન્દ્રસિંહજી કૉલેજના પ્રિન્સિપાલ સાહેબે પણ તેમની કૉલેજને ફાળે આવતા બીલની પુરેપુરી રકમ મોકલી આપવાની સંમતિ આપી હતી અને ત્યારબાદ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો

આથા ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં દરેક હરિફ દીઠ લંચના ચાર્જની અમુક રકમ નક્કી કરવી અને ડીશ પ્રમાણે રકમ નક્કી ન કરવી અને વધુમાં આ કામ દફતરે કરવું

૬. શરીરનો બાંધો, ઉંચાઇ, છાતી, વજન વગેરેને દરેક "Age Group" ના ઇનામ માટે ધ્યેયરૂપ ગણી યુનિવર્સિટીના વાર્ષિક રમતગમતના ઉત્સવ વખતે દરેક કેટેગરીના વિદ્યાર્થીને ઇનામ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટીમાં વ્યવસ્થા કરવા બાબતના શ્રી. પી. જી. શાહના તા. ૫-૩-૧૯૫૩ના પત્ર ઉપર સિન્ડિકેટે તેની તા. ૯-૩-૫૩ના રોજ મળેલી મિટીંગમાં નીચે ઠરાવ્યા અનુસાર મજકૂર બાબત અંગે અભિપ્રાય દર્શાવવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના અભિપ્રાય માટે મોકલી આપવો."

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં યુનિવર્સિટી તરફથી બધી કૉલેજોની દાક્તરી તપાસ શરૂ થયેલ છે તો બધી કૉલેજોના વિદ્યાર્થીઓની દાક્તરી તપાસનો જનરલ રિપોર્ટ યુનિવર્સિટી પાસે આવે ત્યારપછી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ આ પ્રશ્ન ઉપર વિચાર કરશે."

૭. ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડના ૧૩મા વાર્ષિક અહેવાલની આઇટેમ નં. ૪-૫ (અ), ૫ (ઇ) (અ) અને (બ) ઉપરના ઠરાવની નોંધ લેવા તથા ઠરાવ નં. ૭ (સી) (ડી) (ઇ) તથા ૧૨ ઉપર આ યુનિવર્સિટીનો અભિપ્રાય જુલાઇના અંત પહેલાં મોકલી આપવાની સૂચના કરતા ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૨-૫-૧૯૫૩ના પત્રાંક ૧૧૩-૧૪૩-એસ. ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડની મદ્રાસ મુકામે તા. ૧૭-૩-૧૯૫૩ના રોજ મળેલી બેઠકમાં લેવામાં આવેલા મોટા ભાગના નિર્ણયો સાથે આ બૉર્ડ સંમત થાય છે. તેમ છતાં, આ બૉર્ડ, ઇન્ટર યુનિવર્સિટી સ્પોર્ટ્સ બૉર્ડને સૂચવે છે કે જુદી જુદી રમતોની હરિફાઇઓ તથા એથ્લેટીકસની હરિફાઇ પણ, નાતાલના સમય દરમિયાન રાખવી એટલે કે ૧૫મી ડિસેમ્બરથી ૧૦મી જાન્યુઆરી સુધીમાં રાખવા જોઇએ. કારણ કે તે પહેલાં યુનિવર્સિટીની ટીમની પસંદગી કરવાનું કામ નવેમ્બર પહેલાં શકય હોતું નથી. વધુમાં, ફુટબૉલની હરિફાઇ સંબંધમાં પણ આ બૉર્ડનું એવું સૂચન છે કે, તે હરિફાઇને પણ ઉપર દર્શાવેલ સમય દરમિયાન જ રાખવી અને પહેલી ટર્મમાં રાખવી નહિ"

ત્યારબાદ ચેરમેનનો આભાર માની સભાનું કામકાજ પુરૂં કરવામાં આવ્યું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "બ"

કામકાજ નં. ૩૮

નં. ફિઝી ૨૪૮-૧૯૫૩
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૫-૮-૫૩.

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આઠમી સભા, તા. ૧૭-૮-૫૩ને સોમવાર ના રોજ મજકૂર બૉર્ડની સાતમી સભા પુરી થતાં સાંજના ૨-૩૦ કલાકે મળી હતી અને તેમાં સભાસદોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૨.	પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	ગેરહાજર,
૩.	પ્રિન્સિપાલ બી. મેનેજીઝ	હાજર,
૪.	પ્રિન્સિપાલ જી. આર. કોટવાલ	હાજર,
૫.	શ્રી. છગનભાઈ પી. પટેલ	હાજર,
૬.	શ્રી. મણીભાઇ એન. નાયક	હાજર,
૭.	શ્રી. બી. કે. નાયક	ગેરહાજર,
૮.	શ્રી. આર. જી. પટેલ	ગેરહાજર.

૧. તા. ૬-૭-૫૩ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ૬ ઠ્ઠી મિટીંગના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ૬ઠ્ઠી સભાના કામની નોંધને મંજૂર કરવામાં આવે છે.

૨. સને ૧૯૫૩-૫૪ના વર્ષ માટે મજકૂર બૉર્ડના ચેરમેનની ચૂંટણી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલ એમ. એસ. શાહને ૧૯૫૩-૫૪ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીની બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ ચૂંટવા.

૩. ચાલુ વર્ષ દરમિયાન ઇન્ટરઝુપ સ્પોર્ટ્સ માટે રમતો નક્કી કરવા તેમજ મજકૂર સ્પોર્ટ્સની તારીખો નક્કી કરવા બાબત.

અ. આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટરઝુપની એથ્લેટીક્સની હરિફાઇ ડિસેમ્બરની ૧૨મી તથા ૧૩મી તારીખોએ રાજકોટ મુકામે યોજવી.

બ. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ માટે ચાલુ સાલે નીચેની રમતો રાખવીઃ

અ. એથ્લેટીકસ માટે નીચેની આઇટેમો રાખવીઃ

પુરૂષો માટે		બહેનો માટે
૧. ૧૦૦ મીટર્સ દોડ	૨. ૨૦૦ મીટર્સ દોડ	૧. ૫૦ મીટર્સ દોડ
૩. ૪૦૦ મીટર્સ દોડ	૪. ૮૦૦ મીટર્સ દોડ	૨. ૧૦૦ મીટર્સ દોડ
૫ ૧૫૦૦ મીટર્સ દોડ	૬. ૧૧૦ મીટર્સ હર્ડલ્સ	૩. બેડમિન્ટન
૭. રેલેરસ	૮. બ્રોડ જંપ	
૯. હાઈ જંપ	૧૦. પુટીંગધી શોટ	
૧૧. પોલ વોલ્ટ	૧૨. હોપ સ્ટેપ એન્ડ જંપ	
૧૩. ડીસ્કસ થ્રો	૧૪. જેવેલીન થ્રો	
	૧૫. કુસ્તી	

૧. બેન્ટમ વેઇટ
૨. ફેધર વેઇટ
૩. લાઈટ વેઈટ
૪. વેલ્ટર વેઈટ

બ. ક્રિકેટ
ક. હૉકી
ગ. ટેનીસ
ઘ. ફુટ બોલ
ચ. હુતુતુ
છ. બેડમિન્ટન બહેનો માટે

અત્રે બેડમિન્ટન પુરૂષો માટે રાખવા બાબતનો સાઉથ ઝોન લોકલ સ્પોર્ટ્સ કમિટીનો ઠરાવ રજૂ કરતો પ્રિન્સિપાલ એ કે. ત્રિવેદી સાહેબનો તા. ૮-૮-૫૩નો પત્ર બૉર્ડ સમક્ષ વાંચવામાં આવ્યો હતો અને ઠરાવવામાં આવ્યું હતું કે બેડમિન્ટન પુરૂષો માટે પણ રાખવાના સિદ્ધાંત સાથે આ બૉર્ડ સંમત છે પરંતુ નાણાંના અભાવે ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સમાંથી તેને બાકાત રાખવામાં આવે.

૩. ક. વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટરગ્રુપની એથ્લેટીકસની હરિફાઈ રાજકોટ મુકામે કરવા માટે સૌરાષ્ટ્ર ઝોનની લોકલ સ્પોર્ટ્સ કમિટીને સત્તા આપવામાં આવે છે.

૩. ખ. વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેના સભ્યોની બનેલી એડવાઇઝરી કમિટી ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ કરવા માટે નીમવામાં આવે છેઃ

૧. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ
૨. પ્રિન્સિપાલ જી. આર. કોટવાલ
૩. ડાયરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઈન્ટરગ્રુપ સ્પોર્ટ્સમાં ચેમ્પીયનશિપ નક્કી કરવા માટે ચાલુ સાલે નીચે પ્રમાણે પોઈન્ટ્સ આપવા:

ટીમ ઈવેન્ટસ

વિનર્સને	૮ પોઇન્ટ્સ આપવાં
રનર્સઅપને	૪ પોઇન્ટ્સ આપવાં

અને વ્યક્તિગત આઇટેમોમાં

પ્રથમ આવનારને	૪ પોઇન્ટ્સ આપવાં
દ્વિતીય આવનારને	૩ ,,
તૃતિય આવનારને	૨ ,,
ચોથા આવનારને	૧ પોઈન્ટ આપવું.

૪. ઇન્ટર યુનિવર્સિટી તરફથી થતી રમતોમાં, કઇ કઇ રમતોમાં આ યુનિવર્સિટીએ ચાલુ સાલે ભાગ લેવો તે નક્કી કરવા બાબત.

(નોંધ:- ઇન્ટર યુનિવર્સિટી માટે બજેટમાં રૂા ૧૨૦૦૦-૦-૦ ની રકમ મંજૂર કરવામાં આવી છે.)

૪ અ. આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર યુનિવર્સિટી તરફથી થતી રમતોમાંથી નીચેની રમતોમાં આ યુનિવર્સિટીએ ભાગ લેવો.

રમતો

૧. ક્રિકેટ	૩. ટેનીસ
૨. હૉકી	૪. વોલી બૉલ.

પરંતુ ઉપરની રમતોમાં આ યુનિવર્સિટીના હરિફો ઇન્ટર યુનિવર્સિટી રમતોનું ઓછામાં ઓછું ધોરણ બતાવે તોજ ઉપરની રમતોમાં યુનિવર્સિટી ટીમો મોકલશે.

૪ બ. વધુમાં ક્રિકેટની બાબતમાં ઠરાવવામાં આવે છે કે જો ચાલુ સાલે ઑકટોબર વેકેશનમાં બૉમ્બે યુનિવર્સિટીના આશ્રય હેઠળ મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓ વચ્ચે, નોર્થ કોટ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાય તો તેનું પરિણામ જોયા પછીજ ઇન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવાનું ઠરાવવું.

૪ ક. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની રમતોમાં અને ઇન્ટર યુનિવર્સિટીની એથ્લેટીકસની કેટલીક આઇટમોમાં તથા કબડ્ડી (હુતુતુતુ) ની હરિફાઇમાં ભાગ લેવાનું બજેટમાં દર્શાવેલ રકમ અંદર ઠરાવવું.

૫. સને ૧૯૫૨-૫૩ની ઇન્ટર યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટમાં આ યુનિવર્સિટી તરફથી ભાગ લઇ આવેલ બે હરિફોની, યુનિવર્સિટી કેસ્ટ, કાઉન્ટી કેપ, તેમજ સર્ટિફિકેટની માંગણીની અરજીને ફોરવર્ડ કરતા વિ. પી. મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ તરફથી આવેલ તા. ૨૬-૬-૫૩ના પત્રાંક કે-૨૮૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે બે હરિફોની ગઇ સાલની કેસ્ટ મોકલી આપવી અને જણાવવું કે કાઉન્ટી કેપ આપવામાં આવેલ નથી તથા તેઓને ઇન્ટર યુનિવર્સિટીની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવ્યા બાબતનું સર્ટિફિકેટ શ્રી. રજિસ્ટ્રારની સહીથી મોકલી આપવું."

૬. મુંબઇ યુનિવર્સિટીમાં મુંબઇની લોકલ સ્પોર્ટ્સ કમિટીનું કામકાજ કેવી રીતે થાય છે તે અંગે મુંબઇ યુનિવર્સિટીને પૂછવામાં જે જવાબ આવેલ છે તે ઉપર બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે તેની તા. ૮-૯-૫૨ની સભામાં નીચે પ્રમાણે ઠરાવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીની લોકલ સ્પોર્ટ્સ કમિટીનું કામકાજ કેવી રીતે ચાલે છે તે અંગે મુંબઇ યુનિવર્સિટી તરફથી આવેલ પત્ર બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની સભા જ્યારે આવતે વર્ષે મળે ત્યારે તેની સમક્ષ મૂકવો."

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીનું કામકાજ પણ આ ધોરણે ચાલતું હોવાથી આ પત્રની નોંધ લેવામાં આવે છે."

૭. સને ૧૯૫૩-૫૪ના વર્ષ માટે બજેટ નક્કી કરવા અંગે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે તેની તારીખ ૬-૩-૧૯૫૩ના રોજ મળેલી ૬ઠ્ઠી સભામાં નીચે પ્રમાણે ઠરાવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

'આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૫૩-૫૪ના વર્ષ માટેનું બજેટ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં નક્કી કરવું."

(નોંધ:- ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ માટે બજેટમાં રૂા. ૪૦૦૦-૦-૦ની રકમ મંજૂર કરવામાં આવેલી છે અને ઇન્ટર કૉલેજીએટ સ્પોર્ટ્સ માટે બજેટમાં રૂા. ૬૦૦૦-૦-૦ ની રકમ મંજૂર કરવામાં આવેલી છે:)

"આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર કૉલેજીએટ સ્પોર્ટ્સ અંગે જે બજેટમાં પ્રોવીઝન છે તેની જુદા જુદા ઝોનો વચ્ચે, નોર્થ ઝોન, સૌરાષ્ટ્ર ઝોન અને સાઉથ ઝોનના હરિફોને

આવવા જવાના રેલ્વે ફેર અંગે જે ખર્ચો કરવો પડે છે તે ધ્યાનમાં લઈને નીચેના ધોરણે વહેંચણી કરવીઃ

	ઝોનનું પોતાનું કોન્ટ્રીબ્યુશન	યુનિવર્સિટી તરફથી ઝોનને આપવાનું કોન્ટ્રીબ્યુશન
અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટી	રૂા. ૨૯૦૦-૦-૦	રૂા. ૧૬૭૫-૦-૦
નોર્થ ઝોન ,, ,, ,,	રૂા. ૧૬૦૦-૦-૦	રૂા. ૧૫૨૫-૦-૦
સૌરાષ્ટ્ર ઝોન ,, ,, ,,	રૂા. ૧૭૦૦-૦-૦	રૂા. ૧૬૦૦-૦-૦
સાઉથ ઝોન ,, ,, ,,	રૂા. ૧૪૩૦-૦-૦.	રૂા. ૧૨૦૦-૦-૦.
	રૂા. ૭૬૩૦-૦-૦	રૂા. ૬૦૦૦-૦-૦

યુનિવર્સિટી તરફથી આ ઝોનને અત્યારે જે રૂા. ૬૦૦૦-૦-૦ ની ગ્રાન્ટ છે તે બધી ઝોનોના એકંદરે ફાળાની સરખામણીમાં રૂા. ૧૬૩૦-૦-૦ ઓછી છે અને તે અંગે યુનિવર્સિટી તરફથી મળતી ગ્રાન્ટમાં યોગ્ય વધારો કરવા સિન્ડિકેટને આ બૉર્ડ વિનંતી કરે છે.

૮. યુનિવર્સિટી ઇન્ટરગ્રુપની એથ્લેટીક્સ તેમજ ગેઇમ ઇવેન્ટસ અંગે બીજા ઝોનોમાંથી આવતા હરિફોનું બૉર્ડિંગ, લૉજીંગ તથા ટ્રાવેલીંગ ખર્ચ કોના તરફથી આપવામાં આવતું હતું તે સંબંધી મુંબઇ યુનિવર્સિટીને પુછાવતાં આવેલ જવાબ ઉપર બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે તેની તારીખ ૬-૭-૫૩ની મિટીંગમાં નીચે પ્રમાણે ઠરાવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા. ૨૨-૧-૫૩ના કાગળ ઉપર કામકાજ નં. ૨માં જણાવેલ ઇન્ટરગ્રુપ ઇવેન્ટસ વખતે ખર્ચ અંગે શું ભાગ પાડવા તે અંગે સ્પષ્ટીકરણ થતું નથી તે જોતાં બીજા વખતે આ કામકાજ રાખવું."

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગ પર રાખવું."

૯. પ્રથમ ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સમાં ભાગ લેવા અમદાવાદ આવેલ નોર્થ ગ્રુપના હરિફોનાં ટ્રાવેલીંગ બીલ અંગે. નોર્થ ગ્રુપના પ્રેસિડેન્ટ તરફથી આવેલ તા. ૧૫-૭-૫૩ના પત્રાંક ૯૮૭ તથા ૪-૮-૫૩ના પત્રાંક ૧૧૩૪ ઉપર વિચારણા કરવા બાબત.

(બોંબે-ફેન્ડબુક ઑફ સ્પોર્ટ્સના નિયમ પ્રમાણે હરિફોને રોજના રૂા. ૪-૦-૦નું હોલ્ટીંગ એલાવન્સ મળી શકે છે તથા આ પ્રમાણેના સૌરાષ્ટ્ર ગ્રુપના હરિફોનું ટ્રાવેલીંગ બીલ રૂા. ૧૩૬-૧૪-૦ અને સાઉથ ગ્રુપના હરિફોનું ટ્રાવેલીંગ બીલ રૂા. ૮૪-૯-૦નું આવેલું છે.)

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું"

૧૦. અનામલાઇ યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના લેક્ચરર ઇન ચાર્જ તરફથી, હન્ટર યુનિવર્સિટીની સાઉથ ઝોનની ફુટબૉલ ટુર્નામેન્ટ અંગે આવેલ તા. ૨૭-૭-૫૩ ના પત્રાંક પી. ઇ. ૩૮૫ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૧. હન્ટર યુનિવર્સિટીની બેડમિન્ટન ટુર્નામેન્ટના મુંબઇ યુનિવર્સિટીના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી તરફથી બેડમિન્ટન ટુર્નામેન્ટ અંગે આવેલ તા. ૨૧-૭-૫૩ના પત્રાંક એસ. પી. ૧૫ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૨. અમદાવાદ લોકલ ગ્રુપ સ્પોર્ટ્સ કમિટીની તા. ૩-૮-૫૩ની સભામાં યુનિવર્સિટી બૉર્ડ આફ સ્પોર્ટ્સને કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીના ઠરાવ

"Resolved that, it be recommended to the University Board of Sports that Inter-University rules be adopted for Inter-Collegiate sports with the modifications recommended herewith."

"Resolved that it be recommended to the Board of Sports to drop the representation of this University in the Inter-University Foot Ball tournament this year in view of the fact that the time is too short for selection. The University representative on the Inter-University sports Board be requested to put the period of Foot-Ball matches in the second term in future years.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૩. અલ્હાબાદ યુનિવર્સિટીના એથ્લેટીક્સ એસોસીએશનના સેક્રેટરી તરફથી હન્ટર યુનિવર્સિટીની ૧૯૫૩-૫૪ સાલની એક્વેટીક્સ હરિફાઇ સંબંધી આવેલ તા. ૨૨-૭-૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૪. સિલેાન યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન તરફથી ઇન્ટર યુનિવર્સિટીની ૧૯૫૩-૫૪ સાલની એથ્લેટીક્સ હરિફાઇ સંબંધી આવેલ તા. ૨૨-૭-૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૫. મદ્રાસથી નીકળતા "સ્પોર્ટ્સ અને પાસ્ટાઇમ" મેગેઝીનના ગુજરાતના પ્રતિનિધિ શ્રી. પી. એફ. કૈકેાબાદના તા. ૧૮-૭-૫૩ તથા ૮-૮-૫૩ના પત્રો પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૬. ઇન્ટરગ્રુપ અંગે નીમાતા એમ્પાયર્સ, સ્કોરર્સ વિગેરેના આપવાના વેતન અંગે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૭. નાગપુર યુનિવર્સિટી, નાગપુરના ફિઝિકલ એજ્યુકેશનના ઑફિસર ઇન ચાર્જ તરફથી ઇન્ટર યુનિવર્સિટીની ખેાખેા ટુર્નામેન્ટ સંબંધી આવેલ તારીખ ૧૦-૮-૫૩ના પત્રાંક નં. ૫-XI-359. ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું.

૧૮. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલ તરફથી આવેલ તા. ૧૧-૮-૫૩ના પત્રાંક ૩૪૩૭ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે આ કામકાજ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આવતી મિટીંગમાં રાખવું."

૧૯. નોર્થ કોટ ક્રિકેટ શીલ્ડ ટુર્નામેન્ટ ફરીથી ચાલુ કરવા સંબંધમાં મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા. ૧૦-૮-૫૩ના પત્રાંક ૨૩૭૨૮ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટી તરફથી નોર્થ કોટ ક્રિકેટ શીલ્ડ અંગે ટુર્નામેન્ટ્સ યેાજાય તેા તેમાં આ યુનિવર્સિટીની ક્રિકેટ ટીમે ભાગ લેવેા."

ત્યારબાદ ચેરમેન તરફથી એવેા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યેા હતેા કે જ્યાં સુધી ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની નિમણૂંક ન થાય ત્યાં સુધી અમદાવાદ લેાકલ સ્પોર્ટ્સ

૫-૬-૧૯૫૩

કમિટીના સેક્રેટરી, ડૉ. આર. એમ વૈદ્યને બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના માનદ મંત્રી તરીકે કામ કરવા માટે નીમવા અને તે ઉપર પૂરતી વિચારણા કર્યા બાદ નીચે પ્રમાણેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

"આથી ઠરાવવામાં આવે છે કે જ્યાં સુધી યુનિવર્સિટી તરફથી ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની નિમણૂંક ન થાય ત્યાં સુધી અમદાવાદ લોકલ સ્પોર્ટ્સ કમિટીના સેક્રેટરી ડૉ. આર. એમ. વૈદ્યને બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના માનદ મંત્રી તરીકે કામ કરવા માટે નીમવામાં આવે છે."

ત્યારબાદ નીચે પ્રમાણેનો ખાસ ઠરાવ કરવામાં આવ્યો હતો:

"Resolved that the Vice-Chancellor may be informed that the two members nominated by the Syndicate on the Board, viz. Shri B. K. Naik and Shri R. G. Patel have not attended any meeting of the Board of Sports. He may further be requested to appoint, if possible the following two persons as nominated members by the Syndicate to serve on the University Board of Sports in their places.

1. Principal S. V. Desai
2. Shri Ratilal Khusaldas Patel.

In the opinion of the University Board of Sports, it is difficult to have the quorum for the meeting, when some outside members do not turn up at all for the meeting. It is desirable therefore to have the Local members on the Committee."

ત્યારબાદ ચેરમેનનો આભાર માની સભાનું કામકાજ પુરૂં કરવામાં આવ્યું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ

રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ઝ"

કામકાજ નં. ૩૯

નં. જન. ૩૮૯૪૧-૪૬ - ૧૯૫૩
અમદાવાદ-૯, તા. ૪-૯-૧૯૫૩.

ગુજરાત યુનિવર્સિટી બિલ્ડીંગ કમિટીની એક સભા, તા. ૩-૯-૧૯૫૩ને ગુરૂવારના રોજ, સાંજે ૬-૦ વાગે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં મળી હતી, તે સમયે સભાસદોની હાજરી નીચે મુજબ હતી.

૧.	શ્રી. વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. ભાઈલાલભાઇ ઘાભાઇ પટેલ	હાજર,
૩.	શ્રી. બી. કે. મુન્શીમદાર	હાજર,
૪.	શ્રી. જી. એસ. દેસાઈ	ગેરહાજર,
૫.	શ્રી. કસ્તુરભાઈ લાલભાઈ	ગેરહાજર,
૬.	ચિફ ઍન્જિનિયર ટુ ધ. ગવર્મેન્ટ ઑફ બૉમ્બે.	ગેરહાજર,

૧. તા. ૩-૭-૧૯૫૩ને શુક્રવારના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીની મિનિટ્સને બહાલી આપવા બાબત.

તા. ૩-૭-૧૯૫૩ના રોજ મળેલી બિલ્ડીંગ કમિટીના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના પર સહી કરી.

૨. શ્રી. આત્મારામ એમ. ગજજરના પત્ર નં. ૧૪૮૧-૫૨-૫૩ તા. ૪થી જુલાઇ ૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી સિન્ડિકેટને ભલામણ કરે છે કે શ્રી. આત્મારામ એમ. ગજજરને યુનિવર્સિટી બિલ્ડીંગનું વુડન મોડેલ બનાવવા માટે બીલ નં. ૧૮૩ તા ૪-૭-૧૯૫૩થી રૂા. ૭૫૦-૦-૦ માગ્યા છે તેને બદલે રૂા. ૪૦૦-૦-૦ આપવા મંજૂર કરવું.

૩. આર્કિટેકટ શ્રી. જે. કે. મહેતાના એડવોકેટ તરીકે શ્રી. કાન્તીલાલ જી. માંડલીયાના તા. ૨૫-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ કામનો નિકાલ કરવા માટે શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૪. શ્રી. આત્મારામ એમ. ગજજરના પત્રો નં. ૧૫૨૮ અને ૧૫૬૪ અનુક્રમે તા. ૨૨-૭-૧૯૫૩ ને તા. ૪-૮-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે સેન્ટ્રલ હૉલમાં ઈટાલીયન આરસપાણને બદલે ઇન્ડિયન મકરાણા પીન્કીસ આરસપાણ ચોડવાનું મંજૂર કરવું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "૬"

કામકાજ નં. ૪૦

એ. વાઇસ-ચાન્સેલર સાહેબ,

લાયબ્રેરીના કેટલૉગર શ્રી. અમૃતલાલ દેસાઈને લાયબ્રેરી સાયન્સનો ડિપ્લોમા લેવા માટે દિલ્હી યુનિવર્સિટીમાં મોકલવામાં આવેલા છે. એ ભાઇ પોતાની પરીક્ષા પછી પાછા પોતાનું કામ અહીં સંભાળી લે તે મુદ્દત દરમ્યાન એક ગ્રેજ્યુએટ કલાર્ક એમનું કામ કરવા માટે હંગામી રોકવામાં આવે એવી વ્યવસ્થા કરવી જરૂરી છે. વળી દિલ્હી યુનિવર્સિટીમાં સપ્ટેમ્બરમાં તથા નવેમ્બરમાં ટર્મને અંતે પંદર પંદર દિવસની રજાઓ પડે છે તે દિવસોમાં શ્રી. દેસાઇ અહીં આવી કેટલૉગીંગનું કામ કરે તો પાછલું ચઢેલું કામ પુરૂં થયા ઉપરાંત જે કલાર્કને રાખવામાં આવે તેને કામની સમજ પણ કામ કરતાં કરતાં આપી શકે. આ દિવસોનો એટલે કે બે ગાળા મળીને એકંદર એક મહીનાનો પગાર કેટલૉગર શ્રી. દેસાઇને આપવામાં આવે એ આવશ્યક છે. આ વ્યવસ્થા કરવામાં આવે તો એમની જગ્યાએ જે કલાર્કની નિમણૂંક કરવામાં આવે તે નવેમ્બરમાં જે દિવસથી કેટલૉગર કામ શરૂ કરે તે દિવસથી કરવી કે જેથી ત્યાં સુધી આવેલાં પુસ્તકોનું કેટલૉગ તૈયાર કરતાં કરતાં એમની અવેજીમાં રાખેલ કલાર્કને કેટલૉગીંગનું પ્રેક્ટીકલ જ્ઞાન પણ એઓ આપી શકે અને અવેજી કલાર્કને બે મહિના જેટલા મોડા રોકવાથી બે મહિનાનો પગાર પણ બચી શકે. શ્રી. દેસાઇને સપ્ટેમ્બરની પંદરમીથી રજા પડે છે તો તે પહેલાં બની શકે તો આ સંબંધમાં યોગ્ય કરવા માટેની વ્યવસ્થા કરવા મહેરબાની કરશો.

સહી કી. ર. દેસાઇ
લાયબ્રેરીયન.

તા. ૪-૯-૫૩.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની બાવીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૩-૧૦-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી, તે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુન્શીમદાર	ગેરહાજર,
૫.	શ્રી. બદુભાઈ એચ. દેસાઈ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ	હાજર,
૭.	શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૮.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇ	હાજર,
૯.	શ્રીમતી ઇન્દુમતીબેન ચીમનલાલ	ગેરહાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન એમ. શાહ	ગેરહાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર.

થોડો વખત થોભ્યા છતાં કોરમ નહિ થવાથી સભા કોરમને અભાવે મુલતવી રાખવામાં આવી.

નં. સિ. ૪૭૬૯૦-૭૦૫-૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૬-૧૦-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૧૪-૧૧-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળેલી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. દિવેટિયા, વાઈસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એન. આર. ત્રિવેદી	હાજર,
૩.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. બી. કે. મુઝુમદાર	ગેરહાજર,
૫.	શ્રી. બટુભાઇ એચ. દેસાઇ	હાજર,
૬.	શ્રી. શેઠ અમૃતલાલ હરજીવનદાસ	હાજર,
૭.	શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ	હાજર,
૮.	શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ	હાજર,
૯	શ્રીમતી ઈંદુમતીબેન ચીમનલાલ	હાજર,
૧૦.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૧૧.	શ્રી. પોપટલાલ જી. શાહ	ગેરહાજર,
૧૨.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઈ	હાજર,
૧૩.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	હાજર,
૧૪.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૫.	પ્રિન્સિપાલ એન. એમ. શાહ	ગેરહાજર,
૧૬.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	ગેરહાજર.

૧. તા. ૫-૯-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની એકવીસમી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. તા. ૩-૧૦-૧૯૫૩ના રોજ ક્વોરમના અભાવે મુલતવી રહેલી સિન્ડિકેટની બાવીસમી સામાન્ય સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ ચાન્સેલરે સહી કરી.

૮. ૧. એફ્. વાય. સાયન્સમાં નાપાસ થઇ એફ્. વાય. આર્ટ્સમાં, ૨. એફ્. વાય. આર્ટ્સમાં નાપાસ થઇ એફ્. વાય. સાયન્સમાં અને ૩. એફ્. વાય. કૉમર્સમાં નાપાસ થઈ એફ્. વાય. આર્ટ્સમાં જો કોઈ વિદ્યાર્થી દાખલ થવા માગે તો તેને એનરોલમેન્ટ ફૉર્મ ફરી ભરવું પડે કે કેમ તે અંગે એલ. ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં એનરોલમેન્ટ સર્ટિફિકેટનાં ફૉર્મ વિદ્યાર્થીઓએ ભરવાં જોઈએ અને તે કૉલેજના પ્રિન્સિપાલની મારફતે યુનિવર્સિટીને મોકલવાં જોઈએ, પણ આવા કેસોમાં એનરોલમેન્ટ સર્ટિફિકેટની ફી ફરીથી ન લેવી.

૧૦. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટો ખોલવા માટે ડિરેક્ટરની નિમણૂક માટે આપવાની જાહેર ખબરની વિગતો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે પ્રમાણેનાં ક્વોલિફિકેશન્સ મુકરર કરવાં.

One of the following qualifications either in Economics or Statistics:

1. D.Litt. or D.Sc. of this or any other University of repute,

OR

2. Ph.D. of this or any other University of repute, with the B.A. Degree in First Class, or M.A. (by Papers) Degree in the First or Second Glass,

OR

3. First Class M.A. or First Class M.Sc of any Foreign University of repute.

The applicant must have at least five years' experience of Post-Graduate Teaching as a Professor in the subject and must have done research work of high merit.

A person with administrative experience in addition to the above will be preferred.

૧૨. સિન્ડિકેટ અથવા શ્રી. વાઇસ-ચાન્સેલર નીમે તે કમિટી સમક્ષ વિચારણા માટે મૂકી તૈયાર કરેલાં માર્કસ-શીટ્સ પરિણામ બહાર પાડવાના હિસાબે પરીક્ષકોની કમિટી સમક્ષ

વિચારણા માટે મૂકવા બાબતના પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકરના સૂચન અંગે સિન્ડિકેટે નીમેલી કમિટીના રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે આપવામાં આવ્યો છે.)

૧૨. યુનિવર્સિટીની પહેલી ડિગ્રી ડિસ્ટીંકશન માર્કસ સાથે મેળવી હોય અને યુનિવર્સિટીમાં અનુસ્નાતક ડિગ્રીનો વિદ્યાભ્યાસ ચાલુ રાખતા હોય તેવા વિદ્યાર્થીઓને પસંદ કરેલી જુદી જુદી ફૅકલ્ટીઓ માટે ચાર ફેલોશિપ્સ આપવા અંગે દક્ષિણા અને ગવર્મેન્ટ ફેલોશિપ્સ આપવાના નિયમો સાથે મુંબઈ સરકારના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના પત્ર ઉપર સિન્ડિકેટે કરેલા ઠરાવ પ્રમાણે માગેલી રજિસ્ટ્રારે રજૂ કરેલી વિગત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી દક્ષિણા ફેલોશિપ્સ નીચેના વિદ્યાર્થીઓને આપવી.

૧. નંદી તપસ્વી શંભુચંદ્ર
૨. સદ્દા નિલંજના કાંતિલાલ,
૩. ઠાકોર કેતકી ચંદ્રકાંત,
૪. વકીલ ઠાકોરદાસ મનમોહનદાસ

જો આ વિદ્યાર્થીઓને કૉલેજ તરફથી ફેલોશિપ મળતી હોય અને તે તેઓ જતી કરવા તૈયાર હોય તોજ તેમને આ ફેલોશિપ્સ આપવી.

૧૩. ૧૯૫૨ના ઑકટોબરમાં બી.કૉમ. માટે દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. એમ. એમ. પટેલની ઍલિજિબિલિટી સર્ટિફિકેટ માટેની અરજી તા. ૧૭-૯-૧૯૫૩ના રોજ આવી છે તો તે સ્વીકારી પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવું કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ:-મજકૂર વિદ્યાર્થી ૧૯૫૩ના ઑકટોબરમાં પરીક્ષામાં બેસનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે અરજી સ્વીકારવી.

૧૪. ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીમાં કામ કરતા શ્રી. વી. સી. ત્રિવેદી નોકરીમાંથી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના પ્રોવિડંટ ફંડ ખાતે જમા થયેલી રકમ પરત આપવા બાબતની તેમના તરફથી આવેલી તા. ૨૯-૮-૧૯૫૩ની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિડંટ ફંડનું તેમનું પોતાનું કોન્ટ્રીબ્યુશન વ્યાજ સાથે તેમને પાછું આપવું.

૧૫. સિન્ડિકેટે મંજૂર કર્યા પ્રમાણે શ્રી. વાઇસ-ચાન્સેલરના સ્ટેનોગ્રાફરની જગ્યા માટે ૧૯૫૩-૫૪ના બજેટમાં વધારાના ખર્ચ માટે જોગવાઇ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના પર્સનલ આસિસ્ટન્ટ શ્રી. આર. વી. દેસાઈને સ્ટેનોગ્રાફર તરીકેનું કામ કરવા બદલ તા. ૧-૭-૧૯૫૩થી માસિક રૂા. ૭૫-૦-૦નું એલાવન્સ આપવું અને તે માટે જરૂરી બજેટ પ્રોવિઝન કરવું.

૧૭. કૉલેજોમાં ચાલતી ફિઝિકલ ટ્રેનિંગને બદલે ઑફઝીલિયરી કેડેટ કોરની સ્કીમ શરૂ કરવાનો ઇરાદો હોવાથી તે બાબત મંજૂરી આપવા બાબતના વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના પ્રિન્સિપાલના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વલ્લભવિદ્યાનગરની કૉલેજોમાં ફિઝિકલ ટ્રેનિંગને બદલે ઑફઝીલિયરી કેડેટ કોરની સ્કીમ ચાલુ કરવા મંજૂરી આપવી.

૧૮. આણંદની કૉલેજોએ ઑફઝીલિયરી કેડેટ કોરની સ્કીમ ચાલુ કરી હોવાથી કૉલેજોના વિદ્યાર્થીઓને જેઓને ફરજિયાત ફિઝિકલ ટ્રેનિંગ લેવાની હોય તેમાંના જેઓ આ સ્કીમમાં ડ્રોલ અને ફિઝિકલ ટ્રેનિંગ લેતા હોય તેઓને ફરજિયાત ફિઝિકલ ટ્રેનિંગમાંથી માફી આપવા બાબત એવી કૉલેજોને જણાવવા બાબતના એન. સી. સી. સર્કલ ૧ના મેજર કમાન્ડન્ટ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ ઑફઝીલિયરી કેડેટ કોરની સ્કીમમાં જોડાયેલા હોય તેમને ફિઝિકલ ટ્રેનિંગમાંથી માફી આપવી.

ઑફઝીલિયરી કેડેટ કોરની સ્કીમના વર્કીંગ બાબતમાં વર્ષને અંતે રિપોર્ટ કરવા વલ્લભ-વિદ્યાનગરની કૉલેજોના પ્રિન્સિપાલોને જણાવવું.

૧૯. એમ.એ. હિસ્ટરી ગ્રુપ્સ એ. અને બી. નો હેન્ડબુક ભાગ ૨ માં મૂકેલો અભ્યાસક્રમ નવો અભ્યાસક્રમ છે અને વિદ્યાર્થીઓએ હજી સુધી જૂના અભ્યાસક્રમ પ્રમાણે જ અભ્યાસ કરેલો હોવાથી મજકૂર અભ્યાસક્રમને હાલ તુરત મોકૂફ રાખવા બાબતના વી. પી. મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગરના હિસ્ટરીના પ્રોફેસર શ્રી. કે. એચ. કામદારના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-મજકૂર નવો અભ્યાસક્રમ હિસ્ટરીની બૉર્ડ ઑફ સ્ટડીઝની વિચારણા હેઠળ છે અને તે માટે બૉર્ડ કમિટી પણ નીમી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સાથે જોડાયેલી બધી આર્ટ્સ કૉલેજોમાં તેઓ કયા કોર્સ પ્રમાણે શીખવે છે તે પુછાવવું અને આ હકીકત સાથે આ કામ આવતી મિટીંગ રૂબરૂ મૂકવું.

૨૦. સાર્વજનિક લૉ કૉલેજ, સૂરતમાં પહેલી એલ.એલ.બી. ના વર્ગમાં રાખેલી હાજરીમાં પહેલા સત્રની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે ખોટ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. સી. એમ. મહેતાની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી અરજી.

(નોંધઃ-વિદ્યાર્થીની પહેલા સત્રની હાજરી ૬૫ અને બીજા સત્રની હાજરી ૭૩ દિવસની છે. બન્ને સત્રોની કુલ હાજરી ૧૩૮ દિવસની થાય છે. ખૂટતી હાજરી માટે મેડિકલ સર્ટિફિકેટ તેમણે રજૂ કર્યું છે ઑર્ડિનાન્સ ૭૯ પ્રમાણે આવા કારણે બન્ને સત્રની ભેગી હાજરી પૂરેપૂરી થતી હોય તો તે પ્રમાણે ગણવાને પ્રિન્સિપાલને સત્તા છે, પરંતુ મેડિકલ સર્ટિફિકેટ વિદ્યાર્થીએ એક વર્ષ પછી રજૂ કરેલું હોઇ પ્રિન્સિપાલ તેને after-thought માને છે એથી તેમણે ઑર્ડિનાન્સ ૭૯ પ્રમાણે સત્તા વાપરી નથી અને સિન્ડિકેટ સમક્ષ મૂકવા ભલામણ કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં ઑર્ડિનાન્સ ૭૯ મુજબ પ્રિન્સિપાલે પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે નિર્ણય કરવો જોઇએ એમ પ્રિન્સિપાલને જણાવવું.

૨૧. સાર્વજનિક લૉ કૉલેજ, સૂરતમાં બીજા એલ.એલ.બી. ના વર્ગમાં રાખેલી હાજરીમાં પહેલા સત્રની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બેઠ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. ડી. ડી. દેસાઈના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી અરજી.

(નોંધઃ-પહેલા સત્રની હાજરી ૬૫ દિવસની છે. ખૂટતી હાજરી માટે મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું છે. ઑર્ડિનાન્સ ૭૯ પ્રમાણે બે સત્રો મળીને પૂરી હાજરી થતી હોય તો તેમ ગણવાને પ્રિન્સિપાલને સત્તા છે, પરંતુ પ્રિન્સિપાલ મેડિકલ સર્ટિફિકેટ સ્વીકારતા ન હોવાથી સિન્ડિકેટ સમક્ષ મૂકવા ભલામણ કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં ઑર્ડિનાન્સ ૭૯ મુજબ પ્રિન્સિપાલે પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે નિર્ણય કરવો જોઇએ એમ પ્રિન્સિપાલને જણાવવું.

૨૨. સાર્વજનિક લૉ કૉલેજ, સૂરતમાં બીજી એલ.એલ.બી. ના વર્ગમાં ભરેલી હાજરીમાં પહેલા સત્રની હાજરી નિયમ કરતાં ઓછી હોવાથી તે બેઠ માંદગીના કારણે કોન્ડોન કરવા બાબતની શ્રી. આર. એન. ભટ્ટની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના શેરા સહિત આવેલી અરજી.

(નોંધઃ-પહેલા સત્રની હાજરી ૬૫ છે. ખૂટતી હાજરી માટે મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું છે. ઑર્ડિનાન્સ ૭૯ પ્રમાણે બે સત્રો મળીને પૂરી હાજરી થાય તો તેમ ગણવાને પ્રિન્સિપાલને સત્તા છે, પરંતુ પ્રિન્સિપાલ મેડિકલ સર્ટિફિકેટ સ્વીકારતા નથી તેથી સિન્ડિકેટ સમક્ષ મૂકવા ભલામણ કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં ઑર્ડિનાન્સ ૭૯ મુજબ પ્રિન્સિપાલને પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે નિર્ણય કરવો જોઇએ એમ પ્રિન્સિપાલને જણાવવું.

૨૫. ઑક્ટોબર ૧૯૫૩માં લેવાયેલી પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવાનું કામ એપ્રિલ ૧૯૫૩ની પરીક્ષાના પ્રશ્નપત્રો છાપવાનું કામ જે પ્રેસોને આપવામાં આવેલું, તેમને જ આપ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૨૬. એંજિનિયરીંગની પરીક્ષાઓ માટે મોલિયેર ચાર્લ્સ-સેન્ટીગ્રેડ અને ફેરનહાઇટ ની ૧૦૦ નકલો ખરીદવાનું નક્કી કર્યા બાબતના: શ્રી વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૨૯. ડૉ. આર. એ. હકીમને પી.એચ.ડી. મેડિસિનમાં સ્વતંત્ર રીતે કામ કરવા પરવાનગી આપવા બાબતની માગણી અંગે ઑર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગના ઠરાવ પ્રમાણે મેડિકલ ફૅકલ્ટીના ડીને સૂચવેલા શિક્ષક ડૉ. બી. મુકરજી, લખનૌના હાથ નીચે કામ કરવા બાબત ઠરાવ્યાથી તે બાબતમાં ડૉ. મુકરજી તેમજ ડૉ. આર. એ. હકીમ તરફથી આવેલા પત્રો અનુસાર તેમના ટી. એ. વગેરે બાબતો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. હકીમને જણાવવું કે આ બાબતમાં યુનિવર્સિટી ટ્રાવેલિંગ એલાવન્સ વગે બાબતોનો ખર્ચ આપી શકે નહિ.

૩૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. જગદીશચંદ્ર પોપટલાલ ત્રિવેદીની એમ.એસ.સી. ની ડિગ્રી માટેની થિસિસ રેફરીએ મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૩૧. વેસ્ટર્ન રેલ્વેઝમાં ફર્સ્ટ કલાસ તા. ૧-૧૦-૧૯૫૩થી નાબૂદ કરવામાં આવ્યો હોવાથી સેનેટના મેમ્બરો તથા યુનિવર્સિટીના સ્ટાફના સભાસદો જેઓ ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરવા હકદાર હોય તેમને કયા કલાસમાં મુસાફરી કરવા મંજૂર કરવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરને માટે ફર્સ્ટ કલાસ એર કન્ડીશન્ડમાં અત્યારની શરતો પ્રમાણે મુસાફરી કરવાનું મંજૂર કરવું અને બીજા બધાને માટે સેકન્ડ કલાસ મંજૂર કરવો અને તે પ્રમાણે આ અંગેના ઑર્ડિનાન્સોમાં ઘટતા સુધારા કરવા. (સુધારેલા ઑર્ડિનાન્સીઝની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે)

૩૨. "યુનિવર્સિટી વીક" ઉજવવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૭, ૧૮ અને ૧૯ ડિસેમ્બર ૧૯૫૩ના રોજ "યુનિવર્સિટી વીક" ઉજવવું અને તે અંગે જે કેન્દ્રમાં એકથી વધારે કૉલેજો હોય તે કેન્દ્રમાં બધી કૉલેજો વચ્ચે રૂા. ૧૦૦-૦-૦ની ગ્રાન્ટ આપવી અને જે કેન્દ્રમાં એક જ કૉલેજ હોય તેને રૂા. ૫૦-૦-૦ની ગ્રાન્ટ આપવી.

૩૩. સેનેટે કરેલા નીચે મુજબના ઠરાવની સિન્ડિકેટના ઠરાવ અનુસાર, કૉલેજોને જાણ કરતાં તે પરિપત્ર બાબતમાં વધુ સ્પષ્ટ ખુલાસો ખાસ કરીને અંગ્રેજીના પેપર પરત્વે કરવા બાબતના ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ અને એમ. એન. કૉલેજ, વીસનગરના પ્રિન્સિપાલો તરફથી આવેલા પત્રો.

સેનેટે પસાર કરેલો ઠરાવ

"આર્ટ્સના પ્રથમ વર્ષની ૧૯૫૪ની પરીક્ષામાં અને આર્ટ્સના બીજા વર્ષની ૧૯૫૫ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને પરીક્ષાના જવાબ અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં આપવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીના પેપરના જવાબ અંગ્રેજી મારફતે આપવા જોઈએ એ પ્રમાણે બધી કૉલેજોને ખબર આપવી.

૩૫. પ્રશ્નપત્રો કાઢનારા, પરીક્ષકો, સિનિયર સુપરવાઈઝરો, જુનિયર સુપરવાઈઝરો કે ફેકલ્ટીઝ વિગેરે જે ભૂલો કરે તે બાબત નિયમો ઘડી સિન્ડિકેટ સમક્ષ રજા કરવા માટે સિન્ડિકેટે નિમેલી સમિતિનો રિપોર્ટ.

આથી ઠરાવામાં આવે છે કે કમિટીનો રિપોર્ટ સ્વીકારવો અને આ કામ માટે નીચેની કમિટી નીમવી: (કમિટીનો રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર,
૨. શ્રી. ખટુભાઈ એચ. દેસાઇ,
૩. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ,
૪. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર.

૩૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદમાં એફ. વાય. આર્ટ્સ અને સાયન્સના વર્ગોમાં ૧૯૫૨-૫૩ના વર્ષમાં દાખલ થયેલા અને મજકૂર પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓમાંથી જેઓએ હજી સુધી એનરોલમેન્ટ ફોર્મ ભરી સર્ટિફીકેટ લીધાં ન હોય તેવા કેસોમાં શું કરવું તે બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ:-નીચેના વિદ્યાર્થીઓનાં સર્ટિફીકેટો લેવાનાં બાકી છે અને તેમાંથી શ્રી. એ. એસ. નીલકંઠ સિવાયનાઓએ સપ્ટેમ્બર ૧૯૫૩માં ફોર્મ ભરી મોકલ્યાં છે, તો તેઓની અરજી સ્વીકારી એનરોલમેન્ટ સર્ટિફીકેટ આપવાં કે કેમ ?

૧. શ્રી. શાહ જયંતિલાલ પૂંજલાલ
૨. શ્રી. બ્રહ્મભટ્ટ બાબુલાલ છોટાલાલ
૩. શ્રી. પટેલ ચતુરભાઈ હરખાભાઈ
૪. શ્રી. શેઠ ગોરધનદાસ યશવંત
૫. શ્રી. પંડ્યા હસમુખ રવિશંકર

૬. શ્રી ઓઝા શશિકાંત અમૃતલાલ
૭. શ્રી. શુકલ ચંદ્રવદન અંબાશંકર
૮. શ્રી. કાનૂગા ગિરીશ ચંપકલાલ
૯. શ્રી એ. એસ. નીલકંઠ
૧૦. શ્રી. કાપડીયા રણજીતકુમાર મોકાચંદ (ફોર્મ તા. ૧૪. ૧૦ પછીના રોજ આવ્યું હતું.)

આથી ઠરાવવમાં આવે છે કે આવાં ફોર્મ સ્વીકારવાં અને બધી કૉલેજોને નીચે પ્રમાણે વા સરકયુલરથી ખબર આપવી:

૧. દરેક કૉલેજે પહેલી ટર્મની આખર સુધીમાં પોતાની કૉલેજમાં ફર્સ્ટ ઇયરમાં દાખલ થયેલા બધા વિદ્યાર્થીઓનું લિસ્ટ યુનિવર્સિટીને મોકલી આપવું જોઇએ.

૨. ફર્સ્ટ ઇયરમાં દાખલ થયેલા બધા વિદ્યાર્થીઓની એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજીઓ પણ પહેલી ટર્મની આખર સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપવી જોઇએ.

૩. પહેલી ટર્મની આખર સુધીમાં જે કોઇ પણ વિદ્યાર્થીએ એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજી કૉલેજના પ્રિન્સિપાલને આપી ન હોય તો તેને બીજી ટર્મમાં કૉલેજમાં ચાલુ રાખવો નહિ તેમજ ટ્રાન્સફર સર્ટિફીકેટ આપવું નહિ, અને જે વીદ્યાર્થીએ એનરોલમેન્ટ સર્ટિફીકેટ કઢાવ્યું ના હોય તેને ફર્સ્ટ ઇયરની પરીક્ષામાં બેસવા દેવો નહિ.

૩૮. સને ૧૯૫૪ના વર્ષની પરીક્ષા માટે ઑ. ૬૨ મુજબ પરીક્ષા કમિટીઓ પર સિન્ડિકેટના બબ્બે પ્રતિનિધિઓને ફૅકલ્ટીવાર નિમવા બાબત.

(નોંધ:-૧૯૫૩ની પરીક્ષાઓ દરમિયાન કમિટીઓ ઉપર નીચેના પ્રતિનિધિઓને નીમવામાં આવ્યા હતા.

આર્ટ્સ ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઇ ૨. શ્રી. એન. આર. ત્રિવેદી
સાયન્સ ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. પી જી. શાહ ૨. પ્રિન્સિપાલ એન એમ. શાહ
ઍન્જિનિયરીંગ સહિતની ટેક્નોલૉજી ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. ભાઇલાલભાઇ ડી. પટેલ ૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર
ઍગ્રિકલ્ચર ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. ભાઇલાલભાઈ ડી. પટેલ ૨. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ

લૉ ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ ૨. શ્રી. બદુભાઈ એચ. દેસાઇ
મેડિકલ ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. ડૉ. ભાસ્કર આર. પટેલ ૨. પ્રિન્સિપાલ આર. પી. પટેલ
કૉમર્સ ફૅકલ્ટી કમિટી	૧. શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ ૨. શ્રી. બી. કે. મુન્શીમદાર)

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૯. ૧૯૫૩ના ઑકટોબર-નવેમ્બરમાં લેવામાં આવનાર પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ ગેરવ્યાજબી ઇલાજો (Unfair Means) વાપરે તેમના કેસો ઉપર વિચાર કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે કમિટી નીમવા બાબત.

(નોંધ:-૧૯૫૩ના પહેલા ૭ માસ દરમિયાનની પરીક્ષાઓમાં આવા કેસો માટે નીચે મુજબની કમિટી નીમવામાં આવી હતી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ
૩. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર
૪. શ્રી. બદુભાઇ એચ. દેસાઇ)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે મુજબની કમિટી નીમવી:

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર
૨. શ્રી. બદુભાઇ એચ. દેસાઈ
૩. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ
૪. પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર.

૪૦. ગુજરાતી બૉર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ.

"ડૉ. પ્રબોધ પંડિત, અમદાવાદનાને ગુજરાતી બૉર્ડની આવતી બેઠકમાં જ્યારે બી.એ અને એમ.એ. ગુજરાતી-૧૯૫૬ના વર્ષની પરીક્ષા માટે પાઠયપુસ્તકો નિયત કરવામાં આવે ત્યારે એમ. એ. ગુજરાતીના પ્રશ્નપત્ર નં. ૫ અંગે સલાહ સૂચના લેવા માટે નિમંત્રણ આપવું એમ આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ મંજૂર કરવી, પણ બૉર્ડને જણાવવું કે ભવિષ્યમાં આવી રીતે બૉર્ડના સભ્ય સિવાયના માણસને આમંત્રણ આપવું નહિ.

૪૮. પટેલ વિઠ્ઠલભાઇ મોતીભાઇ, બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદમાં પ્રોફેસર બી. એમ. પટેલના હાથ નીચે એમ.એસ.સી. (એગ્રિ.) Dairy Science માટે Partly by Papers and Partly by research થી રજિસ્ટર થવા માગે છે પરંતુ પ્રોફેસર બી. એમ. પટેલ આ વિષયમાં ફક્ત શિક્ષણ (Teaching) માટે જ માન્ય થયેલ છે તો આ અરજી સ્વીકારી એમને રજિસ્ટર કરવા કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અરજદારને ખબર આપવી કે પ્રોફેસર બી. એમ. પટેલને રિસર્ચ માટે અનુસ્નાતક શિક્ષણ તરીકે માન્ય રાખેલા નહિ હોવાથી તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૪૯. શ્રી. દેસાઇ ઘનશ્યામ નવીનચંદ્ર, બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદમાં પ્રોફેસર બી. એમ. પટેલના હાથ નીચે એમ.એસ.સી. (એગ્રિ.) એનિમલ હસ્બન્ડ્રી માટે Partly by papers અને Partly by research થી રજિસ્ટર થવા માગે છે પરંતુ પ્રોફેસર બી. એમ. પટેલ આ વિષયમાં શિક્ષણ (Teaching) માટે જ માન્ય થયેલ છે તો આ અરજી સ્વીકારી એમને રજિસ્ટર કરવા કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અરજદારને ખબર આપવી કે પ્રોફેસર બી. એમ. પટેલને રિસર્ચ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય રાખેલા નહિ હોવાથી તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

૫૦. યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૦-૯-૧૯૫૩ના રોજ મળેલી નવમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવી છે.)

૫૧ ઑ. પ૬-જી. ની કલમ નં. (૧) અને (૨) સિન્ડિકેટે રદ કરી હોવાથી હવે નીચેના ખર્ચ મંજૂર કરવા શું વ્યવસ્થા કરવી તે નક્કી કરવા બાબત.

૧ કન્ટીન્જન્ટ ખર્ચ.

ઑફિસના રોજબરોજનાં પરચુરણ ખર્ચ જેવાં કે લારીભાડું, ફેઇટ, પોસ્ટેજ, સ્ટેશનરી, સાયકલ રિપેર વિગેરે જાતનાં ખર્ચ on spot કરવાનાં હોય છે તે.

૨. લાયબ્રેરી ખર્ચ.

લાયબ્રેરીનાં પરચુરણ ખર્ચ, પોસ્ટેજ વિગેરે.

૩ સ્પોર્ટ્સ અંગેનાં ખર્ચ.

૪. એકસ્ટ્રા મ્યુરલ બૉર્ડ તથા યુનિવર્સિટી વિક અંગેનાં ખર્ચ.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે પ્રમાણેનો પ્રબંધ કરવો:

૧. રૂા. ૩,૦૦૦-૦-૦ સુધીનો ખર્ચ કરવાની ફાઇનાન્સ કમિટીને સત્તા આપવી અને તે પ્રમાણે ફાઇનાન્સ કમિટીના ઑર્ડિનાન્સમાં સુધારો કરવો. (સુધારેલા ઑર્ડિનાન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨. રૂા. ૧,૦૦૦-૦-૦ સુધીનો ખર્ચ કરવાની શ્રી. વાઇસ-ચાન્સેલરને સત્તા આપવી.

૩. રૂા. ૨૦૦-૦-૦ સુધીનો ખર્ચ કરવાની રજિસ્ટ્રારને સત્તા આપવી.

૪. બિલો ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરવાની જરૂર નથી.

૫૨. તા. ૫મી જાન્યુઆરિ ૧૯૫૩ના રોજ વોલ્ટેર ખાતે મળેલી ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ ઑફ ઇન્ડિયાની વાર્ષિક બેઠકના પ્રોસિડિંગ્ઝમાંના ઠરાવ નં. IV(3), V (2), VI (1) VIII (1,3), IX (c), XI (1,4) & XIII (3) ઉપર આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલા પત્ર બાબત સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે રજિસ્ટ્રારે કરેલો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રારનો રિપોર્ટ મંજૂર કરવો. (રિપોર્ટ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે આપવામાં આવ્યો છે.)

૫૩. ફૅકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્કલુડીંગ એજ્યુકેશનની સભાએ ફાઇન આર્ટ્સના વિષયોમાં સંગીત, નાટ્ય, ચિત્રકામ અને સ્થાપત્યના ડિપ્લોમાના કોર્સ ઘડી કાઢવા બાબત નીચેની કમિટીઓ નીમવા બાબતના કરેલા ઠરાવને બહાલી આપવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે ફૅકલ્ટી ઑફ આર્ટ્સમાં ફાઇન આર્ટ્સના વિષયોમાં સંગીત અને નાટ્ય તથા ચિત્રકામ અને સ્થાપત્ય માટે વિગતવાર અભ્યાસક્રમ ઘડી કાઢવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી:

સંગીત અને નાટ્ય

૧. શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ, અમદાવાદ.
૨. શ્રી. ગિરીશચંદ્ર સવાઈલાલ દેસાઇ, અમદાવાદ.
૩. શ્રી. ડોલરરાય ર. માંકડ, અલિયાબાડા.
૪. શ્રી. યશવંત પી. શુકલ, અમદાવાદ.
૫. શ્રી. એમ. જે. પાઠકજી, ભાવનગર.
૬. શ્રી. એસ. આર. ભટ્ટ, અમદાવાદ.
૭. શ્રી. ઠાકોર સાહેબ, સાણંદ – મહારાણા જયવંતસિંહજી, સાણંદ.
૮. શ્રી. ગીતાબેન સારાભાઇ, અમદાવાદ.

૯. શ્રી. ભારતીબેન સારાભાઈ, અમદાવાદ.
૧૦. શ્રી. જયશંકર ભૂદરદાસ ભોજક, અમદાવાદ.
૧૧. શ્રી. દીનાબેન સંઘવી, અમદાવાદ.
૧૨. શ્રી. નરેન્દ્ર નવલશંકર શુકલ, અમદાવાદ.
૧૩. શ્રી. ડૉ. રવિન્દ્રનાથ નંદનાથ દીક્ષિત, સૂરત.
૧૪. શ્રી. કૃષ્ણનારાયણ રાતંજેકર, લખનૌ.
૧૫. શ્રી. મૃણાલિની સારાભાઈ, અમદાવાદ.
૧૬. શ્રી. અરુણા સોનાવાલા, નવસારી.

ચિત્રકામ અને સ્થાપત્ય

૧. શ્રી. રસિકલાલ પરીખ, સી. એન. વિદ્યાવિહાર, અમદાવાદ.
૨. શ્રી. રવિશંકર રાવળ, અમદાવાદ.
૩. શ્રી. ગિરીશચંદ્ર સવાઈલાલ દેસાઈ, અમદાવાદ.
૪. શ્રી. કનુભાઈ દેસાઈ, અમદાવાદ.
૫. શ્રી. છગનલાલ જાદવ, અમદાવાદ.
૬. શ્રી. રાજેન્દ્ર સુરકાથા, સોનીફળીયા, સૂરત.
૭. શ્રી. એલ. કે. નંદવાણા. આર્કિટેકટ, અમદાવાદ.
૮. શ્રી. સોમાલાલ શાહ, ભાવનગર.

બાકીના વિષયો માટે વિગતવાર અભ્યાસક્રમ ઘડવાની વિચારણા મુલતવી રાખવી.

ઉપરની કમિટીઓનો કાર્યપ્રદેશ નીચે પ્રમાણે રહેશે:

૧. સંગીત, નાટય, ચિત્રકામ અને સ્થાપત્ય માટે ડિપ્લોમાનો વિગતવાર અભ્યાસક્રમ ઘડવો.
૨. વિદ્યાર્થી માટે પ્રવેશના નિયમો ઘડવા.
૩. આ અભ્યાસક્રમો શીખવવા માટેની સંસ્થાઓને માન્યતા અર્પવા માટેના નિયમો ઘડવા.
૪. પરીક્ષા માટેની યોજના અને ગુણપદ્ધતિ સૂચવવી.
૫. શિક્ષકો અને પરીક્ષકો માટેની યોગ્યતાનાં ધોરણો નક્કી કરવાં.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૪. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચીંગ પોસ્ટ-ગ્રેજ્યુએટ કોઓર્ડિનેશન અને રિસર્ચ માટેની સ્કીમ ઘડી કાઢવા માટે નીમેલી કમિટીના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫૫. ઑક્ટોબરમાં લેવાનારી બી.કૉમ. ની પરીક્ષાની તારીખ ફરી ઑક્ટોબર ફેરવવા બાબતની એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના વિદ્યાર્થીઓ તરફથી આવેલી અરજીઓ ઉપરથી કૉમર્સ ફૅકલ્ટીના ડિનનો અભિપ્રાય મંગાવતાં તેમના અભિપ્રાય પ્રમાણે તે તારીખ બદલીને ૨૩મી ઑક્ટોબર કર્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે શ્રા. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૬ બી. કામ. ની પરીક્ષાની તારીખ બદલવાથી અમદાવાદ અને સૂરત ખાતે બી એસ.સો. અને એલ.એલ.બી. અને બી.કૉમ માટે સિનિયર સુપરવાઇઝરો નીચે મુજબ રાખ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

સૂરત કેન્દ્ર

બી.એસ.સી., એલ.એલ.બી.

૧.	પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ	૫ અને ૬ ઑક્ટોબર ૧૯૫૩.
૨.	પ્રોફેસર સી. ડી. વ્યાસ	૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ ઑક્ટોબર ૧૯૫૩
૩	પ્રોફેસર વી. આર. ત્રિવેદી	૭, ૮, ૯ અને ૧૦ ઑક્ટોબર ૧૯૫૩

અમદાવાદ કેન્દ્ર

બી એસ.સી., એલ.એલ.બી

૧.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	૫. ૬, ૭, ૮, ૯ અને ૧૦ ઑક્ટોબર ૧૯૫૩.
૨.	પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોર	૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ ઑક્ટોબર ૧૯૫૩.

સૂરત કેન્દ્ર

બી. કૉમ.

૧. પ્રિન્સિપાલ આર. એન. ભટ્ટ
૨. પ્રોફેસર એમ. એન. જકાતે.

અમદાવાદ કેન્દ્ર

બી. કૉમ.

૧. પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ
૨. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૫૭. પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ અંગેનાં પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોના કેસો તેમનાં નામ સામે જણાવેલી રિમાર્કસ અનુસાર પેન્ડીંગ છે તો તે વિષે શું કરવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અરજીઓ સ્વીકારવી. (મોડી આવેલી અરજીઓ અંગેની માહિતી પરિશિષ્ટ "ચ" તરીકે આપવામાં આવી છે.)

૫૮. સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે જુલાઇના પહેલા અઠવાડિયા સુધીમાં જે વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ સર્ટિફીકેટ સિવાય દાખલ કર્યા હોય તેવા કેસો બાબતનો રિપોર્ટ દરેક કૉલેજોએ કરવો જોઇએ પરંતુ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ તરફથી રિપોર્ટ આવ્યો નથી તો તે બાબત શું કરવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સૌરાષ્ટ્ર સરકારનું ધ્યાન ખેંચવું.

૫૯. બી એ કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના વિદ્યાર્થી શ્રી. નવનીતલાલ મણીલાલ પરીખની એમ. એસ. સી. ડિગ્રી માટેની થિસિસ રેફરીએ મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૩. ડિસેમ્બર ૧૯૫૩માં અમદાવાદ ખાતે મળનારી ઇન્ડિયન ઍકેડેમિ ઑફ સાયન્સીઝની વાર્ષિક સભા દરમિયાનના ખર્ચ માટે યુનિવર્સિટીએ ગ્રાન્ટ મંજૂર કરવા બાબત અને ઍકેડેમિના સભ્યો, તે માટે આવેલા ડેલીગેટોનું સ્વાગત કરી તેમને તથા સ્થાનિક સ્વાગત સમિતિના સભ્યોને ટી પાર્ટી આપવા બાબતના ડૉ. કે. આર. રામનાથન તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રૂા. ૫૦૦-૦-૦ કૉન્ટ્રીબ્યુશન તરીકે આપવા અને રૂા. ૫૦૦-૦-૦ સુધીનો ખર્ચ કરીને ટી પાર્ટી આપવાનું મંજૂર કરવું.

૬૪. ગુજરાત યુનિવર્સિટીની બી. એ. (સ્પેશ્યલ) ની પરીક્ષા ગુજરાતી વિષય લઇ પાસ કરેલી છે તો હવે બી. એ. ની એક્ષટર્નલ પરીક્ષામાં સંસ્કૃત સ્પેશ્યલ લઇ બેસી શકે કે કેમ તે બાબત જણાવવા બાબતનો શ્રી. આર. એફ. રાણાનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં વિદ્યાર્થી બી. એ. (એક્ષટર્નલ) ની પરીક્ષામાં બેસી શકે.

૬૫. એફ. વાય. સાયન્સ પરીક્ષા પસાર કરી એફ. વાય. કૉમર્સમાં દાખલ થાય તે વિદ્યાર્થીએ એનરોલમેન્ટ સર્ટિફીકેટ લેવું જરૂરી છે કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજી પ્રિન્સિપાલ મારફતે ફરીથી મોકલવાની જરૂર છે, પણ ફરીથી ફી લેવી નહિ.

૬૭. યુનિવર્સિટી ઑફિસના સ્ટાફના કેટલાક સભ્યો તરફથી તેઓને યુનિવર્સિટીની એક્ષટર્નલ પરીક્ષાઓમાં બેસવાની પરવાનગી આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઑફિસમાં નોકરી કરતા સ્ટાફના સભ્યોને એકસ્ટર્નલ પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી નહિ.

૬૮ પ્રિન્સિપાલ એમ. એમ. ઠાકોરના નીચે જણાવેલા બે ઠરાવો અને તે ઉપરની ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ:

(1) That the terms kept by the students in the Law Preliminary Course shall be considered as equivalent to keeping two terms for Junior B. A. Class in the same course and that the Syndicate be requested to frame necessary ordinances for the same.

(2) The Syndicate be further requested to frame the necessary transitory ordinances permitting students who have kept terms under old course to appear at the First LL. B. Examination Old Course upto October 1955 and Second LL. B. Examination upto October 1957.

ફૅકલ્ટી ઑફ લૉની ભલામણ

"Approved The recommendations made by Principal Thakore may be forwarded to the Syndicate and it may be requested to frame the necessary ordinances for the same "

(નોંધ:- ફૅકલ્ટી ઑફ આર્ટ્સની આ બાબત અંગેની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની આવતી બેઠક સમક્ષ મૂકવાની છે.

"આથી ઠરાવવામાં આવે છે કે લૉ પ્રિલિમિનરીના વિષયો અને અભ્યાસક્રમ જોતાં તે જુનિયર બી. એ. ના ઇતિહાસ-અર્થશાસ્ત્ર સાથેના જનરલ કોર્સની બરોબરીનો (ઇક્વીવેલન્ટ) અભ્યાસક્રમ હોવાથી જે વિદ્યાર્થીઓએ લૉ પ્રિલિમિનરીનાં બે સત્રો ભર્યાં હોય અને યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રત્યેક વિષયમાં ઓછામાં ઓછા ૩૦ ટકા માર્ક મેળવ્યા હોય તેમને સિનિયર બી.એ.માં તે વિષયો સાથે સત્ર ભરવાની છૂટ આપવી.")

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે મુજબની હકીકત મેળવી આ કામ સિન્ડિકેટની મિટીંગ આગળ મૂકવું.

૧. મુબઈ, પૂના અને કર્ણાટક યુનિવર્સિટીઓએ આ બાબતમાં શું ધોરણ અખત્યાર કર્યું છે તે પૂછાવવું.

૨. ઓલ્ડ કોર્સના વિદ્યાર્થીઓ માટે બાર કાઉન્સિલ કેટલા વખત સુધી પરીક્ષા લેવાની છે તે પૂછાવવું.

૬૯. ફર્સ્ટ ઈયર સાયન્સમાં ભણતો વિદ્યાર્થી પહેલા સત્રની અધવચમાં અથવા સત્રને અંતે એડિશનલ અંગ્રેજીનો વિષય બદલીને મરાઠી લઇ શકે કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં પહેલા સત્રના અંત સુધી વિષય બદલવાની પરવાનગી આપવી.

૭૦. બી.એ. (જનરલ) અથવા બી.એ. (સ્પેશીયલ)ની પરીક્ષા માટે સત્રો રાખ્યાં હોય અથવા તે પરીક્ષામાં બેસી નાપાસ થયા હોય તો, ને જનરલમાંથી સ્પેશીયલમાં અથવા સ્પેશીયલમાંથી જનરલમાં બદલવું હોય તો, રેગ્યુલેશન ૧૭ (IV) મુજબ બે નવાં સત્રો રાખવાં પડે જ્યારે સ્પેશીયલ કે જનરલના વિદ્યાર્થીને વિષય બદલવા હોય તો રેગ્યુલેશન ૧૭ (VI) મુજબ ત્રીજા ટર્મની શરૂઆત સુધી બદલી શકે છે પણ જેઓએ જનરલ કે સ્પેશીયલની પરીક્ષા માટે ટર્મ્સ રાખ્યા હોય કે પરીક્ષામાં નાપાસ થયા હોય અને પછી ફક્ત વિષયો જ બદલવા માગતા હોય તો તેવા કેસોમાં ૧૭ (IV) મુજબ બેજ નવા સત્રો રાખવાની જરૂર છે કે ૧૭ (VI) મુજબ ત્રણ નવા સત્રો રાખવાની જરૂર છે તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં રેગ્યુલેશન ૧૭ (V) મુજબ ફક્ત બે ટર્મ્સ રાખવા મંજૂરી આપવી.

૭૩ યુનિવર્સિટી આફિસમાં કામ કરતા પટાવાળા શ્રી. છત્રસિંહ ભગવતસિંગ વાઘેલાને ડિસમીસ કરેલા હોવાથી તેમની પ્રોવિડંટ ફંડ ખાતે જમા થયેલા રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિડંટ ફંડ ખાતે જમા થયેલું તેમનું પોતાનુ કોન્ટ્રીબ્યુશન વ્યાજ સાથે પાછું આપવું.

૭૪. એક્ષટર્નલ પરીક્ષાઓ અંગે નીચેના મુદ્દાઓ અંગે ઠરાવ કરવા બાબત.

૧. એફ. વાય. સાયન્સ, ઇન્ટર સાયન્સ, એફ વાય. કૉમર્સ કે ઇન્ટર કૉમર્સની પરીક્ષા જેમણે પસાર કરી હોય અને આર્ટ્સ કોર્સમાં દાખલ થવું હોય તો ક્લાસીકલ લેન્ગ્વેજ કે મોડર્ન યુરોપિયન લેન્ગ્વેજની ટેસ્ટ કૉલેજ જોઈન કરે ત્યાં આપવી પડે છે. (ઑ. ૧૬૪ અને ૧૬૬ અનુસાર) આવા વિદ્યાર્થીઓને એફ વાય. આર્ટ્સ પાસ કર્યા વગર ઇન્ટર આર્ટ્સની એક્ષટર્નલ પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપી શકાય કે કેમ ? અને જો તેમને પરવાનગી આપવામાં આવે તો તેમની લેન્ગ્વેજ ટેસ્ટ કોણે અને કયારે લેવી તે નક્કી કરવાનું જરૂરી છે.

૨. ટી.ડી. પાસ થયેલા ઑ. ૧૬૫ પ્રમાણે બે ટર્મ્સ રાખી ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેસી શકે છે તો ટી.ડી ને ઇન્ટર આર્ટ્સની એક્ષટર્નલ પરીક્ષા માટે પરવાનગી આપી શકાય કે કેમ ?

૩. મુંબઇ યુનિવર્સિટીના અથવા બીજી યુનિવર્સિટીના આર્ટ્સ ફૅકલ્ટી સિવાયના ગ્રેજ્યુએટો આ યુનિવર્સિટીમાં એક્ષટર્નલ તરીકે ઇન્ટર આર્ટ્સમાં અથવા બી.એ. માં યુનિવર્સિટીના ઑર્ડિનાન્સો મુજબ બેસવા માગે તો બેસવા દેવા કે કેમ ? દાખલા તરીકે મુંબઇ યુનિવર્સિટીના બી.એસ.સી. કે બી.કૉમ. ને આપણે ત્યાં ઑ. ૧૭૨, ૧૭૩ કે ૧૭૪ મુજબ બી એ. ની પરીક્ષા એક્ષટર્નલ તરીકે આપવી હોય તો આપી શકે કે કેમ ?

૪. કોઈ વિદ્યાર્થીએ મુંબઇ સ્ટેટની કોઇ યુનિવર્સિટીની કે આપણી યુનિવર્સિટીની કોઇ પરીક્ષામાં નાપાસ થયેલ હોય અને હરકોઇ વિષયમાં તે યુનિવર્સિટીની પરીક્ષામાં એકઝમ્પશન મેળવેલું હોય અને હવે આપણે ત્યાં એક્ષટર્નલ પરીક્ષામાં બેસવું હોય તો તેણે અગાઉ મેળવેલાં એકઝમ્પશન માન્ય રાખવાં કે કેમ ?

૫. કોઇ વિદ્યાર્થી આર્ટ્સ ફૅકલ્ટી સિવાયની બીજી કોઇ ફૅકલ્ટીના કોર્સ માટે રેગ્યુલર વિદ્યાર્થી તરીકે કોઇ કૉલેજમાં દાખલ થયેલો હોય અને આર્ટ્સની એક્ષટર્નલ પરીક્ષા આપવી હોય તો તેને તે માટે ઍલિજિબલ ગણી શકાય કે કેમ ?

૬. ઑકટોબરમાં કોઈનો અભ્યાસ પૂરો થતો હોય— દાખલા તરીકે એલ.એલ.બી. સ્ટુડન્ટ— તો તે પછીના માર્ચ-એપ્રિલની એક્ષટર્નલ પરીક્ષા માટે રજીસ્ટર થઇ શકે કે કેમ ?

૭. કોઇ વિદ્યાર્થી કોઇ પરીક્ષા એક્ષટર્નલ તરીકે પાસ કરે તો ત્યારબાદ ઉપલા વર્ગની બીજી ફૅકલ્ટીની પરીક્ષા માટે કોઇ પણ કૉલેજમાં રેગ્યુલર ઇન્ટરનલ વિદ્યાર્થી તરીકે જોડાઇ શકે કે કેમ ?

૮. કોઇ વિદ્યાર્થી વર્ષની શરૂઆતમાં કૉલેજમાં દાખલ થાય, પરંતુ ટર્મની અધવચ કૉલેજ બંધ કરી દે તો તે તરતની એક્ષટર્નલ પરીક્ષામાં બેસી શકે કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઉપસ્થિત થયેલા મુદ્દાઓના જવાબ નીચે પ્રમાણે છેઃ

૧. ના, ૨. હા, ૩. ના, ૪. ના, ૫. ના, ૬. ના, ૭ હા, ૮ ના.

૭૫. ભૂજ, આલયાબાડા અને પોરબંદરની કૉલેજોના જોડાણ અંગે આવેલી અરજીઓ ઉપરથી નિમેલી સ્થાનિક તપાસણી સમિતિના સભ્ય શ્રો. એન. એમ. શાહનું મજકૂર કમિટીના સભ્ય તરીકેનું આવેલું રાજીનામું સ્વીકારવા બાબત અને તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રણે કૉલેજોની સ્થાનિક તપાસણી સમિતિ ઉપર પ્રિન્સિપાલ એન. એમ. શાહની જગ્યાએ પ્રિન્સિપાલ કે. એલ. દેસાઇને નીમવા.

૬૭. મધ્યસ્થ સરકારના કેળવણી ખાતા તરફથી પૂના (હવે મહાબળેશ્વર) મુકામે શરૂ થનારી "યૂથ લીડરશીપ ટ્રેઇનીંગ કેમ્પ" માં મોકલવા સારૂ ગુજરાત યુનિવર્સિટી તરફથી વેલ્ફેર ઑર્ડની ઉપ-સમિતિના ઠરાવ અનુસાર પ્રિન્સિપાલ એમ. એસ. શાહે રજૂ કરેલાં નીચેનાં નામો યૂથ વેલ્ફેરના માનદ્ સલાહકારને મોકલાવી આપ્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

વિદ્યાર્થીનું નામ	કૉલેજ
૧. શ્રી. પી. જે. શાહ	હ. લ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
૨. શ્રી. એચ. એ. મિસ્ત્રી	ગુજરાત કૉલેજ, અમદાવાદ.
૩. શ્રી. બી. કે. આચાર્ય	કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સૂરત.
૪. શ્રી. બી. જે. ત્રિવેદી	સામળદાસ કૉલેજ, ભાવનગર.
૫. શ્રી. આર ડી. પટેલ	વિઠ્ઠલભાઇ પટેલ મહાવિદ્યાલય, આણંદ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૬૮. ધી યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયાના એકઝીકયુટીવ સેક્રેટરી તરફથી અમેરિકન પ્રોફેસરોને લેક્ચર કે લેક્ચરો માટે બોલાવી શકશે કે કેમ તે બતલબના આવેલા પત્ર ઉપરથી ઍફિલિએટેડ કૉલેજોમાં મજકૂર પત્રને પરિપત્રિત કરતાં જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટીટ્યુટ, નડિયાદના પ્રિન્સિપાલ તરફથી, તેઓ પત્રમાં આપેલા લિસ્ટમાંથી કોઇને લેકચર માટે બોલાવવા અશક્ત છે પરંતુ ડૉ. જય બી. નાશ જે ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિકલ એજ્યુકેશન, હેલ્થ ઍન્ડ રીક્રીએશનના ચેરમેન છે, તેમને મજકૂર વિષય ઉપર લેકચર આપવા માટે યુનિવર્સિટીએ આમંત્રણ આપવા બાબતનો આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. નાશને બોલાવવાની જરૂર નથી.

૬૯. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં જુન ૧૯૫૧માં ફર્સ્ટ એલ. એલ. બી. માં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. એમ. એમ. વ્યાસ અને શ્રી. એમ. આઇ. વ્યાસે, પ્રથમ સત્ર જુન ૧૯૫૧ થી ઑકટોબર ૧૯૫૧ સુધી રાખ્યું અને ત્યારપછી ૧૯૫૩ના જુનમાં બીજું સત્ર રાખ્યું અને પ્રોવિઝનલ ઍલિજિબિલિટી સર્ટિફીકેટ તા. ૨૨-૭-૫૩ના રોજ કઢાવેલું છે, અને તેથી પ્રથમ સત્ર ઍલિજિબિલિટી સર્ટિફીકેટ સિવાય ભરેલું છે. તો તે માન્ય રાખી મજકૂર પરીક્ષામાં (જે ઑકટોબરમાં લેવાનારી છે) બેસવા પરવાનગી આપવી કે કેમ તે નક્કી કરવા બાબત.

(નોંધ:- મજકૂર વિદ્યાર્થીઓને પ્રોવીઝનલી પરીક્ષામાં દાખલ કરેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓની ઍલિજિબિલિટી સર્ટિફીકેટ માટેની અરજીઓ સ્વીકારવી અને તેમનું પરિણામ જાહેર કરવું.

૮૧. હાલ સેકન્ડ એલ. એલ. બી. માં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. ડી. એસ. બાપટને ૧૯૫૫ની બી. એ. ની પરીક્ષા માટે હાલ તુરત રજીસ્ટર કરવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બાપટની વિનંતી નામંજૂર કરવી.

૮૨. એક વખત આ યુનિવર્સિટીમાં એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે રજિસ્ટર થયા પછી, યુનિવર્સિટી એરિયા છોડી જાય તો ત્યારપછી કેટલો સમય સુધી આવા વિદ્યાર્થી એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસી શકે તે જણાવવા બાબતનો શ્રી. બી. એન. ગુપ્તાનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ૬૨ વર્ષ માટે નવેસરથી રજિસ્ટ્રેશન કરવાનું ધોરણ અખત્યાર કરવું અને તે અંગે જરૂરી નિયમો ઘડવા.

૮૩. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં ઈન્ટર આર્ટ્સમાં ભણતા વિદ્યાર્થી શ્રી. બી. વી. વ્યાસ નડિયાદમાં થયેલા રોગને લીધે કૉલેજનું પહેલું સત્ર ભરી શક્યા નથી તો હવે તેમને ઈન્ટર આર્ટ્સની એક્સ્ટર્નલની ૧૯૫૪ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવા બાબતની તેમના તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી મંજૂર કરવી નહિ અને તેને જણાવવું કે જો તે બીજી ટર્મમાં કૉલેજમાં દાખલ થાય તો તેની પહેલા સત્રની ખૂટતી હાજરી માફ કરવાની તેના તરફથી અરજી આવેથી તેના ઉપર વિચારણા કરવામાં આવશે.

૮૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં ચાલુ સાલે દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. યુ. એમ. મહેતા, કૌટુંબીક તેમજ આર્થિક સંજોગોને કારણે હવે આગળ અભ્યાસ કરી શકે તેમ નથી તો તેમને ૧૯૫૪ની એફ્. વાય. આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટર થવા પરવાનગી આપવા બાબતની તેમના તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૮૫. ચાલુ સાલે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ ઇયર આર્ટ્સમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. આર. એન પટેલની અટકાયત વીરમગામ મામલતદાર કોર્ટમાં થયેલી હોવાથી તે અભ્યાસ ચાલુ રાખી શકે તેમ ન હોવાથી તેમને ૧૯૫૪ની એફ્. વાય. આર્ટ્સની એક્સ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટર થવા પરવાનગી આપવા બાબતની તેમના તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૮૬. સરકારી નોકરીને લીધે યુનિવર્સિટી એરિયાની બહાર હાલમાં કામચલાઉ રહેવું પડે છે પરંતુ તેઓનું કાયમનું રહેઠાણસ્થાન વિરમગામ હોવાથી અને તેઓને નોકરી અંગે ઑફિસીયલ જ્યુરીસડીક્શનમાં આવતા ગુજરાત અને સૌરાષ્ટ્ર આખાયની ફર કરવી

પડતી હોવાથી તેમને આગળ બી. એ. એક્સ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટર થવા પરવાનગી આપવા બાબતની શ્રી. પી. એમ. વ્યાસની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવા નહિ.

૮૭. સેન્ટ્રલ બૉર્ડ ઑફ એજ્યુકેશન, અજમેરની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા ફક્ત અંગ્રેજી વિષય સાથે પસાર કરી છે તેવા વિદ્યાર્થી શ્રી. મહાદેવ એસ. આર્યને આ યુનિવર્સિટીની આગામી બી.એ. એક્ષટર્નલની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવા બાબતની તેમના તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૮૮. મુંબઇ યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સની પરીક્ષામાં નપાસ થયેલા વિદ્યાર્થી શ્રી. પી. એચ. મહેતા કે જેઓ આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીની કૉલેજમાં ઇન્ટર આર્ટ્સમાં દાખલ થયા છે તેઓ તેમની પહેલો ટર્મ પૂરી થયા પછી આગામી ઇન્ટર આર્ટ્સ એક્ષટર્નલની પરીક્ષામાં બેસી શકે કે નહિ તે જણાવવા બાબતનો મજકૂર વિદ્યાર્થી તરફથી આવેલો પત્ર.

આથ ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૮૯. ૧૯૫૩માં ઇન્ટર કૉમર્સની પરીક્ષા પસાર કર્યા પછી ચાલુ સાલે બી કૉમ. નો અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. એચ. જી. ભટ્ટ આગામી બી.એ. (એક્ષટર્નલ ની પરીક્ષામાં બેસી શકે કે કેમ તે જણાવવા બાબતનો તેમના તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૯૦. બી.એ. (જનરલ) અને (સ્પેશીયલ) માં optional વિષયો માટે Group G માં સાયન્સના વિષયો છે તો બી.એ. ની એક્ષટર્નલ પરીક્ષા માટે કોઇ વિદ્યાર્થી ગ્રુપ G ના વિષયો પૈકી કોઇ પણ વિષય લઇ શકે કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ષટર્નલ પરીક્ષા માટે બી.એ. જનરલ અને સ્પેશિયલમાં ગ્રુપ જી. (સાયન્સ) ના વિષયો લેવાની વિદ્યાર્થીને પરવાનગી આપવી નહિ અને આ અંગે જરૂરી નિયમો ઘડવા.

૯૧. ગ્રુપ એફ. (મેથેમટિકસમાં) સ્ટેટીસ્ટીકસનો સમાવેશ થાય છે તેમાં લૅબોરેટરી નોટબુક રાખવાની હોય છે તો એક્ષટર્નલ પરીક્ષામાં તે વિષય લઈ શકાય કે કેમ તે નક્કી કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રુપ એફ. (મેથેમેટિકસ) માં સ્ટેટિસ્ટીકસનો વિષય એક્ષટર્નલ વિદ્યાર્થીને લેવાની પરવાનગી આપવી નહિ, અને આ અંગે જરૂરી નિયમો ઘડવા

૯૨. ગુજરાત કૉલેજમાં ફર્સ્ટ ઈયર આર્ટ્સમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. સવરામ એભાભાઇ શ્રીમાળી આર્થિક રીતે કુટુંબને મદદ કરી શકે એ હેતુથી મજકૂર કૉલેજમાંથી એસ. એસ. ડી. કૉલેજમાં સેકન્ડ ટર્મમાં દાખલ થવા માગે છે પરંતુ ઍા. ૮૯નો વાંધો આવતો હોવાથી તે બાબત સિન્ડિકેટની મંજૂરી આપવા બાબતની તેમના તરફથી આવેલી અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી.

૯૩. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સિનિયર બી. કૉમ. ના વર્ગમાં ભરેલી હાજરી માંદગીના કારણે કેન્ડોન કરવા બાબતની મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના ટેરા સહિત આવેલી શ્રી. કે. એસ. શાહની અરજી.

(નોંધ:-વિદ્યાર્થીએ મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યું છે, તેની હાજરી નીચે પ્રમાણે છે:

સત્ર	કુલ હાજરી	ભરવી જોઇતી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
પહેલું	૯૩	૭૦	૪૦	૩૦
બીજું	૮૪	૬૩	૫૬	૭
				કુલ ખૂટતી હાજરી.....૩૭.)

આથી ઠરાવવામાં આવે છે કે ખૂટતી હાજરી માફ કરવી નહિ.

૯૮. સિન્ડિકેટે તેની તા. ૪-૪-૫૩ની સભામાં બિલ્ડીંગ કમિટીની તા. ૨૭-૩-૫૩ની નોંધને મંજૂર કરેલી છે તે પ્રમાણે લાયબ્રેરી વિંગ માટે વંથારાના રૂા. ૫૫,૮૫૦-૦-૦ મંજૂર કરવામાં આવ્યા છે પરંતુ આ ઠરાવમાં જણાવ્યું નથી કે આ કામ કોની પાસે કયા દરે કરાવવું તેથી મે. ગેનન ડંકર્લી ઍન્ડ કંપની લી.નું આ અંગેનું બીલ પાસ કરવું કે નહિ તે બાબત નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરી વિંગનું જે કામ એડમિનિસ્ટ્રેટિવ વિંગની સાથે કરવાનું મંજૂર કરવામાં આવ્યું છે તે કામ એડમિનિસ્ટ્રેટિવ વિંગનું કામ કરવાના જે દરો મંજૂર કરવામાં આવ્યા છે તેજ દરે ગેનન ડંકર્લી ઍન્ડ કંપની પાસે કરાવવું.

૯૯. રજિસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલે ભરૂચ અરેા મ્યુનિસિપાલીટી સામે સુપ્રીમ કોર્ટમાં આંડેલા દાવાની બે અપીલેામાંના રેકોર્ડઝ છાપવાની કિંમત પેટે રૂા. ૨,૫૦૦-૦-૦ ડિપોઝીટ ભરવા હાઇકોર્ટે નોટીસ કાઢી હોવાથી અને તે રકમ તાત્કાલિક ભરવાની હોવાથી રજિસ્ટ્રારના પ્રોવિડંટ ફંડના પોતાના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૨,૫૦૦-૦-૦ લોન પેટે આપવા બાબતની રજિસ્ટ્રારની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૦. ચિફ મેડિકલ ઑફિસર શ્રી. શાન્તિલાલ અમૃતલાલ શાહનો પ્રોબેશન પિરિયડ તા. ૨-૧૨-૧૯૫૩ના રોજ પૂરો થતો હોવાથી તેમને તે તારીખથી તે જગ્યાએ કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શાન્તિલાલ અમૃતલાલ શાહને તા. ૨-૧૨-૧૯૫૩થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૧૦૧. એમ. એસ. સી. ની પ્રેક્ટીકલની ૧૯૫૩ના એપ્રિલમાં ગુજરાત કૉલેજમાં લેવાયેલી પરીક્ષાઓ માટે બે બેચ પ્રમાણે ઍસ્પર્ટ, લૅબોરેટરી આસીસ્ટન્ટ્સ અને હમાલ વિગેરે નીમી તે પ્રમાણે બીલો મોકલવા હોવાથી તે પ્રમાણે મંજૂર કરવા બાબતના, ઍક્સપર્ટ, લૅબોરેટરી આસિસ્ટન્ટ અને હમાલ તરફથી, ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલના શેરા સાંહત આવેલી અરજી.

(નોંધ:- આવીજ જાતનો કેસ એલ. ડી. આર્ટ્સ કૉલેજનો હતો જે સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો અને સિન્ડિકેટે આ માટે ડબલ સ્ટાફ આપવા મંજૂર કર્યું હતું)

આથી ઠરાવવામાં આવે છે કે અરજદારની વિનંતી માન્ય કરવી.

૧૦૩. બી. જે. ઈન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદનાં વિદ્યાર્થીની કુમારી ઈન્દુકલા હીરાચંદ ઝવેરીની પી. એચ. ડી. ડિગ્રી માટેની થિસિસ રેફરીએ મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલાં જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૪. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરીઝ, અમદાવાદના શ્રી. ઉપેન્દ્ર ધીરજલાલ દેસાઇની પી. એચ. ડી. ની ડિગ્રી માટેની થિસિસ રેફરીએ મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૦૫. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં એમ. કૉમ. ના અનુસ્નાતક વર્ગો જુન ૧૯૫૪ થી નીચેના વિષયો માટે ચાલુ કરવા મંજૂરી આપવા બાબતના મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

વિષયો:—
(1) Economics of Agriculture,
(2) Co-operation and Rural Development
(3) Organization of Industries
(4) Organization of Markets
(5) Corporation Finance

(નોંધઃ- મજકૂર કૉલેજમાં નીચેના શિક્ષકો તેમના નામ સામે જણાવેલ વિષયો માટે અનુસ્નાતક શિક્ષકો તરીકે માન્ય થયેલા છે.)

	એમ. કૉમ માટે ટીચીંગ અને રિસર્ચ	પી.એચ.ડી. માટે
૧. પ્રિન્સિપાલ એમ. બી. દેસાઈ	૧. કૉર્પોરેશન ફીનાન્સ ૨. એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસ ૩. કો-ઓપરેશન અને રૂરલ ડેવલપમેન્ટ	ઇકોનોમિકસ કૉમર્સ ફૅકલ્ટીમાં
૨. શ્રી. એલ. વી. ગોગટે	એમ. કૉમ. માટે ટીચીંગ ફરજિયાત વિષયો ૧. ઓરગેનીઝેશન ઑફ માર્કેટ્સ ૨. ઓરગેનીઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ મરજિયાત વિષયો ૧. ઓરગેનીઝેશન ઑફ ઇન્ડસ્ટ્રીઝ ૨. લેબર એડમિનિસ્ટ્રેશન	

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજના પ્રિન્સિપાલને જણાવવું કે જે શિક્ષકોને માન્ય કરવામાં આવ્યા છે તેમના હાથ નીચે વિદ્યાર્થીઓને રજિસ્ટર કરી શકે.

૧૦૬. બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧-૧૦-૧૯૫૩ના રોજ મળેલી દસમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે આ સાથે આપવામાં આવી છે.)

૧૦૭. ઇન્ટર સાયન્સની પરીક્ષા પસાર કરી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં, ઇન્ટર આર્ટ્સના વર્ગમાં ચાલુ સાલે દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. આઇ. કે. આચાર્યે હજી સુધી લેન્ગ્વેજ ટેસ્ટનું સર્ટિફીકેટ રજૂ કર્યું નથી અને હવે જો યુનિવર્સિટી આ તબકકે મંજૂરી આપે તો તેનો ટેસ્ટ લેવા તૈયાર છે એમ જણાવતા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી મજકૂર વિદ્યાર્થીના ખુલાસા સહિત આવેલો પત્ર.

(નોંધઃ- લેન્ગ્વેજ ટેસ્ટ ૨૦મી જુલાઈ ૧૯૫૩ સુધીમાં કરાવી લેવો જોઇએ.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીનો "લેન્ગ્વેજ ટેસ્ટ" તાકીદે લેવા પ્રિન્સિપાલને જણાવવું.

૧૦૮. ઇન્ટર સાયન્સની પરીક્ષા પસાર કરી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ઇન્ટર આર્ટ્સના વર્ગમાં ચાલુ સાલે દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. પી. એચ. મહેતાનો લેન્ગ્વેજ ટેસ્ટ વિદ્યાર્થીની નિષ્કાળજીને લીધે તા. ૧૪-૯-૫૩ના રોજ લેવામાં આવ્યો હતો એમ જણાવતા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી, મજકૂર વિદ્યાર્થીના ખુલાસા સહિત આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં "લેન્ગ્વેજ ટેસ્ટ" લેવામાં થયેલી ઢીલ માફ કરવી.

૧૦૯. ઇન્ટર સાયન્સની પરીક્ષામાં નાપાસ થઈ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં ઇન્ટર આર્ટ્સના વર્ગમાં ચાલુ સાલે દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. વી. ડી. જોષીનો લેન્ગ્વેજ ટેસ્ટ તેઓ બીજા વિદ્યાર્થીઓનો ટેસ્ટ લેવાતો હતો તે દરમ્યાન માંદા હોવાથી, તે ટેસ્ટ તેઓ માંદગી ઉપરથી આવ્યા પછી થોડાજ સમયમાં (તા. ૪-૯-૫૩) લેવામાં આવ્યો હતો એમ જણાવતા મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી, મજકૂર વિદ્યાર્થીના ખુલાસા સહિત આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં "લેન્ગ્વેજ ટેસ્ટ" લેવામાં થયેલી ઢીલ માફ કરવી.

૧૧૦. પ્રથમ સત્ર પૂરૂ થતાં પહેલાં ફાઇનલ ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ કઢાવી લેવાં જોઇએ પરંતુ હજી ૨૫૦ જેટલા કેસો બાકી છે તો તે અંગે યોગ્ય મુદત વધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનલ ઍલિજિબિલિટિ સર્ટિફીકેટ કઢાવી લેવાની મુદત લંબાવીને તા. ૩૧-૧૨-૧૯૫૩ સુધી રાખવી.

૧૧૩. વોલ્ટેર ખાતે આન્ધ્ર યુનિવર્સિટીના આશ્રયે ડિસેમ્બર ૧૯૫૩ના છેલ્લા અઠવાડિયા દરમ્યાન મળનારી ઇન્ડિયન હીસ્ટરી કોન્ગ્રેસની સોળમી પરિષદ માટે શ્રી. કે. એચ. કામદાર અને શ્રી. એમ. જે. પાઠકજીને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીમ્યા બાબતના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા.

૧૧૪. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં એફ. વાય. આર્ટ્સમાં ચાલુ સાલે દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. સી. ડી. રાવળની, પોતે કેટલાક અનિવાર્ય સંજોગોને કારણે પ્રથમ સત્ર નિયમિત ન ભરી શકયા હોવાથી અને હવે આવતા સત્રમાં ભરી શકે એમ ન હોવાથી તેમને આગામી એફ. વાય. આર્ટ્સની એક્ઝામિનેશન પરીક્ષામાં બેસવા પરવાનગી આપવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૧૯. મુંબઇ યુનિવર્સિટીની બી.એ. ની પરીક્ષા લીટરેચર સાથે પસાર કરી છે અને હવે કચ્છ-ભૂજની કૉલેજમાં ફર્સ્ટ યર સાયન્સમાં દાખલ થવા માંગતા વિદ્યાર્થી શ્રી. ડી. સી. સીપ્પીને અંગ્રેજી વિષયમાં એકઝમ્પશન આપી શકાય કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

(નોંધ:–બૉ. ૧૯૭ અનુસાર ઇન્ટરમિડિયેટ આર્ટ્સ પાસ થયેલાને ઈન્ટરમિડિયેટ સાયન્સમાં અંગ્રેજીમાં એકઝમ્પશન આપી શકાય પરંતુ એફ. વાય. સાયન્સમાં આવું એકઝમ્પશન આપી શકાય કે નહિ તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે અરજદારની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૧૮. વિઠ્ઠલભાઇ પટેલ મહાવિદ્યાલયમાં ફર્સ્ટ યર આર્ટ્સમાં દાખલ થયેલા વિદ્યાર્થી શ્રી. એ. ટી. થાન્નીપરાને લેટીન વિષય લેવાની પરવાનગી આપી છે પરંતુ તેની કયી ચોપડીઓ અને અભ્યાસક્રમ રાખી પરીક્ષા લેવાની છે તે બાબત જણાવવા બાબત અથવા મજકૂર વિદ્યાર્થીને લેટીન ભણાવતા સેંટ ઝેવીયર હાઇસ્કૂલના શિક્ષકને તેમને જે યોગ્ય લાગે તે ચોપડીમાંથી યોગ્ય લાગે તે અભ્યાસક્રમ રાખી પરીક્ષા લે એમ કરવાની પ્રિન્સિપાલને સત્તા આપવા બાબતનો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલે કરેલી ભલામણ મુજબ કરવા તેમને જણાવવું.

૧૧૯. એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજીઓ પ્રથમ સત્રના અંત સુધીમાં આવવી જોઇએ પરંતુ સાત અરજીઓ મોડી મોકલ્યા બાબત પ્રિન્સિપાલ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના ખુલાસો મંગાવતાં તેમના તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજીઓ સ્વીકારવી.

૧૨૦. પ્રિન્સિપાલ ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, તરફથી શ્રી. વાય. જે. બુચના એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજી તે મોડી મોકલ્યાના કારણ સહિત તેમના પત્ર સાથે આવેલી છે તો તે સ્વીકારવી કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર અરજી સ્વીકારવી.

૧૨૧. એ. જી. ટિચર્સ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપાલે એમ.એ.ડી. ના ૧૮ વિદ્યાર્થીઓના ડિસર્ટેશનના ટોપીકસ યુનિવર્સિટી હેન્ડબુક ભાગ–૨ રેગ્યુલેશન નં. ૫૯ મુજબ યુનિવર્સિટીની એપ્રુવલ માટે મોકલ્યા છે તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "ડિસર્ટેશન ટોપિકસ" મંજૂર કરવા. ("ડિસર્ટેશન ટોપિકસ" ની યાદી આ સાથે પરિશિષ્ટ "ટ" તરીકે આપવામાં આવી છે.)

૧૨૨. એક્ષટર્નલની પરીક્ષાઓ અંગેનું કામકાજ ઘણું વધેલું હોવાથી પરીક્ષા વિભાગમાં બે જુનિયર ક્લાર્કની જગ્યા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા વિભાગમાં ૨ જુનિયર કલાર્ક, યુનિવર્સિટીએ જુનિયર કલાર્ક માટે મુકરર કરેલી ગ્રેડમાં, વધારે રાખવા મંજૂર કરવું.

૧૨૩. પત્નિની માંદગી અંગેના તાત્કાલિક ખર્ચ માટે પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૫૦-૦-૦ની લોન આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. આર. એમ. દેઠની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઈસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૪. પિતાશ્રીને ખાસ જરૂરી કામ માટે રૂપિયા મોકલવાના હોવાથી તે અંગે પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૯૦-૦-૦ની લોન આપવા બાબતની કેશિયર શ્રી. એન. જે. પાઠકની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૭. એમ. ટી. બી. કૉલેજ, સૂરતના વિદ્યાર્થીની મીસ એચ. જે. કાઝી ની પી એચ.ડી. ડિગ્રી માટેની થિસિસ રેફરીઝ મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની ભલામણ ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલી પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૨૮. એસ.ઇ. (મિકેનીકલ અને ઇલેકટ્રીકલ) માં મેટાલર્જી (Metallurgy) ના વિષયમાં પર ટકા માર્ક મેળવી પાસ થયેલા વિદ્યાર્થી શ્રી. કે. કે. પીલાઇને બી ઇ. મિકેનીકલના નવા અભ્યાસક્રમમાં તે વિષયમાંથી એકઝમ્પશન આપવા બાબતના એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગના પ્રિન્સિપાલના પત્ર ઉપરથી આ અંગે બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન મિકેનીકલ એન્જિનિયરીંગની બૉર્ડે કરેલી ભલામણ.

ભલામણ

"Resolved to recommend that Shri K. K. Pillai should not be given a class but may be exempted from the subject of Metallurgy in the B.E. Examination (M. New Course) this being a transitional period from old course to new course."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝની ભલામણ મંજૂર કરવી.

૧૩૬. દિલ્હીમાં રેડાન રિસર્ચ યુનીટ અને પુનામાં ક્લાઉડ (Cloud) રિસર્ચ યુનીટ સ્થાપવા બાબતમાં ક્લાઉડ ફિઝિકસ અંગે પ્રાયોગિક કામ કરવા બદલ યુનિવર્સિટીઓને ગ્રાન્ટ-ઇન-એઈડ આપવાનું નક્કી થયું છે તો આ યુનિવર્સિટીએ આ બાબત પોતાની યોજના જણાવવા બાબતના હિંદ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ડૉ. કે. આર. રામનાથનનો અભિપ્રાય મંગાવવો.

૧૩૭. આન્ધ્ર યુનિવર્સિટી કૉલેજ સ્ટુડન્ટસ યુનિયન તરફથી ડિસેમ્બરમાં યોજનારા ઇન્ટર યુનિવર્સિટી ડિબેટ માટે આપણી યુનિવર્સિટીએ બે પ્રતિનિધિઓ મોકલવા બાબતના મજકૂર યુનિયનના મંત્રી પ્રમુખ તરફથી આવેલો પત્ર.

(નોંધ:-આ પત્ર દરેક કૉલેજોમાં સરકયુલેટ કર્યો હતો. માત્ર ગુજરાત કૉલેજે પ્રતિનિધિ મોકલવા ઇચ્છા દર્શાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીએ પ્રતિનિધિઓ મોકલવા નહિ.

૧૩૮. મુંબઇ યુનિવર્સિટીની બી.એસ.સી. ની પરીક્ષા કેમિસ્ટ્રી (પ્રિન્સિપલ) અને ફિઝિકસ (સબ્સીડિયરી) વિષય સાથે પસાર કરેલ વિદ્યાર્થી શ્રી. ભુપેન્દ્ર એ. પટેલની, તેઓ નવેમ્બર ૧૯૫૩થી ત્રણ સત્રો ભરી આ યુનિવર્સિટીના બી.એસ.સી. ફિઝિકસ (પ્રિન્સિપલ) અને મેથેમેટિક્સ (સબ્સીડિયરી) ના અભ્યાસ કરી શકે કે કેમ તે જણાવવા બાબતની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી.

૧૪૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી આવેલી એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની ચાર અરજીઓ સ્વીકારવી કે કેમ ?

(નોંધ:-અરજીઓ તા. ૧૫-૧૦-૫૩ના રોજ એટલે કે પહેલું સત્ર પૂરૂ થયા પછીથી આવેલી છે. મજકૂર અરજીઓ મોડી મોકલવા બાબતનો પ્રિન્સિપાલનો ખુલાસો દર્શાવતો પત્ર સિન્ડિકેટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે મોડી આવેલી અરજીઓ સ્વીકારવી.

૧૪૧. ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની ૧૯૫૩ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ શ્રી. શાહ કે. એમ. અને શ્રી. એન. પી. પંડયા ચાલુ સાલની બી.એ. એક્ષ્ટર્નલની પરીક્ષા માટે રજિસ્ટર થઈ શકે કે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીઓને જણાવવું કે તેઓ બી.એ. ની પરીક્ષામાં એકસ-સ્ટુડન્ટ તરીકે બેસી શકે, પણ એક્ષ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટર થઇ શકે નહિ.

૧૪૧. ઈન્ટર આર્ટ્સની ૧૯૫૩ની પરીક્ષા પાસ કરીને એલ.એલ.બી. ની પરીક્ષા ૧૯૫૨માં પસાર કરી ૧૯૫૩ના જુલાઈમાં એલ.એલ.એમ. માટે રજિસ્ટર થયેલા વિદ્યાર્થી શ્રી. એમ. ડી. શાહ ચાલુ સાલે લેવાનારી બી.એ. એક્ષ્ટર્નલની પરીક્ષા માટે રજિસ્ટર થઈ શકે કેમ ?

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૪૩. પોતાની તેમજ પત્નીની માંદગી અંગે દવા, ઇંજેકશનો તેમજ બીજો ખર્ચ થયેલો હોવાથી યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૩૦૦-૦-૦ ના લોન યુનિવર્સિટીના નિયમો અનુસાર પરત આપવાની શરતે મંજૂર કરવા બાબતનો હેડ કલાર્ક શ્રી. વી. એમ. દેસાઈની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૪૪. પોતાના પુત્ર તથા ભાઈની માંદગી દરમ્યાન ખર્ચ થયેલ હોવાથી અને હજી પણ ખર્ચ થનાર હોવાથી યુનિવર્સિટીમાંના પોતાના પ્રોવિડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૮૦-૦-૦ની લોન આપવા બાબતની ટાઇપિસ્ટ શ્રી. વી. એમ. વ્યાસની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. વ્યાસની અરજી મંજૂર કરવી.

૧૪૫. એક્ષ્ટર્નલ પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશનની તારીખ હજી લંબાવવા બાબતની એન. યુ. એસ. ના સંયુકત મંત્રી શ્રી. હરિહર ખંભોળજા તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ તબકકે રજિસ્ટ્રેશનની તારીખ લંબાવી શકાય તેમ નથી તેથી તેમ કરવાની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૪૬. એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરેલ વિદ્યાર્થી શ્રી. આર. કે. લાદીવાળાની તેઓને બી.એ. એક્ષ્ટર્નલની ૧૯૫૫ની પરીક્ષા માટે રજિસ્ટર કરવા બાબતની અરજી.

(નોંધ:- આ વિદ્યાર્થીએ ઇન્ટર કોમર્સની પરીક્ષા પસાર કરીને એલ.એલ.બી. ની પરીક્ષા પસાર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીની વિનંતી માન્ય રાખવી નહિ.

૧૪૮. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. પી. ડી. ઝાલાની એમ. એસ. સી. ની ડિગ્રી માટેની થિસિસ રેફરીઝે મજકૂર ડિગ્રી માટે સ્વીકાર્યા બાબતની જાહેરાત ઉપરથી તેમને તે ડિગ્રીમાં પાસ થયેલા જાહેર કરવા શ્રી. વાઇસ-ચાન્સેલરે શ્રી. રજિસ્ટ્રારને આપેલા પરવાનગીને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી.

૧૫૦. પોતાની બહેનની માંદગી અંગેના ખર્ચ માટે રકમ મોકલાવાની હોવાથી પોતાના પ્રોવીડંટ ફંડના કોન્ટ્રીબ્યુશનમાંથી રૂા. ૩૦૦-૦-૦ની લોન યુનિવર્સિટીના નિયમો અનુસાર પરત આપવાની શરતે મંજૂર કરવા બાબતની સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યની અરજી ઉપરથી તે મંજૂર કર્યાના શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાઇસ-ચાન્સેલરના કાર્યને બહાલી આપવી

૧૫૧. પહેલું સત્ર પૂરું થતાં પહેલાં એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેનાં ફોર્મ યુનિવર્સિટીને મોકલવાં જોઇએ પરંતુ એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના પ્રિન્સિપાલ તરફથી તા. ૧૦-૧૧-૧૯૫૩ના રોજ આવેલું શ્રી. રાજપુત આર. એસ. નું ફોર્મ સ્વીકારવું કે કેમ?

(નોંધ:- શ્રી. રાજપુત આર. એસ. એમણે પહેલાં શરૂઆતમાં શ્રી. વર્મા આર. એસ. ના નામથી ફોર્મ ભર્યું હતું પરંતુ તેઓએ એસ.એસ.સી. ની પરીક્ષા શ્રી. રાજપુત આર. એસ. ના નામથી પસાર કરેલી છે એમ પ્રિન્સિપાલ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મોડી આવેલી અરજી સ્વીકારવી.

૧૫૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના ફર્સ્ટ ઇયર આર્ટ્સ અને ફર્સ્ટ ઇયર સાયન્સમાં દાખલ થયેલા ૧૧ વિદ્યાર્થીઓ હજી સુધી એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેનાં ફોર્મ ભર્યાં નથી એમ જણાવતો મજકૂર કૉલેજના પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલને જણાવવું કે જો આ વિદ્યાર્થીઓની અરજીઓ તા. ૧૫મી ડિસેમ્બર ૧૯૫૩ પહેલાં યુનિવર્સિટીને મળશે તો તે સ્વીકારવામાં આવશે, ત્યારપછી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૧૫૩. ઇક્વીવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની સ્ટેન્ડીંગ કમિટીની તા. ૧૨-૧૬-૧૯૫૩ના રોજ મળેલી બેઠકની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કમિટીના કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ઠ" તરીકે આપવામાં આવી છે.)

૧૫૫. ઇન્ડિયન હિસ્ટરી કોન્ગ્રેસનું ૧૯૫૪ની સાલનું સત્તરમું અધિવેશન અમદાવાદમાં ભરાય તે અંગે આમંત્રણ આપવા વિચારણા કરવા બાબતનો શ્રી. આર. સી. પરીખ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં ઇન્ડિયન હિસ્ટરી કોન્ગ્રેસ તરફથી કાંઇ વિનંતી આવેલી નહિ હોવાથી અત્યાર કાંઈ કરી શકાય તેમ નથી.

૧૫૬. શામળદાસ કૉલેજ, ભાવનગરમાં એફ્. વાય. સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થી શ્રી. એસ. એસ. પવાર અને એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં એફ્. વાય. સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થી શ્રી. કે. એસ. ચૌધરીએ એનરોલમેન્ટ સર્ટિફીકેટો તેઓ મજકૂર વર્ગમાં દાખલ થયેલા તે સમયે કહાવેલાં હોવાથી હવે તેમની પાસેથી એફ્. વાય. આર્ટ્સ એક્ષ્ટર્નલ પરીક્ષા વખતે ફરીથી એનરોલમેન્ટ સર્ટિફિકેટની ફી લેવી કે કેમ?

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં એનરોલમેન્ટ સર્ટિફીકેટની ફી લેવી નહિ.

આ તબકકે વખતના અભાવે કામકાજ નં. ૩ થી ૭, ૯, ૧૬, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૪, ૩૭, ૪૧ થી ૪૭, ૬૦, ૬૧, ૬૨, ૬૬, ૭૧, ૭૨, ૭૬, ૮૦, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૧૦૨, ૧૧૧, ૧૧૨, ૧૧૫, ૧૧૬, ૧૨૫, ૧૨૬, ૧૨૯ થી ૧૩૫, ૧૩૮, ૧૪૭, ૧૪૯, ૧૫૪નો નિકાલ કરવાનું બાકી રહ્યું.

નં. સિ. ૫૧૭૨૮-૪૬-૧૯૫૩
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૨૭-૧૧-૧૯૫૩.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર

પરિશિષ્ટ "ફ"

કામકાજ નં. ૧૧.

As desired by the Syndicate in their letter No. 39691-94 dated 11-9-53, we formed ourselves into a Committee and met in the Syndicate Room on Thursday the 17th September 1953 at 12-30 p. m. when the following members were present:-

1. Prin. N. M. Shah,
2. Prin. S. B. Junnarkar,
3. Shri B. H. Desai.

After considerable discussion the Committee decided to recommend to the Syndicate that as an experimental measure, for the examinations to be held in the second half of the year 1953, the Registrar's Office be instructed to place before the final meeting of the Examiners all cases of the candidates who fail in one or more heads of passing or fail to get exemption in one or more heads by 1, 2 or 3 marks and the Examiners at that meeting should have full powers to consider such cases and decide in each case on its own merits after reviewing the candidate's performance at the whole examination whether each such candidate should fail or pass in a head or heads and/or should get or not get exemption in a head or heads.

Ahmedabad. 9.
Dt. 17-9-1953.

Sd/- N. M. Shah.
" S. B. Junnarkar.
" Batubhai H. Desai.

પરિશિષ્ટ "ખ"

કામકાજ નં. ૩૧

ORDINANCES RELATING TO TRAVELLING AND HALTING ALLOWANCES FOR MEMBERS OF THE SENATE AND OTHER AUTHORITIES, ETC. OF THE UNIVERSITY

(In force from 14th November 1953.)

O. 152. Whenever a member of the Senate, or any other Authority or Committee of of the University, other than the Vice-Chancellor has to travel to attend a meeting or meetings called by the Registrar or as a delegate on behalf of the University, or otherwise for transaction of any business connected with the University, he will be paid in accordance with the following rules:-

(1) If the member concerned signs a declaration to the effect that he travelled Second Class by rail, he will be paid $1\frac{1}{2}$ Second Class fares each way.

(2) If the member concerned submits a bill for an amount which is less than $1\frac{1}{2}$ Second Class Railway fares each way, his bill will be paid without being required to sign a declaration.

(3) When a member travels by air or part of the journey by steamer, he will be paid the actual fare each way, provided the Vice-Chancellor gives his sanction for such payment.

(4) When a member has travelled different portions of the rail journey in different classes, or has performed different parts of the journey by rail, steamer, etc. fares will be calculated for each such part in accordance with the provisions of Rules 1, 2 & 3.

(5) If there is no steamer, rail or air communication for a part or for the whole of the journey and it has to be performed by road, the road journey will be paid for at annas eight her mile.

(6) If the railway station is at a distance exceeding 5 miles from the registered address of a member, he will be paid for the road journey from his registered address to the railway station and back in the manner prescribed in Rule 5.

(7) Whenever the same person has to attend a meeting or meetings on consecutive days, only one travelling allowance is payable.

(8) When concession fares are available, the actual cost of travelling will be paid at the concession rates.

(9) Whenever a person travels by rail, the travelling allowance is to be calculated by the cheapest route.

(10) Whenever a person has claimed travelling allowance for any part of the journey from any public authority, this part shall be excluded from the total distance.

(11) In all cases, travelling allowance is to be calculated from the registered address of the person to the actual place of duty.

O. 153. When the Vice-Chancellor travels on University Business, he will be paid one and a half Air conditioned Class fares each way, if he travels by rail, or the actual fares, if he travels by air or steamer and eight annas per mile for road journeys.

O. 154. In addition to the Travelling Allowance, members of the Senate and other Authorities, etc. of the University will be entitled to receive a Halting Allowance of Rs. 15/– for the first day of attending one or more meetings and Rs. 10/– for each subsequent day of attending one or more meetings, or for each day spent at a place outside their head-quarters on University business. Where the total distance travelled by such person in a single journey is over 400 miles, they shall be paid Rs. 20/– instead of Rs. 15/– as the Halting Allowance, for the first day. Halting Allowance may be given for a day on which there is no meeting, provided there is a meeting on the day before and on the day after, both of which, the member or other person travelling on University business, attends.

O. 155. (deleted.)

O. 156. Members resident in Ahmedabad will be paid a conveyance allowance of Rs. 5/– per day for a meeting or meetings attended by them at Ahmedabad.

પરિશિષ્ટ "ગ"

ઠરાવ નં. ૩૫

The Meeting of the Committee appointed by the Syndicate to frame rules etc., in connection with the mistakes that may be committed by the Examiners, Supervisors, Factotums etc., was held in the Syndicate Room to-day at 2-30 p.m.

The following members were present:-

(1) The Vice-Chancellor,

(2) Shri Batubhai Desai

It was resolved that the Syndicate be requested to appoint a small committee on the lines of the 'Unfair Means Committee' and the said Committee should scrutinize every case and submit its report to the Syndicate.

Ahmedabad-9.
Dt. 21-9-1953.

Sd/- **H. V. Divatia.**
" **Batubhai Desai.**

પરિશિષ્ટ "ઘ"

કામકાજ નં. ૫૦

નં. ફિઝી. ૨૯૧ : ૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૭-૯ ૧૯૫૩.

ગુજરાત યુનિવર્સિટી બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની નવમી સભા, જે તા. ૫-૯-૧૯૫૩ ને શનિવારના રોજ કોરમના અભાવે મુલતવી રહી હતી તે ગુરૂવાર તા. ૧૦-૯-૧૯૫૩ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા માટે મળી હતી અને તેમાં નીચેના સભ્યો હાજર હતા:

૧.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ ચેરમેન	હાજર,
૨.	પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	ગેરહાજર,
૩.	પ્રિન્સિપાલ એ. મેનેજીઝ	ગેરહાજર,
૪.	પ્રિન્સિપાલ જી. આર. કોટવાલ	ગેરહાજર,
૫.	શ્રી. છગનભાઇ પી. પટેલ	હાજર,
૬.	શ્રી. મણિભાઇ એન. નાયક	ગેરહાજર,
૭.	શ્રી. બી. કે. નાયક	ગેરહાજર,
૮.	શ્રી. આર. જી. પટેલ	ગેરહાજર,

ડૉ. આર. એમ. વૈદ્ય, માનદ મંત્રી હાજર હતા.

૧. તા. ૧૬-૮-૧૯૫૩ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની સાતમી તથા આઠમી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની સાતમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી હતી અને તે ઉપર શ્રી. ચેરમેને સહી કરી તથા બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની આઠમી સભાની નોંધમાં ત્રીજી આઇટેમના ઠરાવમાં, રમતોમાં "વૉલિબોલ" છપાવવું રહી ગયું હતું તે "ખ" "વૉલિબોલ" ઉમેરીને, આઠમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી હતી અને ત્યારબાદ તે ઉપર શ્રી. ચેરમેને સહી કરી હતી.

૨. યુનિવર્સિટી ઇન્ટરયુનીની એથ્લેટિક્સ તેમજ ગેઇમ ઇવેન્ટ્સ અંગે બીજા ઝોનોમાંથી આવતા હરીફોનું બોર્ડિંગ, લોજિંગ તથા ટ્રાવેલિંગ ખર્ચ કોના તરફથી આપવામાં આવતું હતું તે સંબંધી મુંબઇ યુનિવર્સિટીને પુછાવતાં આવેલ જવાબ પર બૉર્ડ ઑફ સ્પોર્ટ્સે તેની તા. ૬-૭-૧૯૫૩ની મિટીંગમાં નીચે પ્રમાણે ઠરાવેલ છે તે ઉપર વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલ તા ૨૨-૧૧-૫૨ના કાગળ ઉપરથી કામકાજ નં. ૨માં જણાવેલ ઇન્ટરગ્રુપ ઇવેન્ટ્સ વખતે ખર્ચ અંગે શું ભાગ પાડવા તે અંગે કંઇ સ્પષ્ટીકરણ થતું નથી તે જોતાં બીજા વખતે આ કામકાજ રાખવું."

આ આઇટેમ ઉપર વિગતવાર વિસ્તૃત ચર્ચા કર્યા બાદ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો:

અ. આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરગ્રુપની એથ્લેટિકસ હરીફાઈ વખતે બહારગામથી આવતા હરીફોને નીચે પ્રમાણેનું મુસાફરી ખર્ચ યુનિવર્સિટી તરફથી મંજૂર કરવામાં આવેલ ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ માટેની રકમમાંથી આપવું:

૧. હરીફોને રેલ્વેભાડું કન્સેશન દરથી આપવું,

અને

૨. હરીફોના કુલ રેલ્વે કન્સેશનથી થતા ભાડાની રકમના ૨૦ ટકા સુધીની રકમ બીજો પરચુરણ ખર્ચ જેવો કે વાહન ખર્ચ, મજૂરી, હરીફોને મુસાફરી દરમિયાન નાસ્તો, આદિ માટે આપવો.

બ. આથી ઠરાવવામાં આવે છે કે એથ્લેટિકસના હરીફોનો બોર્ડિંગ અને લોજિંગનો ખર્ચ પણ ઇન્ટરગ્રુપ માટેના ફંડની રકમમાંથી આપવો પરંતુ આવી રીતે આપવાના ખર્ચની રકમ, દરેક હરીફ દીઠ રોજના રૂા ૪-૦-૦ના હિસાબે મંજૂર કરવામાં આવેલ હોલ્ટીંગ એલાવન્સની રકમથી વધવી ન જોઇએ.

ક. આથી ઠરાવવામાં આવે છે કે સાંધિક રમતો (Game Events) માટેના હરીફોનો બોર્ડિંગ, લોજિંગ અને ટ્રાવેલિંગ ખર્ચ કાં તો પ્રતિનિધિત્વ ધરાવતી કૉલેજ અથવા તો તે વિભાગ, તેમને જેમ યોગ્ય લાગે તેમ આપે

૩. પ્રથમ ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સમાં ભાગ લેવા અમદાવાદ આવેલ નોર્થ ગ્રુપના હરીફોનો ટ્રાવેલિંગ બિલ અંગે નોર્થ ગ્રુપના પ્રેસિડેન્ટ તરફથી આવેલ તા. ૧૫-૭-૧૯૫૩ના પત્રાંક ૬૮૭ તથા તા. ૪-૮-૧૯૫૩ના પત્રાંક ૧૧૩૪ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ:-હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સના નિયમ પ્રમાણે હરીફોને રોજના ફક્ત રૂા. ૪-૦-૦નું હોલ્ટીંગ એલાવન્સ મળી શકે છે તથા આ પ્રમાણેના સૌરાષ્ટ્ર ગ્રુપના હરીફોનું ટ્રાવેલિંગ રૂા. ૧૩૬-૧૪-૦ અને સાઉથ ગ્રુપના હરીફોનું ટ્રાવેલિંગ બિલ રૂા. ૮૩-૮-૦નું આવેલું છે.) સને ૧૯૫૨-૫૩ની ઇન્ટરગ્રુપની એથ્લેટિકસની હરીફાઇમાં ભાગ લેવા આવેલા ઉત્તર વિભાગ, દક્ષિણ વિભાગ અને સૌરાષ્ટ્ર વિભાગના હરીફોનાં બાકી રહેલાં મુસાફરી ખર્ચનાં બિલોના પ્રશ્નોની ચર્ચા બીજી આઇટેમ પરના ઠરાવને લક્ષમાં રાખીને કરવામાં આવેલી છે અને ત્યારબાદ નીચેનો ઠરાવ કરવામાં આવેલ છે:

અ. આથી ઠરાવવામાં આવે છે કે ગયા વર્ષનો ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સનો હિસાબ બંધ કરવામાં આવેલ હોઈ અને બાકી વધેલા સિલકની રકમ અપ્રાપ્ય (lapse) હોઈ, બોર્ડ એમ નક્કી કરે છે કે ઉપર દર્શાવેલ બીજી આઇટેમ પરના ઠરાવના આધારે ત્રણે વિભાગના ફક્ત એથ્લેટિકસના હરીફોનું કન્સેશન દરે રેલ્વે ભાડું અને કન્સેશન રેલ્વે દરના ૨૦ ટકા સુધીનું બીજું પરચુરણ ખર્ચ (Incidental expenses) ચાલુ સાલની ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ માટેના મંજૂર થયેલ રૂા. ૪,૦૦૦–૦–૦ની રકમમાંથી આપવું.

બ. આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર, દક્ષિણ અને સૌરાષ્ટ્ર વિભાગના અધ્યક્ષ મહાશયોને વિનંતી કરવી કે સને ૧૯૫૨-૫૩ની ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સની એથ્લેટિકસની હરીફાઈમાં ભાગ લાધેલ તેમના વિભાગના હરીફોનાં ટ્રાવેલિંગ ખર્ચનાં બિલો નીચે પ્રમાણેની વિગતોને અનુલક્ષીને ફેરાથી બનાવીને મોકલાવી આપે:

૧. કન્સેશન દરથી કુલ હરીફોના રેલ્વેભાડાનું બિલ.

૨. કન્સેશન દરના રેલ્વેભાડાની રકમના વધુમાં વધુ ૨૦ ટકા સુધીના પરચુરણ ખર્ચનું બિલ.

ક. આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર વિભાગના અધ્યક્ષ મહાશય કે જેમને ઇન્ટરગ્રુપની ચાલુ સાલની જવાબદારી સોંપવામાં આવેલ છે તેમને જણાવવું કે ચાલુ સાલની ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ કરવા માટેની રૂા. ૪,૦૦૦–૦–૦ની રકમ, જે તા. ૧૬-૮-૧૯૫૩ના રોજની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની આઠમી મિટીંગની આઇટેમ નં. ૭ની નોંધમાં દર્શાવ્યા મુજબ તેમને ફાળે આવેલ છે તે રૂા. ૪,૦૦૦–૦–૦ પૂરેપૂરા નહિ હોય પરંતુ તે રકમમાંથી ગઇ સાલની એથ્લેટિકસની હરીફાઇમાં ભાગ લીધેલ હરીફોનાં આપવાનાં ટ્રાવેલિંગ બિલોની રકમ અપાશે અને તે રકમ તેટલે અંશે ઓછી હશે.

૪. અન્નામલાઈ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ ફિઝિકલ એજ્યુકેશનના લેક્ચરર-ઇન-ચાર્જ તરફથી ઇન્ટરયુનિવર્સિટીની સાઉથ ઝોનની ફૂટબોલ ટૂર્નામેન્ટ અંગે આવેલા તા. ૨૭-૭-૫૩ના પત્રાંક પી. ઇ. ૩૮૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અન્નામલાઇ યુનિવર્સિટીના આશ્રયે અન્નામલાઇ નગરમાં થનારી ઇન્ટરયુનિવર્સિટીની ફૂટબોલની હરીફાઇમાં ભાગ લેવાનું આ યુનિવર્સિટી માટે શક્ય નથી કારણ કે તે માટે નક્કી કરવામાં આવેલી ૧૫મીથી ૩૦મી સપ્ટેમ્બરની તારીખો સુધીમાં આ યુનિવર્સિટીની ફૂટબોલની ટીમ પસંદ કરવાનું બની શકે તેમ નથી.

૫. ઇન્ટરયુનિવર્સિટીની બેડમિન્ટન ટૂર્નામેન્ટના મુંબઈ યુનિવર્સિટીના ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી તરફથી બેડમિન્ટન ટૂર્નામેન્ટ અંગે આવેલ તા. ૨૧-૯-૧૯૫૩ના પત્રાંક એસ. પી. ૧૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઇન્ટરયુનિવર્સિટીની જે રમતોમાં ભાગ લેવાનું થયું છે તેમાં બેડમિન્ટનનો સમાવેશ નહિ કરેલો હોવાથી આ યુનિવર્સિટી ઇન્ટરયુનિવર્સિટીની

સ્ત્રી અને પુરૂષો માટેની બેડમિન્ટનની હરીફાઈઓમા ભાગ લેવા માટે પોતાની ટીમો મોકલી શકશે નહિ.

૬. અમદાવાદ લોકલ ગ્રુપ સ્પોર્ટ્સ કમિટીની તા. ૩-૮-૧૯૫૩ની સભામાં યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સને કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

અમદાવાદ લોકલ સ્પો. ગ્રુ.ની ભલામણો

(1) Resolved that it be recommended to the University Board of Sports that the Inter-University Eligibility Rules be adopted for inter-collegiate sports of our University with the modifications recommended herewith.

(2) Resolved that it be recommended to the Board of Sports to drop the representation of this University in the Inter-University Football Tournament this year, in view of the fact that the time is too short for selection. The University representative on the Inter-University Sports, be requested to put the period of Football matches in the second term in future years.

આથી ઠરાવવામાં આવે છે કે હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સમાંના એલિજિબિલિટીના નિયમોને રદ થયેલા ગણીને આ સાથેના પરિશિષ્ટ "અ" માં આપેલા સુધારા વધારા સાથેના ઈન્ટરયુનિવર્સિટીના 'એલિજિબિલિટીના નિયમો" ચાલુ સાલથી ઈન્ટરગ્રુપ સ્પોર્ટ્સ અને ઈન્ટરકોલેજીયેટ સ્પોર્ટ્સ માટે અમલમાં મૂકવા. વધુમાં ચાર વિભાગોના અધ્યક્ષ મહાશયોને જણાવવું કે નવા એલિજિબિલિટી નિયમો સાથેની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નવમાં મિટીંગની મિનિટ્સ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલા તમામ કોલેજોના પ્રિન્સિપાલોને મોકલવામાં આવેલા છે અને વધુમાં તેઓને વિનંતી કરવી કે સાંધિક રમતો અને એથ્લેટિકસની રમત માટેના હરીફોની પસંદગી આ નવા નિયમો મુજબ તેમણે કરવાના છે તે તેઓએ સમજવું.

૭. અલ્લાહાબાદ યુનિવર્સિટીના એથ્લેટિક્સ એસોસિએશનના સેક્રેટરી તરફથી ઇન્ટર-યુનિવર્સિટીની ૧૯૫૩-૫૪ની સાલની એથ્લેટિકસની હરીફાઇ સંબંધી આવેલ તા. ૪-૮-૧૯૫૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેક્રેટરીને જણાવવું કે ઈન્ટરયુનિવર્સિટીની એથ્લેટિકસની હરીફાઈમાં ભાગ લેવાનું આ યુનિવર્સિટી માટે શકય નથી.

૮. સિલોન યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન તરફથી ઈન્ટરયુનિવર્સિટીની ૧૯૫૩-૫૪ની સાલની એથ્લેટિકસની હરીફાઈ સંબંધમાં આવેલ તા. ૨૨-૭-૧૯૫૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિલોન યુનિવર્સિટીને જણાવવું કે ઇન્ટરયુનિવર્સિટ ની એથ્લેટિકસની હરીફાઈમા આ યુનિવર્સિટી ભાગ લેશે.

૯. મદ્રાસથી નીકળતા "સ્પોર્ટ્સ અને પાસ્ટાઇમ" મેગેઝીનના ગુજરાતના પ્રતિનિધિ શ્રી. પી. એફ. કેકોબાદના તા. ૧૮-૭-૧૯૫૩ તથા તા. ૮-૮-૧૯૫૩ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ત્રીજા વાર્ષિક રિપોર્ટમાં સ્પોર્ટ્સ અંગે જે હેવાલ છપાયેલ છે તેની નકલ શ્રી. પી. એફ. કેકોબાદને મોકલી આપવી અને તેમને જણાવવું કે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી બધી કૉલેજોના સ્પોર્ટ્સ અંગેની માહિતી માટે કૉલેજોના પ્રિન્સિપાલોને સીધેસીધું તેમણે લખવું.

૧૦. ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સ અંગે નિભાતા અમ્પાયર્સ, સ્કોરર્સ, વિગેરેને આપવાના વેતન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાથે આપેલ પરિશિષ્ટ "બ"માં દર્શાવેલ દર મુજબ અમ્પાયર્સ તથા સ્કોરર્સ વિગેરેને વેતન આપવાં.

૧૧. નાગપુર યુનિવર્સિટી, નાગપુરના ડેપ્યુટી કંટ્રોલર ઓફ એક્ઝામિનેશનના ઑફિસર-ઇન-ચાર્જ તરફથી ઇન્ટર-યુનિવર્સિટીની ખોખો ટુર્નામેન્ટ સંબંધી આવેલ તા. ૧૦-૮-૧૯૫૩ના પત્રાંક ૫-XI-૩૫૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન-ચાર્જ-ઑફિસરને જણાવવું કે ઇન્ટરયુનિવર્સિટીની ઝોનો માટેની ખોખોની હરિફાઇમાં ભાગ લેવાનું આ યુનિવર્સિટી માટે શક્ય નથી.

૧૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલ તરફથી આવેલ તા. ૧૧-૮-૧૯૫૩ના પત્રાંક ૩૪૭૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પત્રમાંના બધા મુદ્દાઓ અંગે સ્પષ્ટ નિર્ણયો લેવાઇ ગયેલા હોવાથી આ બાબતમાં કાંઇ કરવાનું રહેતું નથી અને તેથી આ પત્ર દફ્તરે કરવો.

૧૩. ઇન્ટરગ્રુપની ગેઇમ ઇવેન્ટ્સ માટેની તારીખો નક્કી કરવા બાબત.

અ. આથી ઠરાવવામાં આવે છે કે સાથે આપેલા પરિશિષ્ટ "ક" માં આપેલા ડ્રોમાં જણાવેલ તારીખો તથા સ્થળોએ ચાલુ સાલની ઇન્ટરગ્રુપની સાંઘિક રમતોની સેમિફાઇનલ અને ફાઇનલ મેચો રમવી.

બ. ચારે વિભાગના અધ્યક્ષ મહાશયોને વિનંતી કરવામાં આવે છે કે સેમિફાઇનલ માટે જે ગ્રુપોને એકબીજા સાથે રમવાનું છે તે તે પ્રતિસ્પર્ધી ગ્રુપોના ચેરમેનને તથા યુનિવર્સિટી ઑફિસને તેમના ગ્રુપની જે કૉલેજની ટીમ જે રમત રમતાં વિજેતા થઈ હોય તેની જાણ કરવી.

ક. વધુમાં નોર્થ અને સાઉથ ગ્રુપના ચેરમેનને વિનંતી કરવામાં આવે છે કે તેમના ગ્રુપની હોકી અને ફૂટબોલની સેમિફાઈનલમાં જે કૉલેજના ટીમ વિજેતા થઇ હોઇ તેની જાણ તારથી યુનિવર્સિટી ઑફિસને તથા અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપના ચેરમેનને કરવી અને તેજ પ્રમાણે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપના ચેરમેનને વિનંતી કરવામા આવે છે કે ક્રિકેટ, હૂતૂતૂ અને વૉલિબૉલની રમતોના સેમિફાઈનલમાં તેમના ગ્રુપના જે કૉલેજની ટીમ વિજેતા થઇ હોય તેના જાણ તારથી યુનિવર્સિટી ઑફિસને તથા નોર્થ અને સાઉથ ગ્રુપના ચેરમેનને કરવી.

ખ. વધુમાં યુનિવર્સિટી સાથે જોડાયેલા બધા કૉલેજોના પ્રિન્સિપાલોને વિનંતી કરવામાં આવે છે કે પરિશિષ્ટ "ક" માં જણાવેલ હરીફાઈઓમાંના જે હરીફાઈ તેમના કૉલેજના ગ્રાઉન્ડ ઉપર યોજાય તે બાબતમાં ઘટતું કરવા માટે જરૂરી પગલાં લેવાં

ગ. આંધિક રમતોની ફાઈનલ મેચો માટે એમ કરાવવામાં આવે છે કે એક વરસે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપોમાંથા જે કૉલેજની ટીમ વિજેતા થાય તે નોર્થ અને સાઉથ ગ્રુપમાંની વિજેતા ટીમની કૉલેજને સ્થળે રમે અને બીજે વર્ષે નોર્થ અને સાઉથ ગ્રુપમાંથી જે કૉલેજની ટીમ વિજેતા થાય તે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપમાંની વિજેતા ટીમની કૉલેજને સ્થળે રમે અને ભવિષ્યમાં પણ આ પ્રમાણેના ક્રમે ફાઈનલ મેચો રાખવી.

આ મુજબ સને ૧૯૫૩-૫૪ના સાલ માટે ફૂટબોલ અને હોકીની ફાઈનલ મેચો માટે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપના વિજેતા કૉલેજને સ્થળે નોર્થ અને સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજની ટીમ રમવા આવશે અને ક્રિકેટ, વૉલિબૉલ અને હૂતૂતૂની રમતોની ફાઈનલ મેચો માટે, નોર્થ અને સાઉથ ગ્રુપના વિજેતા કૉલેજને સ્થળે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપના વિજેતા કૉલેજ રમવા જશે અને સને ૧૯૫૪-૫૫નો સાલ માટે ફૂટબોલ અને હોકીના ફાઈનલ મેચો માટે, નોર્થ અને સાઉથ ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપના વિજેતા કૉલેજની ટીમ રમવા જશે અને ક્રિકેટ, વૉલિબૉલ અને હૂતૂતૂની ફાઈનલ મેચો માટે અમદાવાદ અને સૌરાષ્ટ્ર ગ્રુપની વિજેતા કૉલેજને સ્થળે નોર્થ અને સાઉથ ગ્રુપના વિજેતા કૉલેજની ટીમ રમવા જશે.

(નોંધ:- ટાઇમ ઈવેન્ટ્સના હરીફોને વૈયકિતક રમતોમાં ભાગ લેવામાં કોઇ પણ જાતના તકલીફ ન પડે તે માટે ઉપર મુજબનો ગોઠવણ કરવામાં આવેલો છે.)

ઘ. વધુમાં કરાવવામાં આવે છે કે ચાલુ સાલની ટેનીસ અને બેડમિન્ટન (બેનો માટે)ની સેમિફાઈનલ અને ફાઈનલ મેચો ઇન્ટરગ્રુપ સ્પોર્ટ્સની એથ્લેટિકસની હરીફાઇઓના દિવસોએ એટલે ૧૨મી અને ૧૩મી ડિસેમ્બરના રોજ રાજકોટ મુકામે યોજવી અને તે બાબતમાં ઘટતું કરવા પગલાં લેવા માટે સૌરાષ્ટ્ર વિભાગના અધ્યક્ષ મહાશય પ્રિન્સિપાલ શ્રી જી. આર કોટવાલને વિનંતી કરવી.

ચ. તા. ૧૨-૧૩ ડિસેમ્બર ૧૯૫૩ના રોજ રાજકોટ મુકામે થનાર ઈન્ટરગ્રુપની એથ્લેટિકસ સ્પોર્ટસ, ટેનિસ તથા બેડમિન્ટન (બેના માટે)ની થનારી હરીફાઈ માટેના હરીફોનાં નામ

દરેક ગ્રુપે તે માટેનાં પ્રવેશપત્રોમાં ભરીને મોડામાં મોડાં તા. ૮-૧૨-૧૯૫૩ સુધીમાં સૌરાષ્ટ્ર વિભાગના અધ્યક્ષ મહાશયને મોકલી આપવાં અને તેની નકલ યુનિવર્સિટી ઑફિસે પણ મોકલી આપવા.

૧૪. ઇન્ટરયુનિવર્સિટીની જે હરીફાઈઓમાં આ યુનિવર્સિટીએ ભાગ લેવાનું નક્કી કર્યું છે તે માટેની ટુકડીઓ અને હરીફો પસંદ કરવા માટે સિલેક્શન કમિટીઓ નીમવા બાબત.

અ. આથી ઠરાવવામાં આવે છે કે આ વખતે વોલિબોલ અને હૂતૂતૂ માટે નીચે પ્રમાણેની સિલેકશન કમિટીઓ નીમવી અને બાકીની રમતોની સિલેકશન કમિટીઓ બૉર્ડની આવતી બેઠકમાં નીમવી.

વોલિબોલ સિલેકશન કમિટી

૧. પ્રિન્સિપાલ એમ. એસ. શાહ,

૨. શ્રી. છગનભાઈ જોષી, મંત્રી, મહાગુજરાત વોલિબોલ એસોસિએશન, અમરાવતી બેઠક.

૩. શ્રી. જયંતિભાઈ શંકરભાઈ પટેલ. ૧૪૦, પ્રીતમનગર, એલિસબ્રીજ, અમદાવાદ.

હૂતૂતૂ સિલેકશન કમિટી

૧. શ્રી. છગનભાઇ પી પટેલ,

૨. શ્રી રમણિકલાલ દેસાઈ, પ્રિન્સિપાલ, ભારતી વિદ્યાલય, અમદાવાદ.

૩. શ્રી. ગણેશભાઇ પટેલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, અમદાવાદ.

વોલિબોલ અને હૂતૂતૂ સિલેકશન કમિટીઓને ઇન્ટરયુનિવર્સિટી માટેની ટુકડીઓ પસંદ કરવાની તથા તેના કેપ્ટન નક્કી કરવાની સઘળી સત્તા રહેશે.

બ. ૧. વધુમા ઠરાવવામાં આવે છે કે ચારે ગ્રુપોના ચેરમેનને ત્રાવણકોર યુનિવર્સિટી, ત્રિવેન્દ્રમ તરફથી ૧૯૫૩-૫૪ના વર્ષની ઇન્ટરયુનિવર્સિટીની વોલિબોલ ટૂર્નામેન્ટ સંબંધમાં આવેલ તા. ૧-૯-૧૯૫૩ના પત્રાંક જી. એલ. નં. ૯૬૭/૪૯ બી વી./૫૩ની નકલ તથા પૂના યુનિવર્સિટી તરફથી ૧૯૫૩-૫૪ની સાલ માટેની ઇન્ટરયુનિવર્સિટીની હૂતૂતૂ હરીફાઈ સંબંધમાં આવેલ તા. ૫-૯-૧૯૫૩ના પત્રાંક આઈ. યુ./એચ/૨૧ની નકલ મોકલાવવી અને વિનંતી કરવી કે તેમના ગ્રુપના પાંચ ઉત્તમ વોલિબોલ પ્લેયર્સનાં નામ તા. ૨૦-૯-૧૯૫૩ સુધીમાં યુનિવર્સિટી ઑફિસે મોકલાવી આપવાં તથા સદરહુ હરીફોએ મેટ્રિક પાસ થયાની સાલ, ઇન્ટર પાસ થયાની સાલ તથા ચાલુ કયા વર્ષમાં અભ્યાસ કરે છે તે રોલ નંબર સાથે, તા. ૬-૧૦-૧૯૫૩ સુધીમાં તેમની સહીથી યુનિવર્સિટી ઑફિસે મોકલાવી આપવું.

૨. આ રમતોની સિલેકશન ટ્રાયલ મેચો તા. ૧૧ અને ૧૨ ઑક્ટોબરના દિવસોએ ગુજરાત કૉલેજના ગ્રાઉન્ડ ઉપર રમાડવામાં આવશે.

૩. સિલેકશન ટ્રાયલ મેચો માટે દરેક ગ્રુપના હરીફોએ તા. ૧૦-૧૦-૧૯૫૩ સુધીમાં અમદાવાદ હાજર થવાનું રહેશે.

૪. ઉપર મુજબ બીજા ઝોનોમાંથી આવતા હરીફોનું અમદાવાદ આવવા જવાનું રેલ્વેભાડું જે તે કોલેજે યા ગ્રુપે આપવાનું રહેશે અને તેમનું રહેવા તથા જમવાનું ખર્ચ બોર્ડ ઑફ સ્પોર્ટ્સ આપશે.

૬. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઈન્ટરયુનિવર્સિટીની હોકી, ક્રિકેટ, ઍથ્લેટિકસ, ટેનિસ, ફૂટબૉલ અને વૉલિબૉલની ટુકડીઓ અને હરીફો પસંદ કરવાની ટ્રાયલ મેચોના ખર્ચ માટે રૂા. ૧,૫૦૦-૦-૦ની રકમ મંજૂર કરવામાં આવે છે અને તે ખર્ચ યુનિવર્સિટીએ ઈન્ટર-યુનિવર્સિટી માટે જે રકમ મંજૂર કરેલી છે તેમાંથી પાડવો.

ત્યારબાદ નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો:

૧૪. ઈન્ટરયુનિવર્સિટીની સને ૧૯૫૩-૫૪ની ક્રિકેટ ટૂર્નામેન્ટ માટેની એન્ટ્રીની છેલ્લી તારીખ જણાવતા મદ્રાસ યુનિવર્સિટીના ટર્નામેન્ટ અને સ્પોર્ટ્સ કમિટીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૨૫-૯-૧૯૫૩ના પત્રાંક આઇ. યુ. ૮૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે દરેક ગ્રુપના ચેરમેન સાહેબને આ પત્રની એક કોપી મોકલાવી આપવી.

૧૫. એલ. ડી. એન્જિનિયરીંગ કૉલેજ, અમદાવાદની ક્રિકેટ ઇલેવનના પ્લેયર શ્રી. આર. એમ. દલાલ કે જેઓ નવેમ્બર ૧૯૫૩માં ફાઇનલ બી.ઈ. ની પરીક્ષા કે જેનું પરિણામ ડિસેમ્બરમાં જણાશે, તેમાં બેસવાના છે, તેઓ ઇન્ટરયુપની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે એલિજિબલ છે કે કેમ તે પૂછાવતા એન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલ સાહેબ તરફથી આવેલ તા. ૩૦-૯-૧૯૫૩ના પત્રાંક ૫૩૭૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. એન્જિનિયરીંગ કૉલેજના પ્રિન્સિપાલ સાહેબ તરફથી આવેલ પત્ર ઉપર જે ડ્રાફ્ટ રિપ્લાય બૉર્ડ તૈયાર કરેલો છે તે યુનિવર્સિટીના રજિસ્ટ્રારને રિફર કરીને, ત્યારબાદ તે ઉપરથી જવાબ આપવાની સત્તા ચેરમેન સાહેબને આપવામાં આવે છે.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભઈકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "૮"

કામકાજ નં. ૧૨૧

A. G. TEACHERS' COLLEGE, AHMEDABAD.

Topics of Dissertations By M.ED. Students.

1.	Miss C. L. Bhatt	Investigation into Causes of irregular attendance of girls in secondary schools and remedies towards its improvement.
2.	Miss E. C. Borsada	Wastage in Girls' Education at the secondary stage.
3.	Miss N. K. Oza	Examination of the curriculum of secondary schools from the point of view of its suitability for girls.
4.	Miss Dave (Mrs. R. V. Jani.)	Educational aspect of certain hobbies and how they can be encouraged in secondary schools.
5.	Mr. P. D. Patel	Adaptation of Goodenough's Man drawing test for measuring the intelligence of Gujarati Children.
6.	Mr. B. C. Patel	Adaptation of Goddard's Form Board Test for measuring the intelligence of Gujarati Children.
7.	Mr. N. P. Joshi	Examination of poetical pieces in the Gujarati Text Books in use in secondary schools.
8.	Mr. N. H. Shah	Development of Secondary Education in Kaira Dist.
9.	Mr. B. G. Gorasia	A Survey of Secondary Education in the city of Ahmedabad.
10.	Mr. M. J. Shah	Teaching of Hindi in secondary schools of Gujarat.
11.	Mr. M. T. Patel	A plea for the nationalisation of the secondary schools in the State of Bombay.
12.	Mr. V. N. Pathak	Examination of History texts Books in use in the Secondary schools of Gujarat.

13.	Mr. V. P. Mehta	The place of religious education in our secondary schools.
14.	Mr. B. T. Nimbark.	The extent and growth of pre-primary Education in the city of Ahmedabad.
15.	Mr. D. T. Doshi	The Development of Primary Education in the Dist. of Ahmedabad excluding the city of Ahmedabad.
16.	Miss U. G. Joshi	Examination of the prose passages in the Gujarati Text Books in use in the secondary schools.
17.	Mr. S. B. Rajyagor	Progress of Education in Mehsana Dist. after its merger in the State of Bombay.
18.	Mrs. M. M. Solanki	Common errors in Gujarati composition of children of std. VII of the secondary schools of Ahmedabad and the remedies to eliminate them.

પરિશિષ્ટ "ઢ"

કામકાજ નં. ૧૫૪

નં. જન. ૪૯૬૦૦-૪૯૬૦૭ : ૧૯૫૩.
ગુજરાત યુનિવર્સિટી ઑફિસ,
અમદાવાદ-૯. તા. ૧૩-૧૧-૧૯૫૩.

સ્ટેન્ડીંગ કમિટી ઓન ઈક્વીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સામાન્ય સભા ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં તા. ૧૨-૧૧-૧૯૫૩ને ગુરૂવારના રોજ સાંજના ૪-૦ કલાકે મળી હતી, તે વખતે સભાસદોની હાજરી નીચે મુજબ હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઇ વ. દિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	ડૉ. એમ. ડી. પટેલ	હાજર,
૩.	પ્રિન્સિપાલ એમ. એસ. શાહ	હાજર,
૪.	પ્રિન્સિપાલ એ. ડિ સોઝા	હાજર,
૫.	પ્રિન્સિપાલ ટી. કે. મોદી (સરદાર હાજર)	ગેરહાજર,
૬.	પ્રિન્સિપાલ એસ. વી. દેસાઇ	ગેરહાજર,
૭.	પ્રિન્સિપાલ એમ. ડી. પટેલ	ગેરહાજર,
૮.	શ્રી. રસિકલાલ સી. પરીખ	ગેરહાજર.

૧. તા. ૨૭-૬-૧૯૫૩ના રોજ તથા તા. ૨-૭-૧૯૫૩ના રોજ મળેલી કમિટીની મિનિટ્સને બહાલી આપવા બાબત.

તા ૨૭-૬-૧૯૫૩ તથા તા. ૨-૭-૧૯૫૩ના રોજ મળેલી મિટીંગોના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને શ્રી. વાઇસ-ચાન્સેલરે તેના ઉપર સહી કરી.

૨. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની બી.એ. તથા એમ.એ. ની પરીક્ષાઓ માન્ય રાખવા બાબત.

નોંધ:-તા. ૨૭-૬-૧૯૫૩ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર મુંબઈ સ્ટેટની યુનિવર્સિટીઓને પૂછાવતાં ફક્ત કર્ણાટક યુનિવર્સિટીએ સદરહુ યુનિવર્સિટીની ફર્સ્ટ ઇયર આર્ટ્સ, સેકન્ડ ઇયર આર્ટ્સ બરોબર ઈન્ટર આર્ટ્સ બી એ., એમ.એ. અને બી.ટી. પરીક્ષાઓ માન્ય કરી છે, જ્યારે વડોદરા યુનિવર્સિટીની સિન્ડિકેટે એવો ઠરાવ કર્યો છે કે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ ફૅકલ્ટીઝમાં દાખલ થવાની પ્રત્યેક અરજી વિચારણા માટે સ્ટેન્ડીંગ કમિટી ઓન ઇક્વીવેલેન્સ ઑફ એકઝામિનેશન્સ તરફ મોકલી આપવી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની બી.એ. અને એમ.એ. પરીક્ષાઓ આ યુનિવર્સિટીની બી.એ. અને એમ.એ. પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવી નહિ.

૩. ગુરૂકુલ વિશ્વવિદ્યાલય, કાંગડીની પરીક્ષાઓ માન્ય રાખવા બાબત.

નોંધ:-તા. ૨૭-૬-૧૯૫૩ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓને પૂછાવતાં કોઇ પણ યુનિવર્સિટીએ ગુરૂકુલ વિશ્વવિદ્યાલયની એકે ય પરીક્ષા માન્ય રાખી નથી.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ગુરૂકુલ વિશ્વવિદ્યાલયની એકે ય પરીક્ષા માન્ય કરવી નહિ.

૪. જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સ સિવાયની પરીક્ષાઓ માન્ય રાખવા બાબત.

નોંધ:-તા. ૨૭-૬-૧૯૫૩ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર મુંબઇ યુનિવર્સિટીને પૂછાવેલું, જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટી પાસેથી પ્રશ્નપત્રો, અભ્યાસક્રમ વિગેરે મંગાવેલાં પરંતુ હજી સુધી મોકલાવ્યાં નથી.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ કામની વિચારણા મુલતવી રાખવી.

૫. બૉર્ડ ઑફ હાયર સેકન્ડરી એજ્યુકેશન, દિલ્હીની હાયર સેકન્ડરી અને હાયર સેકન્ડરી ટેકનીકલ એકઝામિનેશન્સ માન્ય રાખવા બાબત.

નોંધ:-તા. ૨૭-૬-૧૯૫૩ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર મુંબઈ સ્ટેટની યુનિવર્સિટીઓને પૂછાવતાં ફક્ત પૂના અને વડોદરા યુનિવર્સિટીઓએ હાયર સેકન્ડરી ટેકનીકલ એકઝામિનેશન્સ ફર્સ્ટ ઇયર સાયન્સ પરીક્ષા તુલ્ય માન્ય કરી છે. મુંબઈ યુનિવર્સિટીએ ફક્ત હાયર સેકન્ડરી એકઝામિનેશન્સ જો દરેક વિષયમાં ૩૫ ટકા માર્કસ અગર પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પસાર કરી હોય તો જ મેટ્રિકયુલેશન પરીક્ષા તુલ્ય માન્ય કરી છે.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે હાયર સેકન્ડરી એકઝામિનેશન જો દરેક વિષયમાં ૩૫ ટકા માર્કસ અગર પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પસાર કરી હોય તો જ તે મેટ્રિકયુલેશન અગર એન્ટ્રન્સ પરીક્ષા તુલ્ય માન્ય કરવી. હાયર સેકન્ડરી ટેકનીકલ એકઝામિનેશન ફર્સ્ટ ઇયર સાયન્સ તુલ્ય માન્ય કરવી નહિ.

૬. મુંબઇ યુનિવર્સિટીના પત્ર નં. ૨૨૧૨ તા. ૩૦-૭-૧૯૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આપણી યુનિવર્સિટીએ મુંબઈ યુનિવર્સિટીના ઑર્ડિનાન્સીઝ ૨૧૭-બી અને ૨૩૩-બી અપનાવ્યા હોવાથી, reciprocity માટે મુંબઈ યુનિવર્સિટીને ફરીથી લખવું.

૭. રજપૂતાના યુનિવર્સિટીના તા. ૨૬-૬-૧૯૫૩ના પત્ર નં. ૨૧૩૫૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે રજપૂતાના યુનિવર્સિટીની બી.ઈ. (મિકેનીકલ અને ઇલેકટ્રીકલ) તથા બી.ઇ ડી. (B.Ed.) એકઝામિનેશન્સ માન્ય કરવી.

૮. વિશ્વભારતી યુનિવર્સિટી, વેસ્ટ બંગાલના તા. ૧-૭-૧૯૫૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:-અભ્યાસક્રમ વગેરે કમિટીમાં ફેરવવામાં આવ્યા છે.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ કામની વિચારણા મુલતવી રાખવી.

૯. પાકિસ્તાન ઇન્ટરયુનિવર્સિટી બૉર્ડ, કરાંચીના તા. ૧૯-૪-૧૯૫૩ના પત્ર નં. ૧૧૬/આઈ. યુ. બી. ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ કામની વિચારણા મુલતવી રાખવી.

૧૦. કલકત્તા યુનિવર્સિટીના તા. ૨૯/૩૧-૭-૧૯૫૩ના પત્ર નં. મિસ. ૨૬૯/૧૯૬/૨૦બી ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે કલકત્તા યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ, બી.એસ.સી., બી.કૉમ. (ફર્સ્ટ એલ.એલ.બી. માં દાખલ થવા માટે જ) બી.ટી. અને બી.ઇ. પરીક્ષાઓ માન્ય કરવી.

૧૧. પૂના યુનિવર્સિટીના તા. ૪/૭-૮-૧૯૫૩ના પત્ર નં. યુનિ. ૨૦/૧૨૦૯૦ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:-અભ્યાસક્રમ વગેરે કમિટીના સભાસદોમાં ફેરવવામાં આવ્યા છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પૂના યુનિવર્સિટી જો આપણી ઇન્ટર આર્ટ્સ (એકસ્ટર્નલ) અને બી.એ. (એકસ્ટર્નલ) માન્ય કરે તો તેમની ઇન્ટર આર્ટ્સ (એકસ્ટર્નલ) અને બી.એ. (એકસ્ટર્નલ) માન્ય કરવી.

૧૨. બિહાર સ્કૂલ એકઝામિનેશન બૉર્ડ, પટનાના તા. ૨૯-૮-૧૯૫૩ના પત્ર નં. II જી. ટી. ઓ. ૫૬/૫૩/૧૧૦૪૫ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:-અભ્યાસક્રમ વગેરે કમિટીના સભાસદોમાં ફેરવવામાં આવ્યા છે.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે બિહાર સ્કૂલ એકઝામિનેશન બૉર્ડ, પટનાની સેકન્ડરી સ્કૂલ એકઝામિનેશન બે કરેક વિષયમાં ૩૫ ટકા માર્કસ અગર પ્રથમ અગર દ્વિતીય શ્રેણીમાં પસાર કરી હોય તો તે મેટ્રિકયુલેશન અગર એન્ટ્રન્સ તુલ્ય ગણવી.

૧૩. દિલ્હી યુનિવર્સિટીના તા. ૯-૯-૧૯૫૩ના પત્ર નં. સી/૮ ગુજરાત/૫૩/૧૨૭૨૫ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે દિલ્હી યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ., એમ.એસ.સી. અને બી.ટી. પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરવા.

૧૪. વડોદરા યુનિવર્સિટીના તા. ૪-૯-૧૯૫૩ના પત્ર નં. એસી/૧૧૩૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે ફર્સ્ટ યર પરીક્ષા માન્ય કરવાની બાબત જોઈન્ટ બૉર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સ તરફ મોકલી આપવી. બાકીની પરીક્ષાઓ અરસપરસના ધોરણે માન્ય કરવી.

૧૫. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપાલના તા. ૨૩-૯-૧૯૫૩ ના પત્ર નં. સી/૧૬૪૩ ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:-તા. ૨૭-૬-૧૯૫૩ના રોજ મળેલી કમિટીના ઠરાવ અનુસાર પ્રિન્સિપાલ સી. સી. શાહના દિલ્હી યુનિવર્સિટીની બી.એસ.સી. (ઓનર્સ) એગ્રિ. પરીક્ષા અંગે અભિપ્રાય મંગાવેલો.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે દિલ્હી યુનિવર્સિટીની બી.એસ.સી. (ઓનર્સ) એગ્રિ. આ યુનિવર્સિટીની બી.એસ.સી. (એગ્રિ.) તુલ્ય માન્ય કરવી.

૧૬. મુંબઇ યુનિવર્સિટીના તા. ૫-૧૦-૧૯૫૩ના પત્ર નં. ૨૮૭૩૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે મુંબઇ યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. પરીક્ષા માન્ય કરવી.

૧૭. પટના યુનિવર્સિટી, પટનાના તા. ૧૭-૯-૧૯૫૩ના પત્ર નં. ૭/આર-૨૨-૫૩ ૭/૧૬૧૩૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી આ કમિટી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે પટના યુનિવર્સિટીની ઇન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સ આ યુનિવર્સિટીની તે જ પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવી.

૧૮. બિહાર યુનિવર્સિટીના તા. ૧/૫-૧૦-૧૯૫૩ના પત્ર નં. બી ૨૦૮૦૯-૨૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ:-અભ્યાસક્રમ વિગેરે કમિટીના સભાસદોમાં ફેરવવામાં આવ્યા છે.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે આ કામની વિચારણા મુલતવી રાખવી.

૧૯. એક્રેડિટેડ અમેરિકન અને કેનેડિયન યુનિવર્સિટીઝની પરીક્ષાઓ તથા ડિપ્લોમાઝ માન્ય રાખવા તથા લંડન યુનિવર્સિટીના જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન એક્ઝામિનેશન (ઓર્ડિનરી) અને જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન એક્ઝામિનેશન (એડવાન્સ્ડ) અનુક્રમે મેટ્રિકયુલેશન અને ઇન્ટરમિડિયેટ પરીક્ષા તુલ્ય માન્ય રાખવા બાબત.

આથી આ કમિટી ઠરાવ કરે છે કે એક્રેડિટેડ અમેરિકન અને કેનેડિયન યુનિવર્સિટીઝ તથા લંડન યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરીને આ યુનિવર્સિટીમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓનો પ્રત્યેક કેસ સ્ટેન્ડીંગ કમિટી ઓન ઈક્વીવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ આગળ વિચારણા માટે મૂકવો.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભદ્રિકલાલ અંબાલાલ પટેલ
રજિસ્ટ્રાર.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ત્રેવીસમી સામાન્ય સભા, ગુજરાત યુનિવર્સિટી ઑફિસમાં, શનિવાર તા. ૫-૧૨-૧૯૫૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી, જે વખતે હાજરી નીચે પ્રમાણે હતી:

૧.	શ્રી. હરસિદ્ધભાઈ વ. કિવેટિયા, વાઇસ-ચાન્સેલર	હાજર,
૨.	શ્રી. એમ. આર. ત્રિવેદી	ગેરહાજર,
૩.	ડૉ. મોતીભાઇ ડી. પટેલ	હાજર,
૪.	શ્રી. અટુભાઈ એચ. દેસાઇ	હાજર,
૫.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર,
૬.	શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ	ગેરહાજર,
૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઇ	હાજર,
૮.	શ્રી. બી. કે. મુન્શીમહાર	ગેરહાજર,
૯.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર,
૧૦.	શ્રી. રતિલાલ એમ. ત્રિવેદી	હાજર,
૧૧.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર,
૧૨.	પ્રિન્સિપાલ ડૉ. કે. જી. નાયક	હાજર.
૧૩.	પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી	હાજર,
૧૪.	પ્રિન્સિપાલ એમ. બી. દેસાઇ	ગેરહાજર,
૧૫.	પ્રિન્સિપાલ આર. પી. પટેલ	હાજર,
૧૬.	પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર	ગેરહાજર.

૫-૧૨-૧૯૫૩

૧. તા. ૧૪-૧૧-૧૯૫૩ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના ઉપર શ્રી. વાઇસ-ચાન્સેલરે સહી કરી.

૨. ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યા માટે સિન્ડિકેટે નીમેલી કમિટીએ નીચે જણાવેલા ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવા નક્કી કર્યું છે તો તેમને ઇન્ટરવ્યુ માટે ક્યારે બોલાવવા તે નક્કી કરવા બાબત

૧. શ્રી. રમણલાલ ચુનીલાલ શાહ, સુરેન્દ્રનગર
૨. શ્રી. મોતીલાલ મનસુખરામ ઉપાધ્યાય, વડોદરા
૩. શ્રી. શાંતિલાલ છાટાલાલ શાહ, અમદાવાદ
૪. શ્રી. અંબાલાલ છીતાભાઈ પટેલ, અમદાવાદ.
૫. શ્રી મેઘનાથ ગોવિંદ નાગેશકર. શાહપુરી, ડિસ્ટ્રીક્ટ કોલ્હાપુર,
૬. શ્રી. વાસુદેવ પ્રાણશંકર મહેતા, વલ્લભવિદ્યાનગર,
૭. શ્રી. ગોપાલ શ્રીપાદ નેને, રાજકોટ
૮. શ્રી. એ. જે. અગરકર, મુંબઇ.

આથી ઠરાવવામાં આવે છે કે આ ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે સિન્ડિકેટની આવતી મિટીંગ રૂબરૂ બોલાવવા.

૩. અસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ તેમજ બી. એસ. સી. (માયક્રોબાયોલૉજી)ની પરીક્ષાઓ માટે સેન્ટર બનાવવા અંગે મજકૂર કૉલેજના પ્રિન્સિપાલના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવસારીને ઈન્ટર આર્ટસ અને ઇન્ટર સાયન્સ માટે કાયમને માટે કેન્દ્ર તરીકે મંજૂર કરવું અને બી. એસ. સી. માયક્રોબાયોલૉજી (પ્રેકટીકલ્સ) માટે એક વર્ષને માટે કેન્દ્ર તરીકે મંજૂર કરવું.

૪. સૌરાષ્ટ્ર સરકારે રૂપિયા એક લાખની જે નોન-રિકરીંગ ગ્રાન્ટ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે તે ગ્રાન્ટ આભાર સાથે સિન્ડિકેટે સ્વીકારી છે તો તે ગ્રાન્ટની રકમ કયા કયા કામમાં વાપરવી તે નક્કી કરી ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૫. કોઇ પણ હાઇસ્કૂલના પ્રિન્સિપાલ અથવા હેડ માસ્તર તે કામની સાથે કોઇ પણ કૉલેજમાં શિક્ષક તરીકે અથવા અનુસ્નાતક શિક્ષક તરીકે કામ કરી શકે કે કેમ તે બાબત નિર્ણય કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નિશાળમાં પ્રિન્સિપાલ અગર હેડમાસ્તર તરીકે કામ કરતા ગૃહસ્થ સાથે સાથે અનુસ્નાતક શિક્ષક તરીકે કામ કરી શકે પણ કૉલેજમાં પાર્ટ ટાઇમ શિક્ષક તરીકે કામ કરી શકે નહિ.

૬. ૧૯૫૬ના માર્ચમાં લેવાયેલી ઇન્ટર સાયન્સની પરીક્ષાના ફિઝિક્સ (થિયરી)ના માર્કસ-શીટ્સના ટોટલમાં પરીક્ષકોની ૩૮ જેટલી ભૂલો માલૂમ પડી હતી અને વધારે ભૂલો હોવાથી સિન્ડિકેટે શ્રી. એન. જી. મોહિલેને બે વરસ સુધી પેપર-સેટર કે પરીક્ષક તરીકે નીમવા નહિ અને પ્રોફેસર એચ. એસ. ધ્રુવ, પ્રોફેસર ડી. એમ. ભટ્ટ, પ્રોફેસર એમ. એસ. જોષી અને પ્રોફેસર એન. જે. પટેલના તેમણે પોતાનાં માર્કસ-શીટ્સ ચેરમેન શ્રી. મોહિલેને મુકરર કરેલી તા. ૧૬મી એપ્રિલ સુધીમાં કેમ મોકલ્યાં નહિ અને મોડાં કેમ મોકલ્યાં તે અંગે ખુલાસા મંગાવવા બાબતના કરેલા ઠરાવ અનુસાર ખુલાસા મંગાવતાં તેમના તરફથી આવેલા પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. કે. ત્રિવેદી અને શ્રી. એસ. એસ. જોષીના ખુલાસા મંગાવવા અને પછી આ કામ સિન્ડિકેટ આગળ મૂકવું.

૭. યુનિવર્સિટી ક્રિકેટ ટીમની પસંદગી કરવા નિમાયેલા શ્રી. ડી. ડી. દેસાઈને તે અંગેનું રહેઠાણ અને મુસાફરી ભથ્થું આપવા બાબત તેમના તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :— સિન્ડિકેટે ઠરાવ્યા મુજબ કમિટીના સભ્યોને રૂા. ૩-૦-૦ કન્વેયન્સ એલાવન્સ આપવાનું હોય છે, પણ આ કેસમાં શ્રી. દેસાઈ સૂરતથી આવેલા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. ડી. દેસાઇને રહેઠાણ તથા મુસાફરી ભથ્થું આપવાં.

૮. ૧૯૫૩ના ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં જયપુર ખાતે મળનારી ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસની ૧૪મી વાર્ષિક પરીષદમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિ નામનિર્દેશ કરવા વગેરે અંગે મજકૂર સોસાયટીના માનદ સંયુક્ત મંત્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ બી. દેસાઇને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

૯. યુનિયન પબ્લિક સર્વિસ કમીશનની પરીક્ષાઓ અંગેના ટ્રેનિંગ ક્લાસનું ટાઇમ-ટેબલ પોતાને અનુકૂળ નહિ હોવાથી તેમાં ફેરફાર કરવા અથવા તો ભરેલી ફી પરત કરવા બાબતની શ્રી. જી. પી. વ્યાસની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીને તેણે ભરેલી ફી પાછી આપવા.

૧૦. પૂના યુનિવર્સિટીના આશ્રયે મળેલી ભારતીય ભાષાવિકાસ પરિષદ **Indian Languages Development Conference** માં થયેલી ભલામણો ઉપર વિચારણા કરવા અને એ ભલામણો ઉપરથી આ યુનિવર્સિટી જે કાંઇ પગલાં લે તે જણાવવા બાબતના મજકૂર પરિષદની ભલામણો તેમજ પરિષદની કાર્યવાહીની નોંધ સહિત, પૂના યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી પરિષદની કાર્યવાહીમાં નિર્દેષ કરાયેલા સામાન્ય સિદ્ધાંતો સ્વીકારે છે એવો જવાબ આપવો.

૧૧. દિલ્હી યુનિવર્સિટીની વર્લ્ડ યુનિ. સર્વિસની ઇન્ડિયન નેશનલ કમિટીએ દિલ્હી કમિટી માટે ઘડેલું બંધારણ મોકલ્યા બાબતના અને આવીજ કમિટીઓ આ યુનિવર્સિટીમાં ઘડવા બાબત બંધારણ ડ્રાફ્ટ કરી મોકલવા બાબતના વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસના સેક્રેટરી જનરલ તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કાગળો દફ્તરે કરવા.

૧૨. યુનિવર્સિટીના એકાઉન્ટન્ટ સામે આક્ષેપો કરતા એલ. એલ. બી. ની પરીક્ષા માટેના એક્સ-સ્ટુડન્ટ શ્રી. પી. એ. પટેલના પત્ર સહિત શ્રી. એમ. એમ. ઠાકોર તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કેસમાં વિદ્યાર્થીએ યુનિવર્સિટીના એકાઉન્ટન્ટ ઉપર જે ખોટા આક્ષેપો કર્યા છે તેની અને મજકૂર વિદ્યાર્થીની વર્તણૂક તરફ સિન્ડિકેટ પોતાની નાપસંદગી જાહેર કરે છે એમ તે વિદ્યાર્થીને પ્રિન્સિપાલ મારફતે જણાવવું.

૧૩. ઓન્ટ્રસ યુનિવર્સિટી કમિશનની કમિટીની તા. ૨૦-૯-૧૯૫૩ના રોજ મળેલી ચોથી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજની નોંધ મંજૂર કરવી. (કામકાજની નોંધ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે આપવામાં આવી છે.)

૧૪. બી. એ. અને એમ. એ. માં કેટલીક ભાષાઓમાં ઓરલ (Oral) લેવાનો ઉલ્લેખ છે તો સને ૧૯૫૪માં લેવાનારી પરીક્ષાઓમાં તે ઓરલ લેવું કે કેમ તે અંગે ઠરાવ કરવા બાબત.

(નોંધ : ગયે વર્ષે Oral લેવામાં આવ્યું ન હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે "ઓરલ" લેવું નહિ.

૧૫. સેકન્ડ એલ. એલ. બી. ની ૧૯૫૩ના પહેલા છ માસમાં લેવાયેલી પરીક્ષાના રીઝલ્ટ શીટમાં પરીક્ષાર્થી નં. ૭૦ના માર્કનો કુલ સરવાળો ૨૯૫ને બદલે ૩૯૫ કરી સિનિ-

ચર ફારકૂનો શ્રી. જી. એ. શેઠ અને શ્રી. આર. ડી. ભગતે ગંભીર ભૂલ કરેલી છે તે અંગે તેમની સામે યોગ્ય પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બન્ને ફારકૂનોનો દરેકનો દસ દસ રૂપિયા દંડ કરવો અને પહેલી અને બીજી એલ. એલ. બી. ની પરીક્ષાના માર્કસ શીટ્સ યુનિવર્સિટીને આપતાં પહેલાં તેમાં ચેરમેને ટોટલ કરીને આપવાં એવી સૂચના "ઇન્સ્ટ્રકશન્સ ટુ એક્ઝામિનર્સ"માં દાખલ કરવી.

૧૬. સને ૧૯૫૪ના વર્ષની પરીક્ષાઓ માટે ઍા. ૬૨ મુજબ પરીક્ષા કમિટીઓ ઉપર સિન્ડિકેટના બધ્યે પ્રતિનિધિઓને ફૅકલ્ટીવાર નીમવા બાબત.

(નોંધ:— ૧૯૫૩ની પરીક્ષાઓ દરમિયાન કમિટીઓ ઉપર નીચેના પ્રતિનિધિઓને નીમવામાં આવ્યા હતા:

આર્ટ્સ ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ૨. શ્રી. એન. આર. ત્રિવેદી.
સાયન્સ ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. પી. જી. શાહ, ૨. પ્રિન્સિપાલ એન. એમ. શાહ.
ઍન્જિનિયરીંગ સહિતની ટેક્નોલૉજી ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ, ૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર.
ઍગ્રિકલ્ચર ફેકલ્ટી કમિટી:	૧. શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ, ૨. શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ.
લૉ ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ, ૨. શ્રી. બદુભાઇ એચ. દેસાઈ.
મેડિકલ ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. ડૉ. ભાસ્કર આર. પટેલ, ૨. પ્રિન્સિપાલ આર. પી. પટેલ.
ફૅામર્સ ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. શેઠ અમૃતલાલ હરગોવનદાસ ૨. શ્રી. બી. કે મુન્શીદાર)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે કમિટીઓ નીમવી:

આર્ટ્સ ફૅકલ્ટી કમિટી:	૧. શ્રી. આર. એમ. ત્રિવેદી, ૨. પ્રિ. એ. કે. ત્રિવેદી.
સાયન્સ ફૅકલ્ટી કમિટી:	૧. ડૉ. કે. જી. નાયક, ૨. પ્રિન્સિપાલ આર. પી. પટેલ.

૫-૧૨-૧૯૫૩

ઍન્જિનિયરીંગ સહિતની ટેકનોલૉજી ફૅકલ્ટી કમિટી :	૧. શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ, ૨. પ્રિન્સિપાલ એસ. બી. જુન્નારકર.
ઍગ્રિકલ્ચર ફૅકલ્ટી કમિટી :	૧. શ્રી. ભાઈલાલભાઇ ડી. પટેલ, ૨. ડૉ. કે. જી. નાયક.
લૉ ફૅકલ્ટી કમિટી :	૧. પ્રિ. એ. કે. ત્રિવેદી, ૨. શ્રી. બદુભાઈ એચ. દેસાઇ.
મેડિકલ ફૅકલ્ટી કમિટી :	૧. ડૉ. ભાસ્કર આર. પટેલ, ૨. પ્રિન્સિપાલ આર. પી. પટેલ.
કૉમર્સ ફૅકલ્ટી કમિટી :	૧. શ્રી. એમ. બી. દેસાઇ, ૨. શ્રી. બી. કે. મુઝુમદાર.

૧૭. ૧૯૫૩ના ડિસેમ્બરની ૩૦ અને ૩૧ અને ૧૯૫૪ના જાન્યુઆરીની ૧લી તારીખ દરમિયાન બનારસ ખાતે મળનારી ઑલ ઇન્ડિયા કૉમર્સ કૉન્ફરન્સની સાતમી બેઠક માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા બાબતના ઇન્ડિયન કૉમર્સ ઍસોસિએશનના જનરલ સેક્રેટરી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી કોઇને પ્રતિનિધિ તરીકે નીમવા નહિ.

૧૮. ૧. સિન્ડિકેટે તેની તા: ૨૧-૧૧-૧૯૫૨ની સભામાં ક્લાર્ક, ટાઇપિસ્ટ તથા પટાવાળાને પરીક્ષાની સિઝન દરમિયાન કરેલા ઓવરટાઇમ કામ બદલ એલાવન્સ આપવાનું નક્કી કરેલ છે તે એલાવન્સ ક્લાર્ક, ટાઇપિસ્ટ તથા પટાવાળા સિવાયના સ્ટાફને મળી શકે કે નહિ તે નક્કી કરવા બાબત :

(મુંબઇ યુનિવર્સિટીમાં કલાર્ક, ટાઇપિસ્ટ તથા પટાવાળા સિવાય બીજાઓને ઓવરટાઇમ એલાવન્સ આપવામાં આવતું નથી.)

૨ સિન્ડિકેટે રજિસ્ટ્રાર તથા આસી. રજિસ્ટ્રારને અનુક્રમે રૂા: ૧૦૦-૦-૦ તથા રૂા: ૩૦-૦-૦ માસિક પરીક્ષા એલાવન્સ આપવાનું નક્કી કરેલ છે તે એલાવન્સ પર્સનલ પે ગણવું કે વર્ક એલાવન્સ ગણવું તે નક્કી કરવા બાબત :

(નોંધ :— જો વર્ક એલાવન્સ તરીકે ગણવામાં આવે તો કેઝ્યુઅલ સિવાયની રજાઓ માટે આ એલાવન્સ આપી શકાય નહિ. મુંબઇ યુનિવર્સિટીમાં તેને પર્સનલ પે ગણવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ક્લાર્ક, ટાઇપિસ્ટ તથા પટાવાળા સિવાયના સ્ટાફને ઓવરટાઇમ એલાવન્સ આપવું નહિ.

૨. રજિસ્ટ્રાર તથા આસિસ્ટન્ટ રજીસ્ટ્રારને પરીક્ષાનું કામ કરવા બદલ જે માસિક એલાવન્સ આપવામાં આવે છે તેને પર્સનલ પે તરીકે પ્રથમથી ગણવું.

૧૯. નીચે મુજબનો શ્રી. એસ. એમ. શાહુના ઠરાવ સેનેટે સિન્ડિકેટ તરફ મોકલવાનો ઠરાવ કર્યો છે તે ઉપર વિચારણા કરવા બાબત:

"In S. 78 (2) – After the words–the election shall be held, instead of words "by post" put the words "by ballot at a polling centre or centres to be fixed by the Syndicate."

"In S. 78 (3) – After the words–the election shall be held, instead of the words "by post" put the words "by ballat at a polling centre or centres to be fixed by the Syndicate."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના સભાસદપણા માટે જે બધાં ઈલેકશન કરવાનાં છે તે બધાં સેનેટની મિટીંગમાં થાય એવો સિન્ડિકેટનો અભિપ્રાય છે.

૨૦. નીચે જણાવેલો ઠરાવ સેનેટે મંજૂર કર્યો હોવાથી તે બાબત આગળના ઘટતાં પગલાં લેવા બાબત:

ઠરાવ

"સેનેટ ઇચ્છે છે કે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી જે જે કૉલેજ કે સંસ્થાએ જોડાણ વખતે જોડાણની શરતરૂપે અગાઉ એકસામટા અથવા હપ્તાઓથી એક લાખ કે ઓછા રૂપિયા રિઝર્વ્ડ ફંડ તરીકે અનામત મૂકયા હોય તે તે કૉલેજને કે સંસ્થાને તેની અનામત મૂકેલી રકમો પાછી ઉપાડી લેવા ને તેને ફાવે તેમ વાપરવા છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોને રિઝર્વ ફંડ પાછું ઉપાડી લેવા સત્તા આપવી પણ તે એવી શરતે કે તે રકમ કૉલેજના કામ માટે જ વાપરવામાં આવશે અને તે શા કામ માટે વાપરવામાં આવે છે તેની કૉલેજના સત્તાવાળાઓએ યુનિવર્સિટીને જાણ કરવી.

૨૧. નીચે મુજબનો ઠરાવ સેનેટે પસાર કર્યો હોવાથી તે બાબતમાં આગળનાં ઘટતાં પગલાં લેવા બાબત:

ઠરાવ

"ઑર્ડિનાન્સ નં. ૧૧૦ પ્રમાણે પહેલી વખતની ડિગ્રી અગર ડિપ્લોમા માટે રૂા. ૨૫-૦-૦ ફી લેવામાં આવે છે તેને બદલે પહેલી વખતની ડિગ્રી અગર ડિપ્લોમા માટે રૂા. ૧૫-૦-૦ ફી લેવી અને બીજી વખતની ડિગ્રી અગર ડિપ્લોમા માટે રૂા. ૧૫-૦-૦ લેવામાં આવે છે તેને બદલે રૂા. ૧૦-૦-૦ ફી લેવી અને જેણે પોતાની પહેલી ડિગ્રી મુંબઇ યુનિવર્સિટીમાંથી લીધી હોય ને તે ગુજરાત યુનિવર્સિટીમાં કોઇપણ ડિગ્રી પછીથી પહેલી જ વખત લેતો હોય તો તેની આ

૫-૧૨-૧૯૫૩

યુનિવર્સિટીની પહેલી ડિગ્રીની ફી ન લેતાં બીજી ડિગ્રી પ્રમાણે ફી લેવી એટલે કે રૂા ૧૫-૦-૦ ને બદલે રૂા. ૧૦-૦-૦ લેવા એવો ઑર્ડિનાન્સ નં. ૧૧૦માં સુધારો કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ પ્રમાણે ઑર્ડિનાન્સ નં. ૧૧૦માં સુધારો કરવો.

(સુધારેલો ઑર્ડિનાન્સ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે આપવામાં આવ્યો છે.)

૨૨. નીચે મુજબનો ઠરાવ સેનેટે સિન્ડિકેટ તરફ મોકલ્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

Dr. Trivedi's Resolution :

"The Senate recommends to the Syndicate to take early steps to see that the persons falling under the following categories, should pass a test examination in Hindi of the present "Vinit" or "Kovid" standard :

(a) Candidates for the Degree or Diploma of the University;
(b) Teachers in all recognised and affiliated Institutions;
(c) Persons under the direct employment of the University and above the category of the peons."

(નોંધ:— મજકૂર ઠરાવ ઉપર નીચે મુજબના સુધારા સેનેટ સમક્ષ આવ્યા હતા:

૧. શ્રી. રામચંદ્ર દા. શુક્લનો ઠરાવ :

ડૉ. ત્રિવેદીના ઠરાવમાંથી

(a) Candidates for the Degree or Diploma of the University" વાળો તમામ ભાગ કમી કરો.

૨. શ્રી. એસ. આર. ભટ્ટનો સુધારો :

"At the end of the first para of Dr. Trivedi's resolution add the words " to be held by Gujarat University".

The amended resolution to read :

"The Senate recommends to the Syndicate to take early steps to see that persons falling under the following categories should pass a test examination in Hindi to be held by Gujarat University etc."

૩. શ્રી. એમ. જે. પાઠકજીનો સુધારો :

ઠરાવના કલોઝીઝ (a), (b), (c), નીચે પ્રમાણે વાંચવા :

" (a) Candidates for the Degree or Diploma of the University **from the Examinations of March-April 1956.**

(b) Teachers in all recognised and affiliated Institutions **who have not reached the age of fifty.**

(c) "Persons" પછી "henceforth newly appointed after the passing of this Resolution " under the direct employment of the University and above the category of the peons " એ મુજબ ફેરફાર કરવો "

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શિક્ષકો અને યુનિવર્સિટીના સ્ટાફના માણસોને હિન્દીની પરીક્ષા પાસ કરવા છલામણ કરવી એમ ઠરાવવું એવો આ સિન્ડિકેટનો અભિપ્રાય છે.

૨૩. ચિફ મેડિકલ ઓફિસરની તેઓને પૂરા મકાનભાડાની રૂ. ૭૭-૮-૦ ની રકમને પગારમાં ઉમેરી આપવા બાબતની અરજી.

(નોંધ :— યુનિવર્સિટી, ઑફિસ સ્ટાફને સરકારી ધોરણે મકાનભાડુ આપે છે તે પ્રમાણે ચિફ મેડિકલ ઓફિસર શ્રી. કે. એ. શાહને તેઓ ઘરભાડું રૂા. ૯૦-૦-૦ ભરતા હોવાને લીધે, તેમને રૂા. ૭૭-૮-૦ મકાનભાડું મળે, પરંતુ તેમની સાથે સ્વતંત્ર કમાણી કરતા ભાઈ તથા બાબો રહેતાં હોવાને લીધે સરકારી નિયમ પ્રમાણે તેઓ જે ભાડુ આપતા હોય તેમાંથી રૂ પાઇ કરીને જે ભાડુ રહે તે ઉપર તેમને આ ભથ્થું મળી શકે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચિફ મેડિકલ ઑફિસર પાસેથી માસિક રૂા. ૭૭-૮-૦ લેખે મકાનભાડાની જે રકમ પાછી લેવામાં આવી છે તે તેમને પાછી આપવા અને જ્યારથી તેમને આ પ્રમાણે મકાનભાડું આપવાનું બંધ કર્યું હોય ત્યારથી તેમને માસિક રૂા. ૩૦-૦-૦ લેખે મકાનભાડુ આપવું.

૨૪. ફેકલ્ટી ઑફ આર્ટ્સ ડ્રૉકલુડીંગ એજ્યુકેશનની સભાએ ફાઇન આર્ટ્સના વિષયોમાં સંગીત, નાટ્ય, ચિત્રકામ અને સ્થાપત્યના ડિપ્લોમાના કોર્સ ઘડી કાઢવા માટે નીચેની કમિટીઓ નીમવા બાબતના કરેલા ઠરાવને બહાલી આપવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઑફ આર્ટ્સમાં ફાઇન આર્ટ્સના વિષયોમાં સંગીત અને નાટ્ય તથા ચિત્રકામ અને સ્થાપત્ય માટે વિગતવાર અભ્યાસક્રમ ઘડી કાઢવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

સંગીત અને નાટ્ય:

૧. શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ, અમદાવાદ.
૨. શ્રી. ગિરીશચંદ્ર સવાઈલાલ દેસાઇ, અમદાવાદ.
૩. શ્રી. ડોલરરાય ર. માંકડ, અલિયાબાડા.
૪. શ્રી. યશવંત પી. શુકલ, અમદાવાદ.
૫. શ્રી. એમ. જે. પાઠકજી, ભાવનગર.
૬ શ્રી. એસ. આર. ભટ્ટ, અમદાવાદ.
૭. શ્રી. ઠાકોર સાહેબ, સાણંદ—મહારાણા જયવંતસિંહજી, સાણંદ.
૮. શ્રી. ગીતાબેન સારાભાઇ, અમદાવાદ.
૯. શ્રી. ભારતીબેન સારાભાઇ, અમદાવાદ.
૧૦. શ્રી. જયશંકર ભૂદરદાસ ભોજક, અમદાવાદ.
૧૧. શ્રી. દીનાબહેન ગાંધી, અમદાવાદ.
૧૨. શ્રી. નરેન્દ્ર નવલશંકર શુકલ, અમદાવાદ.
૧૩. ડૉ. રવિન્દ્રનાથ નટનાથ દીક્ષિત, સૂરત.
૧૪. શ્રી. કૃષ્ણનારાયણ રાતંજેકર, લખનૌ.
૧૫. શ્રી. મૃણાલિની સારાભાઇ, અમદાવાદ.
૧૬. શ્રી. અરૂણા સેનાવાલા, નવસારી.

ચિત્રકામ અને સ્થાપત્ય:

૧. શ્રી. રસિકલાલ પરીખ, સી. એન. વિદ્યાવિહાર, અમદાવાદ.
૨. શ્રી. રવિશંકર રાવળ, અમદાવાદ.
૩. શ્રી. ગિરીશચંદ્ર સવાઈલાલ દેસાઇ, અમદાવાદ.
૪. શ્રી. કનુભાઇ દેસાઈ, અમદાવાદ.
૫. શ્રી. છગનલાલ જાદવ, અમદાવાદ
૬. શ્રી. રાજેન્દ્ર સુરકાથા, સોનીફળિયા, સૂરત.
૭. શ્રી. એલ. કે. નંદવાણા, આર્કિટેકટ, અમદાવાદ.
૮. શ્રી. સોભાલાલ શાહ, ભાવનગર.

બાકીના વિષયો માટે વિગતવાર અભ્યાસક્રમ ઘડવાની વિચારણા મુલતવી રાખવી.

ઉપરની કમિટીઓનો કાર્યપ્રદેશ નીચે પ્રમાણે રહેશે:

૧. સંગીત, નાટય, ચિત્રકામ અને સ્થાપત્ય માટે ડિપ્લોમાનો વિગતવાર અભ્યાસક્રમ ઘડવો.
૨. વિદ્યાર્થી માટે પ્રવેશના નિયમો ઘડવા.
૩. આ અભ્યાસક્રમો શીખવવા માટેની સંસ્થાઓને માન્યતા અર્પવા માટેના નિયમો ઘડવા.

૪. પરીક્ષા માટેની યોજના અને ગુણપદ્ધતિ સૂચવવી.

૫. શિક્ષકો અને પરીક્ષકો માટેની યોગ્યતાનાં ધોરણો નક્કી કરવાં."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નીચે પ્રમાણેના ગૃહસ્થોની સમિતિ નીમવીઃ

સંગીત અને નાટ્યઃ

૧. શ્રી. રસિકલાલ છોટાલાલ પરીખ, અમદાવાદ.
૨. શ્રી. રાવજીભાઇ એચ. પટેલ, અમદાવાદ.
૩. શ્રી. આર. બી. આથવલે, અમદાવાદ.
૪. શ્રી. ગીતાબહેન સારાભાઈ, અમદાવાદ.
૫. શ્રી ભારતીબહેન સારાભાઈ, અમદાવાદ.
૬. શ્રી. જયશંકર ભૂદરદાસ ભોજક, અમદાવાદ.
૭. શ્રી દીનાબહેન ગાંધી, અમદાવાદ.
૮. શ્રી. મૃણાલિની સારાભાઈ, અમદાવાદ.
૯. શ્રી. અરૂણા સોનાવાલા, નવસારી.

ચિત્રકામ અને સ્થાપત્યઃ

૧. શ્રી. રસિકલાલ પરીખ, સી. એન. વિદ્યાવિહાર, અમદાવાદ.
૨. શ્રી. રવિશંકર રાવળ, અમદાવાદ.
૩. શ્રી. ગિરીશચંદ્ર સવાઈલાલ દેસાઇ, અમદાવાદ.
૪. શ્રી. એલ. કે. નંદવાણા, આર્કિટેક્ટ, અમદાવાવાદ.

વધુમાં એમ ઠરાવવામાં આવે છે કે આ ડિપ્લોમા કોર્સમાં દાખલ થવાનું ધોરણ તેમજ કોર્સની મુદત વગેરે બાબતો નક્કી કરવા માટે નીચે પ્રમાણેની કમિટી નીમવી અને કમિટી જે નિર્ણય કરે તે ઉપરની કમિટીઓને જણાવવા અને તે પ્રમાણે કોર્સ ઘડી કાઢવા તેમને સૂચના આપવી.

૧. શ્રી. રસિકલાલ સી. પરીખ,
૨. પ્રિન્સિપાલ એ. કે. ત્રિવેદી,
૩. શ્રી. ઝીણાભાઇ ૨. દેસાઈ.

૨૪. ઑફ યુનિવર્સિટી ટીચીંગ પોસ્ટ-ગ્રેજ્યુએટ કોઓર્ડિનેશન અને રિસર્ચ માટેની સ્કીમ ઘડી કાઢવા માટે નીમેલી કમિટીના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૨૬. નીચે જણાવેલી લાયબ્રેરી કમિટીની બદલીઓઃ

બદલીઓ

"લાયબ્રેરિયનની નોકરીની મુદત તેમનાં શારીરિક સ્વાથ્ય અને શક્તિ ચાલુ રહે તે શરતે તા. ૨૦-૭-૫૪ના રોજથી ૩ વરસ માટે લંબાવવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરિયનની નોકરીની મુદ્દતમાં હાલને તબકકે એક વર્ષનો વધારો કરવો.

૨૭. નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબતનો શ્રી. એસ. આર. ભટ્ટ તરફથી આવેલો પત્ર:

" 1. To raise and maintain the standards and prestige of University Examinations and to ensure correct assessment at the degree stage, each answer should be separately assessed by **Two Examiners** and the average be assigned to the candidate.

2. Further, in the interest of the economic conduct of the Examinations and of securing closer association of the teachers in our affiliated colleges and recognised Institutions, **all examination work should be made obligatory for such teachers,** and only an honorarium not exceeding Rs. 100/- (rupees hundred) should be paid to each internal examiner."

આથી ઠરાવવામાં આવે છે કે (૧)ની બાબતમાં હિન્દુસ્તાનની બધી યુનિવર્સિટીઓમાં તપાસ કરવી અને (૨)ની બાબતમાં પ્રોફેસર એસ. આર. ભટ્ટે કરેલી સૂચનાની તરફેણમાં સિન્ડિકેટ નથી.

૨૮. લાયબ્રેરી કમિટીની તા. ૨૦-૯-૧૯૫૩ના રોજ મળેલી સભાનો નીચે મુજબનો ઠરાવ:

ઠરાવ નં. ૭૩

" તા. ૧-૭-૧૯૫૨થી તા. ૩૦-૬-૧૯૫૩ સુધીના વાર્ષિક આવક-જાવકના હિસાબની નોંધ લેવામાં આવે છે. આ હિસાબ સિન્ડિકેટની જાણ માટે મોકલી આપવો.

આથી ઠરાવવામાં આવે છે કે લાયબ્રેરીના વાર્ષિક આવક-જાવકના હિસાબની નોંધ લેવી.

(હિસાબ આ સાથે પરિશિષ્ટ " ગ " તરીકે આપવામાં આવ્યો છે.)

૨૯. મુંબઇ સરકારે ઑફિસરોનાં મુસાફરી ભથ્થાં તથા રોજીંદા ભથ્થામાં દસ ટકાનો કાપ મૂકી તે અંગેના નિયમોમાં ફેરફાર કરી તેને તા. ૧-૫-૧૯૫૩થી અમલમાં મૂક્યા છે તો યુનિવર્સિટી સ્ટાફના સભ્યોને મુસાફરી ભથ્થું સરકારી ધોરણે મળતું હોવાથી તેમાં પણ દસ ટકાનો કાપ મૂકવો કે કેમ અને મુંબઈ સરકારના સુધારાનો અમલ કયી તારીખથી કરવો તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઇ સ્ટેટની યુનિવર્સિટીઓએ આ બાબતમાં શું ધોરણ અખત્યાર કર્યું છે તે તેમને પુછાવવું.

૩૦. શિક્ષક મતદાર વિભાગમાંથી સેનેટ ઉપર ચૂંટાયેલા શ્રી. ડૉલરરાય ર. માંકડની જગ્યા તેઓ પ્રિન્સિપાલ તરીકે સેનેટના એક્સ-ઑફિસિયો સભ્ય થવાથી, ખાલી પડેલી છે. તો તે બેઠક માટે પેટા ચૂંટણી કરવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇલેકશન કરવું અને ભવિષ્યમાં જ્યારે પણ કોઇપણ જગ્યા ખાલી પડે ત્યારે તે અંગે ઇલેકશન કરવાની ઑફિસે ગોઠવણ કરવી અને તે માટે સિન્ડિકેટની મંજૂરી લેવાની જરૂર નથી.

૩૧. ગુજરાત યુનિવર્સિટીની એમ. ડી. (મેડિસિન), એમ. ડી. (ફાર્મેકોલૉજી) અને એમ. ડી. (સિડવાઇફરી)ની પરીક્ષાઓના ઇન્સ્પેકશન બાબતના, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ નીમેલા ઇન્સ્પેકટર્સના રિપોર્ટ સહિત, મજકૂર કાઉન્સિલ તરફથી આવેલા પત્રો.

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલની વિચારણા મુલતવી રાખવી.

૩૨. યુનિવર્સિટી ઑફિસ માટે એક ગુજરાતી બ્રિફ સાઇઝ ૧૫" ની સાઇઝના ટાઇપ-રાઇટરની જરૂર હોવાથી તે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત :

" ૧.	રેમિન્ગ્ટન રેન્ડ ઑફ ઇન્ડિયા લિ.	રૂા. ૮૪૫-૦-૦
૨.	અન્ડરવુડ	રૂા. ૯૦૫-૦-૦ "

આથી ઠરાવવામાં આવે છે કે એક ગુજરાતી રેમિંગ્ટન ટાઇપરાઇટર ખરીદવું.

૩૩. ઓગ્મે પબ્લિક સર્વિસ કમિશને વારંવાર જાહેરખબર આપવા છતાં ય બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ખાલી પડેલી એનેટોમી, ફિઝિયોલોજી, ફાર્મેકોલોજી અને પેથોલોજીના વિષયો માટેની લેકચરરોની જગ્યાઓ માટે યોગ્ય લાયકાત ધરાવતા માણસો મળતા નહિ હોવાથી હાલ તેમનું કામ તે તે સેકશનોના પ્રોફેસરોના કામ ઉપરાંત વધારાના કામ તરીકે તેમની અને ઓછામાં ઓછાં બે વર્ષનો અનુભવ ધરાવતા સિનિયરમોસ્ટ ડેમોન્સ્ટ્રેટર્સ (જુનિયર લેકચરર્સ) વચ્ચે વહેંચી આપવાની કામચલાઉ યોજના જે યુનિવર્સિટીએ એક વર્ષ માટે મંજૂર કરી હતી તે અંગે મજકૂર કૉલેજે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને લખતાં તેમના તરફથી આવેલો પત્ર તથા તે અંગે મજકૂર કૉલેજ શાં પગલાં લેવા માગે છે તે જણાવતો પ્રિન્સિપાલનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રિન્સિપાલે જે કામચલાઉ ગોઠવણ સૂચવી છે તે જૂન ૧૯૫૪ સુધી મંજૂર કરવી અને જેમ બને તેમ જલ્દી નિયમિત નિમણૂંકો કરવા પ્રિન્સિપાલને જણાવવું.

૩૫. એમ. એ. ની પરીક્ષામાં ગુજરાતી મુખ્ય વિષય લઇને પહેલા વર્ગમાં પાસ થનાર વિદ્યાર્થીઓમાંથી જેના સૌથી વધારે ગુણ હોય તે વિદ્યાર્થીને "કવિ કલપતરામ ડાહ્યાભાઇ સુવર્ણચંદ્રક" આપવા બાબતની સખાવત અંગે રૂા. ૧૫૦-૦-૦ આ વર્ષે એટલે

કે ૧૯૫૩ની પરીક્ષા માટે આપેલા પરંતુ આ વર્ષે કોઈ લાયક વિદ્યાર્થી નહિ હોવાથી મજકૂર સુવર્ણચંદ્રક ૧૯૫૨ની પરીક્ષામાં એમ. એ. ના પહેલા વર્ગમાં પસાર થયેલા શ્રી. ચિમનલાલ શિવશંકર ત્રિવેદીને આપવા બાબતનો શ્રી. ચિમનલાલ દ. કવિનો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૨ની સાલમાં એમ. એ. ની પરીક્ષામાં મુખ્ય વિષય તરીકે ગુજરાતી લઈને ફર્સ્ટ કલાસમાં પાસ થયેલ વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવો.

૩૫. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદમાં રૂા. ૭૫-૦-૦ ની એક રિસર્ચ ફેલોશિપ ગઇસાલ શ્રી. એન. ડબલ્યુ. નેરૂરકરને આપી હતી તેમનું કામ સંતોષકારક છે એવો મજકૂર લેબોરેટરીના ડાયરેક્ટર તરફથી પત્ર આવેલો છે તો તેમની ફેલોશિપ ફરીથી એક વર્ષ માટે એટલે કે તા. ૬-૮-૧૯૫૩થી તા. ૫-૮-૧૯૫૪ સુધી રિન્યુ કરવા બાબતનો ડાયરેક્ટર તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નેરૂરકરની ફેલોશિપ એક વર્ષ વધુ ચાલુ રાખવી.

૩૬. રજિસ્ટ્રાર શ્રી. બી. એ. પટેલને ફેડરેશન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરોના સેક્રેટરી તરીકેના કામ માટે માસિક રૂા. ૧૫૦-૦-૦ એલાવન્સ આપવાનું સિન્ડિકેટે મંજૂર કર્યું છે તેને પ્રોવીડંટ ફંડના ઑર્ડિનાન્સ ૧૧૮ પ્રમાણે પર્સનલ એલાવન્સ ગણી શકાય કે કેમ?

(નોંધ:- જો આ એલાવન્સને પર્સનલ એલાવન્સ ગણવામાં આવે તો તેમાંથી પ્રોવિડંટ ફંડ જે તારીખથી તેમને એલાવન્સ આપવામાં આવે છે તે તારીખથી કાપવાનું રહેશે અને તેટલીજ રકમ યુનિવર્સિટીએ પણ આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફેડરેઇન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરોના સેક્રેટરી તરીકેનું કામ કરવા બદલ રજિસ્ટ્રારને માસિક રૂા. ૧૫૦-૦-૦નું જે એલાવન્સ આપવામાં આવે છે તેને પ્રથમથી પર્સનલ પે તરીકે ગણવું.

૩૭. પ્રોવિડંટ ફંડ અંગેના મુંબઇ યુનિવર્સિટીના ઑર્ડિનાન્સો આપણે અપનાવેલા છે તે જોતાં મુંબઇ યુનિવર્સિટીએ કરેલો સુધારો - ઓકટીંગ એલાવન્સને પણ પગાર તરીકે ગણવા બાબતનો આપણે સ્વીકારવો કે કેમ તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મુંબઈ યુનિવર્સિટીએ જે સુધારો કર્યો છે તે પ્રમાણેનો સુધારો આપણે પણ ઑર્ડિનાન્સ ૧૧૮માં કરવો. (સુધારેલો ઑર્ડિનાન્સ નં. ૧૧૮નો ડ્રાફ્ટ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે આપવામાં આવ્યો છે.)

૩૮. ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની નવમી વાર્ષિક પરિષદ દિલ્હી ખાતે, દિલ્હી યુનિવર્સિટીના આશ્રયે ૧૯૫૩ના ડિસેમ્બરની ૨૪, ૨૫ અને ૨૬મીના રોજ ભરાનાર હોવાથી તે માટે આ યુનિવર્સિટીના મેથેમેટિકસ ડિપાર્ટમેન્ટના ઑફિસરોને પ્રતિનિધિઓ તરીકે નીમવા બાબતનો મજકૂર સોસાયટીના મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઇને મોકલવા નહિ.

૩૯. સેનેટની કામકાજની યાદિમાં સ્ટેટ્યુટ્સ તથા ઑર્ડિનાન્સીઝને લગતા ઠરાવોને એકી સાથે એક જ દરખાસ્તમાં સમાવવામાં આવતા હોય છે તેને બદલે દરેક સ્ટેટ્યુટ અને દરેક ઑર્ડિનાન્સને જુદા જુદા ઠરાવો તરીકે મૂકવા બાબત અને સ્ટેટ્યુટ્સ તથા ઑર્ડિનાન્સીઝની ટેકસ્ટ પરિશિષ્ટમાં મૂકવામાં આવે છે તેને બદલે કામકાજની યાદિમાં મૂકવા બાબત વિચાર કરવા બાબતનો શ્રી. યશવંત પી. શુકલ તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે દરેક સ્ટેટ્યુટની આઇટેમ સેનેટના એજન્ડામાં જુદી જુદી મૂકવી પણ ઑર્ડિનાન્સોની આઇટેમ જુદી મૂકવાનું સૂચન સ્વીકારવું નહિ.

૪૦. ઑલ ઇન્ડિયા સર્વિસ માટેની કોમ્પીટિટીવ પરીક્ષાઓ માટેના કોચીંગની સગવડ કરવાના હેતુથી યુનિવર્સિટી ઍક્ટમાં આ અંગે પ્રોવીઝન કરવા બાબત વિચાર કરવા બાબત અને સરકારને આ અંગેના નિર્ણયની જાણ કરવા બાબતના મુંબઇ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે શ્રી. વાઇસ-ચાન્સેલરે રજૂ કરેલી યોજના મંજૂર કરવી અને જો ગવર્મેન્ટ આ અંગેનો સઘળો ખર્ચ ઉપાડી લે તો તે યોજનામાં જોડાનાર વિદ્યાર્થીઓ પાસેથી કાંઇ પણ ફી લેવી નહિ. (યોજનાની નકલ આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૧. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તરફથી લેવાતી પરીક્ષાઓ અંગેના તાલીમ વર્ગના સમય બદલવા અથવા તો ભરેલી ફી પાછી આપવા બાબત શ્રી. સી. સી. શાહ તરફથી આવેલા પત્ર બાબત તેમની વિનંતી સિન્ડિકેટે માન્ય રાખી ન હતી, તે અંગે ફરીથી આ બાબત વિચારણા કરવા બાબતનો તેમના તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર વિદ્યાર્થીએ ભરેલી ફી પાછી આપવી.

૪૨. ગુજરાત યુનિવર્સિટીના જુલાઇ ૧૯૫૧થી જૂન ૧૯૫૨ સુધીના વર્ષના હિસાબ અંગે, એકઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ તરફથી આવેલી ઑડિટ નોટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ ફાઇનાન્સ કમિટી તરફ અભિપ્રાય માટે મોકલી આપવું.

૪૩. યુનિવર્સિટીએ ડેરીઇંગ (Dairying) ના વિષયમાં સંશોધન કરીને ડિગ્રી મેળવેલી હોય તેમના સર્ટિફિકેટમાં ડેરીઇંગની કોઇ સ્પેશિયલ શાખાનો ઉલ્લેખ કરવો અને ડિગ્રીના નામની પાછળ Dairying વગેરે શબ્દો લખવાની છૂટ રાખવી ન જોઇએ એવું સૂચન કરતા ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચ, ન્યુ દિલ્હીના સેક્રેટરીના પત્ર

૫-૧૨-૧૯૫૩

નીચેના મુંબઇ સરકારના કેળવણી ખાતાના શેરાની નકલ સહિત મજકૂર બાબતમાં અ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત ડાયરેક્ટર ઑફ એગ્રિકલ્ચરનો પત્ર સિન્ડિકેટના ઠરાવ અનુસાર ફૅકલ્ટી ઑફ એગ્રિકલ્ચરના રિપોર્ટ માટે મોકલ્યો હતો તે અંગે મજકૂર ફૅકલ્ટીનો ઠરાવ:

"Resolved that this University awards no Bachelor's Degree in Dairying. There is, however, provision for the M.Sc. (Agri.) being taken either by Research or by Papers in Dairy Science.

A student taking the M.Sc. (Agri.) Degree in Dairy Science by papers from this University would have a full knowledge of the subject. In such cases, the qualification is not taken by Research and he would have the full basic training necessary for the purpose. Syllabus covered is given below:

(10) DAIRY SCIENCE

Paper I Dairy Products and Technology.

Dairy Products.

Technology of Dairy Products including milk, cream, butter, loni, khawa, curd, buttermilk, ghee, cheeses of different types, condensed milk, evaporated milk, milk powders, lactose and lactic acid; casein; homogenisation of milk, humanized milk, pasteurization of milk, different grades of milk.

Paper II Dairy Chemistry and Bacteriology.

Chemistry of the constituents of milk and milk products. Adulteration.

Micra-Organism in milk, souring and coagulation; preservation of milk and milk products; cream and butter organism; ripening of cheese.

Paper III Dairy Management and Machinery.

Dairy sanitation and hygiene. Present methods of handling milk and its products and suggestions for improvement.

Dairy Management including accounts.

Machinery and management of dairy plants.

Laws passed in connection with milk production and disposal.

Scope for developing Dairy Industry. Cooperative Dairying.

PRACTICAL WORK

Dairy Products and Technology.

Preparation and preservation of milk and its products.

Dairy Chemistry and Bacteriology :

Analysis of milk and milk products. Detection of milk preservations and adulterants.

Study of micro-organisms from milk and milk products.

Dairy Management and Machinery;

Practical work at a place or places approved by the University where the various products mentioned above are manufactured.

The student shall obtain certificates to the effect that he has undergone satisfactory training.

R. 149 : The Examinations shall consist of papers and practicals as detailed in syllabuses under R. 148 and carry marks as set forth below :

Papers :	**Full marks :**
Three papers, each of three hours and carrying 100 marks, in all subjects except Agricultural Chemistry, Animal Husbandry and Dairy Science.	300
Agricultural Chemistry : 4 papers, each carrying 75 marks.	
Animal Husbandry : Paper I of 125, Paper II of 75, and Paper III of 100 marks.	
Dairying Science : Paper I of 125, marks, Paper II of 75 marks, and Paper III of 100 marks.	
Practical Work	200

	In all subjects except Agronomy and Horticulture.	In Agronomy and Horticulture.
Practical work carried out and records maintained thereof during the course, to be assessed by the Professor in charge subject to review by the Examiners.....	100	150
Practical and viva voce at the time of the examination.....	100	50

One of the Examiners shall be the Professor responsible for the teaching of the subjects.

આથી ઠરાવવામાં આવે છે કે ફેકલ્ટી ઑફ એગ્રિકલ્ચરનો ઠરાવ મંજૂર કરવો.

૪૪. ઇન્ડિયન ઇકોનોમિક એસોસિએશનની ૩૬મી વાર્ષિક પરિષદ, તા. ૨૮, ૨૯ અને ૩૦મી ડિસેમ્બર ૧૯૫૩ દરમિયાન રાજપૂતાના યુનિવર્સિટીના આશ્રય હેઠળ જયપુર ખાતે મળનારી હોવાથી આ યુનિવર્સિટીએ ઓછામાં ઓછા બે ડેલિગેટો નીમવા બાબતનો મજકૂર એસોસિએશનના માનદ્ મંત્રી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે કોઇને મોકલવા નહિ.

૪૫. યુનિવર્સિટીના બી.એસ.સી. ના અભ્યાસક્રમમાં જોગ્રાફી પ્રિન્સિપાલ વિષય તરીકે ઉમેરી તે અંગે અભ્યાસક્રમ ઘડવા અને રેગ્યુલેશનો કરવા અંગેના પ્રશ્નોની વિચારણા કરવા બાબતના શ્રી. મ. ફ. અવસારેના પત્ર ઉપરથી સિન્ડિકેટના ઠરાવ અનુસાર બૉર્ડ ઑફ સ્ટડીઝ ઇન જોગ્રાફીની નીચે મુજબની ભલામણ:

" The Board resolves that it agrees with the main contents of Dr. Avasare's letter but with a modification that the higher course in Geography should be on the Arts Side for the B. A. Special Course in view of the fact that Geography is already a subject of study in F. Y. Arts and not in the F. Y. Science.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. ડી. અવસારેની સૂચના ઉપરથી બૉર્ડે કરેલો ઠરાવ નામંજૂર કરવો.

૪૬. ૧૨મી અને ૧૩મી માર્ચ ૧૯૫૩ના રોજ મળેલી સોશિયલ વેલફેરની એડવાઇઝરી બૉર્ડની બેઠકમાં સોશિયલ વર્કમાં અન્ડર-ગ્રેજ્યુએટ લેવલે પ્રિલિમિનરી કોર્સનો અભ્યાસક્રમ શરૂ કરવા અને સોશિયલ વર્કને બેચેલર્સ ડિગ્રી માટે પ્રાયોગિક અને પ્રાશ્નિક કોર્સનો અભ્યાસક્રમ દાખલ કરવા થયેલી વિચારણા અંગે આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબત હિન્દ સરકારના કેળવણી ખાતાના ડેપ્યુટી સેક્રેટરી તરફથી આવેલા પત્ર અંગે સોશિયોલૉજી અને એન્થ્રોપોલૉજીની બૉર્ડ ઑફ સ્ટડીઝની નીચે મુજબની ભલામણ:

" આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આર્ટ્સ ફૅકલ્ટીના નવા અભ્યાસક્રમમાં અન્ડર-ગ્રેજ્યુએટ કોર્સમાં સોશિયોલૉજીને ત્રણ કલાકનું પેપર કરી સ્થાન આપવામાં આવ્યું છે એટલે આ બાબત કાંઈ કરવાનું રહેતું નથી."

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડની ભલામણ સ્વીકારવી.

૪૭. આગામી સેનેટની બેઠકમાં નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર.

ઠરાવ

" This meeting of the Senate recommends to the Syndicate to hold a separate Inter Arts examination in March 1954, with the same text-books and recommended

books as those recommended for 1953; this Inter Arts Examination to be taken in addition to the one usual exmination with the fresh books. Only failures of 1953 can appear for this old text-book examination."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો અભિપ્રાય સેનેટને આપવો.

૪૮. આગામી સેનેટની બેઠકમાં નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર:

ઠરાવ

"(a) This meeting of the Senate recommends to the Syndicate to uniformly reduce all examination fees charged from students by 25 p. c. taking care to bring the new fee in each case to a multiple of five which should be lower than 75 p. c. of the old scale fee.

(b) The fees charged from all candidates who have once failed when they appear in the same examination to be reduced to half the fee to be paid by fresh candidates. No distinction is to be further made into one failure, two failures etc. Thus this meeting of the Senate recommends to the Syndicate to keep particular full fees for each candidate who appears for any examination first time and then half fees to be charged for all successive appearing in the same examination.

(c) This Senate meeting recommeds to the Syndicate to give entire exemptions of University fees to all cadidates appearing in the University Examinations if these candidates are fully exempted from paying their college fees by the college authorities for the year previous to their appearing in the examination. Where according to University Rules a candidate can appear after only four terms then such fee exemption should go to a candidate if he is free in the College for all four terms."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો અભિપ્રાય સેનેટને આપવો.

૪૯. આગામી સેનેટની બેઠકમાં નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર:

ઠરાવ

"This meeting of the Senate resolves that the Gujarat University should start a Faculty for Classical Music and hereby to appoint a Committee of members of the Senate to form a Board and a curriculum for the same."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો અભિપ્રાય સેનેટને આપવો.

૫૦. આગામી સેનેટની બેઠકમાં નીચેનો ઠરાવ રજૂ કરવા બાબતનો શ્રી. એમ. જે. પાઠકજીનો પત્ર:

ઠરાવ

" This meeting of the Senate recommends to the Syndicate to print and publish for sale all the answer-papers in all subjects of all University Examinations of candidates who have secured the highest marks in the respective subjects. If there are two candidates getting equal highest marks, the examiners to be requested to report which of the two should be printed.

As there are optional questions in many examinations, the candidates getting highest marks has also attempted only some questions. The remaining answers to questions should be printed from answer-books of other candidates who in each answer has secured the highest marks."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આ ઠરાવની તરફેણમાં નથી એવો અભિપ્રાય સેનેટને આપવો.

૫૧. ૨૨મી થી ૨૪મી ડિસેમ્બર ૧૯૫૩ના રોજ યુનિવર્સિટી ઑફ આયસોર ખાતે મળનારી હિન્દ, બ્રહ્મદેશ અને સિલોનની યુનિવર્સિટીઓની ચાર ચાર વર્ષે મળનારી કોન્ફરન્સ માટે આ યુનિવર્સિટીએ બે ડેલિગેટ તેમનું મુસાફરી ખર્ચ બૉર્ડ આપશે એ શરતે મોકલવા બાબતના ઇન્ટર યુનિવર્સિટી બૉર્ડ તરફથી આવેલા પત્ર અનુસાર સિન્ડિકેટે પ્રિન્સિપાલ એન. એમ. શાહ અને શ્રી. રજિસ્ટ્રારને નીમ્યા છે. પરંતુ હવે એક ડેલિગેટનું મુસાફરી ખર્ચ વિગેરે યુનિવર્સિટીએ આપવાનું રહેશે એમ જણાવતા મજકૂર બૉર્ડના સેક્રેટરી તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે અસલ નક્કી કર્યા મુજબ પ્રિન્સિપાલ એન. એમ. શાહ અને રજિસ્ટ્રારને યુનિવર્સિટીના ડેલિગેટ તરીકે મોકલવા અને એકનું ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવું.

૫૨. યુ. કે. ટ્રેડ કમિશનના શ્રી. મેકેલ્વીએ તૈયાર કરેલા Sisterhood Relationship Programme અંગે આ યુનિવર્સિટીના વિચારો જણાવવા બાબતના શ્રી. મેકેલ્વીના પત્ર સહિત હિન્દ સરકારના કેળવણી ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી "સિસ્ટરહુડ રિલેશનશિપ પ્રોગ્રામ"ની તરફેણમાં છે એવો જવાબ આપવો.

૫૩. બૉર્ડ ઑફ એકાઉન્ટ્સના ચેરમેનની ચૂંટણી કયા પ્રોસીજરથી કરવી તે બાબત સ્ટેટ્યુટસમાં કાંઇપણ પ્રોવીઝન ન હોવાથી તે અંગે પ્રોસીજર નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે ચેરમેનની ચૂંટણી બૉર્ડની મિટીંગમાં નામ પ્રપોઝ કરીને આંગળી ઉંચી કરીને મત લેવાની પદ્ધતિથી કરવી.

૫૪. કેમિકલ મેથેમેટિકસનો અભ્યાસક્રમ ઘડી કાઢવા માટે કેમિસ્ટ્રીની બૉર્ડ નીમેલી સમિતિ ઉપર શ્રી. પી. સી. વૈદ્ય અને પ્રોફેસર ટાંગાવકર કે જેઓ બૉર્ડના અથવા તો ફૅકલ્ટીના સભ્ય નથી તો તેઓની નિમણુકને મંજૂર કરવા બાબત:

બૉર્ડનો ઠરાવ નીચે પ્રમાણે છે

"આથી ઠરાવવામાં આવે છે કે કેમિકલ મેથેમેટિકસનો અભ્યાસક્રમ ઘડી કાઢવા માટે નીચેના સભ્યોની એક કમિટી નીમવી:

૧. ડૉ. એમ. ડી. અવસારે ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. પ્રો. સી. એમ. દેસાઇ ૪. શ્રી. પી. સી. વૈદ્ય
૫. પ્રોફેસર ટાંગાવકર.

આથી ઠરાવવામાં આવે છે કે બહારના સભાસદોને બોલાવવાનો બૉર્ડનો ઠરાવ સ્વીકારવો નહિ.

૫૫. ઑલ ઇન્ડિયા આર કમિટીના રિપોર્ટ બાબત યુનિવર્સિટીનો અભિપ્રાય તા. ૫મી ડિસેમ્બર ૧૯૫૩ પહેલાં મોકલી આપવા બાબતના, મજકૂર રિપોર્ટ સહિત આવેલા, મુંબઇ સરકારના કાયદા ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર:

આથી ઠરાવવામાં આવે છે કે આ સવાલ લૉ ફૅકલ્ટી તરફ અભિપ્રાય માટે મોકલી આપવો.

૫૬. જે વિદ્યાર્થીઓ એસ. એસ. સી. પાસ થઇ આ વર્ષે આપણી કૉલેજમાં જોડાયા છે તેઓને તેમનાં ફાઇનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટ કાઢી આપવા માટે પૂરતો સમય ન હોવાથી તેમનાં પ્રોવીઝનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટસને ફાઇનલ તરીકે ગણી લેવા કૉલેજોને ખબર આપવા બાબત ઠરાવ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે પ્રોવિઝનલ એનરોલમેન્ટ સર્ટિફીકેટસને ફાઇનલ તરીકે ગણી લેવા મંજૂર કરવું.

૫૭. ફર્સ્ટ ઇયરની પરીક્ષા અંગેના ઑર્ડિનાન્સીઝ અને રેગ્યુલેશન્સમાં Standard of passing નિયત કરેલો નથી અને સામાન્ય રીતે દરેક કૉલેજના પ્રિન્સિપાલો તરફથી " The candidate has satisfactorily carried out the work appointed by the University for the first two terms in the subjects prescribed

for the First year course એવું સર્ટિફીકેટ મળે તો બસ, એથી અત્યારસુધી ordinance પ્રમાણે requirements છે. પરંતુ ચાલુ વર્ષે એકસ્ટર્નલ પરીક્ષાઓમાં ઑફ વાય. ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને માટે દરેક પેપરમાં કે પરીક્ષામાં પાસ થવા માટેનું તેમજ એકઝમ્પશનનું ધોરણ નક્કી કરવું કે કેમ તે બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં નિયમિત વિદ્યાર્થીઓની બાબતમાં જે ધોરણ સ્વીકારવામાં આવ્યું છે તે બહારના (એકસ્ટર્નલ) વિદ્યાર્થીઓની બાબતમાં પણ સ્વીકારવું.

૫૮ સ્ટેટ્યુટ ૧૧૮ના કલોઝ (૬) મુજબ નિમાયેલા સભ્યો માટે કોઇપણ જાતની સમય મર્યાદા સ્ટેટ્યુટમાં નક્કી કરી નથી જ્યારે કલોઝ (૪) મુજબ નિમાયેલા સભ્યોની સમય મર્યાદા નક્કી થયેલી છે તો કલોઝ (૬)માં સુધારો કરી સમય મર્યાદા મૂકવા બાબત વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં પણ ત્રણ વર્ષની મુદત મુકરર કરવી અને સ્ટેટ્યુટમાં તે પ્રમાણે સુધારા કરવો. (સુધારેલો સ્ટેટ્યુટ પરિશિષ્ટ "છ" તરીકે આ સાથે સામેલ છે.)

૫૯. સ્ટેટ્યુટ ૧૦૮ માં દર્શાવેલાં જુદાં જુદાં બૉર્ડઝ ઑફ સ્ટડીઝના ચેરમેનની ચૂંટણીની પ્રોસીજર બાબતમાં ઍક્ટ અથવા સ્ટેટ્યુટ્સમાં કોઇ પણ પ્રકારનું પ્રોવીઝન ન હોવાથી આવી ચૂંટણી માટેનો પ્રોસીજર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ સ્ટડીઝની મિટીંગમાં જે નામો સૂચવવામાં આવે તેમાંથી આંગળી ઉંચી કરીને મત લેવાની પદ્ધતિથી ચેરમેનની ચૂંટણી કરવી.

૬૦. તા. ૧૭-૧૧-૧૯૫૦ તથા તારીખ ૧૮-૧૧-૧૯૫૦ના રોજ રચાયેલાં જુદાં જુદાં બૉર્ડઝ ઑફ સ્ટડીઝની મુદત સ્ટેટ્યુટ નં. ૧૧૦ મુજબ પાંચ વર્ષની છે પરંતુ સ્ટેટ્યુટ ૧૦૮ મુજબ સિવિલ ઍન્જિનિયરીંગ વિગેરે નવાં રચાયેલાં બૉર્ડોની મુદત પાંચ વર્ષની રહેશે કે બાકીના બે વર્ષની રહેશે તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બૉર્ડોની મુદત બાકીની મુદત જેટલીજ ગણવી.

૬૧. ઑર્ડિનાન્સ ૪૮ મુજબ એકસ્ટ્રા ન્યુરલ બૉર્ડ ઉપર સિન્ડિકેટે તા. ૮-૧૨-૫૧ની બેઠકમાં ઑર્ડિનાન્સ ૪૭ (૬) અનુસાર નોમિનેટ કરેલા નીચેના સભ્યોની મુદત તા. ૮-૧૨-૧૯૫૩ના રોજ પુરી થાય છે. તેથી સિન્ડિકેટે સભ્યો નોમિનેટ કરવા બાબત.

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ
૨. શ્રી. પી. જી. શાહ
૩. શ્રી. એમ. પી. દેસાઇ
૪. પ્રિન્સિપાલ કે. એલ દેસાઈ

૫. શ્રી. એસ. આર. ભટ્ટ
૬: શ્રી. વાય જી. નાયક
૭. શ્રી. બળલભાઈ મહેતા.

આથી ઠરાવવામાં આવે છે કે એકસ્ટ્રા મ્યુરલ બૉર્ડ ઉપર નીચેના સભાસદોને નીમવા:

૧. પ્રિન્સિપાલ એન. એમ. શાહ
૨. શ્રી. પી. જી. શાહ
૩. શ્રી. એમ. પી. દેસાઇ
૪. પ્રિન્સિપાલ કે. એલ. દેસાઈ
૫. શ્રી. એસ. આર. ભટ્ટ
૬. શ્રી. વાય. જી. નાયક
૭. ડૉ. કે. જી. નાયક.

૬૨. સેનેટે સુધારેલા સ્ટેટ્યુટ ૭૮ (૨) ને શ્રી ચાન્સેલરની એપ્રુવલ માટે મોકલતાં મજકૂર સ્ટેટ્યુટ અંગેની એપ્રુવલ આપ્યા બાબતનો અને તે સહિત કેટલીક સૂચના બાબતનો તેમના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ડીનની મુદત ત્રણ વર્ષની કરવી અને સ્ટેટ્યુટ નં. ૧૦૭ને તે પ્રમાણે સુધારવો, પણ તેને એવી રીતે અમલમાં લાવવો કે જેથી કરીને ડીનના ઓદ્ધાની મુદત અને સિન્ડિકેટના ઓદ્ધાની મુદત એક સાથે શરૂ થાય અને એક સાથે પૂરી થાય. (સુધારેલા સ્ટે. ૧૦૭ની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૬. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ તરફથી મજકૂર કૉલેજમાં દાખલ થયેલા શ્રી. ગોસ્વામી કુલગર મોહનગરની એનરોલમેન્ટ સર્ટિફીકિટ માટેની મુદત બહાર આવેલી અરજી સ્વીકારવી કે કેમ?

(નોંધ:- એનરોલમેન્ટ સર્ટિફીકેટ માટેની અરજી પહેલા સત્રના અંત સુધીમાં આવી જવી જોઈએ એવો નિયમ છે. આ અરજી તા. ૧૯-૧૧-૧૯૫૩ના રોજ આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે મજકૂર અરજી સ્વીકારવી.

૬૭ યુનિવર્સિટી બિલ્ડીંગના બે પ્રવેશદ્વાર ઉપર રંગીન પથ્થરમાં યુનિવર્સિટી એમ્બ્લેમ મૂકવા માટેની શ્રી. આત્મારામ ગજજરે બનાવેલી ડિઝાઇન તથા ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ:- મજકૂર કામ અંગે રૂ. ૧૫,૦૦૦ નો વધુ ખર્ચ આવશે.)

આથી ઠરાવવામાં આવે છે આ કામ બિલ્ડીંગ કમિટી તરફ અભિપ્રાય માટે મોકલી આપવું.

૬૮. હિંદ સરકારની ૧૯૫૪-૫૫ માટેની મોડીફાઇડ ઓવરસીઝ સ્કૉલરશીપ્સ સ્કીમ અંગે આ યુનિવર્સિટીઅ કૉલેજોના શિક્ષકોને સ્પૉન્સર કરવા બાબત હિંદ સરકારના શિક્ષણ ખાતાના સેક્રેટરી તરફથી આવેલો પત્ર.

(નોંધઃ- આ પત્રની નકલ દરેક ઍફિલિએટેડ કૉલેજને તેમજ માન્ય થયેલી સંસ્થાઓમાં મોકલવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે યુનિવર્સિટી તરફથી કોઈને "સ્પૉન્સર" કરવા નહિ પણ આવતી સાલે આ કામ સિન્ડિકેટ સમક્ષ વહેલું મૂકવું કે જેથી તે બાબતમાં વખતસર નિર્ણય લઇ શકાય.

